કેળવણીદર્શન.

કુમારી [illegible]

“ જ્ઞાનવર્ધક પુસ્તકમાળા ”, પુ ૯૨ મું

દેશ-દર્શન

ભારતની દુર્દશાનો હૃદયભેદક તાદૃશ્ય ચિતાર.

હિન્દીમાં મૂળ લેખક—

ઠાકુર શિવનંદનસિંહ.

અનુવાદક —

કુમારી સુમિત્રા દયાળજી મહેતા

અધ્યાપિકા, કન્યાગુરુકુળ, દિલ્હી.

પ્રકાશક,

જીવનલાલ અમરશી મહેતા

સંપાદક—“ જ્ઞાનવર્ધક પુસ્તકમાળા ”, અમદાવાદ

કિંમત રૂ. ત્રણ.

આવૃત્તિ ૧ લી ઈ. સ. ૧૯૨૪ [પ્રત ૬૧૦૦

મુદ્રણસ્થાન.—આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ—અમદાવાદ.
મુદ્રક પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

અનુક્રમણિકા.

પાચમો પરિચ્છેદ–

છઠ્ઠો પરિચ્છેદ–

ત્રીજો ખંડ –

જ્ઞાનવર્ધક પુસ્તકમાળાનાં પુસ્તકો.

(શરૂઆતથી તે ઇ૦ સન ૧૯૨૪ સુધીનાં)

નવલકથા—

૨—૦ હાસ્યમંદિર
૨—૮ ચોખેરવાલી, ભાગ ૧-૨
૨—૦ ચંદા—રાજસ્થાનની વીરરમણી (ઐતિહાસિક)
૩—૦ ગુલામી વહેપાર, ભા ૧-૨
૨—૮ ચક્રવર્તી અશોક
૦—૮ નીલનેની
૨—૮ ધર્મપાળ (ઐતિહાસિક)
૧—૮ મહારાણા પ્રતાપસિંહ
૨— શારદાનું સ્વાર્પણ
૨—૦ કથામંજરી, ભા ૧ લો
૪—૦ સદર ભા ૨ જો
૨—૦ ઈસપકથામંજરી, ભા લો
૨—૦ ઈસપકથામંજરી ભા ૨ જો
૩—૦ હરીકેનચંદ્ર, ભા ૧ લો
૨—૮ સદર ભા ૨ જો.
૦—૧૨ સુભદ્રા (સચિત્ર)
૦—૮ પાપીનો પસ્તાવો

જીવનચરિત્ર-સંવાદ—

૦—૧૨ ના. ગોપાલ કૃષ્ણ ગોખલે
૨—૦ ટૉમસ આલ્વા એડીસન
૨—૦ ગુર્જર સાક્ષર જયંતીઓ
૦—૧૦ સોક્રેટીસ અને તેના બે સંવાદ
૨—૮ સંવાદમાલા

નીતિ-નિબંધ—

૩—૦ તત્વચિંતન ખંડ ૧-૨ સાથે
૦—૮ પશુમાંથી દેવ (જેમ્સ એલન)
૦—૮ સ્વર્ગની સામગ્રી
૦—૮ વિજયધ્વજ
૧—૮ સુખશાંતિ વિચારણા
૧—૮ જીવન સુધારણાના સન્માર્ગ
૧—૪ કરકસર-પૈસાદાર કેમ થવાય?
૧—૦ મેઝીનીના લેખો માનવીકર્તવ્યો
૦—૧૦ ગૃહિણી ભૂષણ, ભા ૧ લો

નાટક—

૧—૮ સત્યભામા (સચિત્ર)
૧—૪ મેવાડ-પતન ,,
૧—૪ સ્વામી વિવેકાનંદ
૦—૧૨ સીતા (શ્રી દ્વિજેન્દ્રલાલ રૉય)
૦—૮ મુક્તધારા (મૂ લે ડૉ. ટાગોર)

દેશ-રાજ્ય-શિક્ષણ—

૨—૦ જર્મનીની ઉન્નતિ શાથી થઈ
૧—૦ શિક્ષાનો આદર્શ
૩—૦ દેશદર્શન

ધર્મ—

૩—૮ હિન્દુ ધર્મની પાઠમાળા
૧—૧૨ સુક્તિમાળા, ખંડ ૧ લો
૦—૮ બાલગીતા-પૂર્વાર્ધ.
૧—૮ ગીતાપરિચય
સંક્ષિપ્ત-મહાભારત

૨ **એક પ્રવેશ ફીનો**-ગ્રાહક થતા એક વખત આપીને ગ્રાહક થયા પછી ચાલુ સાલના બધા પુસ્તકો અર્ધી કીમતે અપાય છે, ને પાછલી સાલોના પુસ્તકોમાંથી જે માગે તે પોણી કીમતે મળે છે

પ્રસ્તાવ.

સરકારી હિદી લેખક ઠાકોર શિવનન્દનસિહ બી એ કે એમનો સુપ્રસિદ્ધ હિદી ગ્રથ “ देशदर्शन ” ઉભય ગુજરાતી વાચકોને અપરિચિત તો નથી જ આ ગ્રથ એ ઉત્તમ હિદી ગ્રથનુ ભાષાતર છે મૂળ ગ્રથની ટુક સમયમા ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રગટ કરવાનો આપણી દેશી ભાષાઓમા પ્રકાશકને કોઇક જ વેળા પ્રાપ્ત થતો અલભ્ય પ્રસગ એના પ્રકાશકને પ્રાપ્ત થયો એ બીના એ મૂળ ગ્રથની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે ગુજરાતને આ અત્યુપયોગી અને ભારતની દુર્દશાનુ હૃદયભેદક ભાષામા તાદૃશ્ય ચિતાર આપતા ગ્રથનો પ્રથમ પરિચય સ્વ ભાઇ હાજીમહમદ અલારખીઆએ કરાવ્યો અને એમના ‘ વીસમી સદીમા ” કટકે કટકે પ્રગટ થતા એ ગ્રથના ભાષાતરે ગુજરાતનુ લક્ષ એના તરફ ખેચ્યુ પુસ્તકમા આપણા દેશની સામાજિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય અધોગતિનુ જે વર્ણન લેખકે આપ્યુ છે તે કોઇપણ હિદીના દિલને રોવરાવ્યા વિના ન રહે મૂળ લેખકની શૈલી ઘણી જ આકર્ષક છે, અને તેમાયે પોતાનો મુદ્દો સચોટ રીતે તેમ જ દાખલાદલીલ અને આકડાઓથી સપ્રમાણ રજુ કરવાની એમની લેખનશક્તિએ એમના પ્રયાસને સફળ અને ઉપયોગી કરવામા ઓછો ફાળો નથી આપ્યો કદાચ એ બનવાજોગ છે કે એ ગ્રથમા આપેલા આકડાઓમા આજે ઓછોવત્તો ફેરફાર થયો હશે, એમા વર્ણવેલી પરિસ્થિતિમા કોઇ કોઇ બાબતમા કોઇ કોઇ સ્થળે ઓછેવત્તે અશે ફેરફાર થયો હશે, પણ એથી વસ્તુત ભારતની જે દુર્દશાનો ચિતાર લેખકે આપણી નજર આગળ ખડો કરવા પ્રયત્ન કર્યો છે તે તો એના એટલા જ ભયકર સ્વરૂપમા આજે પણ આપણી સામે ઉભી છે આપણા સામાજિક પ્રશ્નોનો ઉકેલ આપણે

લાવી શક્યા નથી, ઉલ્ટા એ વધુ ગુચવાયા છે, અસ્પૃશ્યતાને હજુ આપણે હિંદુધર્મનુ કલંક સ્વીકાર્યું નથી, ત્યા પછી એને ધોઇ નાખવાના પ્રયાસો તો ક્યાથી જ કરીએ ! વિધવાઓ તરફ હિંદુસમાજ હજી એટલો જ અત્યાચારી રહ્યા છે આપણુ નાતિબંધારણ, આપણી લગ્નપ્રથા એ આપણા સમાજને હિનકર્તા છે કે લાભકારક એનો હજી આપણે નિવેડો કરી નાખ્યા નથી આપણી આર્થિક સ્થિતિ તો સુધરવાને બદલે બગડતી જાય છે એવી આપણા દેશનાયકોની ફરિયાદ છે, જ્યારે રાજકીય સ્થિતિ આજે ત્રિશંકુ જેવી થઇ પડી છે એ પ્રત્યેક હિંદી અનુભવી જોઇ રહ્યા છે

મૂળ ગ્રંથના લેખકનો મુખ્ય હેતુ તો Eugenics યાને સુસંતાનોત્પત્તિ શાસ્ત્રનો હિંદી વાચકોને પરિચય કરાવવાનો છે, અને એ વિષયને અંગેજ અને એની દૃષ્ટિથી આપણી સામાજિક અને આર્થિક સ્થિતિની ચર્ચા એમણે કરી છે ગ્રંથનો વિષય આપણે ત્યા નવીન છે આપણી પ્રજાએ સુસંતાનોત્પત્તિ શાસ્ત્રનો (Eugenics) હજી શાસ્ત્રીય અભ્યાસ કરવાની આવશ્યકતા સ્વીકારી નથી આપણી દેશી ભાષાઓમા એ વિષયો ઉપર ઘણુજ નજીવુ નહિ જ જેવુ સાહિત્ય છે યુરોપમા તો Eugenics અને Birth-Control (જનવૃદ્ધિ નિરોધ) એ બેઉ વિષયોનો શાસ્ત્રીય અભ્યાસ ઘણોજ આગળ વધેલો હોઇ અંગ્રેજીમા એના ઉપર અસંખ્ય મનનીય ગ્રંથો લખાયા છે અનેક ગ્રંથોના દોહનરૂપે ઠાકુર નીરનકનસિંહે આ ગ્રંથ રજુ કર્યો છે હિંદવાસીઓની દુર્બળ શરીરસંપત્તિ ઘણીજ શોચનીય છે એટલુજ નહિ પણ હિંદની ઉન્નતિમા બાધરૂપ છે હોઇ, એ તરફ દેશે ખાસ લક્ષ આપવાની જરૂર છે એતો આજે સર્વસિદ્ધ વાત છે

એ સ્થિતિમા આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ ગુજરાતીઓને આજે પોતે ક્યા ઉભા છે એનો ખ્યાલ કરવા—મનન કરવા—પ્રેરશે, સહાય કરશે એમા તો શંકાજ નથી મૂળ ગ્રંથની પ્રસંશા કરી હુ

એની કિંમત ઓછી કરવા નથી માગતો, એમાં રહેલી હકીકત એ જ એની સફળતાનું–ઉપયોગીતાનું–માપ હોવું જોઇએ અને છે

આ પુસ્તકે ગુજરાતમાં સ્વ. બાપુ હાજીમહમદને જ આકર્ષ્યા હતા એમ જ નહિ, પણ ગુજરાતને સસ્તાસાહિત્યથી અપનાવનાર સસ્તુંસાહિત્યવર્ધક કાર્યાલયના પ્રાણ, નિસ્પૃહી સન્યાસી ભીક્ષુ અખંડાનંદજી પણ એના ઉપર એટલા જ મુગ્ધ હતા, એટલે એમણે બાપુ હાજીની વીસમીસદીના બંધ થયા પછી એ ગ્રન્થનું ભાષાંતર ગુજરાતને આપવા ધારેલું પરંતુ સ્વામીજી આ દુનિયાના માલમ ન રહ્યા એટલે એમની સરળ વૃત્તિનો મૂળ લેખકની કઠિન અને લોભીવૃત્તિ સાથે મેળ ન બેઠો પરિણામે આજે આ ભાષાંતર આટલું મોડું ગુજરાતને મળ્યું અને તે સસ્તાસાહિત્ય કાર્યાલયને બદલે ગુજરાતના બીજા એક સાહસિક પ્રકાશક મારફત છતાં ગુજરાતને એ વિલંબનો બદલો બીજી રીતે મળ્યો છે અને તે એ અનુવાદ ગુજરાતને ચરણે ધરવાના એક ગુજરાતી બ્હેનના પ્રયાસના રૂપમાં આવા ઉપયોગી પુસ્તકનું ભાષાંતર ગુજરાતની એક પુત્રી, સ્ત્રી હિંદમાં સત્કાર પામેલી એક ગુર્જર યુવતિ ગુજરાતને અર્પે છે એ ઓછા સંતોષની વાત નથી મેં આ પ્રસ્તાવના લખવાનો સ્વીકાર કર્યો તે મૂળ ગ્રંથની કે અનુવાદની ઉપયોગીતા આંકવા નહિ, પરંતુ અનુવાદક બ્હેનનો ગુજરાતને આછો પરિચય કરાવવાના એક પરમ હેતુથી જ આ અનુવાદના પ્રકાશનમાં ઓછે વત્તે અંશે અનાયાસે હું કારણભૂત થયો હોઉં કયા સંજોગોમાં આ ગ્રંથ ગુજરાત સમક્ષ મૂકાય છે એ કહું તો ખોટું નહિ ગણાય ભાષાંતરકર્ત્રી બ્હેન ગુજરાતની તે સાહસિક જ્ઞાતિના છે કે જેણે ગુજરાતની સેવામાં મારા મિત્ર શ્રી મહાદેવ દેસાઇ અને દયાળજીભાઇને ધર્યા છે એ બ્હેનના પિતા રા. દયાળજી મહેતા ગણદેવી તાલુકાના એક આગેવાન ખેતીકાર હોવા ઉપરાંત ઘણા જ આગળ પડતા વિચાર ધરાવનાર સમાજ સુધારક છે. એમણે પોતે આર્યસમાજીસ્ટ હોવાને પરિણામે પોતાના તમામ બાળકોને

ગુરૂકુળોમા સ્વામી દયાનદજીના મતવ્ય પ્રમાણે કેળવણી આપવાનો ધર્મ સ્વીકારેલો અને અનુવાદક બ્હેન એ કેળવણીનુ ફળ એમણે ઝલધર કન્યા મહાવિદ્યાલયમા પડિતા લજ્જાવતિ જેવા અનુભવી કુશળ શિક્ષિકાને ચરણે પોતાનો અભ્યાસક્રમ પુરો કરી એ વિદ્યાલયની છેવટની ડીગ્રી લીધી છે સસ્કૃત અને ઇતિહાસ એ એમના ખાસ પ્રિય વિષયો છે અને ગુજરાતમા આવ્યા પછી એ વિષયોનો અભ્યાસ આગળ વધારવા પ્રો કર્વેની યુનીવર્સીટીમા પણ થોડો વખત એમણે ગાળ્યો પણ ત્યા અન્ય ગુજરાતીઓની માફક એમને પણ વાતાવરણ અનુકૂળ ન લાગ્યુ એટલે એ બ્હેન થોડો વખત ગુજરાતમા ભગવતી કસ્તુરબા માઈની સાથે ગુજરાતને ગામડે ગામડે ફર્યા અને ભાષણો આપ્યા પણ ચિત્ત અભ્યાસમા એટલે દિલ્હી કન્યા ગુરૂકુળ ઉઘડતા જ ત્યા અભ્યાસ આગળ વધારવાના હેતુથી અધ્યાપિકા તરીકે કામ કરવાનુ સ્વીકાર્યું એમના પોતાના વિદ્યાલયને જ એમની જરૂર લાગતા એમણે પોતાની સેવાઓ તેને એકએક વર્ષને માટે આપવાનુ કબુલ્યુ છે અને વિદ્યાલયના લેડી સુપ્રિન્ટેન્ડન્ટનો જવાબદાર હોદ્દો એમને મળ્યો છે હિદી ભાષામા એમને શિક્ષણ મળ્યુ છે એટલે એ ભાષામા તો એ પારગત હોય તો નવાઈ નહિ, પરતુ સોળ વર્ષ ગુજરાતની બહાર અને તે પણ બાળપણથી જ ગાળ્યા છતા એમની પોતાની માતૃભાષા—ગુજરાતી—તરફની પ્રીતિ લેશ પણ ઓછી થઈ નથી એનો આ અનુવાદ પુરાવો છે આવા એક સસ્કારી બ્હેનની લેખિની દ્વારા મળતો આ અનુવાદ ગુજરાતને જેટલો આવકારદાયક છે તેટલા જ એ બ્હેનને અભિનદનીય છે અનુવાદકે માત્ર ગ્રથની ઉપયોગીતાથી આકર્ષાઈને જ અનુવાદ કર્યો એ વેળા કોની મારફતે છપાવવો વગેરે કોઈ વાતનો એમને ખ્યાલ જ નહોતો પાછળથી જ્યારે એમણે એ મારા હાથમા મૂક્યો ત્યારે મને લાગ્યુ કે એ પ્રગટ કરવાની ગોઠવણ કરવામા મારા મિત્રની પુત્રીના એક ગુજરાતી બ્હેનના પ્રયાસને ઉત્તેજવા ઉપરાત ગુજરાતી સાહિત્યની એક ઉપયોગી પુસ્તકથી અભિવૃદ્ધિ કરવાનો બેવડો હેતુ

સાધવાનો યોગ મને મળતો હતો મે ગયાની કોંગ્રેસ વખતે ગયામા મૂળ ગ્રંથકાર શ્રીયુત્ શીવનંદન સિંહ પાસેથી ભાષાંતર સારૂ પરવાનગી મેળવી અને ગુજરાતના સાહસિક ગ્રન્થપ્રકાશક ભાઇ જીવનલાલ અમરશી મહેતાને એ ગ્રંથ પ્રકાશનનુ કાર્ય સોપ્યુ ભાઇ જીવનલાલે ગુજરાતને ચરણે અનેક ઉપયોગી પુસ્તકો ધરી ગુજરાતને ઋણી બનાવ્યુ છે. આ પુસ્તક તે ઋણમા ઉમેરો કરે છે ગુજરાતને જ્યારે કાર્યકર્તાઓની ખોટ છે તે વેળા એ સંસ્કારી બ્હેન પોતાની કેળવણીનો લાભ ગુજરાતને આપવાને બદલે ઉત્તર હિંદુસ્થાનની સેવા કરી રહ્યા છે એ આપણે માટે ઓછી શોચજનક વાત નથી, તો પણ આજે ગુજરાતને એમની યત્કિંચિત સાહિત્યસેવા સ્વીકારવાનો આ પ્રસંગ મળ્યો છે એ પણ સદ્ભાગ્ય આશા છે કે ગુજરાત અનુવાદક બ્હેન અને પ્રકાશક એ ઉભયના પ્રયાસને સત્કારશે અને ઉત્તેજનદ્વારા એ બન્નેને ગુજરાતની વધુને વધુ સેવા કરવા પ્રેરશે

હૅપીહાઉસ,
૧ લો પારસીવાડો ગીરગામ
મુંબાઇ
વૈશાખ સુદ ૧૧ સં ૧૯૮૦

રંગીલદાસ મગનલાલ
કાપડીઆ.

પૂર્વાભાસ.

શાન્તિના સ્વપ્ના જોતા જોતા ભારતવર્ષ હવે સમુદ્રમાં ગબડી પડ્યો તે પડ્યો જ. એક વખત પાસું બદલતા જતા એકદમ અથાગ ઉંડા જળમાં' ડૂબ્યું, હું ભોજન કીધા વગર જીવી શકું છું, હવામાં પદ્માસન વાળીને અધર રહી શકું છું, સમુદ્રની લહેરો પર ચાલી શકું છું, સારા સમર પર વગર તલવારે વિજય પ્રાપ્ત કરી શકું છું

જે દેશમાં ભૂખમરાને લીધે સ્ત્રીઓ વેશ્યાનો ધંધો કરે, અનાથ ખ્રિસ્તિ અથવા મુસલમાન થઇ જાય, જેની અર્ધી જનસંખ્યા' ભૂખ-મરાથી મરતી હોય, જ્યાં એક રોટલામાં ચાર ભાગીયા હોય, દુધીઆ દાંતવાળા અને ધાવણા બાળકોના વિવાહ થતા હોય, જ્યાં પ્રત્યેક મનુષ્ય નૂર અને નિર્મળ સંતાનો પેદા કરીને વસ્તિનો વધારો કરતો હોય, ત્યાં આવી અવસ્થાને લીધે દેશોદ્ધાર અસંભવિત છે, અને દેશ-પતન નિશ્ચિતજ છે

જો હજુ પણ ભારતની આળસ-નિદ્રા ઉડી જાય નહિ, ભારત સંતાન વિષયવિકારનો ત્યાગ કરવા માટે કમ્મર કસે નહિ, તો બેધડક શંખ ફૂંકી દો ! કૂચ કરવાના નગારા ગગડાવી દો ! કહી દો કે ભારત-વાસીઓ આ સંસારમાંથી કૂચ કરી જાય છે !

પૂર્વ કાળમાં આપણે આવા નબળા હતા નહીં, પણ બહુજ સુદૃઢ હતા સારો સંસાર ઉન્નતિ કરી ગયો અને આપણે પાછળ રહી ગયા પરંતુ હજુ પણ કાંઇ બગડી ગયું નથી જો થોડા ઘણા દેશભક્તો સંસારસુખને ' વ્યર્થ ' માનીને રાજકાજની સુધારણા અને સામાજીક સુધારણા કરવા માટે આત્મબલિદાન આપવા તૈયાર થઇ જાય તો કાલે જ વિજયધ્વજ માતૃભૂમિ પર ફરફર ઉડવા માંડે

આપણી આશા પૂર્ણ કરે એવા પુત્રો અને પુત્રીઓનામાં ક્ષાત્ર-વીર્ય, બ્રહ્મતેજ, વજ્રના જેવી દૃઢતા વગેરે અનેક અનુપમ ગુણો

વિદ્યમાન છે પ્રતિવર્ષ એવા લાખો સુમતાનોનુ વિવાહની વેદી ઉપર બલિદાન નહી અપાતુ હોય અને તેઓના જીવન ધૂળમા મેળવાતા નહીં હોય તો તેઓ શુ શુ નહીં કરી શકે ? ભારતના ઉદ્ધાર માટે જરૂરની બધી જ બાબતો તેઓ કરી શકે તેમ છે

ભૂમિકા.

કોઇપણ સમાજ અથવા મનુષ્ય માત્રની ઉન્નતિનો વિચાર કરતી વખતે બે પ્રશ્નો આપોઆપ મનમા ઉત્પન્ન થાય છે —(૧) આજસુધી મનુષ્યજાતિની ઉન્નતિને અટકાવી રહ્યા છે તે કારણો કયા કયા છ ? અને (૨) ભવિષ્યમા એ સઘળા નહીં તો એ પૈકીના કોઇપણ કારણો દૂર થવાની આશા છે કે નથી ?

આ પ્રશ્નોનો પૂરેપૂરો નિર્ણય કરવાનુ અને મનુષ્યજાતિની ઉન્નતિ અટકાવનારા કારણો વિષે સપૂર્ણ વિચાર કરવાનુ કાર્ય કોઇ એક જ વ્યક્તિની શક્તિ બહારનુ છે માટે ભિન્ન ભિન્ન દેશોના તથા ભિન્ન ભિન્ન સમયના વિદ્વાનો, તત્વવેત્તાઓ, અને લોકહિતૈષિ મનુષ્યો પોતપોતાની સમજ પ્રમાણે પ્રયત્ન કરીને જૂદો જૂદો નિર્ણય દેખાડી ગયા છે, અને ઉન્નતિ અટકાવનારા કારણોમાથી એકાદ એકાદ કારણ ઉપર પોતપોતાના વિચાર દર્શાવી ગયા છે

સસારમા જેટલા શાસ્ત્રો છે તે બધાની રચના ધીરે ધીરે થયલી છે, કોઇપણ શાસ્ત્ર એક સામટુ તો તૈયાર થઇ ગયેલુ નથી જ. જગતમા અનેક પ્રકારના વ્યવહાર થાય છે પ્રત્યેક વ્યવહારથી સારૂ કે નઠારૂં જેવુ પરિણામ આવે છે, તે પ્રમાણે લોકો તેને અનુસરે છે અથવા તેનો ત્યાગ કરે છે લાભકારક વ્યવહારોનો લોકો સ્વીકાર કરે છે, અને હાનિકારક વ્યવહારોને બધ કરે છે જેને જેવો વ્યવહાર ઠીક લાગે છે તેજ પ્રમાણે તે ચાલુ રાખે છે. મનુષ્ય પોતાના તથા પોતાના પૂર્વજોના અનુભવો વડે લાભ મેળવી શકે છે. પ્રથમ તો

અનુભવ થયો હોય તે પ્રમાણે સાધારણ નિયમો નક્કી કરવામા આવે છે, અને કેટલોક સમય વિતવા પછી તેજ નિયમોનુ એકીકરણ કરવાથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય છે આ સંસારના સઘળા શાસ્ત્રો આ પ્રમાણે ધીરે ધીરે રચાયેલા છે

લગભગ અઢીસો વર્ષ પહેલા યૂરોપના વિદ્વાનોએ પોતાના પૂર્વ જોના અનુભવ પ્રમાણે એક નવીન શાસ્ત્ર રચવાને આરંભ કર્યો. ઇંગ્લેંડ-મા તેને પોલિટિકલ ઇકોનૉમિ (Political Economy) કહે છે. આપણી ભાષામા તેને સંપત્તિશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર કહેવામા આવેછે

આ નવીન શાસ્ત્ર મનુષ્યના જીવન સંબંધી અથવા વ્યવહાર સબંધી નિત્ય નિત્ય ઉપયોગમા આવતી બાબતોની તપાસ કરીને નક્કી કરેલા સિદ્ધાંતોના આધારે રચાયુ છે

કેવા વ્યવહારનુ કેવુ પરિણામ આવે છે તે એ શાસ્ત્રના વ્યાપક સિદ્ધાંતોથી દર્શાવેલુ છે એ શાસ્ત્રમા મનુષ્ય-સમાજ અથવા મનુષ્ય-જીવન જોડે સંબંધ ધરાવતા વ્યાપક વ્યવહારોનુ સંપૂર્ણ વર્ણન હોય છે પશ્ચિમના વિદ્વાનોએ કેટલાએક વ્યાપક વ્યવહારોને આધાર ગણીને ધન અને શ્રમ વગેરેનો શાસ્ત્રોક્ત વિચાર કરેલો છે

મનુષ્યજાતિની આવશ્યકતાઓ પૂર્ણ કરવાનુ મૂખ્ય સાધન છે ધન અને એ ધન સબધી સર્વ પ્રકારની ઘટનાઓ વિષે ખુલાસો દર્શાવનારી વિદ્યાનુ નામ "અર્થશાસ્ત્ર" છે એ શાસ્ત્રમા નીચે લખેલી બાબતોનો વિચાર કરેલો છે—

(૧) કઇ કઇ બાબતો વડે મનુષ્ય સપત્તિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષા કરી શકે છે,(૨) કઇ કઇ રાજકીય, વ્યવહારિક અને ઔદ્યોગિક બાબતોનો સપત્તિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાની સાથે સંબંધ છે, અને (૩) રાજ્યની ઉપજ અને ખર્ચ અથવા રાજ્યની શાસન-શૈલીનો સંપત્તિની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષણ ઉપર કેવો પ્રભાવ પડે છે.

ભારતના જે પ્રાચીન ગ્રંથકારોએ ગહનમા ગહન અને ક્લિષ્ટ વિષયોના વિવેચનથી ભરપૂર ગ્રંથો રચી કાઢેલા છે, તેઓએ આવા

મોટા મહત્વપૂર્ણ વિષય ઉપર ધ્યાન આપ્યુ જ ન હોય અને પોતાના વિચારો નહી દર્શાવ્યા હોય એ તો અસંભવ વાત જ ગણાય ભારતના ઇતિહાસનો અભ્યાસ કરનારા વિદ્વાનોએ ભારતમા અર્થશાસ્ત્ર વિદ્યમાન હોવાના કેટલાએક પ્રમાણો શોધી કાઢ્યા છે * પરંતુ સાથે સાથે એટલુ પણ માનવુ પડે છે કે આપણા દેશના વિદ્વાનોએ ધર્મમા રહીને સંપત્તિને તુચ્છ દૃષ્ટિથી જોઇ છે કદાચ એક જણે સંપત્તિના મહિમા વિષે વિચાર કરીને તેની સ્પૃહા રાખવાનુ કહ્યું હશે તો દસ જણાએ તેના ત્યાગ કરવાના રાગ આલાપ્યા છે તેઓએ સંપત્તિને તૃણવત્ ગણવામા જ પોતાની પ્રતિષ્ઠા માની લીધી, અને અર્થને અનેક અનર્થોનુ મૂળ સમજાવવામા મનુષ્યનુ કલ્યાણ જોયુ

દેશની સંપત્તિ ઘટવાના અનેક કારણો છે, તે પૈકી ત્રણ પ્રધાન કારણો આ છે --

૧ **પ્રાકૃતિક**-જમીનની ઉત્પાદક શક્તિ ઘટી જવાથી, ખાણોમાંથી સોનુ, ચાંદી, લોઢુ વગેરે ખનિજ પદાર્થો મળતા ઘટી જવાથી, અથવા તદન જ બંધ થઇ જવાથી દેશની સંપત્તિ ઘટી જાય છે

૨ **રાજનૈતિક**—જીતેલા દેશની સંપત્તિ કોઇ જીતનાર રાજા ધીરે ધીરે પોતાના દેશમા ઘસડી લઇ જાય અથવા ક્રમે ક્રમે જીતેલા દેશને દુર્બળ બનાવતો હોય ત્યારે તે દેશની સંપત્તિ ઘટી જાય છે

૩ **વ્યાપાર વિષયક**-દેશોની હરિફાઇને લીધે, બીજા દેશોના જેવી ઉત્તમ અને સસ્તી વસ્તુઓ તૈયાર નહી થાય તેથી, વિદેશી વસ્તુઓના પ્રચારથી, અને હુન્નરકળા તથા ઔદ્યોગિક ધંધા રોજગાર ઘટવાથી અથવા તદન બંધ પડી જવાથી દેશની સંપત્તિ ઘટી જાય છે.

* ૧ અતિ પ્રાચીન ઉપવેદોમાના એકનુ નામ અથર્વવેદ છે ૨ વિષ્ણુ પુરાણમા બતાવ્યા પ્રમાણે ભારતની ૧૮ પ્રધાન વિદ્યાઓમાની એકનુ નામ 'અર્થશાસ્ત્ર' છે. ૩ અમરકોશ, શુક્રનીતિ અને ચાણક્ય-નીતિમા અર્થશાસ્ત્રની વાતની વ્યાખ્યા જોવામા આવે છે ૪ કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' નામના સંસ્કૃત ગ્રંથની પણ કેટલાએક વખત ઉપર શોધ થઇ અને તે છપાઇને પ્રસિદ્ધ પણ થઇ ગયો છે

અંગ્રેજી અમલ થવા અગાઉ ભારતવર્ષમા એવા કારણો થોડાંજ ઉત્પન્ન થયા હતા મુસલમાની રાજ્ય વખતે બહારના બાદશાહોએ ભારતમા અનેક વાર લુટો ચલાવી, અને અહીંથી અસંખ્ય ધન તેઓ લઇ ગયા હતા ખરા, પણ તેથી દેશને વધારે ધક્કો પહોચ્યો નથી કારણ કે તેઓ સોનુ, ચાંદી, રત્ન વગેરે જે લઇ ગયા તો તે વસ્તુઓ જ માત્ર દ્રવ્યમા ગણાતી નથી વ્યવહારની સર્વ વસ્તુઓ સંપત્તિ ગણાય છે ભારતવાસીઓની આવક જેવીને તેવીજ રહી, પૃથ્વીના ગર્ભમાથી અન્ન અને રત્ન વગેર પણ બરાબર જ પેદા થતા રહ્યા, અને કેટલાએક મુસલમાન બાદશાહો તો ભારતવાસી જ બની ગયા તેઓ ભારતનુ ધન ભારતમા જ વાપરતા હતા મુસલમાની રાજ્યના સમયમા આ દેશનો વ્યાપાર વધતો જતો હતો, કદીપણ ઘટ્યો હતો નહી હુન્નર કળા, કારીગરી, વેપાર રોજગાર વગેરે બાબતોમા દેશ સદા ઉત્તરોત્તર વૃદ્ધિ કરતો હતો દેશદેશાતરના બજારોમા અહીની વસ્તુઓ જ વ્યાપી રહી હતી

જળનો અને સ્થળનો તમામ વેપાર ભારતવાસીઓના જ હાથમા હતો બગદાદ, મિસર, રોમ, ગ્રીસ અને સારા સંસારમા ભારતનો માલ ખપતો હતો, ઢાકાની મલમલ, લાકડાની ઉત્તમ કારીગરીની વસ્તુઓ, અને મોટા મોટા નકરી વહાણો તો અંગ્રેજો અહી આવ્યા પછીના સમયમા પણ યુરોપમા વેચાવા માટ અહીથી મોકલાતા હતા સંપત્તિનો નાશ થવાના જેટલા પ્રધાન કારણો છે તે પૈકીનુ એક પણ પહેલાના વખતમા આ દેશને નડતર કરી શક્યુ નથી

આ તો મુસલમાની રાજ્યના સમયની વાત થઇ પણ હિંદુ સામ્રાજ્યના મુસલમાની રાજ્ય પહેલાના વખતમા તો ખરેખરી મોજ મજાહ જ હતી ઉપર જણાવેલા સંપત્તિશાસ્ત્રની રચના કરવા માટે ઉત્તેજન મળે એવા કારણો પૈકીનુ એક પણ કારણ તે સમયમા પેદા થયુ નહીં, ઉલટો ઉપર લખ્યા પ્રમાણે વિદ્વાન પંડિતોના હૃદયમા સંપત્તિની તુચ્છતાનો જ ભાવ જાગૃત રહ્યો એવો ભાવ સંપત્તિશાસ્ત્રની રચના કરવાના માર્ગમા વધારે રોકાણ કરનાર થયો એક અખંડ સિદ્ધાંત એવો પણ

છે કે કારણ ... ... કદીપણ થતુ નથી કહેવાની મતલબ એટલી જ કે ભા... ...માં વિદ્વાનોને સંપત્તિશાસ્ત્રની રચના કરવા માટે, તેના સિદ્ધાંતો ... ... માટે અને સંપત્તિને ... ... એ બાબતો માટે ... ... કરીને પ્રયત્ન કરવાની પ્રેરણા ... એવું કશું કારણ જ ઉપસ્થિત થવા પામ્યુ નહી હતુ

હુ મારી ... ખેડી ખાઉ છુ, સવારમા ઉઠીને માત ... અને ... ને પ્રણામ કરૂ છુ મારુ જીવન જંગલના પશુપક્ષીઓની માફક આનંદમા ... છુ આકાશ અને સુંદર ... જોતા જોતા મ... ... ... જાય છે મારા ખેતરમા અન્ન પાકવાનુ છે, ... અન્ન ભરેલુ છે ... માટે ... ... માટે ... પહેરવા મ... લંગોટી, અને માથા ઉપર ચોટલી છે એટલ માર તો ... છે મારા હાથપગ મજબૂત છે ... ... લાગે છે ... ... મકાઇ ... , દહી છાશ દૂધ માખણ, મને અને મારા બાળબચ્ચાંને મળી રહે ... તો પછી સમાજમા શુ શુ થઈ રહ્યુ છે તે જાણવાની ... શા માટે મારે રાખવી જોઇએ? હુ નહી જાઉ તેમા મારી ... હાની થવાની છે? હુ તો કોઇને છેતરતો નથી હુ આ લોક અને પરલોક સાચા ... છુ, છતા મને કોઇ ... ... તો તેનો ... ભગવાન તેને આપશે આવુ સાદુ અને સત્યમય જીવન સારૂ નથી એમ તો કોઇપણ કહી શકતુ નથી પણ એમા મુશ્કેલીની વાત એ છે કે આવા પ્રકારનુ જીવન ઝાઝા દહાડા નિર્વિઘ્ને ચાલ્યા કરતુ નથી જાતિની ઉન્નતિ ધર્મનાજ આધારથી થાય છે તે ખરૂ છે પરંતુ જાતિને ઉન્નત કરનાર ધર્માંકુરો આવી પવિત્ર ભેવકુફીના ભોળપણવાળા ... ઢગલા ઉપર ઉગતા નથી

દેશદેશાંતરોની શોધ કર્યા વગર શાંતિ રાખીને એમે જ નહી એવુ કઠોર જીવન પસંદ કરે, અને જેની અંતરંજવાળા બીજી જાતિઓને જીતીને, લૂટીને, મારીને અને તેના ઉપર રાજસત્તા જમાવીને જ છેવટે શાંતિ પામતી હોય એવી જાતિ-વિશાળ જીવનની મહાત્વાકાંક્ષા

વાળી જાતિ જ-સમુદ્રની છાતી ઉપર સ્વાર થઈને, જંગલોને ચીરીને-પહાડોને તોડીફોડીને અથવા કુદીને ઉદયથી અસ્ત સુધી પોતાનું રાજ્ય વિસ્તારી શકે છે, અને સામ્રાજ્ય ચલાવી શકે છે.

પણ આપણા શાંતિપ્રિય ભારતવર્ષમાં સાહિત્ય, સંગીત, કળા અને સંપત્તિનો અતિશય વધારો થવાથી આળસ, વિષય-વિકાર, ઈર્ષા, દ્વેષ આદિ અનેક દોષો ભરાઈ મહા જંગલો અને પહાડોમાં ગર્જની પવિત્ર આર્યજાત ઘોડા ઉપરથી ઉતરીને નરમ નરમ તકીયા ઉપર માથું મૂકીને મખમલની ગાદી ઉપર એવી તો બસબસાટ ઉંઘી ગઈ કે તે નથી પોતે જાગી કે ન કોઈ તેને જગાડી શક્યું.

જંગલી લૂંટારા અને વૈભવી મુસલમાન રાજાઓ પરવારી ગયા ત્યાર પછી આ દુર્ભાગી દેશ પશ્ચિમ તરફના વાણિયાઓના હાથમાં આવ્યો. તેઓની પધરામણી થઈ અને અંગ્રેજી સત્તાના સૂત્રો લાગુ થયા લાગ્યા જ આ દેશની સ્થિતિમાં ભયંકર ફેરફાર શરૂ થયો. ક્યાં હજારો વર્ષથી કુંભકર્ણની નિદ્રામાં તત્વજ્ઞાનના સ્વપ્નમાં જનાર ભારત દેશ અને ક્યાં કુટિલ નીતિના પૂર્ણ રંગવાળા લોર્ડ ક્લાઈવ અને હેસ્ટિંગ્સ હકૂમત, પોલિસી, અને ભારતના અજ્ઞાનતાના કારણે દેશના વેપારના મૂળ કુહાડાથી કપાતા ગયા. હુન્નર કળા, કારીગરી ધંધા રોજગાર વગેરે તમામ અહીંથી ખસીને ઇંગ્લાંડ પહોંચી ગયા. સાથે સાથે સંપત્તિ પણ અહીંથી કુચ કરી ગઈ. બ્રિટને ભારતને હુન્નર, કળા, ઉદ્યોગ વગરનો કરી મૂક્યો ખરો પણ શાંતિ ખૂબ ફેલાવી.

વસ્તીનો બહુ વધારો થયો અને જનસંખ્યા વધવાથી વધારે જમીન ખેડાવા લાગી. જમીનના પાક ઉપરજ સે કડે નેવું ટકા ભારતવાસીઓ નિર્વાહ કરતા થઈ ગયા. બધો જ ઠાઠમાઠ ખેતીની પેદાશમાંથી કરવાનો રહ્યો. માત્ર અનાજ પાકે તે વેચીનેજ રાજ્યનો કર ભરતો. તેમાંથીજ વસ્ત્ર ખરીદવા અને બીજી જરૂરીઆતની વસ્તુઓ ખરીદવી, વિવાહ વગેરેની ધામધુમ પણ તેમાંથીજ કરવાની, અને પુણ્ય, દાન ભિક્ષા આદિ જે બધું કરવું હોય તે એક માત્ર અન્નથી જ કરવાનું રહ્યું.

જ્યા સુધી વસ્તી ઓછી હતી ત્યાસુધી તો જાણે રામરાજ્ય હોય એવુ સુખ ભાસ્યા કરતુ હતુ પણ જ્યારે વસ્તી વધી અને જે આવકમાંથી ૧૮ કરોડના નિર્વાહ થતો હતો, તેમાંથી ૨૦ પછી ૨૫, પછી ૨૮ અને ૩૦, ત્યાર પછી ૩૨ ૫ કરોડનો નિર્વાહ કરવાનો વખત આવ્યો એટલે એ ભારે પડ્યુ ગઇ ૬૦ વર્ષમા આવક વધી નહી, પણ ખાનારાની સંખ્યા અને તેઓની જરૂરીઆતો બમણી થઈ ગઈ પછી શુ પુછવુ ? જે પરિણામ આવવુ જોઇએ તે આવ્યુ દેશની વસ્તીના અર્ધા ભાગ ભૂખે મરતો થયો નિરંતર દુકાળ પડવા લાગ્યા. લાખો અને કરોડો ભુખથી મરવા લાગ્યા દૂધ, ઘી વગેરે વસ્તુઓ ઓછી થતી જણાઇ અથવા લોકોને બહુ ઓછી મળવા લાગી તેને લીધે બાળકોના મરણ બહુ વધી ગયા કોલેરા, પ્લેગ વગેરે ભયંકર રોગો ચાલુ થયા અને ભારતના સંતાનોનો ક્રમે ક્રમે હરેક પ્રકારે ક્ષય થવા લાગ્યો

જ્યારે સંપત્તિ ખવાઇ ગઇ ત્યારે ફરીથી તેને ઉપાર્જન કરવાની ઇચ્છા થઇ એ વિષય ઉપર અંગ્રેજી ભાષામા તો હજારો પુસ્તકો લખાયલા છે તે પુસ્તકો જ્યારે ભારતવાસીઓની નજરે પડયા ત્યારે કોઇ કોઈ ભણેલા અને દીર્ઘ દૃષ્ટિવાળા લોકોનુ ધ્યાન એ શાસ્ત્રનો પ્રચાર કરવા તરફ ખેંચાયુ, અને દેશી ભાષામા કેટલાએક ભાષાંતરો થયા પણ તે માત્ર આગળીના વેઢા ઉપરજ ગણી શકાય એટલા થોડા છે.

૬૦–૬૫ વર્ષ પહેલા દિલ્હીની કોલેજના પંડિત ધર્મનારાયણજીએ આ વિષય ઉપર ઉર્દુ ભાષામા બે ચોપડીઓ લખી. રાવસાહેબ વિશ્વનાથ નારાયણ અને પંડિત કૃષ્ણશાસ્ત્રીએ બે પુસ્તકોનો અનુવાદ મરાઠી ભાષામા કરીને મહારાષ્ટ્રમા એ શાસ્ત્રનો પ્રચાર કર્યો. ગુજરાતી આદિ બીજી ભાષાઓમા પણ એ વિષય ઉપર કેટલાએક પુસ્તકો પ્રગટ થયા હિંદી ભાષામા પ્રથમ એક નાનુ સરખુ પુસ્તક ઇ. સ ૧૯૦૭ મા પંડિત ગણેશદત્તે છપાવ્યું. ત્યાર પછી હિંદીના પ્રસિદ્ધ લેખક

પંડિત મ. મન્મથનાથ દ્વિવેદીએ એક મહત્વપૂર્ણ સંપત્તિશાસ્ત્રનો ગ્રંથ પ્રગટ કર્યો છે. ... બાળકૃષ્ણજીએ એ વિષય ઉપર એક ઉત્તમ પુસ્તક લખ્યું છે. ... પાંચેક વર્ષ પહેલાં પંડિત ગિરિવરશર્માએ મિસિસ ફોસેટ એમ. એ. ડી. ના અર્થશાસ્ત્રનું ભાષાંતર કીધું છે. કહેવાની મતલબ એટલી જ કે હવે ભારતની ઘણી ભાષાઓમાં આ વિષય ઉપર પુસ્તકો લખાયાં છે, અને તેનો પ્રચાર ચાલતો થયો છે.

સંપત્તિશાસ્ત્રનો વિષય ઘણોજ ગહન અને કઠણ છે. એ શાસ્ત્રને સમાજ, રાજ અને રાજ્યવ્યવસ્થા સાથે જ બહુ ગાઢો છે. સંપત્તિશાસ્ત્રનો વિચાર કરતી વખતે બીજાં શાસ્ત્રોનો પણ વિચાર સાથે સાથે કરવો પડે છે. તેની મદદથી જ એ શાસ્ત્રના સિદ્ધાંતોને નિશ્ચિત કરવામાં આવે છે. નીતિશાસ્ત્ર, ...શાસ્ત્ર, જનસંખ્યાશાસ્ત્ર ઇત્યાદિની મદદ લીધા વગર એ શાસ્ત્રનું કામ નથી ચાલતું. સંપત્તિશાસ્ત્રનો ... જનસંખ્યાની જોડે છે, અને જનસંખ્યાનો વિષય ઘણો અગત્યનો છે. એ વિષય ઉપર ભારતવાસીઓનું ધ્યાન આકર્ષવાની બહુ જરૂર છે. આપણી ભૂખ જેટલી હોય તે કરતાં આપણે અધિક ખાઈએ તો અજીર્ણ રોગ થવાથી આપણે માંદા પડીએ છીએ. માણસના ... વખતોવખત કાઢીને સાફ નહીં કરે તો ... હાલત બદલાઈને ... અને જાતિને ઠેકાણે જંગલના જેવો ભયંકર દેખાવ અને અશાંતિ વ્યાપી રહે છે તે પ્રમાણેજ, જો કોઈપણ જાતિની જનસંખ્યા અમુક નિયમિત સીમા ઉલ્લંઘન કરી જાય તો પછી તે જાતિમાં અંદર અનેક પ્રકારની બુરાઈઓ વધવા માંડે છે, અને તે જાતિનું અધઃપતન થવાનો આરંભ મંડાય છે. પ્રકૃતિએ દરેક બાબતને માટે એક નિયમ, એક સીમા બાંધી રાખેલી છે. તે નિયમ ધ્યાનમાં નહીં આવે, અને તેની નિયમિત સીમાનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે પ્રકૃતિનો નિયમ તૂટે છે. કોઈપણ અવસ્થામાં પ્રકૃતિના નિયમ જ્યારે જ્યારે તૂટે છે ત્યારે ત્યારે અનેક પ્રકારના ઉપદ્રવો અને મુશીબતો ખડી થાય છે.

પ્રસિદ્ધ અંગ્રેજ લેખક અને તત્વવેત્તા માલ્થસ હુએ જન-સંખ્યાના વિષય ઉપર પુષ્કળ વિચાર કરીને ઇ. સ. ૧૭૯૮ ના જન-સંખ્યાના નિયમ વિષે એક નિબંધાવલી લખેલી છે (Essays on the principle of population) તેમાં તેણે પોતાનો એવો નિશ્ચિત અભિપ્રાય જણાવ્યો છે કે જનસંખ્યાનો બેસુમાર વધારોજ સંસારની ઉન્નતિને અટકાવનારૂં સૌથી મોટું કારણ છે. તે કહે છે કે "જીવન ધારણ કરવા માટે પ્રકૃતિએ પ્રાણિઓને જરૂર જેટલો આહાર પેદા થવાની તજવીજ રાખેલી છે, તેના પ્રમાણમાં પોતાની સંખ્યા અંધાધુંધ વધારવાની ચેષ્ટા પ્રાણિમાત્ર કરતા રહે છે. જેટલી સંખ્યાની હદ સુધી પેટ પુરતું અન્ન તૈયાર હોય તે હદ સુધીજ જન-સંખ્યા પરિમિત રહે છે. અન્નની વૃદ્ધિ થાય તેની સાથે સાથેજ જનસંખ્યાની વૃદ્ધિ થઇ જાય છે. જનસંખ્યાનો બેસુમાર વધારો અટ-કાવીને તેને નિયમિત સીમામાં રાખનારાં બે કારણો છે—એક તો દુકાળ, મહામારી પ્લેગ, યુદ્ધ આદિ દૈવી અને માનુષિ વિપત્તિઓ, અને બીજું ઇન્દ્રિયદમન."

માલ્થસનો આ સિદ્ધાંત સંસાર માત્રના વિદ્વાનો માને છે. સંપત્તિ-શાસ્ત્રના ધુરંધર પંડિતો જોન સ્ટુઅર્ટ મિલ, માર્શલ વૉકર, ફૉસેટ અને બાગેલો આદિ એ સિદ્ધાંતને પુષ્ટિ આપે છે.

અમેરિકાના ડાક્ટર ચાર્લ્સ નોલ્ટને ઇ. સ. ૧૯૦૫ માં એક પુસ્તક પ્રગટ કીધું તેમાં એવું સિદ્ધ કરી બતાવેલું છે કે એક માત્ર ઇન્દ્રિયદમનના આધારેજ જનસંખ્યા કમતી કરવાનું કામ અત્યંત કઠણ છે. જો સ્ત્રી-પુરૂષ અતિ મોટી ઉમ્મર થયા પછી વિવાહ કર-વાનો વિચાર રાખે, અથવા જીવનભર કુંવારા રહેવા ચાહે તો તેનું નિશ્ચિત પરિણામ દુરાચાર અથવા વ્યભિચારજ સમજવું, અને તમામ સ્ત્રી-પુરૂષ જો વિવાહ કરી બેસે તો હરકોઇ પ્રકારે બાળબચ્ચાની વસ્તીવાડી ખૂબ વધી પડે છે. વિવાહિત જુવાન સ્ત્રી અને પુરૂષો ચાહે

તેટલી બચત્રાની કાળજી રાખે તેમ છતા જરૂર કરતા વધારે સતાન પેદાજ થઇ જાય છે વિવાહિત દપતિ ઇંદ્રિયદમનદ્વારા સતાનોત્પત્તિ કમતી કરી શકતા નથી અને અધિક બાળકો ઉત્પન્ન થય ત્યારે તો નથી તેઓને પુરુ ખાવાનુ અને વસ્ત્ર પુરા પાડી શકતા કે નથી તેઓને ઠીક શિક્ષણ આપી શકાતુ આવી બધી બાબતોથી રાષ્ટ્ર ક્ષીણ થાય છે માટે ડાકટર નોલ્ટને કેટલાએક ઉપાય બતાવ્યા છે તે પ્રમાણે વિવાહિત પુરૂષ ઉચિત અને નિયમિત સીમા સુધી વિષયવાસના તૃપ્ત કરીને પણ, પોતાની જેટલો ભાર ઉપાડવાની શક્તિ હોય તેટલાજ સતાન ઉત્પન્ન કરી શકે છે તે પુસ્તક ૨ વર્ષ સુધી તો ઇગ્લાડ અને અમેરિકામા નિર્વિઘ્ને વેચાયુ, પણ પછી ઇ સ ૧૮૦૭ મા બ્રિસ્ટલ શહેરના એક નીચ પુસ્તક વેચનારે એ પુસ્તકમા કેટલીએક અશ્લીલ છબીઓ દાખલ કીધી તે કારણસર તેને સજા થઇ અને સાથે સાથે એ પુસ્તક વેચવાની પણ મનાઇ કરવામા આવી પણ તેના તેજ ઇ સ ૧૮૭૭ ના વર્ષમા મિસિસ એની બિસાટ અને ચાર્લ્સ બ્રા લોએ ડાકટર નોલ્ટનનુ તે (Fruit of Philosophy)' તત્વ-જ્ઞાનના ફળ' નામનુ પુસ્તક પેલી અશ્લીલ છબીઓ કાઢી નાખીને ફરીથી છપાવ્યુ, એક નાની સરખી દુકાન રાખી અને પોલીસને ખબર આપી કે તેઓ પોતેજ એ પુસ્તક વેચે છે તે પુસ્તકની પ્રસ્તાવનામા લખ્યુ હતુ કે ' જે બાબત ઉપર મનુષ્યના સુખ અથવા દુખનો આધાર છે તેના ઉપર ખુલ્લખુલ્લી રીતે વિચાર કરવાનો મનુષ્યના અધિકાર છે. જો સરકાર આવી બાબતોના વિચારમા વિઘ્ન કરે તો તે અન્યાય કહેવાય માટે એવા અન્યાયપૂર્ણ કાયદ ને અમે માન આપી શકતા નથી '

આ વખતે મિસિસ બિસાટે પોતાના પતિ સાથે છૂટાછેડા (ફારગતી) કીધા હતા અને તેનુ વય માત્ર ૩૧ વર્ષનુ હતુ તે જાણતી જ હતી કે આ સિદ્ધાંતના જાહેર પ્રચાર કરવાથી પબ્લિક તેના પવિત્ર સતીપણા ઉપર બટ્ટો મુકી શકશે, અને તેના શુદ્ધ આચરણ વિષે

પણ સદેહ પ્રગટ કરી શકશે મી બ્રા લોને પણ એવાજ પ્રકારનો ભય પોતાને માટે હતો તેને તો એટલે સુધી ખાત્રી હતી કે પોતાની મદ-નામી એટલી બધી થશે કે કદાચ તેને પાર્લામેંટમાથી પણ નીકળી જવુ પડશે પરંતુ તેઓના હેતુ સંતાનમાત્રનુ કલ્યાણ થાય તેવો હતો, માટે આવી બાબતોની પરવા કીધી અને પોતે આગમા ભૂસ્કો જ માર્યો

ન્યાયાધિશ, પોલીસ તથા બીજા મોટા મોટા અમલદારોને તેઓએ હાથોહાથ ચોપડી વહેચી પોલીસની તેઓને પકડવાની મહેનત ટાળવા માટે ચોપડી વેચવાનુ ઠેકાણુ દિવસ અને સમય પણ જણાવી દીધો હતો કેટલાએક દિવસ વીત્યા પછી એ બન્નેને પકડવામા આવ્યા મુકદમો બહુ ખબરદારીથી લડવામા આવ્યો આખા સભ્ય સંસારનુ ધ્યાન આ મહત્વના મુકદમા તરફ આકર્ષાયુ આ પ્રખ્યાત ટ્રાયલ (મુકદ્દમા)ના પરિણામે એ લોકો નિર્દોષ ઠરીને છૂટી ગયા અને એવી જાતના અનેક પુસ્તકો સારા સંખ્યામા નિર્વિઘ્ન વેચાવા લાગ્યા. પશ્ચિમના અનેક દેશોમા જનસંખ્યાના વિષયની ચર્ચા માટે સભાઓની સ્થાપના થઇ, તે સભાઓએ માલ્થસ અને નોલ્ટનના સિદ્ધાંતોના પ્રચાર કરવા માડયો માલ્થસની જનસંખ્યા રોકવાની વિધિ (ઇંદ્રિય દમન સબધી) છે તેને માલ્થસીઝમ (Malthusianism) અને નોલ્ટન-નો સિદ્ધાત (યંત્ર અથવા ઔષધ દ્વારા જનસખ્યા ઘટાડવાનો) છે તેને ન્યુ માલ્થસીઝીમ (New Malthusism) કહે છે

કોઇપણ જાતિ અથવા દેશની ઉન્નતિ પોતાના લોકસમુદાયની વ્યક્તિગત ઉત્તમતા ઉપર આધાર રાખે છે, એ વિચાર કાંઇ નવીન નથી ૨૩૦૦ વર્ષ પહેલા રોમન પ્રજાસત્તાક રાજ્ય (રિપબ્લિક)મા એવી મતલબનો એક કાયદો ઘડવાની દરખાસ્ત રજુ થઇ હતી તેનો હેતુ એવો હતો કે અયોગ્ય સ્ત્રીપુરૂષોના વિવાહ થતા અટકતી દેવા એટલે વંશપરંપરાના દુર્ગુણ ભવિષ્યની પ્રજામા ઉતરી આવે નહીં. માત્ર ઉત્તમ અને સુયોગ્ય સંતાનોત્પત્તિ કરવામા આવે તો આખો

રાષ્ટ્ર પવિત્ર અને શક્તિવાન બની જાય ભારતવર્ષના ઋષિઓએ પણ એ વિષય ઉપર બહુ બહુ ઉત્તમ માર્ગ સૂચવેલા છે વિવાહસબધ જોડવા પહેલા કુલની ઉત્તમતા નક્કી કરવી જોઇએ, જે વર અને કન્યાના ગુણ, કર્મ સ્વભાવ મળતા આવતા હોય તેનાજ વિવાહ થવા જોઇએ સન્તાનહીન અને ચરિત્રભ્રષ્ટ કુલમા, ક્ષય, રક્તપીત, કોઢ વગેરે રોગ વાળા કુળમા અને એકના એક ગોત્રમા વિવાહ કરવા નહી જોઇએ, કન્યાને માટે યોગ્ય ગુણવાન વર નહી મળી આવે તો મરતા સુધી કુવારી જીદગી ગાળવી ઉત્તમ છે, એવી એની અનેક આજ્ઞાઓ છે એ આજ્ઞાઓ આપવામા આપણા ઋષિમુનીઓનો માત્ર એટલોજ અભિપ્રાય હતો કે ભાવિ સન્તાન ઉત્તમ પેદા થાય વર્ણસકર પેદા નહીં થાય કારણ કે વર્ણસકર પેદા થવાથી કુલનો અને જાતિનો ક્ષય થાય છે ઇતિહાસ એ બાબતની સાક્ષી આપે છે

ઇટાલી દેશના મેડલે નામના વિદ્વાને ઉપરની બાબતો ઉપર વિચાર કરીને એક નવીન શાસ્ત્રની રચના કીધી છે તે શાસ્ત્રનુ નામ યુજેનિક્સ (Eugenics) છે યુજેનિક્સને આપણી ભાષામા અભિજનન શાસ્ત્ર,' 'સુપ્રજાજનન શાસ્ત્ર,' 'સુસતાન શાસ્ત્ર' વગેરે નામથી ઓળખવામા આવે છે ઇગ્લાડના પડિત ગાલ્ટને (Sir Francis Galton) એ વિષયને માટે ઘણીજ લાગણીથી સહાયતા આપી છે લડનના વિશ્વવિદ્યાલયને તે ગૃહસ્થે ૬,૭૫,૦૦૦ રૂપિયા દાન આપ્યા છે, અને એવી સરત કીધી છે કે એજ વિષયના કામ (Research) માટે એક પ્રોફેસર કાયમનો રાખી મૂકવો એ શાસ્ત્રની ઉત્પત્તિ થયાને તો માત્ર ૨૫-૨૭ વર્ષ થયા છે, તથાપિ એના તત્વોનો યૂરોપ અને અમેરિકામા અતિ ઝડપથી પ્રચાર થઇ ગયો છે

જનસખ્યા અને યુજેનિક્સનો એવો સબંધ છે કે જો કોઇ દેશમા પુરતો ખોરાક નહી હોય અને દેશવાસીઓ સુયોગ્ય હોય તો તેઓ

ભુખે મરી જતા નથી ને યોગ્ય દેશના લોકો બીજા અયોગ્ય દેશના લોકોના મોઢામાંથી રોટલા છીનવી લાવે છે, પોતાનાથી દુર્બળ દેશવાળાઓને મારી હયરીને તેઓને નિર્મૂળ કરે છે અને પોતાની ન્હા કરે છે આફ્રિકા, અમેરિકા ન્યુઝિલાંડ વગેરે દેશોના અસલ વતની લોકોનો નાશ થતો જાય છે, અને તેઓના સ્થાનમાં તેઓનાથી અધિક યોગ્યતાવાળી જાતિઓએ વસ્તી જમાવી દીધી છે હજી એ જુની જાતિઓ થોડો વખત જીવતી રહી નહ એવી આશા વ્યર્થ છે અને હિંદુસ્તાન દેશ પોતે પણ ઉપરના સિદ્ધાંતનું પ્રત્યક્ષ પ્રમાણ બનતે છે. ઇ સ ૧૮૭૧ અને ૧૯૧૧ની વસ્તિગણત્રીના આંકડા ઉપરથી માલમ પડે છે, કે એ ચાળીશ વર્ષમાં હિંદુઓની વસ્તી ન કડ ૧૭ ટકા ઘટી ગયેલી છે આ ઘટાડો જો કે પ્રમાણમાં બહુ ધીમો છે ખરો, પણ તેનો ઇલાજ કરવામાં નહી આવે તો કોઇ સમય એવો આવશે કે ન્યુઝિલાંડના માઉરી જાત (Maoris of Newzealand) લોકોની પેઠે હિંદુઓ પણ શોધ્યા જડવાના નથી એ દુર્ભાગી દેશોના અસલ રહેવાસીઓ ક્રમે ક્રમે નાશ જ પામતા જાય છે, અને તેઓની જગાએ અન્ય જાતિના લોકો ફાલી ફૂલીને લીલાલહેર કરે છે આ પ્રકારનો જીવન-કલહ કાંઇ એકલા કાળા ગોરા લોકોની જ વચમાં ચાલે એવું નથી ગોરી જાતિના લોકો પણ એકબીજાને હજમ કરી જવાના પ્રયત્નો સદૈવ કર્યા જ કરે છે યોગ્ય હોય તે અયોગ્યને કચરી મારે છે તેથી અયોગ્ય લોકો નિર્મૂળ થઈ જાય છે અને યોગ્ય હોય તે જીવે છે.—આ સંસારમાં એજ અખંડનિય નિયમ છે

યુજેનિક્સનો સંબંધ વંશપરંપરા સાથે રહેલો છે એ શાસ્ત્રમાં એક પેઢીનું બીજી પેઢી સાથે કેવા પ્રકારનું બંધારણ છે, જાતિય પ્રવાહ અથવા વંશપરંપરા કેવી રીતે ચાલ્યા કરે છે, પ્રાણિમાત્ર કેવી રીતે પોતાનો લૈંગિક વિચય (Sexual Selection) કરીને ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરી શકે છે વગેરે બાબતોનો મુખ્ય વિચાર કરેલો છે.

જનસંખ્યાનો વિચાર ઘણો ગંભીર અને વિસ્તૃત છે. આવડા નાના પુસ્તકના એ વિષયના પ્રત્યેક અંગના ખુલાસો કરવાનું અસંભવિત છે. તેનો સંબંધ જીવવિદ્યા (Biology), સમાજશાસ્ત્ર (Sociology), ધર્મ અને આચાર એ સર્વની સાથે છે. વળી એમાં આપણા દેશના પ્રાચીન આચાર અને શાસ્ત્રોની મર્યાદા ઉપર પણ ધ્યાન રાખવાની પરમ આવશ્યકતા છે. સંભવ છે કે આપણા પૂજનીય પૂર્વ પુરુષોનું ધ્યાન સંપત્તિશાસ્ત્ર તરફ નહી પણ ગયું હોય, પરંતુ સંતતિ સુધારણાના વિષય ઉપર તો તેઓએ ખાસ ધ્યાન આપીને અનુસંધાન કરેલું છે. પ્રાચીન આચાર-પ્રણાલી ઉપરથી એવું સિદ્ધ થાય છે કે તે લોકો માત્ર વિચાર જ કરીને બેસી રહ્યા નથી પણ પોતાની વ્યવસ્થાના નિયમ પ્રમાણે જ ચાલતા હતા. તેઓના આદર્શ જીવનની ખૂબી-મનુષ્યે કેવા પ્રકારે જીવન ગુજારવું જોઈએ, કેવા પ્રકારે પરસ્પર હળીમળીને સમાજ તથા દેશની સેવા કરવી જોઈએ, કેવા પ્રકારે દેશ, કાળ તથા પોતાની સ્થિતિ વિષે પૂર્ણ વિચાર કરીને ધર્મ અથવા અધર્મની સીમા બાંધવી જોઈએ ઇત્યાદિ બાબતો તેઓના પ્રાચીન પુસ્તકોમાં ઝગઝગી રહેલી જણાવામાં આવે છે. પશ્ચિમના વિજ્ઞાનનું અનુસંધાન વર્ણવવામાં માત્ર એટલું જ સિદ્ધ કરવાનો હેતુ રાખ્યો છે કે આપણી ભાવિ સંતતિનો સુધારો થવો જોઈએ. એ નિયમોનો ઉપયોગ કીધા વગર આપણી જાતિનો અને દેશનો ઉદ્ધાર થઈ શકવાનો નથી. આપણા વંશની ઉન્નતિના હેતુ ધ્યાનમાં રાખીને આપણા પૂજનીય પૂર્વપુરુષોએ જે સંસ્કારયુક્ત નિયમો બતાવેલા છે તે પ્રમાણે વર્તવામાં આવે તો જ આપણી ભાવિ સંતતિ સુધરી શકે તેમ છે. આ પુસ્તકનો ઉદ્દેશ એવો છે કે આપણા અર્વાચીન વિચારો અને મહાન્ આદર્શો વાચક સમક્ષ રજુ કરીને જુના વિચારવાળાઓ અને નવા વિચારવાળાઓનું ધ્યાન જનસંખ્યાના વિષય તરફ ફેરવવું. માત્ર જુનાને જ ચીવટપણાથી વળગી રહેવું અને નવાને તુચ્છ સમજી લાત મારવી એ મને પસંદ નથી તેમજ નવી રોશનીથી અંજાઈ જઈને સુધારક બની

માત્ર પશ્ચિમીય સભ્યતાના દાસ બની જવાનું પણ મને પસંદ નથી નવા સુધારક (Reformer) અને જુનાને અતિ ચિવટથી વળગી રહેનાર વર્ગો અતિશય (Extreme) કરે તેમાં હું હાની સમજું છું. માટે બન્ને વર્ગોની વચ્ચેનો માર્ગ પસંદ કરવા જેવો છે દેશ, કાળ, અને પોતાના સ્થિતિના આવશ્યકતાને અનુસરી, પ્રાચીન પદ્ધતિ પ્રમાણે ચાલવું, પણ તેની સાથે સ્વદેશ અને અન્ય દેશોના અર્વાચીન આવિષ્કારોનો પણ ઉચિત લાભ લેવો એ મારૂ મંતવ્ય છે દેશની દશા જે પ્રકારથી સુધારવાનો સંભવ હોય અને આપણું પોતાની ઉન્નતિ થઇ શકતી હોય એવી રીતે સસાન્યકની સાથે રહીને ચાલવું એ પ્રત્યેક ભારતવાસીનું કર્તવ્ય છે અને પરમ ધર્મ છે

અનેક કારણોથી ભારતવર્ષમાં અનેક કુરીતિઓ દાખલ થઇ ગઇ તેને લીધે સમાજ અતિ દુષિત થઇ ગયો છે એ સર્વ કુરીતિઓને દૂર કરવાની આવશ્યકતા ઘણી છે જાતિવૃદ્ધિ તથા દેશોદ્ધારના કામમાં એ કુરીતિઓ ઘણી નડતર કરે છે આ ભયંકર ભૂતોનો જડમૂળથી નાશ કરવા માટે સખ્ત અને કષ્ટસાધ્ય ઉપાયો વાપરવા પડશે એ બાબત ધ્યાનમાં રાખીને પક્ષપાત રહિત બની વાચનારે આ પુસ્તક વિષે વિચાર કરવાની કૃપા કરવી

આ પુસ્તકના ત્રણ ખંડ છે **પ્રથમ ખંડમાં** જનસંખ્યા સંબંધી પ્રાકૃતિક નિયમોનું વર્ણન છે, અને સજીવ જગતની સંખ્યા સંપત્તિ અપાર કરતાં કેવી રીતે વધી જાય છે તે બતાવ્યું છે પ્રકૃતિનો એક વિલક્ષણ નિયમ એવો છે કે ખાનાર અધિક પેદા થાય છે અને ખોરાક ઓછો પેદા થાય છે **બીજા ખંડમાં** પ્રમાણ સાથે એવું સિદ્ધ કરીને બતાવ્યું છે કે ભારતવર્ષમાં જેટલી જનસંખ્યા છે તેટલાને માટે ખોરાકનો ઉચિત પ્રબંધ થઇ શકતો નથી ભારત દેશની અર્ધા ભાગના લોકોને પેટ ભરીને ખાવાનું મળતું નથી તે કારણથી ભારતમાં દીનોદીન ક્ષીણ અને હીન થતા જાય છે દરિદ્રતાનું પ્રમાણ વધતું જાય

છે. દરિદ્રતાના પરિણામે અવશ્ય ઉત્પન્ન થનાર મહાન હાનિકારક દુષ્કાળ અને પ્લેગાદિ રોગોથી દેશ હાલહવાલ થઇ ગયા છે તરેહ તરેહની નઠારી રૂઢીઓ, દુર્વ્યસનો, વ્યભિચાર વગેરે સમાજને નષ્ટ ભ્રષ્ટ કરી ગયા છે ભારતવાસીઓની આયુષ્યમર્યાદા ઘણી નાની થઇ ગઇ છે આખી દુનિયાના કરતા અહી મરણનુ પ્રમાણ અધિક છે બાળકોનુ મરણ પ્રમાણ પણ એટલુ વધી ગયુ છે, તેમ છતા પ્રમાણમા જન્મ સંખ્યાનો વધારો છે

બીજા ખંડમા એ આપત્તિઓમાંથી બચવાના ઉપાય બતાવ્યા છે કારણ કે જેને માટે પાલણપોષણનો પ્રબંધ હોય નહીં તેવા સંતાન ઉત્પન્ન કરવાથી ઘણી જ હાની થાય છે આવી સંતાનોત્પત્તિનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે આપણે આપણી શક્તિ અને સંપત્તિ મુડદાની પાછળ વાપરીએ છીએ એક બાળકના ગર્ભસ્થિતિ કાળથી માંડીને તેના જન્મ અને જીવનકાળ સુધીમા કેટલુ ધન અને કેટલો પરિશ્રમ વાપરવો પડે છે તે તો સૌ કોઇ જાણે છે એટલે તે બતાવવાની આવશ્યક્તા નથી હવે તે બાળક જીવતુ રહે નહીં તો તેની પાછળ જે કાંઇ દ્રવ્ય ખરચાય અને શ્રમ કરવામા આવે તે વૃથા થઇ જાય છે, અને આખા કુટુંબને શોક, સંતાપ અને માનસિક ક્લેશ થાય છે તે તો જૂદો એવા નહીં જીવનારી સંતાનોત્પત્તિથી માતાપિતા તથા દેશની શક્તિનો ક્ષય થાય છે અને જનસંખ્યા પણ વધી શકતી નથી બાળકો ઉત્પન્ન થયા અને મરી ગયા તેથી શુ લાભ થઇ શકે છે? માટે આપણે પ્રકૃતિના નિયમોને સમજવા જોઇએ, અને દેશ તથા કાળ અને આપણી પોતાની સ્થિતિનો વિચાર કરીને આપણે સર્વથા યોગ્ય બનાવી શકતા હોઇએ તેટલી જ સંતાનોત્પત્તિ કરવી જોઇએ બતાવવામા આવ્યુ છે કે એનો ઉપાય બ્રહ્મચર્ય અથવા ઇંદ્રિયદમન છે ન્યૂ માલ્થસીઝમ (New Malthusism) મા બતાવ્યા પ્રમાણે ઔષધિ અથવા યંત્રદ્વારા ગર્ભસ્થિતિ અટકાવવાનુ આ પુસ્તકમા બતાવ્યુ નથી

પૃથ્વી ઉપરના સર્વ દેશોમા એક સરખી સ્થિતિ હોતી નથી પ્રત્યેક દેશના વ્યવહારો રાજ્યપ્રબંધો અને સામાજીક વ્યવસ્થાઓમા ભિન્નતા હોય છે, તે કારણથી જનસખ્યાના સિદ્ધાતોને પણ પ્રત્યેક દેશની સ્થિતિને અનુસરીને કાઇ ને કાઇ ભિન્ન સ્વરૂપ ધારણ કરવુ પડે છે પરતુ તેથી તેના પ્રાથમિક સિદ્ધાતને ધક્કો પહોચતો નથી

જ્યારે જર્મનિ, ફ્રાન્સ, ઇંગ્લાડ અને અમેરિકાની રાજ્યવ્યવસ્થા તથા વ્યવહારોની તુલના કરવાથી ભારે તફાવત જણાઇ આવે છે, ત્યારે ભારતની તુલના પણ એ દેશોની સાથે કરી શકાય એવુ નથી અહી એવુ દર્શાવવુ નથી કે જર્મનિ અથવા અમેરીકાના અમુક વિદ્વાનો સા થસના યત્નોની સહાયતાથી અને વૈજ્ઞાનિક રીતિએ ખાતરે વગેરેનો ઉપયોગ કરવાથી ખેતીની પેદાશ ઘણી વધારી શકાય છે આપણે તો જે વાત પર વિચાર કરવાનો છે તે એ છે કે ભારતના ખેડુતો પણ શુ એવી રીતની ખેતી કરી શકે છે અથવા જમીન-પૃથ્વીની ઉપજ વધારી શકાય છે ભારત તો સેકડો વર્ષ પાછળ પડી ગયો છે, અને હાલ તો અહીના સર્વ સાધારણ લોકોને એવા પ્રકારની ખેતીનુ કામ શીખતા સદીની સદીઓ વીતી જશે એવી દશા છે

આ વિષય ઉપર પૂર્ણ વિચાર કરતા નથી અને અહીના લોકો કહ્યા કરે છે કે જનસખ્યાનો વધારો અથવા ઘટાડો કરવાથી ભારતનો ઉદ્ધાર થવાનો નથી માત્ર શિક્ષાના પ્રચારથી જ ભારતનો ઉદ્ધાર થશે પણ ખરી મુશ્કેલી તો એજ છે જનસખ્યાનો બેસુમાર વધારો થવાથી ઉચિત શિક્ષાનો પ્રબધ થઇ શકતો નથી સરકારની તીજોરીમા તો પ્રારભિક શિક્ષાનો પણ પ્રબધ કરી શકે એટલુ દ્રવ્ય નથી. આખી પ્રજામા સાધારણ કરોના બોજાથી કચરાઇ મરવુ પડે છે વધારે કર ભરીને શિક્ષા વધારવાની પ્રજામા તાકાત નથી સર્વ-સાધારણ લોકોને પ્રારભિક શિક્ષણ આપી શકાય એટલા વિદ્યાલયો પણ ગાઠનો ખર્ચ કરીને ભારતવાસીઓ ખોલી શકતા નથી, તો પછી

અધિક જનસખ્યા વધારવાથી આકાશમાના ધનનો વરસાદ વરસવાનો છે, તેનાથી સર્વને ઉચિત હિસ્સો આપવાનુ છે કે શુ?

ભારતવાસીઓ બીજા દેશમ જઈ વસે (Im gration) એવું બનવાનું નથી, તેઓને બીજા દેશામા પોતાના અધિકાર મળતા નથી. મજૂરીના દરો પણ વધારી શકાય તેમ નથી જનસખ્યા વધતી જશે તેમ તેમ મજૂરીના દર ઓછા થતા જશે ભારતના અને ચીનાના મજૂરોને આખી દુનિયાના મજુરો કરતા ઓછા દરથી કામ કરવુ પડે છે તેનુ પણ એજ કારણ છે અને જ્યાંને ત્યા એ બન્ને દેશાના મજુરો જઈ જઈને કામ કરે છે આવી રીતે અન્નનો ભાવ પણ ઘટી શકતો નથી જનસખ્યા વધે તેની સાથે સાથે અન્ન વગેરે જેટલી જેટલી વ્યવહારની ચીજો છે તે મોંઘી જ મોંઘી થઈ જશે ઉદાર વિચારવાળા સમષ્ટિવાદીઓ (Socialists)ને પણ માનવુ પડે છે કે જનસખ્યાના બેસુમાર વધારામા સમાનતાનો પ્રચાર અસભવ થઈ પડે છે એ કારણને લીધે બેસુમાર વધારો અટકાવવોજ પડશે આવા પ્રકારના અનેક પ્રશ્ન તો ખુલ્લાજ પ્રશ્ન છે પરતુ જનસખ્યાના વિષયની બે ગભીર શકાઓ છે –

(૧) જનસખ્યાના ઘટાડા ઉપર માત્ર વિચારવાન સજ્જન લોકો જ ધ્યાન આપશે તેનું પરિણામ એ થશે કે વિચારવાન સ્ત્રીપુરૂષોની સતતી ઘટશે અને મૂર્ખોની જેવીને તેવીજ રહેશે મતલબ કે ભલા માણુસોના બાળકોની સખ્યાના કરતા સાધારણ માણુસાના બાળકોની સખ્યા અતિશય વધી જશે અને આવો સમય આવશે ત્યારે દેશના અનેક કાર્યોને માટે સારા માણુસોને બદલે સાધારણ માણુસોમાથી જ ચુટણી કરવી પડશે.

(૨) જનસખ્યાના ઘટાડાને લીધે જીવન સઘર્ષ (struggle for existance) ઓછો થઇ જશે અને તેમ થઇ જવાથી પ્રાકૃતિક વિજય (Natural selection) થી જે લાભ થતો આવ્યો છે તે બધ પડી ગયો છે.

પહેલા પ્રશ્નનો ઉત્તર તો એ છે કે આ વિષય ઉપર ધ્યાન નહી આપવા છતા પણ વિચારવાન પુરૂષોથી સ્વાભાવિક રીતે જ મૂર્ખોને મુકાબલે ઓછા બચ્ચા પેદા થાય છે એમા રોકાણ થવાનો સભવ નથી પરન્તુ સાથે સાથે એવુ પણ બનતુ રહે છે કે પોતાની સ્થિતિનો વિચાર કરીને સતાનોત્પત્તિ કરવાથી બાળકો સુયોગ્ય અને દીર્ઘાયુષ્ય ભોગવી શકે એવા બને છે તથા પોતાના કુટુબ જાતિ અને રાષ્ટ્રનુ ગૌરવ વધારે છે પણ મૂર્ખાઓના અધિક સતાન તો અલ્પ આયુષ્ય જ ભોગવે છે અવશ્ય અધિક બાળકો તો ઉત્પન્ન થાય છે ખરા, પરન્તુ તેમાથી ઘણાખરા નાશ પામે છે અને તેઓની સખ્યા અધિક થઇ શકતી નથી.

બીજા પ્રશ્નનો ભય પણ નકામોજ છે જનસખ્યા ઘટાડવાનો કોઇ એવો આશય નથી કે દેશમા કોઇ રહે નહી માત્ર બિનુમાર વધારાને કમી કરવાની વાત છે આવી રીતે જીવન સઘર્ષ જેવોને તેવોજ ચાલુ રહેશે અથવા તો વધી પણ પડશે પરિણામ એવુ આવશે કે દુકાળ, કાલેરા, પ્લેગ, બાળકોના મરણ વગેરે બધ થઇ જશે. હવે રહી વિવર્ત્તન (Evolution) ની વાત એમા તો પ્રાકૃત્તિક વિચય (Natural Selection) પ્રમાણે પશુ પણ વિવર્ત્તિત થાય છે. અને જો માનવજાતિનું વિવર્ત્તન પ્રાકૃતિક વિષયથી થાય તો પછી મનુષ્ય અને પશુમા ભેદ પણ શો રહ્યો ? માનવજાતિ પોતાનુ ઉત્થાન અથવા વિવર્ત્તન વિવેકી વિચય દ્વારા પ્રાકૃતિક વિચય કરતા કાઇક ત્વરાથી કરી શકે છે હવે જડ પ્રકૃતિના ધોરણ ઉપર પોતાનુ ઉત્થાન રહેવા દેવામા કાઇ લાભ નથી –' Progress is made more rapidly and more economically by rational than by natural selection and that the time has arrived for man to control his own evolution instead of leaving it to the blind forces of nature '

અર્થાત્ સસારમા પ્રકૃતિના નિયમો પ્રમાણે ઘસડાવા કરતા વિવેકથી કામ લેવામા આવે તો શીઘ્ર અને સરળતાથી ઉન્નતિ થઇ

ગકે છે મનુ ન્તતિને માટે હવે એવો સમય આવી પહોચ્યો છે કે તેનાથી 'નૈવેરૂ અવીયસિ' એવા ભરોસા ઉપર ટકી શકવાનુ નથી પરંતુ પોતાના વિવેકથી પ્રકૃતિના નિયમોનો ઉપયોગ કરવાનો છે

છેવટે માટે એટલુ પણ કહી દેવુ જોઈએ કે જનમ ખ્યા આદિ વિષયો ઉપર મે માગ સ્વતંત્ર વિચારો પ્રગટ કરેલા નથી તેમજ બીજી કોઇ ભાષાના પુસ્તકના ભાષાંતર રૂપે આ પુસ્તક રચેલુ નથી લગભગ ૫૦ અથવા તે કરતા પણ વધારે પુસ્તકોનો અભ્યાસ કરીને, અને અનેક વર્તમાનપત્રો તથા માસિકપત્રોનુ અવલોકન કરીને આ પુસ્તકની સામગ્રી એકઠી કરેલી છે તે પુસ્તકોના લખનારાઓ તથા જે   સજ્જનોની કૃપાથી એ પુસ્તકો મને પ્રાપ્ત થયા તે સર્વનો હુ અત્યંત ઋણી છુ ખાસ કરીને બાબુ કેદારનાથ ખડેલાલ બી એ એલ એલ બી નો હુ વિશેષ ઋણી છુ, કારણ કે એમણે મારુ ધ્યાન ઈ સ ૧૯૦૯ મા એ બાબત તરફ આકર્ષિત કર્યું હતુ અને ગુરુ નિનપ્રમાદ ગુપ્તનો પણ તેટલો જ ઋણી છુ, કારણ કે તેમની અસીમ કૃપાથી હુ ઘણા ખરા પુસ્તકોનુ અધ્યયન કરી શક્યો છુ

હિન્દુ સમાજને માટે આ એક બીલકુલ નવો જ વિષય છે, માટે એને પુસ્તકના રૂપમા પ્રકટ કરવા પહેલા મારા દેશબંધુઓની એ બાબતમા સમતિ છે કે નહી તે જાણવાની મને આવશ્યકતા જણાવાથી કાશીના પ્રસિદ્ધ માસિક 'ઇન્દુ' મા એ વિષય ઉપર ૧૮ લેખો 'સતાનશાસ્ત્ર' એવા મથાળાથી (ઑગસ્ટ ઈ સ. ૧૯૧૩ થી જાનેવારી ૧૯૧૫ સુધી) પ્રસિદ્ધ કરાવ્યા તે સિવાય 'મર્યાદા' અને 'જમાના' નામના ઉર્દૂ માસિક પત્રમા પણ કેટલાએક લેખો છપાવ્યા આ લેખોનુ ખડન કરવાની વાત તો કોઇએ કરીજ નહીં, પણ લોકોને તે બહુજ પસદ પડયા અને 'સદ્ધર્મ પ્રચારક' 'ભારતવર્ષ' (બગાળી ભાષાના સર્વોત્તમ માસિક) વગેરે કેટલાએક પત્રોએ ઘણાજ ઉત્તમ ઉત્તમ અભિપ્રાયો જાહેર કર્યા

જનનસંખ્યાનો વિષય સંપત્તિશાસ્ત્રનું એક અંગ છે અને ઘણોજ કઠોર છે. આપણા દેશમાં કાલેજમાં ઉચ્ચ શિક્ષણ ગ્રહણ કરનાર વિદ્યાર્થીઓમાંથી થોડા ઘણા પોલિટિકલ ઇકોનોમિનો વિષય શીખે છે તેઓને એ વિષયના સિદ્ધાંતોનો પરિચય થાય છે. માત્ર સ્વદેશી ભાષા જાણનારાઓને આ વિષયનું જ્ઞાન દુર્લભ છે. તે ખામી દૂર કરવાના વિચારથી પ્રેરાઇને, આ વિષયનું પુસ્તક લખવાની મારી અયોગ્યતા હું સમજતો હોવા છતાં આ પુસ્તક લખવાની મેં ધૃષ્ટતા કરેલી છે. માટે મને એટલો ડરજ નહી પણ ખાત્રી સુદ્ધા છે કે અનેક દોષો અને ભૂલો ઉપરાંત અનેક વાતોમાં લખવું શું જોઇએ અને લખાઇ શું ગયું છે, કારણ કે હિંદી ભાષામાં તો શું પણ અંગ્રેજી ભાષામાં સુદ્ધા ભારતની જનસંખ્યા વિષે કોઇ સર્વાંગપૂર્ણ ઉત્તમ પુસ્તક લખાયલું નથી. મારા જેવો અયોગ્ય લેખક આ વિષય ઉપર પહેલુંજ પુસ્તક લખે અને તેમાં કાંઇ દોષ રહે નહી એ કદી સંભવેજ નહિ. માટે સુયોગ્ય વાચનારાઓને વિનય પૂર્વક પ્રાર્થના એટલી જ છે કે મારી ભૂલો ઉપર ધ્યાન નહી આપતાં માત્ર એ વિષયના જ્ઞાનથી કાંઇ લાભ થતો હોય તે લેવો. જો એક પણ દેશભક્ત સ્ત્રી અથવા પુરૂષના હૃદય ઉપર આ પુસ્તકના સિદ્ધાંતનો પ્રભાવ પડશે અને તેથી દેશનું કાંઇ પણ કલ્યાણ થશે તો હું મારા અનેક વર્ષના પરિશ્રમના ફળ રૂપ આ ત્રુટિપૂર્ણ ગ્રંથની સફળતા થયલી માનીશ.

શિવનંદનસિંહ.

પુસ્તકોની સૂચી.

આ પુસ્તકમાં જનવૃદ્ધિ નિરોધ માટે માત્ર બે જ ઉપાય બતાવ્યા છે. એક માત્ર સર્વોત્તમ સંતાન ઉત્પન્ન કરવાનો અને બીજો બ્રહ્મચર્ય અથવા ઇંદ્રિય-નિરોધ કરવાનો. પણ વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા ધરાવનારની સગવડને માટે એ વિષયો ઉપર પ્રગટ થયલા ઉત્તમોત્તમ પુસ્તકોના થોડાએક નામ નીચે લખ્યા છે.

સંતાન શાસ્ત્ર.

૧ માનવ-સંતતિશાસ્ત્ર લેખક મુન્શી હીરાલાલ ખવિલાસ પ્રેસ બાંકીપુર, કિમ્મત રૂપિયો ૧).

૨ ઉત્તમ-સંતતિ પંડિત જટાશંકર લીલાધર ત્રિવેદી, અમદાવાદ કિમ્મત રૂ ૧॥)

૩ સંતાન કલ્પદ્રુમ લેખક પંડિત રામેશ્વરાનંદજી વૈદ્ય હિન્દી-ગ્રંથ રત્નાકર કાર્યાલય, મુબઇ કિમ્મત રૂ ૧)

અંગ્રેજી

1 Essays on Eugenics, A collection of essays on Eugenics, by sir Francis Galton 1s 6 d

2 Parenthood and Race-culture An outline of Eugenics by C W. Saleeby-Cassel & Co 7 s 6d.

3 The Feeble-minded, A Guide to Study and Practice, by E B. Sherlock Macmillan & Co 8s 6d

4 Inquiries into Human faculty and its Development, by Sir Francis Galton Dent 1s

5 Heredity and Eugenics by Y M Coulter Camdridge University press 10 s.

6 Heredity in Relation to Eugenics, by Charles Benedict Devenport-William & Norgate 8s. 6d

7 The Health of the State, by Sir George Newman Headly. 1 s.

8 The methods & scope of Genetic by William Bateson

9 The Dependent, Defective, and Delinquent classes, by C R. Handerson- Harrap 7 s 6 d

10 Woman and Womanhood, A search for Principles by C W Saleeby–Heinemann 10 s

11 Report of the Inter Departmental Committee on Physical Deterioration, by Government Publication 1 s, 3 d.

12 Disease of Occupation by Sir Thomas Oliver-- Methuen 10 s. 6 d.

13. The Bitter Cry of the Children by John Spargo Macmillan 6 s 6 d,

14 the Elements of Child-Protection by Sigmund Engle. Allen & Unwin 15 s.

15 Studies of Child by James Sully–Longmans 12s 6 d.

16 The Physiology of childhood, by Fredrick Tracy - Harrap

17 The Children of the Nation by Sir John E Gast–Methuen 7 s. 6 d

18 Wastage of Child life by J Johnston A. C F. field 6. s

19- Child life & labour by Margaret–Alden-Hedly Bros 1 s

20. Problems of Boy Life, Edited by J H Whitehouse - P. S. King 1' s 6d.

21 Infant mortality by Sir George Newman Methuen 7 s 6 d

22 The Town Child by Reginald A Bray Fisher Unwin 3 s 6 d

23 Infant Mortality by H T Ashley Cambridge University Press 10s 6d

24 The Right of the Child to be Well-Born by George E Dawson - Funk & Wagnals 3 s

25 The Task of Social Hygiene by Havelock Ellis - Constable 8 s 9 d

બ્રહ્મચર્ય.

હિન્દી, ઉર્દૂ

૧ બ્રહ્મચર્યાશ્રમ (ઉર્દૂ) ભારતલિટરરી કંપની લાહોર

૨ બ્રહ્મચર્યસેવા બાલકોકે લિયે

૩ નવજીવન-વિદ્યા પુસ્તકભંડાર લાહોર

૪ સત્યાર્થ પ્રકાશ, સુશ્રુત, ચરક, અને મનુસ્મૃતિ વગેરે ગ્રંથોમા પણ આ વિષય ઉપર ઘણુ ઘણુ લખેલુ છે

અંગ્રેજી.

1 What a young boy ought to know

2 What a young girl ought to know

3 Science of New life by Cowen.

4 The Sexual Question by Torell

5 Lectures to young men by Graham

6 Sexual Physiology by Dr Trall

7 Dr. Stall's Books - Sex Series.

8 The Sexual Life in our modern condition.

ધર્મ-નીતિ-નિબંધનાં પુસ્તકો.

૩-૮-૦ **હિન્દુધર્મની પાઠમાળા**—સર્વ ધર્મીઓને ઉપયોગી.
૧-૮-૦ **ગીતા પરિચય**—સૂ. લે. બાબુ રામદયાલ, એમ. એ.
૧-૪-૦ **પ્રભુભક્તિ**—લેખક સ્વામી યોગાનન્દ-બ્રહ્મચારી
૦-૧૦-૦ **સોક્રેટીસ** અને તેના છેલ્લા બે સંવાદ
૦-૮-૦ **ઈસુનું અનુકરણ**—ઇસુના સર્વમાન્ય નીતિસૂત્રો
૦-૬-૦ **બુદ્ધ, ધર્મ અને સંઘ**—બૌદ્ધ ધર્મની ટુંકામાં માહિતી
૨-૦-૦ **જર્મનિની ઉન્નતિ શાથી થઇ?** સર્વેને ઉપયોગી માહીતી
૧-૮-૦ **સુખશાન્તિ વિચારણા** (લેખકના ગ્રંથના આધારે)
૧-૦-૦ **જોસફ મેઝીનીના લેખો**—માનવી કર્તવ્યો
૧-૦-૦ **શિક્ષાનો આદર્શ**—ડો. રવીન્દ્રનાથ ટાગોર કૃત
૧-૦-૦ **કરકસર—પૈસા કેમ કમાવા?**—ડો. સ્માઇલ કૃત
૦-૮-૦ **મેટરલીંકના નિબંધો** ર. ધનસુખલાલ કે. મહેતા કૃત
૦-૮-૦ **બાલ ગીતા**—પૂર્વાર્ધ-બાળકો માટે પહેલેથી નવ અધ્યાય
૦-૮-૦ **જાદુઇ બાગ**—ભાગ ૧ લો. બાળકો માટે સરસ વાર્તા.
૧-૮-૦ **જીવન સુધારાના સન્માર્ગ**—બે ભાગમાં ૫૪ નિબંધો.
૩-૦-૦ **તત્વચિંતન**—નિત્યપાઠ નિદ્રાપત્રી—જેમ્સ એલનકૃત
૦-૮-૦ **પશુમાંથી દેવ.** ૦-૮-૦ **સ્વર્ગની સામગ્રી.**
૦-૮-૦ **વિજય ધ્વજ.** ૧-૮-૦ **રણજીતરામના નિબંધો.**
૦-૮-૦ **માનવ વિચાર અને તેની શક્તિઓ.**
૨-૦-૦ **લેખો અને ભાષણો**—દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇના
૪-૦-૦ **આપણો ધર્મ.** ૧-૪-૦ **ધર્મવર્ણન**
૦-૮-૦ **બાળ ઉછેર**—બાળરક્ષણ
૧-૪-૦ **ગોખલેનાં વ્યાખ્યાન** ભાગ ૧ તથા ૨
૦-૬-૦ **શ્રીકૃષ્ણજીવન**
૨-૦-૦ **યુરોપનો પ્રવાસ**—ઘણા ચિત્રો સાથે
૦-૧૦-૦ **આરોગ્ય દર્પણ** ૧-૪-૦ **અમૂટ જીવનદોરી**
૦-૮-૦ **મુક્તધારા**—ડૉ. ટાગોરકૃત

ગીતાપરિચય.

મૂળ લેખક—બાબુ રામદયાળ મજમુદાર, એમ. એ.

ડેમી આઠ પેજી ૨૦૦ પૃષ્ટનો મનનીય ધર્મગ્રંથ સર્વ મતાનુયાયીઓને ઉપયોગી આ પુસ્તકના નીચે પ્રમાણે ૧૦ પ્રકરણો છે –

પ્ર૦ ૧ લુ–ગીતાનો આદર પ્ર૦. ૨ જુ–ગીતાનુ સ્થાન, કાળ ને પાત્ર. પ્ર૦ ૩ જુ–ગીતાનું વિશેષપણુ પ્ર૦ ૪ થુ–ગીતામા શક્તિનો પ્રચાર પ્ર૦ ૫ મુ–ગીતાનો સ્થૂલ પાશ્ચાર પ્ર૦ ૬ ઠ્ઠુ–ગીતાનો રક્ષામંત્ર પ્ર૦ ૭ મુ–ગીતાનો લક્ષ્યસકેત પ્ર૦ ૮ મુ–ગીતાનો કર્મ સકેત પ્ર૦ ૯ મુ–ગીતામા જગતનો સપૂર્ણ ધર્મ છે પ્ર૦ ૧૦ મુ–ગીતોક્ત ધર્મનુ પ્રાચીનત્વ

કાશીથી પરમહંસ સ્વામી શ્રી પ્રણવાનંદજી લખે છે કે, "રામ ! તમારી ગીતા મે વાચી તમે ગીતારૂપી જે મહાનિધિ અમોને આપો છો તે અપૂર્વ છે પૂજ્યપાદ આચાર્યોના રચેલા જેટલા ભાષ્ય અને જેટલી ટીકાઓ જોવામા આવેલ છે તે સર્વે કરતા તમારી આ ટીકા મને વધારે પસદ પડી છે **તમારી ગીતા જેવી સરલ છે, તેવીજ ચિત્તને આકર્ષણ કરનારી છે. તે એક રીતે ગુરૂ સમાન છે.** " આવા સેકડો અભિપ્રાયો આ પુસ્તક માટે મળેલા છે **કિંમત રૂ. દોઢ**

સુખશાંતિ–વિચારણા.

સુપ્રસિદ્ધ અગ્રેજ લેખક સર જ્હોન લબ્બકના એક પુસ્તકના આધારે પણ ઘણા ફેરફાર સાથે તૈયાર કરેલુ આ પુસ્તક છે આમા સામાજીક સુખની અભિવૃદ્ધિના નીચેના વિષયોનો વિચાર દાખલા દલીલો તથા આપણા **હિંદુ ધર્મના** શાસ્ત્રીય પ્રમાણો સાથે કર્યો છે—

પ્ર૦ ૧ લુ સુખ ૨ જુ મન ૩ જુ અભિલાષા ૪ થુ સતોષ ૫ મુ વિપત્તિ ૬ ઠ્ઠુ ઔદાર્ય. ૭ મુ મિત્ર અને શત્રુ ૮ મુ ધન. ૯ મુ વિવેકબુદ્ધિ અને ૧૦ મુ શાન્તિ

કિંમત રૂા. ૧–૮–૦ ઈનામ લાયબ્રેરી માટે મંજુર થયું છે.

ધમ પાળ.

(બુદ્ધ સમયની ઐતિહાસિક નવલકથા) ગુજરાતી સાહિત્યમા પ્રાચીન ભારતવર્ષની જાહોજલાલીનુ દિગ્દર્શન કરાવનાર ઐતિહાસિક નવલકથાઓ માત્ર આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલીજ છે પ્રસ્તુત નવલકથા ભારતવર્ષના પ્રાચિન ઇતિહાસના આધારે ત ા બૌદ્ધ સમયને અનુસરીને લખવામા આવેલી હોવાથી તેની વસ્તુસકલના અત્યત રસમય હોવા ઉપરાત તદ્દન નિર્દોષ છે કિમત રૂ. ૨—૮—૦

ગુલામી વહેપાર

દાસત્વપ્રથા–દુખદર્શન (બે ભાગમાં પુરી)

આફ્રિકામાથી કાફ્રી–સીદી લોકોને લાલચ આપીને અથવ બળાત્કારે અમેરિકા લઇ આવી તેઓને બકરા અને મેઢાની માફક વેચી દેવામા આવતા હતા ત્યા ગુલામો ઉપર કેવા કેવા ભયાનક અત્યાચાર કરવામા આવતા હતા, તે સાભળતા જ પત્થર જેવુ હૃદય પણ પિગળી જાય ગુલામોના માલિકો પ્રાણ લેતા તો પણ ત્યાની રૂએ નઓ ન (ક્ષ કરવામ આવતી નહોતી ગુલામો ઉપર ગુજરતા આવા ભયંકર અત્યાચાર જોઇને મિસીસ એચ બી સ્ટો નામની એક અમેરીકન વિદુષીએ લોકો ગુલામગીરીનુ ખરૂ સ્વરૂપ જાણી શકે તે માટે ' અન્કલ ટોમ્સ કૅબીન' નામનો એક સર્વોત્કૃષ્ટ ગ્રથ નોવેલ રૂપે લખ્યો છે આ પુસ્તકમા વર્ણવેલી સર્વ બાબતો સાચી છે કેટલીક તો એ વિદુષાબાઇએ પોતાની આખોથી જોયેલી છે આવી જગપ્રસિદ્ધ લોકપ્રિય તથા ઐતિહાસિક સત્ય બનાવોથી ભરપુર નવલકથા અવશ્ય વાંચવા લાયક છે. બન્ને ભાગની કિમત રૂ. ૩—૦—૦ પાકુ સોનેરી નામનું પૂઠું છે

એડીસનનુ જીવનચરિત્ર

વીજળીના દીવા, તાર, ફોનોગ્રાફ, સીનેમેટોગ્રાફ, વગેરે સેકડો શોધોના મહાન શોધક એડીસનનુ નામ જગજાહેર છતા તેના જીવનને લગતી અદ્ભુત વાર્તા ગુજરાતમા છેકજ અજાણી છે આ પુસ્તક એ મહાપુરૂષે જાતે તપાસીને પસંદ કરી તેમાની બાબતોની સત્યના માટે પોતે સર્ટીફીકેટ લખી આપ્યુ છે આ એક જીવનચરિત્ર છતા અદ્ભુત નવલકથા જેવુ જ લાગે છે પૃષ્ટ ૫૦ સોનેરી નામ વાળુ પાકુ પુઠુ અને બે છબીઓ છે કીંમત રૂા. ૨

देश-दर्शन.

પ્રથમ ખંડ.

પહેલો પરિચ્છેદ.

વિષયપ્રવેશ.

"The production of wealth is but a means to the sustenance of man, to the satisfaction of his wants and to the development of his activities, physical, mental and moral. But man himself is the chief means of the production of that wealth of which he is the ultimate aim."

MARSHALL.

દ્રવ્ય-સંપત્તિની ઉત્પત્તિજ મનુષ્યના પોષણ, તેની આવશ્યકતાઓની તૃપ્તિ અને તેની શારીરિક, માનસિક તથા નૈતિક શક્તિનું એક સાધન છે. પરંતુ જે સંપત્તિ આખર મનુષ્યનાજ કામમાં આવવાની છે તેને ઉત્પન્ન કરવાનું મુખ્ય સાધન પણ મનુષ્ય પોતેજ છે.

—માર્શલ.

જરૂરિયાત એજ આ સંસારનો મૂળ મંત્ર છે. કીટ પતંગ પશુ, પક્ષી અને મનુષ્ય એ સઘળા પોતપોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે મંડયા રહે છે. પ્રત્યક્ષ કાર્ય અને ઉત્પત્તિનું મૂળ કારણ જ આવશ્યકતા છે. સમયની આવશ્યકતામાંથી નિવૃત્તિ મેળવવા માટે આપણે કાર્યક્ષેત્રમાં ઉતરી પડીએ છીએ. આપણી જરૂરિયાત પ્રમાણે વાપરવા માટે આપણે પદાર્થો તૈયાર કરીએ છીએ. નર-નારીઓની આવશ્યકતા અધિક અંશે પૂર્ણ થાય તેટલા માટે વિદ્યમાન પદાર્થોની ઉપયોગિતા હરકોઈ પ્રકારે વધારવામાં આવે છે. બાળક અને વૃદ્ધ, જ્ઞાની અને મૂર્ખ, રાય અને રંક—એમાંના કોઈને પણ કાંઈ આવશ્યકતા નહી હોય એવું નથી—શારીરિક, માનસિક આત્મિક, સામાજીક અથવા રાજનૈતિક આવશ્યકતાની પૂર્તિમાં સર્વ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી લાગી રહે છે.

એ આવશ્યકતાની પૂર્તિ કરવાના અનેક સાધનો છે. તેમાં સંપત્તિ પ્રધાન છે. સંપત્તિ વગર સંસારમાં રહેવાનું અને કાળક્ષેપ કરવાનું સંભવિતજ નથી. મોટા મોટા મહાત્માઓ, રાજેશ્વરો, વિદ્વાનો અને વૈજ્ઞાનિકોને પણ દ્રવ્યવાનોનો આશ્રય લેવો પડે છે. થોડી ઘણી સંપત્તિ વગર કોઈપણ પ્રકારે કામ ચાલી શકતું નથી. મનુષ્યના સંપત્તિ સાથે ગાઢો સંબંધ છે. મનુષ્યની ઉન્નતિ—વ્યક્તિગત, સામાજીક, રાષ્ટ્રીય—સંપત્તિના ઉચિત પ્રયોગ વડે નિર્માણ થાય છે. તેવીજ રીતે સંપત્તિની ઉત્પત્તિ પણ મનુષ્યની ઉત્તમતા—શારીરિક, માનસિક અને નૈતિક (moral)—વડે નિર્માણ થાય છે. જેનામાં જેટલી યોગ્યતા હોય તેટલી સંપત્તિ તે પ્રાપ્ત કરી શકે છે. અયોગ્ય પોતાનું સ્થાન યોગ્યને એકદમ આપી દે છે. સુયોગ્ય અયોગ્યના કરતા અધિક સંપત્તિ સંચય કરીને પ્રતિદિન ઉન્નતિ કરતા જાય છે અને અયોગ્ય સંપત્તિહીન થઈને અવનતિના ઉંડા ખાડામાં પડતા જાય છે. સુયોગ્ય સંપત્તિવાન અને શ્રીમાન બને છે, અને અયોગ્ય ક્ષીણ તથા હીન થઈ મરી ફીટે છે. અથવા બીજી રીતે કહીએ તો અધિક સંપત્તિવાન અધિક સુયોગ્ય બની શકે છે. સંપત્તિવાન જીવતા રહે છે અને સંપત્તિહીન મરી રહ્યા છે.

ભિન્ન ભિન્ન જાતિ અથવા દેશના મનુષ્યમાં બહુ ભેદ છે. તેની શારીરિક અને માનસિક અવસ્થામાં પણ ભિન્નતા રહે છે. એજ કારણથી જુદી જુદી જાતિઓના મનુષ્યની ઉત્પાદકશક્તિમાં પણ તફાવત રહે છે. **ચીન** અને **ભારત**ની જનસંખ્યા અમેરિકાના સઘળા દેશો કરતા વધારે છે, પણ સમસ્ત સંસારમાં એ બે દેશોના કરતાં અધિક સંપત્તિહીન દેશ અન્ય કોઈ પણ જોવામાં આવતો નથી. એ ઉપરથી જોવાનું એ છે કે સંપત્તિની ઉત્પત્તિ કરવા માટે મનુષ્યમાં ક્યા ક્યા ગુણ હોવા જોઈએ.

સંસારના સઘળા કામો કરવા માટે શ્રમની આવશ્યકતા છે. શ્રમ કીધા વગર કોઈ પણ નાનું અથવા મોટું કામ પાર પડી શકતું નથી. શારીરિક, માનસિક અથવા નૈતિક બળ પ્રમાણે મનુષ્યનામાં ન્યૂનાધિક શ્રમશક્તિ અથવા કાર્યશક્તિ હોય છે. જે શ્રમ કરનારાના શરીર પુષ્ટ હોય છે, જેના જ્ઞાન તંતુઓની રચના સુઘટિત હોય છે, જેમાં બળ, પુરુષાર્થ, સાહસ અને ઉમંગ હોય છે તેઓ અધિક સારી રીતે કાર્ય કરી શકે છે. જેઓમાં એ ગુણો નથી હોતા અથવા જે શ્રમ કરનારાઓમાં એ ગુણો ઓછા હોય છે તેઓ સારી રીતે કાર્ય કરી શકતા નથી. ડચ લોકો **અમેરિકન** કરતા, **અમેરિકન અંગ્રેજ**ના કરતા, **અંગ્રેજ ફ્રેંચ**ના કરતા, **ફ્રેંચ રૂશિયન**ના કરતા અને **રૂશિયનો ભારત**વાસી શ્રમ કરનારા કરતા અધિક કામ કરી શકે છે તેનું આજ કારણ છે. **બંગાળી**ના કરતા **હિંદુસ્તાની**, **હિંદુસ્તાની**ના કરતા **પંજાબી**, **પંજાબી**ના કરતા **જાટ**, **જાટ**ના કરતા **રાજપૂત** અને **રાજપૂત**ના કરતા **પેશાવરી** શ્રમ કરનારાઓ વધારે કામ કરી શકે છે.

માનનીય **મેકડોનલ્ડ**ના કહેવા પ્રમાણે **અમેરિકા**ના એક શ્રમી* ૫ ટન, ઇંગ્લાંડનો ૨½ ટન, અને **ભારત**નો ½ ટન કોયલા એક દિવસમાં સરાસરી ખોદી કાઢે છે. એટલે એક **અમેરિકન** શ્રમી ૧૦ **ભારતીય**

---

* શ્રમી એટલે કુલી સમજવા નહીં, હરેક પ્રકારના નાના અથવા મોટા કામ કરનાર નરનારીઓને શ્રમી સમજવા જોઈએ.

શ્રમીની બરાબર છે અને એક અંગ્રેજ શ્રમી ૨ ભારતીય શ્રમીઓની બરાબર છે +

એક ૩૦૦ રૂપિયાની કીમતનું ઘડીઆળ [illegible] ૮ મન બરાબર આપ્યા કરે છે અને ૫૦–૬૦ વર્ષ સુધી ઘડીઆળ દુરસ્ત કરનારની દુકાન દેખતું નથી પણ તેના તેજ કારખાનાનું [illegible] રૂપિયાવાળું ઘડીઆળ દર અઠવાડીએ કલાક અથવા કલાક ([illegible]) મોડું વહેલું ચાલે છે અને વર્ષ બે વર્ષમાં નકામું થઇ [illegible] એ છે, કે મોંઘા ઘડીઆળના મોંઘા ભાગ [illegible] અને મહેનત [illegible] બનાવેલા હોય છે, અને સસ્તા ઘડીઆળમાં સાધારણ [illegible] સામાન વાપરેલો હોય છે જે શ્રમીનો જન્મ [illegible] અને ઉત્તમ કુળવાળી જાતિમાં (Influence of race) થાય [illegible] અને જેના અભ્યાસની પરિપૂર્ણતા કરવામાં આવે છે તે વધારે [illegible] બને છે (Efficiency of labour) અને તેનામાં કામશક્તિ પણ અધિક હોય છે, તેમજ તે લાંબી મુદત સુધી કામ કરી શકે છે. આપ જાણો છો કે મોટી લાઇનના (બી બી એન્ડ સી આઇ [illegible]) [illegible] નાની લાઇનના (આર એમ આર) [illegible] હોય છે અને ઘણી ગાડીઓ ખેંચી જાય છે પણ મોટા [illegible] ચલાવવા માટે કોલસા અને પાણી પણ વધારે જોઇએ. તેવીજ રીતે [illegible] જાતિના શ્રમીઓને જેટલો ખોરાક અને પૌષ્ટિક ખાનપાન [illegible]

+ શ્રમના માપન માટે આપણે જાણવું જોઇએ કે [illegible] શ્રમી દરરોજ કેટલા કલાક, વરસમાં કેટલા દિવસ, અને પોતાની ઉમરમાં કેટલા વર્ષ સુધી કામ કરી શકે અને કેટલું કામ પૂરું કરી શકે. ભિન્ન ભિન્ન દેશના શ્રમીઓની કાર્યશક્તિનું અનુમાન કરવા માટે [illegible], એકજ પ્રકારના ઓજારથી થતું [illegible] ખાણમાંથી [illegible] કાઢવાના કામથી શ્રમીઓના શ્રમના બરાબર [illegible] મળી શકે [illegible] ૧ શ્રમનો મુકાબલો કરી [illegible] ૨ [illegible]

તે પ્રમાણે તેઓનામાં અધિક કર્મશક્તિ પેદા થાય છે કયા પ્રકારના શ્રમને કયા કયા પદાર્થ ખાવા જોઈએ તેના વિચારથી પણ અધિક કાર્યશક્તિ ઉત્પન્ન થાય છે ચતુર અને કાર્યકુશળ સ્ત્રીઓ વિજ્ઞાનની સહાયતા વડે બહુ થોડા ખર્ચ કરીને પોતાના પરિવારના ખાનપાનનો ઉત્તમ પ્રબંધ કરી શકે છે પણ મૂર્ખ સ્ત્રીઓ પાચન કરવાની શક્તિ કરતા વધારે ભારે અને નુકસાન કરે તેવી ચટાકેદાર ચીજો બનાવે છે અને સમય તથા ઋતુ તરફ આંખમીંચામણા કરીને લાડ તેમજ અયોગ્ય [illegible] થઈ પોતાના કુટુંબમાં બિમારી પેદા કરે છે આથી શારીરિક બળ ઘટી જાય છે અને શ્રમી ઉચિત પ્રમાણમાં કામ કરી શકતા નથી હવે બાકી રહ્યા તે અભાગીઆઓને તો ઋતુને અનુકૂળ વસ્ત્ર કે પેટભર અન્ન મળવાનાજ સાંસા પડે છે એટલે તેઓ કેટલું કામ કરી શકે તે બતાવવાની જરૂરજ રહેતી નથી

શારીરિક બળની રક્ષા કરવા માટે ભોજન અને વસ્ત્રની જેવી આવશ્યકતા છે તેવીજ આવશ્યકતા વિશ્રામની પણ છે આખો દિવસ કઠણ પરિશ્રમ કરવા પછી જો શ્રમીઓને પૂરેપૂરો આરામ ન મળે તો તેઓ બીજે દિવસે કામ કરવામાં અસમર્થ નિવડે છે તેટલા માટે લોકોના રહેવાના મકાનો બરાબર સગવડવાળા હોવા જોઈએ મકાનના દરેક ઓરડામાં પ્રકાશ અને વાયુ આવવાની સુગમતા જોઈએ, ભોયતળીઉં અને દિવાલો ભેજ વગરના રહે એવા જોઈએ, મોરીઓ અને ગટરો વગેરે સાફ રહેવી જોઈએ અને આખું ગામ શુદ્ધ અને પવિત્ર દેખાવવાળું હોવું જોઈએ જે દેશોમાં શ્રમીઓના આરામને માટે સારો પ્રબંધ હોય છે મનોરંજનને માટે પુસ્તકાલયો નાટકશાળાઓ, અને હરવાફરવાની જગાઓ હોય છે વિશ્રામને માટે પાકા મકાનો સ્વચ્છ પ્રકાશ અને પુષ્કળ હવા આવે એવા હોય છે, જ્યાં ઠેકઠેકાણે પાર્ક અને મનોહર બાગ-બગીચા બનાવી રાખેલા હોય છે, એવા ઠેકાણાના શ્રમીઓની કર્મશક્તિ અત્યંત વધારે હોય છે આવા સાધન–સગવડ વાળા શ્રમીઓ અને એવા સાધન–સગવડ વગરના શ્રમીઓમાં આસમાન

અને જમીનના જેટલું અન્ન હોય છે એવા ભાગ્યશાળી શ્રમીઓ પેલા સુખસૌભાગ્ય રહિત શ્રમીઓના કરતાં ૧૦ અથવા ૨૦ ગણું અધિક કામ કરે છે

આ સંસારમાં સ્વાર્થનું રાજ્ય છે જેટલા પ્રમાણમાં પોતાનું હિત સધાતું હોય તેટલાજ પ્રમાણમાં બીજાનું કામ કરવાની ચાહના રહે છે જે કામમાં પોતાની ઉન્નતિ અને લાભની આશા હોય છે તે કામ મન લગાડીને લોકો કરે છે અન્યથા તો વેઠજ ઉતારવામાં આવે છે મિસ્ટર આર્થરનું કહેવું સાચુંજ છે કે જો કોઈને પડતર ભાગ વાળી જમીન અર્પણ કરી દેવામાં આવે, અર્થાત્ તેને તે જમીનનો માલિક બનાવવામાં આવે તો [illegible] સમય તેમાં સુંદર બાગ બની જાય છે—'Magic of property turns sand into gold' શ્રમીને જો એવો ભય હોય કે અધિક કામ કરવાથી તેને કાંઈ લાભ મળવાનો નથી, અધિક ઉપજ થાય તેમાં તેનો ભાગ પડવાનો નથી, તેની મહેનતથી ઉપજેલી વસ્તુ અથવા ધનમાં તેને કાંઈ પણ હક નથી, તો એવી અવસ્થામાં તે પોતાનું તન મન ધન અર્પણ કરીને અધિક ઉત્પત્તિ કરે પણ શા માટે? પ્રત્યેક શ્રમીને પોતાના શ્રમથી ઉત્પન્ન કરેલા દ્રવ્યનું પૂરેપૂરું ફળ ન મળે તો તેનો ઉત્સાહ મંદ પડી જાય છે તે આળસુ બની જાય છે અને ઉત્પાદક શક્તિનો નાશ થાય છે વળી જે કામને શ્રમી પોતાનું ગણીને કરે છે જે કામ કરવામાં તે પોતાની ઉન્નતિ દેખે છે જે કામથી અધિક ઉપજ થાય તેનું પોતાને અધિક ફળ મળવાની આશા રહે છે તે કામ નિરાશ શ્રમીઓના કરતાં કાંઈક વધારે પ્રમાણમાં થાય છે અર્થાત્ ઉન્નતિ અથવા લાભની આશા હોય ત્યારે શ્રમીઓની કાર્યશક્તિ વધે છે

રાજ્યના કાયદા અને જાતીય રીતરિવાજોનો પણ ઉત્પત્તિ ઉપર બહુ જબરો પ્રભાવ પડે છે જે દેશના અભાગી નિવાસી વિદેશી રાજ્યની ઝુંસરી તળે દબાયેલા હોય છે જ્યાંના રાજા પ્રજાને પરતંત્ર રાખે છે, જ્યાંના આવક અને ખર્ચની બાબતમાં પ્રજાજન [illegible]

અપાયતી નથી, જ્યા ન્યાત જાત અને છૂતછાત આદિ અનેક સામા જીક બધનો હોય છે, તે દેશના શ્રમીઓ સ્વતત્ર દેશ અને સમાજ-વાળા શ્રમીઓનો મુકાબલો કરી શકતા નથી સ્વતત્રતા અને પરિવર્તન એ બે મોટા કારણોને લીધે નવી વસાયતવાળા (Colony) પોતાની માતૃભૂમિના કરતા સઘળી બાબતોમા વધી જાય છે અમેરિકા પ્રત્યેક બાબતમા આગળ વધવાનુ કારણ પરિવર્તન અને સ્વતત્રતા છે ત્યાના શ્રમીઓમા શારીરિક બળ અને બુદ્ધિ વિશેષ હોવાનુ કારણ ઉત્સાહ અને માનસિક આનદ છે

જ્યારે એક બાળક સસારમા જન્મ લે છે ત્યારે તે પૈતૃક અને સામાજીક સસ્કારો સાથે લાવે છે પરતુ તે અયોગ્યતા અને અવિદ્યા વગેરેનો ભડાર હોય છે તેની આવી દુરવસ્થામાથી તેને મુક્ત કરવામા માતા, પિતા ગુરુ પુરોહિત અને શિક્ષક ભાગ લે છે જે મનુષ્યને પોતાની અનેક શક્તિઓ ખીલવવાનો જેટલો જેટલો સુઅવસર પ્રાપ્ત થાય છે તેટલોજ તે કાર્યકુશળ બને છે, અને પોતાના કુટુબ, જાતિ અને દેશની સેવા કરે છે શિક્ષણના પ્રચારને લીધે વિદ્યમાન પદાર્થની ઉપયોગીતા વધે છે, નરનારીઓના ઉપયોગો માટે અધિક લાભકારી વસ્તુઓ બને છે, અર્થાત્ શિક્ષણ વડે સપત્તિની ઉત્પત્તિમા વૃદ્ધિ થાય છે

રેલવે, તાર, આગબોટ, છાપખાના આદિ શોધખોળો કેવળ પદાર્થો-ના રૂપાતર છે અસલથી વિદ્યમાન નહી હોય એવી કોઈ પણ વસ્તુ સસારમા ઉત્પન્ન થઈ શકતી નથી, અભાવમાથી ભાવ અને ભાવમા-થી અભાવ થઇ શકતો નથી અર્થાત નથી કોઈ પદાર્થની ઉત્પત્તિ થતી અને નથી થતો કોઈ પદાર્થનો નાશ બન્ને અવસ્થામા એકમાત્ર રૂપનુ પરિવર્ત્તન થાય છે મનુષ્ય પોતાની બુદ્ધિ અનુસાર વિદ્યમાન પદાર્થોમા પરિવર્ત્તન કરીને તેની ઉપયોગિતા વધારી લે છે

જે વસ્ત્ર આપણે પહેરીએ છીએ અથવા જે પદાર્થનુ આપણે પાન કરીએ છીએ તે કેટલાએ મનુષ્યના પ્રયત્ન વડે ઉત્પન્ન થાય છે પૃથ્વી પ્રકૃતિ પૂજી શ્રમ, વ્યવસાય આદિ અનેક સાધનોથી તેની

ઉત્પત્તિ થાય છે અને મનુષ્યની બુદ્ધિ તથા શારીરિક બળ વગેરે શક્તિઓનો ઉપયોગ થાય ત્યારે વસ્ત્ર અને ભોજન પ્રાપ્ત થાય છે કોઈપણ વસ્તુની ઉત્પત્તિમાં વધારો કરવા માટે નવા નવા હુન્નરની શિક્ષાની આવશ્યકતા રહે છે ખેડૂત શિલ્પકાર વેપારી રાજનીતિજ્ઞ પંડિત વૈજ્ઞાનિક વગેરે સર્વના પરસ્પર સંબંધ રહેલા છે અને એ સર્વે સંપત્તિની ઉત્પત્તિ વૃદ્ધિ તથા રક્ષા માટે અવશ્યક સાધનો છે જે દેશમાં જેટલા વિદ્યાના પ્રચાર હોય છે જ્યાં જેટલાં વ્યાપારિક, વ્યવસાયિક રસાયનિક રાજનીતિ, ખનીજ કૃષિ આદિ અનેક વિદ્યાઓનુ જ્ઞાન આપવામા આવતુ હોય છે તેટલાજ ત્યાંના તે જ્ઞાન શ્રમીઓ કાર્યકુશળ નિવડે છે અને નવી નવી શોધખોળોથી પોતાના દેશની ઉન્નતિ કરે છે જે અભાગીઆ દેશમા વિદ્યાનો અભાવ હોય છે ત્યાંના શ્રમીઓની કાર્યશક્તિ સ્વાભાવિક રીતેજ કમી હોય છે **विद्या विहिन पशु** । જેનામા વિદ્યા નથી તેનો આ સંસારમા ભૂમિ ઉપર નકામો ભાર છે અને મનુષ્યના રૂપમા તે પશુઓનુ કામ કરે છે સુશિક્ષિત દેશના યોગ્ય શ્રમીઓ અશિક્ષિત દેશના પશુ-સમાન છતી દુર્ગતિ સ્થિતિમા ભોગવી રહે છે વિદ્વાન શ્રમી સંપત્તિવાન બનીને ઉન્નતિ કરે છે જેથી ઉન્નત થાય છે અને મૂર્ખ શ્રમી દરિદ્રાવસ્થામા પડી મરી ફીટે છે

સાધન એ છે કે અન્ય નીતિઓ સન્મુખ ઉભા રહેવા માટે સંસારમા પોતાનુ અસ્તિત્વ સ્થિર રાખવા માટે મનુષ્યમાત્ર મનુષ્યના શુભ ભાવના જેટલો સર્વ અને બળવાન મનુષ્યને લાભ નથી કરવા પણ તેટલી હાની પહોંચાડે છે અને આરોગ્ય બનવા માટે પૈતૃક તથા સામાજિક સંસ્કારની શુદ્ધતા આચરણ અથવા ચારિત્રની પવિત્રતા નિર્મળ જળ શુદ્ધ વાયુ પુષ્ટિદાયક ભોજન, સ્વચ્છ હવાદાર રહેવાના ઘર ઇંદ્રિયનિગ્રહ વ્યાયામની આવશ્યકતા અને ઉત્તમ ચિકિત્સા શાસ્ત્રનુ જ્ઞાન, સર્વ પ્રકારની વિદ્યા અને સર્વોપરી સ્વતંત્રતાની પરમ આવશ્યકતા છે

સભ્ય જગતના વિદ્વાન ઉપરથી માલમ પડે છે, કે સમય ધનધાન્યની આવશ્યકતા અનુસાર મનુષ્યની સંતાનોત્પત્તિમાં ન્યૂનતા કે

અધિકતા કરી પડે છે (The growth of numbers among animals is governed by present conditions, among men it is affected by the traditions of the past and forecast of the future'–Marshall) **ભારતવર્ષ** સેંકડો વર્ષથી પરાધીન છે તે પોતાની પ્રાચીન સભ્યતા, શાસ્ત્રો આદિ ભૂલીને અનેક દોષો અને કુરિવાજોના પાપમાં પૂરી રીતે ફસાઈ ગયો છે વખતનો વિચાર કરીને અથવા સમયને ઓળખીને સભ્ય સંસારની જોડાજોડ ચાલવાનું **ભારતને** માટે અસંભવિત થઈ પડ્યું છે એ પાપની જાળમાંથી છૂટવાનો કોઈ પણ ઇલાજ સૂઝતો નથી

ભારતમાં દરિદ્રતાની કોઈ સીમા નથી કાળ-દુકાળ નિરંતર પડ્યા જ કરે છે વિદ્યા વિષયમાં ઉન્નતિ થઈ શકતી નથી, સાર્વજનિક પ્રાથમિક શિક્ષણને માટે પુરતું દ્રવ્ય નથી મદ્યપાન અને વ્યભિચાર વધતો જાય છે લગ્નના બાબતમાં અહીંના લોક કોઈ પણ વિચાર વિવેક રાખ્યા વગર આંખો મીંચીને સંતાનોત્પત્તિ કર્યાજ જાય છે તેનું નિશ્ચિત પરિણામ પ્રથમ તો મૃત્યુની અધિકતા અને પછીથી આ જાતિનું પૃથ્વીમાંથી જડમૂળથી નાશ પામવાનું છે આવી ઘોર વિપત્તિમાંથી કેવી રીતે છૂટકારો થઈ શકે, એ બાબતમાં વિદ્વાનોની શી સંમતિ છે પ્રકૃતિના નિયમ શું છે, વગેરે બાબતોનો આગળના પ્રકરણોમાં વિચાર કરાવેલો છે અને પ્રમાણ સાથે સિદ્ધ કરીને બતાવ્યું છે કે **ભારતવર્ષમાં** વિવાહિત સ્ત્રી પુરુષોની એવી તો અધોગતિ છે અને ભાવિ સંતાન તથા **ભારતના** ભવિષ્યનો ચિતાર એવો તો હૃદયવિદારક છે કે તેને નજરે જોનારના મનમાં ભારે મુંઝવણ થાય છે અને આવી નિરુપાય સ્થિતિએ પહોંચેલા ભારતવાસીઓ દેશનો ઉદ્ધાર કેવી રીતે કરી શકશે તે વિષે શંકાશીલ બની રહે છે આવા લોકો દેશોદ્ધાર કરી શકે એવો વિશ્વાસ બેસતો નથી અને તેઓ ઉલટા દેશને ભારરૂપ થતા જણાય છે

હાલના સમયમાં ભારતવર્ષમાં મનુષ્યની સંખ્યા વધારવાની મહદ્ આવશ્યકતા નથી પણ શારીરિક અને માનસિક બળવાળા સમજુ દેશપ્રેમમાં મગ્ન રહેનારા પુરુષાર્થી, દેશસેવક વીર ઉત્પન્ન કરવાની અત્યંત આવશ્યકતા છે માટે આપણા ભારતવાસીઓનું પ્રથમ અને મહાન કર્તવ્ય છે કે હવે વધારે બાળકો ઉત્પન્ન કરવા નહીં આપણા શારીરિક માનસિક અને આર્થિક બળના પ્રમાણમાં પોતાની જાતિ અને દેશના સાચા સેવક અને રક્ષક બનાવી શકાય એટલાજ બાળકો આપણે ઉત્પન્ન કરવા આટલો એકજ દેશોદ્ધારનો ઉચિત માર્ગ છે, અને એજ માર્ગ બતાવવાનો આ પુસ્તકનો ઉદ્દેશ છે

આ પુસ્તકનો ઉદ્દેશ એવો નથી કે જેઓ વિવાહ અને સંતાનોત્પત્તિ કરવા યોગ્ય હોય તેઓ પણ વિવાહ અને સંતાનોત્પત્તિ ન કરે એવા યોગ્ય પુરુષોનાજ સુયોગ્ય સંતાનોથી દેશોદ્ધાર થવાની આશા રહે છે આ પુસ્તકનો ઉદ્દેશ માત્ર એટલોજ છે કે—

(૧) બાળકોના વિવાહ ત્યારે થવા જોઈએ તેઓ ભણીગણી અને દ્રવ્યોપાર્જન કરે ત્યારે તેઓ પાકી સમજવાળા થાય અને પોતાનું ભવિષ્ય તથા લાભહાનિનો વિચાર કરી શકે તેવા થાય ત્યાર પછી તેઓ વિવાહ કરે અને પોતાની તથા દેશની સ્થિતિનો વિચાર કરીને સંતાનોત્પત્તિ કરે

(૨) કોઈ પણ માતા અથવા પિતાને એવો હક નથી કે તેઓ બાળકો અને બાળકીઓના વિવાહ કરીને તેઓનું ભવિષ્ય બગાડે અને દેશને નીચો પાડે

(૩) કોઈ પણ રોગી લુલાલંગડા અથવા પોતાની રોજી મેળવવામાં અસમર્થ પુરુષો પોતાની અયોગ્યતા જાણવા છતાં કોઈ અબળાનું જીવન ધૂળ મેળવવાનો કોઈ હક નથી એવા પુરુષોને શો હક છે કે તેઓ વિવાહ કરીને અનેક ડઝન બાળકો પેદા કરે અને તેમને નિરાધાર છોડીને મરી જાય ? તેઓની સ્ત્રીઓને પેટ ભરવા માટે વેશ્યા બનવું પડે ? અને બાળકોને મુસલમાન અથવા ઇસાઈ બનવું પડે ?

૧૧૯૨૯

(૪) સમાજના કોઇપણ સ્ત્રી અથવા કોઇપણ પુરૂષને હક નથી કે તે પોતાના સ્વાર્થને માટે, પોતાની પશુવૃત્તિ (To gratify animal passion) સંતોષવા માટે બીજાને દુઃખમાં નાખે પોતાની ખામી જાણવા છતાં વિવાહ કરવાનો અને વંશવૃદ્ધિ કરવાનો કોઇનો કાંઇ હક નથી.

(૫) એવા અયોગ્ય સ્ત્રીપુરૂષોએ જન્મભર પવિત્ર ભાવથી અવિવાહિત રહેવું જોઇએ વિવાહિત સ્ત્રીપુરૂષોએ ઇંદ્રિયદમન કરીને અયોગ્ય સંતાનોત્પત્તિ અટકાવવી જોઇએ, પણ જો તેમ બની શકે નહીં તો છેવટ કોઇ ન્યુ-માલ્થુસિયન યંત્ર અથવા ઔષધિનો આશ્રય લેવો જોઇએ

બીજો પરિચ્છેદ.

વિષયારંભ

પ્રકૃતિનો નિયમ.

'Of all the forces that have worked and are still working to mould the destinies of human race none certainly is more potent than the manifestation of laws of Nature, and no search has been dearer to the human heart as the study of the stupendous phenomena of Nature.

VIVEKANAND.

મનુષ્યના જીવનની ગમ્ય સ્થિતિમાં લાખનાં … સુધીમાં જે જે બાબતની શોધ થઈ છે અને થયા કરે છે તેમાં કુદરતના નિયમો જાણવા તથા તેનું રહસ્ય સમજવા સમાન બીજી … બાબત શ્રેષ્ઠ ગણાતી નથી અને સૃષ્ટિના ભવ્ય સ્વરૂપનું નિરીક્ષણ કરવા કરતાં બીજી … પણ બાબત મનુષ્યને પ્રિય હોય એવું જણાતું નથી

— વિવેકાનંદ.

આ સમાન કોઈ આધુનિક સ્થૂળ પ્રકૃતિનું તત્ત્વજ્ઞાન નથી. જે આવી પ્રકૃતિ ગગનમંડળમાં નક્ષત્રોને ગોઠવે છે, જે ગૌરવના વિચિત્ર પ્રકાશને રચવાવાળી છે, જેણે અનાદિ સમયથી સ્થિર અને અનંત પામનાર સૂર્ય અને ચંદ્રને બનાવ્યા છે, જેણે અગ્નિમાં બળતા, પાણીમાં શીતળતા, પુષ્પમાં સુગંધ અને સૌંદર્ય અને … જાતજાતના ગુણ ભરી મૂક્યા છે તે મહાન સૃષ્ટિકર્ત્રી પ્રકૃતિએ સૃષ્ટિના પ્રત્યેક પ્રાણીને એકેએક આકાર અને પરમાણુને નિયમબદ્ધ કરી રાખેલા છે. પ્રત્યેક વસ્તુને માટે તેણે એક નિયમ બનાવી રાખ્યો છે અને તે નિયમથી વિરુદ્ધ કોઈ વાત કરતી નથી.

વળી મહાશક્તિ-પ્રકૃતિએ માનવજાતિને માટે અનેક દિવ્ય આ અદ્ભુત વિભૂતિઓની સાથે સાથે સ્વતંત્ર કાર્યશક્તિ (free will) અને નિર્મળ બુદ્ધિ પણ દાન કરી છે. તે કારણથી માનવજાતિ સકલ સંસારના પ્રત્યેક પ્રાણીમાત્રમાં સર્વોત્તમ ગણાય છે. આવી એ મહા વિભૂતિઓથી વિભૂષિત બનીને મનુષ્ય પ્રકૃતિના નિયમોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને પ્રતિદિન ઉન્નતિ કરે છે. જ્યાં સુધી આપણે પ્રકૃતિના નિયમોથી અજાણ્યા હોઈએ ત્યાં સુધી આપણે પ્રભુની પ્રકૃતિને આધીન રહીએ છીએ પણ આપણે જ્યારે એ નિયમો સમજી જઈએ છીએ એટલે તે નિયમો આપણા ગુલામ જેવા સેવક બની જાય છે. આપણને પ્રકૃતિના નિયમોને સ્વાધીન અથવા તેમાં સુધારો કરીને આપણી ઉન્નતિ કરવા માટે અનુકૂળ બનાવી

લેવાને અધિકાર પ્રાપ્ત થયેલા છે એ અધિકાર આપણને પ્રકૃતિએ જ અર્પણ કરેલ છે માટે તેનો લાભ લઈએ નહીં તો આપણને પ્રકૃતિના નિયમ વિરુદ્ધ ચાલવાનો દોષ લાગે છે.

મનુષ્યજાતિનો ઇતિહાસ સામાજિક ઘટનાઓની એવી સાંકળ છે કે જે તૂટવા પામતી નથી. વર્તમાન અને ભૂતકાળમાં ચિરકાળ સંબંધ રહે છે અને ભવિષ્યકાળ એ બંનેનું પરિણામ કહીએ તો અનુચિત નહીં ગણાય. આવી દશામાં ભવિષ્યને વિષે ભવિષ્યવાણી કહેવા માટે કોઈ આધ્યાત્મિક શક્તિ અથવા આકાશવાણીની આવશ્યકતા નથી. બની ગયેલી ઘટનાઓ તેનાથી અને તેના પ્રભાવોની કાળજીપૂર્વક પરીક્ષા કરીને તુલના કરવાથી ભવિષ્યમાં ઉત્પન્ન થનારી ઘટનાઓ વિષે પણ થોડી ઘણી ખબર પડી જાય છે. આવી ભવિષ્યવાણીઓ જૂઠી પડવાનો પણ સંભવ છે. પરંતુ આપણે જોઈએ છીએ કે એ પાછલા સમયમાં બનેલી ઘટનાઓનું નિશ્ચિત પરિણામ છે માટે એને મિથ્યા, ભ્રમજનક અથવા નહીં બનવાયોગ્ય પણ કહી શકાય નહીં.

અત્યારસુધી અનેક દૂરદર્શી મહાન પુરુષો દેશોદ્ધાર અને દેશકલ્યાણને માટે સમય સમય પર એવી વાતો બોલી ગયા છે કે અમુક કરવાથી અથવા નહીં કરવાથી દેશ, જાતિ અથવા માનવ સમાજનું ભવિષ્ય નિર્માણ થાય છે. જાતિના શ્રેયનો એ જ માર્ગ બતાવી દેવો અથવા અમુક કામ કરવાથી જ ભવિષ્ય સુધરી જશે એવું કહેવું અસંભવિત છે. ભિન્ન ભિન્ન સમયના વિદ્વાનો સહુ એક વિષયને લઈને પોતાના વિચાર પ્રગટ કરે છે અને પોતાની સમજ પ્રમાણે ભવિષ્ય સુધારવાનો પ્રયત્ન કરે છે. એવા નરરત્નોમાંના એક પ્રસિદ્ધ અંગ્રેજ લેખક અને તત્વવેત્તા મિ. થોમસ માલ્થસ પણ છે. જાતિને માટે હોય એવું એમાંથી મેં શું ... જણાવતાં તે કહે છે —"the constant tendency in all animated life to increase beyond the nourishment prepared for it" અર્થાત્ જીવન ધારણ કરનાર સઘળા જીવોની પ્રકૃતિએ જેટલો આહાર તૈયાર

ગણ્યો હોય તેના કરતા પોતાની સખ્યા અધિક વધારવાની ચેષ્ટા પ્રાણી માત્ર કરતા રહે છે ખાવાના પદાર્થ ગમે તેટલા વધારે પ્રમાણમા પેદા કરવામા આવે તોપણ સ્વાભાવિક રીતેજ ખાનારા એટલા બધા વધી જાય છે - તે ખોરાકથી તેઓનો કપના નિર્વાહ થતો નથી ખોરાક પ્રાણીઓની વૃદ્ધિ કરતા ઓછો પડે છે મતલબ કે આ સસારમા હમેશ ખાવાવાળા વધારે અને ખોરાક ઓછોજ ઉત્પન્ન થાય છે

હવે આ વિચિત્ર પ્રકૃતિ-નિયમનો જગમ વર્ગ (organic) ઉપર કેવો પ્રભાવ પડે છે તે જોઈએ

ત્રીજો પરિચ્છેદ.

વૃક્ષ અને પશુ-જગત.

સુપ્રસિદ્ધ વિદ્વાન ડેર્વીને ભારી ખેડ વિચાર કરીને એવો નિશ્ચય કર્યો છે કે 'વનસ્પતિ તથા જીવ માત્રમા સ્વભાવથીજ વધવાની અદ્ભુત શક્તિ છે જો તેઓની બીજા વૃદ્ધિ અટકાવ નહીં અને તેઓને વધવા માટે સ્થાન તથા નિર્વાહ માટે પોષણના અભાવ થવા ન પામે તો તેઓના વધવાની કોઈ પણ સીમા રહે નહીં પ્રકૃતિએ માત્ર એકજ જાતના ઝાડનુ બી પૃથ્વી ઉપર રોપ્યુ હોત, અને નાના પ્રકારની વનસ્પતિ પેદા કીધી ન હોત તો તે જાતના ઝાડની ઉત્પાદક શક્તિને લીધે આખી પૃથ્વી તેનાથીજ ભરાઈ જાત '

લિનીયન નામના વિદ્વાને એવી ગણત્રી કરી છે કે-" પ્રતિવર્ષ એક ઝાડના બે બીયા ઉત્પન્ન થાય (કોઈ પણ ઝાડમા એનાથી ઓછા બીયા પેદા નથી થતા) તો માત્ર વીસ વર્ષમા તે એકજ ઝાડમાથી દસ લાખ ઝાડ થઈ જાય છે '

ગુલાબ ઈરાનથી, તમાકુ અને બટાટા યુરોપથી આપણા દેશમા લાવીને વાવ્યા છે એ ત્રણે વસ્તુઓ હિમાલયથી કન્યાકુમારી સુધી પુષ્કળ પેદા થાય છે ભારતવાસી દરેક જણ એ વસ્તુઓનો ઉપયોગ એક નહીં તો બીજી રીતે પણ કરે છે

જગતપ્રસિદ્ધ ચાર્લ્સ ડાર્વિન પોતાના 'Origin of species' નામના પુસ્તકમા લખે છે—'પશુ-પક્ષીઓની વૃદ્ધિમા અટકાવ ન પડતો હોય તો જાનવરના એક જોડાના બચ્ચાથી આખી પૃથ્વી ભરાઈ જાય એમા જરા પણ નવાઈ નથી'

પશુ-જગતમા હાથી બધા પશુ કરતા ઓછા બચ્ચા પેદા કરે છે હાથીનુ આયુષ્ય લગભગ ૧૦૦ વર્ષનુ હોય છે તેની ૩૦ વર્ષથી માંડીને ૯૦ વર્ષની ઉમ્મર થતા સુધીમા સુમારે ૬ બચ્ચા થાય છે, તોપણ ૭૫૦ વર્ષમા હાથીના એક જોડાથી ૧૮ કરોડ હાથી જન્મ જશે'

આસ્ટ્રેલિયા અને અમેરિકાના જંગલી ઘોડા આ બાબતનુ પ્રત્યક્ષ પ્રમાણ છે કેટલાએક પાળેલા ઘોડા ત્યાના જંગલોમા નાશી ગયા હતા ખોરાક પાણીની સગવડ અને સ્વચ્છંદતાના કારણથી તેઓની સંખ્યા એટલી બધી વધી અને એટલા ટૂંક સમયમા વધી, કે એ આશ્ચર્યજનક વધારો નજરોનજર જોયા હોત તો લોકો કદી પણ એ હકીકત સાચી માનત નહી ડાક્ટર રસલ લખે છે કે "સંસારના ઘણાખરા પક્ષી ૬ થી ૧૦ સુધી બચ્ચા પેદા કરે છે, અને તેની સરાસરી ૬ ની આવે છે ૬ ને બદલે દરસાલ ૪ બચ્ચાજ જીવતા રહે અને તેઓ ૪ વર્ષ સુધી બચ્ચા પેદા કરે તો એક વર્ષમા એક પક્ષીની જોડીમાથી ૧ કરોડ પક્ષી થઈ જાય'

કોઈ કોઈ પશુ એક સાલમા ચાર ગણા થઈ જાય છે એક સાલને બદલે ૫ સાલમા ચોગણા થતા હોય તોપણ ૨૦૦ વર્ષમા એક જોડાના ૨૫ લાખ પશુ થઈ જશે'

ઘણા ઝાડો એવા છે કે જેના એક વર્ષમા એક હજાર કરતા પણ વધારે બીયા પેદા થાય છે એવા એક હજાર બીયામાથી દરસાલ

એજ નવા ઝાડ ઉત્પન્ન થતા હોય તો ૧૮ વર્ષમાં એક ઝાડમાંથી હજાર ઝાડો થઈ જશે'

પ્રકૃતિએ વનસ્પતિ, પશુ અને પક્ષીઓને વૃદ્ધિ પામવાની અથવા પોતાની સતતિ વધારવાની શક્તિ બહુ ઉદારતાથી આપેલી છે. ... નામાં એ શક્તિની ન્યૂનતા છે અને કોઈનામાં અધિકતા છે. ... પેદા કરે એવું એકજ જોડું માત્ર પૃથ્વીમાં હોત અને બીજા પશુઓ હોત નહીં તો પૃથ્વી આખી તે એક જોડાના બચ્ચાંથીજ ભરાઈ જાત. પક્ષીના એક જોડામાંથી પણ એવીજ રીતે એટલાં બધાં પક્ષી પેદા થાય કે આખી પૃથ્વી ભરાઈ જાય. સસારમાં વનસ્પતિ અને પશુ-પક્ષીની વૃદ્ધિ તો આટલી બધી અધિકતાથી થાય છે તેમ છતાં તેઓની સખ્યા બેસુમાર વધી શકતી નથી તેનું કારણ શું?

વનસ્પતિ અને જીવ માત્રમાં સ્વભાવથીજ વધવાની શક્તિ છે. પ્રકૃતિએ પ્રાણીમાત્રને વધવાની શક્તિ તો બહુ ઉદારતાથી આપી છે, પણ તેની સાથે તેઓને વૃદ્ધિ પામવા માટે અત્યત આવશ્યક વસ્તુઓ અન્ન અને આહારમાં બહુ અનુદારતા વાપરીને કમી રાખી છે.

વનસ્પતિ અને પશુનામાં મનુષ્યોના જેવું પોતાનું શુભાશુભ વિચારવાનું જ્ઞાન નથી. તેઓ ભૂત અને ભવિષ્યના પરિણામનો વિચાર કરી શકતા નથી. તેમનામાં એક પ્રકારની સ્વાભાવિક હોય છે તેની પ્રેરણાથી તેઓ પોતાના સમૂહ અથવા ટોળાં વધારતાં ચાલ્યાં જાય છે. પોતે જે બચ્ચાં પેદા કરે છે તેના આહારનો શો બંદોબસ્ત છે તેનો વિચાર કરવા માટે તેઓ કદી પણ આગળથી જાણતા નથી. જ્યાં સ્વચ્છંદતા હોય છે ત્યાં વંશવૃદ્ધિનું કામ બહુ ઝડપથી ચાલે છે, પણ છેવટે રહેવાના સ્થાન અને ખાવાના ખોરાકની ખામીને લીધે તેના કારણે પ્રકૃતિના કઠોર નિયમોથી તે વૃદ્ધિનો ... ...

પ્રકૃતિનો એક વિલક્ષણ નિયમ એવો ... કે તે વનસ્પતિના બીયાં અને પશુ-પક્ષીનાં બચ્ચાંને માત્ર એટલા માટે ... વધવા દે છે કે ભૂખ, તરસ, ટાઢ, તડકો અને સ્થાનના અભાવથી

તેનુ સત્યાનાશ વળી જાય જ્યારે તેને એક બીજ અથવા એક બચ્ચાની આવશ્યકતા હોય છે ત્યારે એક કરોડ પેદા કરે છે; તેમાથી ચૂટી લઇને એકને જીવાડે છે, અને બાકીનાને તલપી તલપીને મરવા માટે રખડતા મૂકે છે

માછલી એકી વખતે લાખો ઇંડા મૂકે છે જો કોઇ વિઘ્ન ન નડે તો એ તમામ ઇંડામાથી માછલા પેદા થાય એટલે થોડાજ સમયમા માત્ર એક માછલીમાથી લાખો માછલીઓ થાય પણ એ લાખો ઇંડા કોઇને કોઇ રીતે નાશજ પામે છે કેટલાએક મનુષ્યના પેટમા પુરાય છે, અને કેટલાએક જલચર જતુઓ ખાઇ જાય છે મુશ્કેલીથી તે લાખો ઇંડામાથી પચાસ પોણોસો માછલીઓ પેદા થઇ શકે છે, ત્યાર પછી પણ તે બચવા પામતી નથી મોટી માછલીઓ નાની માછલીઓને હજમ કરી જાય છે, અને કેટલીએક મનુષ્યના રસોડામા રંધાઇને પીરસાય છે

સાપ પણ ઘણા ઇંડા મૂકે છે, પણ ઘણાખરા તો પાછા તેનાજ પેટમા હજમ થાય છે સાપ પોતાના ઇંડા પોતે ખાઇ જાય છે નાના સાપને મોટા સાપ ખાઇ જાય છે

વડ અને પીપળાના ઝાડોના દર સાલ કરોડો બીજ પેદા થાય છે આ દરેક ખસખસ જેવડા ઝીણા બીજને જો પૂરતી ભિનાશ, પ્રકાશ, અને જગ્યા મળે તો દરેકે દરેક મોટા મોટા વૃક્ષ બની જાય પણ એ તમામ બીજ નાશ પામે છે કેટલાએક સુકાઇને અથવા સડીને માટીમા મળી જાય છે બાકી રહેલામાથી દશ વીશ ઉગે છે ત્યારે તેમાના મોટા અને પુષ્ટ રોપા નાના રોપાને દબાવી મૂકે છે નાના રોપાનો ખોરાક પાણી, અને પ્રકાશ મોટા રોપા છીનવીને પોતે પુષ્ટ બને છે, તેથી નાના ચીમળાઇને સુકાઇ જાય છે આની રીતે લાખો કરોડો બીજની બરબાદી થાય છે ત્યારે એક બે રોપા વધીને મોટા વૃક્ષ બને છે

બીજી અનેક વનસ્પતિનુ પણ એવુજ પરિણામ આવે છે દરેક રોપાની વૃદ્ધિ માટે પૂરતી ભિનાશ, પ્રકાશ અને સ્થાન જરૂરના છે એકજ સ્થાન ઉપર ઘણા રોપા ઉગીને જમાવ થઇ જાય છે, ત્યારે

તે વધી શકતા નથી મોસમ પણ રોપાનો નાશ કરવામા કારણ રૂપ બને છે વળી કેટલાએક રોપા મનુષ્ય અને પશુના આહારમા વપરાઈ જાય છે જ્યારે કેટલાએક કપાઈને બળતણ બને છે

માસાહારી મોટા પશુ અને પક્ષી પોતાથી નિર્બળ અને અસહાય નાના પશુપક્ષીને મારી ખાય છે મનુષ્યના ખોરાક માટે કરોડો પશુપક્ષીનો નિત્ય સહાર થાય છે (ફળાહારી પવિત્ર ભારત દેશમાજ ૨૦ કરોડ મનુષ્ય માસાહાર કરે છે, તો પછી માસાહારી દેશોની તો વાતજ શી કરવી?) કરોડો જીવની હિસા તેઓને પીડારૂપ સમજીને કરવામા આવે છે વાઘ, વરૂ, સિહ, સુવર, શિયાળ, કુતરા, અને ઉદર મારવા માટે તો ઇનામો આપવામા આવે છે

પૃથ્વીમા પેદા કરવાની અનત શક્તિ છે એટલા બધા અગણિત પશુ-પક્ષી-વનસ્પતિ બીજ રૂપે પૃથ્વીમા છુપા પડેલા છે કે જો તે બધાને આપોઆપ પોતાની સ્વચ્છદતા પ્રમાણે વધવા દેવામા આવે તો થોડાએક સૈકામા આ આપણી પૃથ્વી તો શુ પણ એવી અનેક પૃથ્વીઓ તેઓનાથી ભરાઈ જાય પણ પ્રકૃતિનો એવો નિયમ છે કે કોઈ જીવ હદથી જાદે વધવા પામેજ નહી આ નિયમ પ્રમાણે પ્રકૃતિ છુટે હાથે જીદગીના બીજ વાવે છે અને હાથ ફટકાવતી પોતે સપાટાબધ કાપ છે એક ક્ષણમા તે લાખો જીવ પેદા કરે છે, અને તરતજ તે બધાને પાછા મારીને નષ્ટભ્રષ્ટ કરી નાખે છે કરોડોને તે એક ક્ષણમા જીવપ્રદાન કરે છે, અને બીજી ક્ષણમા નિર્દય રીતે પાછી પ્રાણહરણ કરીને ધુળમા મેળવી દે છે

પ્રકૃતિના આ ભયકર નિયમને અનુસરીને વનસ્પતિ તથા અજ્ઞાન પશુપક્ષીની અનહદ વૃદ્ધિ રોકાય છે અને હજાર પ્રયત્ન કરવા છતા પણ ચતુર અને જ્ઞાની મનુષ્યને આવા વિલક્ષણ પણ અટલ નિયમ આગળ લાચાર થઇને માથુ નમાવવુ પડે છે

ચોથો પરિચ્છેદ

મનુષ્યજગત.

પ્રકૃતિએ મનુષ્યને પણ પૂર્વોક્ત નિયમને આધીન રાખ્યા છે માનવજાતિ પણ જો સમજશક્તિથી કામ ન લે, અને સ્થૂલ પશુ-બુદ્ધિને વશીભૂત થઈને પશુ સમાન સ્વચ્છંદતાપૂર્વક પોતાની જાતિ વધારવા મંડી રહે તો જનસંખ્યા એટલી બધી વધી જાય કે તેના ભરણપોષણ માટે જોઈતુ ભોજન મળી શકે નહીં જેટલી વસ્તીના જીવન-નિર્વાહ માટે પૃથ્વી ઉપર ખોરાક ઉત્પન્ન થાય છે તેના કરતા જનસંખ્યા અત્યંત વધી જશે, અને તે નિયમિત હદ કરતા અધિક થઈ જશે, તો પછી પ્રકૃતિ પોતાના કઠોર નિયમાનુસાર દુકાળાદિ અનેક ભયંકર રીતિઓથી જનસંખ્યાને પાછી નિયમિત હદમા લાવશે એમા સંશય નથી

હવે જોવાનુ એ છે, કે જો વસ્તી સ્વચ્છંદતાપૂર્વક વધવા દેવામા આવે તો સ્વાભાવિક રીતે તે કેટલી હદ સુધી પહોચે તેવીજ રીતે ભૂમિની ઉપજ પણ દરેક બાબતની અનુકૂળતા અને મનુષ્યના અધિકમા અધિક પ્રયત્ન અને પરિશ્રમ વડે કયા પ્રમાણમા વધે છે

મી માલથ્યુસે પ્રમાણ સાથે સિદ્ધ કીધુ છે કે જો ખાનપાનની સગવડ હોય તો દરેક દેશની જનસંખ્યા દર પચીસ વરસમા બમણી થતી જાય છે જેવી રીતે કે ભારતની વસ્તી ૧૯૧૧મા ૩૧ કરોડ હતી તેને જો ખાવાપીવાની પુરતી સગવડ હોય અને લોક દરેક વાતે સુખી અને સંતુષ્ટ હોય તો ૨૫મા વર્ષની આખરે અર્થાત ૧૯૩૬મા અહીંની જનસંખ્યા ૬૨ કરોડ થઈ જાય જો એઓને એવીજ સગવડ મળતી રહે તો ૫૦ વર્ષની આખરે, ૧૨૪ કરોડ, ૭૫ વર્ષની આખરે ૨૪૮ કરોડ અને સદીને અંતે એટલે ૨૦૧૧ ઈ સ મા આપણા દેશની વસ્તી લગભગ ૫ અબજ એટલે સમસ્ત ભૂમંડળની વસ્તીથી ત્રણ ગણી થઈ જાય

પ્રો હેન્રી ફોસેટે એવુ લખ્યુ છે કે ' જ્યા ખાવાપીવાની સરળતા છે એવા ઘણા દેશોની જનસખ્યા દર ૪૦ વર્ષે બમણી થતી ગઇ છે મનુષ્યનામા વૃદ્ધિ કરવાની એવી તો પ્રબળ શક્તિ છે કે જો તેને રોકવામા ન આવે તો આજે પૃથ્વી ઉપર જેટલા મનુષ્ય છે તેમા ૯૯ બહારનો વધારો થઇ જાય કેવળ એક પુરૂષ અને એક સ્ત્રીના સતાન એટલા બધા વધી પડે કે તેથી સારો સસાર ભરાઇ જાય '

સપત્તિશાસ્ત્રવેત્તા જોન સ્ટૂઅર્ટ મિલ લખે છે ૩૦ વર્ષ પહેલા આ ન રોકી શકાય એવી વૃદ્ધિ વિષે ખાત્રી બેસાડવા માટે મોટા પ્રભાવશાળી લેખ અને પ્રબળ દૃષ્ટાતો આપવાની જરૂર પડતી હતી પણ આજના જમાનામા તો અસખ્ય પ્રત્યક્ષ દૃષ્ટાતો મોજૂદ છે તે ઉપરથી એ સિદ્ધાત અચળ અને અખડનીય મનાય છે સસારના લગભગ સર્વ મહાપુરૂષોએ એટલા બધા ઉત્તમ દૃષ્ટાતોથી એ સત્યને સિદ્ધ કરી બતાવ્યુ છે કે હવે વિશેષ સાબીતી મેળવવાની જરૂર નથી હવે એ સિદ્ધાત સ્વયસિદ્ધ સત્ય (Axiomatic truth) જેવો મનાવા લાગ્યો છે

સપત્તિશાસ્ત્રનો ધુરધર પડિત મી વેકફ લખે છે 'ઇ સ ૧૭૭૦મા યુરોપિયનોએ આસ્ટ્રેલિયામા વસવાટ કરવા માડયો, તેના પ્રત્યક્ષ ઉદાહરણ ઉપરથી જોઇ લેવુ કે જ્યા ખાધાપીધાની સરળતા હ , ત્યાની જનસખ્યા દર ૨૫મા વર્ષે કે એથી પણ ઓછા સમયમા બમણી થઇ જાય

સુપ્રસિદ્ધ મી બેમ્સા લખે છે ' જ્યારે જ્યારે આવા ઉદ્યોગી લોકો આવા નવા સસ્થાનોમા જઈ વસ્યા છે, અને જ્યા ખેતીને માટે ઉત્તમ ભૂમિ અને ભોજનાદિની ઉત્તમ સગવડ મળી હોય છે, ત્યારે સર્વ એવુ જોવામા આવ્યુ છે કે તે લોકોની જનસખ્યા ૨૫ વર્ષમા અથવા તે કરતા પણ ઓછા સમયમા બમણી થતી ગઇ છે '

અમેરિકાના ઉત્તરભાગમા વસ્તી નવી હોવાના કારણે ભૂમિ બહુ ફળદ્રુપ હતી લોકોની યોગ્યતા અને પરિશ્રમથી ખોરાક પુષ્કળ

ઉત્પન્ન થતો હતો તે લોકોમા દુ:ખની ન્યૂનતા હતી વિવાહનો પ્રચાર યુરોપના કરતા અધિક હતો કેટલાએક પાંજરાથી વસ્યા હતા તે સંસ્થાનોની વસ્તી બમણી થતા ફક્ત ૧૫ વર્ષ લાગ્યા કેટલાએક પ્રાંતોમા ૧૨ વર્ષમા અને કોઈ કાળમા તો ૧૦ વર્ષમાજ વસ્તી બમણી થતી જોવામા આવી છે

અમેરિકાના નીચે જણાવેલા સરકારી રીપોર્ટ ઉપરથી પ્રગટ થાય છે કે ત્યા પણ જન સંખ્યા ૨૨ ૨૫મે વર્ષે બમણી થતી ગઈ છે.

અમેરિકાની જનસંખ્યા (U S A) સંયુક્ત સંસ્થાનોમા *

ઈ સ	૧૭૮૦ મા	૩૯, ૨૯, ૨૧૪
	૧૮૦૦ ,,	૫૩ ૦૮, ૪૮૩
,	૧૮૧૦ ,	૭૨, ૩૯, ૮૮૧
,,	૧૮૨૦ ,,	૯ , ૩૨, ૮૨૨
,,	૧૮૩૦ ,,	૧, ૨૮, ૬૬, ૦૨૦
,	૧૮૪૦ ,,	૧, ૭૦, ૬૯, ૪૫૫
,,	૧૮૫૦ ,,	૨, ૩૧, ૯૧ ૮૭૬
,	૧૮૬૦ ,,	૩, ૧૪, ૪૩, ૩૨૧
	૧૮૭૦ ,,	૩, ૮૫, ૫૮, ૩૭૧
,	૧૮૮૦ ,,	૫, ૦૧, ૫૫, ૭૮૩
,,	૧૮૯૦ ,	૬, ૨૯, ૪૭, ૭૧૪
,,	૧૯૦૦ ,,	૭, ૬૦, ૮૫, ૭૯૪
,,	૧૯૧૦ ,,	૯ ૧૨, ૭૨, ૨૬૬ +

* Statesman's year book for 1911 page 358. Increase by Emigrants from 1840 to 1909 A.D 4 66, 1o 40, I6-83, 7 56 7 29, 10 46, 5 86 respectively

+ ઇ સ ૧૯૧૬મા અમેરિકાની વસ્તી ૧૦, ૨૦, ૧૭ ૩૧૨ હતી.

આ ઉપરથી સિદ્ધ થયુ કે જો કાંઈ અટકાવ ન હોય તો અધિકમા અધિક ૨૫ વર્ષમા જનસખ્યા બમણી થઇ શકે છે

પૃથ્વીની ઉપજ ક્યા હિસાબે વધશે તેનુ અનુમાન બાધવુ સહજ નથી પણ જેટલી ઝડપથી વસ્તીની વૃદ્ધિ થશે તેટલીજ ઝડપથી પૃથ્વીની ઉપજ વધવાની નથી એ વાત તો નિર્વિવાદ છે એક હજાર મનુષ્યની વસ્તીની માફક એક લાખ અથવા એક કરોડ મનુષ્યોની સખ્યા દર ૨૫ મે વર્ષે બમણી થઈ જશે ખરી, પણ અધિક સખ્યાને માટે ખાનપાનની વસ્તુઓની વૃદ્ધિ એટલી સહેલાઇથી કરી શકાતી નથી જો એમ માની લઇએ કે સસારમા જેટલી ઉપજાઉ જમીન છે તે બધી ખેડીને ખાવાના પદાર્થ ઉત્પન્ન કરવામા આવે તો પણ વસ્તીની સાથે સાથે ખોરાકની ઉપજ પણ દર ૨૫ વર્ષે બમણી થયા કરે એમ માનવુ અસભવિત છે

વિજ્ઞાનની સહાયતા વડ નવી રીતે ખેતી કરવાથી, વિજળી, ઉત્તમ ખાતર અને નવા નવા યત્રાના પ્રયોગ કરવાથી ઉત્પાદક શક્તિ હમણા કરતા થોડી ઘણી વધારી શકાય ખરી, પરતુ કોઈ દેશની ઉપજ મનુષ્ય ચાહે તેટલા પ્રયત્ન કરે તેમ છતા દર ૨૫ મે વર્ષે બમણી નથી થઈ શકતી એ પણ નિસદેહ વાત છે કારણકે પૃથ્વીની ઉત્પાદક શક્તિ નિરતર વધતી નથી પણ ઘટે છે

મનુષ્યની વૃદ્ધિ ભુમિતિ પ્રમાણ શ્રેઢી (Geometrical ratio) પ્રમાણે બમણી થાય છે અથાત્ તે ૧ થી ૨, ૨ થી ૪, ૪ થી ૮, ૮ થી ૧૬, અને ૧૬ થી ૩૨ એવી રીતે થાય છે પણ અન્નાદિ ખાવાના પદાર્થની વૃદ્ધિ ગણિતપ્રમાણ શ્રેઢી (Arithmetical ratio) પ્રમાણે એક પછી એક એ પ્રમાણમા વધે છે અર્થાત અન્ન એક શેરથી ૨ શેર, ૨ થી ૩, ૩ થી ૪, ૪ થી ૫, ૫ થી ૬-૭-૮-૯ પછી ૧૦ શેર થાય છે

હવે કલ્પના કરો કે **ભારતવર્ષની** જેટલી ઉપજાઉ જમીન છે તે બધી જમીન ઉપર વૈજ્ઞાનિક રીતે ખેતી થાય છે ભૂમિની ઉપજ

દરમાલ ઘટવાને બદલે વધતી જાય છે, અને અહીંના નિવાસીઓના ભરણપોષણ માટે પુરતી છે અને દેશની વર્તમાન જનસખ્યા ૩૧ કરોડ છે તે વધીને પહેલા ૨૫ વર્ષમા ૬૨ કરોડ થઈ જશે, તેમજ ભૂમિની પેદાશ પણ ૨૫ વર્ષમા બમણી થઇ જશે એટલે આ વધેલી જનસખ્યાના ભરણપોષણ માટે પૂરતી થશે પણ બીજા ૨૫ વર્ષમા જનસખ્યા ૧૨૪ કરોડ થઈ જશે અને ઉપજ તો (૬૨+૩૧) ૯૩ કરોડના ગુજરાન પુરતીજ થશે ત્રીજા ૨૫ વર્ષમા જનસખ્યા ૨૪૮ કરોડ થશે ત્યારે ખોરાક માત્ર (૯૩+૩૧) ૧૨૪ કરોડ મનુષ્યોના નિભાવ જેટલોજ પેદા થશે ચોથા ૨૫ વર્ષમા એટલે ૧૦૦ વર્ષ પછી વસ્તી તો ૪૯૬ કરોડ થશે, અને અનાજ વગેરે માત્ર (૧૨૪+૩૧) ૧૫૫ કરોડ જણાને ચાલે એટલુજ પાકશે એવી રીતે કુલ એક સદી પછી ૩૪૧ કરોડ ભારતવાસીઓના નિવાહ માટ કાઈ આધાર કે સગવડ રહેશે નહીં

હવે **ભારતના** સ્થાન પર જો આખી પૃથ્વીનો હિસાબ ગણીએ અને પૃથ્વી પરની વર્તમાન જનસખ્યા ૧ અબજ માની લઇએ તો ભૂમડળની જનસખ્યા ૧, ૨, ૪, ૮, ૧૬, ૩૨, ૬૪, ૧૨૮, ૨૫૬ એ હિસાબે વધવાની, અને ભૂમિની ઉપજ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, એ પ્રમાણે વધવાની, એટલે બસો વર્ષમા જનસખ્યા ૨૫૬ અબજ થશે, પણ ખોરાક માત્ર ૯ અબજ મનુષ્યના પોષણ જેટલો જ ઉત્પન્ન થશે બે હજાર વર્ષમા વસ્તી અને ખોરાકની ઉપજમા હિસાબ નહીં લાગે એવો અતર પડી જશે

ઉપરના ઉદાહરણથી સમજુ જનોના ધ્યાનમા આવી જશે કે જો તમામ ફળદ્રુપ જમીન ઉપર ખોરાકની વસ્તુઓ ઉપજાવવામા આવે, અને તેટલા જગલો સાફ કરીને ખેતરો બનાવવામા આવે, ઉજડ અને ખારોડ ભૂમિ હોય તે બધી પણ મનુષ્યના શ્રમ અને ઉદ્યોગથી સારી ફળદ્રુપ ખેતીને લાયક બની જાય, અને બની શકે તેટલે દરજ્જે વૈજ્ઞાનિક નવીન ઉત્તમ રીત પ્રમાણે ખેતી કરવામા આવે, તો પણ

એક સમય એવો આવશે અને ખચીતજ આવશે કે તે વખતે મનુષ્યોની સખ્યા ખોરાકની પેદાશ કરતા અતિશય વધી જશે +

જનસખ્યાની આવી બેશુમાર વૃદ્ધિ રોકવા માટે, અને જેટલી સખ્યાના નિર્વાહ માટે પૃથ્વી ખોરાક પૂરો પાડી શકતી હોય તે કરતા વધી પડેલી સખ્યાનો નાશ કરવા માટે મોટી મોટી દૈવી અને માનુષી આફતો પોતાનુ કામ કરતી રહે છે પ્રકૃતિ કદી પણ જનસખ્યાનો બેશુમાર વધારો સહન કરતી નથી અભિમાની મનુષ્ય હજારો યુક્તિ લડાવે અને ભલા ભલા પ્રયત્ન કરે તો પણ તેને પ્રકૃતિના અટળ નિયમ આગળ માથુ નમાવવુ પડે છે અને પોતાની બેશુમાર વૃદ્ધિ કરવાનો છદ તેને તજવો પડે છે

જગતની જગમ સૃષ્ટિ (organic world) વનસ્પતિ, પશુ, પક્ષી સર્વને માટે પ્રકૃતિનો એકજ નિયમ છે સસાર માત્રના સજીવ પ્રાણીઓને તેણે આ નિયમને આધીન કરી રાખેલા છે સરોવરમા

+ અમેરીકા અને બીજી નવી વસાયતોમા વસ્તીનો વધારો હાલના વેગે ચાલુ રહેશે નહી કેમકે એક સમય પછી ત્યા પણ ખોરાકીના પદાર્થોનો ઘટાડો થઈ જશે ત્યારે ત્યાની વસ્તી આટલી ઝડપથી વધશે નહી

નવી દુનિયાને મુકાબલે જૂની દુનીયાની વસ્તી બહુ ધીમે વેગ વધતી જણાય છે, કારણ કે યુરોપ અથવા એશિયા વગેરે દેશોમા અમેરિકાના જેવા સુખ ચૈનના સાધનો મળતા નથી નવા દેશોની વસ્તી સારી પેઠે વધી ગઇ છે ડાક્ટર હિસ્ડેલે સને ૧૮૮૫ મા એવો હિસાબ ગણ્યો છે કે, નોર્વેની વસ્તી ૩૮ વર્ષમા પ્રશિયાની ૪૨ વર્ષમા, ગ્રેટબ્રિટનની ૫૨ વર્ષમા, રૂશીઆની ૬૬ વર્ષમા ફ્રાન્સની ૧૬૦ વર્ષમા, અને ઓસ્ટ્રીયાની ૧૯૪ વર્ષમા બમણી થઇ જશે

૧૮૫૧ મા ભારતવર્ષની વસ્તી લગભગ ૧૮ કરોડ હતી ૧૯૧૧મ ૩૧ કરોડ થઈ અર્થાત્ ૧૮૫૧ થી જોતા ભારતની વસ્તી ૮૫ વર્ષમ બમણી થશે

થતુ નાજુક કમળ અને નર્મદા નદીના બેટમા છે (કબીર વડ) તેવા વિશાળ વટવૃક્ષ, સુદર નાની સરખી કીડી, અને મદોન્મત હાથી, એ સર્વના ગજા અભિમાની મનુષ્ય, સર્વને પ્રકૃતિએ એકજ ભયકર પણ અચળ નિયમને આધીન રાખેલા છે

પ્રથમ ખંડનો સારાંશ.

જગમ સૃષ્ટિમા સપાદિત આહારથી અત્યત અધિક વધી જવાની ચેષ્ટા છે

પ્રકૃતિમા પેદા કરવાની અનત શક્તિ છે પૃથ્વીમા પશુ, પક્ષી, અને વનસ્પતિ બીજરૂપે એટલા અધિક છે કે જો સ્વચ્છદતાપૂર્વક વધવા પામે તો થોડાક કાળમા આ ભૂમડળ જેવા કેટલાએ સસાર તેનાથી ભરાઈ જાય પણ પ્રકૃતિ તેની બેશુમાર વૃદ્ધિ અટકાવી રાખે છે

મનુષ્યનામા પણ પોતાના ખોરાક કરતા અધિક વધી જવાની ચેષ્ટા છે

વસ્તી દર ૨૫ મે વર્ષે બમણી થાય છે, પણ અન્ન વગેરે ખાવાના પદાર્થોની ઉપજ એટલી ઝડપથી નથી વધતી

વસ્તી અવશ્યમેવ જેટલી સખ્યાના ભોજન માટે અન્નનુ સાધન છે તેટલી જ સખ્યા સુધી પરિમિત રહેશે

જનસખ્યા અન્નની વૃદ્ધિની સાથેજ વધશે જનસખ્યાનો બેશુમાર વધારો રોકવા અને તેને નિશ્ચિત કરેલી હદની અદર રાખવા માટે અનેક દૈવી અને માનુષી કારણો કામે લાગેલાજ હોય છે

'The greatest evil of the day is to marry and beget children whom one cannot support.'

આજકાલ સમાજમા એક મોટામાં મોટો દોષ પેઠો છે કે લોકો લગ્ન કરીને પોતે ભરણપોષણ નહીં કરી શકે એવા બચ્ચા ઉત્પન્ન કરીને ભાવિ સસારની અધોગતિ કરે છે.

બીજો ખંડ.

When wilt Thou save the People,
Oh Lord of mercy, when ?
The People, Lord ! The People !
Not th'rone and crowns, but Men ?
Flowers of Thy heart, oh God are they—
Let them not pass like weeds away,
Their heritage a sunless day !
God save the " People " of Bharatvarsh

પહેલો પરિચ્છેદ

જનસંખ્યાનો બેશુમાર વધારો કેવી રીતે અટકાવી શકાય ?

પ્રકૃતિમા પેદા કરવાની અનંત શક્તિ છે, પરંતુ કોઈપણ જીવને તે હદથી જાદે સ્વચ્છંદતાપૂર્વક વધવા દેતી નથી ઉપર બતાવેલો નિયમ વનસ્પતિ તથા પશુપક્ષીઓમા બહુ સ્પષ્ટ રીતે અને સુગમતાથી જોઈ શકાય છે મનુષ્યની પેઠે તેઓનામા સારાસાર વિવેક સમજવાનુ જ્ઞાન નથી તેઓ પોતાનો લાભ અથવા હાની સમજતા નથી તેઓનામા એક પ્રકારની સ્થૂળ બુદ્ધિ હોય છે, તેની પ્રેરણાવડે તેઓ પોતાનો સમૂહ અથવા ટોળુ વધારતા ચાલ્યા જાય છે પોતે જેને ઉત્પન્ન કરે છે તેના આહારનો પ્રબંધ કાંઈ છે કે નહિ એવો વિચાર તેઓ કદી પણ કરતા નથી, અને પોતાની વંશવૃદ્ધિ અટકાવતા નથી

મનુષ્ય અને પશુમાં એક ભેદ છે પશુના જેવી સ્થૂળ બુદ્ધિ ઉપરાંત તેનામાં જ્ઞાનશક્તિ પણ છે મનુષ્ય જ્યારે પશુના જેવી સ્થૂળ બુદ્ધિને વશીભૂત બનીને પોતાનો સમૂહ વધારવા મંડે છે, ત્યારે જ્ઞાન-શક્તિ આવીને તેને પૂછે છે કે જેને તે ઉત્પન્ન કરે છે તેના ભરણ-પોષણનો કાંઈ પ્રબંધ તેણે કરેલો છે કે નહિ ? જ્ઞાનશક્તિનો આ સંકેત ધ્યાનમાં નહી લેતાં પોતે જ્ઞાનરહિત પશુઓની પેઠ સંતાન વધાર્યા કરે, અને તેઓના ભરણપોષણને માટે પૂરતો ખોરાક છે કે નથી તે બાબતનો કશો વિચારજ કરે નહીં, તો પૃથ્વી ઉપર જેટલી વસ્તીના જીવન નિર્વાહ માટે ખોરાક ઉત્પન્ન થતો હોય તેના કરતાં વસ્તી બહુજ વધી જાય છે પરંતુ જીવનરક્ષાને માટે ખોરાક વગર ચાલતું નથી એ કારણને લીધે જેટલી સંખ્યાના ભરણપોષણનો પ્રબંધ થઈ શકે તે સંખ્યા કરતાં વસ્તી કદીપણ અધિક વધી શકતી નથી. જ્યારે જ્યારે વસ્તી એ સંખ્યા કરતાં અધિક વધે છે ત્યારે ત્યારે મનુષ્યસમાજ અનેક પ્રકારના ક્લેશોથી પીડાય છે અને જર્જરિત થઈ જાય છે વસ્તીનો આવો બેશુમાર વધારો અટકાવવા માટે, અને પૃથ્વી ઉપર જીવન-નિર્વાહ માટે ખોરાક જેટલો ઉત્પન્ન થતો હોય તેટલી હદ સુધી સંખ્યા ઘટાડવા માટે મોટી મોટી રોકનારી શક્તિઓ કામ કર્યા કરે છે જનસંખ્યાનો વધારો અટકાવનાર અનેક કારણોના બે ભાગ પડી શકે છે તેમાંના દૈવી કારણ અને બીજાને માનવી કારણ કહે છે અંગ્રેજીમાં તેને પોઝિટિવ ચેક (Positive check) અને રિસ્ટ્રિક્ટિવ અથવા પ્રુડે-ન્શિયલ ચેક (Restrictive or prudential check) કહે છે (૧) દૈવી કારણ એ છે કે મનુષ્ય સ્થૂળ બુદ્ધિને વશીભૂત થઈને પશુની પેઠ પોતાનો સમૂહ વધારે ત્યારે જનસંખ્યાનો બેશુમાર વધારો, યુદ્ધ, દરિદ્રતા, દુકાળ, અને દુરાચાર આદિ અનેક કારણોથી અટકે છે, અને*

---

* યૂરોપ અને અમેરિકા નિવાસીઓ ન્યૂમાલ્થૂસિયન ઔષધિ અથવા યંત્ર દ્વારા જનસંખ્યા ઓછી કરે છે એ ઔષધિઓ અને યંત્રોના પ્રયોગથી ગર્ભાધાન થતું નથી પશ્ચિમના સુધરેલા લોકો અયોગ્ય સંતાનોત્પત્તિ કરતા

(૨) માનવી કારણ એ છે કે મનુષ્ય પોતાની સ્થિતિનો પૂર્ણ વિચાર કરીને યોગ્ય સંતાનોત્પત્તિ કરે અને ઇંદ્રિયદમન અથવા પવિત્ર બ્રહ્મચર્ય દ્વારા સંયમ પાળીને પોતે બરાબર યોગ્ય બનાવી શકે એટલીજ સંતાનોત્પત્તિ કરે

દરેક દેશ અને દરેક કાળમા ઉપર લખેલા કારણોમાનુ કોઈને કોઈ કારણ વિદ્યમાન રહે છે, અને તે દેશની જનસંખ્યાનો બેશુમાર વધારો અટકાવ્યા કરે છે માળી જેવી રીતે પોતાના બાગમા વાઢકાપ કરીને ઝાડોનુ રક્ષણ કરે છે, તેવીજ રીતે એ બધા કારણો પણ વસ્તીને છૂટી ગગડીને જેટલી સંખ્યાના ભરણપોષણ માટે ખોરાક પહોચી શકે તેટલી હદ સુધી ઘટાડી મૂકે છે

બીજો પરિચ્છેદ

દૈવી કારણ-યુદ્ધ.

'Peace is the daughter of war'—Voltour.

'Everlasting peace is a dream war is a factor in God's plan of the world without war the world would sink into materialism'

—Shiller.

(યુદ્ધને લીધે મનુષ્યનો ખૂબ સંહાર થાય છે, અને એવી રીતે જનસંખ્યાનો બેશુમાર વધારો અટકે છે)

ભગવાન ! યુદ્ધ કેવી ભયંકર વિપત્તિ છે ? અને સમય સમય પર કેમ ફાટી નિકળે છે ? ૧૫૦ લાખ (દોઢ કરોડ !) સેના યુરોપીય

નથી, પણ આવી રીતે કામ લેવુ સાફ માને છે સભ્ય જગતમા દરેક ઠેકાણે એવો પ્રચાર ચાલે છે એવા યંત્રોનો પ્રયોગ ગર્ભ નષ્ટ કરવા (aboration)ના ગુનાહ જેવો ગણાતો નથી

મહાયુદ્ધમાં શા માટે એકત્રિત થઈ? દરરોજ ૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ કેટલા સમય સુધી અને શા માટે સ્વાહા કરવામાં આવ્યો? આ વીસમી સદીમાં જેવી લોહીની નદીઓ વહેવડાવવામાં આવી તેવી તો સિકન્દર, તૈમુર, જંગીસ, ઝર્કસીસ, હનીબલ, સીઝર, સુલાદીન, અને નેપોલિયન વગેરેએ મળીને પણ નથી વહેવડાવી ! જે શતાબ્દીની સભ્યતાને માટે માનવજાતિને અભિમાન હતું, તેજ શતાબ્દીમાં સભ્યતાનો મુગટ ધારણ કરવાવાળી જાતિઓજ પરસ્પર ભયંકર યુદ્ધ મચાવીને ડ્રેડનોટ, સબમરીન, ઝેપલિન, અને હવાઈ વિમાનો દ્વારા એક બીજાનું સર્વનાશ કરનારી નિવડી, સારા સંસારના વેપારને હાની પહોંચી કલા, શિલ્પ, વિજ્ઞાન કૃષિ વગેરે સર્વ અટકી રહ્યા, કેન્ટનથી (અમેરિકા) કેન્ટન (ચીન) સુધી હાહાકાર મચી રહ્યો. સભ્યતાના હૃદય તલવાર અને ભાલાની અણીથી વિંધાઈ ગયા. પૃથ્વી ડામાડોળ થઈ રહી ભૂમંડલની પ્રત્યેક વ્યક્તિ કાંપી ઉઠી સારા સંસારની પ્રલય–સામગ્રી એકઠી થઈ મોટા મોટા યોદ્ધાઓ કપાઈ મુવા. વિદ્વાનો માર્યા ગયા ઘોર સંહાર વળી ગયો ત્યારે યુદ્ધ વિરામની વાત થઈ. આ યુરોપીય યુદ્ધ માનવજાતિના વિનાશનું કારણ બની ગયું છે.

પરંતુ એ કાંઈ નવોજ બનાવ નથી. સૃષ્ટિના આરંભની સાથેજ આપણે યુદ્ધનો આરંભ પણ જોઈએ છે. આપણા વેદોમાં સુદ્ધાં શત્રુઓના ઉપર વિજય પ્રાપ્ત કરવાની પ્રાર્થનાઓ વર્ણવેલી છે. આર્યોએ ભારતમાં આવીને અનાર્ય, કોલ, ભીલ વગેરે જાતિઓ સાથે યુદ્ધ કીધું તેઓનો દેશ છીનવી લીધો, અને તેઓને જંગલોમાં હાંકી મૂક્યા. ક્રોધની મૂર્તિ એવા પરશુરામે અનેકવાર પૃથ્વીને નક્ષત્રી–ક્ષત્રીરહીત કરી. મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રજીને રાવણ વગેરે અનેક દુ:ખદાયક અત્યાચારીઓનો નાશ કરવો પડ્યો, અને બીજી વખતે પિતા અને પુત્ર (લવ, કુશ) વચ્ચે પણ યુદ્ધ થયું. ભગવાન શ્રીકૃષ્ણને પણ મહાભારતનું ભીષણ યુદ્ધ કરવું પડ્યું. એ યુદ્ધમાં ભાઈએ ભાઈને, મિત્રોએ મિત્રોને, ભત્રિજાએ કાકાને, પૌત્રે દાદાને, ગુરૂએ શિષ્યને મારી નાખ્યા

પોતાના કુટુમ્બનો અને સાથે દેશની જનસખ્યાનો સહાર વાળી મૂક્યો આજે પાચ હજાર વર્ષથી ભારતમા લોહીની નદીઓ વહી રહી છે, ભારત વિદેશીઓનો શિકાર બની ગયો છે ગ્રીક સીથિયન હુન્સ, ગિજની ઘોરી, અફગાન, પઠાણ, તુર્ક તાતાર, મુગલ, વગેરેની મરજીમા આવ્યુ તેઓએ ભારતનુ રક્તપાન કીધુ લાખો નિર્દોષ સ્ત્રીઓને એક સામટા કતલ કરીને લોહીની નદીઓ વહેવડાવી તૈમુર, નાદિરશાહ અને આરગજેબે ભારતના કેવા હાલહવાલ કીધા તે જગજાહેર છે દસ હજાર વીરબાળાઓને ભસ્મ કરનારી ચિતોડની ચિતા આજે પણ ભારતવાસીઓ સન્મુખ ભડભડ બળી રહી છે ભારતની સાચી દેવીઓ પદ્મિની, જવાહિર તારા, લક્ષ્મીબાઈ, અને દુર્ગાવતી વગેરે યુદ્ધ-યજ્ઞની આહુતિમા હોમાવાથી આજે પણ તેઓની પૂજા થાય છે

એકલો ભારતજ નહી પણ ભમડળનો કોઈપણ દેશ, જાતિ, અથવા કાળ યુદ્ધ વગર રહ્યો નથી એશિયા, યુરોપ, અમેરિકાના જે કોઈ દેશનો ઇતિહાસ જોઈએ તે યુદ્ધના વર્ણનથી ભરપૂર જોવામા આવે છે પ્રાચીનકાળના લોકોને અસભ્ય ગણીને તેઓના યુદ્ધનુ વૃત્તાન્ત બાજૂએ મકીએ અને અર્વાચીનકાળની સભ્ય અને સુશિક્ષિત જાતિઓના સમયનો ઇતિહાસ જોઈએ તો તે પણ ભયકર યુદ્ધના વર્ણનોથી ભરપૂર છે હમણા થોડાજ સમય ઉપર ટ્રાન્સવાલ, રૂસ-જાપાન ઇટાલિ-રૂમ, રૂમ-બાલ્કન, વગેરે અનેક યુદ્ધો થઈ ગયા છે, અને હાલેજ મધ પડેલા ભિષણ યુરોપીય યુદ્ધમા નાના મનાતી મહાન જાતિઓએ એકબીજા સામે આથડીને યુરોપીય તથા અન્ય દેશી જનસખ્યાનો કચ્ચરઘાણ વાળ્યો તેની તો વાતજ શી કરીએ !

હાલના સભ્ય અને સુશિક્ષિત સમયમા સસારમાત્રના કલ્યાણને માટે આતરરાષ્ટ્રીય સધિ (International treaty) થઈ પ્રત્યેક દેશમા પ્રત્યેક રાજ્યના દૂત (એલચી) રહેવા લાગ્યા, અને તેની સલાહથી અથવા આતરરાષ્ટ્રીય પચાયત દ્વારા તકરારોનુ સમાધાન કરવાનો ઠરાવ થયો રાજા-પ્રજા વચ્ચેનો દ્વેષ ઓછો થઈને મિત્રતા વધી

રાજાઓએ વ્યક્તિગત આપખુદ શાસનપ્રણાલી બદલીને પ્રજાની અનુમતિ લઈ રાજ્યપ્રબંધ કરવા માંડ્યો. ધર્મસુધારકોનો પ્રભાવ વધ્યો, પોપ, પાદરી, અને પંડિતોની દૈવી શક્તિનો અંત આવ્યો. વિદ્યાની વૃદ્ધિ થવાથી સ્વતંત્ર વિચારની પ્રવૃત્તિ ચાલી, તેને લઈને લોકો પરસ્પર એકબીજાના અધિકાર અને કર્તવ્ય સમજતા થયા. સ્વાર્થસિદ્ધિની વાત ઓછી થઈ અને પરોપકારની ભાવના વધી. અમેરિકા તથા યૂરોપમાં સામ્યવાદીઓનું (Socialists) બળ વધવા લાગ્યું. રાષ્ટ્રીય સંપત્તિ ઉપર પ્રત્યેક વ્યક્તિનો સમાન અધિકાર માનવા લાગ્યો, પ્રત્યેક વ્યક્તિને પોતાની યોગ્યતા અનુસાર પોતાની સુધારણા કરવા માટે પૂર્ણ અવસર પ્રાપ્ત થવા દેવાનો યત્ન થવા લાગ્યો, સર્વ સાધારણ

---

* ઈ. સ. ૧૮૧૨ માં રોબર્ટ ઓએને સામ્યવાદ સમાજસ્વત્વવાદનો પ્રચાર કીધો. આજકાલ અમેરિકા, ઈંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની અને રૂશિયામાં એનું બહુ પ્રબળ છે. સામ્યવાદીઓનો મત એવો છે કે કોઈપણ રાષ્ટ્રની સંપત્તિ ઉપર સઘળી વ્યક્તિઓનો સમાન અધિકાર છે, અને પ્રત્યેક વ્યક્તિને ઉન્નતિ કરવાનો અવસર મળવો જોઇએ. થોડાએક યોગ્ય મનુષ્યો જરૂર કરતાં અધિક સંપત્તિ પચાવી પડીને એશઆરામ ભોગવે અને આખી જીંદગી મજાહ ઉડાવે, અને મોટા ભાગની વ્યક્તિઓ ભૂખે મરે, અભણ રહે, તથા નાના પ્રકારના દુઃખ સહન કરે તે વ્યાજબી નહીં ગણાય. તેઓ કહે છે કે (૧) સર્વ સાધારણ લોકોને ફરજીયાત (Compulsary) શિક્ષણ આપવું જોઇએ. (૨) અધિક સંપત્તિવાળા ઉપર અધિક અને ઓછી સંપત્તિવાળા ઉપર ઓછો રાજકર હોવો જોઇએ, તેમ થવાથી સંપત્તિની લગભગ સમાન વહેંચણી થઈ જાય. (૩) જે લોકોને સાહુકાર પાસેથી નાણાં વ્યાજે મળી શકે નહીં તેવાઓને માત્ર નામનું વ્યાજ લઇને સરકારે કરજ ધીરવું. (૪) સંપત્તિ તથા ભૂમિના અધિકાર બાબતમાં ધર્માનુકૂલ ફરજીયાત આચરણ હોવું જોઇએ, અને (૫) પ્રત્યેક વ્યક્તિનો સમાન ધર્મ છે કે જીંદગીને માટે આવશ્યક તથા વિશેષ સુખની સામગ્રી ઉપાર્જન કરવા માટે કઠણ પરિશ્રમ કરવો.

લોકોને અર્વાગ્ શિક્ષા પ્રાપ્ત થવા લાગી જેવી રીતે રણમૂર્તિ ભગવતી દુર્ગાને સર્વે દેવતાઓના અંગપ્રત્યંગોની શક્તિ મળી, તેવીજ રીતે હેગમાં શાંતિમંદિરની સ્થાપના કરવા માટે પરસ્પર વિરોધ અને મૈત્રી રાખનારી અનેક શક્તિઓએ મળીને સહાયતા કરી, અને તે અનુપમ ' આન્તરરાષ્ટ્રીય શાંતિમંદિર ' સર્વાંગપૂર્ણ બની પણ ગયું×

આજથી હજારો વર્ષ પૂર્વે રામ-રાવણ યુદ્ધ થયું તે સમયથી માંડીને આજના યુદ્ધ સુધી લોકો શાંતિપૂર્વક તકરાર ઝગડાનું સમાધાન કરવાનો પ્રયત્ન કરતા આવ્યા છે રાવણને અંગદ વગેરેએ કેટલો સમજાવ્યો મહાભારતનું ભિષણ યુદ્ધ શરૂ થવા અગાઉ તે સમયના મોટા મોટા રાજનીતિજ્ઞોએ દુર્યોધનને યુદ્ધ નહીં કરવાની સલાહ આપી, ગુરુજનોની ભરી સભામાં મહારાણી ગાન્ધારીએ યુદ્ધ નહીં કરવાનો ઉપદેશ આપ્યો, ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોના તરફથી દૂત બનીને યુદ્ધ

× આ શાંતિમંદિર બાંધવા માટે આરંભમાં ધન-કુબેર મિસ્ટર કારનેગીએ ૩૫ લાખ મુદ્રા અર્પણ કીધી ડચ પાર્લામેંટે ભૂમિને માટે આઠ લાખ ચાલીસ હજારનું દાન આપ્યું નાર્વે અને સ્વીડને પત્થર પૂરા પાડ્યા ડેનમાર્ક બાગમાંનો ફુવારો બનાવી આપ્યો હોલાંડે ઇંટો પુરી પાડી ઈટાલિએ આરસપહાણ આપ્યો ઈંગ્લાંડે બારી બારણાંના રંગીન કાચ આપ્યા બ્રાઝિલે લાકડાં આપ્યાં અને બારણાં બનાવવાનો ખર્ચ આપ્યો બેલજિયમે લોઢાના દરવાજા આપ્યા જર્મનીએ બહારનો મોટો દરવાજો બનાવી આપ્યો સ્વિટ્ઝર્લાંડે ખજાનાને માટે ઘડીઆળ આપ્યું ફ્રાન્સે રંગ જડાવ કામ અને ચિત્રકામ કરાવી આપ્યાં તુર્કસ્થાને શેત્રંજીઓ પાથરી આપી આસ્ટ્રેલિયા અને હંગેરીએ ટેબલ ખુરસીઓ કરાવી આપ્યાં રૂશિયાએ અ- અમુલ્ય રાજ્યશસ્ત્રનું ગુલદાન આપ્યું હંગેરીએ અત્યંત સુંદર શામદાન આપ્યું આસ્ટ્રીયાએ મૂલ્યવાન રકાબીઓ આપી અમેરિકાએ કાંસાના અને આરસના પુતળાં આપ્યાં, ચીને ઉત્તમોત્તમ પ્યાલા આપ્યા જાવાએ મનોહર રેશમના ચિત્રો આપ્યાં આવી રીતે સારા સંસારની અનુમતિ અને સહાયતાથી શાંતિમંદિર સ્થાપન થયું

(ભારી જન)

કર્યા વગર તકરારનુ સમાધાન કરવા બહુ સમજ પાડી—

> **सृज्यन्ता राजधानीषु सर्वसंपन्महीशिताम् ।**
> **पृथ्वी भ्रातृभावेन युज्यता विश्वगोभव ॥**
>
> **महाभारत**

તોપણ યુદ્ધ અટકી શક્યુ નહી જે લોકો યુદ્ધ નહી કરવાની સલાહ આપતા હતા તેઓનેજ યુદ્ધ કરવા માટે ઉત્તેજન આપવુ પડ્યુ ૧૮ અક્ષૌહિણી (૪૭ ૨૦ ૯૨૦ સૈનિક) સેના કુરુક્ષેત્રની રણભૂમિમા નાશ પામી ત્યારથી તે અનંત કાળથી લોકો ઘુમરાણ કરતા રહ્યા છે કે '**मा युध्यस्व**' યુદ્ધ નહીં કરો, તોપણ વખતોવખત બીજીપણ યુદ્ધ સળગી ઉઠે છે, અને લાખો, કરોડો મનુષ્યનો વાણ નીકળી જાય છે આ શુ કહેવાય ? યુદ્ધ શી વસ્તુ છે ? અને શા માટે થાય છે ?

બાઇબલમા લખ્યુ છે તે પ્રમાણે સૃષ્ટિ કાઇ એકી વખતે જ ૭ દિવસમા બની ગઇ નથી સૃષ્ટિને આજે આપણે જે રૂપમા જોઇએ છીએ તે કરોડો વર્ષના પરિવર્તનનુ ફળ છે પ્રકૃતિથી આકાશ, આકાશથી વાયુ, વાયુ પછી અગ્નિ, અગ્નિ પછી જળ, અને જળની પછી પૃથ્વી, પૃથ્વીથી ઔષધિ, ઔષધિથી અન્ન, અન્નથી વીર્ય, અને વીર્યથી શરીર એટલે પુરૂષ ઉત્પન્ન થયા

પશ્ચિમના વિદ્વાનોએ+ પણ એવુજ સિદ્ધ કીધુ છે કે કરોડો વર્ષના પરિવર્તનથી સૃષ્ટિનુ આજે આપણે જોઇએ તેવુ રૂપ બનેલુ છે લાખો વર્ષમા ધીરે ધીરે જડ પૃથ્વી, પહાડ, નદી વગેરે બન્યા પછી વધતા વધતા વનસ્પતિનો ઉગમ થયો, વનસ્પતિમાથી ઉન્નતિ થતા થતા પશુ વગેરે પ્રાણી ઉત્પન્ન થયા પશુઓમા વાદરની દશામાથી વધી વધીને વન-મનુષ્ય અને તેમાથી સાધારણ મનુષ્ય જાતિ ઉત્પન્ન થઇ

પ્રત્યેક દેહધારી પોતાની જાતિ વધારવાની પ્રબળ ચેષ્ટા કરે છે પણ પ્રકૃતિનો એક વિલક્ષણ નિયમ એવો પણ છે કે દેહધારી અધિક

+ Vide 'Origin of Specie's by Darwin

અને તેના ખોરાક ક્રમે ઉત્પન્ન થાય છે અર્થાત્ ખનિજ, વનસ્પતિ, પશુ, અને એ સર્વનો રાજા મનુષ્ય, એમ સમસ્ત દેહધારીઓમાં—પરમાણુ પરમાણુમાં સ્વભાવથીજ કઠોર સંઘર્ષ ચાલુ છે

પોતાની જાતિ વધારવા માટે અને જીવનરક્ષણ માટે પ્રત્યેક દેહધારીને આવશ્યકતાનુસાર બીજાની જોડે લડવું પડે છે નબળા નિર્બળ-ને ખાઈ જાય છે, તેનો આધાર [illegible] જાય છે જે અયોગ્ય હોય મૂર્ખ હોય, દુર્બળ હોય તે નિર્મૂળ થઈ જાય છે જે યોગ્ય હોય બુદ્ધિમાન હોય, બળવાન હોય તે જીવતા રહે છે ફળે છે, ફૂલે છે અને પોતાની જાતિ વધારે છે (Survival of the fittest) આવી સ્વાભાવિક લડા-લડીને જીવનપ્રયાસ કહે છે [illegible] ગ્રન્થોમાં એ જ સર્વ લડા-લડી, અથવા જીવનપ્રયાસને યુદ્ધ કહે છે

સંસારના અન્ય પશુઓની પેઠેજ મનુષ્ય પણ પોતાની જાતિ વધારવાના યત્ન કરે છે પુરુષ અને સ્ત્રીના સમાગમથી સંતાન ઉત્પન્ન થાય છે તેને કુટુંબ કહે છે એ કુટુંબના પ્રત્યેક વ્યક્તિ પરસ્પર એક-બીજાની સહાયતા અને રક્ષા કરે છે ધીરે ધીરે કેટલાએક કુટુંબ સાથે રહેવાનું સ્વીકારી લે છે આવા પરસ્પર [illegible] તેઓ પોતાનું કામ સારી રીતે કરી શકે છે, અને એટલીજ રીતે [illegible] બીજા સમૂહના આક્રમણ તથા અત્યાચારથી [illegible] રક્ષા કરી શકે

આવા અનેક કુટુંબોના મેળાપને કોમ જાતિ, [illegible] ટ્રાઇબ (Tribe) કહે છે જેમ એક કુટુંબની પ્રત્યેક વ્યક્તિના [illegible] સાથે વર્તવાના નિયમો હોય છે તેવાજ અનેક નિયમો એક કોમના [illegible] પણ પોતાની [illegible] ઉન્નતિ માટે બનાવે છે એક જાતના લોકો તેજ કોમના લોકોને લૂટી શકતા નથી, એક બીજાને મારી શકતા નથી કારણ કે એવું કરવાથી [illegible] થાય છે તેમ છતાં બીજી કોમો સાથે સારી રીતે વર્તવા [illegible] બંધાતું નથી આમ જો પોતાના [illegible] બીજી કોમોની સંપત્તિ લૂટી જાય અથવા તેઓને મારી [illegible] હોય તો કાંઈ વાંધો નથી

પાસે પાસે રહેનારી નાની નાની કોમોને એવું જણાય કે એક-બીજાને લડવાથી કોઇ બીજી મોટી કોમના આક્રમણ સમય તેઓ એકબીજાની સહાયતા કરી શકતા નહીં, ત્યારે કુટુંબો મળીને જેવી રીતે કામ બંધાય છે, તેવીજ રીતે કોમોના એકત્ર થવાથી રાષ્ટ્ર (Nation) બની જાય છે એના રાષ્ટ્રને માટે અનેક સામાજીક અને ધાર્મિક નિયમો બને છે પછી સ્વાભાવિક રીતેજ રાષ્ટ્રના નિયમોનું સૌકો ઉલ્લંઘન કરતા નથી અને નિયમ વિરૂદ્ધ ચાલનારને દંડ થાય છે

પ્રકૃતિનો એવો નિયમ છે કે ખાનારા અધિક અને ખોરાક કમી ઉત્પન્ન થાય છે અને સ્વભાવથીજ મનુષ્યનામાં પોતાની ઉન્નતિ કરવી, પોતાની વર્તમાન દશા સુધારવી, પોતાના સુખ અને આરામમાં સદૈવ કાંઇ કાંઇ વધારો કરતા રહેવું એવો ગુણ રહેલો છે તેથી મનુષ્ય સ્થિર રહી શકતા નથી કાંતો આગળ વધે છે અથવા પાછળ હઠે છે – Man cannot remain stationary He must either improve or impair

જનસંખ્યા વધે છે તેની સાથે સાથે આવશ્યકતાઓ પણ વધે છે નવા નવા દેશોમાં સંસ્થાનો વસાવવા, નવા નવા બજારોમાં પોતાની પ્રજાના બેસાડવી, નવા નવા રાષ્ટ્રોને પોતાના મ[illegible]વશ બી અથવા આધીન બનાવવા દગાબાજીથી, પ્રપંચથી, સગજોરીથી બી[illegible] રાષ્ટ્રોની સંપત્તિ હરણ કરવી, [illegible] પ્રકારે અન્ય જાતિઓના અધિકાર [illegible] એજ રાષ્ટ્રનો મુખ્ય [illegible] હોય છે એટના એક [illegible]ની યુક્તિઓના માટે સમાજ છે, નિયમ છે, ધર્મ છે, કર્મ છે, પાપ અથવા પુણ્ય પણ કારક છે પરંતુ પોતાના [illegible] રાષ્ટ્રની [illegible] બીજા [illegible] સાથે વહેવાર કરવામાં તો માત્ર એક સ્વાર્થસિદ્ધિ [illegible] નિયમ જોવામાં આવે છે જેનાથી સ્વાર્થ સધાય તે [illegible] કરવામાં પરમ ધર્મ ગણાય છે પણ જે કાર્ય કરવાથી સ્વાર્થના [illegible] આવે અથવા [illegible]કત થાય તે કરવામાં ભય છે, પાપ છે, [illegible] આ કારણથીજ રાષ્ટ્રનીતિ અથવા પદ્ધતિનું બીજું નામ સ્વાર્થસિદ્ધિ છે

પરતુ બીજા રાષ્ટ્ર એની સ્વાર્થસિદ્ધિમા યથાશક્તિ વિઘ્ન નાખે છે, તે વખતે ગડારગડી શરૂ થાય છે અને છેવટે ભીષણ યુદ્ધ મચી જાય છે

પોતાના રાષ્ટ્રની સીમામા લૂટ નહી થવી જોઈએ એવુ કામ કરનારને રાષ્ટ્રના નેતાઓ દડ કરે છે ખૂન નહી કરવુ જોઈએ ખૂન કરનારને દેહાતદડ કરવામા આવે છે રાષ્ટ્રની કોઈપણ વ્યક્તિને નુકશાન પહોચે અથવા દુખ થાય એવુ કોઈપણ નાનુ અથવા મોટુ કૃત્ય થવુ નહી જોઈએ, કારણ કે એવુ થવાથી રાષ્ટ્રમા કમજોરી આવે છે પરતુ રાષ્ટ્રની સીમાથી બહારના બીજા રાષ્ટ્રની સાથેના વ્યવહારમા કોઈ પ્રકારનો નિષેધ ગણવામા આવતો નથી બીજા રાષ્ટ્રના ધન-વસ્તુ હરણ કરવાથી, તેની સર્વ સપત્તિ લૂટવાથી લૂટારાપણુ કહેવાતુ નથી પોતાના રાષ્ટ્રના કોઈ તુચ્છ મનુષ્યને મારનારને ફાસીની સજા થાય છે પણ લડાઈ કરતી વખતે બીજા રાષ્ટ્રના અનેક મનુષ્યોને મારનાર ખૂની ગણાય નહી લાખો, કરોડોની કતલ ચલાવીને લોહીની નદીઓ વહવડાવવાથી, અનાથો અને વિધવાઓને રઝળતા કરવાથી, દેશમા ઠેરઠેર આગ લગાડીને અથવા મનુષ્ય મનુષ્યને જેટલા જેટલા પ્રકારે હાની પહોચાડી શકે તેટલી હાની પહોચાડવાથી આલોક અને પરલોક બન્ને સધાય છે, પોતાના રાષ્ટ્રમા નામના થાય છે, માન પમાય છે, અને મરવા પછી હરિધામ પ્રાપ્ત થાય છે ।

મનુષ્ય સ્વભાવથીજ એક લડાયક પશુ છે જેવી રીતે બે જણાને પરસ્પર તકરાર થાય ત્યારે તેઓ પોલીસ અને ન્યાયની કોરટોમા આખર સુધી લડે છે, તેઓ પોતાને ધનનો લાભ થવાના વિચારથી નથી લડતા, પરતુ પોતે જેને અધિકાર સમજતા હોય તેની રક્ષા કરવા, અથવા પોતાની સમજ પ્રમાણે પોતાને થયેલા નુકશાનનો બદલો લેવાના વિચારથી પોતાના ઉકળેલા લોહીને અથવા ક્રોધાગ્નિને શાત કરવા માટે લડે છે, તેવીજ રીતે રાષ્ટ્રોની વચમા પણ લડાઈ થાય છે કોઈ વખતે સ્વતત્રતાને માટે, કોઈ વખતે બળ અથવા અધિકારને માટે અને કોઈ વખતે દેશવિસ્તારને માટે લડાઈ થાય છે અમુક

સીમાની બન્ને તરફના ગામોને પોતાના અભિમાન અને સંસ્કૃતિની સત્યતાનો વિશ્વાસ એમનામાં આવેજ નહીં જાગે, એટલે પછી લોકો તે વખતે ક્ષાત્ર અથવા સંસ્કૃતિનાશ વિના પડતો મૂકે.

પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ પરથી માલમ પડે છે કે જે પ્રજા અથવા રાષ્ટ્ર લડવા માટે વિશાળ કર્યા કરે છે અને લડાઈમાં સૌથી વધારે કુશળતા વાપરે છે તે જાત પ્રકૃતિવાળા લોકો કે લાગી રહે છે આ પ્રમાણે પ્રયાસ કરતી હોય તે જાતિજ ટકીને ત્યાંથી જે ઉન્નતી રહે છે; અર્થાત લડાયક જાતિઓજ પ્રગતિની સિદ્ધિ થાય.

કોઈ કોઈ લોકો આમ માને છે, લોકો એવા સ્વપ્ન જુએ છે કે– સભ્યતાનો વધારો થતાં યુદ્ધ અને તેનાથી ઉત્પન્ન થતાં પ્રશ્નોનો અંત આવી જશે; પરંતુ સભ્યતા મનુષ્યના યુદ્ધપ્રિય સ્વભાવને બદલી શકતી નથી. મનુષ્ય સ્વભાવજ જ્યાંસુધી બદલાય નહીં ત્યાંસુધી પૃથ્વીમાંથી યુદ્ધનો અંત આવશેજ નહીં. વળી રાજ્યોની દુર્બુદ્ધિ, અમલદારોની આળસ, અને અકર્મણ્યતાથી પરસ્પર સંઘર્ષ ચાલતો રહે નહીં, તો મનુષ્યજાતિની અવનતિ થઈ જાય. યુદ્ધ ઉન્નતિનું એક આવશ્યક કારણ છે. યુદ્ધ તો એક એવું છે કે જે દેશોને આળસની નિદ્રામાં પડીને ઉંઘવા દેતો નથી, અને મધ્યમ શ્રેણીના સંતુષ્ટ લોકોને ઉદાસીનતામાંથી જાગૃત કરે છે. વ્યવસાય અને રણસંગ્રામથીજ મનુષ્યનું અસ્તિત્વ ટીક રહે છે. જે સમયે રોમના જેવું શાંતિ-સંપન્ન સામ્રાજ્ય મનુષ્યને પ્રાપ્ત થશે અને માથા ઉપર કોઈપણ શત્રુ રહેશે નહીં તે સમયે મનુષ્યની ચારે બાજુએ નજર રાખનારી 'સદા વ્યવસાયાત્મિકા બુદ્ધિ' બહુ નિદ્રાવશ થઈ જશે.

દેશાભિમાન, ઉચ્ચાભિલાષા, નિષ્કપટપણું, ખંત, સંપત્તિ, સ્વાસ્થ્ય, સંપ, બળ, વિદ્યા અને વીરતા વગેરે અનેક સદ્ગુણો પ્રથમ યુદ્ધમાંથીજ પ્રાપ્ત થયા છે, અને આજે પણ માત્ર યુદ્ધને લીધેજ એ ગુણોની સ્થિતિ રહેલી છે. વાસ્તવિક જીવનના કઠોર ઝગડામાં વિજય પામવા માટે અત્યન્ત આવશ્યક વીરતા સંબંધી ગુણો યુદ્ધને લીધેજ પ્રાપ્ત થાય છે.

જેવી રીતે ઝાડૂ કાઢનાર દેખાય છે મેલા પણ વધારે ઉપયોગી હોય છે, તેવી રીતે યુદ્ધ અવશ્ય ભયંકર તો દેખાય છે પણ મનની દુર્બળતા ટાળીને તેને સતેજ બનાવે છે વાવાઝોડાથી હવા શુદ્ધ થાય છે, ખવાઈ ગયેલા મૂળીઆવાળા નકામા ઝાડો ઉખડી પડે છે, અને દૃઢ મૂળીઆ વાળા મજબૂત ઉપયોગી ઝાડો બચી જાય છે યુદ્ધને લીધે રાષ્ટ્રની રાજનૈતિક શારીરિક યોગ્યતાની પરીક્ષા થઈ જાય છે જે રાજ્યમા સદા પ્રેમનાથી તે ખોખરૂ થઈ ગયુ હોય છે ત્યારે થોડો વખત સુધી કદાચ શાતિપૂર્વક વિસ્તાર પામે છે ખરૂ, પણ યુદ્ધ વખતે તેની દુર્બળતા પ્રગટ થઈ જાય છે

યુદ્ધને લીધે ઉન્નતિ અટકી નથી, પણ ઘણી ખરી વખતે ઉન્નતિના તારીફ કરવા યોગ્ય માર્ગો ખુલ્લા થયા છે અનેક યુદ્ધો થતા રહ્યા તેથી નહી પણ યુદ્ધો થવાને લીધેજ આથેન્સ અને રોમ પોતાની સભ્યતાના શિખરે પહોચ્યા હતા ઇગ્લાડ, જર્મની, જાપાન અને ઈટાલી વગેરે રાજ્યો તલવારથી પોતાનુ લોહી વહેવડાવીનેજ રાષ્ટ્રસૂત્રમા બધાયલા છે

વોશિંગટને લખ્યુ છે કે "સ્વાર્થ સિવાય બીજા કોઈ પણ હેતુથી રાષ્ટ્રોની નિરતર દૃઢતાપૂર્વક આચરણ કરવાની આશા વ્યર્થ છે આતરરાષ્ટ્રીય સ્વાર્થનુજ અનુશીલન માત્ર રાજપુરુષોની ગભીર અને દૂરદર્શી નીતિનો એક આધાર છે" આ શબ્દો લખાયા તે સમયે જેટલા સત્ય હતા તેવાજ આજે પણ છે, અને સદાકાળ એવાજ સત્ય રહેવાના આપણે પ્રત્યક્ષ જોઇએ છે કે રાજનીતિમા મિત્રતા હોતી નથી, સગાઈ હોતી નથી, શાતિ હોતી નથી, વિશ્વાસ હોતો નથી, સહનશીલતા આદિ કોઈ સદ્ગુણ પણ હોતો નથી જો કોઈ રાષ્ટ્ર બીજા કોઈ રાષ્ટ્રની સાથે સદ્વ્યવહાર કરતો દેખાય તો નક્કી સમજવુ કે તેના સદ્વ્યવહારના પડદા પાછળ કાઈ સ્વાર્થ અવશ્ય છુપાયલોજ છે ભારત અને ઇગ્લાડનો સબધ બહુ ગાઢ છે એક બીજાના પરમ શુભચિતક છે ભારતવાસીઓ પોતાનાજ સમ્રાટના રાજ્યમા અપમાન પામે છે, આસ્ટ્રેલિયામા તેઓને પગ મૂકવાનો પણ

અધિકાર નથી, કેનેડામા જવા માટે કેવા હાલ હવાલ થયા તે બિના તો તાજીજ છે, આફ્રિકામા ભારતવાસીઓના દુખની હૃદય-વેધક હકીકતથી હૃદયમા કપારી છૂટે છે બ્રિટિશ સામ્રાજ્ય એ સઘળુ જુએ છે, કરુણાજનક રુદન પણ સાભળે છે, પરતુ તેનો તાત્કાલિક ઇલાજ કરવા પોતે અસમર્થ છે બીજી તરફ જોઇએ તો જર્મની બેલજિયમને છૂંદી નાખે તે ઇગ્લાડથી સહન થાય નહી બેલજિયમ સાથે ઇગ્લાડને કાઇ પણ સબધ નહીં હતો, તેમ છતા માત્ર પરોપકાર બુદ્ધિથીજ તેની સહાયતા કરવા માટે પોતાની ખાસ સગાઇ સબધવાળા જર્મની વિરુદ્ધ ભયકર યુદ્ધ કરવા માટે આપોઆપ કુદી પડ્યુ

જેવી રીતે આપણે અપમાન ખમી રહેનાર મનુષ્યને તુચ્છ ગણીએ છીએ તેવીજ રીતે અપમાન સહન કરીને બેસી રહેનાર રાષ્ટ્રને પણ લોકો તુચ્છ ગણે છે સસારમા કાયર અને શાતિ ચહાનારા મનુષ્ય અથવા રાષ્ટ્રને લોકો માનની દૃષ્ટિથી જોતા નથી

બીજા રાષ્ટ્રના સ્વાર્થ, અત્યાચાર, અથવા અપમાનમાથી બચવાનો માત્ર એકજ ઇલાજ યુદ્ધ છે શાતિની વ્યવસ્થા રાખવા જતા મનુષ્યનુ કામ સારૂ નથી ચાલતુ

આ સસારમા જે જાતિને સર્વથી અળગા બેસીને આરામ ભોગવવાની અને લડાઈ ઝગડાથી મુક્ત રહેવાની ટેવ પડી જાય છે, તે જાતિને, જે જાતિઓમાથી વીરતા, સાહસ અને પુરૂષાર્થનો નાશ નહીં થયો હોય એવી જાતિઓ સમક્ષ નીચા પડવાનો અવસર આવે છે "It is a law of nature common to all mankind which no time shall ever destroy, that those who have more strength and excellence shall bear rule over those who have less"

જર્મનીનો પ્રસિદ્ધ જનરલ વર્ણહાર્ડી કહે છે કે શાતિનુ આદોલન વિષમય હોય છે સ્વાર્થીપણાથી બીજાના અધિકાર હરણ કરવા

* જર્મનીનો બાદશાહ કૈસર સમ્રાટ્ પચમ જોર્જની ફોઇનો દીકરો છે.

માટે નહી તો પણ પોતાના દેશ અથવા રાષ્ટ્રના અધિકાર સાચવી રાખવા માટે તો અવશ્ય પ્રત્યેક રાષ્ટ્રને યુદ્ધ કરવા માટે સદા તૈયાર રહેવુંજ જોઇએ.

પ્રસિદ્ધ ગ્રેગને કહ્યું છે કે- “દયાળુ અને ચિંતનશીલ જાતિઓ હળવે હળવે નિર્બળ થઇ જાય છે અને લડાયક જાતિઓની સત્તા વધતી જાય છે” ભારત દેશની માફક મૈત્રી, વિચાર અને સદ્ભાવનાના કારણથી આત્મરક્ષાના ઉપાયોમાં જે દેશ ઢીલો પડી જાય તેના ઢીલાપણાથી અન્ય યુદ્ધપ્રિય જાતિઓ ચઢાઇ કરવાને આવી મળે છે. તેના પરિણામે સભ્યતાના શિખર ઉપર બેઠેલી જાતિઓ અસભ્ય જાતિઓના હાથે વારંવાર હાર ખાઇને ધૂળમાં મળી જાય છે. જગતની લોકોના ઇતિહાસો અત્યારસુધીની તવારીખ ... ગ્રીસની વાત તો રોમની સભ્યતા, મિસરનું મહાન પુસ્તકાલય અને ભારતનું અનુપમ સાહિત્ય નાશ પામવાનો અવસર આવત ન.

અનેક ભારતવાસીઓનો એવો દૃઢ વિશ્વાસ છે કે મહાભારતનું યુદ્ધ થવાથીજ ભારતની પાયમાલી થઇ ગઇ; પણ એમ નથી. ભારતની પાયમાલી થઇ ચૂકી હતી તેથી મહાભારતનું યુદ્ધ થયું અને પછી હજારો વર્ષ સુધી પરદેશીઓના હુમલા થયા. આટલા લાંબા સમયમાં આવા નાના નાના લુટારાઓને મારી હઠાવવા જેટલી પણ નહી શક્તિ શું ભારતમાં રહી ન હતી? શું નેપાલિયનના સમય પહેલાંના જર્મની કરતાં પણ મહાભારત પછીના ભારત વધારે દુર્દશામાં હતો? માત્ર ૧૦૦ વર્ષની તૈયારી વડે સારા સંસારની સામગ્રી ભેગી થયેલી શક્તિઓ સામે જર્મની એકલાએ બાથ ભીડી, અને તોબા! તોબા! પોકારી શક્યું પણ ભારતને એકલા સિકંદરની સામે માથું નમાવવું પડયું! જાપાન માત્ર ૫૦ વર્ષમાં રૂશિયા જેવા વિશાળ દેશને પરાસ્ત કરવા જેટલી શક્તિ સંપાદન કરી શક્યું પરંતુ ભારત ૫૦૦૦ વર્ષ વીતી જવા છતાં પણ વિદેશીઓનું ગુલામ બની રહ્યું છે.

A peace that has the prospect of being disturbed every day and week has not the value of peace. A war is often less harmful to the public welfare than such a peace.

જ્યારે કોઈ વખતે જેનો ભંગ થઈ શકે છે એવી શાંતિનું કંઈ પણ મૂલ્ય નથી. જન સાધારણના કલ્યાણને માટે એવી શાંતિ કરતાં ઘણી વખતે યુદ્ધ ઓછું હાનિકારક હોય છે.

જે જે લોકોને લીધે **મહાભારત** જેવું ભયંકર આંતરિક યુદ્ધ થયું જેની અવિદ્યા, મૂર્ખતા અને સ્વાર્થપરાયણતાને લીધે **સિકંદર** બાદશાહના ઉપર વિજય મેળવ્યો જેની [illegible] અને ફૂટને લીધે **શહાબુદ્દીને** પૃથ્વીરાજ [illegible] જે લોકોને લીધે આ અભાગી દેશ આખરે વિદેશી વણિકના હાથમાં ગયો તેજ લોકો આજે પણ **ભારતમાં** વિરાજમાન છે. **ભારતના** ઇતિહાસ ઉપરથી માલમ પડે છે કે જ્યારે પણ **ભારતે** હાર ખાધી ત્યારે ભારતવાસીઓના પોતાના હાથેજ ખાધી છે. પ્રાચીન અથવા અર્વાચીન હરકોઈ સમયનો ઇતિહાસ જુઓ! તેમ ભારતને હારવાનું મુખ્ય કારણ **ભારત** પોતેજ હોય છે, એ સાફ અને પ્રત્યક્ષ જોવામાં આવે છે. અંગ્રેજોએ ભારતદેશ તલવારના બળથી જીત્યોજ નથી અને કોઈ વખતે કદાચ તલવારના બળથી કામ લીધું છે, તો તે પણ **ભારતના** સંતાનોથી જ! આજે પણ **ભારત** પરદેશીઓના બાહુબળથી નહિ, પણ પોતાનાજ સંતાનોની તલવારના બળથી પરતંત્ર છે.

---

*__આરબ__-ટર્કના પેશામાં ગજભક્ત હિંદુસ્તાની એ સામાન્ય (ચાખાનું) [illegible] પીવાથી હમણાં ગુજરાન ચાલે છે. [illegible] હતા? **રોહીલા**, **રજપૂત**, **મરાઠા**, **શીખ**, અને **અફઘાન** વગેરે યુદ્ધમાં હિંદુસ્તાની સિપાઇઓથીજ કામ ચાલતું હતું. અને પૂર્વે મુસલમાની રાજ્યમાં પણ **પૃથ્વીરાજ**, **રાણા પ્રતાપ**, અને **શિવાજીને** દબાવવા માટે પણ હિંદુસ્તાનીઓજ ફોજમાં લડતા હતા. આજે પણ **ભારતની** તમામ પોલીસ હિંદુસ્તાનીજ છે. ૧,૬૦૦,૦૦ વીર સિપાઇઓ હિંદુસ્તાનની રક્ષા કરે છે.

ભારતની પરાધીનતાના જે જે ડાગણો છે, તેમા સુધારો કરવા-થીજ સ્વાધીનતા પ્રાપ્ત થશે આ સસારમા કોઈ પણ એવી હાર નથી કે જેનુ કારણ કોઈ અવગુણ, કોઈપણ પાપ અથવા મનની દુર્બળતા નહીં હોય આ પાપનો જડમૂળથી નાશ કરવાનો સીધો ઇલાજ 'યોગ્યતા' છે આપણા પ્રત્યેક ભારતવાસીનુ મહાન્ કર્તવ્ય છે કે પોતે યોગ્ય બનવુ, અને સ્વાર્થનો ત્યાગ કરી પોતાના દેશભાઇઓને યોગ્ય બનાવવા માટે તન મન ધનથી અનેક પ્રકારની સહાયતા કરવી

આપણે આપણુ કર્તવ્ય કરવામા ધ્યાન આપતા નથી, પોતાના અધિકારો પ્રાપ્ત કરવા માટે શોરબકોર કરી મૂકીએ છીએ, અને બધોજ દોષ રાજાને માથે ઢોળી દેવાનુ શીખ્યા છીએ હવે '**यथा राजा तथा प्रजा**'નો સમય રહ્યો નથી આજે તો '**यथा प्रजा तथा राजा**'નો રિવાજ ચાલે છે સ્વતંત્રતા દેવીએ સૌથી પહેલી **અમેરિકા** ઉપર કૃપા દૃષ્ટિ કરી, અને રાજાપ્રજા વચ્ચે યુદ્ધ જામ્યુ પણ વિજય પ્રજાનો થયો રાજાને **અમેરિકા**થી સદૈવને માટે વિદાય થવુ પડયુ ત્યાર પછી **ફ્રાન્સ**ની પ્રજાએ માથુ ઉચક્યુ તેમા પણ રાજાની હાર અને પ્રજાની જીત થઇ **દક્ષિણ આફ્રિકા, કેનેડા, આસ્ટ્રેલિયા, આયર્લાન્ડ, ચીન, ઇરાન, તુર્કસ્તાન** વગેરે હરેક જગાએ પ્રજાનીજ જીત થઈ **લૉર્ડ મોર્લી**ના સુધારા, બગભગનો પુન સયોગ, **ભારત**મા **મહાત્મા ગાંધીજી**નો સત્યાગ્રહ (passive resistance) વગેરે સ્વય ભારતની ઘટનાઓ છે, જે એવુ સિદ્ધ કરે છે કે યોગ્યતા પ્રાપ્ત કરવાથી આપણને અધિકાર મળશે, અવશ્ય મળશે ને મળશેજ યોગ્ય રાષ્ટ્રને સસારની કોઇ શક્તિ પરતંત્ર રાખી શકતી નથી અને—

Freedom's battle once begun
Though baffled oft, is ever won'

એ વાત હમેશા સાચી પડતી આવી છે સારા સસારનો ઇતિહાસ એ વાતનો સાક્ષી છે બ્રિટિશ રાજ્યને કરોડો ધન્યવાદ ઘટે છે કે જેના સામ્રાજ્યમા **ભારત**ના ઉદયનો આરભ થયો છે હજારો વર્ષની જૂની

સ્વાર્થબુદ્ધના મૂળ ઉખાડવા લાગ્યા છે હિમાલયથી કન્યાકુમારિ સુધીના લોકો પોતાનો એક રાષ્ટ્ર માનતા શીખે છે આવો રૂડો અવસર જો આપણે આળસ્માનદ્રામા ગુમાવી દઇશુ તો ભારતના પુનરૂત્થાનની આશા સર્વથા નિષ્ફળ સમજવી

ભારતના ઉદ્ધારને માટે મનુષ્યની સખ્યા વધારવાની આવશ્યકતા નથી હવે તો આપણે ખરેખરા વીર બનીને તન, મન, ધનથી દેશપ્રેમમા લીન થઈ જવાની પરમ આવશ્યકતા છે ભારતના ૩૦ કરોડ લોકો શારીરિક અને માનસિક બળથી પરિપૂર્ણ, પુરૂષાર્થી, દેશ-સેવક વીર બની જાય તો તેમાથી જર્મની જેવા પાચ રાજ્ય બની શકે યોગ્યતાસપન્ન અને જર્મનીના કરતા પાચ ગણી શક્તિ ધરાવનાર 'નવીન ભારત' સન્મુખ સસારની કઈ શક્તિ ઉભા રહી શકે ?

સુયોગ્ય પ્રજા રાજાને પણ પ્રિય હોય છે આપણે શક્તિવાન બની જઇએ તો આપણી દેશભક્તિ અને ભારતની ઇતિહાસ પ્રસિદ્ધ સદૈવની રાજભક્તિથી આપણી સરકારને પણ આપણાથી સર્વ પ્રકારની સહાયતા મળી શકે

પણ એ બધુ કાર્ય કરવાથીજ થશે માત્ર સુધારાના સ્વપ્ના જોતા રહેવાથી તો આકાશકુસુમજ હાથ લાગશે જાપાને જે ૪૦ વર્ષમા કીધુ અને જર્મનીએ જે ૧૦૦ વર્ષમા કરી બતાવ્યુ તેવુ આપણે પણ કરી શકીએ પણ અહીં તો ૭ કરોડ ભારતવાસીઓના શરીરમાથી ધર્મની દુર્ગંધ આવે છે, અને બીજા તેટલા જ લોકોને અડકવાથી પણ પાપ લાગે છે અઢી કરોડ વિધવાઓ છાણગોબર પેઠે અટવાય છે અને મારી મારી ફરે છે અર્ધી સખ્યા તો આવી રીતે પતી ગઈ અર્ધી બાકી રહી, તેની શી વાત કરીએ ? કેવા ભૂરા હાલ છે ? પેટપુરતુ ખાવાનુ મળે નહીં, શરીર ઢાકવા જેટલા વસ્ત્ર નહીં અને શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ધન નહીં બાલવિવાહ અને સતાનોત્પત્તિના રોગોથી ૨૫ વર્ષની સ્ત્રીઓ ઘરડી ગણાય છે, અને એ કરતા થોડી ઘણી વધારે ઉમ્મરના પુરૂષો સસારયાત્રા પૂર્ણ કરવાની તૈયારીમા

બેઠેલા દેખાય છે. સંસારમાં જીવન-પ્રયાસ અથવા જીવન-સ્પર્ધા દિના-દિન વધતી જાય છે. પોતાના રાષ્ટ્રમાં તો 'Right is might' નો સિદ્ધાંત સત્ય માને છે પરંતુ બીજા રાષ્ટ્રના સાથે કામ લેતી વખતે 'might is right' 'જેની લાઠી તેની ભેંસ' અથવા 'બળિયાના બે ભાગ' એવો સિદ્ધાંત વપરાય છે.

હાલમાં ભારતમાં સહયોગ, આત્મસંયમ અને સ્વાર્થત્યાગની જેટલી આવશ્યકતા છે તેટલી સંસારના બીજા કોઈ પણ દેશને નથી. આ સમયમાં અયોગ્ય સંતાનોત્પત્તિ કરવાની તો વાતજ છોડી દેવી જોઈએ. ખરી આવશ્યકતા એટલી છે કે આપણામાં પોતાના દશ બાળકો સર્વ રીતે યોગ્ય બનાવવા જેટલું સામર્થ્ય હોય તો આપણે માત્ર બેજ બાળકો ઉત્પન્ન કરવાં. એક પુત્ર પોતાના સ્થાને માટે અને એક પુત્રી પોતાની સ્ત્રીના સ્થાનને માટે. એ પ્રમાણે કરવાથી આપણી બાકી રહેલી સઘળી શક્તિ સંતાનના ઉત્થાનના કામમાં વાપરી અન્ય સુયોગ્ય બાળકો ચૂંટી લઈને તેઓને પોતાનાજ સંતાનો ગણીને તેઓની શારીરિક તથા માનસિક દશા સુધારીએ, જેથી તેઓ સત્યવાદી, બળવાન, દૃઢ પુરુષાર્થી, સાચા દેશભક્ત, અને રાજભક્ત બનીને દેશોદ્ધાર કરી શકશે. ભારતનું ભવિષ્ય ભારતના ભાવિ સંતાનની યોગ્યતા ઉપર નિર્ભર છે. જો આપણે અન્ય જાતિઓ સન્મુખ જીવતા રહેવું હોય, આપણા રાષ્ટ્રનું નામ કાયમ રાખવું હોય, સંસારની જીવિત જાતિઓમાં સર્વથી પ્રાચીન હિન્દુ જાતિનું અસ્તિત્વ સ્થિર રાખવું હોય, તો આપણે પ્રત્યેક ભારતવાસીએ અન્ય જાતિઓની સાથે જીવન-સંઘર્ષ-પ્રયાસ, રગડા-ઝગડી, અથવા બીજા શબ્દોમાં કહીએ તો યુદ્ધને માટે તૈયારી કરી જોઈએ. બીજાના અધિકારો છીનવી લેવા માટે નહી પણ કેવળ આપણા પોતાના અધિકાર પ્રાપ્ત કરવા માટે, આપણા અધિકારની રક્ષા કરવા માટે આપણે ભારતના ભાવિ યુદ્ધની તૈયારી કરી રાખવાની પરમ આવશ્યકતા છે.

राखे सोई जोहिते बनै,
जेहि बल होई सो लेई ।

જેનામાં બની શકે તેજ અધિકાર રાખી શકે છે
જેનામાં બળ હોય છે તે અધિકાર લઈ લે છે

'Never despair or despond! Go on, thoroughly united–come weal, come woe–never to rest but to preservere with every sacrifice till the victory of Self-government is won'

Be God-loving and man-serving, be pure, be Brave, be Strong'

MRS BESANT

Befit yourself to fight your cause out The tide is with us All Asia is waking The isles of the East have made the start—I hope you will carry the legal fight to the end

DADABHAI NAOROJI

ત્રીજો પરિચ્છેદ.

દૈવી કારણ-દારિદ્રતા.

(દરિદ્રતાથી લજ્જા ઉત્પન્ન થાય છે લજ્જાળુ મનુષ્ય પોતાના અધિકારથી ઉતરી જાય છે અધિકારથી ઉતરી ગયેલાનું અપમાન થાય છે. અપમાન અને તિરસ્કારથી દુઃખ, અને દુઃખથી શોક ઉત્પન્ન થાય છે શોકથી બુદ્ધિહીનતા થાય છે અને બુદ્ધિહીન મનુષ્ય નાશ પામે છે. આ પ્રકારે જોતાં દરિદ્રતા સર્વ અનર્થનું મૂળ છે દરિદ્રતાથીજ મનુષ્ય નાશ પામે છે)

ભારતમાં વેદાન્તનો પ્રચાર બહુજ છે વેદાન્ત કહે છે કે સંસાર અસાર, મિથ્યા, માયાયુક્ત, ઇંદ્રજાળ અથવા બાળકના ખેલ જેવો છે આવા વિચારને લીધે ભારતવાસીઓને ધન તથા ધનથી ઉત્પન્ન થનારી ચીજોની ઘૃણા હોય છે સંસારનો ઇતિહાસ બતાવે છે કે માત્ર શિકાર કરીને, ઢોર ચરાવીને અને ખેતી કરીને ગુજરાન કરનારી જાતિઓ પોતાની ઉન્નતિ સંપત્તિદ્વારાજ કરી શકી છે નર-નારી પોતાના પ્રાકૃતિક અવસ્થાથી અસંતોષી બનીને ઉન્નત થવાનો પ્રયત્ન કરે છે અને પોતાની સભ્યતા વધારે છે

ધનવાનોની જરૂરીઆતો પણ કોઇ ઓછી હોતી નથી, તે નિત્ય નિત્ય વધતીજ જાય છે જરૂરીઆતોની પૂર્તિને માટે નવનવા ઉદ્યોગ કલા, કૌશલ્ય, અને શિલ્પ વગેરેની વૃદ્ધિ કરવી પડે છે સમય એવો ઉપસ્થિત થાય છે, કે લોકોને ભૌતિક કે જડ (material) ચીજોથી અસંતોષ થઇ જાય છે ત્યારે તેઓ આ પ્રાકૃતિક પદાર્થોથી (materialism) આગળ વધવા ઇચ્છે છે ત્યારે શિલ્પ, શિલ્પ, અને સંપત્તિની પૂર્ણ ઉન્નતિ થઇ જાય છે ત્યારે એવો સૂક્ષ્મ વિચાર સુઝે છે ભારતમાં જ્યારે વેદમંત્રો અને ધર્મશાસ્ત્રોની રચના થતી હતી, ઉપનિષદ, ન્યાય અને દર્શનશાસ્ત્ર લખાતા હતા, અથવા કહો કે જ્ઞાનની આત્મવિદ્યા પૂર્ણતાની ઉંચામાં ઉંચી ટોચે પહોંચી ગઇ હતી તેના મૂળ વૈદિક સમયમાં ધર્મપૂર્વક ધન કમાવાનો રિવાજ હતો દેશ ધન, વિદ્યા અને અન્નથી પરિપૂર્ણ હતા, તે વખત લોકોને પેટપૂજાની ચિન્તા ન હતી

અતિ સર્વત્ર વર્જીતા જ હોય છે ધન તથા વેદાન્તના 'અતિ-પણાથી' ભારત આત્મવિદ્યામાં ડૂબી ગયા જંગલો અને પહાડો ગજવનારી, સમુદ્રપાર જઇને વ્યાપારમાં ધમધોકાર વેપાર ચલાવનારી આર્ય જાતિ વેગ ઉપરથી ઉતરી પડીને આત્મવિદ્યાના આશ્રમ લઇ આલસ્યની મખમલી ગાદી પર એવી તો ઘોર નિદ્રામાં પડી કે તે ન પોતે જાગી શકી કે ન કોઇ તેને જગાડી શક્યું!

જ્યારે ભારતવર્ષમાં ઐશ્વર્યની પૂર્ણ વૃદ્ધિ થઈ ગઈ, ચક્રવર્તી રાજ્યનું સુખ મળવા લાગ્યું, સર્વ પ્રકારના ભોગોની પ્રાપ્તિ થવા લાગી, ત્યારે તેજ સત્વ-શક્તિ, તેજ બળવર્ધક શિક્ષા અને સંપત્તિ, કે જેના આધારથી સઘળી સામાજીક ઉન્નતિ અને સમૃદ્ધિ શિખરે પહોંચી હતી, તે બંધન સમાન જણાવા લાગી. મનુષ્યમાં પશુપણું અધિક છે. તે સ્વચ્છંદી બનીને મનમાં આવે તેની છૂટ ભોગવવા ચાહે છે. આરણ્યકો-ના લખનારા ઉપનિષદ્કારોએ આત્મા સંબંધી વિચારો પણ પ્રગટ કરી આપ્યા હતા. તે સાહિત્ય આવા સ્વચ્છંદી અને પૃથગ્ભાવ (Isolation)વાળા લોકોને જોઈએ તે કરવા પણ વિશેષ પૂરતી આપનારું થઈ પડ્યું.

આધ્યાત્મિક શિક્ષાના સર્વ શ્રેષ્ઠ સિદ્ધાંતો—સંસારમાં શાંતિ ફેલાવનારા સાહિત્યરત્ન ગ્રંથો—અનધિકારીઓને માટે ઉપયોગી નથી. સર્વ સાધારણ જમાનાના વ્યવહારમાં જીવનનિર્વાહના ભયંકર યુદ્ધ માટે શાંતિ ઉપરાંત લડવાની નિરંતર આવશ્યકતા રહે છે. ઉત્તમ અને પૂજ્ય ગ્રંથોનો ભારતની પ્રજાએ યથોચિત લાભ નથી મેળવ્યો. અનધિકારીઓ તેનો વાસ્તવિક અભિપ્રાય સમજ્યા નહી, અને ધીરે ધીરે, શારીરિક, સામાજીક, અને રાજનૈતિક જવાબદારીઓની જડ ઉપર કુહાડા મારી બિલકુલ 'બ્રહ્મ જ બ્રહ્મ' બનવાનો ઉપદેશ આપ્યો. આમ સર્વ કોઈ બ્રહ્મજ બની ગયા પછી કોણ કોઈના હુકમ પ્રમાણે ચાલે, અને કોઈના હિત કે અહિતનો વિચાર પણ કરે? મન ફાવે તેવી છૂટ લોકો લેવા લાગ્યા અને સત્વ-શક્તિનું બીલકુલ નાશ થઈ ગયું.

કોઈપણ રાષ્ટ્ર અથવા તેની સંપત્તિને સુરક્ષિત રાખવા માટે ત્યાંની પ્રજાને બળ સાચવી રહેવાની જરૂર છે. જે પ્રજા પોતાનું અસ્તિત્વ, માન, અને પ્રતિષ્ઠા કાયમ રાખવા ચાહતી હોય તો તેને પોતાના પાડોશીઓની ઉન્નતિ અવનતિનું પણ બારીકીપૂર્વક ધ્યાન રાખવું જોઈએ. ભારતમાં યુનાની લોકો આવ્યા તેમણે આપણને ઠોકરો મારી, આપણા ગ્રંથો ચોરી લઈ ગયા, આપણી સભ્યતા ચોરી લઈ ગયા, તો

પણ આપણે ઝોકા ખાતાજ પડી રહ્યા અન્ફગાનિસ્તાનના રેતાળ રણ-પ્રદેશમા એક જબરજસ્ત શક્તિનો પ્રાદુર્ભાવ થયો તેમની શિક્ષાથી જાણે જ્વાળામુખી ફાટીને જબરજસ્ત ધરતીકપ થયા મુસલમાનોના તોફાની હુમલાઓએ ભારતને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યો તેઓ આપણા ગ્રથો, આપણા રત્નો, અને આપણુ ધન લુટતા લુટતા આપણુ સર્વસ્વ લુટીને ઘરભેગા થયા મહમુદ ગીઝની, તૈમુર, અને નાદિરશાહ જેવી સેકડો વિપત્તિ ભારત પર આવી, પરન્તુ ભારતના સકટ સમયના આખા ઇતિહાસમા બાથ ભીડનારા વીર પુરૂષો તો માત્ર ત્રણજ દેખાય છે મહારાણા પ્રતાપ, ગુરૂગોવિન્દસિહ અને મહારાજ શિવાજી ચોથુ કોઈ પરાક્રમી પુરૂષનુ નામ જોવામા આવતુ નથી એક નેતા-લીડર-મરણ પામ્યો એટલે ખેલ ખલાસ ! તેની ખોટ પુરી કરે એવો બીજો ઉભો થતો નથી કેમ કોઇ બીજા ઉભા નહી થયા ? શુ તે વખતે પણ હથિઆરબધીના કાયદાએ લોકોને નામર્દ બનાવી મૂક્યા હતા કે ?

ના તે સમયના લોકોની બુદ્ધિ બગડી ગઈ હતી આપણા વિદ્વાનોના મગજોમા 'ગુરૂડમ' નો ભુત ભરાયા હતો તેઓ સમજતા હતા કે આપણે જીવનનુ સર્વથી ઉચ્ચ રહસ્ય જાણી લીધુ છે, અને બીજા કોઇ પાસેથી કાઇ પણ જાણવાની હવે જરૂરજ રહી નથી સાર્વલૌકિક સ્વાર્થ (Common interest) ને બાજુએ મકી દઇને પૃથગ્ભાવ (Isolation)ના સિદ્ધાતને આધારે પોતાને સમાજથી વિરક્ત સમજી બેઠા પોતેજ સર્વ પ્રકારની ઉન્નતિનુ કેન્દ્ર બન્યા કેવલ પોતાનાજ કલ્યાણની ચેષ્ટામા મગ્ન રહેવુ એજ પોતાનો ધર્મ સમજવા લાગ્યા તેમની સ્કૂલોમા તેમના અનુયાયીઓને 'સસાર અસાર' એવી શિક્ષા અપાવા લાગી કવિઓએ પણ એવાજ કાવ્યો રચ્યા સાધુઓએ પણ ભમી ભમીને એવોજ ઉપદેશ ફેલાવ્યો સર્વ મતાવલબીઓ અને આચાર્યોએ પોતાના શિષ્યોને એવીજ ધુન લગાડી, પડિતોએ પણ એવાજ ભાવવાળા પોથા લખી દીધા કોઇ પણ પુસ્તક જોશો તો તેમા એનો એજ રાગ આલાપેલો દેખાશે તમામ લોક એકે સ્વરે કહી રહ્યા

હતા કે સંસાર મિથ્યા છે' 'ગૃહસ્થાશ્રમ મોટી જંજાળ છે.' જાતિઓની જાતિઓ આખી આના ગામા રમાત ગઈ. ભારતના માણસો વ્યક્તિવાદના જૂઠા વાદથી સર્વ પ્રકારના બંધનોથી મુક્ત થવાની ઘટામાં નિમગ્ન રહેવા લાગ્યા. સંસાર અને સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્ય ભારતવાસીઓને બંધન સમજવા લાગ્યા. મનુષ્યત્વ પ્રાપ્તિનો લાભ આપનાર ઉત્તમ સાધન રૂપ ગૃહસ્થાશ્રમના પરિશ્રમને 'જંજાળ'ની ઉપાધિ આપવામાં આવી. ધનોપાર્જન કરવાનો પરિશ્રમ, રાજકાજ, સૈન્ય વ્યવસ્થા, કિલ્લેબંધી, યુદ્ધવિદ્યા વગેરે દુનિયાના કાર્ય જંજાળીપણાની ગણત્રીમાં ગણાવા લાગ્યાં. ભારતજનતાનો સર્વથી મોટો ઉદ્દેશ 'સર્વ નિયમોથી રહિત' (No Law) એટલે 'જીવન મુક્ત' બની ગયો. ડૂબી ગયો.

પરમ અવધિએ પહોંચેલા આ વ્યક્તિવાદની દૂષિત શિક્ષાએ ભારતની નસેનસ ઢીલી કરી નાખી. ત્યાગ અને જીવનમુક્તિના જૂઠા બણગાઓએ ભારતને નષ્ટભ્રષ્ટ કરી મૂક્યા. અપ્રતિબંધના (Non-resistance) સિદ્ધાંતોએ સેંકડો રૂપ ધારણ કીધા, અને ભારતવાસીઓ તેને વળગીને મસ્ત બની સૂતા રહેવા લાગ્યા.

જે દેશમાં સેંકડો વર્ષ સુધી કાયરતા, અકર્મણ્યતા, વ્યભિચાર વગેરેને વૈરાગ્ય, ત્યાગ અને જીવનમુક્ત, એવી એવી ઉપાધિઓ આપીને સુંદર આદર્શરૂપ બનાવી દેવામાં આવ્યા હોય તે દેશના સંતાનોના માથામાં જોડા મારવામાં આવે તે પણ 'માયા' કે 'દુર્ભાગ્ય' માની લેવામાં આવે તેમાં આશ્ચર્ય પણ શું છે? આજે પણ એવા નિર્માલ્ય, ગંદા, કાયરતાપૂર્ણ સિદ્ધાંતોના દાસ બનેલા લાખો કરોડો ભારતવાસીઓ વિદ્યમાન છે તેઓ પોતાની જાત ઉપર, પોતાના સમાજ ઉપર, તથા પોતાના દેશ ઉપર થતા લાખો અન્યાય વિરુદ્ધ એક શબ્દ પણ બોલતા નથી કે આંગળી સરખી પણ ઉપાડતા નથી. પોતાની દરિદ્રતાની-પોતાની અજ્ઞાનતાની જવાબદારીને કાળ, દુકાળ, કોલેરા, પ્લેગ વગેરેને માથે ઢોળે છે, અને પોતે અળગા રહીને એ

સર્વનો આરોપ કર્મ, ભાગ્ય, ઇશ્વરેચ્છા અને નસીબને માથે ચઢાવીને નિશ્વાસ નાખે છે'

આવું કહીને આપણા પૂજ્ય ગ્રંથો અને પવિત્ર આદર્શો પ્રતિ અનાદર કરવાનો હેતુ નથી આપણો આદર્શ તો જીવનમુક્તિજ હોવો જોઇએ આપણે જે કાર્ય કરીએ તે મુક્તિને માટેજ કરીએ ભોજન કરીએ તે સ્વાદ લેવા માટે અથવા પેટ ભરવા માટે નહીં પણ શરીર પુષ્ટ બનાવીને નિર્મળ બુદ્ધિ દ્વારા સમાજ, જાતિ રાષ્ટ્ર અને સંસારની સેવા કરીને મુક્તિલાભ મેળવવા માટે છે આપણે વિષય વાસના તૃપ્ત કરવા માટે ભોગ કરવો નહીં પણ ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરવા માટે, જેથી સંસારની સેવા થાય અને જીવનમુક્તિનો પથ સુગમ થાય મોક્ષનો ઉદ્દેશ ધ્યાનમાં રાખી આપણે તલવાર ઉપાડીએ યુદ્ધ મચાવીએ, અને લોહીની નદી પણ વહેવડાવીએ કોઇ પણ કાર્ય સ્વાર્થસિદ્ધિને માટે જો કરવામાં આવે તો તે મોક્ષને બદલે ઉલટું બંધનરૂપ થઇ પડે પણ જે કાર્ય મોક્ષને લક્ષ્યબિંદુમાં રાખી સ્વાર્થ ત્યાગીને કરવામાં આવે તેથી સ્વતંત્રતા અને મોક્ષ બન્નેની પ્રાપ્તિ થાય છે સમાજ અને સંસારથી વિરક્ત રહીએ તે કાંઇ સાચો ત્યાગ કહેવાતો નથી સાચો ત્યાગતો પોતાની જાત અને પોતાના સ્વાર્થનો ભોગ આપી સમાજ અને સંસારના કલ્યાણ માટે જપ તપ, દાન અને પરિશ્રમ કરવાથી થાય છે એવાજ લોકહિતૈષી મહાપુરૂષોએ આર્ય જાતિનો પાયો નાખ્યો છે એવાજ મહાપુરૂષોએ ઋષિ, મુનિ, ત્યાગી અને વૈરાગીની પ્રતિષ્ઠાવાળી ઉપાધિઓ મેળવી છે તેઓએ ભારતીય સામ્રાજ્યને એવી ઉત્તમ રીતિથી સ્થાપિત કરેલું છે કે હજારો વર્ષથી અનેક દોષો ભરાઇ જવા છતાં પણ એ મહાન આર્ય જાતિનું અસ્તિત્વ ભૂમંડળમાં આજે પણ સ્થિર રહેલું છે

સારાંશ એ કે સંપત્તિને ઘૃણાની દૃષ્ટિએ જોવી, ધન પેદા કરવા માટે પૂર્ણ પ્રયત્ન ન કરવો એજ અધર્મ છે પ્રાચીન આર્યો પોતાનું અસલ વતન છોડીને ભારતમાં આવી વસ્યા તે કેવળ ધનને માટેજ

દારા સિકન્દર મહમૂદ ગિઝની તૈમૂર વગેરેએ હિંદ ઉપર જે આક્રમણો કર્યા તે પણ ધનને માટેજ. તંદુરસ્તી માટે ધનની જરૂર છે. વિદ્યા અને સદાચાર માટે ધનની જરૂર છે. સભ્યતા વધારવા માટે ધનની જરૂર છે, ધર્મની રક્ષા માટે ધનની જરૂર છે. સાચું તો એ છે કે નાના પ્રકારના ઉત્તમ ગુણોની રક્ષા અને વૃદ્ધિ એક માત્ર ધન-થીજ થાય છે. લક્ષ્મીદેવીની ભક્તિ અને શ્રદ્ધાથીજ સુખની વધ ધર્મની વૃદ્ધિ અને સરસ્વતિના દર્શન થાય છે.

દરિદ્રતા, ભિક્ષા, અને દાસત્વ (ગુલામી) પાપના ફળ છે. નિર્ધન સદા દુર્બળ હોય છે અને એવા અભાગી મનુષ્યો બુદ્ધિભ્રષ્ટ થઈ જાય છે. તેથી અનેક કામો બગડી જાય છે. અથવા નિષ્ફળ નિવડે છે. દરિદ્ર આપઘાત કરે છે, જંગલોમાં નાસી જાય છે. શત્રુઓને આધીન થઈ પડે છે અને સર્વ પ્રકારે તેનો નાશજ થાય છે. મરનારના ચહેરા ઉપર પરસેવા, ફિકાસ, અને થથરાટ જોવામાં આવે છે, તે સર્વ લક્ષણો ધનહીન દરિદ્ર મનુષ્યના ચહેરા ઉપર પણ નજર પડે છે. ધન વગરનો મનુષ્ય પાંખ વગરના પક્ષી જેવો, જળ વગરના સરોવર જેવો અને સુકાઈ ગયેલા ઝાડ જેવો બની સમાજમાં રહે છે. દરિદ્રતાની સાથે જો મૂર્ખતા પણ હોય ત્યારે તો દુઃખની સીમાજ રહેતી નથી. આવા ધનહીન મનુષ્યોથી બનેલી જાતિ અથવા સમાજ મરણ પામેલો હોય છે. નિર્ધન અને મુવેલા મનુષ્યમાં કાંઈ ફેર હોતો નથી.

ભારતમાં દરિદ્રતા રૂપી વિકરાળ રાક્ષસીનું રાજ્ય છે. આ દુર્ભાગી દેશ દરિદ્રતા અને મૂર્ખતાને લીધે નષ્ટભ્રષ્ટ થઈ ગયો છે. તેમ છતાં ભારતવાસીઓ તો પોતાને અને પોતાના દેશને ધનનું કેંદ્ર માનીને નિરાંતે હાથ જોડીને બેઠા છે.

અલ્લાહાબાદના ૧૯૧૦-૧૧ ના પ્રસિદ્ધ પ્રદર્શનમાં બાબુ મહેશ-ચરણસિંહ બી. એ., એમ. એસ સી (પ્રોફેસર ગુરુકુલ હરિદ્વાર) આ પુસ્તકના હિંદી લેખક બાબુ જીવનદનસિંહ બી. એ. સાથે વાત

ત્યારે બોલ્યા : 'લોર્ડ ! હિન્દુસ્તાનની દશા બહુ નબળી ગરીબીની કહે છે તે ખોટું છે. પ્રદર્શનમાં આવેલા પૈકીના મોટા ભાગે રેશમ, કસબ, જરી કીમતી કપડાં પહેરેલ છે. લોર્ડ ! ખેલ તમાશા જુઓ. આ પ્રદર્શનના તમાશાવાળાઓની આવક લગભગ એક લાખ રૂપિયાની છે. **ભારત** જો ખરેખર ગરીબ હોય તો લોકો આવા [illegible] નાટક તમાશા તથા મોજશોખનું ગાડું [illegible] હરગિજ આટલા બધા રૂપિયા [illegible] નહી.'

આબુ શિખર [illegible] ' [illegible] દિવસ હોવાથી **ભારતના** મોટા લોક—રાજા મહારાજા તાલુકદાર, જમીનદાર, સરદારો અમલદાર, વકીલ, સુખી વેપારી [illegible] જેન્ટલમેનો પ્રદર્શન જોવા આવેલા છે. પણ માત્ર આવા મોટા માણસો ને નજર તળે રાખી **ભારતની** સ્થિતિનું અનુમાન કરી શકાતું નથી. થર્ડ-ક્લાસ ગોંધાયેલ ટ્રેનમાં ઘેટાંની જેમ ભરાઈને આવેલા ગામડીઆ લોકોને જો આપે જોયા હોત તો આવી વાત કરવાનુંજ આપ ભૂલી જાત.' [illegible] સાહેબના મગજમાં એ વાત ઉતરી નહી, અને બોલ્યા : 'ગામડિયાઓ સારી હાલતમાં છે. તેઓ ગમાર હોવાથી [illegible] પહેરે છે. પણ એવાજ લોકો રૂપિયા દાટી મૂકે છે અથવા ઘરેણાં ઘડાવે છે.'

આપણા દેશના ઘણા ખરા નવયુવકોના આવાજ વિચાર હોય છે. તેઓ આંખ ઉઘાડીને જોતાજ નથી. આંખે ચશ્મા પહેરીને તેઓ વસ્તુને દૂરથી વધારે ઝળકાટવાળી જુએ છે. આંખની ચારે બાજુએ નકલી સોનાની ફ્રેમને લીધે તેઓને દેશમાં સોનુંજ સોનું દેખાય છે. સોનાની પાટ ઉપર ચાલનારી કીડીને જગત આખું સોનાનુંજ દેખાય છે. પોતે ધરાયેલાને જગતના કેટલા લોકો ભૂખે મરે છે તેની ક્યાંથી ખબર પડે ?

પણ આપણી ખરેખરી સ્થિતિ કેવી છે તે જાણવાની જરૂર છે. જગતના બીજા સભ્ય દેશોની પેઠે **ભારત પણ** સુખ સંપત્તિથી પરિ-

ર્યું છે કે નિકતા આપણા દેશનું ... ધનના નાશ ... ન
આગળની ... છે

નાણાંનો અર્થ છે ... પિયા ... સંપત્તિના અર્થના
મનુષ્યની જરૂરીઆતો પૂરી પાડવાના સાધન ... એ સાધનના ... ,
શ્રમ ... વિજ્ઞાન, ... અને ... સંપત્તિ ... વગેરે સંપત્તિનાં
નમાં ... ય છે આના નાના પુસ્તકમાં એ ... નું વર્ણ
આપી શકાય નહિ માટે મુખ્ય અને મહત્વની સામાન્ય ... તેનો
વિચાર કરવાના છે

આપણું પશુ-ધન.

... સ્થાન પાળેલા પશુ સ્થાની સંપત્તિમાં ... મોટા ભા
ગણાય છે બીજા દેશો કરતાં હિન્દુસ્તાનમાં પશુ-ધનમાં ... હિંદુઓ
ગાયને આપણી લોકો માતા કહે છે ખરા પણ તે માત્ર કહેવાની
વાત છે તેની રહેવાની જગા નથી પીવાનું પાણી નથી ખોરાકનો
કંઈ તજવીજ જ નથી તેથી દુકાળ પડતા ... લાખો
... પશુ મરણ પામે છે

સન ૧૯૦૦માં આપણા દેશની પશુગણનામાં ... વાછ-
ડાં ગાળાનો હિસાબ તૈયાર હતો નહીં માટે એ ગાળા સિવાયના આખા
ભારતમાં પાળેલા પશુની સંખ્યા ૯૦૭ લાખ હતી આસ્ટ્રેલિયાની
વસ્તી ફક્ત ૪૦ લાખ મનુષ્યની છે પણ એજ વખતમાં ત્યાં ... ૧૦
લાખ પાળેલા પશુ હતા

+ Wealth Consists of potentially exchangabl.
means of satisfying human needs — Keynes

જેનો વિનિમય થઈ શકે અને મનુષ્યની આવશ્યકતાઓ પૂર્ણ કરી
શકે તેવા સર્વ સાધનો ધન-સંપત્તિમાં ગણાય છે

ભારત અને ઑસ્ટ્રેલિયાની જનસંખ્યાના હિસાબે ભારતમાં ૨,૨૮૦ લાખ પશુ હોવાં જોઈએ, પણ હતાં માત્ર ૯૦૭ લાખ* અર્થાત્ આપણે જોઈએ તે કરતાં ૧૫૭૦ લાખ અથવા અડધી અબજ કરતાં પણ અધિક ઓછાં પશુ છે.

ભારતમાં ઉપયોગી પશુઓની સંખ્યા દિન પર દિન કમી થતી જાય છે અને તેઓના દૂધનું પ્રમાણ, બળ અને કદ પણ ઘટતાં જાય છે અને દુનિયાના બીજા દેશોમાં દિનપરદિન વધતાં જતાં જણાય છે×

*સર વિલિયમ ડિગ્બી મી આ૦ ૦

વળી વિલક્ષણપણું એવું છે - આ દેશમાં દિન પર દિન પશુ પ્રમાણસર ઘટતાં જાય છે. સન ૧૮૯૩—૯૪માં ભારતમાં જેટલાં પશુ હતાં તે હિસાબે સન ૧૯૦૮—૦૯ના મુંબઈ ઈલાકામાં સેંકડે ૮, સંયુક્ત પ્રાંતમાં ૩, ગુજરાતમાં ૧૮, દક્ષિણમાં ૨૦, બંગાળમાં ૪, અને મદ્રાસમાં ૪ ઓછાં થયાં એટલે ૧૫ વર્ષમાં આખા ભારતમાં સરાસરી સેંકડે ૭¼ પશુ ઓછાં થયાં.

જુદા જુદા દેશોમાં પશુની સંખ્યાનું વિવરણ —

સને ૧૯૧૭

દેશ	ઘોડા	ગાય બળદ	ઘેટા	બકરા	ડુક્કર	મનુષ્યદીઠ પશુ
	લાખ	લાખ	લાખ	લાખ	લાખ	
ઈગ્લાંડ	૧૮¾	૧૨૦	૨૭૭		૩૦	૧૦
ઑસ્ટ્રેલિયા	૨૪½	૯૯	૭૨૮½		૮¾	૧૭૦
કેનેડા	[illegible]	૮૦	૨૩½		૩¼	૨૯
ફ્રાન્સ	૨૪	૧૨૮	૧૦૬		૬૨	૧૦
જર્મની	૩૩½	૨૧૮	૬૧½	૮૩½	૧૭૨	૯
જાપાન	૧૫¾	૧૮		૧	૩	૨૮
અમેરિકા	૨૧૨	૬૫૮	૮૭		૬૭૫	૨૪
ભારત-સન ૧૯૧૦	૧૭	૧૫૦૦	૨૩૦	૩૩૦		૭

જુદા જુદા દેશોના પશુઓની સરખામણી કરતી વખતે એટલું પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બીજા દેશોમાં તો ખેતી આદિ કામો સાચા

ડેનમાર્કમા ૧૮૮૧ મા ૯ લાખ ગાયો હતી તેની સખ્યા વધીને ૧૯૦૮ મા ૧૩ લાખ થઈ ગઈ ૧૯૧૮ મા દરેક ગાય સરાસરી દર વર્ષે ૪૫૦૦ શેર દૂધ દેતી હતી પણ ૧૯૦૮ મા વધીને દર વર્ષે દરેક ગાય સરાસરી ૫૮૫૦ શેર દૂધ દેવા લાગી

ભારતના કરતા બીજા જે જે દેશોમા ખેતીનો પાક અધિક થાય છે, ત્યાના લોકો પશુ અને પક્ષીઓને વૈજ્ઞાનિક રીતે ઉછેરીને ના સર થતા જાય છે, અને ભારતવાસીઓ મૂર્ખતા અને દરિદ્રતામા ડૂબેલા હોવાથી પશુઓની સખ્યા વધારવાને બદલે ઘટાડતાજ જાય છે અહી વૈજ્ઞાનિક પશુશાળા એક પણ નથી, પણ દિને દિવસે લાખો ગાયોની કુરબાની નાહક રોકજ દિવસમા કરી નાખવામા આવે છે !

સન્ ૧૯૧૦ મા અહી ૭૫ ૪૫૮ ગોરા લશ્કરી સિપાઈ અને ૨, ૫૪ અમલદાર હતા એટલે કુલ્લે ૭૮,૧૧૨ લશ્કરી અગ્રેજો હતા તેઓનો ખાસ ખોરાક બીફ એટલે ગોમાસ છે દરેક જણને એક રતલ ગોમાસ ઓછામા ઓછુ જોઈએ તે હિસાબે પ્રતિદિન ૯૪૬ મણ અથવા પ્રતિ વર્ષ ૩,૪૫,૨૯૦ મણ ગોમાસ વપરાય છે ભારતવાસીઓની વખતોવખતની પ્રાર્થના, અરજીઓ, અને અપીલો થવા છતા આ લશ્કરીઓને માટ **આસ્ટ્રેલિયા**થી સહેલાઈથી માસ આવી શકે તેમ છ તોપણ કોઈ દાદ સાભળતુ જ નથી અને **ભારત**નુજ પશુ-ધન નાશ કરીને ગોમાસ વાપરે છે એ ઉપરાત અહીં ૬ કરોડ મુસલમાનો છે તેઓનો મોટો ભાગ દરિદ્રતાને લીધે બકરાનુ મોઘુ માસ વાપરવાને બદલે સસ્તુ ગોમાસ ખાય છે

ભારતમા ૩,૪૫,૯૩૩ કસાઈ છે બીજા દેશોમા પણ કસાઈઓ

વગેરેની મદદથી થાય છે, પણ **ભારત**માતો એવા બધા કામો બળદથીજ કરવામા આવે છે સન્ ૧૯૧૩મા આ દેશમા કુલ્લે ૪ કરોડ ગાય અને ભેસો હતી એ બધા આખુ વર્ષ નાઇ દૂધ દેતા નથી ૭ મહિના દૂધ આપે છે એટલે ૩૧ કરોડ ભારતવાસીઓને માત્ર ૨ કરોડ ગાયભેસોથી ચલાવી લેવુ પડે છે સરાસરી ૧૫ માણસને માટે એક ગાય અથવા ભેસનું દૂધ ?

તો છે [illegible] ગામ [illegible] પણ [illegible] પણ તેમના [illegible]ડીના માન[illegible] [illegible]ગિયાની પેઠે પોતાની દૂધ દેતી ગાયોના [illegible] કે તેની દશ [illegible] [illegible] કરવતા નથી તે દેશના લોક [illegible] નથી કરતા —

દરિદ્રતાને [illegible]થી ગાય બળદ રાખીને તેઓના તેજ [illegible] પાલનનું તો બનેજ ક્યાંથી? પણ દરિદ્ર ગામડીઆ ખેડુતો અને ગોવાળો [illegible] કરીને કસાઈ તથા લશ્કરી ખાતાના બેપારીના [illegible] ગાયો વેચે છે. બિચારા ઘરે પણ [illegible] પાળવાની શક્તિ નથી ત્યાં એજ માર્ગ [illegible] વધારે વિસ્મયની વાત તો એ છે કે આપણા મનમોજી શોખીન માંસ-ભક્ષક [illegible] પણ [illegible] અને [illegible] ચટાકા વગર ભોજન ગળે ઉતરતું નથી. આનું પરિણામ એ [illegible] કે દરિદ્ર મુસલમાનોને બકરીનું મોંઘુ માંસ [illegible] નથી તેથી તેઓ સસ્તી ગાયો મારી ખાવાની લાલચમાં ફસાયા [illegible] પવિત્ર ભારતમાં પણ ૨૦ કરોડ માંસાહારી મનુષ્યો છે !!

हा! वे तपोधन ऋषि कहां? सन्तान उनकी हम कहां!
थी पुण्यभूमि पवित्र जो हा! आज पसा अघ वहां!
दीपक-शिखाके धूम जैसे पूर्वजोंके हम हुए
वे लोकमें आलोक थे, हा! हा हम भयकर तम हुए!

—સન ૧૮૯૯ થી ૧૯૦૯ સુધીના ૧૦ વર્ષમાં [illegible] રૂપિયાના ૩,૨૦૮,૮૦૯ જીવતા પશુ ભારતમાંથી [illegible] પરદેશ ગયા અને ૬૪,૭૧૫૯૫ રૂપિયાના ૧,૧૭૧૯૨૭ જીવતા પશુ [illegible] માગ ઈરાન, ઈજીપ્ટ વગેરે દેશોમાં ગયા. અમેરિકાના [illegible] ૧૮૯૯ માં ૮૧ કરોડ રૂપિયાના પક્ષીઓ (ઇંડા આપનારા) વેચ્યા, અને ૪૩ કરોડ રૂપિયાના ઇંડા વેચ્યા.

જાપાનમાં ૧૯૦૪ માં ૧૬,૭૫૦,૦૦૦ મરઘીઓ અને ૭૫ કરોડ ઇંડા ઉત્પન્ન થયા. ૧૯૧૨–૧૩ માં એક વર્ષમાં માછલાં પકડવાના વધામાં ઇંગ્લાંડે ૨૩ કરોડ, જર્મનીએ ૩ કરોડ, ફ્રાન્સે ૧ કરોડ, નાર્વેએ ૭ કરોડ અને કેનેડાએ ૧૧ કરોડ રૂપિયાની કમાણી કરી.

આપણું પૈતૃક અને સંચિત ધન.

'Half our agricultural population never know from year's beginning to year's end what it is to have their hunger fully satisfied.'

C. A. Elliot C. S. I.

અર્થાત્—'આપણા (ભારતના) અર્ધા ખેતી કરનારા તો વર્ષની શરૂઆતથી માંડીને વર્ષની આખર સુધીમાં પેટ ભરીને જમવાનું કોને કહે છે તે જાણતા પણ નથી.'

સી. એ. એલિયટ

'The remaining 40 millions go through life on insufficient food.'

Dr. W. W. Hunter C. I. E.

અર્થાત્—બાકીના ૪ કરોડ મનુષ્યને પેટ ભરીને અન્ન નહી મળવાથી ગમે તેમ કરી જીંદગીના દિવસો ગાળે છે.

ડૉ. હન્ટર

40 millions of people are in a state of chronic starvation not knowing from January to December what is to eat and be satisfied, their worm of hunger dieth not.'

William Digby C. I. E.

અર્થાત્—૪ કરોડ ભારતવાસીઓને પેટ ભરીને અન્ન નહી મળવાનો બહુ જુનો-પુરાણો રોગ છે. તેઓ જાન્યુઆરીથી ડીસેંબર સુધી નથી જાણતા કે પેટ ભરીને ભોજન કઈ વસ્તુનું નામ છે. તેઓની ભૂખની આગ નથી હોલવાતી. તેઓની ભૂખ નથી ભાગતી.'

વિલિયમ ડિગ્બી

ભારતવાસીઓની પૈતૃક સંપત્તિનું મૂલ્ય માણસદીઠ ૧૪) અને ઇંગ્લાંડવાસીઓનું ૪,૫૭૦ રૂપિયા આંકવામાં આવે છે. કોઈ કોઈ ગણત્રી કરનારા ભારતવાસીઓની પૈતૃક સંપત્તિનું મૂલ્ય માણસદીઠ ૭૫

રૂપિયા આવે છે તે ઘણું વધારે છે જો ૧૪)ની ને ઠેકાણે ૭૫ રૂપિયા માની લઈએ તો પણ કયા ૭૫ રૂપિયા ! ક્યા રાજા ભોજ ને ક્યા ગાંગા તેલી ?×

ભારતની જાતીય સંપત્તિનુ અનુમાન ૫૮ અબજ રૂપિયા કરવામા આવે છે અમેરિકાની જાતીય સંપત્તિનુ અનુમાન ૩૯૧ અબજ રૂપિયા જર્મનીનુ ૨૮૦ અબજ, અને ગ્રેટબ્રિટન તથા આયર્લાંડનુ ૨૭૦ અબજ રૂપિયા માનવામા આવે છે ×

સન્ ૧૮૫૦ મા પ્રત્યેક ભારતવાસીની આવક દરરોજ ૮ પૈસાની હતી સન્ ૧૮૮૨ ના સરકારી રિપોર્ટ પ્રમાણે આપણી આવક દર માણસ દીઠ ૬ પૈસાની ગણાઈ હતી, અને સને ૧૯૦૦ મા મી ડિગ્બીના હિસાબ પ્રમાણે આવક ઘટીને માત્ર ૩ પૈસા થઈ ગઈ છે

× The prosperous British India
× Sandhurst Economics

* ૧૦,૦૦૦ રાજા, મહારાજા, અને તાલુકદારની આવક સરાસરી

	પ્રમાણ માણસ દીઠ એક વરસે ૫૦૦૦ પૌંડ છે	૫૦૦,૦૦૦,૦૦૦ પૌ
૬૫,૦૦૦	મહાજન, બેંકર, સાહૂકાર વગેરે જેની આવક માણસ દી० દર વર્ષ ૧૦૦૦ પાઉન્ડ છે	૬૫,૦૦૦,૦૦૦ ,,
૬૫૦,૦૦૦	રોજગાર કરનારા અને દુકાનદારો વગર જેમની આવક માણસ દીઠ દર વર્ષે સરાસરી ૧૦૦ પાઉન્ડની છે	૬૫,૦૦૦,૦૦૦ ,,
૮૭૫,૦૦૦	મનુષ્યની વાર્ષિક આવક થઈ—	૪૦૦,૦૦૦,૦૦૦ ,
	બ્રિટિશ ભારતની કુલ આવકનો સરવાળો	૨૬૬,૦૦૦,૦૦૦ ,,
	દેશી રાજ્યોની આવકનો સરવાળો	૧૨૬,૩૬૩,૧૩૮ ,,
	સમસ્ત ભારતની કુલ આવકનો સરવાળો,	૩૯૨,૩૬૩,૧૩૮ ,,

$$\frac{\text{૩૯૨,૩૬૨,૧૩૮ પા} - \text{૨૯૮,૨૬૬,૭૦૧ જણ}}{\text{૩૬૫ દિવસ}} = \frac{૩}{૪}\text{ પેન્સ}$$

આ હિસાબે પ્રત્યેક ભારતવાસીની આવક દરરોજ કુલ ૩ પૈસા થાય છે

× ભારતવાસીઓની આવક એકંદરે દી. રોજ બનગી ૩ પૈસા છે, અમેરિકાવાસીની ૩૦ આના છે, આસ્ટ્રેલિયાવાસીની પણ ૩૦ આના છે, ઇંગ્લાંડની ૨૮ આના છે અને ફ્રાન્સના ૨૦ આના છે +

× **નોટ**—રાજા, મહારાજા, અને બીજા મોટી આવકવાળાઓનો ખર્ચ પણ શુમાર વગરનો હોય છે જો એ લોકોની આવક બાદ કરીએ તો સામાન્ય મનુષ્યની રોજની આવક ફુલ ૨ પૈસા ઠરે છે

+ ૧૮૯૪ મા પ્રત્યેક મનુષ્યની આવકનો હિસાબ—

અમેરિકા એક માણસની એક દિવસની આવક	૩૦	આના
આસ્ટ્રેલિયા	૩૦	,,
ઇંગ્લાંડ (u k)	૨૮	,,
કેનડા	૨૮	,,
ફ્રાન્સ	૨૦	,,
જર્મની	૧૬	,,
આસ્ટ્રિયા	૧૧	,,
ઇટાલિ	૧૦	,,
ભારત	$\frac{3}{8}$	,,

બીજા ગણત્રી કરનારાઓ ભિન્ન ભિન્ન દેશોની જાતિય સંપત્તિનું ઉત્તમ અનુમાન નીચે પ્રમાણે બતાવે છે — *

દેશ	જાતિય ધનનું અનુમાન પાઉન્ડ	પ્રતિ પુરૂષ પા૦	જાતિય આવક પાઉન્ડ	પ્ર પુ આ પા૦	રિમાર્ક
ઇંગ્લાંડ	૧૫૮૮૨૦૦૦૦૦૦૦	૩૫૧	૨૦૧૬૦૦૦૦૦૦	૪૪	[illegible]
કેનેડા	૨૦૭૨૦૦૦૦૦૦	૨૮૮	૨૫૯૦૦૦૦૦૦	૩૮	
આસ્ટ્રેલિયા	૧૦૧૨૦૦૦૦૦૦	૨૮૭	૧૬૪૦૦૦૦૦૦	૩૬	
જર્મની	૧૬૦૦૦૦૦૦૦૦૦	૨૫૦	૧૭૫૦૦૦૦૦૦૦	૨૭	
અમેરિકા	૧૮૦૦૦૦૦૦૦૦૦	૨૨૫	૩૦૦૦૦૦૦૦૦૦	૩૭	
ભારત	૩૬૦૦૦૦૦૦૦૦	૧૦	૬૦૮૦૦૦૦૦૦	૧૦	

* The Britannica year Book 1913
Webb's New Dictionary of Statistic's

નોકરીઆત વર્ગની આવક

'We know that people of India are excluded/debarred from the higher posts in India except a very small percentage and the fifteen millions sterling annually paid to European officials employed in India, sending all their savings to Europe — D Smeaton member of Lord Curzon's Council

અર્થાત્—અમે જાણીએ છીએ કે બહુ જ થોડા ટકા બાદ કરતાં સિવાય ભારતમાં ભારતવાસીઓને ઉંચા દરજ્જાની નોકરીઓ આપવામાં આવતી નથી અને એ પણ જાણીએ છીએ કે ૧૫ મિલિયન સ્ટર્લિંગ (૨૨½ કરોડ રૂપિયા) ભારતના ગોરા સરકારી નોકરોને પગારના આપવામાં આવે છે અને તેઓ પોતાની તમામ બચત યુરોપ મોકલ્યા કરે છે'—ઓન. મી. **સ્મીટન** લોર્ડ કર્ઝનની કાઉન્સિલના મેમ્બર

As a matter of fact, however the bigger appointments in almost all the branches of the public service are held by Europeans,

— Hon Surendra Nath Banerjea

અર્થાત્—સત્ય વાત તો એ છે કે લગભગ બધી જ મોટા હોદ્દાની જગ્યાઓ દરેક ખાતાના અંગ્રેજોને મળે છે

—શ્રી સુરેન્દ્રનાથ બેનરજી

'That the costly foreign agency absorbs a large portion of the revenue —D E Wachha

'દેશની મહેસુલી આવકનો ઘણો મોટો ભાગ ખર્ચાળ પગારના વિદેશી નોકરો હજમ કરી જાય છે' —**ડી. ઇ. વાછા**

સિવિલ સર્વિસ વિભાગ.

	યુરોપિયન	હિંદિયન.
ઇંડિયન સિવિલ સર્વિસ	૧૨૦૮	૫
અનકોવનન્ટેડ સિવિલ સર્વિસ	૧૧૮	૧
પ્રોવિન્શિયલ સિવિલ સર્વિસ	[illegible]	૧૦
ડેપ્યુટી સિવિલ સર્વિસ		૨૫

પબ્લિક સર્વિસ વિભાગ.

ઇમ્પીરિયલ એક્ઝિક્યુટિવ અને સુપરિન્ટેન્ડિંગ	૭૦૮	૧૭
ઇમ્પીરિયલ આસિસ્ટંટ એન્જીનિઅર	૮૩	૨૦
પ્રોવિન્શિયલ એન્જીનિઅર્સ	૫૯	૧૧૩

પોલિસ વિભાગ

ઇન્સપેકટર જનરલ ઓફ પોલિસ	૧૦	
ડેપ્યુટિ અને આસિસ્ટંટ ઇન્સપેક્ટર જનરલ	૩૦	
સુપ્રિન્ટેન્ડેન્ટ પોલિસ	૩૦૦	૭
આર્મિ સુપરિન્ટેન્ડેન્ટ્સ	૩૦૮	૦

શિક્ષા વિભાગ

ઇન્ડિયન એજ્યુકેશનલ સર્વિસ	૧૮	૪
અન્ક્લાસિફાઇડ	૩૮	૨૦
પ્રોવિન્શિયલ *	૫૮	૩૨૩

ઉપરના વિવરણ ઉપરથી યુરોપિયન અને હિંદી પદાધારીઓની સંખ્યા કેટલી છે તે સાફ માલમ પડે છે

* ઇમ્પીરિયલ અને પ્રોવિન્શિયલ સર્વિસમા બહુ મોટો તફાવત છે. ઇમ્પિરિયલવાળાનો પગાર આરંભથીજ વધારે હોય છે, અને તેમા દર વર્ષે આપોઆપ વધારો મળે એવો નિયમ છે, અને પ્રોવિન્શિયલ સર્વિસ દરેક ખાતામા ઓછા પગારથી આરંભ થાય છે અને પ્રમોશન સિફારસ તથા સારૂ કામ કરવાથી મળે છે, તેથી પ્રમોશન બહુ મોડુ મળે એટલે પગાર ઓછોજ રહે છે

હવે આપણે પગારનો હિસાબ પણ જોઈ લઈએ. એક હજાર કરતા અધિક વાર્ષિક પગાર (અથવા ૮૩⅓ રૂપિયા માસિક) વાળા ૩૯૦૦૦ સરકારી નોકરો છે તે પૈકીના ૨૮૦૦૦ ગોરાલોક અને ૧૧૦૦૦ હિન્દુસ્તાની છે. ૨૮૦૦૦ ગોરાઓને કુલ ૧૫ મિલિયન સ્ટર્લિંગ પગાર મળે છે, જે લગભગ ૨૨½ કરોડ રૂપિયા જેટલો થાય છે, અને ૧૧૦૦૦ હિન્દુસ્તાનીઓને કુલ ૩ મિલિયન પગાર મળે છે તે લગભગ ૪½ કરોડ રૂપિયા જેટલો જ થાય છે"+

—સર રોમેશચંદ્ર દત્ત

× ૧૦૦) રૂપિયાથી અધિક પગાર મેળવનારા—

	ઈ. સન ૧૮૬૭	ઈ. સન ૧૯૦૭	ઈ. સન ૧૯૧૫ માં
યુરોપિયન	૨૦૮૮	૩૨૫૮	૪૩૦૬
ભારતવાસી	૧૩૪	૦૬	૯૨૪

૧૦૦૦ રૂપિયા કરતા વધારે પગાર ખાનાર ૨૩૮૮ સરકારી નોકરો છે તે પૈકીના માત્ર ૩૦ ભારતવાસી અને બાકીના ૨,૩૫૮ યુરોપિયનો અને યુરેશિયનો છે. ભારતવાસીઓનો પગાર ૧૦૮૦૦૦ રૂપિયા છે, અને ગોરા (યુરોપિયન ૨૩૪૩ યુરેશિયન ૧૫) ૨૨,૭૭૦૦૦ રૂપિયા પગાર ખાય છે.

એ શિવાય ૧૦૫ નોકરો રેલવે ખાતામાં છે. તેઓ કુલ

+ Extract from a letter Dt 21st April 1900 to the Editor Manchester Guardian

× Figures taken from the reply of the Government of India to the enquiery of the Honorable Raja of Degpatia 1912.

* The Hon. Mr G K Gokhale C I. E on the exclusion of the people of India from high appointments in India

૧૦,૦૦૦ રૂપિયા કરતા અધિક પગાર ખાય છે અને એ તો બધાજ યુરોપિયન છે તેઓના પગારનો સરવાળો ૧ લાખ ૨૮,૯૧૨ રૂપિયા થાય છે

૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીનો વાર્ષિક પગાર ખાનારા ૭,૭૭ યુરોપિયનો અને યુરેશિયનો છે અને હિંદુસ્તાની ૬૧ ૫૦૫ છે એઓનો પગાર ૨,૩૭,૨૦,૦૦૦ અને હિંદુસ્તાનીઓનો પગાર ૩૬,૭૧,૦૦૦ રૂપિયા છે

એ સિવાય પણ આગળ જણાવ્યા પ્રમાણે ૨૫૮ અમલદારો રેલવેમા છે તેમા ૨૪૮ યુરોપિયન, ૮ યુરેશિયન, અને માત્ર ૨ હિંદુસ્તાની છે યુરોપિયનો ૧૭,૧૦,૦૦૦ યુરેશિયનો ૫૦,૦૦૦, અને હિંદુસ્તાનીઓ કુલ ૧૨,૦૦૦ પ્રાપ્ત કરે છે

ગવર્નમેંટ ઓફ ઇંડિયા યાને હિંદી સરકાર ૧,૨૫,૩૬૦ પાઉન્ડ (૧૮,૮૦,૪૦૦ રૂપિયા) અને રેલવે કંપનીઓ ૫૪,૫૨૨ પાઉન્ડ (૮,૧૭,૮૩૦ રૂપિયા) ઇંગ્લાંડ ખાતેના નોકરોના પગાર પેટે ત્યા મોકલે છે, તે બધા પગારદારો યુરોપિયનોજ છે

" એ શિવાય એક મોટી રકમ પેન્શન અને ફરલો (છુટ્ટી) ની વિલાયત ખાતે મોકલવી પડે છે, તેના ભોક્તા પણ યુરોપિયનોજ છે ઈ સ ૧૮૯૦ મા ૩¾ મિલિયન સ્ટર્લિંગ કરતા વધારે (સવાપાંચ કરોડ રૂપિયા) કેવળ એજ મુદ્દા ઉપર ઇંગ્લાંડ ખાતેના યુરોપિયનોને માટે અદા કરવા પડયા આની રાક્ષસી ખર્ચવાળી વિદેશી એજન્સિથી માત્ર આર્થિક હાની પહોચે છે એટલુજ કાંઈ નથી એનાથી આપણા-મા એક એવો માનસિક દુર્બળ ભાવ જન્મ પામ્યો છે, કે જેને લીધે સારી ભારત જનતાની (નેશન) અધોગતિ થતી જાય છે આપણી ઉચ્ચ ભાવનાઓ નાશ પામતી જાય છે આપણે દરેક બાબતમા દબાયલા રહીએ છીએ અને પોતેજ પોતાને અયોગ્ય સમજવા લાગ્યા છીએ, તે એટલે સુધી કે વિદેશીઓને ખુશ રાખવા માટે આપણામાના

સર્વથી યોગ્ય ગુરિા ન, ... નમીને કામ લેવું પડે છે

—માનનીય ગોપાળ કૃષ્ણ ગોખલે ... ...

સ્વર્ગવાસી મહારાણી વિક્ટોરિયાની પ્રતિજ્ઞા છે કે—અમારી પ્રજાને પછી તે ગમે તે જાતિ કે ધર્મની હોય તો પણ તેની વિદ્યા, યોગ્યતા, બુદ્ધિમત્તા તથા વિશ્વાસપાત્રતા પ્રમાણે અમારા તમામ સરકારી ખાતાઓમાં નિષ્પક્ષપાતપણે અને સ્વતંત્રતાપૂર્વક નોકરી આપવામાં આવશે

'And it is our further will that so far as may be, our subject of whatever Race or Creed be freely and impartially admitted to offices in our service the duties of which they may be qualified by their education, ability, and integrity duly to discharge

સ્વર્ગવાસી મહારાજ એડવર્ડ પણ પોતાની પૂજનીય માતાની પ્રતિજ્ઞા બરાબર પાળી, અને ત્યાર પછી આપણા વર્તમાન માનવતા મહારાજ પંચમ જોર્જે પોતાના દિલ્હીના ઘોષણાપત્ર (ઢંઢેરા) દ્વારા ભારતવાસીઓને વિશ્વાસ દઈ ગયા છે કે પોતે પોતાના સુયોગ્ય પૂર્વજોની પ્રતિજ્ઞા દૃઢતાપૂર્વક પાળશે અને તેનો સારી રીતે અમલ કરશે

What strength, O England shall be thine
When such prosperity is mine ?
Contentment ! — What Contentment lies
In that poor slavish heart
The dumb despair with sunken eyes.
That bears its ills and rather dies
A thousand deaths than dare to rise
And play a free man's part.

Punch, July 1901

પ્રિય પાઠક, હવે તો બધી બાબતોનો બાર તમારા ઉપરજ અવ-લંબી રહ્યો છે તમે જો ચાહો તો ક્રમમા ક્રમ એક પડતી દશામા આવેલા બાઇને, એક નિર્ધન બહેનને વિદ્યાધ્યયન કરવા માટે સહાયતા આપી બ્રહ્મચારી અથવા બ્રહ્મચારિણી બનાવી, નેશનને—રાષ્ટ્રને—જરા ઉચે ચઢાવી દો આમ કરવાથી તમારા સુયોગ્ય બનાવેલા યુવકો અને યુવતીઓ, દેશની સેવા કરીને પોતાના ખોવાયલા હક અને ગૌરવ ફરીથી પ્રાપ્ત કરી શકશે અથવા તમારી મરજીમા આવે તો તમે પોતે પણ જુના પુરાણા વિચારના મહાજન બન્યા રહીને (Eat, drink and be merry) 'ખાઓ, પીઓ અને મઝા ઉડાવો,' એવા સિદ્ધાતને વળગ્યા રહો અને પછી મરતી વખતે માતૃભૂમિને બારે મારે અને પ્રજાને અધોગતિમા ઉતારે એવા એક અથવા અનેક અયોગ્ય મતાનો પાઠ્ઠ મૂકી જાઓ તમે આવી જીદગી ઘોર નરકના દુખમા રીબાઇને દેશવાસીઓને પણ સાથે નમડતા જાઓ એ બે બાબતોમા જે કરવી હોયતે તમારાજ હાથમાછે

ઇ સ ૧૯૧૨ મા મિરજાપુરની એક દિવાની કચેરીમા માસિક પગારની રકમ ૩૯૦૦ રૂપિયા થતી હતી તેમા વૃદ્ધ જજ મી માયર ને ૨૪૦૦, સબજજને ૪૫૦, મુન્સિફને ૨૦૦, મુન્સરિમને ૨૦૦, મુતરજીમને ૧૦૦ રૂપિઆ પગાર મળતો હતો બાકી રહેલા ૫૫૦, રૂપિયામાથી બીજા ૭૨ નોકરોને નિર્વાહ કરવો પડતો હતો તેમા કોઇ કોઇનો તો ૫) રૂપિયાનો પગાર, વળી કોઇ મુનમીને ૧૦) અને કોઇને ૧૫) રૂપિયા મળતો હતો પણ એ બધાની સરાસરી કાઢતા માસિક પગાર રૂ ૮) ભાગે આવતો માત્ર જજ સાહેબ શિવાયના બીજા બધા અમલદારો અને પટાવાળાઓ સુદ્ધા બાળબચ્ચાવાળા કબિલદાર છે. એ દરેક જણને પોતાનુ પેટ ભરવુ અને ઘરના બાળ બચ્ચાનું પણ પેટ ભરવાનુ તો છે જ હવે આમ સરાસરી ૮)રૂપિયાની માસિક આવકવાળા નોકરો કેવી રીતે ગુજરાન કરતા હશે? પોતે

શુ ખાય અને બાળબચ્ચાને શુ ખવડાવે ? આનો જવાબ સહેલાઇથી એકજ શબ્દ વડે આપી શકાય છે લાંચ અથવા રુશવત

ત્યાના દફતરના રક્ષકનો મોટો છોકરો (રજીસ્ટ્રેશન ક્લાર્ક) લાંચના મુકદ્દમામા ત્રણ મહિના સુધી સડોવાયલો હતો બીજો દીકરો પાસના ગામમા માસ્તર હતા તેને ૭ મા નાની સજા થઇ છે કાયમમુકામ નાઝિરને કોઇ અવાજ નામેલાના કારણથી રાજીનામુ આપવુ પડયુ પરંતુ ટેવ છૂટતી જ નથી અથવા તો એમ પણ કહો કે બાળબચ્ચાની સખત જરૂરીઆતો હદી કેડો મૂકતી જ નથી ત્યાથી રાજીનામુ આપીને ભાઇ જનાબ સ્ટેટમા નોકરી ઉપર રહ્યા અને એક મોટી રકમ ઉચાપત કીધી ચોરી પકડાઇ, માલ પાછો આપવો પડયો અને પોતે આજકાલ તુરંગના સુખનો અનુભવ કરે છે જૂના નાઝિરનો છોકરો તેજ કચેરીમા ૫) રૂપિયાનો ચપરાસી છે

મુન્સરિન સાહેબની ધણીઆણી મરી ગયેલી છે, તે ખાવાનુ પોતાની જાતે રાંધી ખાય છે, અને તેના ઘરનુ કામ કચેરીના ખુશા-મતીઆ નોકરો કરી આપે છે મોટો છોકરો પોલીસખાતામા અને નાનો છોકરો સુથારીની નોકરી કરે છે સબજજ સાહેબ પાસ ગાડી છે, પણ ઘોડો નથી તેથી પગે ચાલીનેજ કચેરીમા જાય છે ડન્સિફ સાહેબ પાસે ઘોડો કે ગાડી એક નથી તેઓને મેળા, તમાશા અથવા કોઇ ન્યાતવરામા જવુ હોય ત્યારે પોતાના અર્ધો ડઝન બાળકો સાથે શહેરના શેઠિયાની ગાડી મગાવીને સહેલ મારી આવે છે આ દશા તો આપણા કહેવાતા મોટા પગારદારોની છે

હવે એ નાના પગારદારોના હાલ જોઇએ **મુનશી રામવિજય**, મોહર્રિર સિવિલ કોર્ટ, એજ ગામનો રહીશ જીવતો છે તેને માસિક રૂ ૧૫) પગાર મળે છે, અને પગાર શિવાય બીજી કોઇપણ પ્રકારની આવકનું સાધન નથી તેને એક પછી એક ૨૬ સતાનો જન્મ્યા. તેમા એક અધમુઓ સૂર્યનારાયણ જીવે છે અને બીજા બધા મરી

ગયા છે મરી ગયા હોત નહીં તો જીવી પણ કેવી રીતે શકત? સ્ત્રી, પુરૂષ અને છોકરા મળીને ૨૮ જીવ ૧૫ રૂપિયામા કેવી રીતે ગુજારો કરી શકત?

આવા નાના પુસ્તકમા દરેક જણની મુશીબતનુ વિસ્તારપૂર્વક વર્ણન કરી શકાય તેમ નથી ૨૦ રૂપિયાના પગારમા ૩૦ દિવસનો માસ તો કાઢવો, ઘરમા ઘરડી માતા, વિધવા બહેન, સ્ત્રી અને પા ડઝન રોગી સતાનો! પાચ વર્ષ સખત વૈતરૂ અને ખુશામત કરતા કરતા પાચ રૂપિયા પગાર વધ્યો, એટલામા તો પ્રભુએ પ્રસન્ન થઇને બીજી બે પુત્રીઓની બક્ષિસ આપી, અને વાત કરતા કરતા અર્ધો ડઝન પુરા થવાની તૈયારી છે બાળકોના ભરણપોષણ માટેજ સાધન હોય નહીં તો પછી તેઓને કેળવણી આપવાની આશા કેવી? છોકરીઓના વિવાહ કરવાનુ કેમ બને? રાતદિવસ આવી આવી અનેક પ્રકારની ચિતા બિચારાને ચિતાની પેઠે બાળી બાળીને ખાખ કરી મૂકે છે.

હવે બીજી બાજુ જોઇએ મિરજાપુરમા બધા મળીને બાર અગ્રેજો છે તેમાથી અર્ધા તો પરણેલા નથી અને તે કોણ? જર્જ, કલેકટર, પ્રિન્સિપલ

મિસ્ટર વિંડમ, પગાર ૨૨૦૦) રૂપિયા માસિક, ઉમ્મર ૪૫ વર્ષ, કુવારો છે

મિસ્ટર માયર, પગાર ૨૪૦૦) રૂપિયા માસિક, ઉમ્મર ૪૦-૪૫ વર્ષ, કુવારો છે

મિસ્ટર લોંગમેન, પગાર ૪૦૦) રૂપિયા માસિક, ઉમ્મર ૫૦ વર્ષ, કુવારો છે

મિસ સ્પેન્સ, પગાર ૨૦૦) રૂપિયા માસિક, ઉમ્મર ૪૦, પરણેલી નથી જજ સાહેબની બે બહેનો ઘરડી છતા કુવારી છે.

મુન્શી રામવિજયલાલની દશા તો આપણે જોઈ લીધી છે ૨૨૦૦) રૂપિયા મેળવનાર વિવાહ સરખો કરે નહીં ત્યારે ૧૫) રૂપિયા

માસિક આવકવાળો ૨૬ છોકરાનો બાપો બને ! તેનુ કેવુ પરિણામ આવે તે બતાવવાની જરૂર નથી

જે દશા વાયવ્યપ્રાતના એક શહેરની છે, તેવીજ દશા લગભગ હિંદુસ્તાનના ઘણાખરા જીલ્લાઓની પણ છે તે ઉપરથી સારા ભારત-વર્ષનુ અનુમાન કરી લેવુ

આપણા દેશમા કચેરીનો કાન્કુન, નિશાળનો માસ્તર, ટપાલનો પોસ્ટ-માસ્તર, રેલવેનો બાબુ કે વેપારીની ઓફિસનો કલાર્ક એ બધાના પગાર એટલા બધા ટુકા હોય છે કે તેઓને પોતાની જરૂરી-આતો પૂરી પાડવી ભાગે પડે છે, અને કુટુબપરિવારનો ભાર ઉઠાવ-વાનુ અસભવિત છે પણ કરે શુ ? ઘરમાથી કોને કાઢી મૂકે ? કોને તજી દે ? ઘરડી માતાને, વિધવા બહેનને કે બાર વર્ષની ઉમ્મરમા ગળે બધાવવી દુખિયારી સ્ત્રીને ? આટલુ દુખ જાણે ઓછુ હોય માટે તેમા દર બીજે વર્ષે એક નવી આફત ઇશ્વર માથા ઉપર આણી મૂકે છે દર બીજે વર્ષે એક એક સતાન પેદા થઇને દુખની જ્વાળા પ્રગટાવે છે આગમા તેલ રેડે છે

એ બિચારા સવારથી સાજ સુધી કોઇ પેઢી કે કારખાનામા સખત ગધ્ધાવૈતરૂ કરે છે પણ એ મહેનતના બદલામા નથી પોતાનો પગાર વધવાની આશા કે નથી કાઇ ખાસ અગત ફાયદો, તેથી તેઓને મન લગાડીને ઉમગથી કામ કરવાની હોસ થતી નથી થાકીને લોથ થઇ ગયેલા ભૂખ્યા-તરસ્યા સાજે ઘેર આવે છે ત્યા પેટ ભરીને રુચિપૂર્વક ભોજન મળતુ નથી અને બાળબચ્ચાનુ રૂદન, ઘરના ઝગડા તથા સ્ત્રી કે માતાના દુખની કહાણીઓ સાભળતા સાભળતા ઉઘી જાય છે થાક મટવા જેટલો આરામ લેવા પહેલા તો સવાર થઇ જાય છે, અને ચિતાનો પહાડ આખ ઉઘાડતાજ સામો નજરે પડે છે પ્રાતકાળની પ્રાર્થના ઇશ્વરનુ ધ્યાન, ઇશ્વરભક્તિમા પ્રેમ વગેરેને ઠેકાણે પેટની પૂજા, કરજ અને વ્યાધિનુ અસહ્ય દુખ સામે આવીને

ધ્રુજે છે, અને સદ્ભાવનો નાશ કરે છે જેઓને વિતે છે તેઓ જ એવા ક્લેશ અને દુર્ભાગ્યની હ્રદય–વેધક વેદના કેવી અસહ્ય છે તે સમજી શકે છે. આવી દારુણ દુ ખની અવસ્થામા ઇશ્વરની ભક્તિ થાય કેવી રીતે ? લોકો કહે છે ખરા, કે દુ ખીઆ હોય તે દુ ખમા ઇશ્વરને સભારે છે પણ નહીં, દિનરાત વઠવી પડતી હાડમારી ઇશ્વરને, અત-ર્યામીને, સત્યાસત્યને, કે સારાનાર વિચારને ઓળખવાનો વિવેક ભુલાવી દે છે એકની એક વાત મનને વિહ્વળ કરી મૂકે છે તે એજ કે પરિવારની પ્રાણરક્ષા કેવી રીતે થાય–બસ

નિરાશ અને લાચાર પાછો પોતાનો રોજનો લાગેલો ધ ધો શરૂ કરે છે હાથપગ ચાલે અને શરીરમા તાકાત રહે ત્યા સુધી વૈતરૂ કરતા રહે છે આખરે કોઈ અ ગ નકામુ થઇ જાય છે, આખ, હાથ પેટ, કે મગજ પોતાનુ કામ કરતા અટકી પડે છે, સ ગ્રહણી, ક્ષય, લકવો, કે ભ્રમ અથવા એવાજ કોઇ વિકટ અને અસાધ્ય રોગથી રીબાઇને શરીરનો નાશ થાય છે ત્યારે દુ ખી વિધવા સ્ત્રી તથા અરધો ડઝન અનાથ બાળકો રઝળતા મૂકીને દુ ખી આત્મા યમપૂરીમા ચાલ્યો જાય છે અફસોસ ! બિચારાને મરતી વખતે પણ શાતિ નથી હોતી મારો એક તરુણ મિત્ર વ્રજકિશોર મરતી વખતે પોતાના ખાટલા ઉપર ઝુકેલી સુદરી [ધર્મપત્ની] ના ગળામા હાથ નાખીને ડચકા ખાતો હતો તે દેખાવ મારાથી કદીપણ ભૂલાતો નથી તે ધીમા પણ દુ ખભર્યા અવાજે કહેવા લાગ્યો “ પ્રિયે હુ ઘણો પાપી છુ મે મોટો અન્યાય કીધો છે દારદ્રતાને લીધે તારે મારી સાથે સદૈવ દુ ખજ ભોગવવુ પડ્યુ છે અને હવે હુ તારા ત્રણ બાળકોને અનાથ મૂકીને જાઉં છુ હું તે નક્કી નરકમાજ પડવાનો, દેવિ ! મારો અપરાધ ક્ષમા કર”, આમ કહેતા કહેતા તેણે પ્રાણ તજી દીધા

૩૦ વર્ષ પહેલા આ વ્રજકિશોરનો પિતા ૪ કુવારી પુત્રીઓ અને બે નાના છોકરાઓ મૂકીને મરી ગયો હતો સગાસંબધીની સહાયતાથી હરકોઇ પ્રકારે દિનગુજારો થયો. એક ભાઈ મરી ગયો.

પોતે સમજણો થયા પછી લગ્ન કીધા તેનુ પરિણામ આપણે ઉપર વાચ્યુ તે પ્રમાણે છે તેની વૃદ્ધ માતા, યુવાન સ્ત્રી, બે બાળકો અને એક બાળકી હવે પબ્લિક ચેરિટી [સાર્વજનિક ધર્માદાખાતા] ઉપર નિર્વાહ કરે છે

આવા તો કરોડો વ્રજકિશોર ભારતને ગારત કરી રહ્યા છે તમે પોતેજ વ્રજકિશોર નથી તો તમારો ભાઈ, પાડોશી અથવા નજીકના સગામા કોઇને કોઈ છે તો ખરો તમે જો આખ ઉઘાડીને જુઓ તો તરતજ દેખાશે

હવે કહો, તમે આવા લોકોની સખ્યા ઘટાડવાની દૃઢ પ્રતિજ્ઞા કરો છો કે પોતે પણ વિવાહ કરીને એક નવા વ્રજકિશોર બનવા ચાહો છો ?

બચ્ચાઓ બોબડુ તોતડુ બોલતા હોય ત્યારથીજ બજારમા ટોપી, રમકડા, કે ફળ વગેરે વેચે, ચલમ ભરીને પાવાનુ કામ કરે, અથવા નોકરી પણ કરે છે તેઓના માબાપ તેઓનુ અસહ્ય દુ ખ જુએ છે, પણ દરિદ્રતાને લીધે હૃદય કઠોર થઈ જાય છે, તેથી નિર્દય બનીને બિચારા બાળકોને કમાવાની ફરજ પાડે છે

અમદાવાદના એક છાપખાનામા ઇ સ ૧૯૧૦ મા બાબુ શિવનદનસિહ કાઇ જરૂરી પ્રુફ તપાસતા હતા અને તેજ દિવસે તે કામ છપાવવાનુ હતુ સામેજ એક આઠ વર્ષનો સુદર બાળક પ્રેસ ઉપર છપાતા કાગળો ઉપાડી લઇને ૧૦૦ કાગળ ગણીને મૂક્યા પછી નિશાની કરીને બીજા કાગળો મૂકવાનુ કામ કરતો હતો

પ્રદર્શનના કારણને લીધે જરૂરી કામોની છાપખાનામા ભરપૂર ધમાલ ચાલતી હતી આગલી અર્ધી રાત સુધી પ્રેસ ચાલુ હતો અને બીજે દિવસે સવારે ૯ વાગેથી તે છોકરો પોતાના કામ ઉપર ફરીથી હાજર થયો હતો તે ઝોકા ખાતો ખાતો વારવાર પડી જતો હતો શાહી લગાવનારે તેને ઘણી વખત ધપ્પા લગાવ્યા,

પણ તેનાથી ઉંઘને લીધે કામ થઇ શકતુ ન હતુ અને પ્રેસ ચલાવ-નારાઓને રોકાણ થતુ હતુ તેઓ લાચાર થઈ મેનેજર સાહેબ પાસે ફરિયાદ લઇ ગયા મેનેજર ઝપાટાબધ આવ્યો અને પેલા બાળકને ઝોકતો જોયો એક તમાચો મોઢા ઉપર એવા તો જોરથી લગાવ્યો કે તે ચીસ પાડીને પોતાની ઉંચી બેઠક ઉપ થી પત્થરના જમીન ઉપર ગબડી પડયો ઉપરથી ફૂલબૂટની એવીતો મજબૂત લાત તેના પાસામા જોર થી મારી કે તે ઢગલો થઇને જમીન ઉપર બેભાન થઇ ગયો. પેલા ,ફ તપાસનાર દયાળુ બાબુએ દોડી જઇને તેને ઉંચકીને બેઠો કીધો તે વખતે તેના નાક અને મોઢામાથી લોહી વહેવા લાગ્યુ પેલા મરણ તુલ્ય બેભાન બાળક તરફ પ્રેસવાળાઓ એક વખત જોઇને પાછા પોતપોતાને કામે વળગી ગયા અને મેનેજર સાહેબ ગાળો દેતા દેતા પોતાના ઓરડામા ચાલ્યા ગયા !

બહુ વારે તે બાળકને ભાન આવ્યુ અને બાબૂજીએ તેને ઘેર પહોચવાનુ કહ્યુ ત્યારે તે તેમને ગળે બાઝી પડીને બહુજ રડયો અને ડચકા ખાતા ખાતા બ્હીતો બ્હીતો બોલ્યો " મને ઘેર નહી લઈ જશો પ્રેસ બધ થવા પહેલા ઘેર જાઉં તો બાપા મારશે, અને આજે મને ખાવાનુ નહી આપે તેઓ બહુ નિર્દય છે બ્હેનને પણ બહુ મારે છે માને—" આટલુ બોલીને તે ફરીથી બેભાન થઈ ગયો !

બહુ પ્રયત્ન કરવા છતા પણ તેને બીજી વખત શુદ્ધિ આવી નહી, તેથી બીજા પ્રેસવાળાઓને તેનુ ઠેકાણું પૂછીને છેવટે ઘેર લઇને ગયા મોહતશમગજમા તેનુ કાચી બાધણીનુ ભાડાનુ નાનુ સરખુ ઘર હતું ત્યા જઇને જોયુ તો વળી ઓરજ રગ દીઠો વૃદ્ધ પિતા અને જુવાન મોટો ભાઈ બન્ને મરણતોલ માદા હતા તેઓની ખબર લેનાર કોઈ મળે નહી ! ૧૫–૧૬ વર્ષની એક કુવારી બ્હેન તેઓની સેવા કરતી હતી ઘરનો ઢગ અને વસ્રો જોતા ઘોર દરિદ્રતા પ્રગટ દેખાતી હતી મુનસીજી જૂના મૂખત્યાર હતા કોઇ મુકરદમામા ભુલ-

શાપ ખાવાથી બે વર્ષની સજા ભોગના આપ્યા ત્યારથી તે બિચારાની અવદશા બેઠી હતી. પેની બહેનને બધી હકીકત જણાવીને બાળકને કોલ્વિન હોસ્પિટલમા બાબૂજી લઈ ગયા. અને મી સૂર્યકુમાર મુકરજીને સોંપી આવ્યા

પોતાનો બચાવ રાખીને સભાળપૂર્વક એક આર્ટિકલ પાયોનિયરમા અને બીજો લીડરમા લખી મોકલ્યો બસ મામલો પૂરો થયો

આપણો વેપાર.

'India the mine of wealth ' India in poverty ' midas starving amid heaps of gold dose not afford a greater paradox, yet here we have India midas-like, starving in the midst of untold Wealth ' !'

MOLLSWORTH

પ્રસિદ્ધ મોલેસ્વર્થનુ કથન છે કે " **ભારતભૂમિ ધનની ખાણ છે.** એમા નાના પ્રકારની ખેતી, ખનિજ અને ઉદ્યોગ કરવાના કુદરતી સાધનો છે, ઉંચી જાતના કોયલા છે, ઉમદા માટીનુ તેલ-ઘાસ તેલ છે. ઉત્તમ લોહુ અને ઉત્તમ લાકડાના જગલો જોઇને પશ્ચિમવાસીઓના મોઢામા પાણી છુટે છે જસત, તાબુ, ચાદી, સોનુ અને બીજા અનેક રત્નોની કમી નથી તેમ છતા ભારત ભૂખે મરે ? "

હિંદુસ્તાનની જીઓલોજીકલ સરવેના ડાયરેકટર-જનરલ જણાવે છે કે " **ભારતવર્ષ** ખનિજના કામોમા લાભકારી ઉદ્યોગો માટે અપરિમિત સ્થાન છે પ્રકૃતિએ આ દેશને જે જોઇએ તે સર્વ કાંઇ આપેલુ છે અહીના પદાર્થો ફકત આ દેશને પૂરા પડે એટલાજ નથી, પણ આખી દુનિયાના સર્વ બજારોમા સહેલાઈથી લાભ મેળવીને

વેચી શકાય તેમ છે, પણ જ્યાસુધી વકીલાત અને નોકરીના કામમા તન્મય થઈ ગયેલા આપણા નવયુવકરત્નો ઉદ્યોગના ક્ષેત્રમા ઉચ્ચ ભાવના સાથે તન્મય થઈને કામ કરવા તૈયારી કરે નહી ત્યાસુધી ભારતનુ આ અખૂટ ધન ગુપ્તજ રહેશે ”

મી બોલ લખે છે કે “ જો ભારતવર્ષને સસારના બીજા દેશોથી જુદા પાડી દેવામા આવે, અથવા એની ઉપજની રક્ષા કરવામા આવે, તો એટલી વાત નક્કી છે, કે એક સુશિક્ષિત સભ્ય જાતિની સર્વ જરૂરિયાતો ભારત પોતાની અદરનીજ ઉપજથી પૂર્ણ કરી શકે તેમ છે ”

ભારતનો પણ એક સમય હતો કે જે વખતે એનો શિલ્પ-સામાન રોમ, યૂનાન, મિસર ઇરાન, અરબસ્તાન, જાપાન, ચીન અને ઇગ્લાડમા ધડાધડ વેચાતો હતો તે સમયે અહી આટલા બધા દુષ્કાળ પડતા નહી હતા દેશ લક્ષ્મીથી ભરપૂર હતો. પણ તે સમયમા ભારતે વખત વિચારીને કામ લીધુ નહી. આત્મરક્ષામા ઢીલો પરેલો હોવાથી મુસલમાની રાજ્યમાજ વેપારને ધક્કો લાગ્યો અને પશ્ચિમવાસીઓનો પ્રવેશ થતા વેપારમા ભયકર પરિવર્ત્તન થવા લાગ્યુ વિદેશી હકુમત, કૂટ–નીતિજ્ઞોની પોલિસી અને અભાગીઆ ભારતની મૂર્ખતાના અધકારમા વેપારના મૂળમા કુહાડાના ઘા લાગવા માડયા વેપારરોજગાર, કલાકૌશલ્ય, ઉદ્યોગધધાની સાથે લક્ષ્મી પણ ઇંગ્લાડ ચાલી ગઈ લુટને ભારતના વેપારનુ હરણ કીધુ અને આ દેશને કલાકૌશલ્ય તથા સપત્તિહીન કરી નાખ્યો હવે તો આપણી ઉંઘ ઉડી ગઈ છે તો પણ આળસ મરડયા કરીએ છીએ

આજે તો ભારતનો કુલ વેપાર વિદેશીઓના હાથમા છે રેલવે, ટ્રામ, તાર, સોનાચાદીની ખાણો, ઘાસતેલના કારખાના કોયલા, સણ, ઉન, ગળી, ચા, કોફી, કાગળ વગેરે સર્વ પ્રકારના કારખાનાંઓના ધણી અંગ્રેજો છે ભારતવાસીઓ માત્ર તેના આડતીઆ

છે અથવા દલાલો છે આટો પીસવાનુ અને રૂ દબાવવાનુ કામ આપણે કરીએ અને તેનો નફો જાય પશ્ચિમવાસીઓના હાથમા નીચેન કોઠા ઉપરથી એ બાબત બરાબર સમજાશે

મુખ્ય મુખ્ય વ્યવસાયોના માલિક.*

વ્યવસાયનુ નામ	ભારતવાસીઓના હાથમા	અગ્રેજ અથવા બીજા વિદેશીઓના હાથમ
બગાળા		
ચાના ખેતરો અને કારખાના	૩૬	૨૪૦
સણના કારખાના	૦	૫૦
સણ દાબવાના કારખાના	૫૨	૫૭
હુન્નરકળા વર્કશોપ	૭	૩૦
કોયલાની ખાણો	૪૯	૬૦
બિહાર અને ઓરિસ્સા.		
ગળીના ખેતરોની વાવણી	૧૪	૧૦૫
કોયલાની ખાણો	૧૧૦	૮૬
લાખના કારખાના	૪૬	૨
સયુક્ત પ્રાત.		
લાખના કારખાના	૭૫	૧૩
છાપખાના	૮૦૬	૧૫૦
ગાલિચાના કારખાના	૯૩	૧૦
કપાસના કારખાના	૭૨	૫
મુંબઈ.		
રેલવે વર્કશોપ	૦	૧૩
હુન્નરકળાની વર્કશોપ	૨	૯
છાપખાના	૪૪	૧૭

* Moral and material progress Reports.

કપાસના કારખાના	૩૯૬	૭૯
મદ્રાસ.		
કાફીના ખેતર	૧૭	૮૬
રેલવે વર્કશોપ	૦	૨૩
છાપખાના	૩૬	૧૫
પંજાબ.		
રેલવે વર્કશોપ	૦	૧૯
છાપખાના	૨૨	૬
અજમેર, મારવાડ, આસામ, મ્હૈસુર વગેરે.		
સોનાની ખાણ	૦	૬
રબર પ્લાન્ટેશન	૦	૧૦
ચા	૬૦	૫૪૯

ભારતવર્ષ કંપનીઓની બાબતમાં સર્વ દેશો કરતા ઘણો પાછળ છે સઘળો વેપાર વિદેશીઓના હાથમા છે તેમ છતા પણ બીજા દેશોની સાથે સરખાવતા અહીંનો વેપાર છેક નજીવો છે અથવા નામનોજ છે *

* દેશ	કંપનીઓની સંખ્યા	થાપણ—પાઉન્ડ
ઇંગ્લાંડ U K	૪૦,૯૯૫	૨,૦૦૦,૦૦૦,૦૦૦
જર્મની	૫,૦૬૧	૬૮૫,૦૦૦,૦૦૦
ફ્રાન્સ	૬,૩૨૫	૫૪૦,૦૦૦,૦૦૦
રશિયા	૧,૪૭૭	૨૬૦,૦૦૦,૦૦૦
બેલજીયમ	૧,૩૫૮	૧૬૫,૦૦૦,૦૦૦
નેધરલાંડ	૪૭૪૫	૧૧૦,૦૦૦,૦૦૦
જાપાન	૪,૨૧૬	૮૭,૦૦૦,૦૦૦
સ્વિટ્ઝરલાંડ	૨,૭૪૫	૮૦,૦૦૦,૦૦૦
હંગરી	૧,૮૯૬	૪૪,૦૦૦,૦૦૦
ડેન્માર્ક	૧,૮૨૩	૩૩,૦૦૦,૦૦૦
ભારત	૧,૭૨૮	૨૮,૦૦૦,૦૦૦

ભારતના જેટલી જનસખ્યાવાળા બીજા દેશમા ૧૧ કરોડ સ્પિન્ડલો (ત્રાકો) છે ત્યારે ભારતમા માત્ર ૬૬ લાખ સ્પિન્ડલો (ત્રાકો) છે

અમેરિકાના પોલાદના ટ્રસ્ટની પુજી ૧૫૦ કરોડ ડોલરની છે (એક ડોલરની કીમ્મત ૩ રૂ ૨ આના છે) અમેરિકાની તમાકુની કપનીઓની પુજી ૧૫ કરોડ ડોલરની છે

ઇ સ ૧૯૦૫ મા ભારત વર્ષમા ૧,૭૨૮ કપનીઓ હતી ત વખતે ઇગ્લાડમા ૪૦૯૯૫ કપનીઓ હતી ભારતની કપનીઓની પુજી ૨,૮૦,૦૦,૦૦૦ પાઉડ અને ઇગ્લાડની કપનીઓની પુજી ૨,૦૦૦,૦૦૦,૦૦૦ પાઉંડ હતી ઇગ્લાડમા ભારતના કરતા ૧૪ ગણી કપનીઓ અને તેની પુજી ૭૧ ગણી વધારે છે વળી દેશોની જન સખ્યા પણ ધ્યાનમા રાખીને વિચાર કરવો જોઇએ મોટા મોટા દેશોની વાત તો જુદીજ હોય, પણ બેલ્જીયમ, નેધર્લાડ, સ્વિટ્ઝર્લાડ, ડેનમાર્ક અને ગઈ કાલે જાગૃત થયલા જાપાન કરતા પણ ભારતનો વેપાર બહુજ ઓછો છે

આજકાલ (Survival of the fittest) સુયોગ્ય અને અયોગ્ય વચ્ચેનો ઝગડો મચી રહેલો છે વેપારી આલમમા પણ જીવનની મારામારીના ઝગડા જોર પર છે સ્ટીમર, રેલ્વે, તાર વગેર ઝડપી સાધનોના જમાનામા આખો સસાર હરિફાઈ કરી રહ્યો છે સુધરેલા દેશોમા પ્રત્યેક (Nation) જાતિની બેહબ હરિફાઇ ખૂબ રસાકસી ઉપર આવી ચઢી છે અયોગ્ય હોય તે શીઘ્ર પોતાનુ સ્થાન સુયોગ્યને સ્વાધીન કરી દે છે આ જમાનામા નિર્બળ, અયોગ્ય અને મૂર્ખનુ તો મોતજ આવી રહ્યુ છે

ભારતના અયોગ્ય ધધાના માલીકોનુ મોત માથા ઉપર નાચી રહ્યુ છે યુરોપના સુયોગ્ય વ્યવસાયના માલીકો સસ્તો માલ તૈયાર કરીને અહી ધડાધડ મોકલી રહ્યા છે અને આપણે પોતે સસારના સર્વથી વધારે અનુભવી, સાહસિક, બુદ્ધિમાન, સત્યવાદી, શાસનમા

નિપુણ, અને ધનમા કુબેર ભડારી જેવા વેપારીઓ છીએ એવુ સમજીને મસ્ત બની ઉંઘીએ છીએ.

હવે જરા વિચારતો કરો કે ભારતમા યત્રોથી વેપારની વસ્તુઓ બનાવવાની રીત નથી, મજુર, કારીગર, શેઠ, સાહુકાર બધા અભણ છે આવી હાલતમા એક એક કારખાનામા પાચ પાચ લાખ મજુરો રોકનારા દેશોની સાથે હરિફાઇમા કેવી રીતે સામા ઉભા રહી શકાય ? બબ્બે લાખ ઘોડાના બળના એનજીનો ચલાવતા હોય ! ૪૦ હજાર ટન કેનુરીયમ કારબાઇડ પેદા કરી શકતા હોય ! એક દિવસમા ૧૦૦૦૦ ટન ગધક તૈયાર કરી શકતા હોય ! એકજ કારખાનામા પરીક્ષા કરવા માટે ૧૫૦ રસાયનશાસ્ત્રીઓ રાખતા હોય ! એવી જાતિઓના જીવન-સઘર્ષના મુકાબલા માટે આપણા ભારતવાસીઓ શી તૈયારી કરી રહ્યા છે ? આપણા દેશના નવયુવકોને તૈયાર કેવી રીતે કરી રહ્યા છે ? ખૂબ ધ્યાનમા રાખવુ કે આ હરિફાઇ જીવન અને મરણની છે

હજી પણ આપણે તુરતાતુરત કારણને સુધારી લઇ કાર્ય સિદ્ધ કરવા માટે કમર કસીએ નહી તો ખરેજ, આપણુ મૃત્યુ આવીજ રહ્યુ છે

આપણા ખેડુત.

ભારતવાસીઓ માની બેઠા છે કે—

ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર
કનિષ્ટ ચાકરી, નિદાન ભીખ

અને આળસુ લોકોને માટે તો એજ વાત ઠીક છે કારણ કે વેપાર, વ્યવસાય, શિલ્પ, કારીગરી વગેરેમા ખેતીના કરતા વધારે બુદ્ધિ દોડાવવી પડે છે અને મગજમારી કરવી પડે છે અસલી રીત-રિવાજોને વળગી રહેનાર, મદબુદ્ધિ, નિરુત્સાહી અને ભાગ્ય ઉપરજ આધાર રાખી મરવા માટે તૈયાર રહેનારાઓને માટે ખેતી કરતા ઉત્તમ બીજુ કોઇ કામ નથી

જે દેશ માત્ર સાધારણ ખેતીના કામમાજ લાગી રહે છે, ત્યાના લોકોના શરીર ભારે, મન માઠા અને જૂના રીત રિવાજ બહુ દઢ બને છે, અને સપત્તિની ઉત્પત્તિ કરવાના નવીન વિચારો અને વિધિઓ તરફ તેમનામા પ્રેમ હોતો નથી સભ્યતા સમૃદ્ધિ, વૈભવ, અને સ્વતત્રતાને માટે અભાવ જોવામા આવે છે બીજી બાજુ જોઈએ તો જે દેશો વેપારમા મચ્યા છે ત્યાના લોકોની માનસિક અને શારીરિક ઉન્નતિ થઈ છે, સતત ઉદ્યોગ કરવાની ટેવ અને ઉત્સાહ વધ્યો છે હરીફાઈ કરવાનો અને સ્વતત્રતાનો ગુણ આવ્યો છ *

શિલ્પ, કલા, કારીગરી અને વેપાર એ બાબતો વહાણો અને સ્ટીમરોની દોડધામનુ મુખ્ય સાધન છે વેપારી વહાણોની રક્ષા કરવા માટે લશ્કરી મનવારો બાધવામા આવે છે કલા-કૌશલ્યવાળાઓને પોતાનો માલ વેચવા માટે અને પોતાના ધધાને માટે કાચો માલ પ્રાપ્ત કરવા માટે નવા દેશો, નવા સસ્થાનો અને નવા નવા બજારો ઉપર અધિકાર બેસાડવા સારૂ યુદ્ધની તૈયારી કરવી પડે છે મતલબ કે વ્યવસાય-પ્રધાન દેશો સર્વ પ્રકારની ઉન્નતિ કરતા રહે છે પરતુ કૃષિ-પ્રધાન દેશો અવનતિના ઉડા ખાડામા પડીને મરણ પામે છે ઇંગ્લાડે વ્યવસાયની વૃદ્ધિ કરીનજ સર્વ જાતિઓમા ઉચ્ચ સ્થાન લીધુ છે, અને ખેતીની સાથે સાથે વેપારને પણ પરિપૂર્ણ ન્ની આદરના માત્ર ખેડુતજ બની રહેવાને લીધે ભારતે પોતાની અધોગતિ જોઈ છે ખેડુતોને જુદે જુદે ઠેકાણે રહેવુ પડે છે, ગામડા, જગલો પહાડો અને ડુગરોમા જીદગી ગુજારવી પડે છે તેથી ઉચિત શિક્ષણ પ્રાપ્ત કરવામા અડચણ આવે છે ખેડુતોને ભ્રમણ કરવાની ઓછી જરૂર પડે છે તેઓ પોતાના બાપદાદાના વારસામા મળેલા ખેતરોના કીડા બની રહે છે, અને જે મળે તેજ ખાઈને મસ્ત પડયા રહે છે સસારમા ભ્રમણ કરવાથી ઉત્સાહ, નવીનતા, જ્ઞાન, વીરતા, અને

---

* National System of Political Economy by F List of Germany

સ્વાધીનતાની વૃદ્ધિ થાય છે ખેડુત રાષ્ટ્રીય સંસ્થાઓના તત્વને નથી સમજી શકતા, અને શાસન, ન્યાય, સ્વતંત્રતા તથા સ્વાધિકાર, તેમજ સ્વમાનની રક્ષાવિષયક ગૂઢ વાતોના વિચાર કરવા માટે પોતાનું મગજ કસતા નથી દરેક દેશમા એક માત્ર ખેતી ઉપરજ બાઝી રહેલી પ્રજા દાસત્વમા રહી છે સ્વેચ્છાચારી રાજાઓ, સરદારો, અને બ્રાહ્મણો તેને દબાવેલીજ રાખે છે દાસત્વના ભાવ તેની નસેનસમા પચી જાય છે તેઓને દાસત્વ બહુ પ્રિય લાગે છે તેથી પોતાનો ઉદ્ધાર કરવાનું ભાન પણ ભુલી જાય છે, અને મુક્તિ મેળવવાનો પ્રયત્ન કરતા નથી

વ્યવસાયથી આત્મવિશ્વાસ વધે છે નિત્ય નવા નવા લોકો, નવા નવા ધંધા, નવા વેપારો, અને નવા આવિષ્કારોનો મુકાબલા કરવા માટે વિજય મેળવવાના પ્રયત્નમા તત્પર રહેવુ પડે છે પણ કૃષિકારો ઋતુ, વરસાદ, બરફ, હીમ, રેલ અને તીડના તોફાનોને આધીન રહેતા રહેતા અંધવિશ્વાસી બની જાય છે સંસારની ઉન્નતિમા આડા આવનારા વેદાંતીઓ અને નસીબવાદીઓનો ઉપદેશ જોડ થતા ભારતના ખેડુતોને બહુ રસિક લાગે છે તેથી તેઓને ખેતીજ ઘણી સરસ દેખાય છે નાના નાના ખેડુતોના ઈર્ષાદ્વેષથી ભારત ભસ્મ થતો જાય છે, તેમ છતા દિવસ દિવસે ખેડુતોની સંખ્યા વધતી જ જાય છે

અમેરિકા અને જર્મની પણ કૃષિ-પ્રધાન દેશો છે, પણ ત્યા અને સારા સભ્ય સંસારમા ખેતીની પેદાશ વધતી જાય છે, તથા ખેડુતોની સંખ્યા ઓછી થતી જાય છે અમેરિકા તથા જર્મનીએ વ્યવસાયને તિલાંજલી આપીને એક માત્ર ખેતી ઉપરજ આધાર નથી રાખ્યો ત્યાતો ખેતી અને વ્યાપાર બન્નેની ઉન્નતિ થયેલી છે તે દેશોમા વ્યવસાયી અધિક અને ખેડુતો ઓછા છે ભારતમા ઘણા ખરા ખેડુતોજ છે + જેમ કૉલેજમાથી નીકળતા ગ્રેજ્યુએટોને વકીલાત

\+ બીજા દેશોમા દર સેંકડે કેટલા કેટલા આદમી કયા કયા મુખ્ય ધંધાઓ કરે છે તે નીચેના વિવરણ ઉપરથી સમજાશે.—

શિવાય બીજો ધધો ગમતો નથી તેવીજ રીતે દરિદ્રતાની દિક્ષી ધારણ કરનાર સાધારણ ભારતવાસીઓને ખેતી વગર બીજુ કાઈ કામ સુઝતુ નથી ભારતમા દર સે કડે ૭૧, ઇંગ્લાડમા ૮, જર્મનીમા ૨૮ અન અમેરિકામા ૩૫ ખેડુતો છે

ઇ સ ૧૭૯૦ મા અમેરિકામા સે કડે ૮૮ ખેડુત હતા, તે સખ્યા ઘટીને ઇ સ ૧૯૦૦ મા ૩૫ ની થઇ ગઈ જર્મનીની પણ એજ હાલત છે ઈ સ ૧૮૮૨મા ત્યા દર સે કડે ૪૨ ખેડુત હતા તે સખ્યા ઘટીને ઈ સ ૧૯૦૭ મા ૨૮ ની થઇ ગઈ ઈ સ ૧૮૪૧ મા ઇગ્લાડમા સે કડે ૩૦ માણસો ખેતી ઉપર ગુજરાન કરતા હતા, પણ એ સખ્યા ઘટીને ઈ સ ૧૮૭૭ મા ૧૩ ની થઈ અને ૧૯૦૧ મા માત્ર ૮ જેટલીજ રહી વખાણવા જેવી વાત તો એ છે કે એ દેશોની ખેતીની ઉપજ અતિશય વધી છે, અને ત્યાના ખેડુતોને બહુ નફો થાય છે એથી ઉલટી ભારતની દશા છે ખેડુતોની સખ્યા દિન પર દિન વધતી જાય છે, અને ખેતીની પેદાશ ઘટતી જાય છે તેથી ખેતી કરનારાઓ ભૂખે મરે છે ઇ સ ૧૯૦૧ મા દર સે કડે ૧૨ ખેડુતો વધ્યા અને ઈ સ ૧૯૧૧ ના સેન્સસ રિપોર્ટમા દર સે કડે ૧૪ ખેડુતો વધેલા જણાય છે ભારતના દરેક પ્રાત, દેશી રાજ્ય અને ખૂણેખૂણમા આવી દુખદાયક અવસ્થા છે નીચે આપેલા કોઠા ઉપરથી તે બરાબર ધ્યાનમા આવશે

ખેતીમાં લાગેલાં મનુષ્યોની સંખ્યા દર હજારે.

પ્રાતનુ નામ	સને ૧૮૯૧	૧૯૦૧	૧૯૧૧
આસામ	૮૬૩	૮૫૫	૮૬૦
બગાળા	૭૦૭	૭૬૬	૭૬૨

	કૃષિ	શિલ્પ—વ્યવસાય	વ્યાપાર
ઇંગ્લાડ	૮	૫૮	૧૧ ૩૯
અમેરિકા	૩૫	૨૮	૧૬
જર્મની	૨૮	૩૭	૧૧ ૫
ભારત	૭૧	૧૨	૭

* All India Sensus Reports 1901 and 1911.

બિહાર	૬૯૪	૭૪૪	૭૮૭
મધ્ય પ્રદેશ	૬૭૪	૭૦૬	૭૮૭
મુંબઈ	૬૧૩	૬૦૭	૬૭૩
બ્રહ્મદેશ	૬૩૫	૬૭૧	૭૦૩
કુર્ગ	૭૪૭	૮૨૪	૮૨૫
મદ્રાસ	૬૦૦	૬૯૧	૭૦૧
પંજાબ	૫૪૧	૫૮૫	૬૦૧
સંયુક્ત પ્રાન્ત	૬૯૦	૬૯૧	૭૩૩
બરોડા	૬૦૦	૫૨૯	૬૫૪
મધ્યપ્રાંત	૪૮૧	૫૩૦	૩૪
હૈદ્રાબાદ	૪૭૮	૫૧૬	૬૧૯
કાશ્મીર	૬૮૧	૭૬૫	૭૯૬
મ્હૈસુર	૬૭૦	૬૯૩	૭૩૦
રજપૂતાના	૫૪૦	૬૦૧	૬૪૭
સમસ્ત ભારત વર્ષ	૬૪૫	૬૭૫	૭૧૬

Agrıculture ıs ıncreasıng The number of both Zamındդis and tenants has rısen ın the last decade A I C R *1⁹11*

ભારતની વસ્તીનો ¾ ભાગ ગામડાઓમા રહે છે અહીંના ગામડાઓની સખ્યા લગભગ ૮ લાખ છે, અને શહેરો અને કસ્બાઓની સખ્યા કુલ ૨૨ હજાર છે **ભા**રતમા ૨ લાખ અથવા તે કરતા અધિક વસ્તીવાળા શહેરો કુલ ૧૦ છે અને ઇંગ્લાડમા ૧૪ છે, એક લાખ અને તે કરતા અધિક વસ્તીવાળા **ભાર**તમા ૩૦, અને ઇંગ્લાડમા ૪૪ છે ૫૦ હજાર અને તે કરતા અધિક વસ્તીવાળા **ભાર**તમા ૭૭ અને ઇંગ્લાડમા ૯૬ છે આ ઠેકાણે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે **ભા**રતની વસ્તી ૩૧½ કરોડ અને ઇંગ્લાડની ૩½ કરોડ છે

ભારતના જમીનદારો અને તાલુકદારોને તો ખેડુત કહી શકાયજ નહીં પોતે જોખમ માથે રાખીને અથવા જાતે હળ ચલાવીને એ લોકો કામ ચલાવે ત્યારે એમને ખેડુત કહી શકાય ખરા નહીંતો સરકાર અને ખેડુતની વચમાના જુલમી કમીશન એજંટ જેવા તેઓ છે એમનુ કામ તો ખેડુતોને લાત મારીને, ખાસડા મારીને કર વસુલ કરવો એટલુજ માત્ર છે ખેડુતોને પાયમાલ કરી મૂકવા એજ એમનુ તો કામ છે બિચારા ખરેખરા ખેડુતોના પરસેવાની કમાઈ ઉપર સરકારના આ એજંટો અને ભારત સરકાર મજાહ ઉડાવે છે અને એ અભાગીઆઓ જેટલુ રળીને પેદા કરે તેટલુ બીજાને હવાલે કરીને પોતાની કંગાળ જીંદગીના દિવસો પૂરા કરે છે એ લોકોની દુર્દશાની સંક્ષિપ્ત વિગત લખતા પણ કલેજુ ફાટી જાય છે

+ એક કણબી ખેડુત.

જર્જર, કમજોર અને તેના ચહેરા ઉપરથીજ જણાય છે કે તેને પેટભરીને અન્ન નથી મળતુ એક ફાટેલી ગોદડી સિવાય કાંઈ પણ ગરમ વસ્ત્ર વગરનો છે લાગો આપતા જેટલુ અન્ન બચેલુ છે તેનો હિસાબ કાઢતા આખુ વરસ ચાલે એટલુ નથી

એક રબારી ખેડુત

તેના ઘરમા એક પણ ગરમ કપડુ નથી દર મહિને બે રૂપિયા વ્યાજ આપવાનુ કરીને ૧૪ રૂપિયા કરજે લીધેલા છે, તે બાર મહિનામા ભરપાઇ કરવાની આશા રાખે છે

એક ઘોસી ખેડુત.

ખેતી અને ઢોર ચારવાનુ કામ કરે છે તેના ખેતરમા બાર રૂપિયા સાત આનાનુ અનાજ પાક્યુ, તેના લાગાના ૧૮ રૂપિયા ભરવાના છે આવી રીતે શા માટે ખેતી કરે છે એવુ પૂછતા તેણે જવાબ આપ્યો કે બે મોના ચારાને માટે

+ From Prosperous British India Page 428

લોનિયા

ત્રીશ વર્ષની ઉમ્મરનો છે ખેતી કરે છે લાગો ૬૦ વર્ષે કરજ કાઢીને ભરે છે અને અફીણ પકવવા માટે અગાઉથી રૂપિયા મળે તે વખતે કરજ અદા કરે છે પાચ વર્ષ પહેલા તેણે એક વાવડી બનાવી હતી સારો તનદુરસ્ત છે, અને પહેલા નબરનો ખેડુત ગણાય છે બળદને દાણા કેમ ખવડાવતો નથી ? એવુ પૂછતા જવાબ દીધો કે માણસનુજ પુરૂ થતુ નથી ને બળદને ક્યાથી ખવડાવુ ?

કલવાર (દારૂ વેચનાર)

એકે ગરમ વસ્ત્ર નથી કહે છે કે ઘણો ખરો દિવસે ભૂખ્યો રહુ છુ રાતના પેટ ભરીને જમુછુ

એક પાસી.

ચોકીદાર અને ખેડૂત કોઈ પણ જાતનુ ગરમ વસ્ત્ર નથી કહે છે કે મારે ઘેર ૧૦ મણ ગલ્લાનો ખર્ચ છે તેની આવક કરતા ખર્ચ વધારે છે

ચમાર.

ખેતી અને ચમારનુ કામ કરે છે ૫૦ વર્ષની ઉમ્મર છે તેના બાપદાદા એજ ગામમા ખેતી કરતા આજકાલ પેટ ભરીને ખાવાનુ મળતુ નથી ખેતરનો પાક લણવાનો વખત થાય તે અગાઉ બે મહિનાથી ખાવાની તગી પડી જાય છે દુખી અને દરિદ્ર દેખાય છે

આવી રીતે ૩૦ ખેડુતોની તપાસ કરતા ૨૨ જણા ૭૯૭ રૂપિયાના કરજદાર નીકળ્યા આટલા કરજ ઉપર વ્યાજ ૨૦૨ રૂપિયા એટલે ૧૬ મુદ્દલ અને ૪ વ્યાજના એકના સવાયા ભરવાના એમના કુટુબની આવકનો સરવાળો કરીને પ્રમાણ કાઢતા સાલના ૧૦ રૂપિયા માથા દીઠ આવે છે ૧૭ કુટુબમા કાઈક બચત થાય છે, અને ૧૩ મા ખાવાની તગી પડે છે

×એરીજ રીતે મી ગાર્ટલને ૧૩ ખેડુતોની તપાસ કરી તેઓની આવકનુ પ્રમાણ દરેક મનુષ્ય દીઠ દર વર્ષે ૮ રૂપિયા બનાવ્યુ છે તે

× Prosperous British India page 428–30

સમયના અનાજના ભાવે એક યુવકનો ખાવાનો ખર્ચ સરાસરી ૨૩॥ રૂપિયા અને બાળકનો ૧૪ રૂપિયા થતો તે ઉપરથી બરાબર સાબિત થાય છે કે તેમને પેટ ભરીને અન્ન મળતુ નથી

ઇ સ ૧૮૮૮ મા અનાજનો ભાવ રુપિયાના ૧૭ (બગાળી) શેર હતો તે વખતે એટાના કલેકટર મી ક્રેડ લખે છે – એક ખેડુત જેની પાસે એક જોડ બળદ છે, અને એક કુવો છે તે પદ્રે એકર જમીન ખેડે છે અને વાવે છે તેનો હિસાબ નીચે પ્રમાણે છે –

	રૂ આ પા
કુલ અન્ન વગેરેની કિમ્મત ખરીફની ફસલમા	૧૨૯–૮–૦
" રવીની "	૮૮–૮–૦
સરવાળે	૨૧૪–૦–૦
ખેતરનો ગણો	૭૫–૦–૦
ખેતર વાવવા મજૂરાના ખર્ચ	૧૩–૦–૦
ખેડાણ પાણી પાવાને અને કાપણી વગેરેનો ખર્ચ	૭૯–૧૦–૦
કુલ ખર્ચ	૧૬૭–૧૦–૦

આવક	૨૧૪–૦–૦
ખર્ચ	૧૬૭–૧૦–૦
બચત	૪૬–૬–૦

એક નાનુ કુટુબ ૫ માણસોનુ એટલે સ્ત્રી, પુરુષ, અને ત્રણ બાળકોનુ ગણીએ, તે અનાજના ઉપરના ભાવ પ્રમાણે તેઓનો વાર્ષિક ખાધા ખર્ચ ૫૪ રૂપિયા થાય છે, અને અહીતો બચત રૂપિયા ૪૬–૬ આના થાય છે, અને બીજુ પરચુરણ ખર્ચ મૂકી દઇએ તોપણ માત્ર ખોરાકીમાજ રૂપિયા ૭–૧૦ આના ઘટી પડે છે ખેડુતોના ઉપર એવો આરોપ મૂકવામા આવે છે કે તેઓ નવી રીતીએ ખેતી કરતા

* Prosperous British India.

નથી સાયન્સના ધોરણે રસાયનિક ખાતર વાપરતા નથી, અને એક મોટો આરોપ એવો મૂકાય છે કે છાણ-ખાતર-ના છાણા બનાવીને બળતણને ઠેકાણે વાપરે છે બળદને પેટ ભરીને ખવડાવતા નથી, અને તેઓની પાસે હદ બહારનુ કામ કરાવે છે દરસાલ તમામ જમીનમા વાવેતર કરે છે, જો અકેક વર્ષને આંતરે વારાફરતી વાવેતો પેદાશ વધે, આવા બધા કારણોથી આ દેશની ખેતીની પેદાશ વધવાને બદલે ઘટતી જાય છે

+ સયુક્ત પ્રાંતમા ઘઉં પુષ્કળ પાકે છે ત્યા અકબરના વખતમા દર એકરે ૧૧૪૦ રતલ પાક ઉતરતો હતો, પણ હવે માત્ર ૮૪૦ રતલજ પાક ઉતરે છે ઇંગ્લાડના પાકની સરાસરી દર એકરે ૧૭૦૦ રતલ છે અને ભારતની ૭૦૦ રતલ છે ’

આ બધી વાતતો છ સાચી, પણ એમા કસુર કોની છે? અજ્ઞાન ખેડુતો સાયન્સની રીતે ખાતર વાપરે એવી આશાજ નકામી છે બિચારાને પેટ ભરીને અનાજ મળે નહીં તે લાકડા વેચાતા લેવાના પૈસા ક્યાથી કાઢવા પાડે? છાણનુ ખાતર ખેતરમા વાપરે તો બળતણ વગર શુ કાચુ ખાય? કે જંગલની જરુર સારનાર એની તાપણી તાપ્યા વગર ટાઢે થરથરીને મરી જાય? મોંઘવારીમા તો રૂપિયા ૭-૧૦ આના ઘટે છે તે કદ ૨૫ રૂપિયાતો સાહુકારને વ્યાજ ભરવુ પડે છે બીજા પરચુરણ ખર્ચનુ મોટુ મીડુ એવા એવા ખેડુતો રસાયનિક ખાતર, નવા ઓજારો, અને સાચા ક્યાથી ખરીદી શકે? કોઇ સવાલ કરે, કે મોટા મોટા જમીનદારો એ કામ કેમ ઉપાડી લેતા નથી? તેનો જવાબ એ છે, કે ઘણે ભાગે તેઓ બધાજ અભણ છે વળી ખેતી કરવી એ તેઓનુ કામ નથી તેઓ તો સરકાર અને ખેડુતોની વચ્ચમાના કમીશન એજટ છે ખેડુતોને સતાવી લાગો વસૂલ કરવો એટલુ જ તેઓનુ કામ છે, પછી ભલે ખેડુત મરી જાય કે નાશી જાય

+ ઓન પડિત મદનમોહન માલાવિયા

તેમા તેઓને કાઈ સનાન સૂતક નડવાનુ નથી * એકલા મદ્રાસ ઇલાકા-માથી જ ૭ લાખ ખેડુતો નાસીને નાતાલ વગેરે મુલકોમા ચાલ્યા ગયા છે

ઇ સ ૧૯૦૦ થી ૧૯૦૯ સુધીમા ૧૩૩૧૨૬ કુલી વિદેશ ગયા × ખેડુતોને સુધારવા માટે તો સે કડો વર્ષ જોઇએ તેઓને ભણાવવા, તેઓના કરજ ફેડવા, તેઓને જોઇએ તેટલા નવા ઓજારો આપવા, દુકાળ અને મોંઘવારીના વખતમા તેઓને વસ્ત્ર તથા ખોરાક પૂરો પાડીને નિભાવવા, અને બીજા સ કટો વખતે આશ્વાસન આપવા અથવા વ્હારે ચઢવા, તથા તેઓની વખતો વખત પૂછપરછ કરીને સહાયતા કરવા કોણ તૈયાર છે ?

જમીનદારો અને રાજામહારાજાઓ દરેક પ્રકારે તેઓની પાયમાલ દશા સુધારીને સુખી કરવાનો પ્રયત્ન કરે તોજ તેઓનુ રક્ષણ થશે અને આજકાલ જે દુર્દશા ખેડુતોની છે તે જો વધારે વખત ચાલુ રહેશે તો એ જાતિ અવશ્ય નાશ પામશે અને તેઓના ખાલી સ્થાનમા વિદેશીઓ+ આવીને ભરાઇ જશે

---

(1) See special legislation in the Panjab to prevent money-lender becoming universal land-owner

(2) " In 1900 in Surat, 85 percent of the Year's revenue was paid to the Government direct by the money-lenders "-Prosperous British India

× (3) Protector of Emigrants

+ (4) S A B I *1899* to *1910* pages 2-7

મજુરો.

ગામડાઓમા મજુરી માટે પૈસાને બદલે અનાજ આપવામા આવે છે

" તળાવ અથવા બંધમાથી રેટ ચલાવનારને ૨ થી ૨ાા શેર સુધી, કુવા ઉપર રેટ ચલાવનારને ૧ાા થી ૨ શેર સુધી, ખેતીનુ કામ કરનારને ૧ાા થી ૨ શેર સુધી અનાજ મળે છે ઘર ઉપર નળિયા ચાળનારને ૫ થી ૮ પેસા સુધી રોજ મળે છે સ્ત્રી અને બાળકોને મરદના કરતા અર્ધી મજુરી મળે છે '

આખો દિવસ મજુરી કરનારનો ખેરાક બ ગાળી ૧ શેર, સ્ત્રીનો ૦ાા શેર, અને બાળકનો ૦ાા શેર ગણવામા આવે છે

ગામડાનો મજુર ખરેખરો દુખી છે એક કુટુબમા ધણીધણીઆણી અને ૩ બાળકો સાથે ૫ જણા છે ધણી કોસ હાકે છે, તેની સ્ત્રી કોસ ઠાલવે છે, અને કામ કરવા લાયક મોટો છોકરો ખેતરમા ક્યારા બાધીને પાણી પાય છે એ બધા મળીને ૪ શેર અનાજ રોજ મેળવે છે, તેમાથી બશેર ખાવાના કામમા વાપરે છે એક શેરમાથી મીઠુ, તેલ, તમાકુ અને નાના બચ્ચાને માટે દૂધ વેચાતુ લે છે બાકીનુ એક શેર સઘરી મૂકે છે

ગામડામા બારે માસ કામ મળતુ નથી મોસમ ઉપરજ કામ મળે છે આઠ મહિના મજુરો કામ કરે છે અને ૪ મહિના બેઠા બેઠા ખાય છે આખા વરસમા ૧૦૮૦ શેર અન્ન જોઇએ અને કમાઇ થાય છે ૯૬૦ શેર જેટલી, તેથી ૧૨૦ શેરની ઘટ લાગે છે એ હિસાબે ૪૦ દિવસનુ અનાજ ઘટે છે તેથી ૮૦ દિવસ સુધી તેઓ અર્ધા ભૂખ્યા રહીને દહાડા કાઢે છે

---

* Prosperous British India page 424

બોજો ઉપાડવાવાળા મજૂર ૩ થી ૪ આના કમાય છે લારીઓ ખેચનારાઓ પણ એટલુજ કમાય છે લુહાર, મોની, સુથાર, દરજી, હજામ એ બધાની સરાસરી કમાઇ રોજના ૪ આના કરતા વધારે નથી આવતી શહેરમા એ કરતા કદાચ વધારે મળે ખરૂ, પણ એ વધારાના પ્રમાણમા ત્યા રહેવાનો ખર્ચ પણ વધારે થાય છે

મહિને બે રૂપિયા ખાતાપીતા પગાર મળે તો ખિદમતગારો ખુશીથી નોકરી કરે છે મહિને પાચ રૂપિયાના પગારમા તો ૫ ફીટ ૬ ઇંચ લાબો જુવાન ૨૪ કલાક સુધી નોકરી ઉપર હાજર રહે છે ગામગના ચોકીદારોનો પગાર માસિક ગા રૂપિયા છે ભારત શિવાય બીજા કોઇપણ દેશમા વેઠ પકડવાનો રિવાજ નથી જેટલા જોઇએ તેટલા આદમી પકડી લો, કામ કરાવો, અને મજુરીમા એક પૈસો પણ નહીં આપો પોલિસવાળા, તહસિલવાળા, અને ડિસ્ટ્રિકટમા ફરનાર અમલદારો હમેશા વેઠ કરાવે છે

મરદોની આ દશા છે હવે સ્ત્રીઓની હાલત જુઓ બોઇ કે એની જાતની પાણી ભરનારી સ્ત્રી ઉડા કુવામાથી પાણી ભરીને ઘેરેઘેર એક હાડો પહોચાડે તેને મહિને અકેક આનો મળે છે કોઇ પણ સ્ત્રી રોજના ૩૦ હાડા કરતા વધારે પાણી ભરી શકતી નથી એ હિસાબે પાણી ભરનારીની રોજની આવક એક આનો થઈ માલણને પણ ઘેરેઘેર ફૂલ પહોચાડવા બદલ મહિને એક આનો મળે છે આ એક આનામા ૩૦ પડીકા ફૂલની કિમત પણ આવી જાય છે લોટ દળનારીને ૧ પૈસામા ૨ શેર ઘઉ દળવા પડે છે લાકડા છાણા વેચનારી ૫-૬ માઇલ બાર ઉંચકીને જાય ત્યારે ૫-૬ પૈસા મળે છે શાક તરકારી વેચનારી રખડી રખડીને ૪ પૈસા કમાય તે તો બહુ ગણાય ભગીઅણ સદા ગદુ કામ કરે, વર્ષાદપાણીમા પણ દરરોજ કામ કરવા આવે તેને તેના ગદા અને વિકટ કામના બદલામા મહિને દર માણસ દીઠ બે પૈસા મળે છે

સરકારી રિપોર્ટ દ્વારા મજુરીનો દર.

ઈ સ ૧૯૦૪

ખેતીનુ કામ કરનારા મજુર	કડિયા, સુતાર, લુહાર
પટના—મહિને ૫ાા રૂપિયા	૧૧) રૂપિયા મહિને
કાનપુર—૭ાા થી ૭ સુધી	૭ાા થી ૧૫ રૂપિયા સુધી
ફેજાબાદ—મહિને ૪) રૂપિયા	૫ાા થી ૭ાા રૂપિયા સુધી
મીરત—મહિને ૪ાા રૂપિયા	૧૦) રૂપિયા મહિને
જબલપુર—મહિને ૩) થી ૪) રૂપિયા	૧૦) થી ૧૫) રૂપિયા મહિને

આગલા પૃષ્ટ ઉપર આપેલા કોઠા ઉપરથી સાધારણ કામકાજ કરનારની સખ્યા કેટલી છે તે સમજાશે

'લોધા ઉમ્મર વર્ષ ૬૨ વાર્ષિક આવક રૂપિયા ૨૫ તેની દીકરી દાણુ દળીને વરસના રૂપિયા ૧૧–૪ આના પેદા કરે છે દીકરીના લગ્નનો ખર્ચ ૬ રૂપિયા થયો ગરીબાઇને લીધે દીકરીની લગ્નક્રિયા જમાઇને ઘેર સામી લઈ જઈને કરવી પડી '

—વિલિયમ ડિગ્બી

' ૧૭૮ માણસોને માટે ઘરમા ફક્ત ૧૦ કામળીઓ, ૧૬ રજાઇ, અને ૨૪ પાથરણા એટલે ૧૪૭ જણ માટે ઓઢવા માટે પુરતા વસ્ત્ર પણ નહીં—અને શિયાળો સખત '

'૭૧ જણ માટે ૮ કામળીઓ, ૨ રજાઇ, અને ૫ પાથરણા."

—મી ગાર્ટલન

" ૧૭૭ માણસો વચ્ચે ૯૯ ખાટલા હતા અને બીજે ઠેકાણે ૭૧ માણસો વચ્ચે ૩૨ ખાટલા હતા" —મી ગાર્ટલન

" કપડાની બાબતમા સ્ત્રીઓની દશા વિશેષ બુરી છે ૧૦૦માથી ૯૦ સ્ત્રીઓ પાસે ચાદર જોવામા આવતી નથી તેઓ એક સુતરાઉ ઇજાર અને ચોળી પહેરીને ઉપર નાની સરખી ઓઢણી ઓઢે છે શિયાળાની રાતની કડકડતી ટાઢમા પણ એટલાજ વસ્ત્રથી તેઓ ચલાવે છે "

—વિલિયમ ડિગ્બી.

કામદારોની સંખ્યા.

ધંધાનું નામ	કામ કરનારાઓની સંખ્યા		કામદારોના પરિવારની સંખ્યા જેનો નિર્વાહ તેજ ધંધાની આવકમાંથી થાય છે
	સ્ત્રી	પુરૂષ	
સરકારી કચેરીના કારકુનો	૧૪૦	૧૦૮૩૫૭	૩૮૨૭૧૯
રેલવેના નોકરો	૩૩૨૫	૨૦૭૮૧૫	૫૦૩૯૯૩
ટપાલ તાર અને ટેલીફોન	૧૭૨	૫૮૪૬૬	૧૫૫૩૭૩
કેળવણી ખાતાના માસ્તર વગેરે	૧૧૯૭૯	૧૮૦૫૨૩	૪૯૭૫૦૯
કોન્સ્ટેબલ વગેરે	૬૯૯	૩૦૦૫૦૯	૭૮૪૭૪૫
ગામના સરકારી ચોકીદાર	૫૩૫૬	૧૨૪૩૧૩	૪૧૮૩૦૯
જમીનદાર-ભાડું મેળવનારા	૬૧૫૧૯૩૩	૧૮૩૭૭૯૬૫	૪૫૮૧૬૭૩
ખેડુત (ગણોત ભરનારા)	૧૧૦૦૮૩૫૮	૩૪૦૨૬૯૨૮	૧૦૬૮૭૩૫૭૫
ખેતીના મજુર અને નોકર	૯૪૫૮૭૩૪	૧૦૨૭૪૦૮૧	૩૩૫૨૨૬૮૨
હજામ	૧૭૩૯૭૪	૮૪૯૯૫૮	૨૩૩૧૫૯૮
પાણી ભરનારા કહાર	૨૫૫૧૩૯	૩૮૭૦૨	૧૦૪૮૫૭૫
ખિજમતગાર નોકર	૫૨૧૬૬૮	૧૧૩૩૪૧૨	૨૯૪૩૮૮૧
ધોબી	૪૭૮૯૭૬	૬૩૦૨૮૮	૨૦૧૧૬૨૪
ભંગી	૨૯૯૨૪૮	૪૮૧૦૮૧	૧૫૧૮૪૨૨
લોટ દળનાર,ચોખા ખાંડનાર	૯૧૯૦૧૯	૯૧૧૯૧	૧૫૧૮૯૧૮
છાણાં અને બળતણ વેચનાર	૨૫૭૬૯૧	૧૮૩૮૧૩	૭૨૫૦૯૬
ચુડગર અને સરૈયા વગેરે	૧૦૦૬૬૧	૧૭૩૪૨૧	૫૪૮૮૩૯
પંડયા અને પુરોહિત વગેરે	૧૭૮૬૫૯	૯૭૮૮૬૯	૨૭૨૮૮૧૨
ભીખ માગનારા ફકીર	૮૬૦૬૩૬	૧૫૭૨૪૭૯	૪૨૨૨૨૪૧

મી **ઓવાયજ સીતા**પુરના કમીશનરે એક ગામમાં ૨૦ કુટુંબોની તપાસ કરીને સિદ્ધ કીધું છે, કે એક જુવાન માણસનો ખાવાનો ખરચ ૧૪ રૂપિયા ૮ આના છે, અને છોકરાનો ૭ રૂપિયા ૨ આના છે **સં**યુક્ત પ્રાંતની સેન્ટ્રલ જેલમાં ખાવાનો ખર્ચ ૧૮ રૂપિયા એક આનો અને પોણા નવ પાઇ થાય છે ડીવિઝનલ જેલમાં ૧૪ રૂપિયા

છ આના સવાદસ પાઇ, અને ડિસ્ટ્રિક્ટ જેલમા ૧૫ રૂપિયા આઠ આના પોણુબાર પાઇ થાય છે એ ઉપરથી તેણે લખ્યુ છે કે "આપણા કેદીઓની તન્ દુરસ્તી તેઓ જેલમા દાખલ થયા તેના કરતા કેદખાનુ છોડતી વખતે વધારે સારી હોય છે "

અને એ વાત પણ સાચી છે, એ કારણથીજ હિ દુસ્તાનના લુચ્ચા બદમાશો જેલને મામાનુ ઘર કહે છે' કેવુ અ ધેર ' ચોર અને બદમાશ લોકોને જેલમા પેટ ભરીને અન્ન મળે, પણ આખો દિવસ મહેનત કરનાર મજુર, અને ઘ ટી ખાડણીઆ ચલાવનાર સ્ત્રીઓને માજે અર્ધા ભૂખ્યા રહી પેટ દાબીને સૂઇ રહેવુ પડે ' અફસોસ '

આગળ આપણે જોયુ છે, કે ભારતવાસીઓની આવક પ્રત્યેક મનુષ્ય દીઠ આખા વર્ષમા ૧૩ શિલિગ છે એ ૧૩ શિલિગમાજ આખુ વર્ષ ખાવાનુ, કપડા, લગ્ન અને મરણ વગેરેનો ખરચ નિભાવવો પડે છે

હિંદી સરકારને કેદખાનાના કેદીઓને ખવડાવવા સારૂ એક જણને માટે દર વર્ષે ૨ પૌ ૧૩ શિ ૫ પેન્સ ખર્ચ કરવો પડે છે કેદખાનાના સ્ટાફના નોકરોનો ખર્ચ બાદ કરતા વસ્ત્ર અને ખાવા વગેરેનો ખર્ચ દરેક કેદીનો ૩ પૌ ૧૬ શિ છે+

અર્થાત કેદી અને સ્વત ત્ર (Free men) હિંદીના ખર્ચમા વાર્ષિક ૩ પાઉંડ ૩ શિલિગનો ફરક છે હવે વિચાર કરો કે કોની તન્દુરસ્તી સારી રહેવી જોઇએ કેદીઓની કે સ્વત ત્ર ભારતવાસીઓની? જેને માટે એક જણ દીઠ ૫૭ રૂપિયા ખરચ થાય છે તેની કે પોણા-દસ રૂપિયામા આખુ વર્ષ ગુજરાન કરવુ પડે એવા ક ગાલ અભાગીઆ માણસોની તન્દુરસ્તી સારી હોય, તેનુ પ્રત્યક્ષ પ્રમાણ નીચે બતાવેલી મરણ પ્રમાણની હકીકત ઉપરથી વધારે સ્પષ્ટ સમજાશે —

+Statistical Abstract British India 1899–1909 Page 44.

દર હજારે મરણની સંખ્યા.

	ઈ સ ૧૯૦૪,	૧૯૦૫,	૧૯૦૬	૧૯૦૭
સ્વતંત્ર લોક	૩૦ ૦૫	૩૦ ૧૪	૩૪ ૭૩	૩૭ ૧૮
પરતંત્ર જેલના કેદી	૧૮	૧૯	૧૯	૧૮

પાયોનીઅર (Pioneer) પત્ર લખે છે કે–" British people who are living in extreme poverty at one hundred millions " અર્થાત્ ' દસ કરોડ ભારતવાસીઓ બહુ કનિષ્ટ પ્રકારના કંગાળ અને ગરીબ છે "

ત્યારપછી એજ પત્ર મી ગ્રીયર્સન (Grierson) ની ટીકા ઉપર નોંધ લખે છે " ગયા જીલ્લામા લગભગ તમામ મજુરો અને સેંકડે ૧૦ ખેડુતો, અથવા કહો કે કુલ એકંદર સેંકડે ૪૫ માણસોને પેટ ભરીને અન્ન અને પુરા વસ્ત્ર નથી મળતા ગયા જીલ્લામા એવી કાંઇ ખાસ ખામી નથી જે હાલત ગયા જીલ્લાના મજુરોની છે તેજ સમસ્ત ભારતની છે આ હિસાબે પણ એટલુ સિદ્ધ થાય છે કે ૧૦ કરોડ ભારતવાસીઓ ભૂખે મરે છે "

દુનિયામા સર્વથી પ્રસિદ્ધ મેડીકલ જર્નલ ' લાનસેટ " (The Lancet June 1901) પોતાના ઈ સ ૧૯૦૧ ના જૂન મહિના-ના અંકમા લખે છે " પાછલા દસ વર્ષમા ભારતમા એક કરોડ અને નેવુ લાખ આદમી ભૂખથી અને દસ લાખ આદમી પ્લેગથી મરી ગયા છે "

આખી દુનિયાની મુસાફરી કરીને હકીકત પ્રસિદ્ધ કરનાર પ્રસિદ્ધ મીસ્ટર કોલિન્સ (Collins) ન્યુઝિલાડના ઘોર દરિદ્રી જંગલી

*S A B I 1899–1909 pages 42 and 228 to 237.

Prosperous British India page 84

લોકોની અધમ દશા બતાવવા માટે લખે છે કે –' તેઓ ઉંચામાં ઉંચા ઝાડ ઉપર નાની મગ્ખી ચકલી અથવા મધ પાડવા માટે ચઢી જાય છે "

એવીજ રીતે પ્રસિદ્ધ મુસાફર કેપ્ટન કુક (Capt Cook) લખે છે કે –' એ લોકો કોઇ પણ વસ્તુને ખરાબ ગણતા નથી કેટલાક તો વહાણ ઉપર આવીને કચરામાથી હાડકા પણ વીણી લઇ જાય છે, અને તેને ઉકાળીને શોરવો બનાવે છે

આ જંગલીઓને હિન્દુસ્તાનના કોલ, ભીલ અને બીજી ગરીબ જંગલી જાતિઓ સાથે સરખાવીને જુઓ કે કોની દશા વધારે શોચનીય છે

ઝાડ ઉપરથી મધ પાડવુ એ તો અહીં સાધારણ વાત છે ભારતવાસીઓ ૮૦ ફીટ ઉંચા તાડના ઝાડ ઉપરથી દરરોજ તાડી ઉતારી લાવે છે અહીના જંગલી લોકો સાપના મોઢા તરફનો ભાગ કાપી નાખીને બાકીનો ભાગ શેકીને ખાઇ જાય છે એક વખત એક કોલણ કોહેલા ભીના લાકડામાથી કીડા કાઢી શેકીને પોતાના છોકરાને ખવડાવતી હતી તેને પૂછતા જવાબ મળ્યો કે તે અભાગણીને ત્રણ અપવાસ થયા હતા અને છોકરો ૪૮ કલાકથી ભૂખ્યો હતો કીડા, મકોડા પણ તેની ભૂખની આગ હોલવવા માટે મળ્યા ન હતા વળી એ સમયે દુકાળ પણ હતો નહીં

એક કર્નલે ' ટાઇમ્સ ઑફ ઇંડિયા મા લખ્યુ છે મે ભારતવાસીઓને દુકાળના વખતમા એક જાતનો પત્થર દળીને ખાતા મારી નજરોનજર જોયા છે એ ખાવાથી તેઓ માંદા પડે છે, અને મરી પણ જાય છે પરંતુ કાંઈ ખાવાની વસ્તુ મળેજ નહીં તો પછી કરે શુ ? "

+Collins' Account of N S W, Page **549**

P B I foot-note page 65

ઓન મી કેર હાર્ડી એમ પી બનારસના એક ગામડાની નિશાળમા એકાએક મોટરમા બેસીને જઈ લાગ્યા તે નિશાળનો હેડ માસ્તર જમવા બેસવાની તૈયારીમા હતો. તેનુ પહેરેલુ ધોતીયુ અતિશય ગદુ અને ઘણે ઠેકાણે ફાટેલુ હતુ તેણે અનુ ધોતિયુ પહેરેલુ અને અર્ધુ ઓઢેલુ હતુ સામે જમવાની થાળી પીરસેલી પડી હતી, તેને સાહેબે પૂછવાથી જણાવ્યુ કે બાજરાનો ભાત અને મટરની દાળ તથા આવળાના ચોખા બનાવેલા છે આખા દિવસમા સવારે જમે છે અને રાતના કાઇ દાણા આદિ ફાકીને સૂઇ રહે છે બીજી એક નિશાળમા પાણી પીવાની છુટી થઇ હતી તે છોકરાઓ મેલી પોટલી ઓમાથી કઇક કાઢીને ખાતા હતા, તે પણ પક્ષી ખાય તેવી જાતનુ અનાજ હતુ એક છોકરાની પોટલીમા ગોળનો કકડો બાધેલો હતે તે બીજા છોકરાઓને અભિમાનથી દેખાડીને ખાતો હતો

જમણવારોમા છાડેલો એઠવાડ હજામ, મસાલચી વગેરે લઈ લ છે ખાલી પત્રાવળીઓ રસ્તા ઉપર ફેકતા કૂતરા, કાગડા અને ભૂખ મરતા માણસો સામટા તે ઉપર તટી પડે છે, અને કૂતરાના મોઢા-માથી ભૂખે મરતા માણસો ખાવાનુ ઝુટવી લે છે રેલવેના પ્લાટફૉર્મ ઉપર પણ એવોજ દેખાવ થઈ રહે છે મુસાફરો રાબડી, દહી વગેરે ખાઇને દડિયા ફેકે છે, તે કૂતરા ચાટતા હોય એટલામા તો ભિખારીઓ દોડી જઈને કૂતરાને મારીને દડિયા ઝુટવી લઇ હોસે હોસે ચાટે છે' કૂતરા અને દરિદ્ર હિદુસ્તાનની બરાબર જ ' હાય હાય ' જે બ્રાહ્મણે પૂજ્ય હતા, જેના ચરણોની રજ લોકો માથે ચઢાવીને પવિત્ર થતા, તેના તેજ બ્રાહ્મણો આજે જમણવાર હોય ત્યા વગર નિમત્રણે દરવાજા આગળ આવીને ખાવાને માટે તગાદો કરે અને ધમાલ મચાવે' કોઇ કોઇ તો માથા ફોડી લોહી કાઢીને ફિસાદ કરી ખાવાનુ કઢાવે છે'

દરેક શહેરમા મિશન—અનાથાલય છે હજારો બાળકો દરસાલ પાદરીઓને મફત આપી દેવામા આવે છે હજારો બાળકો વચવામા

આવે છે આવી અધમ વૃત્તિ શા કારણથી થઇ જાય છે? પેટ ભરવાનુ દુ ખ નહી વેઠાવાથી માબાપ પોતાના કાળજા કાઢીને પોતે જીવના જીવત વિખુટા કરી દે છે

ઉપર કહેલી ઘણી ખરી બાબતો આગલા દુકાળ વિષેના પ્રકરણમા ફરીથી દર્શાવેલી છે, પણ તેને માટે વાચકગણની ક્ષમા ઇચ્છિવાની નથી કારણ કે એ બાબતો એવી છે, કે બે વખત લખતા નકામી ગણાય એવી નથી, અને એક વખત લખતા પૂરતી ગણાય તેવી નથી એ વાતો બે વખત લખવામા આવે તો એક બે વખત વાચીને ભૂલી જાય એવી નબળી સ્મરણ શકિત વાળાઓને ફાયદો જ થવાનો *

કોઇ કદાચ એમ કહે, કે હિ દુસ્તાનીઓ આળસુ છે, તેઓ તન દઇને મહેનત કરે તો સુખી થાય એ વાત ઠીક છે પણ ઘણા-ખરા હિ દુસ્તાનીઓ તો મહેનતથી જરાએ ડરતા નથી મજુર સવારથી સાજ સુધી કેડ બાધીને કામ કરે છે આખો દિવસ ખેત મા ખોદવા ગોડવાનુ કામ કરે છે તેમ છતા તેને સુકો રોટલો ને ભાજી પેટ ભરીને મળતા નથી એટલુજ નહીં, પણ તેના નશીબમા ધરાઇને પીયે એટલુ ચોખાનુ પેજ-પાણી સુદ્ધા ભૂખ ભાગવા મળતુ નથી આપણે ત્યા કામ કરનારા અથવા મહેનતની ખોટ નથી, પણ ખોટ તો કામ અને પુજીની છે

વિલાયતમા મજુરો અને નાના દરજ્જાના લોકો કામ કરીને એટલી કમાઇ કરે છે, કે પોતાનો ખર્ચ કાઢીને સારી રકમ બજાવી શકે છે પણ આપણા ભારતવાસીઓ સખત મહેનત કરે તેમ છતા પેટ ભરી ખાય તેટલુએ કમાઈ શકતા નથી

---

* Once printing may not suffice,
Though printing be not in vain,
And the memory failing once or twice,
May learn if we print again

એક સારા આબાદ વર્ષમા—એટલે જ્યારે વરસાદ જોઇતો વરસ્યો હોય, અને તીડ, હીમ વગેરેથી ખેતીમા કાઈ પણ વિઘ્ન આવ્યુ ન હોય તે સાલમા હિંદુસ્તાનના કુલ પાકની પેદાશ ૨૫૮) કરોડ રૂપિયા એટલે ૧૭૨,૦૦૦,૦૦૦ પાઉડ થઈ છે ઇગ્લાડના બેગારીઓ, મજુરો, અને સાધારણ કામદારો વગેરે લોકો એક વરસનો પોતાનો ખર્ચ કાઢતા ૭૩૨ ૧૪', ૪૨૨ પાઉડ બચાવીને બેકમા જમા કરાવે છે એ હિસાબે ઇગ્લાડના છેક સાધારણ લોકોની બચત આપણા તમામ ખેડુતોની સપત્તિ કરતા ઘણી વધારે છે×

વિલાયતના મજુર ૧૦૦ રૂપિયાથી વધારે કમાય છે અને અમેરિકાના મજુર ૬૦૦ રૂપીયા સુધી કમાય છે પ્રોફેસર મહેશચરણ-સિહજી અમેરિકામા અભ્યાસ કરતા હતા ત્યારે દિવસના કેટલાક કલાક કામ કરીને જેટલુ કમાતા હતા તેમાથી પોતાનો શિક્ષણનો તથા બીજી બધી બાબતોનો ખર્ચ ચાલતો અને થોડુ ઘણુ બચતુ તે માતાને માટે ઘેર પણ મોકલતા હતા

વિલાયતમા કામ કરવા માટે આદમી મળતા નથી મોટા મોટા લોકોને પણ પોતાનુ ઘરનુ કામ જાતેજ કરી લેવુ પડે છે, એથી તદ્દન ઉલટી દશા ભારતમા છે બે રૂપિયા મહિનો આપો તો તમારૂ ઘણુ ખરૂ કામ થઇ જાય, અથવા જોઈએ તો મફત પણ કામ કરાવી લ્યો એથી વધારે બીજુ શુ જોઇએ ?

આ ઉપરથી શુ સિદ્ધ થાય છે ? એ સિદ્ધ થાય છે કે અહી કામ કરનારા વધારે અને કામ ઓછુ છે, કામ કરનારા અને કરાવનારા બન્ને વર્ગ અતિ દરિદ્ર છે કામ કરાવનારા વધારે આપી શકે તેવા નથી, અને કામ કરનારા જેટલુ મળે તેટલાથી સતોષ માની કામ મેળવવા મથે છે

આ દેશમા ૫૦ લાખ ભિક્ષુકો છે, તેઓ તો કશુ કામ કરતા નથી ફક્ત ભીખ માગી ખાય છે વિલાયતમા જો કોઇ એ રીતે

× P B I Page 117

ભીખ માગે તો તેને મજા કરવામા આવે અમેરિકા જનારને ૩૦૦ રૂપિયા ગાંઠડા બતાવ્યા વગર આગબોટ ઉપરથી ઉતારતાજ નથી, તેનું કારણ એ કે ને ઉતારૂ ત્યા જઇને ભીખ માગે નહીં

હિંદુસ્તાનની એવી તો દુર્દશા છે કે અહીં મફત કામ કરવા માટે વેઠીઆ મજુર મળી શકે છે બે રૂપિયા મહિનો લઇને કામ કરનારા નોકરો મળી શકે છે અહીની કમાઇ અથવા આવક દર માણસ દીઠ રોજના બે પૈસા છે ૫૦ લાખ માણસો ભીખ માગે છે, ૭૦ કરોડ ખેડુતો અર્ધા ભૂખ્યા રહે છે, અને ૪ કરોડ ભૂખથી મરણ પામે છે તેમ છતા પણ પુત્રનો જન્મ થાય ત્યારે ઢોલ શરણાઇ નહીં વાગે તો લાંછન લાગી જાય ' બહુ ભુંડ દેખાય ' આપણે હિંદુસ્તાનની વસ્તીમા બે કરોડ માણસનો વધારો જોઇને પ્રસન્ન પ્રસન્ન થઇ જઇએ ' ખુબ ફુલાઇ જઈએ ' જાણે એ વધારો આપણી ઉન્નતિનું મુખ્ય ચિહ્નજ હોય એનાથી બધી આપદા ટળી જવાની હોય અને દુખ-દારિદ્રય ફીટી જવાના હોય એવુ માની લઇએ છીએ

પણ વિચારપૂર્વક જોઇએ તો મામલો તદ્દન ઉલટોજ છે એ નવા બે કરોડ મનુષ્ય કાંઈ હવા ખાઇને તો જીવવાના નથી દૂધ, અન્ન, વસ્ત્ર વગેરે અનેક વસ્તુઓ એ લોકોને માટે પણ અવશ્ય જોઇએ જ ત્યારે વસ્તી વધે તેના પ્રમાણમા તેજ હિસાબે મોઘવારી પણ વધવાની કામતો વધ્યુ નહીં, ઉલટા કામ કરવાવાળા વધ્યા તેથી ૨૦ રૂપિયાની એક જગ્યા ખાલી પડતા ૫૦ અરજીઓ આવતી ત્યા હવે ૭૦ અરજીઓ થવાની ૫૦ લાખ ભીખ માગી ખાતા તે હવે એક કરોડ ભીખ માગવાના જ્યા ૧૦ કરોડને પેટ ભરીને અન્ન મળતુ નહીં તે સખ્યા હવે ૧૨ કરોડની થવાની, અને ૪ કરોડ ભારતવાસીઓ ભૂખથી રીબાઈને મરતા હતા તે હવે ૬ કરોડ મરવાના

આપણા દેશની આવી ભયાનક દશા છે, શોચનીય અવસ્થા છે, તો પછી એ પવિત્ર ભારતભૂમિમા વ્યભિચાર, ગુનાઓ, અને

કેટ-નિશા વધતા જાય તેમાં આશ્ચર્ય પામવા જેવું પણ શું છે? જ્યારે અન્નના ભાવ આટલા મોંઘા છે, મજુરીના દર એટલા નીચા છે, કે આખો દિવસ કામ કરતા પણ પેટપૂરતું અન્ન મળે નહી, માંદા પડે તોપણ કોઈ સંભાળનાર નહી હોય દવા આપનાર નહી હોય તો તેનું પરિણામ બીજુ શું આવતું જોઈએ? ગુનાઓ વધવાના, ભૂખ્યા પેટવાળા સદાચારી પણ નથી રહી શકવાના, અનેકો ભિખારી થતા ભૂખ તેઓની પાસે તરેહ-તરેહના બૂરા કામો પણ કરાવવાની જ

જ્યારે બાળકો આવી ગંદી જગ્યામાં પેદા થતા ગયા છે, લોકો દરિદ્રતાના કારણથી નાના પ્રકારના પાપ અને રોગથી જકડાઇ ગયા છે, શારીરિક અને માનસિક કષ્ટ વેઠી ગયા છે, બાળકો જન્મથીજ કુસંગમા ઉછરે છે, ખરાબ અને અપૂર્ણ ખોરાક પામે છે, તેથી તેઓના તન-મન કમજોર અને અને ગાત્ર ઢીલા પડી જાય છે, અને તેઓ તુચ્છ સ્વભાવ તથા નીચ પ્રકૃતિના બની જાય છે, એવી દુર્દશા હોવા છતા આશ્ચર્ય તો એ છે કે ભારતવાસીઓ હજી વધારે પડતી હાલતમા કેમ નથી આવ્યા? આપણી ખરાબ હાલત અતિ નિકૃષ્ટ અને તદ્દન નકામી કેમ થઇ ગઇ નથી?

ગરીબોની મુસીબતની છાયા સમસ્ત ભારતવાસીઓના હૃદય ઉપર છવાઇ ગઇ છે પ્રેતની માફક તે સર્વ અમીરોની ખુમારીમા ઘુસી જાય છે અને તેઓના રગ-રગમા ભય પાડે છે તેઓનો અસહ્ય ક્લેશ આખા ભારતનુ ધ્યાન આકર્ષી રહ્યો છે એ ગરીબોના નિસાસા અને અનાથોના રૂદને ભારતની ઉંઘ ઉડાડી મૂકી છે ભારતવાસીઓને જગાડ્યા છે ચારે બાજુએ અજવાળુ પાડ્યુ છે

દરિદ્રતા અને કંગાલીઅતે આપણને વંશપરંપરા ગુલામ બનાવી મૂક્યા છે, આપણે ગુલામીની બેડીમા એવા જકડાઇ ગયા છીએ કે હાલીચાલી પણ શકતા નથી આપણે સ્વાર્થવશ બનીને અયોગ્ય સંતાનો-ત્પત્તિ કરીએ છીએ અને સંતાનોને પણ જબરજસ્તીથી ગુલામ

બનાવનાર જર્મનીએ ગેટે જેવા જગતના વિદ્વાન કવિઓએ સ્વતંત્રતાના સુખની પ્રશંસા કરેલી છે તે આપણને તેમજ આપણાં સંતાનોને સ્વપ્નામાં પણ જાણવામાં આવતી નથી

વિલાયતના મજૂરો, લાચાર, ગરીબ અને ગરીબો માટે અનાથાલયો સ્થાપેલા છે ત્યાં જરૂરી તમામ સામગ્રી મળે છે તેની ત્યાંના ગરીબ લોકોના તમામ હકના નહી, પણ લાભ માટે છે એમ બહુ સમજાવવા છતાં તેમાં દાખલ થતા નથી તેઓ કહે છે, કે ત્યાં મેનેજરને આધીન રહેવું પડે એમ આજ કારણથી નથી જતા બાગમાં કોઈ ઝાડ નીચે પડી રહે છે અને મરી જાય છે પણ જીવતાં જીવત તો પોતાની સ્વતંત્રતા કદી નથી ખોતા

આવી દરિદ્રતા આપણા પ્રજાના કરતા પણ બુરી સ્થિતિમાં રમતી જાય છે, અને આપણા ઉમદા વિચારે, પવિત્ર ભાવનાઓ તથા સદ્ગુણોને ધૂળધાણી કરી મૂકે છે આવી અનાથ હાલત, લાચારી નાઉમેદી અને પરવશપણાથી જન્મ પામેલી નિર્બળતા છે, જે મનુષ્યને મનુષ્યત્વમાંથી પણ કાઢી નાખે છે, સ્ત્રી જાતિનુ સતીત્વ નષ્ટ કરી નાખે છે, અને બાળકોની બાલ્યાવસ્થાનુ પવિત્ર સુખ અને આનંદ પણ છીનવી લે છે આ ઘોર દરિદ્રતા મામ કે ખીમો બનાવવાના યંત્રની સગાની માફક આખા હિંદુસ્તાનને કુટી નાખે છે

જે પુરાણી દરિદ્રતા છે તે દુકાળ, પ્લેગ, અને કોલેરાનુ ભયંકર રૂપ ધારણ કરીને ભારતને ગારત કરી નાખે છે દરિદ્રતા જનસંખ્યાને મોટો ધક્કો પહોંચાડે છે અને તેની વૃદ્ધિ અટકાવે છે

આપણો જળ અને સ્થળનો વેપારરોજગાર તમામ વિદેશીઓના હાથમાં જઈ ચૂકયો અને જાય છે * લોકો દરિદ્રતાને કારણે પુંજી વગરના

---

* Vide History of Indian Shipping and Maritime Activity by Professor Radha Kumud Mukhopadhyaya M. A

થઇ જવાથી ખેડુત બનતા જાય છે જમીનદાર અને ખેડુત બન્નેની સખ્યામા વધારો થતોજ જાય છે +

આપણી શિલ્પકળા અને લગભગ સઘળા ઉદ્યોગધધા વિદેશી વસ્તુઓના ઉપયોગ થવા લાગ્યો તેથી લોપ થઈ ગયા અને થતા જાય છે ×

ઇ સ ૧૭૮૭મા ફક્ત ઇગ્લાડ ખાતેજ ૩૦ લાખ રૂપિયાની ઢાકાની મલમલ વેચાઈ હતી ભારતમા બનેલા મજબૂત વહાણો ઈ સ ૧૮૦૦ સુધી અને ત્યાર પછી પણ વિલાયત જતા હતા – પણ હવે તો સઘળા વહાણો વિદેશીઓના છે અને તેના નાખુદા અને માલેકો પણ વિદેશી છે એ ધધાનો સઘળો નફો વિદેશીઓની તીજોરીઓમા જાય છે

ચા, કાફી અને ગળીની ખેતી વિદેશીઓના રૂપિયાથી થાય છે, અને તેનો નફો હિંદુસ્તાનમાથી બહાર જાય છે આ વસ્તુઓના ખીલી રહેલા બગિચાઓના મેનેજરો પણ વિદેશી છે

તમામ ઉદ્યોગ-ધધો, અને વણજ-વેપાર પ્રાય વિદેશીઓની પુજીથી ચાલે છે, અને તેથી નફાનો ઘણો મોટો ભાગ પરદેશમા ઘસડાઇ જાય છે રાજ્યની તમામ મોટી મોટી પદવીઓવાળી નોકરી ઉપર પરદેશીઓજ નિમાય છે તેઓના પગારનો મોટો ભાગ અને બચતની બધી પુજી પરદેશ ચાલી જાય છે

+All India Census Report for U P 1911, Page 386

× James cotton's Treatise on 'India'

– (1) Lieutenant Colonel A Walker's ' Considerations on the affairs of India" 1811

(2) 1800 Governor General's Report.

(3) Esat India Co 's fourth report pages 25–24

અને ખેતી કરનારા ખેડુતોનુ પેટ નથી ભરાતુ, તેથી તેઓ ભૂખ્યાજ સુઈ રહે છે ગામના ગામ ભૂખ્યા-ખાલી પેટ દાબીને સુઇ રહે છે જ્યારે ગામજ અન્ન વગર ખાલી હોય તો પછી પેટ ખાલી કેમ નહીં હોય? સોનાચાંદીના ઘરેણા તો ગેબ થઇ ગયા હવે તેઓના ધનમા માત્ર થોડા ઘણા ત્રાંબા પિત્તળના વાસણ તે પણ ગીરવી મૂકતા જાય છે શોક!

આસ્ટ્રેલિયા અને **ભારત**ની આવક તથા ખર્ચ મેળવી જોતા **ભારત**ની દરિદ્રતા વળી વધારે સ્પષ્ટ જણાઈ આવે છે×

આસ્ટ્રેલિયાના પ્રત્યેક મનુષ્યની વાર્ષિક આવક ૬૦૦ રૂપિયા છે, અને (ખર્ચ કાપતા) બચત ૩૧૩ા રૂપિયા છે મતલબ કે ત્યાંના લોકો મજેથી ખુબ ખાઇ પીને પ્રતિ વર્ષ દરેક જણ દીઠ ૩૦૦ રૂપિયા કરતાં વધારે બચાવી શકે છે અને ભારતવાસીઓના ભાગ્યમા બચાવવાનુ તો ક્યાંથી, પણ પેટ ભરીને ખાવાનુ પણ લખાયલુ નથી આપણા પ્રત્યેક મનુષ્યની વાર્ષિક આવક ૧૬ રૂપિયા ૧૪ આના છે, અને બહુ અગત્યના જરૂરી ખર્ચ માટે રૂ ૩૦) તો જોઇએ એટલે પ્રત્યેક મનુષ્ય દીઠ ૧૩ રૂપિયા ૨ આનાની ઘટ આવે છે

આવી દશામા વગર સમજે ને વગર વિચારે સંતાન ઉત્પન્ન કર્યા જવાનો પરિણામ શુ આવશે વારુ? કષ્ટ વધવાના, ભૂખમરો વધવાનો, દરિદ્રો વધવાના, વિધવા-અનાથ પુરુષ અને અભાગી સ્ત્રીઓની સંખ્યા વધવાની, નિરપરાધિ બાળકોના મરણો વધવાના, એવી રીતે દુર્દશાનો કાંઈ પાર નથી રહેવાનો અને આપણે માટે જવાબદાર કોણ છે? તમે અને અમે

જાગો! ઉઠો આવી અધમ દશામા સડ્યા પડી રહેવાનો વિચાર છોડો!

× **ભારત** તથા અન્ય દેશોના પ્રત્યેક મનુષ્યની વાર્ષિક આવક ઈ સ ૧૯૦૯મા આગળ બતાવ્યા પ્રમાણે છે —

આગલા વખતના (દરેક વખતે) આવકના દાખલા આપ્યા છે, તે જરા અનાજના ભાવ તરફ જોઈશું —

અનાજના ભાવ× ઈ. સ. ૧૭૦૦ થી ૧૯૧૮ સુધી


સન ઇસવી	ચોખા ઉંચા	ચોખા મોટા	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	ઘી	તેલ
૧૭૦૦	૪૦	૧૦	[illegible]	૭[illegible]	[illegible]				૪૦	૪	૧૦
૧૭૦૬	૪૦	૧	૦	૫	[illegible]				૪૦	૮	૬
૧૭૫૦	૪	૧૦	૪૧	૫	૨૮					૨૩	૯
૧૭૭૧	[illegible]	[illegible]		૧	૩					૨૧/૨	૭
૧૮૦૨	૨૧	૩૪	૧	[illegible]							
૧૮૨૧	૩૧	૪૦	૫૫	૭૦							
૧૮૫૦	૨૮	૨૦	૦	૦૦	૪૫	૨૮	૭૧	૪૧		,	
૧૮૭૫	૧૧	૧૮	૩૫	૪૦	૨૧	૩૦	૨૮	૨૫			
૧૯૦૦	૧૦	૧૩	૧૮	[illegible]	૧૨	૧૮	૧૮	૧૮			
૧૯૧૧	[illegible]	૮	૮		૮	૧૨	૧૨	૧૩	[illegible]	[illegible]	[illegible]
૧૯૧૮	૭।।	૫	૪		૪૧	૬	૪।।	૬	૬		[illegible]

ઉપરના આંકડા શેરના અને ભાવ રૂપિયા એકના હિસાબે છે જેમકે ઈ. સ. ૧૭૦૦માં ચોખા ૧ રૂપિયાના ૪૦ શેર.

ઈ. સ. ૧૮૦૨ સુધીની સ્થિતિ (The Industrial Organization of an Indian Province by Theodore Morison) ધી ઇન્ડસ્ટ્રીયલ ઓર્ગેનિઝેશન ઑફ એન ઇંડિયન પ્રોવિન્સ ઉપરથી જાણી છે.

× અનાજના ભાવ વધવાનું કારણ ટંકશાળ mint અને પરદેશોમાં નિકાસ કરવાનું પણ છે.

ઈ. સ. ૧૯૦૮ માં ભારત તથા બીજા દેશોના
પ્રત્યેક મનુષ્યની આવક.




उद्योगिन पुरुषसिंह मुपैति लक्ष्मी ।
दैवेन देयमिति कापुरुषा वदन्ति ॥


આસ્ટ્રેલિયા અને ભારતવર્ષના આવક ખર્ચનો મુકાબલો

આસ્ટ્રેલિયાના પ્રત્યેક મનુષ્યની વાર્ષિક આવક ૮૦ પૌંડ અને બચત ૨૦ પૌં૦ ૧૮ શિલિંગ છે એ લોકોની આવક ખર્ચ કરતા વધારે છે નીચેના ચિત્ર ઉપરથી એ બાબત બરાબર સમજી શકાશે કાળા ખાના વડે પાઉન્ડની બચત અને રેખા વાળા ખાના વડે આવક બતાવેલી છે

આસ્ટ્રેલિયા.



ભારતવર્ષ



(ભારતના દરેક મનુષ્યને ખેડ સાધારણ અન્નવસ્ત્ર વગેરેનો વાર્ષિક ખર્ચ ૨ પાઉન્ડ અથવા ૩૦ રૂપિયા અથવા માસિક અઢી રૂપિયા " પણ આવક તો માત્ર ૧ પાઉન્ડ ૨ શિલિંગ ૮ પેન્સ એટલે ૧૭ રૂપિયા છે આ હિસાબ પ્રમાણે અહિંના દરેક મનુષ્યના નિર્વાહ કરવામા ૧૩ રૂપિયાની ઘટ પડે છે

આગળ બતાવેલા ના ૧ ના નકશામા જે દેશોના નામ આપેલા છે, તે દેશો પોતાના ખપ માટે પૂરતા ઘઉં ગણીને બીજા દેશોને પણ આપી શકે છે ના ૨ના નકશામા બતાવેલા દેશોને બીજા દેશોમાથી ઘઉં ખરીદવા પડે છે એ બે નકશામા બતાવેલા દેશો વગર બીજા કેટલાએક દેશો નથી બહારથી ઘઉં લેતા કે નથી પોતાના ઘઉં બીજા દેશોને વેચતા તેથી તેના દેશોના નામ આપ્યા નથી અમુક દેશમથી ઘઉં પરદેશ જવાના કે નહીં તે બાબત તેની વસ્તીસંખ્યા તથા ઘઉંની પેદાશ ઉપર આધાર રાખે છે આમા વળી બીજી પણ એક વાત જોવાની છે તે એ, કે અમુક દેશમા પ્રત્યેક મનુષ્યને માટે

સાધારણ રીતે કેટલા ઘઉંની જરૂર રહે છે દાખલા તરીકે ઇંગ્લાંડ કૅનેડા, આસ્ટ્રેલિયા વગેરે દેશોના દર માણસે ૬ ૭ હંડ્રવેટ એટલે ૬૬૮ રતલ ઘઉંની જરૂર રહે છે જો ભારતની ૩૧॥ ક્રોડ પ્રજાએ હિસાબે ઘઉં વાપરે તો એક પણ ઘઉંનો દાણો પરદેશ જઇ શકે નહી એટલુજ નહી, પણ આખી દુનિયાની તમામ ઘઉંની પેદાશ એકલો ભારતજ ખાઈ જાય અહીંનો સાધારણ રીતે દર માણસ દીઠ ૪૦ શેર ઘઉં પેદા થાય છે તેમાંથી સુમારે ⅕ ભાગ બીજા દેશોમા રવાના થઈ જાય છે.

ઘઉંની પેદાસનો નકશો ન ૧. ×

દેશનું નામ	જન સંખ્યા	ઘઉંની પેદાશ	દર માણસ દીઠ કેટલા	
અમેરિકન સંયુક્ત રાજ્યો	૯૨,૦૦૦,૦૦૦	૫૫૫,૫૦૦ ૦૦૦	૬	૯ હંડ્રવેટ
યુરોપ રશિયા	૧૩૦,૫૦૦,૦૦૦	૫ ૫,૫૦૦ ૦૦૦	૩	૮
ભારતવર્ષ	૩૧૫ ૦૦૦ ૦૦૦	૧૯૫,૫૦૦,૦૦૦		૬/
આર્જેન્ટાઇન	૭ ૨ ૧૦,૦૦૦	૧૨૦ ૦૦૦,૦૦૦	૪	૯
ફ્રાન્સ	૪૦ ૦૦૦,૦૦૦	૫૮,૪૬૦,૦૦૦	૧	૯
ઇટાલિ	૩૬,૫૦૦,૦૦૦	૭૨,૦૦,૦૦૦	૨	૧
કૅનેડા	૮ ૦ ૧,૦૦૦	૧૦૦,૦૦૦,૦૦૦	૧૫	૫
હંગરી	૨૦ ૮૦૬ ૦૦૦	૮૧૧ ૧૦ ૦૦૦	૩	૯
રૂમાનિયા	૭૫,[illegible],૦૦૦	[illegible],૦ ૦૦,૦૦૦	૪	૮
આસ્ટ્રેલિયા	૮૯,૦૦,૦૦૦	૭,૬૭ ૦૦,૦૦૦	૧૫	[illegible]
મિસર	૨૫,૦૦,૦૦૦	૧,૯૮,૮૦,૦૦૦	૧	૬
સ્પેન	૨૦ ૦૦૦ ૦૦૦	૭૭ ૬૦ ૦૦૦	૩	૮
અલ્જીરિયા	૪ [illegible] ૦૦૦	૨,૦૮ ૦૦,૦૦૦	૪	૯
ચિલી	૩૮ ૫૦,૦૦૦	૯૬,૯૯ ૦૦૦	૨	૮
ઉરુગ્વાઇ	૧ ૧૦૦,૦૦૦	૫ ૦૦૦,૦૦૦	૮	૫

સને ૧૯૧૪

Meryada October 1915 Enquiry into the Rise of prices in India, Vol I page 115 by K L Dutta M A., F R A S

× The Statesman's year Book 1918

ઢોરની પેદાશનો નકશો નં. ૨

દેશનું નામ	જન સંખ્યા	ઢોરની પેદાશ	સો માણસ દીઠ કેટલા
ગ્રેટ બ્રિટન	૪૫૨૫૦૦૦૦	૩૯૨૦૦૦૦૦	૮૬
જર્મની	૬૫૦૦૦૦૦૦	૯૫૦૦૦૦૦૦	૧૪૬
આસ્ટ્રેલિયા	૩૦૪૦૦૦૦૦	૩૯૫૦૦૦૦૩	૧૨
જાપાન	૫૦૦૦૦૦૦૦	૧૫૦૦૦૦૦૦	૩
હોલાંડ	૬૦૦૦૦૦૦	૩૩૫૦૦૦૦	૫૫
નાર્વે	૨૪૦૦૦૦૦	૧૭૮૦૦૦૦	૭૪
સ્વીડન	૫૫૦૦૦૦૦	૬૫૦૦૦૦૦	૧૧૮
ડેન્માર્ક	૨૪૦૦૦૦૦	૨૫૦૦૦૦૦	૯
પોર્તુગાલ	૫૫૦૦૦૦૦	૮૫૦૦૦૦૦	૧૫૮
ગ્રીસ	૨૭૦૦૦૦૦	૩૧૦૦૦૦૦	૧૬
સ્વિત્ઝર્લાંડ	૩૮૦૦૦૦૦	૩૦૦૦૦૦૦	૪

ઉપરના આંકડા ઈ. સ. ૧૯૧૪ ના વ્હીટેકરને હિસાબે આપેલા છે.

ચોથો પરિચ્છેદ.

સ્વીકારણ—દુર્ભિક્ષ અથવા દુકાળ

સ્વર્ગસ્થ મિ. રમેશચંદ્ર દત્ત કહે છે કે—

" The immediate cause of famines in almost every instance is the failure of rains but if we honestly seek for the causes, without prejudice of bias we shall not seek in vain. The intencity and frequency of recent famines are greatly due

to the resourceless condition and the chronic poverty of the cultivators the poorest and most miserable pesantry on earth"

અર્થાત્–" જ્યારે જ્યારે દુકાળ પડે છે ત્યારે તેનુ કારણ હમેશા વરસાદ નહીં વરસવાનુ મનાય છે, પરંતુ ખરેખરી બાતથી આપણે તેનુ ખાસ કારણ શોધીએ તો કાંઇ બીજીજ હકીકત માલમ પડે છે આ દેશમા જે દુકાળોની અધિકતા અને તીવ્ર દુખદાયક હાલત જોવામા આવે છે, તેનુ કારણ ખેડુતોની અત્યંત દરિદ્રતા અને પરંપરાથી ચાલતી આવેલી પુરાણી નિર્ધનતા જ છે અહીંના ખેડુતો આખી દુનિયામા સૌથી અધિક નિર્ધન અને વિપત્તિથી ઘેરાયલા છે '

" The real cause of Indian Famines is the extreme the Abject, the Awful, Poverty of the Indian People"

—The New Egland Magazine September 1900

અર્થાત્–" હિંદુસ્તાનમા દુકાળ પડવાનુ મુખ્ય કારણ ભારતવાસીઓની અધમાધમ, ભયંકર દરિદ્રતા છે"

They can save nothing in years of good harvest, and consequently, every year of draught is a year of famine"

—Open letter to Lord Curzon by R C Dutt

' એ લોકો સારા સુકાળના વર્ષમા પણ કશુ બચાવીને સંગ્રહ કરી શકતા નથી, આવી સ્થિતિને લીધે કોઈ વરસમા વરસાદ નહીં વરસે એટલે લાગલોજ દુષ્કાળ પડે છે'

" That he finds starvation invariably staring him in the face, if any disorder overtakes that little crop which is the only thing which stands between him and death"

—Prosporous British India, page 166

અર્થાત્—ખેડુત કરાળ કાળને હમેશા પોતાના તરફ ઘુરકતોજ દેખે છે. તેની અને તેના મોતની વચમા ઉભી રહેનારી થોડી સરખી ખેતીમા જો કાઇપણ ગરબડ થાય, તો તુરત ભયકર કાળ તેની ગરદન ઉપર સવાર થઇ બેસે છે

સર **વિલિયમ હુંટર**, ઓ **એ ઓ. હિંડમ** સર **આકલેંડ કેલ્વિન**, સર **ચાર્લસ એલિયટ**, લોર્ડ ક્રોમર, સર **હેન્રી કોટન**, મિસ્ટર કેરહાર્ડી, મિસ્ટર **સડરલેંડ** અને **જેમ્સ કાર્ડ** આદિ સર્વ સજ્જનો એકે અવાજે કહે છે, કે **ભારતમા** દુષ્કાળ પડવાનુ પ્રધાન કારણ એ દેશની ઘોર દરિદ્રતા છે

ઇતિહાસના એ અગ્રેજ વિદ્વાનો અને એ ભારતવાસીઓ, જેમાનો એક સ્વધીન રાજ્યનો દિવાન હતો, તેમણે મળીને કાળજીપૂર્વક તપાસ કરીને એક ખાત્રી લાયક સૂચનાપત્રક તૈયાર કરેલુ છે તેમા જણાવ્યુ છે કે **ભારતમા** ૧૧ મી સદીમા ૨, તેરમીમા ૧ ચૌદમીમા ૩, પદરમીમા ૨, સોળમીમા ૦ સત્તરમીમા ૩, અને અઢારમી સદીમા ઇ સ ૧૭૪૫ સુધીમા ૮, એવી રીતે લગભગ સાડી સાતસે વર્ષમા બધા મળીને અઢાર દુકાળ પડ્યા હતા વળી એ સઘળા દુકાળો લોકલ એટલે સ્થાનિક હતા તે દુષ્કાળોનો પ્રભાવ ઘણા વિસ્તૃત ક્ષેત્ર ઉપર પડ્યો હતો નહીં *

અઢારમા સૈકામા ઇ સ ૧૭૬૯ થી ૧૮૦૦ સુધીમા ત્રણ દુકાળ પડ્યા, એક ઇ સ ૧૮૬૯–૭૦ મા બગાળામા બીજો ઇ સ ૧૭૮૩ મા મુબઈ અને મદ્રાસમા, અને ત્રીજો ઇ સ ૧૭૮૪ મા ઉત્તર હિંદુસ્તાનમા

---

* પ્રોસ્પરસ બ્રિટિશ ઇંડિયા, પૃષ્ઠ ૧૨૩ જુઓ

ત્યાર પછી ૧૯મી સદીમા દુષ્કાળોનુ જોર વધવા લાગ્યુ ઈ સ. ૧૮૨૦થી ૧૮૨૫ સુધીમા ૫ દુષ્કાળો પડયા, તેમા લગભગ ૧૦ લાખ માણસ મરી ગયા, ૧૮૩૫થી ૧૮૫૦ સુધીમા બે દુષ્કાળો પડયા, તેમા ૫ લાખ માણસો મરી ગયા, ૧૮૫૧ થી ૧૮૭૫ સુધીમા ૬ દુષ્કાળો પડયા, તેમા ૫૦ લાખ માણસ મરી ગયા, અને ૧૮૭૬ થી ૧૯૦૦ સુધીમા ૧૮ દુષ્કાળો પડયા, તેમા સુમારે ૨ કરોડ ૬૦ લાખ માણસો કાળના કોળીઆ થઇ ગયા !

મ ડબ્લ્યુ એલ હરેએ ૧૮મી અને ૧૯મી સદીના દુષ્કાળોનો એક પ્રાતવાર નકશો બનાવ્યો છે જે આગલા પૃષ્ઠ ઉપર બતાવ્યો છે

દુષ્કાળથી કેટલી હાનિ થાય છે તેનુ અનુમાન કરવાને માટે ઈ સ ૧૮૭૭-૭૮ના દુષ્કાળની હાનિનો હિસાબ નીચે બતાવ્યો છે –

૧	સરકારી ખર્ચમા લાગેલી હાનિ	૮૦,૦૦,૦૦૦	પાઉડ
૨	મહેસુલમા ઘટાડો	૨૫,૨૦,૦૦૦	,,
૩	ખેતીમા થયેલી હાનિ	૩,૭૮,૦૦,૦૦૦	,,
૪	માદક વસ્તુઓના ટેક્સમા હાનિ	૨,૮૫,૦૦૦	,,
૫	શહેર સુધારાની જકાતની આવકમા હાનિ	૪,૭૯,૦૦૦	,,
૬	મીઠાના કરમા હાનિ	૨,૭૩,૦૦૦	,,
૭	ઝવેરાતની હાનિ	૯૮,૮૦,૦૦૦	,,
૮	ખોરાકની ચીજોની મોઘવારીથી હાનિ	૧,૩૦,૦૦,૦૦૦	,,
૯	પશુઓ મરવાથી હાનિ	૪૭,૪૯,૦૦૦	,,
૧૦	મજુરોની હાનિ	૨૭,૫૦,૫૦૦	,,
૧૧	શાહુકારોની હાનિ	૨૦,૦૦,૦૦૦	,,
૧૨	વેપારીઓની હાનિ	૧૦,૦૦,૦૦૦	,,
	કુલ હાનિ	૮,૨૭,૩૬,૫૦૦	પાઉડ

દુકાળનાં વર્ષો / નામ	૧૭૬૯	૧૭૭૦	૧૭૮૨	૧૭૮૩	૧૭૯૦	૧૭૯૧	૧૭૯૨	૧૮૦૨	૧૮૦૩	૧૮૦૫	૧૮૧૨	૧૮૨૩	૧૮૩૨	૧૮૩૭	૧૮૫૪	૧૮૬૦	૧૮૬૫	૧૮૬૮	૧૮૭૩	૧૮૭૭	૧૮૮૫	૧૮૮૯	૧૮૯૦	૧૮૯૧	૧૮૯૭	૧૯૦૦
બંગાળા પ્રાંત		દુ															દુ				દુ			દુ	દુ	
બિહાર		દુ															દુ		દુ			દુ			દુ	
ઓરિસ્સા																	દુ					દુ				
અયોધ્યા				દુ																દુ			દુ		દુ	
વાયવ્ય પ્રાંત				દુ					દુ		દુ			દુ		દુ		દુ	દુ	દુ			દુ		દુ	
પંજાબ																		દુ							દુ	
મધ્ય પ્રાંત				દુ														દુ							દુ	દુ
મધ્ય ભારત											દુ							દુ							દુ	દુ
રાજપુતાના																									દુ	દુ
સિંધ																										દુ
ગુજરાત						દુ		દુ	દુ		દુ							દુ								દુ
મુંબાઈ						દુ		દુ												દુ				દુ	દુ	દુ
વરાડ													દુ		દુ										દુ	દુ
હૈદ્રાબાદ						દુ		દુ		દુ		દુ	દુ		દુ		દુ			દુ					દુ	દુ
મદ્રાસ	દુ		દુ		દુ		દુ													દુ	દુ	દુ			દુ	
મ્હૈસુર																				દુ						
બ્રહ્મદેશ																								દુ	દુ	
કેટલા પ્રાંતમાં દુકાળ પડ્યા	૧	૨	૧	૪	૧	૩	૧	૩	૨	૧	[illegible]	૧	૨	૧	૨	૧	૪	[illegible]	[illegible]	[illegible]	[illegible]	૩	[illegible]	[illegible]	૧૩	૯

પાછળ જણાવ્યા પ્રમાણે એક સાલના દુકાળથી ૮,૪૭,૩૪,૫૦૦ પાઉંડનું નુકસાન થયું અને તેની સાથેજ ૫૦,૦૦,૦૦૦ માણસો પણ મરી ગયા દુનિયાના કોઇપણ સભ્ય દેશમાં આટલા બધા માણસો ભૂખ્યા મરતા નથી અને કોઇ ઠેકાણે આટલા બધા દુકાળો પણ પડતા નથી જર્મની, ફ્રાન્સ, અમેરિકા વગેરે દેશોમાં તો લોકો દુકાળનું નામ પણ જાણતા નથી પરંતુ દરિદ્ર ભારત—જેને લોકો હજુ સુધી 'સુખી ભારત' કહે છે તે તો દુકાળના દુઃખથી પાયમાલ થઇ જાય છે

* ઇ સ ૧૮૮૦ અને ૧૮૯૮ના કમીશનના રિપોર્ટ ઉપરથી માલમ પડે છે કે નાના દુકાળો બાદ કરીએ તોપણ ઇ સ ૧૭૭૦ થી ૧૮૭૮ સુધીમાં ૧૮ મોટા દુકાળો પડ્યા તેની સાથે ૧૮૮૯, ૧૮૯૨, ૧૮૯૭, અને ૧૯૦૦ ના દુકાળો ઉમેરીએ તો ૨૨ ભયંકર દુકાળો થાય છે એ મોટા દુકાળોના વિગતવાર વૃત્તાંતો સાંભળીને વિદેશીઓના તો રૂવાટાં ઉભાં થઇ જાય છે, અને કલેજાં કાંપી રહે છે

× ૧ બંગાળાના ઈ સ ૧૭૭૧ ના દુકાળ વખતે બંગાળા પ્રાંત સરકારી નોકરોએ બરબાદ કરી મૂક્યો હતો લોકો અત્યંત દુઃખી અને દરિદ્રી થઈ ગયા હતા ઇ સ ૧૭૬૬ ના મે મહિનાની ૧૭ મી તારીખના પત્રમાં કોર્ટ ઓફ ડાયરેક્ટર્સ પોતાના નોકરોના અત્યાચારને માટે શોક પ્રગટ કરે છે—" The corruption and rapacity of our servants' સરકારના કામદારોએ ઠેકઠેકાણે ફરી ફરીને તપાસ કરી ત્યારે માલમ પડી આવ્યું કે બંગાળા પ્રાંતના ત્રીજા ભાગના એટલે એક તૃતિયાંશ લોકો એ દુષ્કાળમાં મરી ગયા હતા કુલ મૃત્યુ સંખ્યા ૧ કરોડ ગણાઇ હતી

૨ ઈ સ ૧૭૮૩નો મદ્રાસનો દુકાળ—કેટલા માણસો મરણ પામ્યા તેનો વાજબી હિસાબ મળી શક્યો નથી

---

* R. C Dutt. ×Famines in India

૩ ઇ. સ ૧૭૮૪નો ઉત્તર હિંદુસ્તાનનો દુકાળ—એ દુષ્કાળ બહુ ભયંકર હતો આખા ગામને ગામ ઉજડ થઇ ગયા બનારસના રાજ્યમા એટલા બધા લોકો મરી ગયા કે ત્યાની ત્રીજા ભાગની ખેતી પડી રહી કેટલા માણસો મરી ગયા તેનો વાજબી હિસાબ મળી શકયો નથી

૪ ઇ સ ૧૭૯૨નો મુંબઇ અને મદ્રાસનો દુકાળ—કેટલા માણસો મરી ગયા તેનો વાજબી હિસાબ મળી શકયો નથી, પણ દુકાળ બહુ ભયંકર હતો

૫ ઇ સ. ૧૮૦૩નો મુંબઇનો દુકાળ–મુંબઇ સરકારે બીજે ઠેકાણેથી અનાજ મગાવીને સર્વસાધારણ લોકોને માટે ખાસ ભાવ ઠરાવીને વેચ્યુ, અને રિલીફ વર્ક કાઢીને ઘણા લોકોને મદદ કરી મૃત્યુ સખ્યા બરાબર માલમ પડી નથી

૬ ઇ સ ૧૮૦૪નો ઉત્તર હિંદુસ્થાનનો દુકાળ—સરકારે બહુ મદદ કરી, ઘણીખરી મેહેસુલ માફ કીધી ખેડુતોને તગાવી આપી, અને બનારસ, અલ્હાબાદ તથા કાનપુરમા જે અનાજ ગયુ તેના ઉપર થોડી બાઉટી (Bounty)આપીને એક પ્રકારની મદદ કરી

૭ ઈ સ ૧૮૦૭ નો મદ્રાસનો દુકાળ—બહુ ભયંકર દુષ્કાળ હતો સરકારે અનાજ ખરીદ કરીને લોકોને સસ્તા ભાવે વેચ્યુ, અને ઘણા ભૂખે મરતા લોકોના પ્રાણ બચાવ્યા

૮ ઇ સ ૧૮૨૩નો મુંબઇનો દુકાળ—સરકારે અનાજ ઉપર થોડી બાઉટી આપીને સહાયતા કરી

૯ ઈ. સ ૧૮૨૩નો મદ્રાસનો દુકાળ—સરકારે થોડી સહાયતા આપી.

૧૦ ઈ સ ૧૮૩૩નો મદ્રાસનો દુકાળ—ગંતુર જીલ્લાની ૫ લાખની વસ્તીમાથી ૨ લાખ માણસો મરી ગયા મદ્રાસની ગલીઓમા અને નેલોરની સડકો ઉપર મનુષ્યના મુડદા રઝળતા હતા '

૧૧ ઇ સ. ૧૮૩૭નો ઉત્તર હિંદુસ્તાનનો દુકાળ—સડકો ઉપર રઝળતી લાસોને ઠેકાણે પાડવા માટે કાનપુર, ફતેહપુર, અને આગ્રા

વગેરે શહેરોમા લાંબો ઉઠાની લઇ જના માટે ખાન માણુસો ગખવા પડયા હતા તેમ છતા કોઇ કોઇ વખતે સડકો ઉપરજ લાસો પડી રહેતી હતી તેને કાગડા, કૂતરા વગેરે ખાઇ જતા હતા આઠ લાખ માણસો મરણ પામ્યા હતા

૧૨ ઇ સ ૧૮૫૪નો મદ્રાસનો દુકાળ—નવ મહિના સુધી રિલીફ વર્કસ ચાલુ રાખવા પડ્યા હતા

૧૩ ઇ સ ૧૮૬૦નો ઉત્તર હિંદુસ્તાનનો દુકાળ—નવ મહિના સુધી તો ૩૫૦૦૦ માણસો રિલીફ વર્ક ઉપર, અને ૮૦,૦૦૦ માણસો ધર્માદા મદદ ઉપર નિર્વાહ કરતા હતા, તેમ છતા ૨ લાખ માણસો ભૂખમરાથી મરી ગયા !

૧૪ ઇ સ ૧૮૬૬નો ઓરિસ્સાનો દુકાળ—૯૨,૦૦૦ માણસોને ૧૦ મહિના સુધી મદદ મળવા છતા ૪ા લાખ માણસો મરી ગયા સરકારે ૨ લાખ ૮૦ હજાર મણ અનાજ પુરૂ પાડ્યુ, તોપણ ૧૦ લાખ માણસો મરી ગયા

૧૫ ઇ સ ૧૮૬૯નો ઉત્તર હિંદુસ્તાનનો દુકાળ—૬૫૦૦૦ માણસો રિલીફ વર્ક ઉપર કામ કરતા હતા, અને ફક્ત ઉત્તર-પશ્ચિમ પ્રાંતમાજ ૧૮૦૦૦ માણસોને ધર્માદા મદદ આપવામા આવી, તેમ છતા ૧૨ લાખ માણસો મરી ગયા

૧૬ ઇ સ ૧૮૭૪નો બંગાળાનો દુકાળ —નવ મહિના સુધી ૭૩૫,૦૦૦ માણસો રિલીફ વર્ક ઉપર નિર્વાહ કરતા હતા, અને ૪½ લાખ ધર્માદા મદદ લેતા હતા આ દુકાળમા સરકારે એવો ઉત્તમ પ્રબંધ રાખ્યો હતો કે, દુકાળને લીધે એક પણ મરણ થયુ નહીં

૧૭ ઇ સ ૧૮૭૭ નો મદ્રાસનો દુકાળ —આ વખતે બંગાળા કરતા ઉલટોજ પ્રબંધ હતો સરકારની ફરજ પેટ ભરાય એટલુ બધુ અનાજ આપવાની નથી એવુ કહીને સર રિચર્ડ ટેમ્પલે મજુરી ઓછી આપી, અને માત્ર લોકોના પ્રાણ બચે પણ પેટ ભરાય નહીં

એટલુજ અન્ન અપાવ્યું તેણે ૨ ૨૧,૮૦૦ માણસોને અર્ધાં પેટ ભરાય એટલીજ સહાયતા અપાવી, અને ૫૦ લાખ માણસો મરી ગયા

૧૮ ઇ સ ૧૮૭૮નો ઉત્તર હિંદુસ્તાનનો દુકાળ—૬૨,૭૫૦ માણસોને અનાથાલયો તરફથી, અને ૫,૫૭,૦૦૦ માણસોને રિલીફ વર્ક તરફથી સહાયતા મળી પ્રબંધ સારો નહી હોવાથી ૧૨॥ લાખ માણસો મરી ગયા

૧૯ ઈ સ ૧૮૮૯નો મદ્રાસનો દુકાળ—સહાયતા થઇ હતી પણ ઘણા લોકો મરી ગયા

૨૦ ઈ સ ૧૮૯૭નો મદ્રાસ, બંગાળા, બ્રહ્મદેશ અને અજમેરનો દુકાળ—આ દુકાળ ઘણોજ ભયંકર હતો સહાયતા આપવામાં આવી હતી બંગાળામાં મરણ થયા નહી, પણ મદ્રાસમાં ઘણાંજ માણસો મરી ગયા,

૨૧ ઇ સ ૧૮૯૭નો ઉત્તર-પશ્ચિમ પ્રાંત બંગાળા, બ્રહ્મદેશ, મદ્રાસ, અને મુંબઇનો દુકાળ—હિંદુસ્તાનમાં જેટલા દુકાળ પડયા હતા તે બધા કરતા આ મહા ભયંકર અને કહાર દુકાળ હતો આખા હિંદુસ્તાનમાં એની માઠી અસર પહોચી હતી ૩૦ લાખ માણસોને સહાયતા કરવામાં આવી હતી મધ્યપ્રાંત સિવાય બધી જગ્યાએ સારો પ્રબંધ હતો, તેથી દુકાળ બહુ ભારે હોવા છતાં પ્રમાણમાં ઓછા મરણ થયા હતા

૨૨ ઈ સ ૧૯૦૦નો પંજાબ, રજપુતાના, મધ્યપ્રદેશ અને મુંબઈનો દુકાળ—એ પણ બહુ ભયંકર દુકાળ હતો ૬૦ લાખ માણસો રિલીફ વર્ક ઉપર હોવા છતા ઘણા માણસો ભૂખથી મરી ગયા હતા

સ્વર્ગસ્થ બાબુ રોમેશચંદ્ર દત્તે લખ્યું છે કે," જ્યારે કોઇ દેશમાં રાજ્યપરિવર્ત્તન થાય છે, એક મુલક જીતીને બીજો રાજા કાયમ થાય છે, તે વખતે લડાઈ અને અવ્યવસ્થાને લીધે દુકાળ પડે એ

સંભવિત છે, પણ હિંદુસ્તાનમાં તો એવો કુસમય ઘણાં વર્ષથી વીતિ ગયો છે, ઇ સ ૧૮૫૮થી રાજ્યની લગામ માનનીય મહારાણી વિક્ટોરિયાને સોંપેલી હતી, ત્યારથી આજ સુધીમાં હિંદુસ્તાનમાં અંદરના ભાગમાં કદી પણ લડાઈ થઈ નથી અહીંની પ્રજા શાંત સ્વભાવની અને ગંભીર છે મહેનતુ અને કરકસરથી રહેનારી છે અંગ્રેજ અમલદારોની કેટલી પેઢી આ દેશમાં કામનો અનુભવ પ્રાપ્ત કરતા વીતી ગઈ છે, તોપણ દુષ્કાળ પડતા બંધ થયા નથી ૪૦ વર્ષમાં હિંદુસ્તાનમાં ૧૭ દુષ્કાળ પડયા અને તેમાં ૧ કરોડ ૫૦ લાખ માણસો મરી ગયા પૃથ્વી ઉપર જેટલાં સભ્ય રાજ્ય છે એવા કોઈપણ સભ્ય દેશની આવી ભયંકર અને શોકપૂર્ણ દશા નથી ’

“ It is a melancholy phenomenon, which is not represented in the present day by another Country on earth enjoying a civilized administratom ’

—R C Dutt

પાછી નહાને છેલ્લા ૨૫ વર્ષની સરાસરી અકાળ મૃત્યુ મ ળ્યા જેના કર માન ૧૦ લાખ કરતા અધિક હિંદુસ્તાની દુષ્કાળથી ભૂખ મરો મેઠીને મરી ગયા છે ! એ હિસાબ પ્રમાણે બરાબર ૨૫ વર્ષ સુધી દર મહિને ૮ ૦૦૧૨, દરરોજ ૨,૮૮૦, દરેક કલાકે ૧૨૦ અને દર મિનિટે ૨ માણસો હિંદુસ્તાનમાં મરતા રહ્યા છે ! અને એ બધા કેવી રીતે મરી ગયા છે ? પહેલાં તો ઘરમાં એકાદ ગાય હોય તે વેચીને ગુજારો ચલાવ્યો પછી ખેતી કરવાના બળદ બચ્ચાંના પ્રાણ બચાવવા માટે જે કીમ્મત ઉપજી તે લઈને વેચી ખાધા ત્યાર પછી ઘરની ઘરવખરી વેચી તેમાં શું હોય ? બિચારા ગરીબ ખેડુતના ઘરમાં થોડા ઘણાં વાસણ, કપડાં અને કોદાળી પાવડો વગેરે ચીજો એમાંથી જે ચીજનો આનો બે આના ઉપજે તે વેચતા ગયા અને, મુઠી બે મુઠી ચણાને માટે પણ પોતાની ઉપયોગી વસ્તુઓ આપી પરંતુ પેટનો ખાડો પુરાયો નહી છેવટે હાથપગ જોડીને લાચાર થઇ બેસી રહેતા

બચ્ચાંની આંખો ઉડી પેસી જાય, અને પોતે એટલા બધા અશક્ત અને જર્જર થઇ ગયા હતા કે હૃદયના ટુકડા જેવા બાળકો તથા પ્યારી પત્નીના મોઢામાં મરતી વખતે અંજલી ભરી પાણી લાવીને રેડવા જેટલી પણ તાકાત રહી નહી હતી!

માતા મરી ગયલી હોય તેના ભૂખ અને તરસથી તરફડતા બાળકો અચેત અથવા મુવેલી માતાના સ્તન ચૂસે છે પણ છેવટ નિરાશ થાય છે, અને છાતી ઉપરજ પડયા પડયા મરી રહે છે! આવા હૃદયવેધક દેખાવ જોતા જોતા અથવા જોઇને કંટાળેલા લોકો જરા આઘેના ખેતરમાં જઇને પોતાના પ્રાણ તજતા હતા અને તેઓની લાશનો છેલ્લો સંસ્કાર ગામના કાગડા, કુતરા અને શિયાળ વગેરે જાનવરો કરતા હતા!

પાંચમો પરિચ્છેદ.

દૈવીકારણ—રોગ અને મૃત્યુ.

વૃક્ષ-જગત.

શેઠ અમીચંદ અને ઓનરેબલ બાબુ મોતીચંદ પાસ એક એકથી ઉત્તમ મનોહર બગીચાઓ છે સુંદર સુંદર વનસ્પતિ, નાના પ્રકારના ફુલપાનો, તથા તરેહવાર જાતના રોપાઓ અને કોમળ લતાઓ લાખો રૂપીયા ખરચીને બન્ને બગીચાઓમાં ઉગાડવામાં આવ્યા છે એક બગીચાની લતાઓ કરમાય છે ફુલપાનના રોપાઓ ચીમળાય છે અને વનસ્પતિ સુકાય છે, ત્યારે બીજામાં તેવીજ જાતની વનસ્પતિ લીલાલહેર કરી રહી છે છોડવા ફુલીફાલી રહ્યા છે અને લતાઓ મકાનના કાંગરા સુધી પહોંચવા મથી રહેલી જોવામાં આવે છે આવો તફાવત શાથી

દેખાય છે? કારણ એક બાગમા બરાબર સભાળ રાખવામા આવતી નથી, અને વખતસર જોઇતા પ્રમાણમા ખાતર પાણી આપવામા આવતા નથી, અને બીજા બાગમા બહુ સભાળપૂર્વક રક્ષણ કરવા માટે કાળજી રાખીને ખાતરપાણી વગેરે યોગ્ય સમય પુરતા પ્રમાણમા આપવામા આવે છે

ફળફૂલના પ્રદર્શનો અને પ્રદર્શનમા મળતા ઇનામો ઉપરથી એવુ સિદ્ધ થયુ છે કે વનસ્પતિની જેટલી વધારે સભાળ લેવાય તે પ્રમાણમા તે ખીલે છે, પુષ્ટ થાય છે, અને મોટા ફળફૂલ પેદા થાય છે

ગમે તેવો ચતુર માળી અનેક પ્રયત્ન કરે તોપણ તે કાની-ફ્લાવર જેવડુ મોટુ ગુલાબનુ ફૂલ તો નહીજ બનાવી શકે, તેમ દુનિયામા કાની-ફ્લાવર કરતા મોટુ કોઈ ફૂલજ નથી એમ પણ કહી શકાતુ નથી કહેવાની મતલબ એટલીજ કે આજે મોટામા મોટુ જેવડુ ગુલાબનુ ફૂલ થાય છે તે કરતા ઘણુ મોટુ ફૂલ પ્રયત્ન કરવાથી એ ઝાડનુ થઇ શકે ખરૂ

પશુ-જગત.

વિલાયતના વિદ્વાન ગોવાળો કહે છે — 'તમે ઇચ્છો તેવી ઉત્તમ જાતના પશુ અમે ધીરે ધીરે તૈયાર કરીને બનાવી શકીશુ" લેસિસ્ટર પરગણાની એક પ્રસિદ્ધ ગોવાળની ટોળીએ ઘોડા જેવડુ મોટુ ઘેટુ બનાવવાનો પ્રયત્ન ચલાવ્યો, ત્યારે તેનીજ બીજી ટોળીએ ઉદર જેવડુ નાનુ ઘેટુ બનાવવાનો પ્રયત્ન ચલાવ્યો એ બને ટોળીઓનો પ્રયત્ન નકામો ગયો ઘેટુ નહી થયુ ઘોડા જેવડુ મોટુ કે નહી થયુ ઉદર જેવડુ નાનુ, પણ તેઓના પ્રયત્નનુ ફળ એવુ આવ્યુ કે સાધારણ ઘેટા કરતા એક ટોળીનુ ઘેટુ બહુજ મોટા કદનુ થયુ, અને બીજી ટોળીનુ ઘેટુ સાધારણ કદના ઘેટા કરતા બહુજ નાના કદનુ થઇ ગયુ

આની રીતે જો સર્વ પશુની ઓલાદ ઉત્તમ જોડા મળવાથી પેદા થાય, તેઓને નિયમસર ખોરાક મળે તથા તેઓની પાસેથી અદાજ

પૂર્વક કામ લેવામા આવે તો તેઓને બહુ મોટા કદના, અધિક કામ કરનાર અને લાંબી મુદત જીવે એવા બનાવી શકાય

In short, careful distinction should be made between reasonable and unlimited progress—અર્થાત ઉચિત અને અનુચિત સીમાનો તફાવત બહુ ચતુરાઇથી જોવો જોઇએ

મનુષ્ય-જગત.

મનુષ્ય માત્રની ઉન્નતિ પણ પ્રકૃતિએ ઉપરના નિયમને જ આધીન રાખેલી છે મનુષ્યનુ રોગી કે નિરોગી રહેવુ, બળવાન કે નિર્બળ બનવુ, દીર્ઘાયુષી કે અલ્પાયુષી થવુ, તેનો આધાર ભિન્ન ભિન્ન દેશના સારા નબળા હવા-પાણી ઉપર, સારા નઠારા ખોરાક ઉપર અને પુણ્ય અથવા પાપમય જીવન વ્યતિત કરવા ઉપર રહે છે જે દેશમા આ વસ્તુસ્થિતી જેટલી સારી હોય છે ત્યાના લોકો તેટલાજ પ્રમાણમા આરોગ્ય, બળવાન, અને દીર્ઘાયુષી હોય છે અને જ્યાની વસ્તુસ્થિતિ જેટલી ખરાબ હોય છે તેટલાજ પ્રમાણમા ત્યાના લોકો રોગી નિર્બળ અને અલ્પાયુષી હોય છે

મનુષ્યનુ આયુષ્ય નકી કરવુ અને તેની હદ ઠરાવવાનુ કામ અસભવ દેખાય છે પીટર મફેસ ભારતના ઇતિહાસમા લખે છે કે નુમીમડે ઇ સ ૧૫૬૬ મરણ પામ્યો ત્યારે તેની ઉમ્મર ૧૭૧ વર્ષની હતી ટામસ ડાર ૧૫૨ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો ઈફ્રિઘમ ૧૪૪ વર્ષ જીવ્યો હતો ગોસાઇ લક્ષમણપુરી ઇમલહા (મિર્ઝાપુર) ૧૧૯ વર્ષની ઉમ્મરે મરણ પામ્યા તે બાળબ્રહ્મચારી હતા અને આખી જીંદગી સુધી તેમણે બ્રહ્મચર્ય પાળ્યુ હતુ ગોવર્ધન ભરવાડ (બનારસ સ્ટેટની પાસે ગામ ચકીઆ) ૧૧૬ વર્ષની ઉમરનો છે, તે સવાંગ નિરોગ છે, લાંબી મજલ સુધી ચાલી શકે છે, તે કહે છે કે પોતે ઘણા વર્ષથી માત્ર દૂધ અને જગલી ફળો ખાઇને નિર્વાહ કરે છે

તપાસ કરીએ તો આજે પણ દરેક શહેર અને ગામમા સો અથવા સો કરતા વધારે વર્ષની ઉમરના મનુષ્ય મળે છે મહાન્ સ્વદેશાભિમાની પોતાના સુખ સપત્તિનો ભોગ આપનાર મહાપુરૂષ દાદાભાઇ નવરોજી દીર્ઘાયુષ્યનો પુરાવો આપીને સ્વર્ગવાસી થયા પ્રખ્યાત બાબુ સુરેન્દ્રનાથ બેનરજી કહે છે કે “ પાછલા ૨૦ વર્ષથી પોતે દરેક કામને માટે નિયમિત સમય રાખેલો છે ખાવાનો, ઑફીસનુ કામ કરવાનો, અને સુવાનો સમય એક પણ દિવસ બદલાના દીધો નથી આવો નિયમ પાળવાથી એ પરિણામ આવ્યુ કે હુ એટલી મુદતમા કદી માદો થયો નથી.

મનુષ્યનુ આયુષ્ય કેટલુ લાબુ થઇ શકે છે તેની કાઇ સીમાજ નથી અનુકૂલ, શુદ્ધ, સાત્વિક ભોજનથી, નિર્મલ પવિત્ર વાયુ-સેવનથી, સ્વચ્છ હવા અને પ્રકાશવાળા મકાનોમા રહેવાથી, બલ અને પરાક્રમને હાનિ નહી પહોચે એવી દીનચર્યા પાળવાથી, શારીરિક બળ અને પરાક્રમ વધારે એવી કસરત (વ્યાયામ) થી, નેશન અથવા રાષ્ટ્રીયતાનો ક્ષય કરનારા બે પ્રધાન કારણો—ઘોર દરિદ્રતા અને અત્યત અધિક ધનાઢ્યતા—નો સપૂર્ણ નાશ કરવાથી, બ્રહ્મચર્ય પાળ્યા પછી યોગ્ય અને આરોગ્ય સતાનોત્પત્તિ કરવાથી, સ્વાસ્થ્યરક્ષા અને ઉત્તમ ચિકિત્સાશાસ્ત્રના જ્ઞાનથી, સ્ત્રી-પુરૂષની સામાજીક તથા માનસિક દશા બરાબર ઉચી કરવાથી, દેશમા સુખ-શાતિ હોવાથી, શાતિમય પવિત્ર જીવન વ્યતીત કરવાથી, મનુષ્ય ભલે અજર અમર નહી બની જાય, તોપણ તેના જન્મ અને પ્રાકૃતિક મરણની વચમાનો સમય એટલે આયુષ્ય બહુ વધી જાય છે, અને વધતુ જ રહે છે

“ Man may not become quite immortal yet the duration of life between birth and natural death will increase without ceasing, will have no assignable terrm, and may properly be expressed by the word indefinite, a constant approach to an Unlimited extent without ever reaching it or

an increase in the Immensity of ages to an extant greater than any assignable quantity "

અર્થાત્ ' મનુષ્ય અમર તો થઇ શકે નહી પરંતુ તેના જીવનના દિવસો સ્વાભાવિક મરણના દિવસોથી બહુ દૂર જઇ શકે છે આયુષ્ય બહુ લાંબુ થઇ શકે છે અને વળી કોઇ એવુ તો નહીજ ઠરાવી શકશે કે અમુક મનુષ્યનુ આયુષ્ય આટલાજ દિવસનુ થાય ધીરે ધીરે આયુષ્યની મુદત વધતા સેકડો વર્ષ વીત્યા પછી મનુષ્ય એટલુ બધુ દીર્ઘજીવી બની શકે છે કે તેની સીમાનો અંદાજ કોઇ નહી બાંધી શકે *

મનુષ્યના મસ્તકમા સબ્સટન્સ (Grey substance) નામની એક વસ્તુ હોય છે તેનાથી વિચારશક્તિ પેદા થાય છે બાળકના મગજમા ગ્રે મેટર (Grey matter or substance) બહુ કમી હોય છે, તેથી તેઓની વિચારશક્તિ પણ ઓછી અને કમતી હોય છે બાળક મોટુ થતુ જાય છે તેમ તેમ મગજમા ગ્રે મેટર પણ વધે છે સાથે તેજ પ્રમાણમા તેની બુદ્ધિ પણ વધતી જાય છે અને પાકી અથવા બળવાન થતી જાય છે યુવાવસ્થામા એ વસ્તુનો વધારો અને વૃદ્ધવસ્થામા ઘટાડો થાય છે તેજ પ્રમાણે બુદ્ધિમા પણ વધારો અને ઘટાડો થતો રહે છે, ચોટ લાગવાથી, ક્લોરોફાર્મ સુઘાડવાથી, અથવા દારૂ પીવાથી ગ્રે મેટર ઉપર અસર થાય છે, તેથી બુદ્ધિ બગડે છે જેટલો ગ્રે મેટર હોય તેટલી બુદ્ધિ પણ હોય છે મગજમા એ વસ્તુ જેટલી વધારે અને જેટલી સ્વચ્છ હોય છે તે પ્રમાણમાજ બુદ્ધિ પણ પવિત્ર અને તીવ્ર હોય છે ગ્રે મેટર નહિ હોય ત્યા બુદ્ધિ પણ નથી હોતી ગ્રે મેટર તેજ બુદ્ધિ છે +

---

* M Condorceto's Problem of life

+ Proofs of the existance of the soul', by mrs Besant

એનીજ રીતે જીવનનુ બીજુ નામ લોહી (Blood) છે, અને લોહીનુ બીજુ નામ ઓક્સિજન (પ્રાણવાયુ) અને આહાર છે લોહી એક કલાકમા બાર વખત આખા શરીરમા ફરીને હૃદયમા આવે છે, ત્યાથી તુરતજ પાછુ શરીરના બીજા ભાગોમા ફરવા નીકળી જાય છે એવી રીતે રાત હોય કે દિવસ હોય અને મનુષ્ય ઉંઘતુ હોય કે જાગતુ હોય તો પણ લોહી શરીરમા ફરતુજ રહે છે અને જે ક્ષણમા લોહી ફરતુ અટકી જાય છે તેજ ક્ષણે શરીરમાથી પ્રાણ નીકળી જાય છે જ્યા સુધી લોહી સારૂ હોય ત્યા સુધી મનુષ્ય આરોગ્ય રહે છે, અને એમા જરાપણ બગાડ પડે કે લાગલીજ તનદુરસ્ની બગડે છે. સાપ કરડવાથી મનુષ્ય મરી જાય છે, કારણ કે ઝેરથી લોહી બગડી જાય છે જો કોઈ પ્રકારે શરીરમાથી લોહી નીકળી જાય, અથવા લોહી ઘટી જાય તો મનુષ્ય નિર્બળ થઇ જાય છે અથવા મરી જાય છે અનુકૂલ આહાર અને શુદ્ધ વાયુથી નવુ લોહી બને છે અને મનુષ્ય આરોગ્ય રહે છે વિરૂદ્ધ આહારથી રોગ ઉત્પન્ન થાય છે

ચરક, **સુશ્રુત** **હારીત**, **શાર્ઙ્ગધર** આદિ આયુર્વેદના ગ્રથોમા બતાવ્યુ છે કે વિરૂદ્ધ આહાર અને વિહારથી રોગ ઉત્પન્ન થાય છે

જગતપ્રસિદ્ધ ડાક્ટર **લુઈ કુને** તો દુનિયાના તમામ રોગોનુ એકજ કારણ બતાવે છે, અને તેજ કારણ દૂર કરીને તેણે તમામ પ્રકારના રોગ મટાડી રોગીઓને આરામ કરી બતાવ્યો છે તેની પણ એવી સમજ છે કે વિરૂદ્ધ આહારવિહારથી મળાશયમા કેટલોક મળ ભેગો થાય છે, અને તેજ મેલ શરીરના અનેક ભાગોમા જઇને અનેક પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે તેજ રોગોને લોકો જુદા જુદા નામથી ઓળખે છે તાવ શુ છે ? મળ પ્રથમ પેડુની ચારે બાજુએ એકઠો થાય છે અને કોઈક વખતે વધારે ગરમી અથવા શરદી અથવા કોઈ વિરૂદ્ધ આહારવિહારના કારણે તવાઈને ઉભરાઇ પડે છે, પછી શરીરના દરેક ભાગમા એ મળના ઝીણા રજકણો ફેલાઇને એક બીજા સાથે ઘસાઈને ગરમ થાય છે અને શરીરને ગરમ કરી

મૂકે છે, તેને આપણે તાવ કહીએ છે અથવા એ મળના પરમાણુ લોહીના ફરવાના રસ્તામા ભરાઇને જરૂર જેટલુ લોહી જવા દેતા નથી, લોહીનો ફરવાનો વેગ કેટલાક વખત સુધી ધીમો પાડી નાખે છે ત્યારે આખુ શરીર અથવા જે ભાગનો રસ્તો રોકાયો હોય તેટલો ભાગ બરફ જેવો થડો થઇ જાય છે તેને સર્દીનો તાવ કહે છે ×

ડાક્ટર ગોલ્સાલિચ (Golsehlich) સરકારની કોલેરા વિષેની તપાસના પરિણામમા જણાવે છે કે--' People carry the germs of cholera in their intestines for months "+ એટલે કે કોલેરાના જતુ મનુષ્યના મળાશયમા મહિનાઓ સુધી પડયા રહે છે "

" It was discovered long ago in England that the main source of fever, cholera, and other diseases are —

1 Want of ventilation

2 Over-crowded house

3 Bad and defective drain, and

4 The drinking water containing impurities.

In London 200 years ago the average annual mortality per thousand was *70*, by *1865* it has lessened to *30*, and now with greatly increased population it has diminished to 15 per thousand*

× The New Science of Healing by Louis Kohne.

+ The Government Report on Sanitary Measures in India 1894 Page *88*

Sanitary Commission *Report* for *1865* Page 82

અર્થાત્, અગાઉ લંડન શહેરમા એક હજારે મીોર મરણો થતા હતા ઇ સ ૧૮૬૫ સુધીમા મરણ પ્રમાણ ઘટીને ૩૦ ઉપર આવ્યુ, અને હવે પહેલાના કરતા વસ્તી ઘણીજ વધેલી હોવા છતા પણ મરણ પ્રમાણ દર હજારે ૧૫ સુધી ઘટી ગયુ છે આ પ્રમાણે મરણો ઓછા થવાનુ કારણ ત્યાના લોકોની સારી સમજ છે તેઓ સમજી ગયા કે તાવ કોલેરા આદિ અનેક રોગોની ઉત્પત્તિના ૪ મુખ્ય કારણો છે—૧ મકાનોમા સ્વચ્છ હવાનો અભાવ, ૨ ઘણા માણસોનો એકજ ઓરડામા વસવાટ, ૩ ગદી ગટરો અને ૪ ગદકીવાળુ ખરાબ પીવાનુ પાણી

આ ચાર બાબતોનો સુધારો કરવાથી ત્યા રોગો કમી થયા એટલુજ નહી, પણ તે દેશમાથી નાસી ગયા કેવળ ઇગ્લાંડમાજ નહી પણ દુનિયાના કોઇ પણ સભ્ય દેશમા હવે એ રોગોનુ જોર રહ્યુ નથી

હવે જોવુ જોઇએ, કે અભાગીઆ ભારત દેશની કેવી દશા છે સભ્ય દેશોને મુકાબલે અહીની વસ્તી દીર્ઘાયુ છે કે અલ્પાયુષ્ય વાળી છે

શુ ભારતવર્ષમાં ઘીચ વસ્તી છે?

લોકોની સમજ એવી છે કે એમા મનુષ્યને રહેવાના સ્થાનનો અભાવ નથી અને કદી અભાવ થવાનો પણ નથી ભારતના ક્ષેત્રફળ અને જનસખ્યાને હિસાબે તો પશ્ચિમના સભ્ય દેશોને મુકાબલે અહીંની વસ્તી ઘીચ નથી મોઢે મોઢે વાત કરી દેવી સહેલી છે, પણ પ્રમાણ સાથે એ હકીકત સાબીત કરવાનુ કામ કઠણ છે તે બતાવીએ—

ભારતવર્ષ વસ્તીના હિસાબ પ્રમાણે તો આખી દુનિયામા બીજા નબરનો દેશ છે એટલે ચીનને બાદ કરીએ તો સારા ભૂમડળના બીજા દેશોના કરતા અહીની જનસખ્યા અધિક છે અહીંનુ ક્ષેત્રફળ પણ બહુ મોટુ છે જર્મની, ફ્રાન્સ, અથવા ઇંગ્લાંડ એ દેશોનુ ક્ષેત્રફળ કે વસ્તી ભારતની બરાબર નથી, માટે તેની સાથે એનો મુકાબલો

કર્યો ખરો મનાય નહી કોઇ એવો મુકાબલો કરે તો મોટી ભૂલ છે આખા ભારતદેશની જનસખ્યાનુ ધીચપણુ વસ્તીના મુકાબલામા ઓછુ દેખાય તે માત્ર ભ્રમ છે પણ ભારતના પ્રત્યેક પ્રાતની જનસખ્યા અને ક્ષેત્રફળ યુરોપના અનેક દેશોની સાથે સરખામણીમા મૂકી શકાય ખરા એટલે સયુક્ત પ્રાતનો મુકાબલો બ્રિટન સાથે બગાળાનો જર્મનિ સાથે અને મદ્રાસનો ફ્રાન્સ સાથે જો કરવામા આવે તો બરાબર હકીકત ધ્યાનમા આવે ખરી

નીચેના કોઠામા બતાવેલી જનસખ્યા ઉપરથી માલમ પડે છે કે સયુક્ત પ્રાતની વસ્તી ઈગ્લાડના કરતા ધીચ છે બગાળાની વસ્તી જર્મનિ કરતા ધીચ છે અને મદ્રાસની વસ્તી ફ્રાન્સના કરતા ધીચ છે× ત્રાવણકોર રાજ્યમા ૧૦ ચોરસ માઇલે ૮૧૬ અને કોચીનમા ૫૯૬ માણસની વસ્તી છે તે ઉપરથી જણાય છે કે ભારતના કોઇ કોઇ પ્રાતમાનો ઉપરના મુકાબલા કરતા પણ ઘણી ધીચ વસ્તી છે

સાફ અને હવાદાર મકાનોનો અભાવ.

*ભારતમા રહેવાના મકાનોનીસખ્યા ૫ ૨૮,૪૧ ૩૧૫ છે તેમાના ૪,૦૪૭૪,૭૪૮ બ્રિટિશ ભારતમા અને બાકીના ૧,૨૩,૬૬,૫૬૭

× યુરોપના દેશો અને ભારતના પ્રાતો વચ્ચે મુકાબલો

દેશ અથવા પ્રાત	ક્ષેત્રફળ—ચોરસમાઇલ	જનસખ્યા—લાખ	દરચોરસમાઇલે વસ્તી
સયુક્ત પ્રાત	૧ ૦૭,૨૬૭	૪૭૧	૪૪૦
ગ્રેટ બ્રિટન	૧,૨૧,૬૩૩	૪૫૫	૩૭૬
બગાલા	૭૮,૬૯૯	૪૫૪	૫૭૮
જર્મનિ	૨,૦૮,૭૮૦	૬૪૯	૩૧૦
મદ્રાસ	૧ ૪૨,૩૩૦	૪૧૪	૨૯૧
ફ્રાન્સ	૨,૦૭,૦૫૪	૩૯૬	૧૮૯ ૫
બિહાર અને ઓરિસ્સા	૮૩,૧૮૧	૩૪૬	૪૧૫
ઇટાલી	૧,૧૦,૬૩૨	૩૬૧	૩૨૬ ૫

* The statesman's year Book 1918

દેશી રાજ્યોમાં છે બ્રિટિશ ભારતના મકાનોમા ૨૩,૨૦,૭૨ ૮૩૨ મનુષ્ય રહે છે, તેમા ૧૧,૭૮ ૯૭,૪૩૭ પુરૂષ અને ૧૧,૪૧,૭૫,૩૯૫ સ્ત્રીઓ છે ગજધાનીઓના મકાનોમા કુલ ૬,૨૨,૮૮,૨૨૪ મનુષ્ય રહે છે, તેમા ૩,૦૨,૫૪,૩૮૭ પુરૂષ અને ૩,૦૦,૩૩,૮૩૭ સ્ત્રીઓ છે.

હવે જોવાનુ છે કે એ મકાનો કેવા છે, સાફ, સગવડવાળા, અને હવાદાર છે કે ગદા અને રોગ ઉત્પન્ન કરે એવા છે

×The mud huts of the people favour the spread of plague, but they are built of mud because that is generally the only material the builder can obtain"

"માટીના કાચા મકાનોથી પ્લેગનો રોગ ફેલાવવામા રોગના જતુઓને સહાયતા મળે છે* પરતુ જ્યા લોકોની હાલત બીજી વસ્તુઓના મકાન બાધવા જેવી નહી હોય તે બિચારા શુ કરે" ?

+He inhabits a mud hovel in the middle of a crowded village, surrounded by dung hills and stagnant pools, the water of which latter is not seldom his only drink"

"ભારતવાસી ખીચોખીચ વસ્તીવાળા ગામની વચમા માટીના ઝુપડામા રહે છે એવા ગામોની ચારે બાજુએ છાણના ઉકરડા તથા ગદા પાણીના ખાબોચીઆ અને તલાવડા હોય છે અને એવા તલાવડાનુ પાણી લોકો પીવાના કામમા વાપરે છે"

" The populous houses lie close together and breed disease"

× Government Report on Sanitary Measures in India *1904–5* Page *96*

\+ Prosperous British India.

* Sanitary Measures in India *1908* pags *96–99*

' મકાનો એક બીજાની અડોઅડ બાંધેલા હોય છે, અને તેમાં ઘણા માણસો સાથે રહે છે, તેથી રોગો ઉત્પન્ન થાય છે

' The ordinary house contains a small Court-yard, with a sitting room opening off it which is used by males only, while further back worse ventilated and darker is the inner room in which females sleep Deep pit-sunk privy which is never cleared, the night-soil being consumed by the pit, occupies the other corner of the unpaned wet court-yard A stagnant drain with all its usual filth rots away into the court-yard or at best ends into a small pit dug at the foot of the female compartment ' ×

સાધારણ મકાનોમાં એક નાનું સરખું આંગણું હોય છે, અને બહારની બાજુએ એક કોટડી હોય છે તે પુરુષોને બેસવાના કામમાં આવે છે અંદરના ભાગમાં બહારની કોટડી કરતા ઘણી ખરાબ, જરા પણ હવા અજવાળા વગરની ઓરડીઓ હોય છે તેમા સ્ત્રીવર્ગ સુવે છે આવા ડાચી સાંકડીના ભેજથી ભરપુર આંગણાના એક ખૂણામાં ખાળ-કુવાનો સંડાસ હોય છે તેને કદી સાફ કરવામાં આવતો નથી તેથી મળ-મૂત્ર તેની જગ્યામાં પચીને સમાયા કરે છે મોરીઓની ગંદકી પણ આંગણામાંજ સડયા કરે છે, અથવા સ્ત્રીવર્ગની કોટડીના ખૂણા ઉપર ખાડો કર્યો હોય તેમાં ભરાઈને સડયા કરે છે

ચાલો હવે આપણે ભારતના એક શહેરની સહેલ કરીએ, જે શહેર બ્રિટિશ ઝુંડા નીચે બીજા નંબરનું, અને આખી દુનિયાનામાં બારમા નંબરનું શહેર છે વળી તે મહેલોનું શહેર (City of

× Sanitary measures in India

Places) કહેવાય છે, ધનવાન વેપારીઓનુ કેન્દ્રસ્થાન છે, અને થોડાજ સમય અગાઉ ભારતની રાજધાની હતી

પાઠક બંધુ ! આપણે આ વખતે કલકત્તાના હાવરા સ્ટેશન ઉપર, પંજાબ મેલના ફર્સ્ટ–કલાસ રીઝર્વ કમ્પાર્ટમેન્ટમાથી ઉતરીને મોટરમા સવાર થઈ શેઠ હુલિચંદની કોઠીમા ઉતરવા જવાના નથી વળી, ઝુઓલોજીકલ કે બોટાનિકલ ગાર્ડનની હવા ખાવા જવાના નથી ઓનરેબલ મુકરજીના બંગલાની સજાવટ, રાજેન્દ્ર મલિકના દિવાનખાનાની લાખ લાખ રૂપીયાની તસવીરોને અને આરસઆરસના પકવાના નમુનેદાર બાવલા (Statues) જોવા જવાના નથી જડાઉ મંદિરો, ઝવેરીઓની ઝગઝગતી દુકાનો, ચૌરંગીના આલીશાન સોદાગરોનો મનોહર સામાન, ઓસ્લર (Osler) ની કાચની હંડિયાઓ વિજળીના પંખા, ઝાડ, ફાનસ, અને ફુવારાઓ વગેરે જોવા જવુ નથી આપણે તો એક બીજીજ બાજુએ જઈને કલકત્તાની ખરેખરી અંદરની દશા, મધ્યમ સ્થિતિના લોકોના રંગ અને કલકત્તાની મોટા ભાગની વસ્તી જ્યા વસે છે, તે જોવા જઈએ

બડા બજાર.

કલકત્તાના હરિસન રોડના રાજમાર્ગ ઉપર એક નાનુ પણ અતિ સુંદર મોભાદાર મકાન છે તે મકાન ૩૦ ફીટ લાબુ અને ૨૦ ફીટ પહોળુ છે તેમા ૧૧ ખંડ પાડેલા છે જુદા જુદા ૧૮ પરિવારના ૧૧૩ મનુષ્યો તેમા રહે છે, અને તેનુ માસિક ભાડુ લગભગ ૧૫૭ રૂપીયા છે નીચેના ખંડમા બે સંડાસ, એક નહાવાની ઓરડી અને ત્રણ પાણીના નળ છે નીચે સવાર સાંજ બહુ ભીડ હોય છે બાહુતોમા હર વખતે તકરાર ટંટા અને ગાળાગાળી થયા કરે છે મકાનમા ભેજ બહુજ છે અને દુર્ગંધ ભેજ કરતા પણ વધારે છે,

રસ્તાપર ત્રણ દુકાનો છે એકમા બે મારવાડી ભાડુત રહે છે તે બને ભાગીદારી રાખીને લીંબડા વેચે છે, તે બન્નેના કુટુબમા બધા મળીને ૧૦ માણસો છે તેની નીચેની જગા દિવસના રસોડુ

અને રાતના સુવાના કામમા વપરાય છે બીજી બાજુએ એકની નીચે એક એવી રીતે બે ઝોળીઓ લટકે છે તેમા ત્રણ બાળકો ઝુલે છે શેઠ શેઠાણી અને તેઓના સમજણા છોકરા છોકરીઓ એકજ પથારીમા રાતના સુઈ રહે છે ચોરી થવાના ભયથી બારણા બધ રહે છે ઉપરના જરૂખામાથી ફક્ત પ્રાણ બચે તેટલી હવા આવ્યા કરે છે

બીજી દુકાનમા એક ખુમચાવાળો હલવાઈ રહે છે તે અગ્રેજી એફ એ ના પરીક્ષામા નાપાસ થયેલો સજ્જન છે બોર્ડિગ-હાઉસોમા મિઠાઇ વેચે છે તેનો એક ભાઈ આડતમા અનાજ તોળવાનુ કામ કરે છે, અને બીજો કોલેજમા ભણે છે ત્રણે ભાઈઓ પરણેલા છે, તે બધા મળીને ૯ જણા છે અને એકજ કોટડીમા રહે છે ભઠ્ઠી પાણી, મિઠાઇ બનાવવાનો સામાન વગેરે આ કોટડીમાજ રહે છે અને બધાને સુવાનુ પણ એજ કોટડીમા રહે છે

ત્રીજી કોટડી બધા કરતા નાની છે અદર જવાનો માર્ગ અને સીડી પણ તેમાજ આવેલા છે એક દલાલ તેની રાખેલી પ્રિયા ચમારણ, અને તેના ચાર બાળકો એમાજ રહે છે મિર્ઝાપુરમા લાખ બનાવવાનુ કામ પડી ભાગવાથી તેઓ અહી આવી રહ્યા છે આ કોટડીમા માસ, માછલા, કટલેસ, ચા વગેરે વેચવાનો ધધો કરે છે ચમારણ સવારસાજ પરાઠા-રોટી બનાવી દુકાનમા મૂકે છે, અને બીજો બધો વખત સામે જ બેસીને પાન બનાવીને વેચવાનો ધધો કરે છે આ કોટડીમા કુલ ૭ માણસોને રહેવાનુ અને દુકાન પણ તેમાજ

સૌથી ઉપરના ખડમા કેવળ એક મોટો ઓરડો એક બાજુનો ઓરડો, એક નાની સરખી ચાલ અને તેથી આગળ જરા જેટલો છાપરાનો ખુલ્લો ભાગ છે એક પ્રસિદ્ધ બેકિગ કપની (Agrawala Insurance and Banking Co,) ના ખજાનચી, દલાલ, અને હેડકલાર્ક તેમા હળીમળીને રહે છે ખજાનચી સાહેબ સાથે તેની ધર્મ-પત્ની, બે બાળકો, એક જુવાન વિધવા ભાભી, એક કાકી અને તેની યુવતી કન્યા મળીને કુલ સાત માણસો છે

દલાલ સાહેબના તો હમણાજ વિવાહ થયા છે પોતાની અર્ધાંગના, એક યુવતી બહેન વૃદ્ધ પિતા, અને નાનો પણ મૂર્ખ ભાઈ મળીને પાચ મનુષ્યનો એ પરિવાર છે

હેડક્લાર્ક સાહેબ જોડે રગનુ કોઇ નથી એક મજુરનો છોકરો ગામથી સાથે લાવેલા છે પોતાની રહેવાની જગ્યામા સવારે ખાય છે અને સાજે ઉપર જણાવેલી પરાઠા–રોટીવાળીની દુકાનમા ખાય છે ખજાનચી અને દલાલની રસોઇ ચાલીસ અલગ રધાય છે સર-સામાન, પેટી પટારા અને રાચરચીલા માટેની જરૂરની ચીજો બાજુના ઓરડામા રહે છે મોટા ઓરડામા દોરડુ બાંધીને એક પડદો લટકાવી દીધો છે પડદાની એક બાજુએ પુરુષવર્ગ અને બીજી બાજુએ સ્ત્રીઓ અને છોકરા સુવે બેસે છે જરૂર પ્રમાણે બીજા પડદાઓ લટકાવીને એ ઓરડામા નાની ઓરડીઓ બનાવી લે છે એમા ત્રણ બારણા છે એ બારણાઓ ઉપર સ્ત્રીઓનોજ અધિકાર છે હેડક્લાર્ક સાહેબના તેની જ ઉમ્મરના બે નવ યુવક મિત્રો છે તેમાનો એક વાણીઓ અને બીજો બ્રાહ્મણ છે એ લોકોને આ સ્થાનનો એટલો બધો મોહ લાગી ગયો છે, કે જરાક નવરાશ મળે એટલે તરત આ ઓરડામા આવે છે હેડક્લાર્કના મહેમાન બનીને પેલી ચમારણની દુકાનમા પરાઠા ઉડાવે છે, અને ગંજીફાની રમત રમતા રમતા મોડુ થઇ જાય એટલે ત્યાંજ સુઇ રહે છે તેઓ જાણી જોઇને રમત રમતા મોડુ કરીને સુઇ રહે છે એક ઓરડામા ૧૪ જણાનો કાયમના રહેનાર અને બે પરોણા તે પણ રોજના જ આવી રીતે એક ઓરડામા જુદી જુદી જાતિ અને સ્થાનના ત્રણ પરિવાર રહે છે યુવાન પુરુષો અને પરાઈ સ્ત્રીઓ એક જગામા સાથે સુવેબેસે છે એકબીજાને વસ્ત્ર બદલતા, સ્નાન કરતા, અને શૃંગાર કરતા જુએ છે

કૉલેજ સ્ટ્રીટ.

એક ચાર માળનુ ઉચુ મકાન છે નીચેના ખડમા કૉલેજના છોકરાઓ રહે છે તેને 'બ્રધર્સ લૉજ' કહે છે એમા પાચ ઓરડા

છે કોઇપણ ઓરડાની લબાઇ પહોળાઇ ૮ ફીટ કરતા વધારે નથી તેમા ૩૦ છોકરાઓ રહે છે દરેક ઓરડામા ત્રણ ખાટલા પણ રહી શકતા નથી તેથી છોકરાઓ જમીન ઉપર જ સુઈ રહે છે ભેજતો એટલો બધો છે કે છાપરા સુધીનો ચૂનો ભિજાઈ ગ્હે છે કોઈપણ ઓરડામા પ્રકાશ પડતો નથી, તેમજ વર્ષના કોઈપણ મહિના કે કોઇપણ દિવસે તડકો આવતો નથી છોકરાઓ નેપથેલિન વગેરે છાટે છે તો પણ બદબો બહુ જ છે

ચીના બજાર

ચિતપુર રોડ ઉપરના એક ઓરડામા દહાડે મોચી જોડા સીવે છે રાતે તે જ ઠેકાણે ખાટલા ઢાળવામા આવે છે એક ખાટલા ઉપર બાપ, મા, અને એક છોકરો સાથે સુઇ રહે છે બીજા ખાટલા ઉપર છ મોટા બાળકોને સુવડાવે છે ત્રીજા ઉપર ત્રણ સ્રીઓ અને ચોથા ઉપર ત્રણ છોકરા સુવે છે પાસેનો બીજો ઓરડો બહુ નાનો છે તેમા એક કરતા વધારે પાટીયા પડી શકે તેમ નથી, તોપણ ચતુર ચીના કારીગરે એક ટેબલ એવુ બનાવ્યુ છે કે દિવસના વખતમા તે મેજ તરીકે કામમા આવે છે, અને રાતને માટે થોડીએક લાકડાની પટીઓ આમતેમ કરવાથી તેમા ત્રણ દર બની જાય છે પહેલા દરમા સ્રીપુરૂષ અને એક નાનુ બાળક, બીજામા બાળક બાળકીઓ નગ ૫, અને ત્રીજામા ચાર ભાઇબહેન કસોકસ સમાઇ રહે છે બધા બાળકો ૧૨ થી ૧૮ વર્ષ સુધીના છે

મેજર મેટકાફ લખે છે કે —" એક વિધવા કગાલ પણ પોતાના ૬ બાળકો સાથે એક ઘણીજ નાની ઓરડીમા એકજ પાટડા ઉપર સુવે છે એક રાતના બે બાળકો મરી ગયા તેઓના મોતનુ કારણ ખરાબ હવા અને બિછાનાની ગદકી હતુ " કલકત્તાનો એક મ્યુનસિપાલિટીનો અમલદાર લખે છે –" એક નાની ઓરડીના અરધા ભાગમા કોયલાના ગચીયા ભરેલા છે તેજ ઓરડીના બાકીના અર્ધા ભાગમા એક બગાળી બાબુ, તેની સ્રી અને બે છોકરા સુવે છે" " એક

મીઠીની નીચે એક બાઈ પોતાના ચાર બાળકો સાથે જમીન પર પડી રહે છે"

બસ, આ શહેરનો અંદાજ કરી લેવા માટે આટલી હકીકત પૂરતી છે અહીંની વસ્તીનો મોટો ભાગ કેવી રીતે રહે છે તે જણાઇ ગયુ હવે આપણે પવિત્ર કાશી નગરની યાત્રા કરીએ એ શહેરની લોકો બહુ તારીફ કરે છે, અને એને તો નાનુ કલકત્તા કહે છે માટે એ શહેર પણ જોવાની જરૂર છે અહી પણ વાચક બહુએ ગજા મુન્સી મઘોલાલની કોઠી ભૂલનપુરમા છે, તે જોવા જવાનુ નથી, અને અજમગઢ પેલેસ પણ જોવાની જરૂર નથી, પણ નદસાહૂ સ્ટ્રીટના કોઈ મકાનમા જિતવાથી ખરી હકીકત જાણવા જોવાની મળશે

બનારસ મ્યુનિસિપાલિટીના કુલ મકાનોની સખ્યા ૫૦, ૧૧૩ છે તેમા ૧૯૯,૧૩૮ મનુષ્ય રહે છે ૧૦૩,૧૨૬ પુરૂષો અને ૯૬,૪૭૨ સ્ત્રીઓ ચોક અને દશાશ્વમેધ વાળા વૉર્ડમા બહુ ઘાચ વસ્તી છે બન્ને વૉર્ડોના મકાનોની સખ્યા ૧૭,૭૭૦ છે, અને તેમા ૬૬,૬૭૪ માણસો રહે છે*

આ હિસાબે દર મકાન દીઠ ૩ ૭ એટલે ચાર કરતા પણ ઓછા મનુષ્યની વસ્તીનુ પ્રમાણ આવે છે અને ચાર ચાર માળના મકાનમા ૪ મનુષ્યની વસ્તી બહુજ કમની ગણાય આવી જગામા તે રહેવાના મકાનની તગી શાની હોય? આ હિસાબે તો મકાનો વધારે અને રહેનારા ઓછા છે જાણે કે મકાનના માલીકોને એવી ઇચ્છા થતી હશે કે કોઇ મફત પણ તેઓની સાથે આવીને રહે તો ઘરની સફાઇ રહે અને ઘરમા દીવો પણ બળે પક્કામહાલની કુજગલી અથવા બગાલી ટોલામા ઘરનુ ભાડુ પણ નહીં લેવામા આવતુ હોય, અને ભાડુ બેસતુ હોય તો તે નામ માત્રનુ જ હશે જરૂર પ્રમાણે વસ્તુની કીંમત અકાય છે અને કદર ગણાય છે ટુકામા જમીન અને મકાનોની જરૂર કમતી

*Census Statistics of Benarus 1911

ત્યાં પણ તપાસ કરતા તો એ કરતા તદ્દન ઉલટી સ્થીતિ જણાય છે અહીંતો એક ફુટ જમીનને માટે લોકો જીવ કાઢે છે લખપતી અમુતરો એક ફુટથી તો વધારે પહોળો નહી હોય પણ તેના ઉપર એક લાખ રૂપીયા ખરચાયા કોઇ ઓળખાણવાળાને પુછીએ તો મકાન ની બહુજ સુરક્ષિત હોવાનુ કહે છે મકાનના ભાડા અને જમીનની મોંઘવારીને લીધે સાધારણ લોકોને બહુ હાડમારી વેઠવી પડી છે જે મકાન જોશો તે ખીચોખીચ મનુષ્યથી ભરેલુ નજરે પડશે નીચેની કોટડીઓમા તો જગાપાણી હવા કે પ્રકાશ મળે નહી અને ઉપરથી નાક ફાટી જાય છે તોપણ તે બધી ચીકાર ભરેલા હોય છે એક પણ ખાલી ઓરડી ત્યા નથી જોતામા આવતી લાખપતી મહાજનોની બેઠક એવી અંધારી ઓરડીઓમાજ છે તેઓના બાળક એવીજ ઓરડીઓમા જેમાને જણે છે મોટી મોટી દુકાનો પણ ત્યાજ આવેલી છે ધનવાન શેઠ બાર બાર વાગતા સુધી વરસાદના ભેજથી ગંધાતા ભંડારમા બેઠા બેઠા હિસાબ કિતાબ લખે છે, અને રોજમેળ ખાતાવહી મેળવે છે આ પ્રમાણે થવાનુ શુ કારણ? જનમકી દરેક મકાનમા ચાર જ મનુષ્ય રહેતા હોય તો આવી મુશ્કેલી ક્યાથી હોય? પણ એનો ખુલાસો તમે રહ્યા છો તેજ સ્થાન ઉપરથી સમજાય છે જુઓ, મોહોલાની અધી જમીન અને મકાનો એટની એક જ કોટીમા સમા યલા છે તેમા ફક્ત એકજ કુટુંબ રહે છે અને બાકીની અધી જમીનમા તમામ મહોલ્લાને ગુજરો કરવો પડે છે ગોપાલ-મંદિરના મકાનોમા ૫૦૦ મનુષ્ય રહી શકે, અને એવીજ રીતે અનેક ધનવાન ગૃહસ્થના મકાનો કોઇમા ૩૦૦, કોઇમા ૨૦૦ કોઇમા ૧૦૦ મનુષ્ય સુખેથી રહી શકે એવા હોય છે પણ એવા મકાનોમા માત્ર એકેક કુટુંબજ રહેલુ છે, અને તેની પાડોસના બીજા ઘરોમા લોકો નીચેથી ઉપર સુધી ખીચોખીચ વસેલા છે

જીવન-સંગ્રામની (Survival of the fittest) વાત છે જેવી રીતે એક મોટુ વૃક્ષ પોતાનીજ જાતિના પાસે ઉગતા નિર્બળ

છોડનો આહાર સ્વભાવથીજ પોતે છીનવી લે છે, અને તે બિચારા કમજોર છોડને પોતાના ભાગની ભીનાશ, ગરમી અને પ્રકાશ તથા વાયુ નહીં મળવાથી તેની જોઇએ તેવી વૃદ્ધિ થઇ શકતી નથી અને તે અકાળે મરી જઇને નાશ પામે છે તેવીજ રીતે અધિક ધનવાન લોકો પોતાના પાડોશીઓને આફતમા નાખવાની ચેષ્ટા કરે છે ખરા, પણ શરીરના આરોગ્ય માટે અતિ આવશ્યક સૂર્યની ગરમી, પ્રકાશ અને શુદ્ધ હવા (પ્રાણવાયુ) પોતે હજમ કરી જઇને તેઓના વિનાશ કરવાના કારણરૂપ હોય છે જે કોટડીમા તમારો મુકામ છે તેની હાલત કેવી છે! તેમા શુદ્ધ હવા જરા પણ આવી શકતી નથી નીચેના બે ખડામા તડકો મળ્યો નથી લાગતો ચારે બાજુએ ઉંચા મકાનોની હાર લાગી રહેલી છે મકાનોના છાપરા અને મહોલીઆ અરસપરસ મળી ગયા છે, એટલે ગલીઓમા પણ સૂર્યનો પ્રકાશ અને શુદ્ધ વાયુ-ની લહેરો આવી શકતી નથી, તો પછી બીજા ઓરડાઓમા શુદ્ધ હવા આવેજ ક્યાથી, અને તેમાની બગડેલી હવા કેવી રીતે શુદ્ધ થાય? ગલીઓ એટલી બધી સાકડી છે કે ત્રણ જણા એકબીજાના ખભા અડકાડીને પણ ચાલી શકતા નથી સાધારણ લોકોના મકાનોની વાત પડતી મૂકો પણ કરોડપતીઓની કોઠીઓની સામે કે પાડોશમાએ જરા સરખી જગા ખુલ્લી જોવામા આવતી નથી તેમા વળી ખાસ કારણ-સર કોઇ વૈદરાજની પાલખી આવીને ગોઠવાય તો બિચારી ચાર ફીટ પહોળી ગલીનો રસ્તો કલાકો સુધી રોકાઇ જાય છે આવી સાકડી ગલીઓમા રહેનાર મહાજનોને ત્યા વૈદરાજ અને ડાકટરો ઘડીઘડી આવતા જોવામા આવે છે, તે ઉપરથી એવુ નહી સમજવુ કે એ લોકો સંપત્તિવાન હોવા છતા પણ શુદ્ધ વાયુ અને પ્રકાશના અભાવને લીધે આરોગ્ય રહી શકતા નથી

અહી એક તહસીલદાર મહાશયનુ નગીન મકાન છે તેની ત્રણ બાજુએ સાકડી સાકડી ગલીઓ છે દરવાજાની સામેની ગલી એટલી તો સાકડી અને અધારી છે કે ધોળે દિવસે પણ તપાસીને ચાલવુ

પડે છે દરવાજાની અંદર પેસતાજ દુર્ગંધથી માથુ ફરી જાય છે અંધારૂ એટલુ છે કે અજાણ્યાને તો રસ્તોએ નહીં સુઝે, પણ રોજના આવવા જવા વાળાને સુદ્ધા દરવાજો શોધવો પડે તે મકાનની રચના કેવી છે તે જુવો ચોકની ત્રણે બાજુએ ચાલી અને તેની પછવાડે અંધારી કોટડીઓ છે બીજા અને ત્રીજા ખંડમા એવીજ રીતે ત્રણ ચાલી તથા કોટડીઓ અને એક તરફ સીડી તથા સંડાસ છે કોઈ ખંડમા છાપરાનો ભાગ ખુલ્લો નથી, એટલે તેમા રહેવાવાળાઓને તેનુ જરા સરખુ સુખ મળતુ નથી છેક ઉપર થોડી ખુલ્લી છત છે નીચેનુ આંગણુ અને ઉપરની છત એતો જાણે સાર્વજનિક મિલકત છે, એટલે બધાજ લોક તેનો ઉપયોગ કરે છે તેથી ગરમીની મોસમમા એકબીજાની અડોઅડ કુટુંબધ બિછાના પથરાય છે ત્યા નથી મલાજો સચવાતો કે પરદો રાખી શકાતો, જૂદા જૂદા નવ કુટુંબના સ્ત્રી-પુરૂષો સાથેજ રહે છે દરેક ખંડમા સંડાસ છે એ સંડાસ પોતાની મેળેજ સાફ થઇ જાય એવી સુધરેલી નવી ઢબના નથી તેમજ બીજી કોઇ રીતે સાફ કરવામા આવતા નથી મળમૂત્ર અને કીચડ કયા ગેબ થઈ જાય છે તેની ખબર પણ નથી પડતી! દુર્ગંધ ચોથા ખંડ સુધી ફેલાયલી હોય છે ઉપરના એક ખંડના માળ સિવાય બીજે કોઈ ઠેકાણે તડકો આવી શકતો નથી છેક ઉપરના ભાડુતોને પંદર રૂપીઆ માસિક ભાડુ ભરવુ પડે છે તેમા માત્ર ત્રણ રહેવા લાયક ઓરડી છે, એટલે દરેક ઓરડીનુ ભાડુ રૂપીઆ પાચ અને ડાકટરની ફી તથા દવાના રૂપીઆ પંદર થવા જાય છે આ ઠેકાણે એટલુ જણાવવાની જરૂર છે કે આ લોકો કાંઈ સાધારણ નિર્ધન ભાડુત નથી દરેક જણનો માસિક ખર્ચ રૂપીઆ દોઢસોથી બસો સુધી હોય છે, અને તેઓ ઘણા વર્ષના જૂના પૂરાણા ભાડુત છે

નાo ૧૦૫ બદ્રીનાલ.

આ મકાનના છેક ઉપરના મજલામા સાતમા આસ્માન પર મી જયરામ ફોટોગ્રાફર અને આર્ટિસ્ટ રહે છે એને ત્યા જતુ

તે નર્કમા જવા બરાબર છે એ મકાનમા આાગણુએ નથી અને **મી. જયરામ** છત ઉપર કોઇને પણ આવવાએ દેતો નથી આવવા દે પણ કેવી રીતે ? નાનો સરખો છાપરાનો ભાગ એને પોનાને માટે પણુ પૂરતો નથી તો પછી બીજાને બેસાડે કયા ? આ ઉંચા મકાનમા લગભગ ૫૦ માણસો રહે છે આવતા જતા સ્ત્રીઓ ઉપર દૃષ્ટિ પડે છે પ્રકૃતિ અત્યત દુર્બળ છે યુવતી સ્ત્રીઓને જાણે ક્ષય રોગ થયો હોય એવી જણાય છે, અને બાળકોની દશાતો બહુજ શોચનીય છે

આની અવસ્થા એક બે ઘરોની નથી કાશીના ઘણાખરા લોકો આવી રીતેજ વસેલા છે અહીના ગરીબોની તો વાતજ કરવાની નથી. લક્ષાધિપતી શેઠ સાહુકારો પણ આવાજ ઘરોમા રહે છે સોનુ, ચાદી, વાસણ, રેશમ, બનારસી કાપડ વગેરેની મોટી મોટી દુકાનો આવાજ મકાનોમા છે તાપની અથવા વરસાદની મોસમમા લૂગડા, વાસણ વગેરે ખરીદવા સારૂ વધારે વખત એ બજારમા રોકાવુ પડે ત્યારે તો પ્રલય થઇ જાય છે હાથમા તાડનો પખો હોય તેનાથી તે કેટલી હવા મળે ? અને પખો હલાવવાથી પણ તેની તે જ બગડેલી હવાનો ઝપાટો માત્ર ચહેરા ઉપર લાગે કે બીજુ કાઇ ? કેટલીએક પેઢીઓના ઓરડામા ગૅસના પખા દિનરાત ચાલુ હોય છે તેથી કાઇક શાતિ લાગે છે ખરી, ગણ ગૅસથી ઓરડાની હવા સામી વધારે ખરાબ થાય છે, અને પરિણામે તો તેથી હાનિજ થાય છે

આ દશા **ભારતવર્ષની** પ્રખ્યાત પવિત્ર અને પાપનાશિની ગણાતી કાશી નગરીની છે અહીંના લોકો **ભારતના** અન્ય શહેરોના લોકો કરતા અધિક સફાઇથી રહે છે અહીં ફર્સ્ટ કલાસ મ્યુનિસિપાલીટી છે, વિદ્યાનો બહુજ પ્રચાર છે, અધિકારી લોકો ધનવાન છે, છતા આવી દુર્દશાની અવધિ છે તો પછી કાશીને મુકાબલે કાનપુરની અત્યત ગંદી ગલીઓ, અને દિલ્હી કે લાહોરના ગદા લોકોના મકાનો વિષે વર્ણન કરીને વાચનારનો સમય વ્યર્થ ગુમાવવાની જરૂર નથી કારણકે

માત્ર કલકત્તા અને કારીની હકીકત ઉપરથી આખા ભારતનો અંદાજ નીકળી શકે છે

ગામડાના ઘરો, જ્યા નથી મ્યુનિસિપાલિટી, નથી ગટરો, નથી ધન કે નથી વિદ્યા તે તો નરકના નામને પણ શરમ લગાડે છે દરિદ્ર ગામડિયા લોકોના કાચા ઝુંપડાઓ કરતા તો ઘોડાના તબેલા પણ બહુ સારા હોય છે અગ્રેજ લોકો તો એવા ઘરોમા પોતાના ઘોડાને પણ નહી રાખે, કારણ કે રાખે તો ઘોડાઓ પણ વગર મોતેજ મરી જાય

પણ એવાજ ઘરોમા ૪',૫૧,૧૬,૯૩૫ મનુષ્યો વસે છે, અને એવીજ ઝુંપડીઓમા ૧૨,૪૪,૦૯,૪૩૨ અભાગી ભારત સંતાનો કેદખાનુ ભોગવે *

ગોહુઆ જીલ્લા આરા.

બાબુ ગુલાબસિંહ ૧૮ ગામના જમીનદાર છે એમના ગામમા પર્દાનો બહુ કડક રિવાજ છે જે વહુ અથવા બેટી જેટલા કડક પર્દામા રહે તે પ્રમાણે તેનુ નામ મોટુ અને તેની ઇજ્જત પણ વધારે ગણાય છે એ ગામનુ વડપણ અને ઠકરાઈ સુદ્ધા વિદ્યા કે ધન વડે અંકાતા નથી, પણ ઘરના પર્દા પ્રમાણે અંકાય છે ઇશ્વરની દયાથી બાબુ ગુલાબસિંહની ઇજ્જત ગામમા સૌથી વધારે છે સાસુ પરલોક જાય અને પોતે ઘરની શેઠાણી બને ત્યા સુધી, એમના ઘરની વહુઓ કદીપણ બહાર જતી નહિ, તેમજ ખાતી પણ કોઇના જોવામા આવે નહી એવો રિવાજ છે।

ઘરડી સાસુ વગેરે આગણામા તડકે બેસવા માટે આવે ત્યાર પહેલા તો વહૂઓને ઝાડા પિશાબ, નહાવાધોવા, વગેરે નિત્યના શૌચકર્મથી પરવારીને પોતપોતાની કોટડીઓમા સતાઇ જવુ જોઇએ

* Statistical Abstract, Britsh India 1899–1909

જમતી વખતે અથવા બીજી કાંઈ જરૂરની વખતે રોકાણી ખસી જાય છે ત્યારે વહુઓ ખાઇ પી લે છે અને જલદીથી પોતાના ઓરડામા નાસી જાય છે એ શિવાય નિત્યના જે કાંઈ કામકાજ તેમને કરવા હોય તે પોતાની ઓરડીમા કરવા પડ છે દરેક ઓરડીમા એ ત્રણ પીકદાની અને હાથમોઢુ ધોવાના કુંડા નાખેલા હોયછે દરેક વહુની સેવામા બબ્બે દાસીઓ રાતદિવસ હાજર હોય છે આમ છતા કોણ જાણે શા કારણથી વહુઓના શરીર આરોગ્ય રહેતા નથી અને શહેરની છોકરીઓ અહી આવીને જીવતી જ નથી ! મોટા ભાઈ બાબુ બ્રજકુમારસિંહના ચાર લગ્ન તો થઈ ચૂક્યા તેની ઉમ્મર ૩૦ વર્ષની છે એટલામા ત્રણ વહુઓ મરણ પામવાથી ચોથી વખત પરણ્યા છે બાબુ ગુલાબસિંહની પત્ની ગામમા રહે ત્યારે તો સદા માંદીજ રહે છે, અને વર્ષમા ઓછામા ઓછા ચાર મહિના પોતાના કાકા એનજીનિયર સાહેબ સાથે કાપમા રહેવા ન પામતી હોય તો તે શમશરણ જ થઈ જાય આના ચાલુ મંદવાડને માટે, અને મરણો માટે, કારણ એ બતાવે છે કે સમીપ વાસી બ્રહ્મ-બ્રહ્મનો શ્રાપ છે 'આ ગામના ઠાકોરની વહુબેટીઓ સુખી ન રહે' ! પણ બાબુ ગુલાબસિંહની સગી બહેન આ પુસ્તકના હિંદી લેખક કાશીના બાબુ શિવનંદનસિંહના ભાઇ સાથે પરણાવેલી છે તે તો સદા નીરોગ અને હદથી જાદે શરીરશક્તિવાળા રહે છે કારણ કે તેને સાસરાના ઘરમા ગોંધાઈ રહેવુ પડતુ નથી ગંગાસ્નાન કરવા માટે ખાસ પગે ચાલીને જાય છે દર મંગળવારે પગે ચાલીને દુર્ગાજી પણ જાય છે મરજીમા આવે તો આવતી વખતે ગાડીમા બેસે, પણ જતી વખતે તો ચાલવુ જ પડે છે તેથી સવારમા આપોઆપ કસરત થઈ જાય છે

બાબુ ગુલાબસિંહના ઘરનો પડદાનો રિવાજ કદાચ કડક હશે, બીજા લોકોના કરતા પણ કડક હશે, પણ એ નઠારો રિવાજતો આખા દેશમા છે. ખાસ કરીને સંયુક્તપ્રાંતમા એ રિવાજ એટલો બધો પ્રબળ અને ખરાબ છે કે બિચારી સ્ત્રીઓનુ તો સત્યાનાશ જ વળે

છે પાછલા દશ વર્ષમા તેઓની સખ્યા વધવાને બદલે ઘટી ગઇ છે ઇ સ ૧૯૦૧ મા સયુક્ત પ્રાતમા ૨,૩૪,૬૨,૮૮૪ સ્ત્રીઓ હતી અને ઇ સ ૧૯૧૧ મા ૨,૨૯,૪૦,૮૦૯ રહી, એટલે ૫,૨૨,૦૭૫ સ્ત્રીઓ ઘટી *

"In the last decade there has been, a very great loss of women The loss is general and widespread and so severe that the province is worse off for females than it has been for 30 years"

અર્થાત્–પાછલા દશ વર્ષમા સ્ત્રીઓની મરણની સખ્યા બહુ થઇ બિચારીઓ મરતી જ રહી એટલી બધી સ્ત્રીઓ મરણ પામી કે, પાછલા ૩૦ વર્ષમા સ્ત્રીઓની દુદશા હતી તે કરતા પણ ઘણુજ ખરાબ પારણામ આવ્યુ છે

"Fever as a whole is more fatal to females than males"

"The causes of the loss of females are plague and malaria"

"It appears that mortality is always highest among females"×

અથાત્—"તાવનો રોગ પુરુષો કરતા સ્ત્રીઓનો ખાસ પ્રાણઘાતક છે"

"સ્ત્રીઓના મોતનુ કારણ તાવ અને પ્લેગ છે"

"ભારતવર્ષમા સ્ત્રીઓના મરણ અધિક થતા જોવામા આવે છે"

---

* All India Census Report 1911 for U P

× all India Census Report for 1911 U P

મૃત્યુ સખ્યા વગેરે હકીકત દર્શાવવા અગાઉ એક વાત ફરીથી ધ્યાન ખેચવા જેવી છે, તે એ કે વિરુદ્ધ આહાર-વિહારથી રોગ ઉત્પન્ન થાય છે, અને રોગથી મોત આવી જાય છે વાયુ બગડવાથી અથવા પુરતો શુદ્ધ વાયુ નહીં મળવાથી પણ રોગ ઉત્પન્ન થાય છે અને મરણ નીપજે છે

ભારતવર્ષમા આહાર અને રહેવાના સ્થાનની કેવી બુરી દશા છે તે તો આપણે બરાબર જાણીને સમજી લીધુ છે **વિલિયમ** **ડિગ્બી** સાહેબ કહે છે કે " **ભા**રતવાસી જન્મથી જ રોગી પેદા થાય છે, અને રોગથી જ પશુની પેઠે મરે છે તેઓની સારવાર પોતાના અજ્ઞાની આડોસીપાડોસી લોકો કરી જાણતા હોય તેટલી જ માત્ર થાય છે " " He is born in sickness and dies almost like a beast of the field, with only such rude care as his neighbour's rude ignorance can afford "


હવે આવી બુરી રીતે જીવન વ્યતીત કરવાનુ પરિણામ જુવો આપણા લોકો કહે છે કે મરણ થાય છે એ કાઈ નવાઇની વાત છે? બીજા દેશના લોકો શુ મરતા જ નથી? જે જન્મે છે તે મરે છે' એતો ઠીક, પણ ભારતવાસીઓની સરાસરી ઉમ્મરનુ પ્રમાણ કેટલુ છે તે તપાસો, અથવા **ભા**રતમા અકાળ મૃત્યુ વધારે થાય છે, કે બીજા દેશોને મુકાબલે મૃત્યુની સખ્યા વધારે છે તેનો વિચાર કરો *

ભારતવાસી અને અગ્રેજોના આયુષ્યનો મુકાબલો કરતા માલમ પડે છે, કે અગ્રેજ આપણા કરતા ૧૭ વર્ષ વધારે જીવે છે એટલે અગ્રેજની સરાસરી ઉમ્મર ૪૦ વર્ષની અને આપણી ૨૩ વર્ષની છે

---

* મૃત્યુ સખ્યાનો કોઠો જુઓ પૃષ્ઠ ૧૪૧

ભારતવાસીઓ અને અંગ્રેજોના આયુષ્યની સરખામણી.



૧ અંગ્રેજોનુ સરાસરી આયુષ્ય ૪૦ વર્ષ

૨ ભારતવાસીઓનુ સરાસરી આયુષ્ય ૨૩ વર્ષ

સૌ કોઇ કબૂલ કરશે કે ૪૦ વર્ષ પહેલાનુ મરણ તે અકાળ મૃત્યુ છે

દર હજારે કેટલાં માણસ અકાલ મૃત્યુથી મરતાં હશે ?

સ્ત્રી અથવા પુરૂષ	એક વર્ષ નીચેના	એકથી ૫ સુધીના	૫ થી ૧૦	૧૦થી ૧૫	૧૫થી ૨૦	૨૦થી ૩૦	૩૦થી ૪૦
સ્ત્રી	૨૪૧ ૪૦	૬૪ ૫૫	૧૭ ૦૦	૧૨ ૧૬	૧૭ ૭૫	૧૯ ૬૬	૨૧ ૬૦
પુરૂષ	૨૪૯ ૬૪	૬૭ ૨૯	૧૮ ૭૬	૧૨ ૩૪	૧૫ ૮	૧૮ ૫૨	૨૨ ૧૪

મૃત્યુની સંખ્યા.

મૃત્યુ	પુરૂષ મરી ગયા	સ્ત્રીઓ મરી ગઈ	કુલ મરણ	દર હજારે મરણ	તાવથી	કોલેરાથી	પ્લેગથી	રિમાર્કસ
૧૮૯૯	૩૩૯૪૨૩૬	૩૦૪૨૧૫૦	૬૪૩૬૪૧૩	૩૦ ૧	૪૦૮૫૪૫૫	૧૬૯૨૦૭	૧૦૨૩૧૯	સરકારી રિપોર્ટ
૧૯૦૦	૬૪૧૦૭૭૫	૩૯૨૩૦૮૦	૮૪૩૪૧૫૫	૩૮ ૯૧	૪૮૯૧૪૭૭	૮૦૯૧૫૯	૯૦૫૬૭	ઉપરથી માલમ પડે
૧૯૦૧	૩૪૪૨૭૧૨	૩૧૫૩૯૬૫	૬૫૯૬૩૭૭	૨૯ ૪૫	૪૧૮૬૪૫૬	૨૭૧૨૦૯	૨૭૪૬૭૧	છે કે ભારતવર્ષમા રોગો
૧૯૦૨	૩૬૬૪૦૮૮	૩૩૯૮૩૨૯	૭૦૬૨૪૧૭	૩૧ ૬૭	૪૨૭૦૫૫૯	[illegible]૧૦૭૮	૪૪૫૨૯૮	વધતાજ જાય છે
૧૯૦૩	૪૦૨૩૫૮૫	૩૭૯૫૫૦૮	૭૮૧૮૧૯૮	૩૮ ૯૧	૪૪૦૭૨૦૭	૦૯૯૬૭	૭૦૧૮૯૦	કોલેરા પ્લેગ વગેરેથી
૧૯૦૪	૩૭૫૭૯૦૬	૩૬૨૨૮૯૫	૭૩૮૦૮૦૧	૩૩ ૦૫	૪૦૭૨૮૭૪	૧૯૨૦૭૫	૯૨૮ ૧૮	મૃત્યુસ થયા દર વર્ષ
૧૯૦૫	૪૧૧૮૨૪૨	૩૯૩૩૦૮૮	૮૦૫૨૨૩૦	૩૬ ૧૪	૪૦૯૭૯૭૭	૪૦૯૯૫૦	૯૪૦૧૭૪	વધતી જાય છે
૧૯૦૬	૪૦૫૨૫૮૪	૩૭૯૯૭૪૬	૭૮૫૨૨૩૦	૩૪ ૭૩	૪૪૫૨૮૪૦	૬૯૦૫૨૧	૩૦૦૦૫૫	
૧૯૦૭	૪૩૧૪૦૯	૪૪૮૬૫૭૪	૮૮૯૯૬૨૨	૩૭ ૧૮	૪૬૬૪૮૮૧	૪૦૮૧૦૭	૧૧૬૩૨૦	
૧૯૦૮	૪૪૬૨૪૫૧	૪૧૯૦૫૫૬	૮૬૫૩૦૦૯	૩૮ ૨૧	૫૪૨૪૦૭૨	૫૯૧૭૨૫	૧૧૩૮૮૮	

ભારતવર્ષ અને આખી દુનિયાની મૃત્યુસંખ્યાનો મુકાબલો

ઈ સ ૧૯૧૬*

દેશનુ નામ	દર હજારે મૃત્યુસંખ્યા	દેશનુ નામ	દર હજારે મૃત્યુસંખ્યા
બંગાળા	૨૭ ૩૭	ન્યુઝીલાંડ	૧૦ ૫
સંયુક્તપ્રાંત	૨૯ ૫૦	આસ્ટ્રેલિયા	૧૧ ૩
પંજાબ	૩૦ ૭૦	સ્વીડન	૧૪ ૧
મધ્ય પ્રદેશ	૩૯ ૯૫	ઇંગ્લાંડ	૧૪ ૯
મુંબઈ	૩૩ ૩૨	અમેરિકા	૧૩ ૫
મદ્રાસ	૨૧ ૯	ક્વિન્સલેંડ	૮ ૧૫
બિહાર અને ઓરિસ્સા	૩૨ ૮	તાસમાનિયા	૧૦ ૭૨
આસામ	૨૮ ૬૯	વિક્ટોરિયા	૧૨ ૬
કુલ ભારત	૨૯ ૧૦	ડેન્માર્ક	૧૩-૫
		નોર્વે	૧૪ ૮

આ ઉપરથી માલૂમ પડે છે કે **ભારતવર્ષમાં** આખી દુનિયા કરતા અધિક મરણો થાય છે

×નીચે જણાવેલા પ્રાંતોમાં દર હજારે સૌથી અધિક મૃત્યુ થયા તે –

	૧૯૦૭	૧૯૦૮		૧૯૦૭	૧૯૦૮
બંગાળા	૯૫ ૯૫	૯૪ ૨૫	પંજાબ	૧૧૪ ૩૧	૧૨૧ ૪૩
સંયુક્ત પ્રાંત	૧૪૨ ૮૭	૧૧૪ ૫૩	મુંબઈ	૮૨ ૩૬	૫૯ ૨૯
			મદ્રાસ	૬૬-૪	૭૦ ૮

*Statesman's year Book 1918

×Sanitary measures in India 1908 09 Page 169

છઠ્ઠો પરિચ્છેદ

વિવાહ

વિવાહ-સંસ્કાર

'Nowhere in the whole world, nowhere in any religion, a nobler beautiful, a more ideal of marriage than you can find in the early writings of the Hindus'—Annie Besant

પ્રાચીન આર્ય ગ્રંથોમા જોવામા આવે છે એવું પવિત્ર, ગંભીર, અને અપૂર્વ વિવાહ સંસ્કારનુ મહત્વ ભૂ-મંડળના કોઈ દેશમા, સંસારની કોઇ જાતિમા અને કોઈ ધર્મમા જોવામા આવતુ નથી

વિવાહ પધ્ધતિના સંક્રમણનો ઇતિહાસ× બહુ મનોરંજક અને શિક્ષણપ્રદ છે તે જોતા તો માનવજાતિની બાલ્યાવસ્થામા કોઇપણ પ્રકારની રાજ્યવ્યવસ્થા, સમાજ-વ્યવસ્થા, અને કુટુંબ-વ્યવસ્થા હતી નહીં એજ વાત સિદ્ધ થાય છે પશુઓમા જેવો અનિયમિત સંબંધ જોવામા આવે છે તેવોજ મૂળ સ્થિતિમા રહેવાવાળા મનુષ્યોમા પણ અનિયમિત સંબંધ સ્ત્રીપુરૂષ, માતા, પિતા, પુત્ર વગેરેના સગપણનો થતો હતો સ્ત્રીપુરૂષોનો નિયમિત સંબંધ રાજ્ય-વ્યવસ્થા અને સભ્યતાની સાથે સાથે સ્થિર થતો આવ્યો છે ×

* ભિન્ન ભિન્ન દેશોના પુરાણ ગ્રંથોમા કોઈ કોઈ એવી કથાઓ જોવામા આવેછે, કે જેની સાથે આ સિદ્ધાંત ઘણી રીતે મળતો થાય છે શ્વેતકેતુ અને દીર્ઘતમા ઋષિયોની કથા ઉપરથી એવોજ બોધ થાય છે કે અતિ પ્રાચીન કાળમા સ્ત્રીપુરૂષોનો સંબંધ અનિયમિત હતો —

अनावृता किल पुरा स्त्रिय आसन वरानने ।
कामचार विहारिण्य स्वतन्त्राश्चारुहासिन ॥

—महाभारत

×Spencer

અનેક દેશોના ઇતિહાસ ઉપરથી જણાય છે કે સમાજની પ્રાથમિક અવસ્થામા લોકોની પ્રવૃત્તિ યુદ્ધ તરફ અધિક હતી વિજયી જાતિના લોક પરાજિત જાતિવાળાની સ્ત્રીઓને પકડી લાવતા અને તેને પોતાની માલકીની સપત્તિ સમજતા હતા તેઓની સાથે વિવાહ કરતા તેઓને દાસી બનાવતા વેચી નાખતા, અથવા દાન કરી દેતા સ્ત્રીઓને કુટુબના પ્રધાન પુરૂષોની આધીનતામા રહેવુ પડતુ હતુ સમાજ અને રાજ્ય વ્યવસ્થામા જેમ જેમ સુધારા થતા ગયા તમ તેમ સ્ત્રીઓ પણ દાસત્વ-માથી મુક્ત થતી ગઈ

સ્વાધીનતાની સાથે સાથે સ્ત્રીઓની યોગ્યતા વધવા લાગી તેમના તરફ પ્રેમ, આદર, અને અબલાભિમાનના ઉચ્ચ ભાવ પ્રગટ થવા લાગ્યા સ્વયવરની પ્રથા શરૂ થઇ ધીરે ધીરે વિવાહને ધાર્મિક વિધિનુ સ્વરૂપ પ્રાપ્ત થયુ, અને વિવાહ એક પરમ આવશ્યક સસ્કાર ગણાવા લાગ્યો સમાજશાસ્ત્રવેત્તા સ્પેન્સર કહે છે, કે વિવાહનો મુખ્ય ઉદ્દેશ એજ છે કે એના વડે સમાજ અને રાષ્ટ્રની ઉત્કર્ષાવસ્થા ચિરકાળ સુધી જળવાઇ રહે તથા દમ્પતિનુ, ભાવિ સતાનનુ, અને દેશનુ કલ્યાણ થાય જે વિવાહમા આ ઉદ્દેશોની સિદ્ધિ નહીં થાય તે સમાજને હિતકારક થઇ શકે નહીં સુપ્રસિદ્ધ વિદ્વાન એરિસ્ટોટલે કહ્યુ છે, કે "સ્ત્રીઓની ઉન્નતિ અથવા અવનતિ ઉપર રાષ્ટ્રની ઉન્નતિ કે અવનતિનો આધાર છે. યૂનાની લોકો પોતાની સ્ત્રીઓને દાસી સમાન ગણતા હતા નહી, પણ તેઓને રાષ્ટ્રની ઉન્નતિમા સહાયક સમજતા હતા તેઓની શારીરિક માનસિક અને આત્મિક ઉન્નતિ માટે બહુ કાળજી રાખતા હતા એજ કારણથી તેઓ બર્બર-બાગઅસ્યિન-જગલી જાતિને પોતાને આધીન કરી શક્યા "

ઇતિહાસકાર ગિબ્બન લખે છે "રોમન રાષ્ટ્ર પોતાની સ્ત્રીઓ સાથે ગ્રીક જાતિના કરતા અધિક સારો વર્તાવ રાખતો હતો એ કારણથી રોમન રાષ્ટ્ર ગ્રીસના કરતા વધારે બળવાન થઇ ગયો, તેથી ગ્રીકને રોમ સન્મુખ માથુ નમાવવુ પડયુ "

રોમે એક નાના સરખા શહેરથી માંડીને વધતા વધતા આખી દુનિયા ઉપર પોતાનું પ્રભુત્વ જમાવ્યું હતું એ તો ઇતિહાસપ્રસિદ્ધ વાત છે. રોમન ગણ્યની ઉન્નતિ જેવી વિસ્મયકારક છે તેવી જ રીતે તેની અવનતિ પણ અત્યંત હૃદયદ્રાવક છે. સુયોગ્ય ઇતિહાસકાર ટૈસિગ્સ કહે છે કે, ' રોમન જાતિના ઉત્કર્ષને સમયે રોમન સ્ત્રીઓમાં પાતિવ્રત્ય, સ્વાવલંબન, સ્વાર્થત્યાગ, ધૈર્ય વગેરે અનેક સદ્‌ગુણો નજરે પડતા હતા તે સર્વ તેની અવનતિના સમયે નષ્ટ થઈ ગયા હતા. આ સાગ ગુણોને ઠેકાણે દુરાચાર, અજ્ઞાન, કલહ વગેરે દુર્ગુણોનું સામ્રાજ્ય સ્થાપિત થઈ ગયું હતું × એજ કારણને લીધે જર્મન જાતિએ રોમન લોકોને દબાવી દીધા. જંગલોમાં રહેવાના સમયે પણ જર્મનોની કુટુંબની સંસ્થા બહુ સારી હતી ”

ભારતનો ઇતિહાસ તપાસી જોતા તો શરીરમાં કંપારી થાય છે અને આંખે અંધારાં આવે છે આ દુર્ભાગી દેશની સુદશા તથા ઉન્નતિના દિવસો અતિ પ્રાચીન ભૂતકાળની અંધારી છાયામાં ઢંકાઇ

× મહાભારતના યુદ્ધ કરતા પણ કેટલાક સમય અગાઉથી રોમન સામ્રાજ્યને મળતા આવે તેવાજ સ્ત્રીઓની અધોગતિના ચિતાર દેખાય છે (૧) ગંગાદેવી (પાછળથી ભીષ્મની માતા) નું કુવારી અવસ્થામાં પુત્ર-વિસર્જન, (૨) પોતાના સાવકા ભાઇ વિચિત્રવીર્યના વિવાહને માટે કાશીનરેશની પુત્રીઓ અંબા, અંબિકા, અંબાલિકાને ભીષ્મ બળજોરીએ હરણ કરીને તેનો અનાદર કરે છે તે (૩) માછીમારની કુવારી કન્યા સત્યવતીની સાથે મહર્ષિ પારાશરનો સંભોગ, વેદવ્યાસનો જન્મ, અને ત્યાર પછી સત્યવતીનો રાજકુળમાં વિવાહ, (૪) કુન્તીએ કુવારી અવસ્થામાં કર્ણને જન્મ આપી નદીમાં વહેતો મૂકયો તે બાબત છુપાવીને તેનો રાજકુળમાં વિવાહ (૫) દ્રૌપદીનું એકી વખતે પાંચ પતિઓની પત્ની બનવું વગેરે અનેક ઘટનાઓ તો મોટા મોટા રાજાઓ અને ઋષિઓના ઘરની છે. ત્યારે સામાન્ય પ્રજાની કેવી દશા થઈ હશે તેનો વિચાર વાંચનાર પોતેજ કરી લેશે.

ગયા છે બાલવિવાહ અને સ્ત્રીઓની પરાધીનતા આ રીતે નીચી પાયરીએ ઉતરી ગયેલી સભ્ય-સંસારના કોઇ પણ દેશમા નથી ભારતજ એક એવો પડી ભાગેલો દેશ પૃથ્વી ઉપર નજરે પડે છે કે જેને વિદેશીઓ આટલા બધા નિરંતર લાબા સમયથી પોતાનો શિકાર બનાવીને પદદલિત કરી રહ્યા છે મહાભારતના યુદ્ધથી કાંઈ ભારત ગરિત થયો નથી, પણ ભારત ગરિત થઈ ચૂક્યો હતો તેથીજ મહાભારતના યુદ્ધની ઘટના બનેલી છે

વિવાહ-સંશોધન અને બીજા સામાજિક સુધારાઓ કરવા માટે આપણે એ વાતનો વિચાર કરવો જોઈએ, કે વર્તમાન સમયમા સ્ત્રીઓની શી દશા છે, એ દશા ક્યારથી ચાલી આવી છે, પ્રાચીન અને અર્વાચીન વિવાહ-પદ્ધતિમા કેવા કેવા દોષ અથવા ગુણ ઉપસ્થિત થયા છે, વગેરે

વૈદિક સમય.

देवदत्तां पतिर्भार्यां विन्दते नेच्छयात्मन ।
ता साध्वीं बिभृयान्नित्य देवाना प्रियमाचरन् ॥

હિંદુ દંપતિનો સબંધ ઈશ્વરી કાર્ય માનવામા આવે છે પતિને વિશ્વાસ હોય છે કે તેની પત્નીને સૃષ્ટિકર્તાએ તેને માટેજ ઉત્પન્ન કરી છે પત્નીને પક્કો વિશ્વાસ હોય છે કે પતિ એકજ હોય છે-એકજ વખત હોય છે-પતિ પત્નીનો સબંધ જન્મજન્માન્તરને માટે સ્થિર કરેલો હોય છે હિંદુવિવાહસંબંધ ઈશ્વરદત્ત છે, અટળ છે અને ધર્મની મજબુત સાંકળથી જકડાયલો છે. એ સંબંધ આ લોક અને પરલોક બન્નેને માટે છે

હિંદુ દંપતીનો સંબંધ સાંસારિક નહીં બલ્કે ધાર્મિક છે. હિંદુઓ પિતૃઋણથી મુક્ત થવા માટે વિવાહ કરે છે વિષય વાસનાની તૃપ્તિ માટે હિંદુવિવાહ કરવામા આવતા નથી પશુ પેઠે હરકોઈ મન-

આન્યો સંભોગ કરવો એ ધર્મ નથી હિંદુ શાસ્ત્રના નિયમાનુસાર મનુષ્યના જીવનકાળમા બહુ થોડા દિવસ તેને વિષયભોગ માટે પ્રાપ્ત થાય છે; અને તેપણ માત્ર ધર્માજ્ઞા પાલન કરવા માટે, અને નહીં કે કોઈ બીજા ઉદ્દેશથી જેમકે —

प्रजनार्थं स्त्रिय सृष्टा सन्तानार्थश्च मानवाः ।
तस्मात्साधारणो धर्म्मः श्रुति पत्न्या सहोदित ॥

હિંદુ વિવાહનો હેતુ એ છે, કે બે યોગ્ય આત્માઓને એક સંપૂર્ણ અવસ્થામા લાવવા માટે સંયુક્ત કરવા, જેથી વ્યક્તિનુ સુખ વધે, સ્વાસ્થ્ય સારૂ રહે, અને મનુષ્ય માત્રની સામાજિક ઉન્નતિ થાય.

હિંદુ વિવાહ સંસ્કારમા મહા ગંભીર પ્રતિજ્ઞા છે તે પ્રતિજ્ઞા લઈને સ્ત્રીપુરૂષ વિદ્વાનોની સન્મુખ ઈશ્વરને સાક્ષી રાખી અતિ પવિત્ર ભાવથી જીવનપર્યંત એક બને છે સામાજીક દૃષ્ટિથી આ એકતાનો એવો અર્થ થાય છે, કે જે કાંઈ પુરૂષનુ છે તે સ્ત્રીનુ થાય છે, અને જે કાંઈ સ્ત્રીનુ છે-તન-મન-ધન તે સર્વ પુરૂષનુ થઈ જાય છે.

વેદોમા પુરૂષને ' **आयजन्तोऽग्नयः** ' ગરમ, ઉત્સાહપ્રદ તથા ઉષ્ણતા ઉત્પન્ન કરવાવાળા સૂર્યના કિરણોની ઉપમા આપવામા આવી છે. સ્ત્રીને પ્રકાશ આપવાવાળી, રંગોને ઉત્પાદન કરવાવાળી તથા સુંદર રશ્મિયોની સાથે સરખાવવામા આવી છે વેદોમા સ્ત્રીને સુખી, મહી, તથા પ્રેમના કેંદ્ર તરીકે વર્ણવેલી છે

જેવી રીતે પ્રાણ અને રયીદ્વારા પ્રજાપતિએ સૃષ્ટિ રચી તેવીજ રીતે સ્ત્રી અને પુરૂષના બે પવિત્ર આત્માઓની એકતા થઇ જવાથી મનુષ્ય જગતની સ્થિતિ તથા વૃદ્ધિ થાય છે. બુદ્ધિપૂર્વક તથા સાચા પ્રેમના પવિત્ર વિવાહ સંસ્કારથી મનુષ્યમાત્રને લાભ મળે છે અને સમાજનું દરેક રીતે કલ્યાણ થાય છે.

समञ्जन्तु विश्वेदेवाः समापो हृदयानि नौ ।
सं मातरिश्वा संधाता समुदेष्ट्री दधातु नौ ॥

આ સસ્કાર જોવાને માટે ઉપસ્થિત થયા છે તે આ વિદ્વાનોના સમક્ષ અમે બન્ને પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમારા હૃદય બે પ્રકારના જળોની માફક મળી જશે જીવન માટે જેવો પ્રાણવાયુ છે, સૃષ્ટિ માટે જેમ સૃષ્ટિકર્તા છે ઉપદેશ માટે જેવી રીતે જ્ઞાનગણ છે તેવીજ રીતે અમે પતિપત્ની એક બીજાને પ્રિય થઈ પડીશુ

सिनीवालि पृथुष्टुके यादेवानामसि स्वसा ।
जुषस्व इव्यमाहत प्रजा देवी दिदिड्ढिन ॥
यजुर्वेद-३४-१० ।

અર્થાત્—હે કુમારિકાઓ ! તમે બ્રહ્મચર્યવ્રતનુ પૂર્ણ પાલન કરી, સારી ઉપયોગી વિદ્યાઓ શીખી પોતાની ઇચ્છાનુસાર અને સ્વપરીક્ષાથી ઉત્તમ વરને પોતાના પતિ તરીકે પસદ કરો અને તેની સાથે આનદ-પૂર્વક ગૃહસ્થાશ્રમમા પ્રવેશ કરી ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરો

અન્ય વેદોમા પણ વિવાહ સબધી એવાજ આદેશો મળે છે

ब्रह्मचर्येण कन्या ३ युवान विन्दते पतिम् ।
अनड्वान ब्रह्मचर्येणाश्वो घास जिगीषति ॥
अथर्व वेद ११-१८ ।

બ્રહ્મચર્યાશ્રમમા રહીને કન્યા જ્યારે પૂર્ણ વિદ્યા શીખી રહે ત્યારે પોતાની યુવાવસ્થામા પૂર્ણ યુવાન પુરૂષને પોતાનો પતિ કરે. એજ પ્રકારે પુરુષ પણ સુશીલ ધર્માત્મા પત્ની સાથે પ્રસન્નતાથી વિવાહ કરી બન્ને પરસ્પર સુખદુખમા સહાયકારી થાઓ કારણ કે પશુ પણ પૂરી જુવાની પર્યંત બ્રહ્મચર્યના સુનિયમમા રાખવામા આવે તો અત્યત બળવાન બની નિર્બળ જીવોને જીતી લે છે

'તે વૈદિક સમયમા, જ્યારે ભારતની વિદ્વત્તા અતિ આગળ વધી હતી, જ્યારે ઉપનિષદ, ન્યાય અને દર્શન શાસ્ત્ર રચાતા હતા, જ્યારે ધર્મશાસ્ત્ર અને વૈદિક મત્રોની રચના થઈ રહી હતી, જ્યારે

* સ્વામી દયાનદ સરસ્વતીકૃત યજુર્વેદ ભાષ્ય.

ભારતની આત્મવિદ્યા પૂર્ણતાના સર્વથી ઉંચા શિખરે પહોંચી ગઈ હતી, સ્ત્રીઓ પુરૂષોની બરાબરી કરતી હતી તે વખતે સ્ત્રી પુરૂષમાં સમાનતાનો સદ્વ્યવહાર હતો, સ્ત્રીપુરૂષના સામાજિક અને આત્મિક અધિકાર સરખા હતા

In that age of splendid achievements of lofty spirituality, women were equals of men–trained and cultured, and educated to the highest point.

'એ મહાન ઉન્નતિના સમયની સ્ત્રીઓને પુરૂષોની બરાબર ભણાવી ગણાવી તૈયાર કરવામા આવતી, તેઓની યોગ્યતા પુરૂષોની સમાનજ ગણવામા આવતી, અને શિક્ષણ બહુ ઉંચા દરજ્જાનુ પુરૂષોની સમાનજ આપવામા આવતુ હતુ'

'ઇતિહાસ ઉપરથી જણાય છે કે વૈદિક સમયમા સ્ત્રીઓની આવી અધોગતિ ન હતી, જેવી આજકાલ આપણા જોવામા આવે છે આજે સ્ત્રીઓને શૂદ્ર કહેવામા આવે છે, અને માનસિક તથા ધાર્મિક ઉન્નતિ કરવાનો તેઓનો અધિકાર રહ્યો નથી, તેઓ વેદ-મંત્ર સાંભળવાની અધિકારી નથી ગણાતી, પણ વૈદિક સમયમાં તો ઋષિ કન્યાઓ વેદના મંત્રો સુદ્ધા રચતી હતી, જેનો આજે પુરૂષો પાઠ કરે છે હાય ! અમારી બહેનો અને કન્યાઓ તે વેદમંત્રોનું અધ્યયન નથી કરવા પામતી જે અમારી પરમ વિદુષિ માતાઓના રચેલા છે'

'હવે સ્ત્રીઓને માનસિક તથા ધાર્મિક ઉન્નતિથી વંચિત રાખવામા આવે છે, તેઓ યજ્ઞોપવિત ધારણ કરી શકતી નથી, તેમને માટે સઘળા ધાર્મિક સંસ્કાર બંધ કરી દેવામા આવ્યા છે

પણ હારીત ઋષિએ પોતાના ધર્મશાસ્ત્રમા લખ્યુ છે કે–

द्विविधाः स्त्रियः ब्रह्मवादिन्यः सद्योवध्वश्च तत्र ब्रह्मवादिनीना मुपनयनमग्नीन्धनं वेदाऽध्ययन स्वगृहे भिक्षाचर्या ।

અર્થાત—બે પ્રકારની સ્ત્રીઓ હોય છે, બ્રહ્મવાદિની અને સદ્યો-વધૂ એમાથી બ્રહ્મવાદિની સ્ત્રીઓ માટે ઉપનયન, અગ્નીન્ધન, વેદાધ્યયન, અને નિજ ઘરમા ભિક્ષાચર્યાનો અધિકાર છે સદ્યોવધૂ સ્ત્રીઓ માટે એવો વિધિ નથી આ ઉપરથી સ્પષ્ટ જોવામા આવે છે કે સ્ત્રીઓના ધાર્મિક સસ્કાર પણ પુરુષોના સમાન થવા જોઇએ

'પૂર્વકાળમા બાલિકાઓ ઉપનયન સસ્કારની અધિકારિણી હતી. તેઓ વેદ ભણતી હતી, અને ગાયત્રીનો જપ કરતી હતી પિતા, પિતાના ભાઈ, અથવા બાલિકાના ભાઇને ભણાવવાની આજ્ઞા હતી. એ શિવાય કોઈ અન્ય પુરૂષ ભણાવી શકતો ન હતો '

कन्याऽप्येय पालनीया शिक्षणीयाऽतियत्नत. ।

અર્થાત્—કન્યાને પણ પુત્રની પેઠેજ પાળવી અને ભણાવવી ગણાવવી જોઇએ

पुरा कल्पे तु नारीणा मौञ्जी बन्धन मिष्यते ।+
अध्यापन वेदाना सावित्रीवाचन तथा ॥

અર્થાત્—પ્રાચીન મર્યાદાનુસાર સ્ત્રીઓનો પણ ઉપનયન સસ્કાર થતો હતો, તેઓને ગાયત્રીનો ઉપદેશ આપવામા આવતો હતો, અને વેદ ભણવા દેવામા આવતા હતા

વૈદિક સમયમા સ્ત્રીઓને વિવાહ કરવાની ફરજ પાડવામા આવતી ન હતી માનસિક અને ધાર્મિક યોગ્યતાનુસાર તેઓ બાલ બ્રહ્મચારિણી રહી શકતી હતી, અને મોક્ષની પ્રાપ્તિ માટે સન્યાસ લઇ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકતી હતી ×

બાલબ્રહ્મચારિણી સુલભાચારિણી, બ્રહ્મવિદ્યા, ઉપર સવાદ કરતી

---

* 'Wake up India' page 55, by Annie Besant.

+ **सत्यार्थ विवेक—दयानद (सनातन धर्मी)**

× 'Wake up India' by Annie Besant.

વખતે રાજર્ષિ જનકને કહે છે કે—

साह तस्मिन्कुले जाता भर्तर्यसतिमद्विधे ।
विनीता मोक्ष धर्मेषु चराम्येका मुनिव्रतम् ॥

અર્થાત— હું ક્ષત્રીય વંશમાં ઉત્પન્ન થઇ છું મને મારા ગુણ, કર્મ અને સ્વભાવાનુસાર પતિ નથી મળ્યો તે કારણે મોક્ષ પ્રાપ્તિ માટેજ મે વિનીત ભાવથી સન્યાસ ગ્રહણ કર્યો છે ×

ગાર્ગી અને બીજી અનેક બ્રહ્મચારિણીઓએ જીવનપર્યંત વિવાહ નથી કર્યા તેઓને વૈદિક શિક્ષાનુસાર પિતૃ-સંપત્તિનો ભાગ મળ્યો હતો અને ધર્મશિક્ષા પણ મળી હતી પવિત્ર ભાવોનો સંચાર થવાથી તેઓ પોતાની જાત દેશ તથા મનુષ્યમાત્રની સેવામા અર્પણ કરી શકતી હતી વૈદિક સમયની વિવાહ પ્રણાલીના એવા સુંદર આદર્શ મળે છે કે તે જોવાથી ભારતની પ્રાચીન સભ્યતાનો, સ્ત્રીઓના આદરો અને તેઓના અદ્ભુત સ્ત્રીત્વનો ખરેખરો ખ્યાલ આવે છે ભારતની સ્ત્રીઓને માટે તે સર્વોત્તમ જમાનો હતો તેઓને સૃષ્ટિના નિયમો શોધવાનો અધિકાર હતો તેઓ સ્વતંત્રતાપૂર્વક સાહિત્ય તથા વિજ્ઞાનનુ શિક્ષણ લેતી હતી તેઓ વેદોના અધ્યયનમા પણ મગ્ન રહેતી બ્રહ્મવિદ્યામા તેઓ નિપુણ હતી તેઓ રાજનીતિ જાણતી હતી અને પુરૂષ તેઓની સલાહ લેતા હતા તેઓ રણક્ષેત્રમા જઇને યુદ્ધ પણ કરતી હતી સારાંશ એ કે પ્રાચીન સમયમા સ્ત્રીઓને કોઇ પણ કામ કરવા માટે પ્રતિબંધ હતો નહિ જે અધિકાર પુરૂષોના હતા તેજ સ્ત્રીઓના પણ હતા જુઓ

૧ બાલબ્રહ્મચારિણી ગાર્ગીએ યાજ્ઞવલ્ક્ય ઋષિ સાથે બહુ સુંદર શાસ્ત્રાર્થ કીધો હતો તેણે ઉચ્ચ શિક્ષા અને બ્રહ્મ વિદ્યાના ઉંડા જ્ઞાનથી તથા પોતાની આશ્ચર્યજનક યોગ્યતાથી ઋષિવર યાજ્ઞવલ્ક્યનો પરાજય કરી બોલતા બંધ કીધા હતા

× K. Shastri of Kashi

૨ મૈત્રેયીએ ગૃહસ્થાશ્રમ પૂર્ણ કર્યા પછી માનસિક અને ધાર્મિક યોગ્યતાનો વિચાર કરી પોતાના પતિદેવને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવા માટે પ્રાર્થના કરી અને તેને જ્ઞાન આપવામા આવ્યુ

૩ મહારાણી કૈકેયી રણક્ષેત્રમા જઈ લડી હતી

૪ મહારાણી ગાધારીને રાજાઓ અને શ્રેષ્ઠ રાજકર્મચારીઓની ભરી સભામા બોલાવવામા આવી હતી એ સભામા યુદ્ધ કરવુ કે સધિ કરવી તે બાબતનો નિર્ણય કરવાનો હતો કારણકે સમસ્ત ભારતના જય અથવા ક્ષયનો ગંભીર પ્રશ્ન વિચાર માટે ઉપસ્થિત થયો હતો અને ગાધારી પોતાના પુત્ર દુર્યોધનને રાજનૈતિક વિષયનો ઉપદેશ આપીને યુદ્ધ કરતો અટકાવે તો સારૂ થાય તેવી સભાની ભાવના ધ્યાનમા લઇને તેણે દુર્યોધનને ઘણી ચતુરાઇથી ઉપદેશ આપીને સમજાવ્યો હતો

શુ આજે પણ આપણી માતાઓ ગંભીર રાજનૈતિક વિષયો ઉપર વિચાર કરી શકે છે ? શુ આજે તમે કોઇ છોકરાને અસાવધાનીથી રાજનૈતિક ભૂલ કરતો જોઇ તેની માતા પાસે સદુપદેશ અપાવી તેને હાનિમાથી બચાવી શકો છો ? કે લજ્જાથી માથુ નીચુ ઘાલીને તમે કહેશો કે ' સ્ત્રીઓને ભલા રાજનીતિ સાથે શો સબધ " ?

Woman however loving, self-sacrificing and sincere, has but little power in the council of men You cannot appeal to her, because You do not care to share her feelings in Politics or in the affairs of country She is not born ignorant, you have rather bred her ignorant

અર્થાત્–સ્ત્રી જાતી ગમે તેવી પતિવ્રતા, સ્વાર્થત્યાગિણી તથા સત્યવતી હોવા છતા મનુષ્યસમાજમા તેનુ જરાપણ સન્માન નથી તમે રાજનૈતિક તથા દેશ સબધી બાબતમા તેની સલાહ મેળવવા

અથવા સેવા ઇચ્છતા નથી કારણ કે તમે તેની સાથે કરી લાગણી રાખતા નથી તે જન્મની અજ્ઞાન નથી, પણ તમે તેને શિક્ષણ આપતા નથી, તેથી તે અજ્ઞાન રહી છે

મહારાણી કુન્તીએ યુદ્ધ સમયે કહ્યું હતુ કે—' ક્ષત્રાણીઓ યુદ્ધમા લડવા માટેજ ગર્ભ ધારણ કરીને પુત્ર ઉત્પન્ન કરે છે, માટે જાઓ અને યુદ્ધ કરો ' એકલી કુન્તીજ આવી વીર ક્ષત્રાણી ન હતી, અનેક સ્ત્રીઓ તે વેળાએ વીરરસમા રચી પચી રહી હતી આ વાત ઈ સ પૂર્વે ૩૦૦૦ વર્ષ અગાઉની અથવા પશ્ચિમના વિદ્વાનોને હિસાબે ૧૦૦૦ કે ૧૫૦૦ વર્ષ અગાઉની છે

રૂશિયા અને જાપાનના યુદ્ધ સમયે એક જાપાની સ્ત્રીના સર્વ પુત્ર માર્યા જતા તે રડતી બેઠી હતી લોકો તેને દિલાસો આપવા લાગ્યા અને તેના બધાજ પુત્રો મરી જવાથી ખરેખરી દુ ખની લાગણી પ્રદર્શિત કરવા લાગ્યા તે તેઓને તે વિદુષિ ઉશ્કેરાઇને બોલી "મારા બધા પુત્રો માર્યા ગયા તે કારણથી હુ રડતી નથી મને તો એથી રડવું આવે છે કે મારે હજી બીજા પુત્રો નથી, જેઓને હુ માતૃભૂમિની સેવા માટે અર્પણ કરી શકુ '

કુન્તી આવીજ માતા હતી, દ્રૌપદી આવીજ પત્ની હતી, ઉત્તરા આવીજ બ્હેન હતી, અને શિખડી આવી જ વીર કન્યા હતી સ્મરણમા રાખવાનુ છે કે શિખડીએ પુરૂષ વેશ ધારણ કરી મહાભારત જેવા ભયકરયુદ્ધમા ભીષ્મ કર્ણ અને દ્રોણાચાર્યની સન્મુખ ઘોર સગ્રામ કીધો હતો

' Two things are closely joind to-gether the education the training and development of women, and the greatness of a nation When these women were Indian mothers heroes and rishies were born, and now out of childmothers co-

wards and social pigmigs come forth–cause and effect ! Still in your power to change '

બે બાબતોનો એક બીજાની સાથે બહુ ઘાડો સબંધ છે (૧) સ્ત્રીઓનુ શિક્ષણ એટલે તેઓની શારીરિક, માનસિક, અને ધાર્મિક ઉન્નતિ અને (૨) કોઇ જાતિની મોટાઇ જ્યારે ભારતમા સુયોગ્ય માતાઓ હતી ત્યારે તેઓ રત્ન–ગર્ભા થઈને યોદ્ધાઓ અને ઋષિ–રત્નો ઉત્પન્ન કરતી હતી, પણ આજકાલની મૂર્ખ બાલ–માતાઓને પેટે તો માત્ર કાયર અને કલંક લગાડે એવા ગુલામી કરનાર કુપુત્રો ઉત્પન્ન થાય છે–કારણ અને કાર્ય ! કારણ સુધારી કાર્ય સિદ્ધ કરવુ હજી આપણા હાથમા છે

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफला क्रिया ॥

જ્યા સ્ત્રીઓનો સત્કાર થાય છે ત્યા દેવતાઓનો વાસ થાય છે જ્યા તેઓનુ ગૌરવ સચવાતુ નથી ત્યાની સર્વ ક્રિયા નિષ્ફળ જાય છે

शोचन्ति जामयोयत्र विनश्यत्याशु तत्कुलम् ।
न शोचन्ति तु यत्रैता वर्धते तद्धि सर्वदा ॥

જે ઘરમા સ્ત્રીઓ દુખી થાય છે તે ઘર થોડાજ સમયમા નષ્ટ ભ્રષ્ટ થઇ જાય છે, અને સ્ત્રીઓ સુખી હોય ત્યા કલ્યાણ અને આનંદ થઈ રહે છે

संतुष्टो भार्यया भर्ता यत्र भार्यया तथैव च ॥
यस्मिन्नेव कुले नित्य कल्याणम् तत्र वै ध्रुवम् ॥

જ્યા પુરૂષથી સ્ત્રી અને સ્ત્રીથી પુરૂષ સતુષ્ટ હોય છે ત્યા અવશ્ય કલ્યાણનો વાસ થાય છે.

વિવાહ-સંસ્કારની અધોગતિ

The positive checks to population are extremely various, and include every cause whether arising from misery, evil custom, immorality or vice which in any degree contributes to shorten the natural duration of human life'—Malthus

જનસખ્યાનો બેસુમાર વધારો અનેક દૈવી કારણોથી થતો અટકે છે હરકોઈ કારણ મનુષ્યના સ્વાભાવિક દીર્ઘાયુષ્યની મર્યાદા ઘટાડવામા નિમિત્ત રૂપ થાય તે દૈવી-કારણ ગણાય છે પછી તે કારણ ચાહે તો દરિદ્રતા, બુરા રીતરિવાજ, વ્યભિચાર અથવા વ્યસન ગમે તે હોય.
—માલ્થસ.

વીતી ગયેલા પરમ પુનીત વૈદિક કાળમાથી ભારત આજકાલ અત્યત પતિત કાળમા પ્રવેશ કરી રહ્યો છે આ સમયમા ઘોર અધકાર ફેલાવાનો ભારતમા આરભ થયો છે, અવિદ્યાએ ભારતને જકડી લીધો છે, અને તેના ગૌરવને ધૂળધાણી કરી નાખ્યુ છે નાના પ્રકારની મુશ્કેલીઓ અને ઉપદ્રવ ઉભા થઈને ભારતનો નાશ કરે છે સ્ત્રીઓના આદર-સત્કાર અને સ્વતત્રતામા ન્યૂનતા થવા લાગી છે પુરુષોએ નિર્દયતા અને નિષ્ઠુરતાથી તેઓના અધિકાર છિનવી લેવા શરૂ કર્યા. તેઓને શૂદ્રની નિંદનીય પદવી આપવામા આવી માનસિક, આત્મિક, ધાર્મિક ઉન્નતિ કરતી સ્ત્રીઓને અટકાવવામા આવી યજ્ઞોપવિત, ગાયત્રી, વેદપાઠ આદિ સર્વ સુમાર્ગ તેમને માટે બધ કરી દીધા. વેદમન્ત્રોના અર્થ બદલી નાખવામા આવ્યા નવા નવા ગ્રથ રચાયા. નવી નવી સ્મૃતિઓ બનાવવામા આવી અનેક નવા નવા શ્લોક મનુસ્મૃતિમા ભેળી દેવામા આવ્યા, અને કલકિત બાલ-વિવાહની કુરીતિ ભારતમા ફેલાઈ ગઈ

વેદોમા પતિ પસદ કરવાનો અધિકાર સ્ત્રીજાતિને આપવામાં આવેલો છે પ્રાચીન ઇતિહાસ અને સ્વયવર ઉપરથી પણ એ વાતને

ટેકો મળે છે. સીતા, દમયન્તી, રૂક્ષ્મણી, દ્રૌપદી અને બીજી અનેક દેવીઓના વિવાહ સ્વયંવરની મર્યાદા પ્રમાણે થયા હતા. આપણી અધોગતિના મન્દ સમયમાં પણ સંયોગિતાના વિવાહ પૃથ્વીરાજ સાથે સ્વયંવરની મર્યાદાનુસાર થયા હતા. આ વાત ૭૪૦ વર્ષ અગાઉ ઈ. સ. ૧૧૮૨માં બનેલી છે. આ પ્રમાણે તો કન્યાની માનસિક તથા શારીરિક ઉન્નતિ થઈ ચૂકી હોય અને તેનામાં વિવેકશક્તિનો પણ આવિષ્કાર થઈ ગયો હોય, ત્યારેજ સ્વયંવર રચી શકાય છે. એ ઉપરાંત જ્યારે તે પોતાના ગુણ, કર્મ તથા સ્વભાવાનુસાર જીવનયાત્રાને માટે પોતાના સહચારીને પસંદ કરવા અથવા વરવા યોગ્ય થઈ ચૂકી હોય ત્યારેજ સ્વયંવર રચી શકાય.

त्रिंशद्वर्षोद्वहेत्कन्या हृद्या द्वादशवार्षिकीम ।
त्र्यष्टवर्षो ऽष्टवर्षां वा धर्म्मे सीदति सत्वर ॥

મનુસ્મૃતિના આ શ્લોક પ્રમાણે ૩૦ વર્ષનો પુરુષ ૧૨ વર્ષની કન્યાને પરણે, અને ૨૪ વર્ષનો પુરુષ આઠ વર્ષની કન્યાને પરણે, પરંતુ "એકજ કણામાંથી એકજ વખતે મીઠું અને ખારૂં પાણી સાથે સાથે નથી નીકળી શકતું. મહા જ્ઞાની મનુ ભગવાન એવું તો કદી પણ નહીં લખે કે બ્રહ્મચર્ય વ્રત પૂર્ણ કરીને ૨૪ વર્ષના પુરુષ આઠ વર્ષની કન્યા સાથે અને ૩૦ વર્ષના પુરુષ ૧૨ વર્ષની કન્યા સાથે વિવાહ કરે. માટે એવી આજ્ઞા મનુજીની નથી એવી ખરેખરી ખાત્રી થાય છે. ધૂર્ત લોકોએ પોતાનો સ્વાર્થ સાધવા માટે એવા શ્લોકો મનુસ્મૃતિમાં ભેળી દીધા હશે ×

બૌધાયને સર્વથી પહેલા વિવાહ કાળની મર્યાદાને શિથિલ કીધી. તેના નીચેના શ્લોક ઉપરથી એ સમજાય છે—

त्रीणी वर्षाण्युदीक्षेत कुमार्य्यार्तुमती सती ।
उर्द्धन्तु कालादेतस्माद्विन्देत सदृश पतिम् ॥

मनु ९-९०

× Mrs Besant.

અર્થાત્ — 'કન્યાએ રજસ્વલા થવા પછી ત્રણ વર્ષ સુધી રાહ જોવી જો તેના માતાપિતા એટલા સમયમા વિવાહ કરે નહીં તો તે પોતે સ્વતંત્રપણે વિવાહ કરે" પણ સાથે એટલી દયા વાપરી કે કન્યા બ્રહ્મચારિણી તથા 'નગ્નિકા હોય એવું પણ લખ્યું છે બૌધાયનના મત પ્રમાણે કન્યા ૧૬ વર્ષ અથવા તેથી પણ અધિક આયુષ્યની હોય અને પુરુષનો સંસર્ગ કરી શકે એવા સમયે તેને નગ્નિકા કહેવામા આવશે મનુવર્ત અને શૌનિકે પણ એ પ્રમાણે જ અર્થ કરેલો છે

સાતમી સદીની લગભગમા રચાયલા અમરકોશના નગ્નિકાનો અર્થ '**अनागतार्तत्वा**' એટલે 'જે કન્યાને હજુ સુધી રજોદર્શન નથી આવ્યું તે' એવો કરેલો છે એ પ્રમાણે લગભગ ૧૨ વર્ષની કન્યા નગ્નિકા ગણાય

प्राप्ते तु द्वादशे वर्षे य कन्या न प्रयच्छति ।
मासि मासि रजस्तस्या पिता पीबति शोणितम् ॥
यमस्मृति–२२

અર્થાત્—"જો બાર વર્ષની કુવારી કન્યા ઘરમા બેસી રહે તો તેનો પિતા તે કન્યાનુ રજ પીયે છે"

माता चैव पिता चैव ज्येष्टो भ्राता तथैव च ।
त्रयस्ते नरक यान्ति दृष्ट्वा कन्या रजस्वला ॥
सवर्त स्मृति ।

અર્થાત્—"માતાપિતા અને મોટો ભાઈ, કન્યાને રજસ્વલા જોવાથી ત્રણે જણા નર્કમા જાય છે"

अष्ट वर्षा भवेद्गौरी नव वर्षाच रोहिणी।
दश वर्षा भवेत्कन्या अत उर्ध्व रजस्वला ॥
संवर्त संहिता: ६६

અર્થાત્—" આઠ વર્ષની પુત્રી ગૌરી અને નવ વર્ષની રોહિણી કહેવાય છે દશ વર્ષની થાય ત્યારે કન્યા કહેવાય છે અને ત્યાર પછી તે રજસ્વલા ગણાય છે "

उद्वहेदष्टवर्षामेव धर्मो न हीय ते ॥ ८७ ॥ अ १ ।

दक्षस्मृति (कल्लूक भट्ट कृत)

અર્થાત્—' આઠ વર્ષની કન્યાના વિવાહ કરી દેવામા આવે તો ધર્મહાનિ થતી નથી '

विवाह प्रशस्तकाल माह सप्तेति । निर्णयसिंधु परिच्छेद ३।

અર્થાત્—" વિવાહને માટે ઉત્તમ સમય સાત વર્ષનો છે આ સમય ગર્ભની તિથિથી ગણવો જોઇએ એ હિસાબે ૭ વર્ષ અને ત્રણ માસની વય જ વિવાહ માટેનો ખરેખરો સમય ગણાય "

સ્મૃતિઓની સખ્યા ૧૮ કહેલી છે પરતુ પ્રચલિત સ્મૃતિઓ તો એ કરતા વધારે પણ છે તેમાની ઘણીએકમા તે સમયની આવશ્યકતાનુસાર પુત્રીઓના વિવાહની વય ઘટાડવાનીજ ચેષ્ટા કરેલી છે દુર્ભાગ્ય વશ એ સ્મૃતિઓની રચના હિન્દુધર્મ છેક અધમ દશાએ પહોચી ગયો હતો, અને દેશમા અવિદ્યા અને અરાજકતાનો ઘોર અધકાર વ્યાપી ગયો હતો એવા કુસમયમા થયલી છે

હવે આપણે જોવુ જોઇએ કે એવો બાલ-વિવાહનો બુરો રિવાજ દેશમા શા કારણથી ફેલાયો, સ્મૃતિકારોએ કુરીતિ તરફ કેમ તણાયા, અને વળી એવી શી જરૂર પડી હતી ? જરૂર વગર કોઈ પણ વસ્તુ પેદા કરવામા આવતી નથી, રીતિઓ ઉપરથી ગ્રથ-રચના થાય છે, પણ ગ્રથ-રચના ઉપરથી રીતિઓ ઉત્પન્ન થતી નથી

×આવી અધમ અને વિનાશકારી રીતિના ત્રણ મુખ્ય કારણો છે—

૧ મહાભારતનુ યુદ્ધ અને દેશના સર્વ ભાગમા ચાલુ થયલા લડાઇ ઝગડા

× 'Wake up India' by Annie Besant.

૨ વિદેશીઓના લાગલાગટ હુમલાઓ અને તેમા તેઓનો વિજય

૩ સ્ત્રીઓના આદર્શની પડતી તેઓના માનસિક અને આત્મિક અધિકાર છિનવી લેવાનો અત્યાચાર

જ્યારે દેશમા ઘોર અધકાર ફેલાવો શરૂ થયો, સ્વાર્થ અને અવિદ્યાએ જડ ઘાલી દીધી, નાના નાના જમીનદારો રાજા બની બેઠા અને પરસ્પર લડાઈ કરીને, એક બીજાને સ્વાહા કરી જવા લાગ્યા કોઇના જાન અને માલના રક્ષણ માટેનો પ્રબધ રહ્યો જ નહી, ત્યારે ભારતમા એવી પણ જરૂરીઆત જણાઈ આવી કે પુત્રીઓના વિવાહ કરી દેવામા આવે તો પોતાના પિતા ઉપરાત તેઓની રક્ષા કરવા માટે એક નવો સરક્ષક પણ ઉભો થાય બાળકીઓના પિતાનો રણભૂમિમા પ્રાણત્યાગ થઈ જાય તો પણ તે આશ્રય અને રક્ષણ મેળવી શકે

ભારતવાસીઓ જ્યાસુધી કોઇપણ કાર્યને પોતાનો ધર્મ સમજતા નથી ત્યા સુધી તે કરવાનુ અગીકાર નથી કરતા તેઓ અધર્મ કરવા કરતા મરી જવાનુ ઉચિત સમજે છે આના કારણથી અધારાધુધીના સમયમા નવા નવા ધર્મગ્રથો રચવામા આવ્યા તેમા બાલ્યાવસ્થામાજ વિવાહ કરી દેવાના વિચારને પુષ્ટિ આપેલી છે તેનુ પરિણામ એ આવ્યુ કે લોકો વેદોના ઉચા આદર્શને ભૂલી ગયા અને નવા નવા ગ્રથોના વિવાહ સબધી ઉદ્દેશોનેજ પોતાનો પરમ પવિત્ર અને પુરાતન ધર્મ સમજવા લાગ્યા પુત્રીઓની લગ્નની વય ઓછી થઇ તેની સાથે પુત્રોની લગ્ન–સમયની વય પણ ઘટતી ગઇ અને બન્નેના બ્રહ્મચર્યનો ખુલ્લમખુલ્લા નાશ થતો ગયો આ નવા ધર્મ–શાસ્ત્રોએ આપણી માતૃશક્તિની દુર્ગતિ કરી નાખી વૈદિક સમયની અતિ ઉત્તમ વિવાહ પ્રણાલી નષ્ટભ્રષ્ટ થઈ ગઇ અને ભારતની પુણ્ય પવિત્ર ભૂમિ અપવિત્ર બની ગઇ એ નવા ધર્મશાસ્ત્રોના પ્રચારથી વૈદિક સમયની ૨૪, ૨૧, અને ૧૭, વર્ષની વિવાહની વય બદલાઇ અને તેને ઠેકાણે ૧૨ ૧૦, ૮ અને ૬ વર્ષની પૌરાણિક વય કાયમ થઇ સ્ત્રીજાતિની અધોગતિ પાચ પ્રકારે થાય છે—

૧ સ્ત્રીઓને અવિવાહિત રહેવાનો નિષેધ કરવાથી

૨ તેઓના માનસિક, આત્મિક, અને શારીરિક હકો છીનવી લેવાથી

૩ બાલ્યાવસ્થામાંજ પોતાની પુત્રીઓના વિવાહ નહી કરી દેવામા આવે તો નરકમા પડવાનો વારો આવે છે એવું માતાપિતાને ધર્મ ગ્રંથો અથવા બ્રાહ્મણો દ્વારા સમજાવવામા આવે છે તેથી

૪ સ્વાર્થ સિદ્ધિને માટે નવા નવા શ્લોકો રચીને ધર્મગ્રંથોમા ભેળી દેવાથી અને

૫ સ્ત્રીઓને માટે શૂદ્રાદિ નિન્દાસૂચક શબ્દોનો પ્રયોગ કરવાથી

એમ અધોગતિનો આરંભ થઇ ગયો એટલે જીવનશક્તિનો લોપ થતો ગયો, પ્રાચીન સમયની વિદુષી દેવીઓ અધોગતિની ઉંડી ખાઇમા જઇ પડી આપણી વિવાહ પ્રણાલી આપણી સભ્યતાને લાજ લગાડે એવી નિન્દાસ્પદ બની ગઇ અને ભારતમા બાળવિવાહ શરૂ થઇ ગયા આજે આપણા દુર્ભાગી દેશમા એક કરોડ કરતા પણ વધારે બાળપત્નીઓ છે તેમાની અનેક તો હજી માતાને ધાવતી માત્ર થોડા થોડા મહિનાઓનીજ ઉમરની છે × આવી નિન્દનીય દૂષિત વિવાહ

× ઉમ્મર	બાલપત્ની	બાલવિધવા
૦ થી ૧ વર્ષ	૧૩, ૨૧૨	૧ ૦ ૧૪
૧ – ૨ ”	૧૭, ૭૫૩	૮ ૫૬
૨ – ૩ ”	૪૯, ૭૮૭	૧, ૮૦૭
૩ – ૪ ”	૮૭, ૫૦૮	૪, ૭૫૩
૪ – ૫ ”	૧૩૪, ૧૦૫	૯, ૨૭૩
૫ – ૧૦”	૨૨૧૯, ૭૭૮	૯૬, ૨૭૦
૧૦ – ૧૫”	૬૫૫૫, ૪૨૪	૨૨૩, ૦ ૪૨

પ્રણાલીનું નિશ્ચિત પરિણામ એ આવ્યું છે, કે ભારતમાં વિધવાઓની સંખ્યા વધારે છે જર્મની અને ઇંગ્લાંડ બન્ને દેશોની કુલ વિવાહિત સ્ત્રીઓની સંખ્યાના કરતાં વિધવાઓની અધિક સંખ્યા ભારતમાં છે.+

સ્ત્રીઓના વિવાહની ઉમ્મર ઘટવાની સાથે પુરુષોના પણ વિવાહની ઉમ્મર દિનપ્રતિદિન ઓછી થતી ગઈ, અને લોકો જેમ જેના મનમાં આવે તે પ્રકારે વિવાહ કરતા થઇ ગયા આશ્ચર્ય તો વળી એ છે, કે આ વીસમી સદીના ભણ્યાગણ્યા લોકો પણ પ્રાચીન વૈજ્ઞાનિક નિયમને મૂકી દઇને પ્રકૃતિના કાયદાથી ઉલટી રીતે વિવાહ કરે છે

બાબુ અમીચંદ અને બાબુ ઘનસ્યામદાસ કૉલેજના સહપાઠી મિત્ર છે બાબુ અમીચંદને એક દીકરો છે, અને ઘનશ્યામદાસને એક દીકરી છે બન્ને મિત્રોએ કૉલેજમાંજ નિશ્ચય કરી દીધો કે તેઓના સંતાનોના લગ્ન અન્યોન્ય એક બીજા સાથે કરવા બહુ ધામધૂમથી બાર વર્ષનો કેદારનાથ દશ વર્ષની ચંદ્રમુખી સાથે પરણ્યો બાબુ અમીચંદ એજ વર્ષમાં એમ એ ની પરીક્ષા પાસ કરીને ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા ઉપર નીમાયા આજે તેના ઘરમાં ફરીથી મંગળોત્સવ થઇ રહ્યો છે એકદમ કાશીથી નામીચી નાયકાઓ આવી છે આખા શહેરમાં ધામધૂમ મચી રહી છે લોકો બાબુ અમીચંદના ભાગ્યોદયની વાહવાહ કરી રહ્યા છે સ્ત્રીઓ નિર્દોષ દૃષ્ટિથી પુતળી જેવી રૂપ-સુંદરી ચંદ્રમુખીને જોઇને કહે છે—" પરમેશ્વર તું ધન્ય છો' જેના ઉપર તારી કૃપા હોય તેને તું આમ દરેક પ્રકારે સુખ સંપત્તિ આપે છે ! જુઓને આવડી નાનકડી ચંદ્રમુખીને સીમંતનો અવસર આવ્યો ! હજુ તો અમીચંદની વહુ બાળક જેવી દેખાય છે, પણ વાહ રે ભાગ્ય ! વાહ રે ઇશ્વરની મહેર ! આ પુતળી જેવી બાળક વહુને છોકરું પણ અવતરવાનું ! બાબુ અમીચંદના માતાપિતા બન્ને હયાત

× ભારતમાં બધી મળીને ૨૬૪,૨૧,૨૬૨ વિધવાઓ છે.
All India census Report 1911

છે આજે રૂપયા નથી સમાતા હાલમા વહુની વય તેર વર્ષથી ઓછી અને પ્રસવના સમય સમીપ આવી ગયો છે ! '

આજે એ દિવસથી ઘરમા દાઇઓની દોડધામ ચાલે છે સર્વે જણા માટે હાથ દઈને ઉદાસ બેઠા છે બાબુ અમીચંદ પણ તાર મળતા મેલમા રવાના થઇ ગયા છે દાઇઓથી કામ ન બન્યુ અને અડમ દાક્તરને બોલાવી તેના કહેવાથી સિવિલ સર્જન પણ આવીને હાજર થયા છે બીજા કેટલાએક ડાકટરો પણ ત્યા બેઠા બેઠા મસલત ચલાવે છે, પણ ચંદ્રમુખીની પીડા અને દુઃખની ચીસો જરાપણ બધ થતી નથી કેદારનાથને વૃદ્ધ સ્ત્રીઓ મોઢે ચડીને ધમકાવે અને બેશરમો કહીને ધિક્કારે તોપણ વહુની પાસે જતા અટકતો નથી તેણે તો પોતાનો અને વહુનો ઓરડો જાણે એકજ કરી દીધો છે. અનેક પ્રયત્ન કરતા પણ તે ચોધાર આસુએ રડયા કરે છે તે ઘુટણીએ પડીને વારવાર પ્રાર્થના કરે છે "હે ઇશ્વર ! તુ મારા પ્રાણ ભલે લઇ લે પણ એને બચાવ !" ડાક્ટરો છેવટના નિર્ણય ઉપર આવ્યા કે ઓપરેશન કીધા વગર છૂટકો નથી, અને એને અબઘડી ક્લોરોફાર્મ આપીને બેભાન કરવામા નહી આવે તો પ્રાણ બચવાનો નથી સિવિલ સર્જન સાહેબ નસ્તર વગેરે વસ્તુઓ લેવા પોતાની ઓફિસે ગયા છે તે કેદારનાથના તરફ જોઇને ગદ્‌ગદ કંઠે બોલી "પ્યારા હુ હવે પરલોક જાઉં છું" બસ, એ સમય પછી કેદારનાથ બહુ બેચેન થઈ ગયો અને કોણ જાણે શા વિચારમા પડયો છે

બેભાન કરવા પછી અર્ધા કલાકે મુવેલો છોકરો જન્મ્યો અને થોડીજ વારમા ચદ્રમુખીના પ્રાણપખેરૂ પણ ઉડી ગયા !

બાબુ અમીચદ પણ આવી પહોચ્યા ખરા, પરતુ પુત્રવધૂને જીવતી જોઇ શકયા નહી તે દોડતા આવીને ઓરડામા ઘુસી ગયા, અને કેદારનો કાઇક સ્મિત સાથેનો શિષ્ટાચાર જોઈને તેની ચિતા જરા કમી થઇ તેણે સાભળ્યુ હતુ કે કેદાર બહુજ બેચેન છે તે બોલ્યા, "બેટા, લોકોએ તારી બેચેન અવસ્થાની વાત કરી તેથી હુ બહુ

ગભરાઇ ગયો હતો " તેણે ઉત્તર દીધો "જી, હા, પ્રથમ તો મને બહુ દુખ થયુ, પણ હવે થોડીએક મિનિટથી બરાબર સ્વસ્થ છુ" પોતે બહાર જઇને તે પ્રસગની જરૂરી કામની વ્યવસ્થા કરવા લાગ્યા એવામા એકાએક કેદારની કોટડીમાથી પિસ્તોલનો અવાજ સભળાયો. લોકો દોડીને બારણુ ભાગી અદર ગયા તો કેદાર મુવેલો પડયો છે ' ટેબલ ઉપર એક પત્ર મળ્યો – ' પ્યારા, ચદ્રમુખીના મૃત્યુના મૂખ્ય કારણ રૂપ અમેજ બધા છીએ માટે એને એકલીનેજ પ્રાણદડ શા માટે થાય ? એમા માત પિતા અને દાદાનો પણ દોષ છે મારા મૃત્યુથી તેમને પણ શિક્ષા થશે પ્રકૃતિના દુષિત નિયમ હુ પુરો કરી દઉ છુ "

બાળ-વિવાહ

૧ પશુ–જગતમા કોઇપણ પશુ સર્વાગ પુષ્ટ થયા વગર બચ્ચા પેદા કરતા નથી મનુષ્ય—જગતમા સર્વ અગોની પુષ્ટિ થવા માટે ૨૫ વર્ષ કરતા વધારે સમય લાગે છે માટે એટલી ઉમ્મર થવા પહેલાજ ગર્ભાધાન કરવામા આવે તે કામ તો પશુના કરતા નબળુ ગણાય. આવુ કામ નિદા યોગ્ય છે એટલુજ નહી, પણ અતિ હાનીકારક છે ×

૨ તરૂણાવસ્થા (જુવાની)ના પ્રથમ ચિન્હો ઉપરથી એવું નથી માનવાનુ કે મનુષ્ય વિષય–ભોગ માટે યોગ્ય થઇ ગયા બાળકોને દુધીઆ દાત ઉગી રહે એટલેજ તે શેરડી ચૂસવા યોગ્ય થઇ જતા નથી.

૩ ઢીંગલા ઢીંગલીની ખરાબ રમત રમવાથી, અને તેના વિવાહ કરીને ઢીગલાને સાથે સુવડાવીને તેના બચ્ચા થવાની વગેરે રમત દેખાડવાથી, બાળકોની સાથે તેઓના વિવાહની વાતો કરવાથી, તેઓને એવા વિચાર આવે છે કે પોતે "વિષયભોગ કરવા યોગ્ય થયા છે તેથી, અથવા એવા પ્રકારની વાતો તેઓની સાથે કરવાથી, નાનપણમા વિવાહ

× Indu Madhaw Mallick M A. B., L.

કરવાને લીધે તેઓ પરસ્પર હળવા મળવા લાગે તેથી અથવા સાથે સુવાથી યોગ્ય સમય થવા પહેલાજ બાળકોને વિષયભોગની ભાવના ઉત્પન્ન થાય છે અને તેઓને શારીરિક હાની પહોચે છે

૪ નાની વયનો ગર્ભ માતાપિતા અને તેઓના પેટના સતાન એ ત્રણેને અત્યત હાનિકારક થાય છે એવી અવસ્થાનો ગર્ભ અવસ્ય ગળી પડે છે બાળગર્ભધારિણીને બાળક જન્મતી વખતે અત્યત કષ્ટ થાય છે, અને ઘણીખરી તો મરણજ પામે છે વળી પ્રસવ સમયના અસહ્ય દુ:ખથી પ્રાણ નીકળી જાય નહી તો બાળક ચુસી ચુસીને કોમળ અગને અત્યત નિર્બળ કરી નાખે છે અને બીજી અથવા ત્રીજી વખતે સુવાવડ આવતા તો તેનુ શરીર એવુ નિર્બળ થઇ જાય છે કે તે જ્યાસુધી જીવે ત્યાસુધી આરોગ્ય રહેતી નથી તેને સુવારોગ (ક્ષય) અથવા બીજો કોઇ અસાધ્ય રોગ લાગુ પડે છે, તેથી અવશ્ય તેની જીદગીનો અતજ આવી જાય છે

× ૫ પચીસ બાળ-ગર્ભવતી સ્ત્રીઓની તપાસ કરી તે ઉપરથી માલમ પડ્યુ કે ૫ બાળકીઓના ગર્ભ ગળી પડ્યા, ૩ બાળક જન્મતી વખતે મરણ પામી, ૬ બાળક જન્મતી વખતે અત્યત કષ્ટ પામી અને ઓજારો વાપરીને તેઓના પેટમાથી બાળકો બહાર કાઢ્યા, ૫ ને બાળક જન્મવા પછી જીદગી સુધી મૂત્રરોગ વખતો વખત અત્યત દુ:ખદાયક રહ્યો, ૨ બાળક જન્મવા પછી સુવારોગમા પડીને અત્યત નિર્બળ થઈ ગઈને છેવટે મરણ પામી, ૩ બીજી વખતે બાળક જન્મવા પછી મરી ગઇ, ૨ ત્રીજી વખતે બાળકના જન્મ સમયે મરી ગઈ, અને ૧૨ અત્યત કષ્ટ વેઠતા છતા મોતમાથી બચી ગઇ, પણ તેના શરીર જીવતા સુધી રોગી રહ્યા આ પ્રમાણે ૨૫ માથી ૧૦ તો મરી ગઈ, અને ૧૨ જન્મરોગી બની ગઇ માત્ર ૨ છોકરીઓ સારી રહી *

×Dr. D C. Shome, Medical Congress Calcutta.

* ૨૫ નો સરવાળો આ હકીકતમા મળશે નહી. કારણ કે એક છોકરીને ત્રણ વખતે જૂદા જૂદા રોગ થયા હોય તેને ત્રણ વખત ગણી લીધેલી છે, તેથી સરવાળો વધી જાય છે

૬ બાળમાતાઓને અમલ ૃષ્ટ પડે છે ગર્ભ ગળી પડે છે ત્યારે આત્માને બહુજ દુ ખ પહોચે છે મુવેલા બાળકો જન્મે છે ત્યારે પણ માતાને બહુ કષ્ટ વેઠવુ પડે છે બાળક જીવતા જન્મીને તરતજ મરી જાય છે, તે મરણ પણ દુ ખ વગરનુ નથી હોતુ એવા કમજોર બાળકો જન્મે છે કે ધાવી પણ નથી શકતા બાળકો કેટલા-એક દિવસ જીવે છે, પણ તેઓના શરીર રોજ રોજ ક્ષીણ થયા કરે છે અને વહેલા મરી જાય છે એમ કરતા કદાચ બ'ચી આપત્તિઓ-માથી બાળક બચી જાય અને મોટા થાય છે તો તેઓ નિર્બળ સ્ત્રી અથવા પુરૂષ બને છે અને જીદગીભર કષ્ટ ભોગવે છે

ભારતના લગભગ બધાજ નવયુવકો પેશાબ, અગ્નિમાધ અને તાવના રોગથી પીડાયા કરે છે આખી દુનયા કરતા અહી પેશાબના રોગથી અધિક મરણો થાય છે દરસે કડે ૧૫ નવયુવકો એ રોગના ભોગ થઈ પડે છે ×

ભારતના સારા સારા ડાક્ટરોએ તપાસ કરીને ખાત્રી કરી છે કે અહીંના લોકોની તનદુરસ્તી ૩૦–૪૦ વર્ષમા બગડી જાય છે તેનું કારણ એ છે કે બાળપણામા લગ્ન કરવાથી તેઓના શરીર ક્ષીણ થઇ જાય છે, અને બાળબચ્ચાના ભરણપોષણની ચિતાનો બોજો પણ તેઓના માથા ઉપર જલદી આવી પડે છે ચિતાને લીધે માનસિક કષ્ટ અત્યત વધે છે તે કારણથી સ્વાસ્થ્ય ખરાબ થઇ જાય છે.

વિદ્યાર્થીઓને સ્કૂલ અથવા કૉલેજના ભાર ઉપરાત પોતાના બાળબચ્ચાનો પણ ભાર ઉઠાવવો પડે છે આવો બેવડો ભાર વહન કરવાનુ કામ વિદ્યાર્થીઓને અત્યત મુશ્કેલ થઈ પડે છે, તેથી તેઓની તન્દુરસ્તી બગડી જાય છે +

× Dr Albut's System of Medicine.

+ ઇતિહાસકાર ટૉલ બોઇસ વ્હીલર લખે છે કે " જ્યાસુધી ભારતવાસીઓ નાની નાની છોકરીઓ અને નાના નાના છોકરાઓના

સારાંશ એ છે કે બાલવિવાહથી ભારતની અત્યંત અધોગતિ થતી જાય છે જો હજુ પણ આપણે સાવધ થઇએ નહી, તો આપણી બધી આશાઓ ધૂળમા મળી જશે, અને આપણી જાતિનો જડમૂળથી નાશ થવાનો એવુ નક્કીજ (setted fact) માનવુ ભારતલલનાઓને આપણે વિદ્યા અને વિજ્ઞાનથી વંચિત રાખી છે, તોપણ પરમાત્માની દયાથી અન્ય રાષ્ટ્રોની સ્ત્રીઓ સન્મુખ તેઓના મુખ હજુ સુધી તો ઉજળાજ છે સુશીલતા, સુંદરતા પવિત્રતા નમ્રતા પાતિવ્રત્ય અને સ્વાર્થત્યાગમા તેઓનો દાવો ચઢિયાતો છે શિક્ષાથી વંચિત હોવા છતા આવા પવિત્ર વિચાર ! ગુલામીમા જકડાઇ ગયેલા હોવા છતા આવો ઉત્તમ-આવો ઉમદા સ્વભાવ ! બાલમાતાએ બનાવીને રીબાવવા છતા આવા સુંદર મનોહર શરીર ! બાળવિવાહની કુપ્રથા નવીન ભારતને માટે ઘણીજ લજ્જાસ્પદ છે એ કુપ્રથાનો જડમૂળથી નાશ કરવો એ ભારત સંતાનોનુ સૌથી પ્રથમ અને મહાન કર્તવ્ય છે *

વિવાહ કરતા રહેશે ત્યાસુધી તેના સંતાનો નાના બાળકો કરતા અધિક સારી દશાએ કદી પણ પહોંચવાના નથી સ્વાધીનતા અને સ્વરાજ્યના આંદોલનમા તેઓ નિસ્તેજ અને બળહીનજ નિવડવાના. રાજકીય ઉન્નતિ કરવામા ઉપયોગી હોય એવી કોઇપણ પ્રકારની શિક્ષા ગ્રહણ કરવાની યોગ્યતા અને સામર્થ્ય પણ તેઓ પ્રાપ્ત કરી શકવાના નથી શિક્ષાના પ્રભાવથી તેઓની બુદ્ધિમા ગંભીરતા આવી જાગે, અને તેઓ કોઇ મહાગંભીર અને પ્રૌઢ મનુષ્યના જેવી વાતો કરતા થશે એમા તો કાંઇ સંદેહ નથી, પરંતુ એવુ સઘળુ થવા છતા પણ તેઓના આચરણ તો અસહાય બાળકોના જેવા ચાલુ રહેશે

Wake up India, by Annie Besant.

બાળવિવાહનુ કારણ ભારતની ઉષ્ણતા નથી.

આપણા નવા ધર્મશાસ્ત્રોને લીધે ભારતવાસીઓના હૃદય ઉપર એવી છાપ બેસી ગઈ છે કે આજે વીસમી સદીના સારા કેળવાયલા અનેક એમ એ, બી એ, પણ વિવેક-શૂન્ય અને બુદ્ધિહીન મનુષ્યોના જેવી વાત કરે છે તેઓ વિચાર દોડાવતા નથી, અને અધપરપરાને આધીન ગમાર લોકોની પેઠે એવુ માની બેઠા છે કે અહીની છોકરીઓ જલદી ગર્ભધારણ કરવા યોગ્ય બની જાય એવો ભારતના હવાપાણીમા જ ગુણ રહેલો છ ભારત એવો ગરમ દેશ છે કે અહીની કન્યાઓ રજસ્વલા પણ જલદી થાય છે એ વાતના પુરાવામા ૧૨-૧૩ વર્ષની બાળમાતાઓ રજુ કરે છે લોકોને દૃઢ વિશ્વાસ બેસી ગયો છે, કે આખા ભારતમા નહી બને તો ભલે, પણ બગાળામા અને બીજે નબરે સયુક્ત પ્રાતમા પ્રકૃતિ છોકરીઓને વિવાહ યોગ્યજ નહી પણ બાળમાતાઓ બનવા યોગ્ય તૈયાર બનાવી મૂકે છે કહે છે કે દસ વર્ષની છોકરીઓને ગર્ભ રહેવાના ઘણા દષ્ટાતો છે, તેમાની ઘણીને પૂરા સમયે સતાન પેદા થયા છે, અને સતાનો તથા બાળમાતાઓ જેને જીવતા જાગતા જોવા હોય તો જોઇ લો '

ડાકટર ચક્રવર્તી લખે છે કે, " હુ એક છોકરીને તેની બાલ્યાવસ્થાથીજ બરાબર ઓળખુ છુ, તેને દશ વર્ષની ઉમરે છોકરા પેદા થયો હતો " ડાકટર રોબર્ટસન કહે છે, કે " કારખાનામા કામ કરનારી એક છોકરીને અગિયાર વર્ષની ઉમરમા ગર્ભવતી થયેલી જોઈ છે " ડાકટર બેવી લખે છે કે " કલકત્તાના એક ઇસાઇની ૧૧ વર્ષ ૫ મહિનાની છોકરીએ છોકરાને જન્મ આપ્યો હતો " ડાકટર સાહેબે અનેક સભ્ય સજ્જનોને એ છોકરીની ખરેખરી ઉમ્મર વિષે પૂછ્યુ પણ બધાએ તેની ખરી ઉમ્મર ૧૧ વર્ષ અને પાચ મહિનાનીજ બનાવી ડાકટર ગ્રીન કહે છે, કે ' મે લકામા એક ૧૨ વર્ષની છોકરીને ગર્ભવતી જોઇ તે બિચારી બાળક જન્મતી

વખતે મરી ગઈ " ડાક્ટર કન્હૈયાલાલ કહે છે કે " બંગાળામા સાધારણપણે બાર વર્ષની છોકરીઓ ગર્ભ ધારણ કરેલી જોવામા આવે છે "

આની રીતની એક બે નહી, પણ સેંકડો હજારો બાળમાતાઓ ભારતમા આજકાલ જોવામા આવે છે માટે આપણે તપાસ કરીએ કે ભારતના હવાપાણી વિલક્ષણ છે, તેથી—ભારત ઉષ્ણ દેશ છે તેથી અહીની છોકરીઓ જલદી ઋતુમતી થાય છે, અથવા એના કોઇ બીજા કારણો છે, અને બીજા દેશોમા પ્રકૃતિનો કવો નિયમ છે તે પણ જોઇએ

જગતપ્રસિદ્ધ ડાક્ટર હાલિક લખે છે કે,—" જેટલી બની શકે તેટલી તપાસ કરવાથી એવુ માલમ પડ્યુ કે મસારની લગભગ સઘળી જાતિઓમા કન્યાઓ એકજ ઉમ્મરે રજસ્વલા થાય છે જો આફ્રિકા જેવા ગરમ દેશની હબસી છોકરીને, અને યૂરોપ જેવા ઠંડા દેશની ગોરી છોકરીને એક સરખી રીતે ઉછેરવામા આવે તો બને એક સરખી વયમાજ રજસ્વલા થાય છે " +

જો કે ઉછેરના ભેદના મુકાબલે ભારતમા છોકરીઓ જલદી વિષય ભોગવવા યોગ્ય થાય છે, તો પણ ભિન્ન ભિન્ન દેશોમા ભિન્ન ભિન્ન સમયે છોકરીઓ વિષય ભોગવવા યોગ્ય થતી હોય એ મોટા સદેહની વાત છે

મિસ્ટર રોબર્ટસને ખૂબ તપાસ કરીને નિશ્ચય કર્યો છે કે ભૂમડળના સઘળા દેશોમા લગભગ એક સરખી ઉમ્મરમાજ છોકરીઓ રજસ્વલા થાય છે તેઓ ખાત્રીથી કહે છે કે ભારતવર્ષમા પ્રાકૃતિક

---

* 'Medical Jurisprudence for India' By Chevers, Page 673

+ 'The Origin of Life' Page 363
'Annuals of Medical Science'

નિયમ પ્રમાણે છોકરીઓ રજસ્વલા થતી નથી અને ગર્ભ ધારણ કરવા યોગ્ય પણ થતી નથી, કુરિવાજો અને તેઓની સાથે કરવામાં આવતા અશ્લીલ વહેવારથી તેઓને બળજોરી વાપરી ગર્ભાધાન યોગ્ય બનાવવામાં આવે છે તેમનું કથન છે કે "ભારતની રાજનૈતિક અવસ્થા તથા સામાજિક અવસ્થા ઘણી બગડી ગયેલી છે, અહીંના કાયદા કાનૂન અને રીતરિવાજોની બહુ ખરાબ સ્થિતિ છે ભારતના સ્ત્રીઓને અતિ મૂર્ખ બનાવી દીધેલ છે, અને તેઓને ગુલામીમાં સજ્જડ જકડી રાખેલી છે, અને અહીંના વિવાહ-સંબંધવાળા ધર્મ પુસ્તકોમાં ઘણો ખરાબ ઉપદેશ કરેલો છે તેથી ભારતની કન્યાઓ પ્રકૃતિના નિયમથી વિરુદ્ધ જલદી વિષયવાસનાવાળી બને છે જો અમેરિકા અને ઇગ્લાંડમાં આવી દશા હોય તો ત્યાંની છોકરીઓ પણ એટલીજ જલદી વિષય-વાસના ધરાવતી થઈ જાય અમેરિકામાં પણ સમાજમાંની પતિત થયેલી સ્ત્રીઓ ૧૧-૧૨ વર્ષની છોકરીઓ (Prostitutes) કેટલીએક બાબતોમાં ૧૭-૧૮ વર્ષની સ્ત્રીઓના જેવી જણાય છે અને ગમે તે દેશની છોકરી હોય તો પણ તેને જો આવી માઠી અવસ્થામાં રાખવામાં આવે તો તેઓ પેલી પતિત થયેલી બજારૂ છોકરીઓની પેઠે બહુ જલદી વિષયવાસનાવાળી બની જાય છે દરેક દેશમાં શહેરની છોકરીઓ ગામડાની છોકરીઓના કરતા જલદી વિષય-વાસનાવાળી થઈ જાય છે, કારણ કે શહેરોમાં એ છોકરીઓની વૃત્તિઓ ઉશ્કેરવાના સાધનો વધારે પ્રાપ્ત થાય છે

જુવાનીને જલદી બોલાવવા માટે પ્રેમની વાતો જેટલી અસર કરે છે, તેટલી અસર બીજી કોઇપણ બાબતથી થતી નથી બેહુદી રમતો અને બેહુદી કથાકહાણીઓ છોકરાઓને દેખાડવા કે સંભળાવવાથી અથવા છોકરાઓને તેઓ જુવાન થઈ ગયા એવું કહ્યા કરવાથી

---

* 'The Origin of Life' by F. Hollick Page 378.

અને તેઓની જુવાની હવે પાસે આવતી જાય છે એવુ કહ્યા કરવાથી પણ જુવાનીને નોતરવાનુ કામ સરે છે

ભગવાન ધન્વન્તરિ 'સુશ્રુત'મા કહે છે કે "ભારતમા કન્યા બાર વર્ષની વયથી રજસ્વળા થાય છે, અને એ રજોધર્મ પચાસ વર્ષની વય થાય ત્યારે અવસ્ય બધ પડી જાય છે' ભૂમડળના અન્ય દેશોમા પણ રજસ્વળા થવા માટે એજ નિયમ છે અત્યત ઠડા ઇગ્લાડ દેશમા પણ એટલી જ વયની છોકરીઓ રજસ્વળા થાય છે ત્યા પણ ૧૨ થી ૧૭ વર્ષની વય થતા સુધીમા છોકરીઓ રજસ્વળા થાય છે, અને ૪૫–૫૦ વર્ષ સુધી રક્ત-દર્શન થયા કરે છે

ઇગ્લાડમા માનચેસ્ટરની 'લાઇગ ઇન' હોસ્પીટલમા ૨૪૦ છોકરી-ઓની પરીક્ષા કરવામા આવી ત્યારે તેમાની ૧૦ છોકરીઓ અગિયાર વર્ષની વયે રજસ્વળા થઈ, ૧૯ છોકરીઓ બાર વર્ષની વયે, ૫૩ છોકરીઓ તેર વર્ષની વયે, ૮૫ છોકરીઓ ચૌદ વર્ષની વયે, ૯૭ છોકરીઓ પદર વર્ષની વયે, અને ૭૬ છોકરીઓ સોળ વર્ષની વયે રજસ્વળા થઈ*

ભારતમા ૨૭ ગોરી છોકરીઓની તપાસ કરવામા આવી, તેમાથી—

૪	છોકરીઓ	૧૨—૧૩	વર્ષની વચમા
૮	,,	૧૩—૧૪	વર્ષની વચમા
૯	,,	૧૪—૧૫	વર્ષમા
૫	,,	૧૫—૧૬	વર્ષમા અને
૧	,,	૧૬—૧૭	વર્ષમા રજસ્વળા થઇ હતી ×

* 'The Origin of Life,' Page 263

× Dr Fayrer, Calcutta European Female Asylum

ડાક્ટર હટકિલન્સ કહે છે કે " એ ગોરી છોકરીઓ એટલી જલદી રજસ્વલા થઇ ગઈ કે તેઓ અગિયાર વર્ષ અને સાત મહિનાની વય થતા માતાઓ બની શકતે "+

ડાક્ટર રોબર્ટસન કહે છે કે " ભારત અને ઇગ્લાડ એ બન્ને દેશોની નવ વર્ષની છોકરીઓ રજસ્વળા થાય છે અને થઇ શકે છે "*

આવા મહાન પુરુષોના લખાણો ઉપરથી પ્રગટ થાય છે કે દુનિયામા રજસ્વળા થવાનો સમય પ્રકૃતિએ સઘળે ઠેકાણે એક જ રાખેલો છે હવે જોવાનુ તો એ છે કે બીજા દેશોમા પણ કોઇ વખતે બાળવિવાહનો ચાલ હતો કે નહી ? અને બીજા દેશોમા પણ બાળ-માતાઓ થતી હતી કે નહી ?

બાળવિવાહનો રિવાજ જ્યાસુધી અસભ્યાવસ્થા રહી ત્યા સુધી લગભગ સઘળા જ દેશોમા ચાલતો હતો, તે એટલે સુધી કે અઢારમી સદીના આરભ સુધી ઇગ્લાડમા પણ એ કુપ્રથા ચાલતી હતી ફ્રાન્સના રાજા ફિલિપ સાથે ઇગ્લાડની ૧૨ વર્ષની નાની વયની રાજકુમારીનો વિવાહ થયો હતો બીજી ઇંગ્લાડની રાજકુમારીના વિવાહ નવ વર્ષની વયમા થયા હતા ઇંગ્લાડના રાજા રિચર્ડનો ફ્રાન્સની રાજકુમારી સાથે વિવાહ થયો ત્યારે તે વખતે રાજકુમારીની વય માત્ર આઠ જ વર્ષની હતી શ્રીમતી એલિઝાબેથ હાર્ડવિકના વિવાહ ૧૩ વર્ષની વયે થયા હતા સાઉથ હેમ્પટનના અર્લની પુત્રી આડરે ૧૪ વર્ષની વયે મરણ પામી ત્યારે તેના વિવાહ થઇ ચુકેલા હતા ઇગ્લાડનો રાજા સાતમો હેનરી અત્યત નિર્બળ હતો, કારણ કે તેની માતા લેડી માર્ગ્રેટના વિવાહ છેક નવ વર્ષની નાની વયમા જ થયા હતા, અને જ્યારે હેનરીનો જન્મ થયો ત્યારે લેડી માર્ગ્રેટની

+ * Vide Medical Jurisprudence by R, Chevers Pages 672–692

વય દસજ વર્ષની હતી ઇંગ્લાંડના ઉપલા વર્ગના લોકોની એની જ હાલત હતી, અને તેઓ અત્યંત નાની વયમાં વિવાહ કરતા હતા ≈

ઇંગ્લાંડની 'રેસ્ક્યુ સોસાઇટી'એ સમાજમાંથી પતિત થયેલી ૧૦ થી ૧૬ વર્ષ સુધીની વયની છોકરીઓને માટે એક આશ્રમ બનાવવાની પ્રાર્થના સરકારને કરી હતી કારણ કે એવડી નાની વયની છોકરીઓની અરજીઓ એ સોસાઇટીને હમેશાં નામંજૂર કરવી પડતી હતી

મારિસ (Maurice 23, Lord Berkly, Edward 1) ના વિવાહ આઠ વર્ષની વયમાં થયા, અને તે ચૌદ વર્ષની વયનો થતાં અગાઉ તેને છોકરો થયો હતો વર્જીનિયા નગરની એક ૧૩ વર્ષની છોકરીને સુવાવડનું અધિક કષ્ટ થયું નહીં ને છોકરો જન્મ્યો × ઇ એક યુવતી સ્ત્રી એક દસ વર્ષના છોકરા સાથે સુઇ રહેતી હતી તેના મનમાં પાપના વિચારો પેદા થયા અને તે છોકરા સાથે વિષય-સેવન કરવાથી ગર્ભ રહેવાનો ભય નથી એવું સમજીને ભોગ ભોગવતી રહી પણ તેને ગર્ભ રહી ગયો અને ભારે અપમાન ખમી શરમાવાનો પ્રસંગ આવ્યો + એક દસ વર્ષ અને તેર દિવસની વયની છોકરીને છોકરી પેદા થઇ તેનું વજન ૭ રતલ હતું *

મિસ્ટર ટેલર કહે છે કે "કોઇપણ દેશમાં નવ વર્ષની છોકરીઓ ગર્ભવતી થઇ શકે છે એટલે કે એ પ્રમાણે બનવું અસંભાવ્ય નથી "+

≈ 'Medical Jurisprudence for India Page 692.

× Philadelphia Medical Examiner, April 1855.

+ 'The Origin of Life' Page 456

* Transylvania Journal, vol VII Page 447.

+ 'Medical Jurisprudence' by R Chevers Page 673.

જગત પ્રસિદ્ધ ડાક્ટર હોલિક લખે છે કે-' મે એક સાત વર્ષના છોકરાના અંગને વિષય સંભોગ કરવા યોગ્ય જોયુ છે આ બાબતમા પ્રકૃતિનો નિયમ બાહુ જ ઢંગ વગરનો છે સાત વર્ષનો છોકરો સંભોગ કરીને ગર્ભ ધારણ કરાવી શકે છે "

ઉપર કહેલી સઘળી વાતો જ્યા ભારતના જેવી ગરમી પડતી નથી એવા થંડા દેશોની છે અને રજસ્વળા થવાનો સમય, અથવા બાળપણમા ગર્ભવતી થવાની હકીકત પણ જેવી ભારતમા છે તેવી જ એ દેશોમા પણ છે

મુસલમાનોમા પણ એવી કુપ્રથા હતી અને આજે પણ છે એ લોકોના કાનુનોના પુસ્તકો ઉપરથી જણાય છે કે સાત વર્ષ કરતા ઉપરની વયની છોકરીઓ સાથે સંભોગ કરવાનો અધિકાર છે ' × મુસલમાનોના નબી મહંમદ સાહેબે આયેશાની સાથે તેની સાત વર્ષની વયમા વિવાહ કીધા હતા અને તે આઠ વર્ષની થઇ ત્યારે તેની સાથે સંભોગ કીધો હતો – જ્યારે કોઇ નવ અથવા દસ વર્ષની છોકરીનામા યુવાવસ્થાનુ કાઇ ચિન્હ પ્રગટ થાય તો તેને પૂખ્ત વયની ગણવામા આવે છે =

આ અનેક દેશો અને જાતિઓના ઉદાહરણો ઉપરથી એવુ સિદ્ધ થયુ કે ભારતમા છોકરીઓ નાની વયમા રજસ્વળા થાય છે ખરી; પણ તે ઉપરથી એવુ અનુમાન બાંધી નથી શકાતુ કે છોકરીઓ જલદી વિષય-વાસનાવાળી થઇ જાય એવી ઉષ્ણુતા ભારતના હવા

---

* 'The Origin of Life' Page 456

× Notes on Muhammaden Law by Khan Bahadur M T Khan

– 'The Origin of Life.' Page 458.

= Macnaghten's Mahammaden Law Pages 228 and 266.

પાણીમા રહેલી છે એ ઉપરથી સમજવુ જોઇએ કે ભૂમડળના પ્રત્યેક દેશ અને પ્રત્યેક જાતિને માટે પ્રકૃતિનો નિયમ એકનો એકજ છે, અને ભારતના હવાપાણીમા કશીપણ વિશેષતા નથી અથવા ન્યૂનતા નથી જ્યારે દેશની અવસ્થા બગડે છે, અને લોકો જ્ઞાનહીન રહે છે ત્યારે તેઓ બાળવિવાહના ક્રુર રિવાજમા ફસાઇ જાય છે

પ્રકૃતિનુ અદ્ભુત રહસ્ય.

આપણે ઉપર જોઈ ગયા કે નવ વર્ષની છોકરીઓ ગર્ભવતી થઇને બચ્ચા પેદા કરે છે, અને દસ વર્ષ અથવા તેથી ઓછી વયના છોકરાઓથી પણ સ્ત્રીઓ ગર્ભવતી થઇ શકે છે હવે બીજી બાજુ તપાસીએ —

ટૉમસ પાર ૧૫૨ વર્ષ સુધી જીવ્યો હતો તેના વિવાહ ૧૨૦ વર્ષની વયે થયા હતા અને ૧૪૦ વર્ષની વયે તેને છોકરો પેદા થયો હતો × ફ્રેલિક્સ પ્લેટર જણાવે છે કે તેના દાદાને બરાબર ૧૦૦ વર્ષની વય સુધી છોકરા પેદા થયા હતા – સીજ નગરનો વડો પાદરી લખે છે કે, " સીજમા એક ૯૪ વર્ષની વયના પુરુષે એક ૮૩ વર્ષની વયની સ્ત્રી જોડે વિવાહ કીધા તે સ્ત્રી ગર્ભવતી થઇ અને તેને પુત્ર ઉત્પન્ન થયો। માર્શલ ડી એસ્ટ્રીએ ૯૧ વર્ષની વય થઈ ત્યારે બીજી વખત લગ્ન કીધુ માર્શલ ડી રિચલે મેડમ ડીગાની સાથે ૮૪ વર્ષની વય થઇ ત્યારે લગ્ન કીધુ સર સ્ટીફેન ફ્રાકસના લગ્ન ૭૬ વર્ષની

× Reference given in three books (1) Philosophical Transaction (2) The Origin of Life, and (3) The Conjugal relationship

" 'The Conjugal Relationship as to health," by K Gardner, Page 159–167.

+ History of the Academy of Science.

વર્ષે થયા હતા અને તેને ચાર છોકરા થયા હતા પહેલો છોકરો ૭૮ મા વર્ષે થયો, ત્યાર પછી બે છોકરા જોડિયા જન્મ્યા, અને ચોથો ૮૧ મે વર્ષે પેદા થયો મિમાયર્સ ડી આર્મોનરે (Memoires de Armonier) ૮૭મે વર્ષે વિવાહ કીધા તેને તનદુરસ્ત છોકરા પેદા થયા બેગન સાહેબ જણાવે છે કે "મારો એક મિત્ર ૭૫ વર્ષની વયે એક સ્ત્રીના મોહપાશમા ફસાઇ પડવાથી તેણે તેની સાથે વિવાહ કરી લીધા "

વિજ્ઞાનદ્વારા વિવાહકાળ-નિર્ણય.

" God's law in Nature is higher than the written word of man, however it is claimed to be inspired, and that when it comes to contest between the two then it is the law that cannot be forged that should be followed that Law of Nature which is supremely and undeniably the Law of God "

—Annie Besant

પરમાત્માનો બનાવેલો પ્રકૃતિનો નિયમ મનુષ્યના બનાવેલા નિયમો કરતા સદૈવ અધિક માનનીય છે, પછી તે નિયમો ગમે તેવા બ્રહ્મજ્ઞાની મનુષ્યના બનાવેલા હોય તો ભલે વળી જ્યારે એ બન્ને નિયમો વચ્ચે મતભેદ હોય ત્યારે જે નિયમ કોઇ પણ દોષવડે દુષિત થઇ શકતો નહીં હોય તેનેજ માનવો જોઇએ એવો અભેદ, અટલ, અને અમિશ્રિત નિયમ તો કેવળ પ્રકૃતિનોજ નિયમ છે, જે નિ સદેહ પરબ્રહ્મ પરમાત્માનો બનાવેલો નિયમ છે—એની બીસાટ

આપણે આગના ભાગમા જોઈ ગયા કે જન્મથી કેટલાએક વર્ષો વીતવા પછી અને મરવાના કેટલાએક વર્ષ પહેલા સુધી સ્ત્રી અને પુરૂષ બન્નેનામા સભોગ કરવાની શક્તિ રહે છે માટે હવે એટલો

વિચાર કરવો રહ્યો કે એ શક્તિ પામે યોગ્ય કામ લેવાનો ઉચિત સમય કયો છે? અને કેટલી વયના થાય ત્યારે વિવાહ કરવાથી સ્ત્રી અને પુરૂષને હાનિ નહીં થાય?

જ્યારે શરીરના અંગોની પ્રૌઢતા થવાનો આરંભ થાય તે અવસ્થાને જુવાની અથવા તરુણપણુ કહે છે. સંસારના સઘળા દેશોમા અને ભૂમંડળની પ્રત્યેક જાતિમા પુરૂષની સોળ વર્ષની વય થાય ત્યારે અને સ્ત્રીની બાર વર્ષની વય થાય ત્યારે એ અવસ્થાનો આરંભ થવા માડે છે. જન્મ થાય તે સમયથી એટલી વયના થાય ત્યા સુધી જીવિત શરીરની વૃદ્ધિ માત્ર થતી રહે છે. ત્યાર પછી જીવિત શરીરવૃદ્ધિ કરવાની શક્તિ હાડકા અને માસના લોચાઓને પુષ્ટ કરવાનુ કામ કરે છે તથા શરીર-સબંધી સર્વ પ્રકારની શક્તિઓની ઉન્નતિ કરવાનુ કામ કરે છે, અને સંતાનોત્પત્તિ કરવાની શક્તિની વૃદ્ધિ કરવાનુ કામ પણ કરે છે.

શરીરની સાત ધાતુઓમા રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્રમા-નવોજ ચમત્કાર આવી જાય છે. શુક્ર અથવા વીર્ય જે આટલા સમય સુધી મંદ હોય છે તે હવે પોતાની પ્રધાનતા પ્રગટ કરે છે, અને શરીર રૂપી નગરનો રાજા બની જાય છે. જેવી રીતે શેરડીમા રસ, દહીમા ઘી, અને તલમા તેલ રહે છે, તેવીજ રીતે શરીરમા વીર્ય રહે છે. જુવાનીમા વીર્યવૃદ્ધિ અને શરીરની પુષ્ટિ થાય છે, તે કારણથી શરીરના દરેક અંગમા પુષ્ટતા થવાનો આરંભ થાય છે. શરીરમા બળ અને પરાક્રમ પ્રવેશ કરવા માડે છે, ચહેરો તેજસ્વી થતો જાય છે, ડોળદાર બને છે, અને આખા શરીરમા એક ખાસ તરેહની ખૂબસૂરતી આવી જાય છે.

જોકે જુવાની અથવા તરૂણપણાના પ્રારંભિક ચિન્હ પુરૂષોમાં ૧૬ અને સ્ત્રીઓમા ૧૨ વર્ષની ઉમ્મરે દેખાવા માડે છે ખરા, પણ વીર્ય અને ઇંદ્રિઓની પુષ્ટિ થવા માટે એ સમય પછી પૂરા દસ વર્ષ બાકી રહે છે. એ સમય નિષ્કંટક વીતી જવા પછી શરીર સર્વાંગ પુષ્ટ બની જાય છે. શારીરિક, માનસિક, અને આત્મિક શક્તિઓમાં

પ્રકાશ આવી જાય છે. શરીરમાં પાર વગરનું અથાગ બળ અને પરાક્રમ ઉછાળા મારે છે. મનમાં ઉમંગ, શરીરમાં સ્ફુર્તિ અને ચહેરા ઉપર આનન્દનો ઝલક દેખાય છે. અર્થાત્ પુરુષના વીર્ય તથા નારીને પુષ્ટ થવા માટે ઓછામાં ઓછા જન્મથી ૨૮ વર્ષ અને સ્ત્રીને ૨૨ વર્ષ જોઇએ.

આટલી વયના સ્ત્રી-પુરુષો થાય તે કરતાં જેટલા વખત પહેલાં જેટલા અધિક કાચા શરીરમાંથી જેટલું અધિક કાચું વીર્ય નીકળી જાય તેટલી તેટલી અધિક હાનિ થાય છે. સંતાનની પણ પુષ્ટિ અને માનસિક આદિ સર્વ શક્તિઓની વૃદ્ધિ થવાને બદલે ક્ષીણતા થવાથી ભયંકર હાનિ થાય છે. શરીરને ક્ષય રોગ અને મનને દુર્બળતા લાગુ પડવાથી પરાક્રમતા તથા બુદ્ધિશક્તિની પણ અધિક હાનિ થાય છે.

આવા કારણથી વિજ્ઞાનદ્વારા વિચાર કરતાં વિવાહ કરવા માટે સર્વોત્તમ વય પુરુષોને માટે ૨૬ થી ૩૨ વર્ષની અને સ્ત્રીઓને માટે ૨૩ થી ૨૮ વર્ષ સુધીની જણાય છે.

સંસારની તમામ સભ્ય અને સુશિક્ષિત જાતિઓમાં લગભગ એટલીજ ઉમરે વિવાહ કરવામાં આવે છે.

ડાક્ટર એફ. હોલિક કહે છે–“યુરોપ અને અમેરિકામાં વિવાહ કરવાની સાધારણ વય પુરુષોને માટે ૨૮ થી ૩૧ વર્ષ સુધીની અને સ્ત્રીઓને માટે ૨૩ થી ૨૮ વર્ષ સુધીની હોય છે. પરંતુ એ કરતાં પણ વધારે મોટી ઉમ્મર થયા પછી વિવાહ કરનારા અને જીવનપર્યંત વિવાહ જ નહીં કરનારા સ્ત્રીપુરુષોની સંખ્યા વધતી જાય છે.”

શું ભારતની પ્રાચીન વિવાહપ્રણાલી વિજ્ઞાનથી પ્રતિકૂલ છે ?

બાળવિવાહના પક્ષપાતી લોકો કહે છે કે ઋતુમતી યુવતીના વિવાહ શાસ્ત્ર-વિરુદ્ધ છે, અને ભારતમાં કોઈ પણ વખતે એવા વિવાહનો પ્રચાર હતોજ નહીં પરંતુ આજકાલની અધમ દશામાં પણ વિવાહસંસ્કાર કરાવતી વખતે જે મંત્રો બોલાય છે, તે ઉપરથી તો ખુલ્લે ખુલ્લું એવું માલૂમ પડે છે કે પ્રાચીન સમયમાં સ્ત્રી અને પુરૂષની વય વિવાહના સમય યુવક અને યુવતીના જેવી હતી બાળક બાળકીના જેવી હતી નહી વિવાહ-સંસ્કારના આરંભમાં અગ્નિહોત્ર અને ગાયત્રી થવા પછી કન્યાનો પિતા કહે છે કે—

प्रत्या मुञ्चामि वरुणस्य पाशाद्येन त्वाबध्नात् सविता सुशेव ।
ऋतस्य योनौ सुकृतस्य लोकेऽरिष्टां त्वा सह पत्या दधामि॥
ऋ० मं० १०, अ० ७, सू० ८५, मं० २४.

અર્થાત—હે કુમારી ! આજ અમે તને (કુંવારીપણાના) પ્રેમના બંધનમાંથી મુક્ત કરીએ છીએ, જે બંધનવડે તને હમારી સાથે સૂર્યે બાંધી રાખેલી હતી અમે તને તારા પતિની સાથે એવા સ્થાનમાં મૂકીએ છીએ કે જે સ્થાન સચ્ચાઈ અને પુણ્યનું ઘર છે. તમે ત્યાં પ્રસન્નતાપૂર્વક નિવાસ કરો

ત્યારે વર કન્યાનો હાથ પકડી અગ્નિને સાક્ષી ગણી કહે છે કે—

गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जरदष्टिर्यथासः
भगोऽर्यमा सविता पुरधिर्मह्य त्वादुर्गार्हपत्याय देवा ॥
ऋ० मं० १०, अ० ७, सू० ८५, मं० ३६।

અર્થાત્—હું તારો હાથ સુખ અને સૌભાગ્યને માટે ગ્રહણ કરૂં છું વૃદ્ધાવસ્થા સુધી તું મારી પત્ની બનીને રહે કૃપાળુ સવિતાએ તને

મારે સ્વાધીન કરી છે, તે એટલા માટે કે તુ મારી ગૃહિણી બનીને ધર્મના કામને માટે સદા તત્પર રહે

तुभ्यमग्रे पर्य्यवहन्त् सूर्य्यां वहतुना सह ।
पुन पतिभ्यो जाया दाऽअग्ने प्रजया सह ॥

ऋ० म० १०, अ० ७, सू० ८५, म० ३८

અર્થાત્—પરમાત્મન્ ! તુ આ સૌભાગ્યવતી કન્યા મને અર્પણ કરે છે, એ મારા પ્રેમાલિંગનને પ્રેમ અને આદરપૂર્વક ગ્રહણ કરે અને મારે માટે પ્રજા ઉત્પન્ન કરે હે અગ્નિદેવતા ! આપ મને આ પત્ની અર્પણ કરો છો, એની સાથે મને ધન અને સંતાન પ્રાપ્ત થાઓ.

સાતમી પ્રદક્ષિણા ફરતી વખતે પતિ પત્નીને સંબોધન કરીને કહે છે કે—

सखे सप्तपदा भव सखायौ सप्तपदा बभूव सख्यन्ते गमेय सख्यात्ते मायोष सख्यान्मे मा योष्ठास्सम याव सकल्पावहै सप्रियो रोचिष्णु सुमनस्यमानौ । इष मूर्जम मिसव सानौ सन्तो मनासि सव्रता । सुभचित्तान्याकरम्। सात्वमस्य मूहल मूहमस्मि सात्व द्यौरहं पृथ्वी त्व रेतोऽह रेतोभत् त्व मनोऽमस्मि वाक् त्व सामाहमस्म्पृक्त्व त्वमामनुव्रता भव पुसे पुत्राप वेत्तवै श्रिय पुत्राय वेत्तवा एहि सूनृते ॥

ऋ० म० १०, सू० ८५

અર્થાત્-આપણે સાત વખત પ્રદક્ષિણા (સપ્તપદી) ફર્યા છીએ. આપણે હવે એક બીજાના પરમ સખા બની ગયા મારો તમારાથી કદી વિયોગ નહી થાય, અને તમારો મારાથી કદી વિયોગ નહીં થાય આપણે બન્ને એક જ રહીએ હવે પ્રસન્ન હૃદયથી અને પરસ્પર પ્રેમની સાથે એકબીજાની સલાહ લઈએ હવે આપણા બન્નેના મન, કર્તવ્ય, અને ઈચ્છા એક જ છે. તમે ઋક્ છો અને

હું સામ છું, હું દ્યૌ છું તમે પૃથ્વિ છો હું રેત છું, અને તમે રેતની ધારણ કરનાર છો, હું મન છું અને તમે વાણી છો તમે મારા અનુગામિની થાઓ કે જેથી પુત્ર અને ધનની પ્રાપ્તિ થાય મિષ્ટ-ભાષિણી ! આવો.

પાઠક બધુઓ ! આપ જરા વિચાર તો કરો કે આવા વચનો 'અષ્ટવર્ષા ગૌરી' દ્વારા બોલાવા યોગ્ય છે પણ બને કે ?

પછી પત્ની કહે છે —

आन प्रजा जनयतु प्रजापति राजरसाय समन-कत्वार्यमा ।

અર્થાત્—સૃષ્ટિકર્તા પરમ પિતા પ્રજાપતિ આપણને સુખ અને સંપત્તિ પ્રદાન કરો, અને આપણે વૃદ્ધાવસ્થા સુધી એકબીજાની સાથે રહીએ

પછી કન્યાના પિતા કહે છે —

इह प्रिय प्रजया ते समृध्यतामस्मिन् गृहे गार्हपत्याय जागृहि एना पत्या तन्व स सृजस्वाधा जिव्री विदथमावदाथ ॥

सम्राज्ञी श्वसुरे भव सम्राज्ञी श्वश्र्वा भव ।
ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञिऽअधिदेवृषु ॥

ऋ० म० १०, अ० ७, सू० ८०, म० २७–८६ ।

અર્થાત્—તુ સંતાનોત્પત્તિ કરીને સુખી થા તુ પોતાના ઘરનું કામકાજ સાવધાનીથી કર તુ તારા શરીરને પતિમા લીન કરી દેજે વૃદ્ધાવસ્થા સુધી તારા વશમા પ્રભુત્વ ભોગવ તુ તારા સાસુ, સસરા, નણદ અને દિયરની સામ્રાજ્ઞી બન, અર્થાત્ એ સર્વ તારે આધીન રહે, અને તુ તેઓનુ સંરક્ષણ કર

ત્યારપછી વરનો પિતા કન્યાને સંબોધીને કહે છે —

इहैव स्त मा वि यौष्टं विश्वमायुर्व्यश्नुत ।
क्रीडन्तौ पुत्रैर्नप्तृभिर्मोदमानौ स्वे गृहे ॥

ऋ० म०१०, अ०७, सू०८५०, म०४२ ।

અર્થાત્—હે વધૂ ! તુ તારા પતિની સાથે સદૈવ રહે, કદીપણ જુદી પડતી નહીં આમો જ માગે પતિ સાથે ઐક્ય કરીને રહે. પોતાના ઘરમા પ્રસન્નતા પૂર્વક રહીને પોતાના પુત્રો તથા પૌત્રો સાથે આનદથી રમત ગમત કર

આ પછી પતિ અને પત્ની બન્ને કહે કે —

समजनु विश्वे देवा समापो हृदयानि नौ।
स मातरिश्वा स धाता समुदेष्ट्री दधातु नौ॥
ऋ० म० १०, अ०७, सू०८५, म० ४७।

અથાત્—હે સૃષ્ટિના દેવતા ! અમારા પતિપત્નીના હૃદય સદૈ એકત્ર મળેલા રહે એવા કરો–માતરિશ્વા, વાગ્દેવી અમારો મેળાપ કરીને એકરૂપ બનાવી દો.

આ પ્રમાણે વિધિ થવા પછી કન્યાનો પિતા વિવાહ સસ્કારમા બોલાવેલા અતિથિઓને સબોધીને તેઓને કહે છે —

सुमगलीरिय वधुरिमा समेत पश्यत।
सौभाग्य मस्यै दत्वाथास्त वि परेतन॥
ऋ म १०, अ०७, सू ८५, म० ३३।

અથાત—આ કન્યા સૌભાગ્યવતી છે આપ લોકો આવીને એને જુઓ અને આશિર્વાદ દઇને આપ પોતપોતાને ઘેર જાઓ.

ત્યારે ત્યા હાજર હોય તે અતિથિઓ નીચે પ્રમાણે પ્રાર્થના કરે છે —

इमा त्वमिंद्र मीढ्व सुपुत्रा सुभगा कृणु।
दशास्या पुत्रानाधेहि पतिमेकादश कृधि॥
ऋ० म०, १०, अ०७, सू ८५, म ४५।

અર્થાત્—હે ઇંદ્ર ભગવાન ! તમે આ પત્નીને સૌભાગ્યવતી બનાવો એ ઘણા વીર પુત્રોની માતા બને એને દશ પુત્રરત્ન પ્રાપ્ત થાઓ. પતિની સાથે અગિઆર વીર એને પ્રાપ્ત થાઓ.

ત્યારપછી નીચેની પ્રાર્થના કરીને કન્યાનો પિતા યજ્ઞ સમાપ્ત કરે છે—

उदीर्ष्वातो विश्वावसो नमसे लामहे त्वा
अन्यामिच्छ प्रफर्व्य जाया पत्या सृज।
ऋ म० १०, अ० ७, सू ८५, म० २२।

અર્થાત્—હે વિશ્વાવસુ ! (વિવાહના દેવતા) આ સ્થાનેથી ઉઠો. અમે તમને દંડવત્ કરીને તમારી પૂજા કરીએ છીએ હવે જેના અંગ પ્રૌઢતાવાળા થયા હોય એવી કોઇ બીજી કુમારીની પાસે જાઓ તેનો એક પતિ સાથે મેળાપ કરાવીને પત્ની બનાવો

આજે પણ ઉપર બતાવેલા વેદમંત્રોથી વિવાહ-સંસ્કાર કરાવવામાં આવે છે એ મંત્રો ઘણા મહત્વના છે એ મંત્રો સ્પષ્ટ રૂપેથી પ્રગટ કરે છે, કે પ્રાચીન કાળમાં યુવક અને યુવતિઓનો વિવાહ સંબંધ થતો હતો પુણ્યમય વિવાહસંસ્કાર બાળકોને કરવાનો નથી આવો વિવાહસંસ્કાર બાળકબાળકીઓના ખેલને માટે કરવાનો નથી, પણ ઉત્સાહપૂર્વક ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરનાર યુવકયુવતિઓને માટેજ નિયત કરવામાં આવેલો છે

આ સિવાય ગૃહ્યસૂત્રો અને ધર્મસૂત્રોમાં, તથા કેટલીએક સ્મૃતિઓમાં યુવક અને યુવતિના વિવાહના પ્રમાણો મળે છે પુરાણોમાં અનેક કથાઓ પ્રાચીન કાળમાં યુવતિઓના વિવાહ શાસ્ત્રાનુકૂળ બતાવનારી મળી આવે છે સ્વયંવરની પ્રથા ઉપરથી પણ એજ વાત સિદ્ધ થાય છે અણસમજુ બાળકીઓ સ્વયંવર કરવા માટે પોતે પતિની પસંદગી કરી શકે નહી આ બાબતના અનેક પ્રમાણો છે, પણ તે લેખ-વિસ્તારના ભયથી આપ્યા નથી વિવાહ સંશોધન તથા બીજા સામાજિક સુધારા કરવા માટે શાસ્ત્રાજ્ઞા નથી, એવા ભયથી જે લોકો આગળ પગલા ભરતા નથી, તેઓની ખાત્રી કરવા માટે આટલાજ પ્રમાણો પુરતા થઇ પડશે

વિવાહિત પુરૂષોની તપાસ

કારણ વગર કાર્ય સ્વય ઉપસ્થિત થઈ શકતું નથી પ્રથમ વસ્તુ કારણ છે, અને કારણનુ ફળ કાર્ય છે —સ્વામી વિવેકાનદ

વિવાહ સુખની ઇચ્છાથી કરવામા આવે છે એ મહાન સસ્કારના આનદ અને પ્રસન્નતાની અખડ ધારા વહેતી જોઇને બધાજ લોકો ના હૃદયમા એવો પરમ આનદ ભોગવવાની પ્રબળ કામના ઉત્પન્ન થાય છે પોતાની યોગ્યતા અને અયોગ્યતાનો કાઇપણ વિચાર સ્ત્રી-પુરૂષો કરતા નથી પોતાના વિવાહ કરવાથી કેવુ પરિણામ આવશે તે ધ્યાનમા રાખતા નથી અને બધાજ એ પુનીત તીર્થમા ડુબકી મારવા ચાહે છે પણ જેવી આશાથી કામ કરવામા આવે છે તેથી ઉલટુજ ફળ પ્રાપ્ત થાય છે જેવી રીતે માખીઓ મધ પીવા માટે ઘડા ઉપર જઈને બેસે છે, તેમાથી કોઈ કોઇ પીને ઉડી જાય છે, પણ ઘણી ખરીની પાખો અને પગ ચોટી જાય છે તેથી ફસાઇ જાય છે અને અનેક દુખ સહન કરીને મરી જાય છે આપણા લોકો પણ એવીજ રીતે વિવાહ કરવાથી સુખી થવાની ઇચ્છા રાખીને બધનમા ગુચવાઇ જાય છે કેટલાએક લોકોની તો આશા પૂર્ણ થાય છે, પણ ઘણાને સુખને બદલે દુખજ પ્રાપ્ત થાય છે અને કઠોર વિપત્તિ વેઠવી પડે છે મનુષ્ય જાય છે ભોગવવા સુખ, પણ આવી મળે છે દુખ શારીરિક સુખને માટે પાણીમા ડૂબકી મારવા જતા મરી જાય છે ડૂબીને બેઠા તો પ્રેમરસનુ પાન કરવા પણ હાથપગ બધાઇ ગયા બધન એવુ તો મજબૂત કે છોડેલુ છૂટે જ નહીં અને છૂટવાનો કાઇપણ ઇલાજ સુઝે જ નહી ગયા તો જીદગીની મઝાહ લૂટવા, પણ ઉલટી પોતાની જીદગીજ લૂટાઈ ગઇ

" We came to enjoy, we are being enjoyed We came to rule we are being ruled We are

caught though we came to catch (enjoyment). We want to enjoy the pleasures of life and they eat into our very vitals"

આપણે વિચાર કરીને જોઇશું તો સમગ્ર ભારતમાં ગણ્યાગાંઠ્યાં વિવાહિત સ્ત્રી-પુરુષ એકબીજાથી સંતોષ પામેલાં માલમ પડે છે કોઇના સ્વભાવ મળતા આવતા નથી, તેથી પ્રતિદીન અણબનાવ અને કંકાસ રહે છે કોઇના સુખનો દરિદ્રતાથી લોપ થાય છે, અને દુઃખના સાગરમાં ડૂબી રહે છે, કોઇ પુરુષ રોગી અને સ્ત્રી આરોગ્ય, તો બીજી જગાએ એથી ઉલટી હકીકત હોય છે અને એકબીજા માટે અસંતોષ હોય છે જો કોઇ સ્થળે જોગો ત્યાં તપાસ કરતાં એકીજ વખત નજરે પડશે ઉપર ઉપરથી જોતાં તો સર્વની નજરમાં એવું આવે છે કે અમુક દંપતિના જેવાં ભાગ્યેજ કોઇ સુખી હશે, પણ અંદરની દશા તો વળી કાંઇ ઑર તરેહની જ હોય છે એવી છુપી છુપી બાબતો સાધારણ રીતે બહારનાં લોકોના જાણવામાં આવી શકતી નથી તાત્પર્ય ઘણા દિવસ સુધી ધારીધારીને ખોજ કરીએ, અને તે પણ આડોશીપાડોશી સાથે ખરેખરો પરિચય હોય ત્યારેજ પત્તો લાગે છે.

આ પુસ્તકના અસલ હિંદી લેખક બાબુ શિવનંદનસિંહને નીચે વર્ણવેલા સપ્ત વિવાહિત પુરુષોનો ખૂબ પરિચય હતો એ લોકોની બાબુજીએ ઘણાં વર્ષ સુધી તપાસ રાખી હતી, અને પોતાની તપાસનું પરિણામ નીચે પ્રમાણે વર્ણવેલું છે સાથે એટલું પણ ધ્યાનમાં રાખવું કે એ પુરુષોની હકીકત લખવા માટે ખાસ ખાસ વ્યક્તિની ચૂંટણી કરેલી નથી પણ તપાસ કરવાના ચાલુ માર્ગમાં એ લોકો સ્વયં આવી જવાથી દૈવ-સંજોગને લીધે બાબુજીએ એ લોકોની જીંદગીનો હિસાબ ખતવી લીધો છે એ સિવાય પોતાના જુદે જુદે ઠેકાણે રહેતા સાત સાચા મિત્રો પાસે પણ એ બાબતની તપાસ કરાવેલી તેનું પરિણામ લગભગ એને મળતુંજ પ્રગટ થયું છે બાબુજીએ સાતે મિત્રોને

એવી પ્રાર્થના કરેલી કે પોતાના ઓળખીતા પચ્ચીસ પચ્ચીસ વિવાહિત પુરુષોની છુપી હકીકત બરાબર તપાસ કરીને લખી મોકલવી તેઓને સ્પષ્ટ કહેલુ હતુ કે કોઇપણ આમ સ્ત્રી અથવા પુરુષની છુપી હાલત લખી મોકલવી નહી, પણ જે લોકોને પોતે બરાબર ઓળખતા હોય અને જેની ખરેખરી તપાસ કરી શકતા હોય તેઓનીજ સાચી હકીકત લખી મોકલવી, જેવા કે પાડોશી, સગાસબધી અથવા ખાસ મિત્ર આવી રીતે ૨૦૦ વિવાહિત પુરુષોની તપાસ કરાવેલી પણ સ્થાનાભાવને લીધે તેમજ વાચનારનો સમય બચાવવા માટે, અને વાચનાર પોતે પણ એવી તપાસ કરવાની કાળજી કરે એવી ઇચ્છાથી માત્ર તેમની પોતાની તપાસનુજ પરિણામ નીચે આપેલુ છે

પાચ રાજા-મહારાજા.

૧ એક ખુદ મુખત્યાર મહારાજ (Ruling chief) ઘોર વ્યભિચારી, રાણી સાથે અણબનાવ, રાજા સુખી, રાણી પતિવ્રતા પણ રાજાના અન્યાયથી સદૈવ દુખી

૨ રાજા સાહેબ નપુસક, પણ તેણે પોતાની દશા છુપાવવા માટે પાચ વખત વિવાહ કરેલા છે પાચે રાણીઓ જીવતી છે અને વ્યભિચારિણી છે રાજા દુખી અને રાણીઓ સુખી છે રાણીઓદ્વારા ખર્ચ અત્યત અધિક અને સ્ટેટ કરજદાર છે

૩ રાજા મહેલમા જતા જ નથી હાથની કારીગીરીના બહુ શોખીન છે બે રાણીઓ છે એક વ્યભિચારિણી અને બીજી પતિવ્રતા. ત્રણે જણા દુખી વ્યભિચારિણી રાણીને ખર્ચ ઓછો મળે છે બહુ માનમર્યાદા સાથે રાખવામા આવે છે

૪ રાજા સૃષ્ટિવિરુદ્ધ વ્યભિચાર કર્મ કરનારો છે દશરા વખતે રામલીલા કરનાર મડળી આવે તેમાથી સુદર સુદર છોકરાને મારી

જમીન ઇનામમા આપે છે, અને તેઓને ત્યા વસાવે છે સાણી પતિવ્રતા પણ અત્યત દુખીઆરી રાજા રોગપિડીત અને દુખી.

૫ રાજા નિર્બળ, રાણી સાજીતાજી અને જાડી જબરી—પરસ્પર અણબનાવ યુવાવસ્થામાજ રાજાનુ એકાએક મૃત્યુ થયુ રાણી ખુલ્લમખુલ્લો વ્યભિચાર કરે છે, રાજ્યના ખજાનાની લૂટ અને રાજ્યનુ સત્યાનાશ બન્ને દુખી

પાચ ધનાઢય મહાજન

---

૧ પુરૂષ દેવતા, સ્ત્રી દેવી પરસ્પરમા અતિ પ્રેમ, બન્ને સુખી

૨ પતિ નિર્બળ રોગી, પત્ની બળવતી એકબીજાને દેખાડવા માટે ઉપરથી પ્યાર નાખે છે પતિને પત્નીના છુપા વ્યભિચારની ખબર છે, પણ તેથી બહુ રીસ બતાવતો નથી પતિ દુખી, પત્ની સુખી

૩ શેઠજીની વય ૨૬ વર્ષ, વ્યભિચારી શેઠાણી વ્યભિચારિણી પતિના અત્યાચારથી અકળાઇને એક નોકરની સાથે એક લાખના ઘરેણા લઇને ચાલી ગઇ, પણ પકડાઇ ગઇ ત્યાર પછી ઘરમા સ્વતત્રતાપૂર્વક રહેવા લાગી બન્ને બેવકુફ પણ સુખથી રહે છે

૪ પતિ શક્તિહીન, પત્નીના અનેક ગુપ્ત પ્રેમીઓ બન્ને સુખી, કોઇને એકબીજાની પરવા નથી

૫ પુરૂષ અર્ધ–શક્તિહીન, સ્ત્રી ગડક કોઇ વખત પતિ નિર્બળતાવાળો અને પત્નીનો મિજાજ ઠેકાણે હોય છે, ત્યારે કોઇ વખત પેલાનુ સ્વાસ્થ્ય સારૂ હોય પણ બાઇનો મિજાજ બગડેલો હોય. બન્ને દુખી

પાચ વકીલ.

૧ પતિપત્નીના સ્વભાવ પરસ્પર નિરૂદ્ધ, પરસ્પર અણબનાવ, રાતદિવસ લડાઇ, કકાસ, બન્ને દુખી

૨ પતિએ વગ્ની પણીઆર્ગીને રાખ્યા લીધી છે તેની સાથે લાડ પ્યાર કરે છે અને તેને વગમાજ રહેવાની જગ્યા આપી છે પત્ની રાતદિવસ ઇર્ષાથી બળીબળીને ખાખ થઈ રહી છે પતિ સુખી, પત્ની દુખી

૩ પતિ શકિતહીન, પત્ની અત્યત દુખીઆરી પોતાની ખોડ કોઈને કહીદે એવા ડરથી પત્નીને કોઈ દિવસ પીયરમા જવા દેતો નથી તે લખી વાચી જાણતી નથી એટલે પત્રવહેવાર પણ કરી શકતી નથી કેટલાએક વર્ષ સુધી તો રીયળ નિભાવી રાખ્યુ, પણ આખરે ભગ થયો છોકરા થયા, પણ વકીલ સાહેબને તેની પરવા નથી બસ તેને તો પોતાની નિર્બળતા છુપાવવાનીજ માત્ર ગરજ છે હવે બન્ને સુખી છે

૪ પતિ ઘોર વ્યભિચારી પત્ની અત્યત દુખી

૫ પતિ–પત્ની બન્ને સ્વચ્છદી એક બીજાની સ્વતત્રતા ઉપર ધ્યાનજ આપતા નથી બન્ને એકબીજાની ચાલચલણ ઉપર વિશ્વાસ રાખતા નથી, પણ બન્ને જણાને એની પરવા નથી, અને આનદ-પૂર્વક જીદગી ગુજારે છે

એવીજ રીતે ૫ નોકરીવાળા અને ૫ મજૂરી કરનાગ કુટુબોની તપાસ કરવાથી માલમ પડ્યુ કે એ દસમાથી ફકત એકજ જોડુ સુખી છે, અને બીજા નવેનવમા પતિપત્ની બને દુખી છે અર્થાત્ રાજાથી લઈને રક સુધી ૨૧ વિવાહિત સ્ત્રીપુરૂષોમા માત્ર ૩ જોડા સર્વ પ્રકારે એક બીજા સાથે સુખ પૂર્વક રહેતા માલમ પડયા એની સાથે બાબુ-જીના મિત્રોનો રિપોર્ટ જોડી દઇએ તો ૨૦૦ જોડાની તપાસનું

પરિણામ જોવામા આવે સુખ ભોગવવાના અભિલાષી ૨૦૦ જોડાના માત્ર ૨૪ સુખી અને બાકીના ૧૭૬ જોડા દુખી વણાયના વિવાહિત મનુષ્ય નાના પ્રકારના સામાજિક, માનસિક અને શારીરિક કષ્ટ ભોગવી રહ્યા છે

ભલે, વિવાહ થયા પછીના દુખ નો 'કાર્ય' છે હવે જોઇએ કે એવી ઘોર વિપત્તિનુ કારણ શુ છે ? અધિકાંશ વિવાહિત મનુષ્યો શા કારણથી દુખ ભોગવે છે ? તેના સુખની આશાઓ શાથી ભગ્ન થઇ જાય છે ? આનન્દ અને પ્રેમને ઠેકાણે કષ્ટદાયક કકાસ ઝગડા કેમ ઉભા થાય છે ? આ શુભ કાર્ય અશુભ કાર્યના રૂપમા બદલાઈ જવાનુ શુ કારણ છે ?

આ પ્રશ્નનો ઉત્તર છે—'અયોગ્યતા' શારીરિક, માનસિક આર્થિક, અને સામાજિક અયોગ્યતાજ અનેક દુખોનુ પ્રધાન કારણ છે જેનામા કોઇપણ પ્રકારની ન્યૂનતા હોય, અને જે વિવાહ કરવા યોગ્ય નહી હોય, તેના વિવાહ થઇ જવાથી વિવાહનુ પવિત્ર સુખ દુખના રૂપમા બદલાઇ જાય છે હર્ષને બદલે શોકગ્રસ્ત થવુ પડે છે લોકો આખે પાટા બાધીને રોપે છે બાવળના ઝાડ, અને આબાના મીઠા ફળની આશા રાખે છે, પણ વાગે છે કાટા તોપણ આખો ઉઘડતી નથી તેઓ પોતપોતાના હાથનાજ કરેલા કર્મનો દોષ જોતા નથી, અને ઇશ્વરને, દુર્ભાગ્યને તથા પૂર્વજન્મના સસ્કારને નકામા નિદે છે.

વિવાહિત જનોના દુઃખના પ્રધાન કારણ.

'Man sees with scrupulous care the character and pedigree of his horse, cattle, and dogs, before he matches them but when he comes to his own marriage, he rarely or never, takes such care,'

—Darwin.

મનુષ્ય પોતાના ગાય, ભેસ, ઘોડા, કુતરા વગેરેનુ જોડુ મેળવતા પહેલા તેઓની ઓલાદ, કદ, બળ વગેરે અનેક ગુણો વિષે બહુ સાવધાનીથી વિચાર કરે છે, અને પોતે તપાસીને ખાત્રી કીધા પછી જોડા બનાવે છે પણ જ્યારે પોતાના કે પોતાના સતાનના વિવાહનો સમય આવે છે ત્યારે આ બધા ઉત્તમ વિચારોને ભૂલી જાય છે—ડાર્વિન

૧ **અવિદ્યા.** સૃષ્ટિ નિયમોનુ અજ્ઞાન, શારીરિક દશા તથા આર્થિક દશા પર વિચાર કીધા વગર વિવાહ કરવા મૂર્ખતાને વશ થઈ વિવાહ કરવા, યોગ્ય હોય નહી તેના વિવાહ કરવા, અને એનાજ અધકારમા પડીને કોઈપણ જાણ્યા સમજ્યા વગર વિવાહ કરવા

૨ **બાલ-વિવાહ.** એનુ વર્ણન અગાઉ અપાઈ ગયુ છે

૩ **વૃદ્ધ-વિવાહ.** બીજા દેશોમા એવા વિવાહ જો કદી થાય છે, તો વૃદ્ધ પત્ની શોધી કાઢે છે આપણા દેશમા ૬૦ વર્ષના બુઢ્ઢા દાદા પોતાની પોત્રીના જેટલી નાની ઉમરવાળી કન્યા સાથે વિવાહ કરે છે, એવુ તે લોકો કદી કરતા નથી પણ અભાગી ભારતમા તો એવા હૃદયવેધક વિવાહની ખોટ નથી પડિત સીતારામ મુનીમ આજે સ્વર્ગમા છે કે નર્કમા છે તેની ખબર નથી, પણ પોતે ૫૦ વર્ષની વયે ૨૦૦ રૂપિયા આપી એક કુલીન બ્રાહ્મણના ઘરની કન્યા સાથે પરણ્યા હતા તે અભાગણી આજે હયાત છે અને કાશીના બાબુ શિવનદનસિહના ઘરમાજ રહે છે પડિતજી પણ એજ ઘરમા ભાડે

રહેતા હતા એ બાઈના બધા લક્ષણો રાણીના જેવા છે તેનું રૂપ અતિ સુંદર છે, મૃદુભાષિણી છે, અને ખરેખરી ધર્માત્મા છે મુનીમજી હયાત હતા ત્યારે તે દુકાનનું કામકાજ પુરૂં કરીને રાતના બારેક વાગે ઘેર આવતા ત્યાંસુધી પેલી ગરીબ યુવતી બાજુના ઘરમાંની સ્ત્રીઓ સાથે આવીને બેસી રહેતી, કારણ કે મુનીમજીના ઘરમાં બીજું કોઇ માણસ હતું નહીં બાજુના ઘરની સ્ત્રીઓ જે વાતો પર ખડખડ હસતી હતી તેજ વાતોના કારણે પેલી બિચારીની આંખમાંથી દડદડ આંસુ નીકળી પડતાં દિનરાત તે પોતાના ભાગ્યને ધિક્કારતી અને ઘડી ઘડી રડ્યા કરતી હતી વિવાહ કીધા પછી ચાર વર્ષે મુનીમજી મરી ગયા તે વખતે તે દુખિઆરી વિધવાની વય ૧૯–૨૦ વર્ષની હશે પવિત્ર ભાવથી મહેનત મજુરી કરીને બિચારી પોતાનું જીવન ગુજારે છે

હવે કહો, આ પાપમય કાર્યનું કારણ સીતારામ અને આ દીન બાળકીના માતાપિતા છે કે આજન્મ દુખીઆની અનાથા સ્વયં છે? દોષ કોનો? જીવતા મનુષ્યોના આ જન્મના કાર્યનો કે આ અબળાના દુર્ભાગ્ય અને તેના જન્મના સંસ્કારનો?

૪ ધનહીન પુરૂષાર્થહીન પુરૂષોના વિવાહ.—સંસારના સર્વ સભ્ય દેશોમાં લોકોના આગમનો, પરણીકરણીનો નિશ્ચિત સમય અને નિશ્ચિત કાળ પણ નિયમ હોય છે અમુક ધોરણ પ્રમાણે જીંદગી ગુજરી શકાય એટલી કમાઇ પોતાની હોય નહી ત્યાંસુધી તેઓ વિવાહ નથી કરતા પણ ભારતની દશા વિચિત્ર છે અહીં તો કોઇપણ બાબતનો વિચાર કરવામાં આવતો નથી આવક હોય કે ન હોય, ધન હોય કે ન હોય, ચાહે તો પરિવાર ભૂખે મરતો હોય, તેમ છતાં સૌથી નાના છોકરાના પણ વિવાહ કરી દેવા એ ખાનદાન (કુટુંબ)ના મુખ્ય પુરૂષનું કર્તવ્ય છે લોકો કહે છે, કે સૌ કોઈ પોતપોતાના ભાગ્યનું ખાય છે માટે નવી વહુ પણ પોતાનું ભાગ્ય

સાથે લઇને જ આવશે પણ પરિણામ શુ આવે છે? જે ઘરના દશ પ્રાણી ભૂખે મરતા હતા ત્યા હવે અગિયાર ભૂખે મરવાના સો રૂપિયાનુ કરજ વધીને ૨૦૦ રૂપિયા સુધી થવાનુ પછી એવી મજાહ થાય છે, કે ખુદ પોતાનો દોષ કોઇ ધ્યાનમા લેતા નથી અને બિચારી નવી વહુના ભાગ્ય ઉપર કલંક ચઢાવે છે, અને લોકો તેનેજ શ્રાપ સમજે છે

૫ **શક્તિહીન પુરૂષોના વિવાહ** એ પણ ઘણી વિલક્ષણ વાત છે અન્ય દેશોમા સ્ત્રીઓનો પણ કાંઇક અધિકાર હોય છે ત્યા પત્ની પતિનો ત્યાગ કરી શકે છે–તલાક આપી શકે છે તેથી પુરૂષો પોતાની અતિ તુચ્છ પ્રકારની નબળાઇ પર પણ વિચાર કરે છે અને મનમા ડરતા રહે છે કારણ કે ત્યાની સ્ત્રીઓ બેધડક કહી શકે છે કે "તમે શુ સમજીને મારી સાથે વિવાહ કરવાનુ સાહસ કરેલુ?–How dare you marry me?" પણ અહીં તો એવો મામલો છે કે હરકોઇ ગમે તેવી અને ગમે તેટલી સ્ત્રીઓ ઘરમા લાવી ઘાલે છે કોઇ કહેનાર કે પૂછનાર નથી, અને તે બિચારીઓ પણ શુ કહી શકે?

બાબુ શિવનંદન પોતાના એક વકીલ મિત્રની સાથે બાંકીપુરની કોંગ્રેસમા ગયા હતા વકીલ સાહેબની તબીયત એકાએક બગડી ને મૂર્છા આવી ગઇ બાબુજીના એક ડાક્ટર મિત્રનો તંબુ નજીક હતો તેમને બોલાવ્યા ડાક્ટરે કાળજીપૂર્વક તપાસ કરીને જણાવ્યુ કે વકીલ સાહેબ શક્તિહીન છે અને એ તેનો જૂનો (chronic) રોગ છે મૂર્છા વળવા પછી બીજા ત્રણ ડાક્ટરોને બોલાવી બાબુજીએ તપાસ કરાવી પણ તેઓનો અભિપ્રાય એકજ આવ્યો બધાએ જણાવ્યુ કે તેનામા પુરુષ-શક્તિ નથી

ગામ જવા પછી બાબુજીએ ખાનગી રીતે અનેક વખત તેમની સ્ત્રીની સ્થિતિ વિષે તપાસ કરાવી, તે બિચારીનો ઘરમા બહુજ આદર

હતો તે કોઇની સાથે બોલતી નહી અને તેની સાથે કોઇ બોલતુ નહી તે એકાતમા રડયા કરતી હતી અને રડતી તે પણ ચુપચાપ. કારણ કે મોટેથી રડે તો લોક જાણે અને ચર્ચા ઉભી થાય તેને ગાંડી, કુરૂપા અને વહેણી કહીને બદનામ કરી મકેલી છે તેના વકીલ સાહેબ તેને રાખતા નથી ભારત તને ધન્ય છ '

૬ **ભયકર રોગવાળા પુરુષોના વિવાહ.**—જેને ક્ષય રોગ લાગુ પડેલો હોય, દમનો રોગ લાગુ પડેલો હોય ઉપદંશ—ગરમી આદી ટાંકીનો રોગ થયો હોય તેની અસર તેઓની સ્ત્રીઓને તરતજ થાય છે, અને તેને જીવે ત્યાસુધી દુખો ભોગવવો પડે છે પણ ભારતમા એવા સઘળા રોગીઓના વિવાહ કરવામા જરાપણ રોકટોક નથી નડતી આવા કોઇ રોગના કારણે વિવાહ કરવાનુ તજી દઇને કુવારી જીદગી ગાળે એવો એક પણ ભારતવાસી જાણવામા આવ્યો નથી એક બી એ થયેલા મનુષ્યને ફિરંગીનો રોગ હતો તેથી તે કોઇપણ કામકાજ કરી શકતો નહી અઠવાડિઆમા અનેક વખત તેનો રોગ બહુ જોરથી પ્રગટી આવતો હતો તેમ છતા પાછલા આઠ વર્ષમા તેના લગ્ન પાચ વખત થયા હતા, અને દરેક લગ્ન વખતે ઉપરથી વાંકડો (પહેરામણી) માગતો હતો તે તો જૂદો ' તેની સ્ત્રીઓ કેમ નથી જીવી તેની ખબર નથી આવા બીજા પણ અનેક દાખલાઓ છે

આ રોગીઓની વાત તો એક બાજુએ રહી, પણ અહી તો લુલા, પાગળા અને કોઢીઆઓના સુદ્ધા વિવાહ આવશ્યક સમજવામા આવે છે તેઓના જો વિવાહ નહી થાય તો તેઓની સેવાચાકરી બીજુ કોણ કરે ? ભારતમા ૬, ૬૮, ૬૭૨ લુલા પાગળા અને કોઢીઆ છે + તેમા ૨, ૬૨, ૮૫૮ સ્ત્રીઓ છે તેઓના વિવાહનુ પ્રત્યક્ષ ફળ ૧, ૧૬, ૩૦૧ પાગળા સતાન છે એ સતાનમા ૧૫ વર્ષની વયના ૫૩, ૫૦૯ છે, પાચથી દશ વર્ષની વયના ૪૬, ૩૬૩ છે, અને પાચ વર્ષથી ઓછી વયના અર્થાત ધાવણા બાળકો ૧૬, ૪૯૧ છે.

અલ્હાબાદની ક્રિશ્ચયન કોલેજના પ્રોફેસર હિગીન બૉટમ (Higgen Bottom) એક આઠ વર્ષના સુંદર બાળકને તેના કોઢવાળા માબાપ પાસેથી ઉપાડી લાવ્યા. માબાપની સાથે રહેવાથી તે છોકરાને એ રોગ લાગુ પડે પણ અલગ રાખવાથી કદાચ બચી જાય એવા હેતુથી પોતે દયાભાવથી પાળવા માટે લાવ્યા હતા પણ એ પૈતૃક રોગ હોવાથી થોડા સમય પછી બાળકને લાગુ પડ્યો તેથી તેને પાછો તેજ આશ્રમમાં રીબાઈ રીબાઈને મરવા માટે મોકલવો પડ્યો. તપાસ કરતાં માલુમ પડ્યું કે તેના બાપને વ્યભિચારના કારણે ગરમીનો રોગ લાગુ પડવાથી તેનું લોહી બગડી ગયું હતું. તે વખતે તેની સ્ત્રી મરી ગઈ હતી તેથી તે બીજી પરણ્યો હતો. આ બીજી સ્ત્રીના પેટે ઉપજેલો છોકરો જન્મ્યો હતો. વિવાહ પછી ત્રણ વર્ષે તે સ્ત્રીને કોઢ થયો અને ત્યાર પછી આ બાળકનો વારો આવ્યો. હે ભગવાન! આ કેવો અન્યાય છે! આવા પાપી રોગીઓને શો અધિકાર છે કે કોઈ અબળાને આ પ્રમાણે સંકટમાં નાખે? મિરજાપુરના એક પ્રસિદ્ધ સાહુકારને ગલિત કોઢ છે પણ તે પરણેલો છે. તેના પુત્રને પણ તેના પિતાનો આ વારસો મળ્યો છે. તે પણ પરણ્યા વગર રહ્યો નથી. તેના માત્ર ૭ મહિનાના બાળકનું લોહી એટલું બધું ખરાબ છે કે તેને એકજ દિવસમાં જુદી જુદી ૧૯ જગાએ નસ્તર મારવા પડ્યા! તેનું આખું શરીર જ ગુમડાથી ભરાઈ ગયું હતું. સાહુકારનો બીજો દીકરો કૉલેજમાં ભણે છે. તેનું પણ આરોગ્ય સારૂં નથી. પ્રભુ તેને આ રોગથી બચાવે તો સારૂં. તેના વિવાહ પણ બહુ ધામધૂમથી કરવામાં આવ્યા છે. નાચરંગ વગેરે બધો ઠાઠમાઠ થયો હતો. સારી પહેરામણી પણ મળેલી. પછી નહીં કેમ થાય?

હાય હાય ભારતવાસીઓ! આવા ઘરોમાં આવા રોગીઓની સાથે આપણી કન્યાઓની ગાળવી પડે એવી અબળાઓની દીનદશાનો

કાંઇ તો વિચાર કરો ! બિચારી નિર્દોષ અસહાય અબળાઓને એવા એવા લોકોની સેવા સુશ્રુષા કરવી પડે છે કે જેને નજરે જોવામા પણ આપણને સુગ લાગે ને વખતે ઉલટી પણ થઇ જાય જે વસ્ત્રોને હાથ લગાડતા પણ આપણને કંટાળો નિપજે તે રોજ રોજ ધોવા પડે જેના હાથનુ બનાવેલુ પાન પણ ખાવાનુ ગમે નહી તેની એઠી થાળીમા જમવુ પડે અને સૌથી મોટો ભય એ છે, કે કદાચ એ અભાગણીને પણ કોઢીન ગીબાઇ રીબાઇ ને પણ મરવુ પડે આજે આંગળી ખવાઇ ગઇ કાલે અંગુઠા તૂટી પડયો, પરમ દહાડે નાક ખરી પડયુ ! એક એક તનુ માસ ખવાઇ ખવાઇને તુટી પડે ત્યારે આખરે મોત જ આવે !

વર-વિક્રયનો બૂરો રિવાજ.

અન્ય દેશોમા સ્ત્રી-રત્ન પ્રાપ્ત કરવા માટે યુવકો શુ શુ નથી કરતા ? કુમારીઓને કેવી ઈજ્જતથી રાખવામા આવે છે ! પુરુષો તેઓનો કેવો આદરસત્કાર કરે છે ! કોઇ દરિદ્ર ઘરમા પણ ગુણ અને સૌન્દર્યથી પૂર્ણ કુમારી હોય તો મોટા મોટા લોકો તેનુ પાદ-ચૂમ્બન કરવા તયાર થાય છે તે કુમારીના ઉપર પ્રભાવ પાડવા માટે અનેક કુમારો પ્રયત્ન કરે છે. પ્રાણ-ઘાતક ખેલ તમાશામા જાન લડાવીને વિજયી બનવા મથન કરે છે, ભયકર યુદ્ધમા ઘોર સગ્રામ કરીને મરણ પામે છે અથવા નામના મેળવે છે આવા જોખમ ખેડે છે તેશા માટે ? એટના માટે કે પેલી પ્રેમિકા માત્ર એક ફૂલના હાર તેના ગળામા પહેરાવે. એટલા માટે કે કદાચ તેની વીરતા પર પ્રસન્ન થઇ તેને પોતાને ગળે વળગાડવાનુ કબૂલ કરે-તેની સાથે વિવાહ કરે.

પણ ભારતમા તો આવા પરાક્રમને બદલે લૉટરી (Lottery)થી કામ લેવામા આવે છે વરના પુરોહિત ગુરૂ ઘટાલ અને ચાલાક

દક્ષિણા મળીને કન્યાના જન્મનો ફેસલો કરી આપે છે જોશીજીને (દાયજાનો પાચમો ભાગ) કમીશન અને તે ઉપરાંત બીજી દક્ષણા પણ મળવાની હોય તેજ વરમા કન્યાને પરમ સુખ મળશે એવો વિશ્વાસ બેસાડે છે પછી શો વાધો હોય? કુમારીઓને ત્યા જ ઝીકી દેવામા આવે છે વરની યોગ્યતાનો વિચાર કરવાની શી જરૂર? ભવિષ્યનુ સુખ અથવા દુખ તો કન્યાના ભાગ્યમા લખ્યા પ્રમાણે પ્રાપ્ત થાય!

જો કોઇ કુમારિકાના પિતા પાસે પુષ્કળ ધન હોય, અને જોષી બાવા જન્મકુંડલિની ચીઠી વડે વિધિ મેળવી આપે તે વરને લીલામમા ખરીદી શકાય, તો કુમારીકા કદાચ સારે ઘેર પરણી શકે, નહી તો પછી જે વરની સાથે કુંડલિની વિધિ મળતી આવી જાય તેવે ઠેકાણે કુમારિકાને જવુ પડે છે-ભલે વર લવો હોય, લગડો હોય, આધળો પાગળો કે કોઢીઓ હોય તેની સાથે કન્યાને પરણાવી દેવામા આવે છે

છોકરાનુ લિલામ (દાયજા માટે) કરવાનો બુરો રિવાજ પણ સમાજમા ઘુસી ગયો છે, તેથી નિર્ધન અને સામાન્ય આવકવાળા લોકોને અત્યત ક્લેશ ભોગવવો પડે છે

દુખ તો અમીર અને ગરીબ બન્નેને થાય છે કારણ કે સૌને પોતપોતાના ધનના દરજ્જા પ્રમાણે દીકરીને માટે સામુ ધનવાન ઘર શોધવાની ચાહના રહે છે તેથી તેજ હિસાબે દાયજો પણ માગવામા આવે છે એનુ પરિણામ એ આવે છે કે કુમારિકાઓને પોતાના પિતાના કરતા મુકાબલે નિર્ધન ઘરોમાજ પરણાવવામા આવે છે એ લોકો તો જાણે પોતાના કરતાં ઓછા માનમોભાદાર ઘરમા દીકરી પરણાવી એટલાજ દુખથી છૂટી જાય છે, પણ ખરેખરી મુશ્કેલી તો જે ગરીબ લોકોને ઘેર કન્યા હોય, અને ધન અથવા મિલ્કત નહી હોય તેઓને વેઠવી પડે છે. કોઇ ભૂખડી બારસ જેવાને ઘેર દીકરી પરણાવીને પોતાના ગળામાથી ફાસી કાઢવા જેટલી પણ તેઓની

પ્રાપ્તિ નથી ત્યાં પડે શા રૂપિયાનીજ વાત' એનો પ્રશ્ન એજ પૂછવામાં આવે કે 'દાયજો કેટલો આપશો?' એક તો દીકરી દરિદ્ર ઘરમાં જાય છે તે બાબતની ચિંતા અને બીજી તે ઘરમાં દીકરીને હોમવા માટે પણ ધન જોઇએ તે ચિંતા આવી રીતે કામ ચાલે! આ ચિંતા લોકોને ચિતાના અગ્નિની પેઠે બાળીને ભસ્મ કરી નાખે છે દીકરી જન્મતા સાથેજ આ ચિંતા હૃદયમાં પેસી જાય છે, અને તેજ દિવસથી પેટ બાળીબાળીને ધન એકઠું કરવાનો આરંભ કરવો પડે છે એના કારણથી આખા પરિવારના નાણાંને ક્ષય વગેરે રોગ લાગુ થવા માંડે છે ઘણાખરા લાચાર બની જઇ બાળકને પોતાના કષ્ટનો તથા સામાજિક અનાદરનો અંત લાવી દે છે. દુખિયારી કન્યાઓને છૂપી રીતે મારી નાખવામાં આવે છે, અને તેના મોતનું કારણ બનાવટી રોગ બતાવવામાં આવે છે

દીકરીઓના દુઃખમાંથી મુક્ત થવા માટે આખા પરિવારને પરિવાર ઝેર ખાઈને મરણ પામવાના અનેક દાખલાઓ બનેલા છે **બં**ગાળની સાક્ષાત્ દેવી **સ્ને**હલતાના આત્મયજ્ઞનો વૃત્તાંત વાંચી કાળજું ચીરાઇ જાય છે —

બાબુ હરેન્દ્રકુમાર મુકરજી કલકત્તાના એક સામાન્ય સજ્જન છે પોતે દલાલી કરે છે દીકરી **સ્ને**હલતા પ્રેમની મૂર્તિ સાક્ષાત દેવી હતી ઉત્તમ શિક્ષા અને સહવાસ દ્વારા તેના હૃદયમાં બહુજ ઉંચી ભાવના ઉત્પન્ન થઇ હતી, **સ્ને**હલતા ૧૫ વર્ષની થતા હરેન્દ્રબાબુને તેના

---

* એક રજપૂત સરદારની પાસે ૧૬ લાખ રૂપીઆનો દાયજો કબુલ કરીને લેવામાં આવ્યો હતો બીજા પાસે ૧૦ લાખ, અને ત્રીજા પાસે તે કરતા પણ વધારે —શિવર સાહેબ

'મુનશી પ્યારેલાલના હૃદય ઉપર આ જુલમથી બહુ અસર થઇ તેણે જબરદસ્તીથી દાયજો વસૂલ કરવાના અમાનુષી દુષ્ટ રિવાજનો અંત લાવવા માટે ૩૦૦ જુદી જુદી જગ્યાએ સભા ભરીને પ્રયત્ન કીધો

—M T P Page 172.

વિવાહ માટે બહુ ચિન્તા થતી હતી. વિવાહ માટે તેની પાસે ૨૦૦૦) રૂપિયા દાયજો માગવામા આવતો હતો. તેઓની શક્તિ આટલું ધન આપવાની હતી નહી, વળી ઓછા ખર્ચે પોતાની સુયોગ્ય પુત્રીને કોઈ અયોગ્ય વર સાથે પરણાવવા તેઓનો આત્મા કબૂલ કરતો હતો નહી. છેવટે પોતાના પિતા તરફથી વારસામા મળેલુ ઘર માત્ર હતુ તે વેચીને સ્નેહલતાના વિવાહ કરવાનો નિશ્ચય કીધો.

સ્નેહલતા બુદ્ધિમાન કન્યા હતી. તે પૂર્ણ વિચારશક્તિ ધરાવતી હતી અને તેના વિચારો ઉંચા પ્રકારના બંધાયા હતા. સ્વાભાવિક રીતેજ પોતાના સુખને માટે પોતાના પિતાને અને બીજા સર્વ કુટુંબીઓને દુઃખમા પાડવાનુ કારણ તેને રુચ્યુ નહી. તેણે પોતાના આત્મ-ભોગથી ભારતને કલંકિત કરનાર દાયજાના પાપને બને તેટલુ ભસ્મ કરવાનો નિશ્ચય કીધો. [illegible] ઘરના કામકાજથી પરવારી શ્રૃંગાર સજીને ઘરની અગાસી ઉપર તે ચઢી ગઈ, અને પોતાની સાડી તેલમા તરબોળ કરીને તેમા આગ લગાડી. સામે એક મંદિર હતુ, તેના પૂજારીએ એક બાલિકાને પ્રસન્ન ચિત્તથી બળતી જોઈને બૂમ પાડી. લોકો દોડી આવ્યા અને આગ હોલવી તેને હોસ્પીટલમા લઈ ગયા. તેજ દિવસ સૂર્યાસ્ત વખતે સ્નેહલતા દેવીના પવિત્ર આત્માનો પણ અસ્ત થયો.

મરવા અગાઉ તેણે પોતાના પિતાના નામ ઉપર એક પત્ર લખીને મૂક્યો હતો. તેમા તેના સાચા સ્નેહમય વિચારો પ્રકાશે છે. તે પત્ર ભારતના ઘણાખરા વર્તમાન પત્રોમા ઇ. સ. ૧૯૧૪ ફેબ્રુઆરીના ૧૮-૧૯ ના દિનોએ છપાયલો છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે:—

"પૂજ્ય પિતાજી,

"મારા વિવાહના કારણે આપ આપના પૂર્વજોની કમાઈનુ ઘર વેચશો નહીં. એ ઘરમા બહારના લોકો આવીને વસે તે મારાથી ખમી શકાય તેમ નથી. હવે આપને ઘર વેચવાની જરૂર નહી પડે. કાલે પ્હો ફાટવા પહેલાજ આપની અભાગી દીકરી પરલોકમા ચાલી જશે.

"આપે અને માતાજીએ પ્રેમપૂર્ણ હૃદયથી આ સ્નેહલતાને પાળીપોષીને આનંદથી મોટી કરી આ રંગમાં હું રાજ-ભુવનમાં રહેનારી રાજકન્યાઓ કરતાં પણ વધારે સુખી હતી તેનો બદલો હું એવી રીતે વાળું કે આપને અને માતા ભાઇ બહેનોને ઘરમાંથી નીકળી જવું પડે ? અને આપ દીનતા અને દરિદ્રતામાં જીવન વ્યતિત કરો ?

"પિતાજી ! પ્રભાતના ઉઠીને આપ આખા શહેરમાં ભમીને બપોરે ઘેર આવ્યા અને નિરાશ થઇ બોલ્યા, "કામ બગડી ગયું" તે સમયનો આપનો ચહેરો હમણાં પણ મારી આંખ આગળ દેખાય છે આપના એ શબ્દો પણ મારા કાનમાં ગુંજી રહ્યા છે મારો વિવાહ કેવી રીતે થાય એ ચિંતામાં આપનું હૃદય બળી રહ્યું છે ૧૫ મા વર્ષ સુધી મારા વિવાહ ન થયા તેથી લોકો આપની નિંદા કરે છે આપે માથું ઊંચું રાખવા માટે આ બાબતમાં બહુ બહુ પ્રયત્ન કીધા છે

"ખરેખર મને વિવાહનો ઉમંગ ક્યાંથી હોય ? આપની ચિંતા મટાડવા માટેજ હું વિવાહ કરવા ચાહતી હતી, પરંતુ નહીં, મારા વિવાહ થવા અસંભવ છે

' તે દિવસે બર્દ્વાનની રેલ વખતે બહુ ઉદાર અને ભણ્યા-ગણ્યા લોકોએ અનાથોની સહાયતા કરી અનેક લોકોએ વિદેશી વસ્તુઓનો ત્યાગ કર્યો, કેટલાક યુવકોએ દક્ષિણ આફ્રિકાવાસીઓ માટે ઘેર ઘેર ભીખ માગી રૂપિયા એકઠા કર્યા, ઈશ્વર આવા દયાળુ અને ઉદાર પુરુષોની સદા રક્ષા કરે પરંતુ એ યુવકોનું ધ્યાન પોતાના દેશની સાંસારિક દુર્દશા તરફ કેમ જતું નથી ?

"રાતના જગન્માતાએ દર્શન દઇને મને પોતાની પાસે બોલાવી છે આપ સર્વને મારા વિવાહના કારણથી દુઃખ નહીં ભોગવવું પડે તેટલા માટે મેં માતા ભવાની પાસે જવાનો નિશ્ચય કર્યો છે

' સંસારયાત્રા સમાપ્ત કરવા માટે અગ્નિ, જળ અથવા વિષ એટલામાંથી કોઇ વસ્તુનું શરણ લેવું જોઇએ એ બાબત ઉપર મેં લાંબો વખત વિચાર કીધો અને છેવટે અગ્નિનું શરણ લેવાનો નિશ્ચય

કીધા હવે હુ મારા શરીરને આગ લગાડી દઇશ એ આગથી દેશના લોકોના હ્રદય પિગળી જાય અને તેમાથી દયાનો સ્રોત (ઝરો) વહી નીકળે એજ ઇશ્વર આગળ મારી પ્રાર્થના છ

" મારા જવાથી આપ સર્વ અનુપાત કરશો, પરતુ ઘર વેચાશે નહી આપ અને મારા ભાઇઓ વગેરે તેમા રહી શકશો પિતાજી ! હવે કાઈ અધિક લખી શકતી નથી આત્મયજ્ઞનો સમય નજીક આવી પહોચ્યો છે હવે હુ મહાન નિદ્રામા નિમગ્ન થઇશ અને તેમાથી ફરી જાગવાની નથી મા દુર્ગાની પાસે હવે હુ આપની અને મારી માતાજીની વાટ જોતી જઇ બેસુ છુ

આપની અભાગણી કન્યા

સ્નેહલતા. '

આપણે આપણા ભાગ્યના માલિક છીએ.

' Nature's laws are not commands they are statements of inviolable sequences We are not helpless in the hands of Nature We are helpless so long as we are ignorant, and when we under stand them they become our slaves ! By knowledge we can master them, change or turn them to our own purpose ' —Annie Besant

પ્રાકૃતિક નિયમો તે કાઇ આજ્ઞાઓ નથી, પણ તે ઉલ્લઘન કરી નહી શકાય એવા પરિણામ દેખાડનાર વાતો છે સૃષ્ટિનિયમોની આગળ આપણે આધીન અને અસહાય નથી આપણને એ નિયમોનુ જ્ઞાન પ્રાપ્ત થાય નહી ત્યાસુધીજ આપણે અસહાય અથવા નાઇલાજ રહીએ છીએ એ નિયમો આપણે એક વખત બરાબર સમજી જવા

પછી તેને આપણા દાસ બનાવી શકીએ! પૂર્ણ જ્ઞાન થયા પછી આપણે એ નિયમો ઉપર આપણો અધિકાર જમાવી શકીએ એટલુંજ નહી પણ તેને બદલી શકીએ અને આપણું હિત સધાય એવી રીતે ઉલટ-પાલટ પણ કરી શકીએ —એની બીસાંટ

ભારતમાં ગૃહસ્થાશ્રમ બીજા ત્રણે આશ્રમો કરતાં અધિક ઉપયોગી છે એ આશ્રમથી બીજા ત્રણ આશ્રમોને સહાયતા મળ્યા કરે છે અને ખરેખરી રીતે જોતાં ગૃહસ્થાશ્રમજ બીજા ત્રણે આશ્રમીઓના જીવનનો આધાર છે ત્રણેનું પાલણ એનાથીજ થાય છે માટે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો એ કાંઈ બાળકોનો ખેલ નથી આપણા પૂર્વજો બહુ બહુ વિચાર કરીને પછી એ આશ્રમમાં પ્રવેશ કરતા હતા* પણ આજકાલ તો લોકો આ આશ્રમમાં આંખો મીંચીને પ્રવેશ કરે છે **ભારત**માં વિવાહની એવી દુર્ગતિ અને બગાડ થઈ છે એવો બુરો રિવાજ થઈ ગયો છે કે કાંઈ કહેવાની વાત જ નથી લુલા હોય લંગડા હોય, આંધળા પાંગળા હોય, દરિદ્રી હોય, વૃદ્ધ હોય કોઢી હોય, કલંકી હોય પણ વિવાહ તો અવશ્ય કરવાનાજ પછી ગમે તેમ થાય! અને કોની સાથે વિવાહ કરવાના? જેની સાથે કૃત્રિમ કુંડલીની વિધિ મળતી આવી જાય, જેની પાસે પુરોહિતના દક્ષિણાની લાલચને કારણ વધારે ધન પ્રાપ્તિ થતી હોય, જે અભાગણીનો પિતા દાયજો આપવા માટે અધિક ધન ખર્ચવામાં અસમર્થ હોય તેની કન્યા સાથે પછી તે નિર્દોષ બાળા ગમે તો રાજકુમારી જેવી હોય, પરમ સુંદરી હોય, સાક્ષાત્ દેવી હોય, ગુણ-કર્મ-સ્વભાવથી ખરેખરી ગૃહલક્ષ્મી હોય કે ગૃહલક્ષ્મી જેવી હોય તેનો કાંઈ વિચાર જ કરતા નથી. તેના વિચાર કરવાની જરૂર પણ શી હોય? ગુરુ ઘંટાલ જોષીમહારાજનું ટીપણું જોઈને નિશ્ચય

* ससन्धार्य्य प्रयत्नेन स्वर्गमक्षयमिच्छता ।
सुखचेहेच्छता नित्य योऽधार्य्यो दुर्बलेन्द्रिये. ॥

ની આપે છે કે વિધાતાએ અમુક ક્ષયરોગી જર્જર પુરૂષની પત્ની થવાનુ તે બિચારી અનાથ અસહાય અબળાના ભાગ્યમા લખ્યુ છે! તો જ પતિ માટે પત્નીને સુખ અને આનન્દ પ્રાપ્ત થશે!

આજે વિવાહ થાય, કાલે પુત્રી વિધવા થઈ ખુણામા બેસે, એટલે તેના સમાગના બધા સુખ લોપ થઈ જાય જે પ્યારી પુત્રીને કાલ સુધી લોક સૌભાગ્યવતી કહેતા હતા, તેને આજથી અભાગણી ડાકણ કહેવાનુ કામ શરૂ થાય! લોકો તને કુવાક્ય અને કટુ વચનો સભ ળાવી સભળાવીને બાળે છે છોકરાની નાની અને દાદી તેને ધિક્કારે ને કહે છે કે આ વહુ માગ દીકરાને ખાઈ ગઈ! એ પાપણી ઘરમા આવી તે દિવસથી છોકરાની બિમારી વધી ગઈ ખરૂ જોતા વિવાહના દિવસોમા જોઈએ તેટલો આરામ નહી મળવાથી બિમારી વધી હતી. ધુરંધિતના વિવાહ થવા અગાઉ પણ છોકરાના અસાધ્ય ક્ષયરોગની ખબર હતી, પોતે વંક સારૂ જાણતા હતા, અને મનમા સમજતા હતા કે તે જીવવો કઠણ છે, તો તે પણ આજે બિચારી અનાથાના ભાગ્યનો દોષ બતાવે છે! કહે છે કે જો એના કમ માગ હોત અને વિધાતાએ એનો ચૂડોચાંલ્લો અખંડ રહેવાનુ સરજેલુ હોત, તો કોઈ મરેના મુડદાને પણ એ પતિ કહેતે તો તે સજીવન થઈ જાત! એના ભાગ્યમા સુખ લખેલુ હોત તો બાવાજીની ધુણીની ભભુત અથવા ભવાનીનુ ચરણામૃત અમૃત તુલ્ય થઈ પડતે! આવી આવી ઉત્તમ રસાયનની માત્રાઓ અને અમૂલ્ય ઔષધિ કદી નિષ્ફળ નહીં જતે લાલાજીના ઘરમા એ પુત્રી નહી પણ રાક્ષસી પેદા થઈ છે!"

ધિક્કાર છે આના પૈશાચિક વિચાર કરનારાને! કરે દુસ્મનના જેવા કામ પોતે અને દોષ મૂકે બીજાના ઉપર! શુ કોઈ સારા વૈદ કે ડાકટર પાસે પરીક્ષા કરાવી છોકરાની શારીરિક અવસ્થા અને તેના આયુષ્યનો નિર્ણય નહી કરાવી શકાય? જો ભાગ્ય ઉપરજ મરવા જીવવાનો આધાર હોય તો જીદગીના વિમાનુ કામ કરનારી બધી

કંપનીઓ દેવાળાં કાઢે અને એ કંપનીઓનો ડાક્ટરી તપાસ કરાવવાનો ખર્ચ નિષ્ફળ જાય

લોકો પોતાનીજ મૂળ ભૂલનો વિચાર કરતા નથી, પોતાના કરેલા કૃત્યનો અને પોતાનો દોષ કાઢતા નથી અને નકામીજ ભાગ્યની, પૂર્વ જન્મના સંસ્કારની અને વિધાતાની નિંદા કર્યા કરે છે

આ વાતો સંબંધી જેવું ભારતમાં અંધેર છે તેવું સંસારમાં બીજે કોઇ પણ ઠેકાણે નહિ હોય હુક્કો પીતા પીતા આગગાડી ઉપડી જાય તો કહે છે કે ગાડી ઉપડી જવાનું નસીબમાં લખેલું હતું ટિકીટ લીધા વગર ચાલાકીથી ગાડીમાં ચઢી બેઠા, ચાલતી ગાડીએ પકડાઇ ગયા અને સજા થઇ, તે પણ કીસમતમાં લખેલું હતું ! "કિસમતમાં લખેલું હતું" એ જવાબ કરતાં અધિક નીચ ઉત્તર બીજો નથી. એ તો કેવલ કાયર, ડરપોક, અને મૂર્ખ લોકોનો જવાબ છે

પૂર્વજન્મના ફળની શી મતલબ ! કોઇ માણસ ખૂન કરે અને કહે કે "જે શખસ મરી ગયો તેના કિસ્મતમાં મારે હાથે મરવું લખ્યું હતું તેમાં મારો શો દોષ ?" બસ, ચાલો છૂટી ગયા આટલું કહી દીધાથી દુનિયાની બધી બાબતોનો નિકાલ થઈ જાય છે

વિચાર તો કરો, તમેજ તમારી પુત્રીને જન્મ આપ્યો, તમેજ તેને પાળીપોષીને મોટી કરી કોમળ લતાની પેઠે તે તમારા હૃદયને વિંટાઈ રહી તમેજ બાળપણમાં કોઈ અયોગ્ય પતિ સાથે તેનો વિવાહ કરી દીધો કારણ શું ? એ પ્રમાણે નહિ કરો અથવા એથી વિરૂદ્ધ વર્તો તો સમાજમાં તમારી હાંસી થાય, કેટલાએક લોકો તમારી સાથેનો સંબંધ તજી દે અથવા તમને મેણાટોણા મારે આવા કારણથી તમે સ્વાર્થવશ થઈ તમારી વહાલી પુત્રીનો લાભ બાજુએ મૂકીને તેને અયોગ્ય પતિ સાથે પરણાવી દીધી થોડાજ સમયમાં તે વિધવા થઇ હવે તેનાથી સારાં વસ્ત્ર પહેરાય નહી, અને વિવાહ વગેરે માંગલિક કાર્યોમાં ભાગ લઇ શકાય નહિ જ્યાં બીજી સ્ત્રીઓ ખડખડ હસી રહી છે, નાચ-

રંગના આનંદમાં મગ્ન થઈ રહી છે તેજ વર્ગના એક ખુણામાં બેસીને પ્યારી પુત્રી રડી રહી છે તે પોતે રડવાનું ચાહતી નથી તેની આંખમાં જે આંસુ આવ્યાં છે તે પતિના પ્રેમના કે વિરહના વિયોગના આંસુ નથી પતિ-દેવતાના તો તેને દર્શન પણ પ્રાપ્ત થયાં નથી, પણ તેના મનમાં તો ત્યાં રહીને બીજી છોકરીઓ સાથે મળી ખુલ્લા દિલથી હસવાની અને ચકલીની પેઠે અહીં તહીં ઉડવાની ને કુદવાની ઇચ્છા થાય છે પણ તમે તેને તેમ કરતાં -હા, હા, તમેજ-અટકાવો છો કેમકે લોકો તમને હસી કાઢે તમે લોકજ તેને રડાવો છો અને આખી જીંદગી રડાવ્યા કરશો હાય હાય ! આપણા હિંદુ લોકોને ઘેર તો અનેક તહેવાર અને ટાણાટચકા નિત્ય આવે છે, અને આપણી સ્ત્રી, અરે આપણી માતા સુદ્ધાં પગે અળતો અને મેંદીનો રંગ લગાવે છે, સારાં મન વસ્ત્ર અને અલંકાર પહેરે છે તે જોઇ જોઇને આપણી દિકરી તલસ્યા કરે છે મુઝાયા કરે છે તેને તો આખો જન્મારો આમીજ રીતે ગાળવાનો છે તે પતિ દેવતાનું દર્શન પણ પામવાની નથી પુત્રવતી થઇને પુત્રના મુખનું ચુંબન કરવા પામવાની નથી બાલ્યાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી તેને અતિ દીન અવસ્થામાંજ રહેવું પડવાનું છે પ્રતિદિન રડવું, તિરસ્કાર અને અપમાન ખમવાં એજ તેના ભાગ્યમાં લખાયલું છે એ બધાં દુઃખની સાથે કામદેવના મર્મવેધક બાણોના માર સામે આખી યુવાવસ્થામાં પવિત્રતાના હથિયારથી પોતાનું રક્ષણ કરવાનું છે આખું જીવન દુઃખ અને અફસોસ વેઠીને ગાળવાનું છે શા કારણથી ? તેને એવા પ્રકારનું જીવન ગમે છે માટે ? ના નહીં તમે તેને એવી ફરજ પાડો છો- તમે તેના પર અત્યાચાર કરો છો—માર્શલ લૉ ચલાવો છો- તે કારણથી

બતાવો તો ખરા, આ સર્વ ઘટનાઓમાં પૂર્વજન્મના સંસ્કારનો દોષ છે કે તમારો પોતાનો ? અને આજેજ એ પુત્રીની દશા બદલી નાખવાનું તમારાજ હાથમાં છે કે ભાગ્યના હાથમાં છે ? તેના ભાગ્યમાં

લખનાર, તેના વિધાતા તમે પોતેજ હતા, અને અત્યારે પણ તમેજ છો, બ્રહ્માજી છે.

જો તમને તેની પોર વિપત્તિ જોઇને ખરેખરી દયા આવતી હોય, અને તેનું દુઃખ ટાળવા હૃદયમાં લાગણીજ હોય તો તેના ફરીથી વિવાહ કરવાનો નિશ્ચય કરો. પછી જુઓ કે તેના પૂર્વજન્મના સંસ્કાર ક્યાં ચાલ્યા જાય છે. તમે સ્વતંત્રપણે કામ કરો. તમારા ઘરમાં ૮–૯ વર્ષની કન્યાના વિવાહ કરવાનો નઠારો રિવાજ હોય તે કાઢી નાખો. ૧૫–૧૬ વર્ષની વય થયા પછી કાંઇ નહિ તો હૃષ્ટપુષ્ટ યોગ્ય વિદ્વાન યુવકની સાથે વિવાહ કરો. ખરી રીતે જોઇએ તો કુટુંબની ગુરૂ વટાલ અને હિમ્મત બળવાન છે, કે તમારાં વિચારપૂર્વક કરેલાં કર્મ બળવાન છે. આવી રીતે વર્તન કરવામાં તમારી પુત્રીનાં આગલા જન્મનાં કર્મ આડાં આવે છે કે તમારી પોતાની નબળાઇ, તમારી બીકણતા, તમારી આપખુદી, અને તમારી સ્વાર્થબુદ્ધિ આડી આવે છે. એવી રીતે કામ કરવાની તમારી હિમ્મતજ ચાલતી નથી. તે માટે તમારી પુત્રીનાં કર્મ આગળ આવે છે તે માટે નહિ, પણ તમે તમારા સગાંસબંધી અને ન્યાતજાતની બ્હીકથી પાછા હઠો છો, કેમકે એ લોકો તમારા તરફ કોઇ વખતે તમારી સાથે સંબંધ નહીં રાખે, અને તમારી સ્ત્રીની પણ હાંસી કરે તેથી તમે બહુ ગભરાઓ છો. બસ, આટલાજ કારણથી તમે બધા દોષો પુત્રીના ભાગ્યને માથે મૂકવાનું વાજબી ગણો છો. બસ, એટલી એકજ વાત—ધડમાથા વગરની વાત, "જે વિધાતાએ લખ્યું છે તે કોટી ઉપાય કરો પણ બન્યા વગર નથી રહેવાનું" આટલું કહી દેવાથી બધી બાબતનો છેડો આવી જાય છે. તમારી બધી જંજાળ દૂર થઇ જાય છે.

કલ્પના કરો કે તમે નાતના અગાસી ઉપરથી નીચે આંગણામાં પડી ગયા. તમારી પુત્રી જુએ છે કે તમારા નાકમાંથી લોહી વહે છે અને ચોટ વાગવાથી તમને બહુ કષ્ટ થાય છે. પણ એ વખતે જો તે એવું કહીને બેસી રહે કે પિતાજીના ભાગ્યમાં પડવાનું અને ચોટ

વાગવાનું લખેલું હતું તમારા પૂર્વ જન્મના સંસ્કાર એવા હતા, માટે પડી રહેવા દો જે ભોગવવાનું છે તે ભોગવવા દો'—પછી એ વાત તમને કેવી લાગે ?, તે કહેશો ? "આ તમારું કષ્ટ તો એકાદ દિવસમાં ટળી જવાનું છે, પણ પુત્રીને હિંમતને બદલે આપી જીંદગીનાં દુઃખ ભોગવવા માટે રહેવા દો તે કેટલું ખોટું છે— કેવી નીચતા છે ! કેવી નામર્દી છે ! તમે તો બાળલગ્ન નિષેધ જેવા મા યુવાન બેનાની અભાગીની કન્યા ઘરની લો છો ? જેથી ભીડ વખતે પડી જવાય નહી ઠાકરો ફરતી હવાથીજ તમારા પૂર્વ જન્મના પાપ નીચા નહીં દેય થતા નથી અને તમે ભીડ વખત પડી પણ જતાના નથી પણ તમારે કીડીઓ નજર પડી જાય છે, અને તમે ડોળા કાઢીને જોયા કરો છો, કદાપિ કાંઠા પરંતુ તેઓ પડતી બચી જાય એવો પ્રબંધ કરતા નથી વિવાહ ખાની ઘરડી અગાભાને યોગ્ય વિવાહની જાળી અથવા કંઠેરા કરાવી દેવાથી જ તેઓનું આ કષ્ટ દૂર થશે

કર્મ શું પ્રકૃતિનો અચળ નિયમ છે ? પૃથ્વિમાં આકર્ષણશક્તિ છે તેથી તે દરેક વસ્તુને પોતાના તરફ ખેંચે છે તોપણ મનુષ્યને અધિકાર છે તેનામાં સામર્થ્ય છે, કે પોતાની સગવડ પ્રમાણે તે શક્તિને સ્વાધીન રાખી શકે આપણે દાદર વડે, વિજળીના યંત્ર (Electric lift) વડે, હવાઈ વિમાન વડે ઉંચા ચઢી શકીએ છીએ અને પૃથ્વિની આકર્ષણશક્તિને દબાવી રાખીએ છીએ સ્વતંત્ર બુદ્ધિને કોઈ પરતંત્ર નથી કરી શકતું પૂર્વ જન્મના કર્મના ફળ આપણને આ જન્મમાં પરતંત્ર નથી કરી શકતા, તે આપણી વર્તમાન સમયની સ્વતંત્રતામાં વિઘ્ન નાખી શકતા નથી પ્રકૃતિએ રાજા, પ્રજા, ધનવાન, દરિદ્રી, સ્ત્રી, પુરુષ, મનુષ્યમાત્રને સ્વતંત્ર બુદ્ધિ પ્રદાન કરેલી છે એ બુદ્ધિની શક્તિથી આપણે પૂર્વ જન્મના કર્મના ફળને બદલી શકીએ છીએ.

પૂર્વ જન્મના સંસ્કાર એટલે થોડા વખત પહેલા કરેલા કર્મ, એક ઘડી પહેલા, એક દિવસ પહેલા, એક વર્ષ પહેલા કે એક જન્મ પહેલા, બધું વાત તો એકની એકજ છે ઠીક વિચાર કરો આજથી

એક વર્ષ પહેલા, એ યુવકોએ પોતાનુ બળ વધારવા માટે સોમલ અને પારાની ભસ્મ કેટલોક વખત સેવન કર્યુ તેથી આજે તે બન્ને જણાના શરીર રોગી થઇ ગયા છે રાડા, ચાઠા આખા શરીરે ફૂટી નીકળ્યા છે તેમાનો એક જણ હાથ જોડીને હિમ્મતને હારી ગયો છે કહે છે કે એ પોતાના કર્મના ફળ છે તે ભોગવવાજ પડવાના છે, અને બીજો વૈદ અથવા ડાક્ટરની સલાહ પ્રમાણે ઔષધ સેવન કરીને સારો થઇ જાય છે

આવીજ રીતે આપણે પ્રકૃતિના નિયમોને જાણતા નથી ત્યાસુધી આપણા ઉપર તેની હકુમત ચાલે છે, પણ જયારે આપણે તેને જાણી જઇએ ત્યારે તે આપણા ગુલામ બને છે ચિકિત્સા શાસ્ત્ર જાણવાથી આપણે પ્રકૃતિના અનેક નિયમો ઉપર આપણો અધિકાર જમાવી શકીએ છીએ રસાયનાદિ વિજ્ઞાનદ્વારા આપણે શુ શુ કરી શકીએ છે તે કહેવાની જરૂર નથી વરાળ અને વિજળી આપણી કેવી ગુલામી કરે છે તે કોઇને પણ અજાણ્યુ નથી આત્મજ્ઞાની ઇસુ ખ્રિસ્તે મડદાઓ સુદ્ધા સજીવન કીધા હતા આ બધા કર્મ છે કે બીજુ કાંઈ? ટુકામા કહેવાનુ કે પૂર્વ જન્મના સસ્કાર કે કર્મને આધીન આપણા વર્તમાન જન્મના કર્મ નથી આપણી બુદ્ધિ સ્વતત્ર છે આપણી સ્વતત્ર બુદ્ધિ ગયા જન્મના ફળોને દબાવી રાકે છે, અને ફેરબદલ પણ કરી શકે છે ધનમાલ લુટવાની લાલચથી ખૂની મનુષ્ય કોઇનુ ગળુ રેસી નાખે તે તેના આ જન્મનુ કર્મ છે ખૂનને માટે ખૂની જવાબદાર છે તેના પૂર્વ જન્મના સસ્કાર જવાબદાર નથી એક વખત હુક્કો પીતા વાર લાગી અને ટ્રેન ચૂકી ગયા, પણ બીજી વખત દશ મિનિટ આગળથી જનાર કદી પણ ટ્રેન ચૂકશે નહી. પૂર્વ જન્મના સસ્કાર ગાડી ચુકાવનાર હોય તે આપોઆપ દબાઇ જાય છે અર્થાત્ સસારના દરેક સ્ત્રીપુરૂષને પ્રકૃતિએ સ્વતત્રતા બક્ષેલી છે જો તે ચાહે તો કોઈ કાર્ય કરે, ન ચાહે તો ન કરે ઇશ્વર પણ તેમા વચ્ચે પડી નથી શકતો એ પણ તેનોજ બનાવેલો નિયમ છે પ્રકૃતિનો

એ પણ એક નિયમ છે, એવુ કહેવામા આશ્ચર્ય નથી અથવા નાસ્તિકપણુ નથી

જે જે દુરિતીઓ આપણા ઘરમા ચાલી આવેલી હોય, અને તે પૂર્વ જન્મના સસ્કારથી અથવા જન્મની ભૂલોથી હોય તે સુધારવી તમારા હાથમા છે તમે ચાહો તો તે દુર્વિચારોને આજેજ તોડી શકો છો તેને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવાનુ તમારા હાથમા છે તેના કર્તા અને અકર્તા તમે પોતેજ છો આપણે ભાગ્યને દોષ દઇને રડયા કરીએ એજ આપણી અજ્ઞાનતા છે ભગવાન બુદ્ધદેવે ઉપદેશ કર્યો છે કે ‘ આપણે આપણા ભાગ્યના માલિક છીએ, આપણા પ્રારબ્ધના રચનાર આપણેજ છીએ ’ ભીષ્મપિતામહે કહ્યુ છે કે ‘ ભાગ્ય કરતા કર્મ અધિક પ્રબળ છે ’ ગીતામા ભગવાન કૃષ્ણે વારવાર ઉપદેશ આપ્યો છે કે ‘ કર્મથી ન ડરો–કર્મ કરો જ કર્મ કરવાની કુશળતા એજ યોગ છે ’

આવા પરમપૂજ્ય મહાપુરૂષોના ઉપદેશનો–વેદાતનો મૂર્ખતાથી લોકો ખોટો અર્થ કરે છે અને કહે છે કે આપણા જન્મનુ કારણ પણ આપણેજ છીએ આધળા, પાગળા કે કોઢીઆ હોઇએ, ધન-હીનના ઘરમા અથવા અત્યત બુરી દશામા જનમ્યા હોઇએ–એ સર્વનુ કારણ આપણેજ, આપણા પૂર્વ જન્મના કર્મનુ ફળ આપણને એવી અવસ્થામા આપણને જન્મ અપાવે છે આપણા જન્મસ્થાન અને માતાપિતાની ચુટણી ખુદ આપણેજ કરીએ છીએ આવા સતાન ઉત્પન્ન થાય તેમા માતાપિતાનો શો દોષ? આપણા પૂર્વ સચિત કર્મા-નુસાર જન્મ લઇને સુખ અથવા દુ ખ ભોગવીએ તેમા કોઇનો વળી શો દોષ ? ”

આવા ખોટા આધ્યાત્મિક પુનર્જન્મના ગભીર ‘પ્રશ્નનો ’ સરળ જવાબ સક્ષેપમા એટલોજ કે ‘ કોઇપણ આત્મા કે સૂક્ષ્મ શરીરના કર્તવ્ય કોઇ અન્ય સ્ત્રી પુરૂષને કોઇપણ પ્રકારના કર્મ કરવા માટે બધનકારક નથી હોતા અન્ય મનુષ્યોની સ્વતત્ર બુદ્ધિ કે ઇચ્છાને

બીજાના કર્મ ભોગવવા માટે આકર્ષિત પણ કરી શકતી નથી જન્મ લેવો એક વાત છે, જન્મ આપવો બીજી વાત છે જન્મ લેવો તે એકનું કામ અને જન્મ આપવો તે બીજાનું કામ છે જન્મ દેવાનો ભાર જન્મદાતા માતાપિતા ઉપર છે જન્મ પામનારનું સારૂં માઠું ફળ જન્મ પામનાર પોતાના કર્માનુસાર ભોગવશે, પણ જન્મ આપવાનું સારૂં માઠું ફળ જન્મદાતા માતાપિતાને ભોગવવું પડવાનું આવી રીતે સમજી શકાશે કે કોઈ પાપાત્મા પોતાના કર્માનુસાર એક કોઢ વાળાને ત્યાં જન્મ લેવા છે પણ સંસારમાં કોઈ કોઢવાળો નથી અથવા માનો કે તમામ કોઢવાળાઓએ નિશ્ચય કીધો છે કે તેઓ સંતાનો-ત્પત્તિ કરવાનાજ નથી તેઓ સ્ત્રી-સંબંધનો ત્યાગ કરી બેઠા છે હવે પેલો પાપાત્મા શું કરી શકે? તેનું કર્મ હવે સંસારમાં કોઢ રોગ કેવી રીતે ફેલાવી શકે? શું તે કોઈ કોઢવાળાને લગ્ન કરવાની ફરજ પાડી શકે? વળી કોઢવાળાઓ તો જાણે છે કે તેઓના સંતાનને પણ આ રોગ થાય છે આવું જાણતા છતાં કોઈ સ્વાર્થબુદ્ધિથી કામાતુર પત્નીને ભોગ કરે અને તેને કોઢવાળું સંતાન થાય, તો આ ગુન કર્મનું ફળ કોને મળવાનું? એમ કહેશો કે જે પાપાત્મા એવી જગાએ જન્મ પામવા યોગ્ય કર્મવાળો હતો તેજ એ સંતાન છે? કહેવાની મતલબ એજ કે જન્મ આપવાના પાપનું ફળ પેલા જન્મ આપનાર કોઢીનેજ અવશ્ય ભોગવવું પડશે

એક લોભી લુટારાએ એક ધનવાન મુસાફરનું માથું કાપીને તેનું ધન લુટી લીધું મુસાફરને પોતાના કર્માનુસાર (તેની આ જન્મની ગફલતથી, અને પોતાના રક્ષણ માટે પૂરતા સાધન નહી રાખવાથી, કે તેના પૂર્વ જન્મના કર્મ ફળથી?) ધન લુટાવવાની અને માથું કપાવવાની ભયંકર પીડા ભોગવવી પડી પણ ધન લુટવાના અને માથું કાપવાના પાપનું ફળ તો ખુની લુટારાનેજ અવશ્ય ભોગવવું પડવાનું આ કુટિલ કર્મ તેણે પોતાની સ્વતંત્ર બુદ્ધિ અને ઇચ્છાથી કરેલું છે મુસાફરના કર્મોએ તેની પાસે એ કામ કરાવ્યું નથી મુસાફર અ-

સાવધાન હતો, મોત તેના માથા ઉપર નાચી રહ્યુ હતુ તોપણ લુટારો જો ધારતે તો તેને નહી મારતે લાલચને દબાવવી, પોતાની કુબુદ્ધિને રોકવી એ લુટારાનુ કામ હતુ લુટવુ, માથુ કાપવુ કે મૂકી દેવો તદ્દન લુટારાના હાથમા હતુ લુટારો એ દુષ્ટ કર્મ કરવાનુ ચલાતે નહીં, અને બ્રહ્માની પણ ખૂન કરાવવાની ઇચ્છા હોત તો તેની ઇચ્છા નિષ્ફળ થતે

પ્રકૃતિએ અથવા સૃષ્ટિ કર્તાએ નાના કે મોટા મનુષ્યમાત્રને નિર્મળ સ્વતત્ર બુદ્ધિ આપેલી છે કોઇપણ વ્યક્તિને કોઇપણ જાતના કાર્ય કરવાનો કે નહીં કરવાનો પૂર્ણ અધિકાર અને સ્વતત્રતા છે જો તે ચાહે તો કરે ન ચાહે તો ન કરે, કાર્ય ભલે ક્ષુદ્ર હોય કે મહાન્ હોય, તોપણ વિધાતા તેમા કશુ કરી શકે નહી

આપણે જોઇએ છે કે આ કર્મજગતમા પુરૂષાર્થથી જ બધુ પ્રાપ્ત થાય છે આળસથી રામરામ જપનારની સહાયતા ઇશ્વર પણ કરતો નથી દેશોદ્ધારક છત્રપતિ શિવાજીનુ જીવનચરિત્ર વાચો તેણે કેવા સમયમા કેવી કેવી મુશ્કેલીઓની સામે થઇને દેશનો અને ધર્મનો પુનરુદ્ધાર કીધો હતો સુથારના પુત્ર ઇસુએ સસારને કેવો પલટાવી નાખ્યો એક સામાન્ય ભરવાડને ઘેર જન્મેલા નેપોલિયન બોનાપાર્ટે પોતાના બાહુબળથી એક વખત આખા યુરોપને હચમચાવી નાખ્યો પિંજારાના પુત્ર જગત્-પ્રસિદ્ધ શેક્સપિયરે પોતાના કર્મથીજ અટલ કીર્તિ મેળવી એ બધાને જવા દો આપણા આદર્શ શ્રીરામચદ્ર અને કૃષ્ણચદ્ર અથવા ભગવાન બુદ્ધદેવનુ જીવનચરિત્ર વાચો તેમની કીર્તિ, તેમનો યશ તેમના નામ જગતમા શા કારણથી પ્રસિદ્ધ થયા છે ? તેઓ રાજકુમાર હતા અને ભાગ્યના બળથી રાજમહેલોમા રાજશય્યા ઉપર બિરાજતા હતા તેથી ? ના ના તેઓના સર્વોત્તમ કર્મથી તેઓ જગતમા અમર છે માટે યાદ રાખો કે જેઓને આપણે સ્વય ભગવાનના અવતાર સમજીએ છીએ તેઓને પણ સાધારણ મનુષ્યના જેવા કષ્ટ સહન કરવા પડયા હતા તેઓને પણ પોતાની વિચાર-શક્તિથી આજે આપણે કરીએ છીએ તેવાજ કામ કરવા પડયા હતા.

જરા વિચારો તો ખરા, કે રામચંદ્રજી તમારી સામે ઉભા રહીને મનમાં તુલના કરે છે કે માતાજી (કૈકયી)ની આજ્ઞા પાલન કરે છે તો પિતાજી પ્રાણ ત્યાગે છે વનમાં જવું કે નહી જવું? મહાભારતનો સંગ્રામ કરવાવાળા અર્જુનના સારથી અને ગીતાના ઉપદેશક ભગવાન કૃષ્ણને પોતાના સગા મામા કંસને મારવો છે તે મારે કે ન મારે? ભયંકર યુદ્ધ કરવું છે ભાઇને ભાઈના હાથે કાકાને ભત્રિજાના હાથે, ગુરુને શિષ્યના હાથે મરાવવા છે–બાલ બ્રહ્મચારી ભિષ્મપિતામહને તેનાજ પૌત્ર પ્રતાપી અર્જુન પાસે દગાથી મરાવવા છે ધર્મ-રાજ યુધિષ્ઠિર પાસે જુઠું બોલાવીને ગુરુનું મોત સાધવું છે આ બધું કાર્ય કૃષ્ણના ઉપદેશથીજ બનવા સંભવ છે તો કૃષ્ણચંદ્ર યુદ્ધનો ઉપદેશ કરે કે ન કરે? રાજકુમાર ગૌતમને સ્વયં કોઇ પ્રકારની તકલીફ કદિ પણ ઉઠાવવી પડી ન હતી તેમને બચપણથીજ એશ-આરામમાં ઉછેરવામાં આવ્યા હતા અને દુનિયાના તમામ પ્રકારના દુઃખનો ભાસ સરખો પણ તેમને થવા દીધો ન હતો આટલી સાવચેતી રાખવા છતાં સંયોગવશ કેટલીએક દુઃખી વ્યક્તિઓ જોવામાં આવી ગઇ તેઓના દુઃખ જોઈને પોતે સંસારના ઉપકાર અને ઉદ્ધારની ચિંતામાં પડયા આ મહાન્ કાર્યની સિદ્ધિને માટે, તે સમયની અધમ પ્રજાને ઉન્નત કરવા માટે, ભાગ્યના મિથ્યા પાખંડને તોડી લોકોને કર્મમાર્ગ ઉપર લાવવા માટે તે મહાત્માને પોતાના આનંદમય રાજમહેલો તજવા છે કોમલ રાજશય્યા તજવી છે મનમોહિની સુંદરી પ્યારી રાણી અને પ્રાણથી પણ અધિક પ્યારા એકના એક પુત્રને તજવો છે કોઇને કાંઇપણ કહ્યા વગર સુતેલા મૂકીને નાસવું છે અને જંગલમાં જઇ વાસ કરવો છે પોતે જતાં જતાં અચકાઇને પાછા વળે છે નિદ્રાવશ હોવા છતાં જાણે હસતો હોય એવા પુત્રને ચુંબન કરવા ચાહે છે અફસોસ! હવે જાય કે ન જાય? નિષ્પક્ષપાત વિચાર કરતાં જણાય છે કે એવા પુરૂષો દેવતામાંથી મનુષ્ય નથી થયા પણ તેઓએ મનુષ્યમાંથી જ દેવતાનું પદ પ્રાપ્ત કર્યું છે

ભાગ્યને બહાને માથે હાથ દઈને રડવાથી નહિ, પણ ધીરજ ધારણ કરીને શત્રુની સામે થવાથી તેનો નાશ કરી શકાય છે, અને પ્રારબ્ધ ઉપર બેસી રહેવાથી તો પોતાનો જ વિનાશ થઈ જાય છે કોઇપણ મુસીબત અથવા કષ્ટનો મુકાબલો કરવાથી શરીરની બધી શક્તિઓ વધે છે, અને બેસી રહેવાથી હારી જવાય છે, એટલુ જ નહિ પણ શક્તિઓનો સુદ્ધા લોપ થઈ જાય છે

કસરત કરવાથી શરીર મજબૂત થાય છે તેનુ કારણ શુ ? કારણ એ કે કસરતને લીધે શરીરના અનેક અંગોને કાઇને કાઈ કષ્ટ વેઠવુ પડે છે, તેથી નિત્યના કષ્ટને લીધે શરીર કમાઇને પુષ્ટ થાય છે અને બળ વધે છે કોનામા કેટલુ બળ છે કોનામા કેટલુ પુરૂષાર્થ છે તેની તપાસ કાર્ય કરવાથી જ થઇ શકે છે રામમૂર્તિ કે સેન્ડોના શરીરમા પોતાની છાતી ઉપર હાથીને ઉભો રાખવા જેટલુ બળ કયાથી આવ્યુ હશે ? એ લોકો બચપણમાથી એવો જ વિચાર કરતે કે ભાગ્યમા બળવાન થવાનુ લખ્યુ જ હશે તો બળવાન બની જઇશુ, અથવા હનુમાનજીને સવાપાશેર મિઠાઇની લાચ આપીને બળવાન બની જઇશુ, અને તેઓ દરરોજ કઠિન પરિશ્રમ કરતા રહ્યા હોત નહી તો શુ તેઓ જગતમા પકાવા જેવા બળવાન બનવાનો સભવ હતો ?

પાઠક ગણ, " તમે ચાહે સ્ત્રી હો કે પુરૂષ, અવિવાહિત હો કે વિવાહિત હો, ધનવાન હો કે ધનહીન હો, તોપણ તમે તમારો, તમારા સતાનનો, સમાજનો, અને સાથે સાથે દેશનો સુધારો કરી શકો છો. કોઇનો અભિપ્રાય લેવાની જરૂર નથી, પદાધિકારી બનવાની જરૂર નથી, અને ધનની પણ કાઈ ખાસ જરૂર નથી માત્ર પુરૂષાર્થની જરૂર છે. જો તમે દઢતાથી અમુક કાર્ય કરવાનો નિશ્ચય કરી લો તો પછી ભાગ્ય કદી પણ તમારો હાથ પકડીને અટકાવી શકનાર નથી ' હા, મુશ્કેલીઓ તો જરૂર આવવાની પગલે પગલે તમારે મુશ્કેલીઓની સામે થવુ પડવાનુ, પણ અતમા વિજય તમારો જ થશે.

मानवोंकी जीवनी है यह हमे बतला रहो,
अनुसरण कर मार्ग जिनका उच्च हो सकते सभि।
कालरुपी रेतमें पदचिह्न जो तजि जायेंगे,
मानकर आदर्श उनका ख्याति नर जग पायेंगे।

ભારતમા વિવાહિત જનોની તથા જન્મ-મૃત્યુ-સંખ્યાની અત્યંત અધિકતા.

ઇગ્લાંડમા કેટલાક સમયથી ૧૫ થી ૪૫ વર્ષની પરણેલી સ્ત્રીઓની સખ્યા ૬૭ સેકડે ૪૭ છે અર્થાત ૧૦૦ માથી માત્ર ૪૭ સ્ત્રીઓ પરણેલી છે ભારતમા ૧૫ વર્ષ નીચેની સ્ત્રીઓ બાદ કરીને માત્ર ૧૫થી ૪૦ વર્ષ સુધીની વયની સ્ત્રીઓની સખ્યામાથી * સેકડે ૮૨.૭ એટલે ૧૦૦ માથી ૮૨ કરતા પણ વધારે પરણેલી છે. જર્મનીમા સવાત્રણ કરોડ સ્ત્રીઓમાથી ૮૯ લાખ પરણેલી છે, અને ભારતની ૧૪ કરોડ સ્ત્રીઓમાથી ૭ કરોડ પરણેલી અને અઢી કરોડ વિધવા છે × વળી ભારતની જનસખ્યા પણ સસારના બધા દેશોના કરતા અધિક છે (આગલા ભાગમા આપેલુ કોષ્ટક જોવાથી તે સમજાશે)+

આની અત્યંત જનસખ્યાનુ કારણ એ નથી કે ભારતની સ્ત્રીઓ અન્ય દેશની સ્ત્રીઓના કરતા અધિક બાળકોને જન્મ આપનારી છે ઇગ્લાંડમા ૧૦૦૦ પરણેલી સ્ત્રીઓ મળીને ૨૭૪ બાળકોને જન્મ આપે છે, અને ભારતમા ૨૩૨ બાળકોને જન્મ આપે છે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ભારતની સ્ત્રીઓ ઇગ્લાંડની સ્ત્રીઓના કરતા અધિક બાળકો પેદા કરનારી નથી ×

---

* ભારતમા ૧૫ વર્ષ કરતા ઓછી ઉમ્મરની છોકરીઓ (સ્ત્રીઓની) સખ્યા પણ બહુ જ મોટી છે

× Government Report, Sanitary measures in India 1905–06 Page 80

\+ Statesman's year book 1911

× Government Report Sanitary Measures in India 1905–06 Page 80

ભારત

ઇ સ ૧૯૧૬

ભારતમા

જન્મ	ભૂમંડળના સઘળા દેશો કરતાં જન્મ અને મૃત્યુની સંખ્યા અધિક છે.	મૃત્યુ

ભારતમાં જન્મસંખ્યા

ઇ સ	દર હજારે
૧૮૯૯	૪૨ ૧૬
કુલ જન્મસંખ્યા ૯૦,૪૩,૬૫૭	
૧૯૦૦	૩૬ ૫૮
કુલ ૭૮,૭૭,૭૦૩	
૧૯૦૧	૦/ ૫૯
કુલ ૭૭,૪૯,૨૭૩	
૧૯૦૨	૩૯ ૩૮
કુલ ૭૮,૭૯,૭૫૬	
૧૯૦૩	૩૮ ૯૬
કુલ ૮૭,૨૫,૬૦૫	

દેશનુ નામ	જન્મ	મૃત્યુ
મધ્ય પ્રદેશ અને વરાડ	૪૭ ૮૫	૦૯ ૯૫
પંજાબ	૪૫ ૬	૩૦ ૭૦
સયુક્ત પ્રાન્ત	૪૦ ૯	૨૯ ૫૦
દિલ્હી	૪૯ ૩૯	૦૨ ૯૭
અજમેર-મેરવાડા	૦૮ ૬૮	૪૦ /૮
કુલબાન્ત	૩૭ ૧૩	૨૦ ૧૦
જાપાન (૧૯૧૪)	૩૪ ૦	૨૦ ૭
સ્પેન	૩૦ ૮	૨૨ ૯
ઇટાલી	૩૪ ૨	૨૧ ૧
જર્મનિ (૧૯૧૪)	૨૯ ૩	૧૭ ૫

ભારતમાં મૃત્યુસંખ્યા

ઇ સ	દર હજારે
૧૮૯૯	૩૦ ૦૧
કુલ ૬૮ ૩૬,૪૧૩	
૧૯૩૦	૩૮ ૯૧
કુલ ૮૪,૩૪,૬૫૫	
૧૯૦૧	૨૯ ૪૫
કુલ ૬૫,૯૬,૭૭૭	
૧૯૦૨	૩૧ ૬૭
કુલ ૭૦,૬૨,૪૧૭	
૧૯૦૩	૩૪ ૯૧
કુલ ૭૮,૧૮,૧૮૩	

૧૯૦૪ ૪૦ ૮૦

કુલ ૯૧,૨૬,૧૪૩

૧૯૦૫ ૩૯ ૧૪

કુલ ૮૭,૨૧,૧૪૬

૧૯૦૬ ૩૭ ૪૬

કુલ ૮૪,૧૮,૫૭૮

૧૯૦૭ ૩૭ ૬૬

કુલ ૮૫,૦૫,૬૬૩

૧૯૦૮ ૩૭ ૭૮

કુલ ૮૫ ૫૪,૪૨૭

૧૯૧૫ ૩૭ ૮૨

૧૯૧૬ ૩૭ ૧૩

(Figures taken from the statistical Abstract of British India 1899 to 1909 pages 228–237 and Statesman's yeard Book 1918

તસ્માનિયા	૨૯ ૬૭	૧૦ ૭૨
ડેન્માર્ક	૨૪ ૭	૧૩ ૫
ન્યુઝિલાંડ	૨૮ ૫	૧૦ ૫
યુનાઇટડ સ્ટેટસ અમેરિકા	૨૪ ૯	૧૩ ૫
ન્યુસાઉથ વેલ્સ	૨૬ ૯	૧૧ ૦
નોર્વે	૨૮ ૨	૧૪ ૮
સ્વીડન	૨૧ ૪	૧૪ ૧
ઇગ્લાંડ	૨૩ ૧	૧૪ ૯
બેલજિયમ(૧૯૧૨)	૨૨ ૯	૧૫ ૧
વિક્ટોરિયા	૨૬ ૩	૧૨ ૬
ફ્રાન્સ (૧૯૧૪)	૧૮ ૮	૧૬ ૭
આસ્ટ્રેલિયા	૨૭ ૪	૧૧ ૩

The statesman's year Book, 1918

૧૯૦૪ ૩૭ ૫

કુલ ૭૩,૮૦,૮૦૧

૧૯૦૫ ૩૬ ૧૪

કુલ ૮૦,૫૨,૨૩૦

૧૯૦૬ ૩૪ ૭૩

કુલ ૭૮,૫૨,૨૩૦

૧૯૦૭ ૩૭ ૧૮

કુલ ૮૩,૯૯,૬૨૨

૧૯૦૮ ૩૮ ૨૧

કુલ ૮૬,૫૩,૦૦૭

૧૯૧૫ ૨૯ ૯૪

૧૯૧૬ ૨૯ ૧૦

ભારતમા અધિક જનસખ્યાના બે મુખ્ય કારણો છે (૧) વિવાહની અત્યત અધિકતા, એટલે બહુ લોકોનુ વિવાહિત થવુ (૨) ભારતની દરિદ્રતા, એટલે ભારતવાસીઓને પેટ ભરીને અનાજ નહિ મળવુ 'The increased birth-rate is only another Proof of the impoverishment of the (Indian) people'

હિદુસ્તાન દરિદ્ર થવાનુ એક કારણ દિન પર દિન વધતી જતી મનુષ્યસખ્યા પણ છે.

આવી અધિક સતાનોત્પત્તિનુ ભારતવાસીઓને કદાચિત્ અભિમાન હશે વખતે તેઓ એવુ પણ સમજતા હોય કે અન્ય દેશવાસીઓના કરતા તેઓની સતાનોત્પાદક શક્તિ અધિક છે, માટે તેઓ સસારની અન્ય જાતિઓ કરતા બળવાન અને પુરૂષાર્થી હશે; પણ એવી માન્યતા ખરી નથી ખરી વાત તો એ કરતા ઉલટી જ છે પ્રકૃતિનો એક વિલક્ષણ નિયમ છે કે દરિદ્ર, કમજોર, અને અર્ધુ ભોજન મળે એવી ભૂખી જાતિઓમા અધિક સતાનો પેદા થાય છે.

'The fecundity (fruitfulness) of the human animal and of all other living beings is in inverse proportion to the quantity of nutriment available and that an underfed population multiplies rapidly.

Birth-rate is much smaller in higher than in lower social strata, that fertility in man increases *pari passu* with poverty.

"Everywhere it has been seen that the inhabitants of the poorest quarters are the most prolific"

ભારતવાસીઓ જેટલી બેપરવાહથી વિવાહ કરે છે, તે કરતાં પણ અધિક બેપરવાહથી સતાનોત્પત્તિ કરે છે એ લોકો સમજે છે કે

સતાનોત્પત્તિ કરનાર તો કિસ્મત-વિધાતા છે તેમા પોતાનો કશો સબધ નથી એ તો નસીબનો ખેલ છે વિધાતાનો લેખ છે માટે તેઓ એ બાબતમા કાઈ કરી શકતા નથી પોતે પ્રત્યક્ષ જુએ છે કે ઘરમા બચ્ચા વિધમાન છે-મોજુદ છે, તેઓના ભરણપોષણનુ સાધન નથી માતાપિતા પોતાના પેટ બાળીને પણ બાળકોની ઉદર-પૂર્તિ કરી શકતા નથી તેમ છતા દર વર્ષે નહી તો દર બીજે વર્ષે અવશ્ય બચ્ચા તો પેદા જ થાય છે એમા એ લોકોનો કાઇપણ દોષ નથી એ લોકોના કર્મથી બચ્ચા જન્મતા નથી, પણ વિધાતાની 'બક્ષિસ' મળે છે'

જેઓ ભણ્યા ગણ્યા છે તેઓ તો પોતાની આવક સારી રીતે સમજી શકે છે, સ્થિતિનો વિચાર કરી શકે છે, હિસાબ ગણી જાણે છે, કે અમુક સખ્યા કરતા અધિક બાળકોનુ પોષણ કરી શકાવાનુ નથી, તેમ છતા સતાનોત્પત્તિ કર્યા જાય છે ભારતમા દુધની તગી વધતી જાય છે દેશમા બધી મળીને ૪ કરોડ ગાયભેસો છે, તે કાઈ બારેમાસ દૂધ દેતી નથી છ મહિના જ દૂધ આપે છે, એટલે ૨ કરોડ ગાય ભેસોના દૂધ ઉપર ૩૧ કરોડ ભારતવાસીઓ ગુજારો કરે છે દર ૧૫ માણસ પછવાડે એક ગાય ભાગે આવે છે+ જ્યારે દુધનો આટલો બધો અભાવ છે તો માત્ર દુધ ઉપર જ જીવવાવાળા બાળકો ક્યાસુધી જીવી શકે, તેનો વિચાર તમે પોતે જ કરી શકો છો તોપણ તમે બચ્ચા પેદા કરવામા ચૂકતા જ નથી પ્રથમ ઘરમા ગાય લાવીને પાળો અને પછી બચ્ચા પેદા કરો

અજબ અધેર છે એક ચિત્રકાર છબી ચિતરવાની સાફ ના કહે છે. તે કહે છે કે આ વખતે મારૂ ચિત્ત બીજી તરફ છે, માટે છબી ચિતરવા બેસુ તો કામ સારૂ નહી થાય, અને મારા ધધાને ખામી લાગે.

+' The Hindoostan Review' -Novemcer, 1913, p 132

કવિને કવિતા બનાવવા માટે પણ ખાસ ધૂન ચઢવી જોઇએ ગવૈયાઓની પણ એવી જ સ્થિતિ હોય છે પૈસા પૈસાની કિમ્મતના માટીના રમકડા બનાવનાર કુંભાર પણ છાકટો થયો હોય ત્યારે અથવા કોઇ સાથે ઝગડતો હોય ત્યારે રમકડા બનાવતો નથી કારણ કે એની સ્થિતિમા રમકડા બરાબર બને નહિ, બગડી જાય પણ વાહરે અધેર ! ઇશ્વરી મૂર્તિઓ, પવિત્ર જીવતી મૂર્તિઓ, દેવતા અને દેવીઓની મૂર્તિઓ બનાવતી વખતે તો કોઇપણ જાતનો વિચાર કોઇપણ કરતા જ નથી ! શારીરિક અથવા માનસિક દશા ગમે તેવી ખરાબ હોય તોપણ આપણે કશુ નથી સમજવાના ઉલટા બ્રાન્ડીના બે પેગ વધારે ટીચીએ છીએ અને એક પેગ સ્ત્રીને પણ ચઢાવીને ઉન્મત્ત કરીએ છીએ, અથવા પોતે ભાંગનો એક મોટો ગોળો વોળીને અડાવી દઇએ છીએ, અને નોકર સાથે થોડીએક સેર પણ સ્ત્રીને માટે મોકલીએ છીએ કે રાતના ચિત્તમાથી સર્વ જ જાળ આઘીપાછી થઈ જાય અને ખૂબ મોજ આવે ! વળી એવી મોજમા ખૂબ જ લીન થઈ રહેવુ હોય તો કાઇ રસાયન અથવા કામોદ્દીપક ઔષધિનુ સેવન કરી લો ! આવી અવસ્થામા વિર્યની કેવી દશા થતી હશે તે દર્શાવવાની જરૂર નથી , અને એવા પ્રકારના ગર્ભાધાનથી કેવી સતતી પેદા થાય તે પણ કોઇને અજાણ્યુ નથી વળી વિશેષ દુખની વાત એ છે, કે સતાન પેદા થાય તેને પોષણ માટે દુધનુ પણ ઠેકાણુ નહી ! પરિણામ શુ આવે છે ? આજકાલ જે આપણે જોઈ રહ્યા છીએ તે !

આપણે યાદ રાખવાનુ છે કે બચ્ચા કાઇ મરવા માટે પેદા થતા નથી, અને તેઓ મરી જાય છે તેમા દોષ આપણો જ છે આપણી જ ન્યૂનતા છે આપણી દુર્દશા જાણવા છતા આપણે સતાન પેદા કરીએ અને તે મરી જાય તો તેનુ ખૂન આપણે જ કરેલુ ગણાય તેના મોતનુ પાપ આપણા જ શિર ચઢવાનુ આ પ્રમાણે કરવુ તે જાણીજોઇને ખૂન કરવા બરાબર છે અપરાધ છે, કદી પણ ક્ષમા નહીં થાય એવો એ અપરાધ છે

આપણી આવી ગફલત અને આપમતલબનુ એ પરિણામ આવ્યુ છે કે એક વર્ષથી ઓછી વયના એક હજાર બાળકોમાથી ૩૩૩ મરી જાય છે અર્થાત્ દર ત્રણ બાળકમાથી એક મરી જાય છે આવી રીતે ભારતમા વર્ષે ૨૮ લાખ બાળકો મરણ પામે છે બાળકોના મરણની સખ્યામા બરાબર વધારો થતોજ જાય છે

દર હજારે એક વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુ —

સન	૧૯૦૫	૧૯૦૬	૧૯૦૭
છોકરા	૨૧૬ ૬	૨૨૮ ૩૦	૨૨૧ ૭૨
છોકરીઓ	૨૦૦ ૪	૨૧૭ ૫૨	૨૦૯ ૩૩

વળી બચ્ચાને જીવવા યોગ્ય અનુકળ હવાપાણી ભારતમા છે અહીં બીજા દેશોના જેટલુ સ્ત્રીઓને કારખાનામા કામ કરવુ નથી પડતુ, જીવન-સગ્રામ બહુ તીવ્ર નથી, બાળકોનુ દાઇઓ પાસે રક્ષણ કરાવવાની પ્રથા નથી, માતાઓ પોતેજ બાળકોને ઉછેરે છે તેમ છતા આવી અવદશા છે અને ઇગ્લાડમા કડકડતી ટાઢ પડે છે, માતાઓ બચ્ચાઓને મૂકીને આખો દહાડો બહારના કામે જાય છે મોટે ભાગે ભાડુતી દાઇઓ બચ્ચા ઉછેરે છે, ત્યાનુ બાળકોનુ મરણ પ્રમાણ નીચે પ્રમાણે છે –

માનચેસ્ટર ૧૬૦, એડિન્બરો ૧૫૦, બરમિગહામ ૧૩૦, દર હજારે.

આ આવા શહેરો છે કે જેના નિવાસીઓને દરરોજ તનતોડ મહેનત કરવી પડે છે તેઓના જીવનસગ્રામનો અનુભવ તો ભારતવાસીઓને બહુ ભારે પડી જાય તેમ છતા ત્યા ભારતના કરતા બચ્ચાઓના મરણની સખ્યા માત્ર અર્ધીજ છે

પાઠક ગણ, તમે જાણો છો કે જે ઘરમા એક બાળક મરણ પામે તે ઘરની કેવી દશા થઈ પડે છે આખુ વરસ રડવાકુટવાનુ ચાલ્યા કરે છે કામકાજ શાતિથી કરવામા આવતુ નથી અને માતાઓ

* Indu Madhav Mallik M A B. L M D from last Census Report.

તો પોતાના ગુમાવેલા બાળકને બદલે બીજુ આવીને ખોળામા રમતુ નથી ત્યાસુધી રડી રડીને પ્રાણ આપે છે

પણ સૌથી વધારે ખરાબી એ છે, કે આવી રીતે બેદરકારીથી સતાનોત્પત્તિ કરવાથી વસ્તી કાઇ વધતી નથી અવશ્ય અધિક બાળકો પેદા થાય છે ખરા, પણ તેની સાથેજ મરણનુ પ્રમાણ પણ વધે છે, અને વસ્તીનો વધારો અટકી પડે છે વસ્તી ગણત્રીના રિપોર્ટ ઉપરથી માલમ પડે છે કે ઇ સ ૧૮૮૧મા દર હજારે ૨૦૦૧, ૧૮૯૧ મા ૧૩ ૧, અને ૧૯૦૧મા ૨ ૧ માણસ વધ્યા

બીજા દેશોમા મરણની સખ્યા ઓછી થતી જાય છે ઇગ્લાડમા પહેલા દર હજારે ૭૦ મરણ થતા હતા, તે ઘટીને ઇ સ ૧૮૬૫મા ૩૦, ૧૮૮૦ મા ૨૮, અને ૧૯૦૧મા ૧૫ મરણો થવા લાગ્યા

પણ ભારતમા મરણની સખ્યા વધતી જાય છે ઇ સ ૧૯૦૧મા દર હજારે ૨૯, ૧૯૦૨મા ૩૧, ૧૯૦૩મા ૩૪, ૧૯૦૪મા ૩૩, ૧૯૦૫માં ૩૬, ૧૯૦૬મા ૩૪, ૧૯૦૭મા ૩૭, અને ૧૯૦૮મા ૩૮ માણસો મરણ પામ્યા હતા કોઈ કોઇ પ્રાતમા તો એ કરતા પણ વધારે મરણો થાય છે સંયુક્તપ્રાતની સખ્યા ૫૩ સુધી પહોંચી છે આવા અલ્પઆયુષ્યના બાળકો તો નકામા જ ઉત્પન્ન કરવામા આવે છે કારણ કે તેઓનો જન્મ થવા પહેલા અને થવા પછી મરણ પામે ત્યા સુધી માતાની શક્તિ અને ધાવને વ્યર્થ ચુસનાવાળા હોય છે એવા બાળકો માતાની ભરજવાનીના સુખ અને સૌદર્યનો નાશ કરે છે ખરા, પણ કશો આનદ તો આપતા જ નથી.

જે બાળકોના પાલન-પોષણનો આપણે પ્રબધ કરી શકીએ નહીં, અને જેને દીર્ઘાયુષી અને બળવાન બનાવી શકીએ નહીં, તેને પેદા કરવા એ મહાપાપ છે, હડહડતો અન્યાય છે, ઘોર અત્યાચાર છે.

"Weaklings have no place in the world. It is a sin to be week It is sin to beget weak children."

ભારત સરકાર આ અધિક જન્મ અને મૃત્યુ સંખ્યાના વિષયમાં લખે છે કે, " ભારતવાસીઓ જ્યારે શરીરશાસ્ત્રના નિયમોને સમજીને વિચારપૂર્વક વિવાહ અને સંતાનોત્પત્તિ કરશે ત્યારે જન્મ અને મૃત્યુની સંખ્યા આપોઆપજ ઓછી થઈ જશે "

વિવાહની શૈય્યામાંથી મોજની વિષયાસક્તિને દૂર કરો, અને કામવાસનાની ગુલામીમાંથી મુક્ત થઈ જાઓ શરીરશાસ્ત્ર અને સમયનો વિચાર કરીને સાવધાની રાખી વિચારપૂર્વક એ શક્તિનો સદુપયોગ કરો તો વિવાહિત જીંદગીની અર્ધી મુશ્કેલીઓ આપોઆપ ટળી જશે. આવો વિચાર કરીને સંસાર ચલાવવાથી સ્ત્રી અને પુરૂષ વધારે પવિત્ર ભાવથી રહી શકશે પતિપત્નીનો પરસ્પર પ્રેમ વધશે અને જીંદગીના સુખ અને આનંદમાં વૃદ્ધિ થશે ઓછાં બાળકો પેદા થશે માતાપિતા બાળકોના ઉપર અધિક પ્રેમ રાખશે, લાંબા વખત સુધી સંભાળ રાખી શકશે, અને તેઓના હિતને માટે અધિક દ્રવ્ય ખર્ચી શકશે વળી આ રીતે પુત્ર-પુત્રીઓ બળવાન, દીર્ઘાયુષી, અને આનંદી થશે, તેથી ઘરમાં સ્વર્ગના જેવો આનંદ વ્યાપી રહેશે

સ્ત્રીઓ માત્ર ભોગવિલાસને માટેજ ઈશ્વરે સરજેલી નથી જે પુરૂષો સ્ત્રીઓના સુખ અથવા દુઃખનો વિચાર રાખતા નથી, અને માત્ર પોતાનીજ મોજમજાહના નીચ સ્વાર્થને આધીન બની આપખુદીથી સ્ત્રીઓના શરીરનો દુરૂપયોગ કરે છે, તેઓ વિવાહના અધિકારની હદ બહાર જાય છે, અને વિવાહની શૈય્યાને અપવિત્ર કરવાનું મહાપાપ કરે છે એવા કામી પુરૂષોના વિવાહને અંગ્રેજીમાં married or legal prostitution વ્યભિચાર કહે છે

A nation which seeks in sexual life nothing but pleasure is bound to despair.—જે રાષ્ટ્ર વિવાહની શૈય્યાનો કેવળ ભોગવિલાસમાજ ઉપયોગ કરવાનું વાજબી ગણે છે તે જીવતો રહી શકતો નથી તે રાષ્ટ્રનો વિનાશ તો નિશ્ચય થવાનોજ.

There should be no more children brought into the world than can presumably be fed and reared—જેટલા બાળકોનુ આપણે ઉત્તમ પ્રકારે પાલન-પોષણ કરી શકીએ તેટલાજ બાળકો આપણે ઉત્પન્ન કરવા જોઇએ તે કરતા વધારે ઉત્પન્ન કરવા નહીં

"No one should bring beings into the world for whom one cannot find the means of support"

સાતમો પરિચ્છેદ.

બીજી અડચણો.

'Insufficient supply of food to any people does not show itself merely in the shape of famine It assumes other forms of distress as well, such as generating evil customs, spreading immorality and vice &tc'

—Malthus

જ્યારે કોઈ દેશના લોકોને પેટ પુરતુ અન્ન મળતુ નથી ત્યારે તે દેશમા દુકાળનુ જ માત્ર દુખ નથી પડતુ, પણ તરેહ તરેહના ઉપદ્રવો ઉત્પન્ન થાય છે, નઠારા રીત રિવાજો ફેલાય છે, અને અનાચારની વૃદ્ધિ થાય છે જેવા કે વ્યભિચાર વગેરે —**માલ્થસ૦**

આપણે ભારતવાસીઓ એવુ માની બેઠા છીએ, કે ભારતમા તો સર્વત્ર સદાચાર છે વળી કમમા કમ વિલાયતને મુકાબલે તો આપણા દેશના સ્ત્રી-પુરૂષો ઘણા જ સચ્ચારિત્ર છે આ બાબતના પુરાવામા કહે છે કે, વિલાયતમા તો વ્યભિચાર એટલો બધો છે, કે ત્યા છૂપી રીતે સ્ત્રીઓ બચ્ચા જણીને મૂકી આવે એવા ખાતાઓ છે, અને તે

બચ્ચાઓને દાઇઓ ઉછેરે છે× ત્યા પડદા અથવા લાજ મર્યાદા-ઘુઘટાનો રિવાજ નથી તેથી જેની જેમ મરજીમા આવે તેમ સ્ત્રી-પુરૂષનો સહવાસ કરે છે પારકી સ્ત્રીઓ પારકા પુરૂષો જોડે હરે ફરે અને મનમાન્યો આનદ કરે છે તેઓને કોઇપણ રોકતુ નથી ખરૂ પૂછો તો ત્યા વ્યભિચારનો વિચાર પણ નથી

આ વાત કેટલે અશે સાચી છે તેનો નિશ્ચય કરવો બહુ કઠણ છે, એટલુ જ નહી, પણ અસભવ છે આપણા રીતરિવાજ અને રહેવાની પ્રથા તેઓની રહેવાની પ્રથા અને રીતરિવાજ કરતા ઘણી જ વિરૂદ્ધ જાતની છે આપણને તેનો અનુભવ નથી, તેથી તેઓના જીવન

×Illigitimate living births અથવા છૂપી રીતે જન્મેલા બાળકોની નોધ —

સન	ઇગ્લાડ	ફ્રાન્સ	જર્મની
૧૯૦૪	૩૮,૪૧૨	૭૧,૭૩૫	૧,૭૪,૭૯૪
૧૯૦૫	૩૬,૮૧૪	૭૧,૫૦૦	૧,૭૭,૦૬૦
૧૯૦૬	૩૯,૩૧૫	૭૧,૪૬૬	૧,૭૯,૧૭૮
૧૯૦૭	૩૬,૧૮૯	૭૧,૩૦૫	૧,૮૦,૫૮૭
૧૯૦૮	૩૭,૫૩૧	૭૧,૦૦૯	૧,૮૪,૧૧૨
૧૯૦૯	૩૭,૫૦૯	૭૧,૨૦૩	૧,૮૩,૭૦૦
૧૯૧૦			૧,૮૩,૭૦૦
૧૯૧૧	.		૧,૭૮,૫૮૪
૧૯૧૨			૧,૭૭,૦૫૬
૧૯૧૩		.	૧,૮૩,૮૫૭
૧૯૧૪	૩૭,૩૨૫		....
૧૯૧૫	૩૬,૨૪૫		.
૧૯૧૬	૩૭,૬૮૮	.	...
૧૯૧૭	૩૭,૦૨૨	.	...

પવિત્ર હોય તેમ છતા આમ કલંક ચઢાવીએ છીએ, અને તેમને પાપાચારી કહ્યા કરીએ છીએ સમાજમા સર્વ પ્રકારના મનુષ્ય હોય છે આગરાના સિવિલસર્જન મિસ્ટર ફુલાર્ડ અને મિસીસ ફુલહામ+ વગેરેના જેવા દુશ્ચારિત્ર્યશીલ મનુષ્યો તેઓના સમાજમા હોય છે ખરા, પણ તે ઉપરથી આખા સમાજને એકદમ અનાચારી માની લેવો તે અન્યાય છે બાબુ શિવનંદનસિંહ એક સ્કુલમા કેટલોએક વખત વગર પગારે આસિસ્ટંટ હેડ માસ્તર રહ્યા હતા સ્કુલના પ્રિન્સિપાલ સાથે તેમને ગાઢો સમાગમ થયો હતો તેથી પોતે હમેશા સાંજે તેમને બગલે ઘણો વખત ગાળતા તેનો પરિવાર બહુ જ ઉમદા સ્વભાવનો હતો અને બાબુજીની સાથે સર્વ માણસો હળીમળી ગયા હતા સઘળા સાથે 'બેડ મિન્ટન', 'ટેનિસ', કે 'ચેસ' વગેરે રમતો રમતા હતા એ બધી રમતોમા મેમ સાહેબ અને તેની જુવાન પુત્રીઓ પણ સામેલ થતા હતા તેઓ હારમોનિયમ કે પિયાનો વગાડીને બહુ સ્વતંત્રતાથી ગાયન સભળાવતા હતા, સારી રીતે મન મૂકીને વાતો કરતા, વાદવિવાદ અથવા ચર્ચા કરતા, અને સભ્યતાપૂર્વક હસીને મશ્કરી પણ કરતા અર્થાત્ જેવી રીતે શુભ લાગણીથી બે પુરૂષ મિત્રો એકબીજા સાથે નિર્દોષ વ્યવહાર રાખે તેવો બાબુજીનો વ્યવહાર પ્રિન્સિપાલ સાહેબના ઘરના સ્ત્રી અને પુરૂષો બન્નેની સાથે હતો

બાબુજીના આવા હળવામળવાના વ્યવહારની ખબર ધીરે ધીરે સ્કૂલમા પહોચી પછી તો પૂછવુજ શુ રહ્યુ? માસ્તરો હરેક પ્રકારની ટીકા અને કટાક્ષ કરવા લાગ્યા છુટ્ટીના આરામના વખતમા બધા ભેગા થઇને બાબુજીની મીઠી મશ્કરી કરવા લાગ્યા

એવામા દૈવયોગે ત્યા એક નવા કલેકટરની બદલી થઇ તે અમલદાર પ્રિન્સિપાલ સાહેબના બંગલા ઉપર ઘણી વખત આવે, સાંજે વાળુ પણ ત્યાજ કોઇ કોઇ વખત કરે, અને રાતના સુઇ પણ રહે.

+ Vide the Pioneer and the Leader etc. for March 1913 in which the shameful case was published

મેમ સાહેબે તો પોતાનો બંગલો અને કલેક્ટરનો બંગલો જાણે એકજ કરી મુકયો જ્યારે જુઓ ત્યારે આ બેઉ જણાની જોડી સાથેજ હોય બેઉ જણ હવા ખાવા જાય તો સાથે, નદી ઉપર ફરવા પણ બેઉ જણ સાથે જાય, જ્યા જુઓ ત્યા પ્રિન્સિપાલ સાહેબની મેમ અને કલેક્ટર જોડેજ દેખાતા દુર્ભાગ્યવશાત્ પ્રિન્સિપાલ સાહેબ સારી હાલતમા એક દિવસ સ્કૂલમાથી ઘેર આવ્યા અને એકાએક બેભાન થઇ ગયા તેમનુ હૃદય બધ પડી ગયુ અને પરલોક સીધાવ્યા

લાશ દફનાવી મેમ સાહેબ પોતાને બંગલે ગયા નહી, પણ સ્મશાનમાથી જ કલેક્ટર સાહેબની સાથે મોટરમા બેસીને સીધા તેના જ બંગલા ઉપર ગયા અને ત્યા કુલ બે અઠવાડિયા રહીને વિલાયત ચાલ્યા ગયા

એક તરફ સ્કૂલ તો શુ પણ આખા શહેરના લોક કલેક્ટર સાહેબ અને પ્રિન્સિપાલની વિધવાને વ્યભિચારિણિ કહીને ગાળો દેતા હતા કોઇ કોઇ તો એટલે સુધી કહેતા કે એ બન્ને જણાએ મળીને પ્રિન્સિ-પાલ સાહેબને ઝેર દઇને મારી નાખ્યો પણ ખરી વાત તો એ હતી કે પ્રિન્સિપાલ સાહેબ કલેક્ટરના બનેવી હતા મેમ સાહેબા કલેક્ટરની સગી બહેન હતી ખેદની બિના એવી છે કે કુલ બે અઠવાડિયામા તેનુ વજન ૨૪ રતલ ઘટી ગયુ હતુ

ભારતના પ્રસિદ્ધ મિત્ર અને કોન્ગ્રેસના જન્મદાતા મી હ્યુમ લખે છે કે "**ભા**રત અને વિલાયતના લાખો પરિવારનો પરસ્પર મુકાબલો કરી જોતા પણ વિલાયતમા અધિક વ્યભિચાર છે કે **ભારત**મા એ બાબતનો નિશ્ચય કરવો અથવા ચોક્કસ અભિપ્રાય બાધવો મુશ્કેલ છે સમાજમા ઓછા મનોબળવાળી સ્ત્રીઓ અને દુષ્ટ પુરૂષો સર્વત્ર હોય છે, તેઓના ચરિત્ર ગમે તેવા ઉચા પ્રકારના શિક્ષણથી પણ સુધરી શકતા નથી તો પણ સમાજની દશા સુધારવા માટે સ્ત્રી-પુરૂષને સદાચારી અને સચ્ચારિત્ર બનાવવાનો એક માત્ર ઉપાય ઉચિત કેલવણી,

ઉચિત શિક્ષણ જ છે માટે કોઇ પણ પ્રકારે એવુ તો નહી જ કહી શકાય કે વિલાયતના શિક્ષિત સ્ત્રી કે પુરૂષ વ્યભિચારી છે"×

રેનોલ્ડસની જૂઠી વાર્તાઓ, મિસ્ટ્રીઝ ઓફ ધિ કોર્ટ ઓફ લંડન સ્ત્રી ત્યાગ અથવા તલાક-ફારગતીના મુકદ્દમાઓ, અને આમતેમથી ઉડતી ખબરો સાભળીને કોઇપણ ગાફેલ, અથવા એક બે મનુષ્ય દુચારિત્રવાન હોવાથી કોઇપણ આખા સમાજને ચારિત્રભ્રષ્ટ સમજી બેસવુ વાજબી નથી આવા કિસ્સા-કહાણીઓ વાચીને, અને તે દેશોમા પડદાનો રિવાજ નથી, વિવાહ બહુ મોટી ઉમ્મરે થાય છે ઘણા સ્ત્રીપુરૂષો આખી ઉમ્મર અવિવાહિત રહે છે, એવી એવી બાબત ઉપરથી આપણે પક્ષપાતની નજરે જોઇએ છીએ માટે ત્યા સર્વથા પાપ જ પાપ જોવામા આવે છે

ભલે, જે હોય તે ખરૂ આ લેખમા એવુ બતાવવુ અભિષ્ટ નથી કે વિલાયતમા ભારત કરતા અધિક વ્યભિચાર છે આ કથનનો હેતુ માત્ર એટલો જ છે કે બીજાની પોલ જોવી અને પોતાના છિદ્ર ન જોવા તે વાજબી નથી અર્થાત્ આપણે બીજાના દોષ જોઇને તેની મશ્કરી કરીએ છીએ અને આપણા પોતાના દોષ જો હોય તો આખો મીચી દઇએ છીએ આ બાબતની તપાસ માટે આપણે બ્રિટિશ રાજ્યના બીજા નંબરના શહેરમા જઇએ એ શહેર ભૂમંડળમા બારમા નબરનુ છે ભારતના સર્વ શહેરોમા કલકત્તા મોટુ છે જનસખ્યાના હિસાબે મુબઇ, દિલ્હી, લાહોર આદિ સર્વ શહેરોના કરતા કલકત્તા મોટુ છે, આજ આપણે જઇએ ચાલો, આપણે ફરીફરીને એ શહેરની તપાસ કરીએ ગભરાશો નહી લોકો આગળી કરે તો કરવા દો હસે તો હસવા દો આપણે મોજ કરવા અથવા

× A O Hume by sir Willam Wedderburn Page 160.

મશ્કરી ઠઠ્ઠા કરવા જઇએ તે વખતે શરમાવાનુ ખરૂ, પણ આપણે તો વર્સ્તીની ગણત્રી કરનાર અમલદારની પેઠે દેશની ખરેખરી દશા કેવી છે તેની તપાસ કરવા જઈએ છે

મછુઆ બજાર.

માછલો સુધી રસ્તાની બેઉ બાજુએ મકાનોના ઉપરના ભાગમા વેશ્યાઓ ખીચોખીચ ભરેલી છે એમાની ઘણીખરી મારવાડ અને એવાજ બીજા પ્રાંતોની છે મકાનોનુ ભાડુ અધિક હોવાના કારણથી પાંજરામા કબૂતર ભર્યા હોય તેવી રીતે એક એક ઓરડામા ચાર ચાર-પાચ પાચ વેશ્યાઓ સડયા કરે છે સડકની પગથી (foot path) ઉપર ઠેકઠેકાણે આઠ આઠ દસ દસ બગાળી છોકરીઓ હારદોર ઉભી છે તેઓનુ ધ્યાન તેજ નાકાની બરાબર સામેની ગલામા છે આ અનાથ છોકરીઓની ભામટા લોકો સડક ઉપર છડેચોક જાહેર રીતે ઠઠ્ઠા-મશ્કરી કરે છે એ ટોળામાથી જેના તરફ ઇશારો થાય તેને તે પુરૂષની સાથે પોતાના સ્થાન પર જવુ પડે છે કેવી અનોખી સભ્યતા !

લોઅર ચિતપુર રોડની પછવાડેનો મહોલ્લો.

આ મહોલ્લાનુ નામ યાદ નથી આવતું અહીંની દુર્દશા જોઇને કાળજુ ફાટી જાય છે સેકડો ઘર બગાળી વેશ્યાઓના છે ગલીઓમાથી અદરનો કોઇ કોઈ ભાગ નજરે પડે છે લોકો નિડરપણે બાજઠ ઉપર બેસી આનદપૂર્વક ગજીફા રમે છે, અને છેક નિર્લજ્જ બનીને મનમા આવે તેવી રીતે ખુલ્લમખુલ્લી તરેહવાર મશ્કરી ઉડાવે છે અતિ ઘૃણા ઉપજાવે એવી હકીકત તો એ છે કે આ વેશ્યાઓમાની ઘણીએકની વય ૧૦ વર્ષ કરતા વધારે નહીં હોય પણ હાય રે પાપી પેટ, હાય રે દરિદ્રતા ! રાક્ષસી ! હાયરે ! એ અભાગણીઓને ઉંડી અધકારમય ખાઇમા પાડનારા પુરૂષોની સભ્યતા ! તમને ત્રણેને હમારા નમસ્કાર છે

સોના ગાછી.

અહી પણ તેવુજ હૃદય ચીરી નાખે એવુ દૃશ્ય છે રસ્તા ઉપર ચાલવામા મુશ્કેલી આવે છે કામકાજવાળા લોકો આ રસ્તે નથી જતા એ રસ્તો ટાળીને બીજી તરફથી નીકળી જાય છે અહીં તો વેશ્યાઓ રસ્તે જતા હાથ પકડીને ખેચી જાય છે ટોપી અથવા દુપટ્ટો લઇને નાસ છે સમાજમાથી નીચી પડેલી છોકરીઓની અસહ્ય દીન દશા નિર્લજ્જતાની પરિસિમા, અને ભારતની સભ્યતાની ત્રીજી ઝલક આ ઠેકાણે જોઈ લો '

એ સિવાય એક મહોલ્લો ગોરી (યુરોપિયન) વેશ્યાઓથી ભરેલો છે અહી અગ્રેજ તો જવલ્લેજ જોવામા આવે છે, પણ મનમોજી ભારતવાસીઓ ઠોકરો ખાવા અવશ્ય આવે છે એક નવયુવક અગ્રવાલ ગ્રેજ્યુએટ ડેપ્યુટી કલેક્ટર એક મિત્રની સાથે આ ગોરી વેશ્યાઓમાની એકને ઘેર પહોચી ગયા કાઈ તુચ્છ વાત પર મતભેદ થવાથી પેલી અભિમાની વેશ્યાએ ગુસ્સે થઇને ડેપ્યુટી સાહેબ પર હાથ ચલાવ્યો ડેપ્યુટી સાહેબ પોતાને મોટેજ વાત કરતા હતા કે જો બન્ને મિત્રો જોડા હાથમા લઇને નાસી નહીં છૂટે તો ખૂબ મેથીપાક મળતે અને ઉપરથી પોલિસને હવાલે પણ થવુ પડતે '

ડેપ્યુટી સાહેબ કહેતા કે " આવી દુર્ઘટનાને લીધે મારા મિત્રનો હુ મહેમાન હોવાથી તેને બહુજ ખેદ થયો મારી અને પોતાની મુઝવણ મટાડવા માટે કાઈ પણ કહ્યા પૂછ્યા વગર તેઓ એક સુદર લતા પુષ્પથી સુશોભિત ભવ્ય બગલામા મને લઈ ગયા તે પણ એક વેશ્યાનો બગલો હતો એવુ જાણીને હુ તો આભો જ બની ગયો બહુ બીન્યો કે વખતે અહીં પણ ઠોકાઇ જઇએ, પણ એ ઠેકાણેનો વર્તાવ દેશી વેશ્યાઓ કરતા પણ સરસ નીકળ્યો તે એક યાહુદણ વેશ્યાનો બગલો હતો. કલકત્તામા એવા ઘણા બગલા વેશ્યાઓના છે હુ કલકત્તામા ૧૫ દિવસ સુધી રહ્યો, અને સાજના ઘણોખરો એવાજ બગલામા

આનંદપૂર્વક સમય વ્યતીત થતો હતો ' ગણતા હશે, આ સભ્યતાનો ચોથો નમૂનો '

ઈડન ગાર્ડન.

બે સજ્જન મિત્રો—બાબુ શિવનંદનસિંહ અને તેમના એક જોડી ફરવા ગયા બાબુજી (ચોંકીને)- કેમ સાહેબ આ અનોખી વિક્ટોરીઆ અને શબ્જા રંગની જોડી તો મોતીબાબુની છે ને ? '

મિત્ર (હસીને)-' ગાડી અને જોડી તો બરાબર ઓળખી પણ એના માલેક અને બેસનારને આપે જોયા નહીં કે ? '

બાબુજી ' અરે આતો બરાબર મોતી બાબુ છે, પણ તેમની બાજુમા બેસનાર રમણી કોણ છે ? '

મિત્ર તેમની રખવાળી હશે '

બાબુજી ' અરે [illegible], શું મેં તેમની પત્નીને નથી દીઠી કે ? આના તો રગરગ વેસ્યાના જેવા જણાય છે પણ '-

મિત્ર ' વેશ્યા પત્ની નહી તો કોણ ? આપ ચુપ કેમ થઈ ગયા ? મોતી બાબુ ગોબરજાન સાથે બેસીને હવા ખાવા નીકળે તેમા આપને આશ્ચર્ય લાગે છે ? અરે આ તો કલકત્તા છે, જુઓ પેલા ઝવેરીજી મનકાને લઈને ફરવા જાય છે '

બાબુજી ' અને સામે બાળક બેઠા છે તે કોણ હશે ? '

મિત્ર ' ઝવેરીજીનોજ બાળક છે આજથી શીખે નહી તો આગળ જતા બાપનુ નામ કેવી રીતે રાખવાનો ? '

બાબુજી ' છટ ! આટલી બધી નિર્લજ્જતા અને બેશરમી ? '

મિત્ર ' બસ તમે તો જગનીજ રહ્યા બેશરમી શાની ? આ જુઓ ગાડીઓની ત્રીજી હાર એક, બે, ત્રણ (૨૦ સુધી ગણાવી) જાણો છો એમા કોણ બેઠા છે તે ? ઓળખો છો ' એકે એક વેશ્યા છે જુઓ પેલા સુશીલ બાબુ તેને ફૂલનો તોરો આપે

કે ડાક્ટર સાહેબ રૂલનુ બટન તેની સાડીમા પરોવે છે જરા આખ ઉઘાડીને જુવો તો ખરા, પેલા પ્રથમ બાજુ કોના ગળામા હાથ નાખી ઝૂમી રહ્યા છે તે અહી તો લોકો આખો દિવસ સખત મહેનતનુ કામ કરે છે તેથી સાજે થોડો વખત દિલ ખુશ આનદની મજાહ નહી માણે તો મરી જાય તમે કહેશો ક વરની સ્ત્રીઓનુ કેમ ! તેની હકીકત એ છે, ક પ્રથમ તો તે-ઓની સાથે છુટથ' વાત કરવા જાય તો માબાપજ મહેણાટોણા મારી મારીને વિધી નાખે બીજુ તેઓને પોતાના જન્મસા અને બાળબચ્ચાની કટાકૂટમાથી ફુરજદ મળતી નથી, પછી તેઓ આખા દિવસના થાક્યા પાક્યા પતિનુ દિલ ખુશ કરીને થાક દૂર કરવા થકી મીઠી વાતો અને હાસ્યવિનોદ કે મધુર સગીતનો સ્વાદ શી રીતે ચખાડી શકે ! તમે કાઇ વિલાયતના રહીશ નથી કે આપણા ભારતવાસીઓના સસારસુખના હાલ નહી જાણો આપણા લોકોના પરિવાર તો નરકના કુડ જેવા બની રહે છે આ કાઈ અસભ્યતા અથવા બેશરમી નથી કલક-ત્તામા તો એ પરમ આવશ્યક છે It is not shameful luxury but essiantial necessity '

થિયેટર.

અહી પણ એની એજ વાત ઓર્કેસ્ટ્રાના કોચ ઉપર બબ્બે એકકો હોય છે ઘણુખરુ બવાજ કોચ ઉપર બાઈજી (વેશ્યા) અને શેઠજી સાથે સાથે બેસે છે કોઇ પણ અમીરજાદાની બગલ આ અમીર-જાદીઓ વગર ખાલી જોવામા આવતી નથી ! ખેલ ખતમ થાય એટલે શેઠ સાહુકારો તો પોતપોતાની ચકલીઓને સાથે લઇ હવા ગાડીમા બેસીને હવાની પેઠે ઉડી ગયા બાકી રહ્યા ભાડાની ગાડીઓમા જનારા તેમા પણ જેને જોશો તે કોઇ (જાન) વેશ્યાના વરનુ ભાડુ ઠરાવતો દેખાશે મડળીમાથી એકાદ જણ ઘર તરફ જવાનો વિચાર કરે તો

સોબતીઓ તેને સમજાવી પટાવીને કહે છે કે 'અરે યાર સાત સાત દિવસની સખત મહેનત પછી આવી ગોલ્ડન નાઇટ (શનિવારની રાત) બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે, તેને ઘરની ગમાર કુનડ સ્ત્રીની સાથે અથવા ક્લાસમા ખોવી નહી જોઈએ '

ગ્રીન પાર્ટી.

રવિવારે ઘણુખરૂ બપોર પછી લોકો શહેરની બહાર બગીચાઓમા પાચ પાચ દશ દશની ટોળી બધાઇને નીકળી પડે છે કોઈ ટોળીમા ગ્રીન-મીરપ (ભાગ) ઉડે છે, અને કોઇ ટોળીમા હૉટ-મીરપ (વ્હીસ્કી) પેગ ઉપર પેગ ચઢાવવામા આવે છે દરેક પાર્ટીની જાનમા એકાદ વેશ્યા અવશ્ય હોય છે આ રિપોર્ટ બાબુજીની પોતાની અગત તપાસનો છે હવે સરકારી રિપોર્ટ ઉપરથી એ શહેરની દશા જોઇએ

* ઇ સ ૧૯૧૧ ની વસ્તી ગણત્રીના રિપોર્ટ ઉપરથી માલમ પડે છે કે કલકત્તામા ૧૪૨૭૧ (ચૌદ હજાર !) વેશ્યાઓ છે કલકત્તાની ૨૦ થી ૪૦ વર્ષની વયની કુલ સ્ત્રીઓમા દરેક ડઝન (૧૨) સ્ત્રીએ એક વેશ્યાનુ પ્રમાણ આવે છે ! ૧૨ થી ૨૦ વર્ષ સુધીની વયની સ્ત્રીઓમા દર સે કડે ૬ વેશ્યા છે! અને ૧૦૯૬ વેશ્યા છોકરીઓની વય ૧૦ વર્ષ કરતા પણ ઓછી છે ! સે કડે ૯૦ વેશ્યાઓ હિંદુ છે

ભગવન્! આ કેવો ગજબ ! બાર, દસ કે તે કરતા પણ ઓછી વયની વેસ્યાઓ! ભારતમા જેવી રીતે બાળવિવાહનો કુચાલ ચાલુ થયો તેવીજ રીતે બાળ-વેશ્યાઓનો બુરો રિવાજ પણ ચાલુ થયો છે આ અધેર વિષે ડાકટર **એમ સી મેકેન્ઝી** અને ખાનબહાદુર **મોલવી તમીજખા** લખે છે કે -' બિચારી દીન છોકરીઓને પુરૂષોના સમાગમ યોગ્ય બનાવવા માટે માબાપ પલાળવાથી ફૂલે એવો લાકડાનો ટુકડો યોનીમા પહેરાવીને પાણીના ટબમા બેસાડી મૂકે છે કોઈ કોઇ માબાપ એ કામ માટે કેળાનો ઉપયોગ કરે છે.'

---

* All India Census Report 1911 for Calcutta.

In sert a piece of sola and then make the unfortunate girls sit in water tubs, or use pla ntains to train up mere girls for prostitution +

Dr Chevers, ' Means are commonly employed even by parents to render the immature girls ople Viris by mechannical means '
બસ આતો સભ્યતાનો આડો આંક આવી ગયો ?

ઇ સ ૧૮૫૨ મા કલકત્તામા ૧૨,૪૧૯ વેશ્યાઓ હતી તેમા ૧૦,૪૬૧ હિંદુ હતી *

ઇ સ ૧૮૭૦ મા એ શહેરમા ૭,૯૩૯ હિંદુ, અને ૧૧૬૨ મુસલમાન, ૫૬ યુરેશિયન, ૫ યુરોપિયન અને ૩૫ યાહુદિ વેશ્યાઓ હતી×

આવી દશા કાંઇ એકલા કલકત્તા શહેરનીજ નથી એવા ખુલ્લા વ્યભિચારનુ સાઇન-બોર્ડ (પાટીયુ) ભારતના પ્રત્યેક શહેરના ખાસ બજાર અથવા ચોકમા દેખાય છે મુંબઇની વ્હાઇટ લેન (સફેદ ગલી), લાહોરની એનારકલી, દિલ્લીનુ ચાવડી બજાર અને લખનૌનો ખાસ ચોક વેશ્યાઓથી ભરપૂર ભરેલા છે તીર્થરાજ પવિત્ર પાપનાશક કાશી નગરમા સંયુકત પ્રાતના સર્વ શહેરો કરતા અધિક વેશ્યાઓની સંખ્યા છે વળી ડાકટર અને વૈદ પણ સંયુકત પ્રાતના સર્વ શહેરો કરતા પ્રયાગ, મથુરા, વૃંદાવન અને અહીં અધિક છે – (વેશ્યાઓની અધિક સંખ્યા સાથે ડાકટરોની પણ અધિક સંખ્યા હોવી જોઇએ)

+ Medical Jurisprudence by chevers P. 689

* The chief magistrate's Report of the state of town of Calcutta

× Contagious disease Act in Calcutta 1870

– All India Census Report for W P 1911.

હરિદ્વાર સુધી એમના ડેરા ઘણા જઈ પહોંચેલા છે કનખલની પવિત્ર ભૂમિમાં પણ એ પાપની પુતળીઓના દર્શન થાય છે નૈનિતાલ આદિ પહાડો ઉપર લોકો અમુક સમયે હવા ફેર કરીને શરીર સંપત્તિ સુધારવાના માટે જાય છે, અને થોડાજ મહિના સુધી રહે છે ત્યાં પણ શેઠ સાહેબની સાથે બાઈઓ (વેશ્યાઓ) ના ડેરા મુરાદાબાદ, બદાઉ, બરેલી વગેરે ઘણા દૂરના શહેરોમાંથી જઈ પહોંચે છે અંગ્રેજ લોકો તો ત્યાં સારે બોટીંગ (હોડીઓ ચલાવવાની કસરત) ફુટ-બોલ વગેરે મરદાની કસરતોથી પોતાના શરીર મજબુત બનાવે છે, અને આપણા હિન્દુસ્થાની શ્રીમંતો કોઈ પ્રેમિકાના સડેલા ઠનામાં બગાઈને પોતાની શરીર સંપત્તિનું સત્યનાશ વાળે છે આવા બાઈને પહાડ ઉપરથી પાછા વળેલા અંગ્રેજ અને હિન્દુસ્તાનીની તન્દુરસ્તી તેઓના આચાર અને લક્ષણોની સાક્ષી પૂરે છે

વસ્તી ગણત્રી વખતે રાજીખુશીથી પોતાનો વેશ્યાનો ધંધો સ્વીકાર કરે એવી વેશ્યાઓની સંખ્યા ભારતના સર્વ શહેરોમાં મળીને ૪૭૨૯૯ છે + ઘણી ખરી વેશ્યાઓ ડરને લીધે અથવા લજ્જાને લીધે બીજોજ ધંધો બતાવે છે તેઓની સંખ્યા આ આંકડામાં સામેલ નથી આ લગભગ પોણાપાંચ લાખ વેશ્યાઓની વાર્ષિક આવક ૬૨,૮૬,૦૦,૦૦૦ (બાસઠ કરોડ) રૂપિયા છે

અતિ શોકનું કારણ એ છે કે આવા પ્રકારનો ખુલ્લો વ્યભિચાર દિવસે દિવસે ઘટવાને બદલે વધતો જાય છે, અને વેશ્યાઓની સંખ્યા પણ વધતી જાય છે પંજાબની હિંદુમબા લખે છે—" આ પ્રાંતના પ્રત્યેક મુખ્ય મુખ્ય શહેરમાં વ્યભિચાર માટે છોકરીઓની ખરીદ અને વેચાણ વધતાજ જાય છે ઈ સ ૧૯૧૧ માં પ્રાંતિક ગવર્નરે આ બાબત તપાસ કરીને ખરી ઠરાવી છે "

+ Life of Indian Prostitutes Page 182.

હૉસ્પીટલોના રજીસ્ટર, દવા વેચનારાઓની જાહેરખબર અને કોઠીઆઓની સખ્યા ઉપરથી પણ આ દેશના વ્યભિચારની ઝલક માલમ પડી આવે છે કાઢનો રોગ ભલે પેતૃક હોય, પણ એ રોગના મૂળમા સિફિલિસ (ઉપદંશ) અવશ્ય હોય છે પ્રો હિગિન બોથમે કાઢના રોગીઓના લાખો વખત ઉપચાર કર્યા છે તે જણાવે છે કે "તેને કોઈ પણ રોગી એવો નથી મળ્યા કે જેને પોતાની મેળે અથવા ચેપ લાગવાથી કોઢ થયો હોય દરેકે દરેક કોઢ રોગી સિફિલિસ-ઉપદંશના રોગવાળો માલમ પડ્યો હતો " કોઢનુ મૂળ ગરમી-ઉપદંશ છે આ તો પુરતા વ્યભિચારનુજ પરિણામ છે, એટલે એ વાતનો કોઇ ઇન્કાર કરી શકતુ નથી બાકી રહ્યા ગુપ્ત વ્યભિચાર તેની ખરી તપાસ તો ઈશ્વરજ કરી શકે, કારણ કે એ બાબત મનુષ્ય-શક્તિની બહાર છે

આપણા દેશમા વ્યભિચાર માટે સમાજના નિયમો અને સામાજિક સત્તાઓ બહુ કડક હોવાથી વ્યભિચારી લોકોનો પ્રત્યક્ષ પુરાવો મેળવવો મુશ્કેલ છે, એટલુજ નહીં પણ અસભવ છે તેમ છતા અનુભવ તો અવશ્ય મળતો રહે છે

પ્રથમ ઘરનુ કામકાજ કરનારી મજુરણનોજ દાખલો જુઓ. તે અવશ્ય પરણેલી તો હોય છે જ પણ યુવાવસ્થામા પોતાના માલિક શેઠોના ઘરના કોઇ ને કોઇ નવયુવક સરદારનો શિકાર બન્યા વગર ભાગ્યેજ બચવા પામે છે હા, જુવાની ઉતરતા ચુપચાપ પોતાના પતિ સાથે પતિવ્રતા બનીને તે વળગી રહે છે ખરી વસ્તી ગણત્રીનો સુપ્રિન્ટેન્ડેટ લખે છે કે 'મજુરણોમાની ઘણીખરી તો ખરેખરી વેસ્યાઓજ છે '×

× એવીજ રીતે દુકાનો પર વેચવા બેસનારી સ્ત્રીઓને અર્ધવેશ્યા સમજવી જોઇએ નિદાન એવી નહીં ગણો તો તેઓને કુચારિત્રવાળી સ્ત્રીઓ તો ગણવી જ જોઇએ

દક્ષિણ–ભારત (મદ્રાસ વગેરે) મા છોકરીઓને દેવસેવા નિમિત્તે મન્દિરોમા અર્પણ કરી દેવાનો રિવાજ છે ત્યા તેઓને ' દેવદાસી ' અથવા ' વિભૂતિણ ' કહે છે તેઓ તીર્થયાત્રાને બહાને બધા પ્રાંતોમા ફરીહરીને પોતાના સચ્ચરિત્રનો પરિચય કરાવી જાય છે

અત્યત નિર્બળ, રોગી, વૃદ્ધ અથવા શક્તિહીન, અને પોતાની યોગ્યતા લેશમાત્ર નહી હોવા છતા સ્ત્રીઓના ગળા ઉપર જાણીજોઇને છરી ફેરવીને પરણેલા પુરૂષોની સ્ત્રીઓ પતિવ્રતાનો ધર્મ કયા સુધી નિભાવી શકે ? અને કેવી રીતે નિભાવી શકે ? વળી જે અનાચારી, અત્યાચારી પુરૂષો પોતાનુ ઘર તજીને બહારની હવા ખાયા કરે છે, તેમની સ્ત્રીઓ પોતાનો નિરાદર કયા સુધી સહન કરીને પતિવ્રત પાળી શકે ? જે પુરૂષ પત્નીવ્રત પાળતો નથી, પોતાની સ્ત્રીને માનભગ કરે છે, અને વેશ્યાગામી બને છે, તેમ છતા પોતાની સ્ત્રીને પતિવ્રતા રાખવાની આશા રાખે છે તે વ્યર્થ છે સભવ છે કે તેને પોતાના ઘરનો ભેદ કદાચ નહી માલમ પડે, પણ તેનો પડોસી તો એ ભરમની સાક્ષી આપી શકે

આ બધા દુખ ઉપરાત ભારતમા વળી ૨ કરોડ ૬૪ લાખ કરતા વધારે વિધવાઓ છે તેઓના આચરણ ઉપર આક્ષેપ કરવો નથી, પણ એમા વિચાર કરવા જેવી વાત છે ખરી એ બધી વણે ભાગે મૂર્ખ છે વેદ, શાસ્ત્ર, ધર્મ, અને જ્ઞાનથી સર્વથા વચિત છે તેઓ માત્ર એટલુજ જાણે છે, કે તેઓના કુળમા વિધવાવિવાહ થતા નથી તેઓના હૃદયમા પ્રશ્ન ઉઠે છે કે કેમ નથી થતા ? તેનો જવાબ તેઓના અતરાત્મા તરફથી નથી મળતો માત્ર નસીબ ફૂટી ગયુ છે, ભાગ્યમા લખ્યુ છે, એવા એવા તરગોથી, પોતાનુ મન શાત કરે છે પણ આવી દુખીયારી અબળાઓ સાથે પાપની સાક્ષાત મૂર્તિઓ– સેતાન પડયાઓ, પુરોહિતો, અને અન્ય પાખડીઓનો સમાગમ થાય અને તક મળી જાય ત્યારે તેઓ કામદેવ સાથે કયા સુધી લડીને

પતિવ્રતાનો ધર્મ સાચવી શકે ? ગમે તેવી–આખરે તેઓ અજ્ઞાન સ્ત્રીઓ છે ! પોતાની નિર્બળતાથી તેઓ લાચાર બનીને મનમા એવો સતોષ ગ્રહણ કરે છે, કે આવો દુરાચાર પણ વિધિએ તેઓના ભાગ્યમાજ લખેલો હશે તેઓ પોતે ધર્મભ્રષ્ટ નથી થતી પણ તેઓના દુર્ભાગ્યનુ આવુ દુષ્પરિણામ આવે છે જે દુર્ભાગ્યે તેઓને નબળા પતિઓની પત્ની બનાવેલી, અને તેવા પતિને પણ સસારમા રાખ્યો નહી, તેજ ભાગ્ય–પિશાચ એ અનાથાઓને અનીતિની ઉડી ખાઇમા ધકેલી મૂકે છે ચાલો, એ પણ મજુર કે ' વિધિના લેખ કોણ ટાળી શકે ! ' બસ, સમાપ્ત પણ ખાસ કાળજી એકજ બાબતની રાખવી પડે છે આવા પાપની કોઇને ખબર નહી પડવી જોઇએ ખબર પડે તો કુળમા પેઢીદરપેઢીનુ કલક ચોટે અને ન્યાતબહાર રહેવુ પડે આવી મુશ્કેલીમાથી બચવા માટે તીર્થયાત્રા કરવા જેટલી સપત્તિ, પાપ ધોવા માટે પવિત્ર મોટી મોટી નદીઓ, ઘરના અસલી કુવાના–મડાસ અને પડતર અધારા કુવા છે, ત્યાસુધી એ બાબતનો લેશમાત્ર ભય રાખવાની જરૂર નથી

ભગવાન ! કેવી કરૂણાજનક દશા છે ! વિશ્વબધુના મકાન પાસે એક કુલિન બ્રાહ્મણનુ ઘર હતુ તેના ઘરમા એક પરમ રૂપવતી યુવતી વિધવા હતી તેને ઘેર પડદાનો રિવાજ બહુ સખ્ત હતો, તોપણ વિશ્વબધુ તેના ઘરમા છડેચોક આવજા કરતો હતો કેટલાક સમય પછી કોણ જાણે શા કારણથી પેલા બ્રાહ્મણ મહાશયે મકાન વેચી દેવાનો નિશ્ચય કર્યો વિશ્વબધુએ પોતાની માને સમજાવીને તે મકાન ખરીદાની લીધુ બ્રાહ્મણ મહાશય પોતાના આખા પરિવાર સાથે કનોજ પોતાને દેશ ચાલ્યો ગયો ઘરની મરામત કરવા માડી એક કોટડીને પડિતાણી ઠાકોરજીની કોટડી કહ્યા કરતી હતી એક કોટડી વર્ષમા માત્ર એકજ દિવસ કુલદેવતાની પૂજા કરવા માટે ઉઘાડવામા આવતી હતી મરામત વખતે એ કોટડી બહુ ભેજવાળી અને દુર્ગંધ મારતી જણાવાથી એને તોડી પાડીને ફરીથી બાધવાનો નિશ્ચય થયો પોચી

માટી ખોદીને દાટી દેવા માટે મજૂરો કામે વળગાડ્યા સાંભળ્યું છે, કે તે ખોદતા ખોદતા મળેલી જમીનના અનેક બાળકોના હાડપીંજરો તેમાંથી નીકળ્યાં ! તેમાં એકનો લગભગ તરતનુજ દાટેલું હતું ! પ્રભો ! ભારતને આવા ભયંકર પાપોમાંથી બચાવ અમને આત્મબળ અને નિર્મળ બુદ્ધિ પ્રદાન કર, કે અમે આવી કુરીતિઓનો અંત લાવી શકીએ.

સિવિલ સર્જન સાહેબ જેલ અને હોસ્પીટલ વગેરે જગાએ ફરીને લગભગ એક વાગે પાછા પોતાને બંગલે આવ્યા. ટેબલ ઉપર એક તાર જોવામાં આવ્યો. તેની મતલબ એવી હતી કે "રોગી સખ્ત બિમાર છે જલદી આવવા મહેરબાની કરશો—દેવદત્ત." સાહેબ બહુ દયાળુ હતા. જમ્યા વગરજ તુરત ઘોડેસ્વાર થઇને દેવદત્તને ઘેર પહોંચી ગયા. પૂછ્યું કે રોગી ક્યાં છે? દેવદત્ત હાંફતો હાંફતો સાહેબ પાસે આવીને બોલ્યો, "હજુર મારી મોટી ભૂલ થઈ છે માફ કરશો." સાહેબે ધધડાવીને પૂછ્યું "બતાવ રોગી ક્યાં છે"? દેવદત્ત ગળગળો થઈ સાહેબના હાથમાં ફી મૂકી પગે લાગીને "એબોર્શન" (ગર્ભપાત) કરવાની દવા પૂછવા લાગ્યો. સાહેબ તો રાતાપીળા થઇ ગયા અને જમીન ઉપર જોરથી પગ ઠોકીને "છિ! છિ!" કહી ચાલ્યા ગયા. બંગલે જઇને પોલીસ ઇન્સપેક્ટરને આ હકીકત લખી મોકલી.

તેજ રાતના દેવદત્તની બહેન—કાકાની દીકરી—એકાએક મરણ પામી અને રાતોરાત ચિતામાં બળીને ભસ્મ થઈ ગઈ. તે વિધવા હતી. કેટલાએક દિવસ પછી દેવદત્તને કોટવાળીનું તેડું આવ્યું. સાંભળવા પ્રમાણે કોટવાળીના દેવતાને ભેટ પૂજા થઈ તેથી રિપોર્ટ કરી વાળ્યો કે દેવદત્ત પ્રતિષ્ઠિત ગૃહસ્થ છે. તે દિવસે તેની બહેનને કોલેરા થયો હતો તેથી સાહેબને બોલાવ્યા હતા, અને જે દવા પૂછેલી તે "એબોર્શન" માટેની નહીં પણ રિસ્ટ્રિકટીવ ચેક એટલે બંધેજ માટેની હતી. એ કામ કાયદા વિરૂદ્ધ નથી.

આ બેવડા ખૂનનો નમુનો છે. આવી વાત સમાજમાં છૂપી રહે તો બધું ઠીકજ છે, પણ ઉઘાડી પડવાનો વખત આવે તો પછી

"ઝેર દેવું" કે "ત્યાગ કરવો" કોઈ દૂરના શહેરમાં કે તીર્થના સ્થાનમાં લઈ જઈને મૂકી આવ્યા કે પીડા ટળી સ્નેહના કારણથી થોડા દિવસ કાંઈ ખરચી મોકલી ને પછી બંધ કરી દીધી આવી અનાથ સ્ત્રીઓની કેવી દશા થતી હશે તે પાઠક પોતેજ વિચારી લેશે

ભારતની રૂપેરુ બતાવેલી લાખો વેશ્યાઓ કોણ છે? આપણાજ ભારતવાસીઓના ઘરની વિધવાઓ, આપણીજ બહેનો અને બેટીઓ, અથવા તેઓની સંતતી છે આપણીજ બેદરકારી, નિર્દયતા અને નિષ્ઠુરતાના કારણથી તેઓની આવી દુર્દશા થઈ છે

૧ રામકાળી, વિન્ધ્યાચલ—"હું ક્ષત્રાણી છું બાલવિધવા છું માસ બાપ દર્શન કરાવવાને બહાને મને અહી મૂકી ચાલ્યા ગયા મને આવી રીતે ત્યાગી જવાનું કારણ હું સમજી ગઈ એ કારણથી મેં કાગળ પણ લખ્યો નથી, અને ફરીથી ઘેર જવાની ચેષ્ટા પણ કરી નથી મારે પેટ ભરવા માટે કશો આધાર નથી સર્વથા અસહાય છું ભીખ માગીને ગુજરાન કરૂં છું મારી વય ૨૦–૨૧ વર્ષની છે અહી મારા જેવી અભાગણી ૮–૯ સ્ત્રીઓ બીજી પણ છે તેઓનું ચારિત્ર સારૂં નથી "

૨ લછમી, વૃન્દાવન—"હું બ્રાહ્મણી છું મારી સાસુ વગેરે કેટલીએક સ્ત્રીઓ મને અહી મૂકીને ચાલ્યા ગયા પત્ર લખ્યો તેનો જવાબ મળ્યો કે તારૂં પોતાનું કરેલું કર્મ ભોગવ અહી પાછી આવીને શું મોઢું બતાવશે' ત્યાંજ જમનામાં ડૂબી મરું મારે મા નથી મારા પિતાને પત્ર લખેલો તેનો કદીપણ જવાબ નથી મળ્યો "

૩ શ્યામા, હરદ્વાર—"મારા પિતા મને અહી મૂકી ગયા છે"

૪ રાજદુલારી, ગયા—"મારા સાસરીઆ બહુ ધનવાન છે. મને અહી પુરોહિતજી મૂકી ગયા છે કેટલાક દહાડા સુધી તો દર મહિને પાંચ રૂપિયા આવતા હતા, પણ હવે તો કોઈ ખબર પૂછતું નથી. પત્રનો જવાબ પણ નથી આવતો "

૫ નલિની અને સરોજની, ઢાકા—" અમે બન્ને અભાગણીઓ બંગાળાની રહીશ છીએ અમારા બન્નેના એકજ વરમા વિવાહ થયા હતા નલિની વિધવા થઇ ગઇ, અને મારા પતિ મને એક પુત્રી થઇ એટલે વૈરાગ લઇ ચાલ્યા ગયા મારા સસરાજીને માસિક પંદર રૂપિયા પેન્શન મળતુ હતુ કાશીવાસ કરવા અહીં આવ્યા અને અમને બન્નેને સાથે લાવ્યા હતા તેઓ ત્રણ મહિના પછી પરલોક સિધાવ્યા એક પરિચિત બંગાળી મહાશય અમને સહાયતા કરવાને બહાને આવ્યા અને અમારા બન્નેના ઘરેણા ચોરીને એક દિવસ પલાયન કરી ગયા ત્યારપછી આ સબંધી પોલીસમના એક બનાવને લીધે અમો બન્ને અનાથાઓનુ બળજબરી કરીને સર્વનાશ કરવામા આવ્યુ અને અમારી આવી દીનહીન દશા થઇ ગઇ ૧૦ રૂપિયા કરજ થઇ ગયુ છે આ પુત્રી સ્ત્રીયોગ્ય ઉમ્મરની થશે ત્યારે એને વેચીને અથવા વશ્યા બનાવીને કરજ ફેડીશુ "

આ કેવુ અંધેર છે! અબળાઓ ઉપર કેવા અત્યાચાર કરવામા આવે છે? સ્ત્રીઓ ભલે ગમે તેવી સ્વચ્છંદી અને ઉચ્છ્રંખલ હોય, તોપણ બેઇમાન શેતાન પુરૂષોના બહેકાવ્યા વગર તેઓ કદીપણ પોતાનો ધર્મ છોડવા તૈયાર થતી નથી પુરૂષોની દુષ્ટબુદ્ધિને લીધેજ સ્ત્રીઓનુ ચારિત્ર બગડે છે કેટલાએક હરામખોરોએ તો સેકડો સ્ત્રીઓની જીંદગી ધુળમા મેળવી છે ખરૂ છે, કે એક હાથે તાળી પડતી નથી, પણ આપણો સમાજ તો એક હાથનોજ માત્ર સ્ત્રીઓનોજ દોષ કાઢે છે, તેઓને જ કઠોર દંડ કરે છે! અનાથ સ્ત્રીઓનેજ શા માટે ઘરમાથી કાઢી મૂકે છે? સ્ત્રીઓના કરતા પચાસ ગણો કે સો ગણો અધિક અપરાધ કરનારા કુછંદી નરપિશાચોને શુ સજા કરવામા આવે છે! આ પાપની જડ કયા છે! એ પાપનો ફેલાવો કોનાથી થાય છે! એ બાબતનો વિચાર સમાજ કેમ કરતો નથી! અને પાખંડી, કુછંદી, અધમ પુરૂષોનો તિરસ્કાર સમાજ કેમ નથી કરતો! એવા નરાધમોનો તિરસ્કાર અને ત્યાગ નહી કરવાથી સ્ત્રીઓનુ સર્વનાશ કરનારા એ પાપીઓને ઉત્તેજન મળે

છે, અને અસહાય, અનાથ અબળાઓના ઉપર ઘોર અત્યાચાર કરવાનુ પાપ સમાજને લાગે છે ભારતવાસીઓ ન્યાય અન્યાયનો કાઈ તો વિચાર કરો!

આપણા સમાજને આપણે મૂર્ખતાને લીધે અતિ ઉત્તમ સમજી બેઠા છીએ, અને તેની પવિત્રતાને માટે ફૂલ્યા સમાતા નથી પણ તે બિલકુલ નિર્જીવ, નિર્બળ અને સર્વથા અશિક્ષિત મનુષ્યોનો સમૂહ છે આપણા સમાજને સચ્ચરિત્ર સ્ત્રીઓની આહ (નિશ્વાસ), અને દુચરિત્ર સ્ત્રીઓના પાપ ભસ્મીભૂત કરી રહ્યા છે લોકો આ બાબત ઉપર જો ધ્યાન નહી આપે તો સ્ત્રીઓના નિસાસા અને પાપ આખા સમાજને બાળીને ખાખ કરી ઉડાવી દેશે—માટે સાવધાન!

વ્યભિચાર.

'In every part of the world one of the general charachteristies of the savages is to despise and digrace the female sex'—Robertson

ભૂમડળના પ્રત્યેક ભાગમા સ્ત્રીઓના ઉપર અત્યાચાર અને તેઓનો નિરાદર કરવો એ અસભ્યતાનુ મુખ્ય ચિન્હ સમજવામા આવે છે ગમાર જગલી આદમીઓજ સ્ત્રીજાતિને તુચ્છ દષ્ટિએ જુએ છે.

રોબર્ટસન

જેવી રીતે લોભીને ધન, કામીને તેની પ્રેમિકા, અને ચોરને રાત પ્યારી હોય છે, તેવીજ રીતે જ્યા વ્યભિચાર છે ત્યા કેફ નિસંદેહ સાથેજ હોય છે

મદ્યપાન.

પશ્ચિમના થડા દેશોમા મદ્યપાનનો તિરસ્કાર શરૂ થયો છે લોકો તેના ભયકર પરિણામો સમજી ગયા છે દારૂ તેઓના દેશને, તેઓના રાષ્ટ્રને, અને તેઓના સમાજને ભારે નુકસાની પહોચાડી રહ્યો છે, તે

બાબતમા ત્યાની વૈજ્ઞાનિક મંડળીઓ અને ડાક્ટરોની મંડળીઓ ભારે આંદોલન મચાવી રહી છે સર્વ સાધારણ લોકોને ચેતવી દીધા છે કે મદ્યપાનથી બળ ઘટે છે, પુરુષાર્થ કમી થાય છે, શરીરમા રોગ પ્રવેશ કરે છે, અને આયુષ્ય ઓછું થાય છે વળી મગજ ખરાબ થાય છે, અને નિર્મળ બુદ્ધિ મલીન થઈ જાય છે, એવુ અનુભવ સિદ્ધ કરીને જણાવી દીધુ છે

ત્યાનુ 'લેન્સેટ' પત્ર લખે છે 'દારૂથી માથાના રોગ, અપચો, આંત્રમંદતા, અને ફેફસાના રોગો ઉત્પન્ન થાય છે મનુષ્યના શરીરમા જેટલી વધારે અથવા ઓછી શક્તિ હોય છે તે પ્રમાણે મોટી અથવા વહેલી રોગની અસર થાય છે પણ દારૂ પેટમા પડ્યો એટલે મગજ, ફેફસા, અને પાચનશક્તિ ઉપર તેની થોડી અથવા ઘણી અસર થયા વગર રહેતીજ નથી દારૂડીઆઓ પૈકીના સેંકડે ૨૦.૧ મગજના રોગથી, ૨૩.૦ અપચાથી, અને ૨૬.૯૬ ફેફસાના રોગથી મરે છે'

પશ્ચિમના દેશોમા માદક પદાર્થોનો વ્યવહાર અતિશય અધિક છે ખરો, પણ હર્ષની વાત છે કે ત્યાની 'ટેમ્પરન્સ સોસાઇટીઓ' એટલે દારૂ નિષેધક મંડળીઓના ઉદ્યોગથી દારૂનુ વ્યસન કમી થતુ જાય છે પણ ખેદની વાત છે કે ભારતનો વારો વિષમ હોવાથી આવા પદાર્થો નો પ્રચાર અહી વધતો જાય છે! વિલાયતમા તો એકલા દારૂનોજ પ્રચાર છે પણ ભારતમા અંગ્રેજી દારૂ, દેશીદારૂ, ફ્રાંસીદારૂ, તાડી, ભાગ, ગાંજો, અફીણ, ચંડુલ, તમાકુ આદિ અનેક ચીજોનો પ્રચાર છે આ દશા તો પરંપરાથી બાપદાદાના વખતથી ચાલી આવે છે વળી એમા ભાગ, ગાંજો અને ચરસનો પ્રયોગ તો જાણે સત્ય સનાતન ધર્મ છે! આ પવિત્ર બૂટી અમૃત છે દેવતાઓને ચઢાવવામા આવે છે તેનુ વેદ અને શાસ્ત્રાધારથી સેવન કરવામા આવે છે એનાથી ધર્મને આંચ નથી આવતી વૈદકની દૃષ્ટિએ પણ આ ઠંડકના નિત્ય સેવનથી શરીર આરોગ્ય રહેવાનુ બતાવવામા આવે છે ભલે

એ જેમ હોય તેમ ખરૂં' પણ ભાગ્યવાનીઓ આટલી કમ માદક વસ્તુઓથી તૃપ્ત નથી થતા' તેઓ નવી નવી કેફી વસ્તુઓ શોધતા રહે છે કોકેન ખાવા પણ શીખ્યા શરીરની નસોમા ઝેરી વસ્તુની સાથ પ્રાચીન અથવા યંત્ર વડે શરીરમા વિષ દાખલ કરીને નીશો ઉત્પન્ન કરવા લાગ્યા છે'

ભારતમા આ વસ્તુઓની માગણી વધવાથી સરકારની આવક બહુ વધી ગઈ છે અને દિનોદિન વધતી જ જાય છે ૩ વર્ષ અગાઉના કરતા આજની આવક ૫૫ ગણી છે ઇ સ ૧૮૯૮ મા માદક વસ્તુઓની આવક ૫ કરોડ ૭૪ લાખ રૂપિયા હતી દસ વર્ષ પછી ઇ સ ૧૯૦૮ મા એ આવક લગભગ બમણી એટલે ૯ કરોડ ૫૮ લાખ રૂપિયાની થઇ ગઈ, અને ત્યાર પછીના દાયકામા એ કરતા પણ બમણી એટલે લગભગ ૧૮ કરોડ રૂપિયાની આવક થઈ છે

અંગ્રેજી લખી વાચી જાણનારાની તો વાતજ કરવાની નથી એ લોકોએ તો જે ઘરોમા દારૂનુ નામ લેવાથી પણ પાપ મનાતુ તેવા ઘરોને પણ છાના છાના મદ્યપાનથી પવિત્ર કરી મૂક્યા છે. જેમા અંગ્રેજી દારૂ પણ વેચાતો હોય એવા કાશીના કોઇ દવાખાનામા તમે જાઓ તો તમને ખરેખરો તમાશો જોવાનુ મળશે કેવી કેવી વિલક્ષણ મૂર્તિઓ ત્યા નજરે પડે છે મથે લાબી શિખા અને પવિત્ર યજ્ઞોપવિત ધારણ કરેલા ભૂદેવો બગલમા પોથી સાથે છાનામાના અંદર જાય છે જાણે જીભ ઉપડતી નહી હોય તેમ "અદ્ધા" (બ્રાન્ડીની બાટલીનુ અડધિયુ) માગીને ધર્મપુસ્તક સાથે લપેટી બગલમા મારી ચોરની પેઠે હળવે રહીને પગલા નહીં વાગે તેવી રીતે ખસી જાય છે

ભાગની તો વાતજ શી કરવી ? અમીર, ગરીબ, સનાતન ધર્મી, આર્ય સ્ત્રી, પુરૂષ, બાળક, વૃદ્ધ કોઇને પણ એ પીવાની મનાઈ નથી ભારત જેવા દરિદ્ર દેશને માટે એ સહેલુ સુતરૂ પણ છે કારણ કે એક

પૈસામા એક આદમીની મતલબ પાર પડે છે, જ્યારે બીજે ઠેકાણે તો એક "અદ્ધા" માટે બે કલદાર જ જોઇએ

ધ્યાનમા રાખવાનુ છે, કે નિશા વાળી બધીજ વસ્તુઓ ખરાબ છે દારૂ બહુ ખરાબ વસ્તુ છે, પણ ભાગ અને ગાજાનુ પરિણામ સમ્ના દારૂ કરતા પણ ખરાબ છે લોક ભલે એને પવિત્ર બૂટી કહે, પણ એની અસર તો બહુજ ખરાબ છે મુંબઈની દિવાનાશાળામા દાખલ થયલા ૩૭૫ દિવાનાઓ પૈકીના ૧૯૬ જણા માદક પદાર્થો વાપરવાથી દિવાના થયલા હતા, તેઓમાના ઘણાખરા ભાગ અને ગાજો પીવાવાળા હતા ઇ સ ૧૯૦૮ મા ભારતની દિવાનાશાળાઓમા ૭૨૪૫ દિવાના હતા, તેમાના ઘણાખરા માદક પદાર્થોના સેવનથીજ દિવાના થયા હતા અનુકૂળ ચિકિત્સા કરવાથી તેમાના ૬૫૩ સારા થયા હતા

એક સાધારણ નિશો કહો કે ટેવની નિશા કહો તે તમાકુની છે એ ગમે તેની રીતે વપરાતી હશે દેખાવમા જરા જેટલી છે, અને એનો ખર્ચ લગભગ નહીં જેવોજ છે, તો પણ એ કમબખ્ત ચીજનો વપરાસ ૪૨ કરોડ રતલ અથવા ૫૦ લાખ મણ જેટલો છે એ પણ ભારતની વસ્તુ નથી અગ્રેજ લોકો અમેરિકાથી એને લાવ્યા હતા તમાકુની ખેતી ભારતમા અગ્રેજોએજ શરૂ કીધી હતી એનો પ્રવેશ થવાને ૧૦૦ વર્ષ થયા હશે, પણ ઇ સ ૧૯૧૧ મા ૧૦ લાખ એકર જમીન ઉપર તમાકુની ખેતી કરવામા આવી હતી,* અને ૬૬ લાખ રૂપિયાની તમાકુ પરદેશથી આવી હતી તે વધારામા '

---

* ઇ સ ૧૯૧૦-૧૧ મા ૧૦,૬૮,૦૦૦ એકર જમીન ઉપર તમાકુ વવાઇ હતી, અને ૪૫ કરોડ પાઉંડ તમાકુ પેદા થઇ ભારતમા તમાકુનો વપરાસ દર વરસે ૨ કરોડ પાઉન્ડ છે તમાકુના વપરાસની હકીકત નીચે પ્રમાણે છે —

નિશા વાળી ચીજોના ઉપયોગથી શરીરનુ બળ ઘટે છે, સ્વાસ્થ્ય બગડે છે, અને કુબુદ્ધિ ઉપજે છે લોકો આળસુ થઈ જાય છે, કામ કરવા કંટાળો આવે છે, અને તેનુ નિશ્ચિત પરિણામ આવે છે

ગુન્હો અથવા અપરાધ.

જ્યા વ્યભિચાર હોય છે, ત્યા દારૂડીઆ (છાકટા) પણ હોય છે, દરિદ્રતા હોય છે ત્યા અવશ્ય અપરાધની સખ્યા પણ અધિકજ હોય છે અહીનો એક અજબ જેવો રિવાજ છે કે લોકો બીજાની વહુ-દિકરીઓ તરફ કુદૃષ્ટિ વાપરે ખરા, પણ પોતાની જોડે એવો કુવ્યવહાર વપરાય તો ખૂન કરવા તૈયાર થઇ જાય છે રેલવેની મુસાફરીમા એ બાબતના દૃષ્ટાંત જોવામા આવે છે અહીં વ્યભિચાર કમી કરવા માટે અથવા તેનુ વેર લેવા માટે વ્યભિચારીનુ માથુ કાપી નાખવાના અથવા તેની સાથે ભયંકર મારામારીના બનાવો ઘણા બને છે

આપણે ત્યા દારૂ છૂટથી લોકો પાય છે અને પીયે છે, પણ કેળવણી પછવાડે જુજ ખર્ચ કરે છે તેથી તેવા લોકો આજે જેલમાથી છૂટયા કે કાલે પાછા બીજા નવા અપરાધ માટે પકડાયા, એના પ્રત્યક્ષ દાખલા બહુ જોવામા આવે છે વારવાર સજા ભોગવે છે, પણ

ભારતમા ઉત્પન્ન થયેલી	૪૫,૦૦,૦૦,૦૦૦ પાઉંડ
તેમાથી પરદેશ ગયલી	૨,૮૪,૮૫,૦૦૦ પાઉંડ
બાકી રહી	૪૨, ૧૫, ૧૪, ૭૫૨ પાઉંડ
પરદેશથી ખરીદ થઇ આવી	૬૬, ૭૨, ૯૭૫ રૂપિયાની
	૨૨, ૦૪, ૮૬૩ પાઉંડ
ભારતમા કુલ વપરાઇ તે	૪૨, ૩૭, ૧૯, ૬૧૫ પાઉંડ

અપરાધ કરતા અટકતા નથી. ગુનેગાર મનુષ્યને સુધારવાની આ કાંઈ ખરી રીત નથી. જ્યાં સુધી તેમને પેટ ભરવા માટે ઉચિત કામ શીખવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ બીજું કંઈ પણ ... જેનું પેટ ખાલી અને હાથ પગ ખાલી હોય તેવા લોકો અનાચારથી બચી શકતા નથી.

× ઈ. સ. ૧૯૦૮ના બનેલા અપરાધની રીપોર્ટ — ...માં ૧૦, ૬૪, ૨૦૭ માણસો ઉપર મુકદ્દમા ચાલ્યા તે નીચે પ્રમાણે:

ખૂનના મુકદ્દમા	૪, ૭૯૧	માલ ચોરીના	૧ ૯૮, ૨૭૯
વાડ પાડવાના	૨, ૯૧૧	ખાતર પાડવાના	૨, ૧૬ ૨૧૦
બીજા મોટા અપરાધ	૧૩, ૧૩	નાસી ગયા	૬૯
પશુની ચોરીના	૧૮ ૬૫	કાળાપાણીએ ગયા	૨, ૨૨૩

તુરંગની સજા પામેલા ૧૬૬,૧૮૦; ૫ વર્ષ ઉપરથી ઓછી સજાવાળા ૩૬ ૫૦૬; દંડની સજા પામેલા ૧૯ ૦૩૧; ૭ મહીના સુધીની સજા વાળા ૧૬ ૬૨૧; ફટકાની સજા પામેલા ૬૧,૨૧૦; ૫ વર્ષ ઉપરની સજા વાળા ૧૦, ૧૦૦.

આંદામાન બેટ (પોર્ટ બ્લેર) જ્યાં કાળાપાણીની સજાવાળા ગુનેહગારોને મોકલવામાં આવે છે ત્યાં એ વર્ષમાં ૧૬,૨૨૬ કેદીઓ હતા. તે પૈકીના ૮,૫૫૯ ખૂની હતા અને ૨,૧૨૨ મોટા અપરાધવાળા હતા. ભારતના તુરંગોમાં ૬,૨૭,૨૧૫ કેદીઓ હતા. તેમાં ૨૬, ૯૭ સ્ત્રીઓ હતી અને બાકીના પુરુષો હતા.

ઇ. સ. ૧૯૧૦ થી ૧૫ સુધી ભારતના તુરંગોમાં નીચે બતાવ્યા પ્રમાણે કેદીઓ હતા:—

કેદી	૧૯૧૦	૧૯૧૧	૧૯૧૨	૧૯૧૩	૧૯૧૪	૧૯૧૫
પુરુષ	૧૦૦૫૧૬	૯૦૩૭૨	૯૯૫૮૫	૧૦૨૯૭૯	૧૦૯૪૦૮	૧૧૫૪૯૪
સ્ત્રી	૨૪૭૪	૧૫૧૦	૨૩૬૫	૨૩૬૦	૨૦૦૭	૨૭૯૩
કુલ	૧૦૨૯૯૦	૯૧૮૮૨	૧૦૧૯૫૦	૧૦૫૩૩૯	૧૧૨૦૧૫	૧૧૮૨૮૭

બીજા દેશોમા કેદીઓને પણ ઉચિત શિક્ષણ આપવામા આવે છે તેઓને કામ કરવાની તજવીજ કરી આપવામા આવે છે તેઓની શારીરિક તપાસ ડાક્ટરો અને વૈજ્ઞાનિક વિદ્વાનો કરે છે કોઇના શરીર-મા એવો રોગ હોય કે જેના કારણથી તે ગુન્હા કરતા હોય તો તે દૂર કરવાની તજવીજ કરવામા આવે છે ત્યા એવુ નથી કે કોઇ ત્રણ દિવસનો અપવાસી છોકરો સરકારી સડક પરના આંબાની કેરી તોડી ખાય તો તેને પોલીસ પકડી જાય તેના ઉપર કેસ ચલાવે અને માજીસ્ટ્રેટ સાહેબના હુકમથી ઘડાઘડ નેતરના કટકા ચોરી કાઢવામા આવે આવુ કરવાથી તો તે રઢાર મેઢાભ્રમ બનીને પાકો ચોરી કરવાનો તેને નિવારણ કરવાનુ કાંઈ પણ સાધન કરી આપવામા નહીં આવે ત્યા સુધી તો તે વારવાર ચોરી કર્યા જ કરવાનો

ખુશી થવા જેવી વાત છે કે હવે આપણી સરકારે એ બાબત ઉપર ધ્યાન આપવા માડ્યુ છે અને ઉચિત પ્રબંધ કરવા પણ માડ્યોછે પરતુ સરકાર ઉપરજ એનો બોજો એક સામટો મૂકી દેવો વાજબી નહી જણાય. આપણે પણ આનો બોજો ઉપાડવા માટે ખુશીથી ઉદાર હાથે ખર્ચ કરવો જોઇએ આપણે ભારતવાસીઓ પોતાના અધિકાર મેળવવા માટે બૂમરાણ મચાવી મૂકીએ છીએ, પણ આપણુ કર્તવ્ય પાલન કરતા તો કઠે પ્રાણ આવી જાય છે ફરી ફરીને વાત તો એજ આગળ આવે છે કે ભારતને પોતાનુ તારણ પોતેજ કરી લેવુ જોઇએ India must be its own saviour

ભારતમા ગૃહસૌખ્ય (ઘરનો આનંદ) નથી મળતો તેથી લોકો વેશ્યાઓને ઘેર જઇને મનમાની મોજમજાહ ઉડાવે છે દુખ અધિક છે, અને ચિતા નિરતર ચિતાની માફક બાળતી રહે છે એ પાપણીના સતાપમાથી જરાતરા થડક મેળવવા માટે અથવા માન-સિક ક્લેશ ઘડીભર દૂર રાખવાના ઇરાદાથી લોકો માદક પદાર્થોનુ સેવન કરે છે. આ જવાબ ખરો નથી ખરી રીતે જોતા તો આપણે

આપણા બાળકોની રક્ષા કરી શકતા નથી બાળકોને બ્રહ્મચારી રાખીને સદાચારી બનાવવા માટે અધિક દ્રવ્ય ખર્ચવાની જરૂર છે તે સાધન આપણી પાસે જોઇએ તેવુ નથી આપણીજ નબળાઇને લીધે આપણા બાળકો નિર્બળ, દુચરિત્ર અને અનાચારી સ્ત્રી પુરૂષો બને છે આપણા-જ અનાદર, અત્યાચાર અને દોષને લીધે આપણી પુત્રીઓ પાપના બજારમા જઇને બેસે છે પછી આપણા પુત્રો ઘરના સુખ અને આનંદના અભાવથી, આપણીજ બેદરકારીથી કુસંગતમા પડી જાય છે તેઓ વેશ્યાઓઓને સર્વથા અન્ય સ્ત્રીઓ સમજીને પોતાનુ અને તે અભાગણીઓનુ સર્વસ્વ નાશ કરે છે વ્યભિચારી સ્ત્રી પુરૂષો, દારૂડીઆ, નશાબાજ, ચોર, ખૂની, લુટારા એ સર્વ આપણાજ સતાનો છે આપણી જ ભૂલ અને બેદરકારીથી તેઓની આવી દુર્દશા થાય છે તેઓને સુધારવાનુ અથવા આપણા ભવિષ્યના સતાનોનુ ભલુ અથવા બુરૂ કરવાનુ આપણાજ હાથમા છે

જો આપણે માતાપિતા બનવા યોગ્ય મનુષ્ય હોઇએ, સારા સતાનો ઉત્પન્ન કરીને તેઓને યોગ્ય સ્ત્રીપુરુષો બનાવવાનુ આપણામા સામર્થ્ય હોય અને પુરૂષાર્થ હોય તો જ આપણે સતાન પેદા કરવા, નહી તો નહી બચ્ચાઓને ટળવળી ટળવળીને મરવા માટે, વેશ્યા અથવા ખૂની બનાવવા માટે, કગાલ અને કાયર થવા માટે પેદા કરવા તે ઘોર અત્યાચાર છે, ખરી અનભ્યતા છે, ભયકર પાપ છે.

'The greatest social evil of the day is to beget children whom one cannot support'

'No one should bring beings into the world for whom one cannot find the means of support.'

પ્રીતમ કવિ કહે છે --

"बाताओ मुझे देश कोई कहीं,
इसी हिन्दका हो जो ऋणी नही ।

रहा विश्वमें जो बडेसें बडा
वही देश हा ! आज नीचे पडा
बचाओ उसे जोश जीमें भरो,
उठो भाइओ देश सेवा करो ।

આઠમો પરિચ્છેદ.

આપણુ શિક્ષણ.

विद्याधनं श्रेष्ठधन तन्मूलमितरधनम् ।

સસાર પરિવર્તનશીલ છે આપણી જે આવશ્યકતાઓ આજથી ૫૦૦ વર્ષ પહેલા હતી તે આજે નથી જે વસ્તુઓની જરૂરીઆત તે વખતે હતી તે આજે નથી તેને બદલે નવી નવી જરૂરીઆતો પેદા થઇ છે દેશની જેવી અવસ્થા તે સમયે હતી તેવી આજે નથી માટે સ્વાભાવિક રીતેજ આજથી ૫૦૦ વર્ષ પહેલા જે પ્રકારનુ શિક્ષણ અપાતુ હશે તેવોજ પ્રકાર આજે ચાલી શકે નહીં

સસાર એક યુદ્ધક્ષેત્ર છે એ ક્ષેત્રમા વિજય પામવા માટે સમય સમયની અગત્ય પ્રમાણે શિક્ષણ મળવુ જોઇએ કાળની ગતિ અનુસાર શિક્ષાસપન્ન બનેલા પુરૂષોના જર્જરિત પુરાણા સાધનો કાઇપણ ઉપયોગમા આવતા નથી તે તો માત્ર સગ્રહસ્થાન (મ્યુઝિયમ)મા રાખવા યોગ્ય રહી જાય છે આપણા દેશના વિદ્યાર્થીઓ સસ્કૃતની ઉંચામા ઉંચી પરીક્ષા પાસ કરીને બહાર પડે છે તેઓ પેટ ભરવા જેટલા રોટલા કમાવા પણ અસમર્થ હોય છે તેઓ પોતાના શિક્ષણથી ઉચ્ચ જીવન નિભાવવા શક્તિવાન થતા નથી તેમજ સારા નાગરિક પણ નીવડતા નથી તેમનુ શિક્ષણ અતિ પ્રાચીન કાળના બગડલા

યોગ્ય ચાલ્યુ આવે છે તેઓ દેશ કાળ જાતિ, રાષ્ટ્ર–સંગઠન ભાષોદ્ધાર આદિ વિષયોથી બિલકુલ અજાણ હોય છે તેઓનું શિક્ષણ વ્યાકરણના વિતંડાવાદમાં, તથા ન્યાયના '**पात्राधारम घृतम् वा घृताधारम् पात्रम्**–જેવા પ્રશ્નોની તકરારમાજ પુરૂં થાય છે આજથી ૭૦૦ વર્ષ પહેલા યુરોપના વિદ્વાનોની જેવી દશા હતી તેવીજ દશા હાલના આપણા દેશના સંસ્કૃતના વિદ્યાર્થીઓની છે તે લોકો પણ 'સોયની અણી ઉપર કેટલા ફિરસ્તાઓ બેસી શકે' એવી વિચિત્ર વાતો અને પ્રશ્નો ઉપર મહિનાઓ સુધી શાસ્ત્રાર્થ કર્યા કરતા હતા **ભાર**તની અવનતિનું સૌથી મોટું કારણ જોઈએ તો એજ છે કે આપણી પ્રજાના નેતાઓએ કાળક્રમ પ્રમાણે શિક્ષાપ્રણાલી બદલવાનો પ્રયત્ન કર્યો નથી જો આપણા દેશની પાઠશાળાઓમાં સંસ્કૃત ભાષાદ્વારા **ભાર**ત તથા અન્ય દેશોના ઇતિહાસ શીખવાતા હોત, રાજનીતિ, અર્થશાસ્ત્ર રસાયનશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન આદિ વિષયોનું જ્ઞાન પણ સંસ્કૃત ભાષામાજ અપાતું હોત, અને આપણું સાહિત્ય, આપણા આદર્શ પુરુષોના જીવનચરિત્ર, તથા આપણા દેશના ગૌરવનું શિક્ષણ **ભાર**તના બાળકોને શીખવાતું હોત, તો **ભાર**તની આત્મરક્ષાની શક્તિ ક્ષીણ પડત નહીં, અને આપણો પ્યારો દેશ રસાતળમાં પાછળ પણ પડત નહી, તથા આપણે અન્ય જાતિઓના ઘૃણાપાત્ર બનવાનો વારો આવત નહી

નિશ્ચિત વાત એ છે, કે દેશના બાળકોને જેવું શિક્ષણ આપવામાં આવે તે પ્રમાણેજ દેશની સભ્યતામાં અને દેશની રાજનૈતિક અવસ્થામાં પણ અવનતિ અથવા ઉન્નતિ થાય છે વર્તમાન જીવન–સંગ્રામમાં ઉભા રહેવા માટે દેશકાળને અનુસરતું શિક્ષણ જો આપવામાં આવે નહી તો શિક્ષિત મનુષ્ય જીવન–સંગ્રામના ભયંકર યુદ્ધમાં કદી પણ વિજય મેળવી શકે નહિ

જીવનનું બીજું નામ ગતિ છે જે સભ્યતા ગતિવાન છે, જેનું શિક્ષણ કાળની ગતિને અનુસરે છે તેને નષ્ટ થવાનો ભય નથી શિક્ષા

પ્રણાલી પણ નવી નવી આવશ્યકતાઓને પૂર્ણ કરનાર નવા નવા આવિષ્કારોથી વિભૂષિત, અને જીવનપ્રદ હોવી જોઇએ નદીનુ વહેતુ પાણી સદા તાજુ રહે છે અને જીવનદાયક હોય છે કુડ અથવા તળાવનુ ઘેરાયલુ સ્થિર પાણી ગદકી અને રોગ ઉત્પન્ન કરે છે નદી અને કુડના જલમા જલત્વ ગુણ તો સમાનજ હોય છે બન્નેમા જલના પ્રધાન ગુણ વિદ્યમાન છે, પણ તેમા એટલો ભેદ છે કે એક ગતિવાન હોવાથી શુદ્ધ અને પવિત્ર થયા કરે છે, અને બીજુ વેગહીન સ્થિર રહેવાથી અપવિત્ર તથા રોગનો ભડાર બની જાય છે જે સ્થિર રહે છે તેજ પાછળ પડી જાય છે મૃતપ્રાય બને છે તેનોજ અત આવે છે

'જીવનમુક્તિ તથા 'વેદાન્ત ની મનુષ્યને આળસુ બનાવનારી 'નિવૃત્તિ'ની શિલાએ ભારતની સઘશક્તિ તથા રાષ્ટ્ર જીવનનો નાશ કીધો તેથી દેશ ઉપર આપત્તિઓનો વરસાદ વરસવો શરૂ થયો દેશના સર્વ ભાગોમા અરાજકતા કુપ્રબધ અને અશાતિ ફેલાઇ ગઇ રાષ્ટ્રીય કર્તવ્યનો ઉચિત માર્ગ કોઇને સૂઝયો નહી ભારત સન્મુખ જીવન અને મૃત્યુનો વિકટ પ્રશ્ન ઉભો થયો સઘ-શક્તિનો નાશ થવાથી રાષ્ટ્રીય જીવનને બચાવવાનો કાઇ ઉપાય સૂઝયો નહી પરિણામે લોકોના મનમા સ્વરક્ષાની (Conservativism) ભાવના ઉત્પન્ન થઇ લોકોના મનમા એવુ ભાસ્યુ કે આવા કુસમયમા રાષ્ટ્રીય ઉન્નતિ કરી શકાશે નહિ, તોપણ પોતે પ્રાચીનતાના કટ્ટા સરક્ષક બનીને હિદુ સસ્થાઓનુ અસ્તિત્વ તો જાળવી શકશે ઉન્નતિ ભલે નહિ થાય પણ અસ્તિત્વ તો કાયમ રહેશે આવી Conservativism —સ્વરક્ષાબુદ્ધિના પરિણામે લોકોના જીવન અને વિચાર પદ્ધતિ બહુજ મર્યાદિત–સકુચિત અને જડ થઇ ગયા કોઇપણ રાષ્ટ્રના જીવતા જાગતા સાક્ષી જોઇએ તો તેનુ સાહિત્ય, તર્કશાસ્ત્ર, કલાકૌશલ્ય, સગીત, અને ચિત્ર વગેરે વિષયો છે આ સમયે ભારતમા એ વિષયોની જરાપણ ઉન્નતિ થઈ શકી નહી સર્વ સાધારણ લોકોને પોતપોતાની બુદ્ધિ,

શક્તિ અને યુક્તિમા અવિશ્વાસ આવી ગયો તેઓ એવુ સમજવા લાગ્યા કે હવે આપણામા નવીન બાબતો શોધી કાઢવાની શક્તિ પણ રહી નથી હવે આપણુ કામ માત્ર જૂની બાબતોની યથાશક્તિ નકલ કરવાનુ છે આગના સમયમા શોધાયલી ચીજોનુ સંગ્રહણ કરી શકાય તો તેટલુ પણ ઘણુ છે

તે સમયનો ઇતિહાસ વાચવાથી આપણુને ખરેખરો પુરાવો મળે છે, કે એક જીવતા જાગતા રાષ્ટ્રે પોતાની અવનતિ કેવા પ્રકારે કરી નાખી, અને કેવળ અંધપરંપરામા રમડાઇને પુરાણી પદ્ધતિના દાસ બની રહેવાથી ભારતે પોતાનુ સત્યાનાશ વાળી નાખ્યુ ભારતે તે સમયમા પોતાની શક્તિઓથી કામ લીધુ નહી, પોતાની બુદ્ધિ અને યુક્તિનો ઉપયોગ કીધો નહી, અને આખો મીચીને બેસી રહ્યા પછી શુ બન્યુ ? દેશમા ચારે બાજુએ જ્ઞાન અને પ્રકાશને બદલે અજ્ઞાન અને અધકાર છવાઇ ગયો એવા અજ્ઞાન યુગનુ જોર એટલે સુધી વધ્યુ કે તેણે રાષ્ટ્રીય જીવનને છેક ખાખાખીખી કરી નાખ્યુ તે સમયનુ હિંદુસ્તાન બુદ્ધિ, શક્તિ અને યુક્તિની બાબતોમા અત્યત જીર્ણ દશાએ પહોચી ગયુ

તે સમયના ઘણા લોકો એવુજ સમજતા, અને હજુ પણ ઘણાને ધૂન ભરાઇ રહેલી છે કે આપણા પૂર્વજો એક વખતે ઉન્નતિના શિખરે પહોચેલા હતા, માટે હવે આપણે માટે કશી ઉન્નતિ કરવાનુ બાકી રહ્યુ નથી આપણને આગળ વધવાનો માર્ગજ નથી 'સુવર્ણયુગ' (Golden—age) અથવા 'સત્યયુગ' પૂરો થઇ ગયો, હવે તો કલિયુગ (Dark age) નો જમાનો છે એ યુગમા ઉન્નતિ કરવાની માથાફોડ કરવી નકામી છે, એટલુજ નહી પણ સાક્ષાત્ અધર્મ છે

કહેવાનુ તાત્પર્ય એટલુજ કે જ્ઞાનભંડારના દ્વાર બધ થઇ ગયા આખા સંસારમા ખેડાતો ભારતનો વેપાર અટકી પડ્યો રાષ્ટ્રીય

સ્વાધીનતા નષ્ટ થઈ ગઇ સ્વદેશાભિમાનનો લોપ થઇ ગયો, અને ભારતે મૃત્યુનો માર્ગ પકડી લીધો આપણા અભાગીઆ દેશની આવી દશા અંગ્રેજી રાજ્યની પૂર્વનો ઇતિહાસ બતાવે છે

અંગ્રેજી રાજ્યથી ભારતની દશામા પણ પરિવર્તન થયુ છે, તેની કોઇ ના પાડી શકે તેમ નથી ભારતમા નવી જાગૃતિ આવી છે ૨૫ વર્ષ પહેલા લોકો કહેતા કે ભારત 'સંક્રમણ' અવસ્થામા છે, બાર ચૌદ વર્ષ ઉપર એ નવી જાગૃતિને 'અશાન્તિ' કહેતા હતા પરંતુ હવે ભારત પોતાના 'પુનરૂજ્જીવન'ના માર્ગ ઉપર છે એવુ કહેવામા આવે છે આ જાગૃતિના સમયમા ચારે બાજુથી વિદ્યાનો પોકાર ઉઠી રહ્યો છે દેશહિતૈષી સજ્જનો બરાબર સમજી ગયા છે કે વિદ્યા વગર આ દેશનો પુનરૂદ્ધાર નથી થવાનો ભારતના એક છેડાથી બીજા છેડા સુધી એજ ધ્વનિ ગાજી રહ્યો છે કે 'India must teach or die' અર્થાત્ 'ભારત યા તો શિક્ષિત થાય કે રસાતળ જાય' અજ્ઞાનીને જીવવાનો અધિકારજ નથી

विद्याविहीन पशु । એ વાત પણ સાચી જ છે જેનામા વિદ્યા નથી તે આ સંસારમા મનુષ્યના રૂપમા પશુઓનુ કામ કરે છે હાથી જેવા બળવાન પશુના માથા ઉપર બેસીને નાનો સરખો માવત અંકુશ મારે છે, અને હાથી ચીસ પાડીને તેજ માવતની મરજી પ્રમાણે કામ કરે છે આવાજ કારણથી અકબર અને ઔરંગઝેબના હિંદુ સેનાપતિ માનસિંહ અને જયસિંહ આદિએ જેવા કામો પોતાના પ્રભુઓ માટે કીધા, તેવા કામ તેઓ પોતાના દેશના હિત માટે કરી શક્યા નહી અકબર અને ઔરંગઝેબ પોતાના બુદ્ધિચાતુર્યથી પોતાના કટ્ટા શત્રુઓને વશ કરીને તેઓની પાસે પોતાની મરજીમા આવે તેવા કામ કરાવી શકતા હતા મોગલોના માત્ર રોટલીના ટુકડા માટે રાજપુતાનાના મોટા મોટા સરદારોએ પોતાના ઉજ્વળ આત્માઓને કાળા કરવાનુ સ્વીકારી લીધુ તેઓએ પોતાનાજ દેશબંધુઓના ગળા

કાપ્યા અને દેશને ખેદાનમેદાન કરી મૂક્યો અને આપણા પાડોશી જાપાનના સપુતોએ પશ્ચિમની કેળવણી લઇને પોતાની વિદ્યા અને યોગ્યતાને દેશની સેવામા અર્પણ કરી દીધા તેઓ ઠેકઠેકાણે સ્કૂલો અને કોલેજો સ્થાપીને પોતાના અશિક્ષિત ભાઇઓને પોતાના જેવા બનાવવા લાગ્યા પચાસ વર્ષમા તેઓએ પોતાના દેશને પગભર કરી દીધો આપણે ત્યા તો એ કરતા વિપરીત દશા છે પશ્ચિમની કેળવણી પામેલાઓ પોતાનાજ દેશભાઇઓની ઘૃણા કરે છે એક બે ડઝન દેશ-સેવકો પણ નીકળ્યા, પરતુ ઘણાખરા તો પોતાની ભાષા, પોતાનો વેશ, પોતાની રહેણીકરણી (સભ્યતા) ને પસદ પણ કરતા નથી વેશ્યાની પેઠે તેઓ પોતાની યોગ્યતા અને પોતાની પ્રતિભા વેચતા જરાપણ શરમાતા નથી રૂપિયાની લાલચને વશે તેઓ નીચમા નીચ કામો કરવા તૈયાર થાય છે

અમેરિકાનો એક શિક્ષિત પુરૂષ જોનક ફીડ પોતાના દેશનુ હિત સાધવા માટે યુરોપના કોઇ દેશમા ગયો ત્યાના રાજાએ તેને લાલચ આપીને પોતાના પક્ષમા લેવાનો વિચાર કીધો પણ તેણે જવાબ દીધો કે ' હુ તો બિચારો ખરીદવા લાયકજ નથી અને હુ જેવો છઉ તેવો પણ ખરીદવો હોય તો તમારો રાજા મને ખરીદવા જેટલો ધનવાન નથી—' I am not worth purchasing But such as I am, the king of this Country is not rich enough to buy me '

અગ્રેજી સ્કૂલોમા ભણેલા લાખો ભારતવાસી આજે સરકારની જૂદા જૂદા ખાતાની નોકરી કરે છે હજારો રેલવેમા કામ કરે છે આવા શિક્ષિત કહેવડાવનારા દેશનો શો ઉદ્ધાર કરી શકે ? અદાલતોમા મુનશી, પેશકાર, અને ઘણાએ મામલતદાર અને ડેપ્યુટિ કલેક્ટર ગરીબ પ્રજા ઉપર કેવો અત્યાચાર કરે છે ? પોલીસ વાળાઓની તો વળી વાતજ નિરાળી છે યુનિવર્સિટિની ડિગ્રી ધરાવનારા કાયદાનો ધધો કરનાર લોકોના અધિકારની રક્ષા કરે છે કે ઉલટા તેઓને લૂટે

છે ? આ લોકો રૂપિયાને માટે જાણી બુઝીને પોતાના દેશબન્ધુઓના ગળા કાપે છે વેશ્યાની પેઠે ધનને માટે પોતાની જાત અને આત્માને વેચવો એજ તેઓને માટે 'ધર્મ' છે-(Duty) ડયુટી છે-ફરજ છે હાય ! હાય ! ભારતનો શિક્ષિત-સમાજ અંગ્રેજીના એક શબ્દ (Duty) નો મહાન અને પવિત્ર અર્થ સમજ્યો હોત તો જાપાનની પેઠે ભારતનો પણ ૫૦ વર્ષમાંજ પુનરૂદ્ધાર થઈ ગયો હોત

કહેવાનું તાત્પર્ય એટલુંજ કે કેળવણી ખાલી માત્ર અંગ્રેજી કે સંસ્કૃત બોલી જાણવું તે નથી કેળવણી કાળા અથવા ગોરા ચહેરામાં નથી, અનેક વિદ્વાનોના નામનું રટણ કરવામાં નથી લાંબા લાંબા વ્યાખ્યાનોમાં નથી, હેટ, કોટ, પાટલુનમાં નથી અને લાંબી લાંબી ડિગ્રીઓ મેળવવામાં પણ કેળવણી નથી શિક્ષણ તે જ કહેવાય કે જેથી મનુષ્યનું અંતઃકરણ શુદ્ધ બને અને બુદ્ધિ વધે શારીરિક અને આત્મિક શક્તિઓના વિકાસનેજ શિક્ષણ કહી શકાય છે શિક્ષણનો મુખ્ય હેતુ મનુષ્યને મનુષ્ય બનાવવાનો છે, જેથી તે પોતાની શક્તિઓને સમજીને પોતાનું કુટુંબ, રાષ્ટ્ર તથા સમાજની સેવા કરે અને સંસાર-માત્રને કલ્યાણકારી થાય

ધારો કે આપણને કેટલાક અંગ્રેજોએ શિક્ષણ આપ્યું છે, તેટલા માટે આપણે તેના ઋણી છીએ પરંતુ એ શિક્ષણ તો ખાસ તેને પોતાનેજ વધારે ઉપકાર કરનાર નીવડયું છે એક ખેતરમાં વાસની ટટ્ટી બાંધીને ચારસો પાંચસો બળદને ગોંધી રાખો તેજ બળદના પરસેવાથી ઉપજાવેલું અન્ન તેઓને મોજશોખ દેખાડીને બહાર લઇ જાઓ બળદને ભુસું પણ નહીં ખવડાવો પણ થોડા થોડા વખત છૂટા મૂકીને સવાર સાંજ લીલો લીલો ચારો દેખાડયા કરો, એટલે પેલા બળદો ભૂખે મરી જાય તો પણ પોતે છૂટા થવા કદી પ્રયત્ન કરશે નહી. શું ૫૦૦ બળદોના શિંગડા વાસની ટટ્ટી તોડી પાડવા સમર્થ નથી ? તેઓ નિ-સંદેહ તે વાડાના અને તેઓના પરસેવાના અનાજ ઉપર મજાહ ઉડાવ-

નાગાઓના અને તેઓને ભૂખ્યા ગોથી રાખનારાના ચિથરા ફાડી નાખે, પણ તેઓનામા એવુ જ્ઞાન નથી

જે શિક્ષણમા સગળતા નથી, જે બુદ્ધિના વિકાસમા મદદાયતા આપતુ નથી, અને જેમા સંકટ દૂર કરવાના ઉપાય ગોથી કાઢવાનુ બળ નથી, તે સાચુ શિક્ષણ નહી પણ કુશિક્ષણ છે

અંગ્રેજોની વર્તમાન શિક્ષા-પ્રણાલીએ આપણને લખતા વાચતા શીખવીને માત્ર તેઓનુજ કામ કરવા યોગ્ય બનાવ્યા છે એ શિક્ષણ-થી આપણી બુદ્ધિની ગાઠ છૂટી નથી, આપણે આપણી શક્તિઓને ઓળખી શક્યા નથી, આપણે પોતાના સાચા સ્વરૂપને અને દેશને ભૂલીને પોતેજ પોતાને નાના સમજતા રહ્યા આપણી અંગ્રેજી સ્કૂલો અને કોલેજોએ આપણને ગોખીગોખીને પાસ થવાનુ જ શીખવ્યુ આપણી શરીર-સપત્તિ ક્ષીણ થઇ જાય, અને આપણુ ચારિત્ર ખરાબ થઇ જાય તેનુ સ્કૂલ અને કોલેજના અધિષ્ઠાતાઓને કાઇ પ્રયોજન નથી છોકરાઓ પરીક્ષા પાસ કરી શકે એટનોજ તેઓનો મુખ્ય ઉદ્દેશ છે વર્તમાન અંગ્રેજી સ્કૂલ અને કોલેજનુ શિક્ષણ વાસ્તવિક રીતે શિક્ષણજ નથી એ તો માત્ર પરીક્ષા પાસ કરાવવાના કારખાના છે

હવે આવા પરીક્ષા પાસ કરાવનારા કારખાના કેટલા છે તે જોઇએ ભારત સરકારના ઈ સ ૧૯૧૪-૧૫ના સરકારી રિપોર્ટ પ્રમાણે નીચેની ટીપ લખી છે —

પ્રાઇમરી સ્કૂલો જેમા દરેક પ્રાતની ભાષાના પ્રારભિક પુસ્તકો શીખવવામા આવે છે તેની સખ્યા ૧,૩૧,૭૧૨ છે અને તેમા ભણ-નારા વિદ્યાર્થીઓની સખ્યા ૫૪,૪૭,૮૫૦ છે ઇ સ ૧૯૧૪-૧૫-મા કન્યા વિદ્યાર્થીની સખ્યા ૫,૫૯,૮૩૧ હતી પણ સ્ત્રીઓની સખ્યાના હિસાબે એ સખ્યા ઘણીજ નાની છે

સેકડરી સ્કૂલોની સખ્યા ૬,૯૮૦ છે, અને તેમા ભણનારા વિદ્યાર્થીઓની સખ્યા ૧૦,૯૭,૯૯૨ છે.

હાઇ, અથવા અંગ્રેજીની મિડલ સ્કૂલો ૪,૪૩૩ છે પણ તેમા સરકારી સ્કૂલો માત્ર ૨૯૬ છે, અને બાકીની બિનસરકારી છે તે પ્રજાના ખાનગી ખર્ચથી ચલાવવામા આવે છે

ટેકનિકલ અથવા ઇન્ડસ્ટ્રિયલ સ્કૂલો ૧૯૮ છે તેમા ૧૧,૧૭૬ વિદ્યાર્થીઓ ભણે છે

સ્કૂલ ઓફ આર્ટ ૯ છે, તેમા ૧,૪૧૧ વિદ્યાર્થીઓ ભણે છે

ઇ સ ૧૯૧૩-૧૪ મા એગ્રિકલ્ચરલ સ્કૂલ (કૃષિવિદ્યાલય) ૧ હતુ અને ભણનારા ૧૧ હતા, અને ઇ સ ૧૯૧૪-૧૫ મા તે પણ રહ્યા હતા નહીં

મેડિકલ સ્કૂલ (ડાક્ટરી સ્કૂલ) ૨૪ મેડિકલ કોલેજ ૫, વેટરીનરી અથવા પશુરોગની ડાકટરી સ્કૂલ ૪

કાયદા શીખવનારી સ્કૂલો ૨૨ હતી અને ભણનારા વિદ્યાર્થીની સખ્યા ૪,૪૭૬ હતી

કમર્શિયલ સ્કૂલ (વેપારી સ્કૂલ) ૬૧, તેમા માત્ર ૩ સરકારી અને બાકીની ખાનગી હતી

વિશ્વવિદ્યાલય ૫, અને કોલેજો ૧૯૫ હતી

નીચેના કોષ્ટક ઉપરથી સ્પષ્ટ હકીકત સમજાશે

વિદ્યાલયોની શ્રેણી	વિદ્યાલયોની સખ્યા		વિદ્યાર્થીઓ	
	છોકરાઓના	છોકરીઓના	છોકરા	છોકરીઓ
પ્રાઇમરી સ્કૂલ	૧૧૬૦૧૨	૧૫૭૦૦	૪૫૧૮૦૦૪	૯૨૯૮૪૬
સેકંડરી સ્કૂલ	૬૩૭૮	૬૦૨	૧૦૧૧૨૦૩	૮૬૭૮૯
ટ્રેનિંગ વગેરે સ્કૂલ	૭૬૫૨	૧૪૮	૨૧૦૨૮૭	૧૪૭૩૨
ખાનગી સ્કૂલ	૩૬૩૮૫	૧૯૮૪	૫૫૬૦૬૯	૭૫૭૭૨
કોલેજ	૧૮૫	૧૦	૫૦૫૭૯	૩૬૯
કુલ	૧૬૬૬૧૨	૧૮,૪૪૪	૫૩૪૬૧૪૨	૧૧૦૮૬૯૮
એકદર સરવાળો	૧૮૫૦૫૬		૬૪૫૪૮૪૦	

આ ૧૮૫૦૫૬ વિદ્યાલયમાથી ૪૦૧૨૪ એવા છે કે જેનો પ્રબધ સરકાર લોકલ બોર્ડ અથવા મ્યુનિસિપલ બોર્ડ દ્વારા કરાવે છે ૮૮૨૫૪ વિદ્યાલયો એવા છે કે જેને સરકાર લોકલ બોર્ડો અને મ્યુનિસિપલ બોર્ડો તરફથી સહાયતા મળે છે અને ૫૬૬૭૮ વિદ્યાલયો એવા છે કે જેને કોઇ પણ પ્રકારની સરકારી અથવા બીજી સહાયતા મળતી નથી

વળી ખુશી થવાની વાત છે કે ભારત સરકાર થોડાજ સમય મા પ્રાઇમરી સ્કૂલોની સખ્યા એક લાખ નેવુ હજાર કરી દેનાર છે પાછલા ૧૦ વર્ષમા શિક્ષાવિભાગનો ખર્ચ ચાર કરોડ ઉપરથી વધીને સાડા અગિયાર કરોડ થઇ ગયા છે ઇ સ ૧૯૦૧-૨ મા ૪, ૪૪ ૪૭૦ છોકરીઓ ભણતી હતી તે સખ્યા વધીને ઇ સ ૧૯૧૪-૧૫ મા ૧૦૭૮૭૩૧ જેટલી થઇ ગઇ એ રીતે આપણી કેલવણી દિનોદિન વધતી જાય છે પણ કયા હિસાબે વધે છે તે જુદા બનાવેલા કોષ્ટક ન ૧૪ ઉપરથી ધ્યાનમા આવશે

આ ઉપરથી એવુ નથી સમજવાનુ કે પ્રર્વોક્ત કેલવણીથી કાઇંજ ફાયદો નથી આટલી ઓછી કેલવણીથી પણ દેશમા કાઇને કાઇ સુધારો તો અવસ્ય થાય છે, પણ તેની સાથે એટલુ પણ ધ્યાનમા રાખવાનુ છે કે પ્રાઇમરી, વર્નાક્યુલર અને મિડલ સ્કૂલોમા જે કેલવણી આપવામા આવે છે તે એવી નથી હોતી કે તે પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને શિક્ષિત સમજમા ગણાવા યોગ્ય બનાવે પણ આપણા છોકરા છોકરીઓને એવી ઉતરતા પ્રકારની કેલવણી પણ મળતી નથી માનનીય ગોપાળ કૃષ્ણ ગોખલેનુ પ્રાયમરી એજ્યુકેશન બિલ પાસ થઇ શક્યુ નહી તેના મુખ્ય કારણમા ખર્ચ કરવા માટે નાણાની સગવડ નથી એવુ બતાવવામા આવ્યુ હતુ અમેરિકામા કૉલેજોમા પણ રાજ્ય

× Statistical Abstract British India 1899–1900 to 1908–9 Page 180

પ્રાયમરિ અને માધ્યમિક શાળાઓ વગેરેનું વિવરણ

કોષ્ટક નં ૧ જુઓ "દેશદર્શન" પૃષ્ઠ ૨૫૬

પ્રાથમિક શાળા	૧૮૯૯-૧૯૦૦	૧૯૦૦-૧	૧૯૦૧-૨	૧૯૦૨-૩	૧૯૦૩-૪	૧૯૦૪-૫	૧૯૦૫-૬	૧૯૦૬-૭	૧૯૦૭-૮	૧૯૦૮-૯	૧૯૦૯-૧૦	૧૯૧૦-૧૧	૧૯૧૧-૧૨	૧૯૧૨-૧૩	૧૯૧૩-૧૪	૧૯૧૪-૧૫
છોકરાઓની શાળા	૯૫૨૮૫	૯૨૬૮૮	૯૫૯૦૪	૯૪૭૦૭	૯૭૭૪૪	૯૮૦૭૭	૧૦૦૮૮૧	૧૦૨૯૯૨	૧૦૪૩૯૯	૧૦૬૩૭૫	૧૦૭૪૬૩	૧૦૮૧૧૪	૧૧૦૬૯૨	૧૧૩૯૫૫	૧૧૬૬૫૦	૧૧૬૦૧૨
છોકરાઓ	૩૦૧૫૦૪૦	૨૯૭૧૭૭૩	૩૦૭૮૮૭૦	૩૧૯૫૫૬૯	૩૨૭૦૦૫૪	૩૩૬૫૯૬૨	૩૫૨૬૬૪૧	૩૬૩૩૧૫૫	૩૮૬૦૧૦૨	૪૦૫૦૪૦૬	૩૮૮૮૬૭૧	૩૯૩૬૪૧૯	૪૫૨૨૬૪૮	૪૪૨૮૫૭૧	૪૯૭૩૯૧૬	૪૮૮૮૦૧૯
છોકરીઓની શાળા	૫૨૮૦	૫૫૮૮	૫૬૮૬	૬૫૦૮	૭૯૯૧	૮૩૮૪	૯૧૧૯	૯૯૯૨	૧૦૮૫૩	૧૧૫૧૯	૧૧૭૫૩	૧૨૦૨૭	૧૨૮૮૬	૧૩૬૯૪	૧૪૭૨૨	૧૫૭૦૦
છોકરીઓ	૧૮૮૮૧૯	૧૯૨૪૯૬	૧૯૮૯૦૯	૨૧૫૬૩૩	૨૪૩૧૦૪	૨૬૪૧૯૩	૨૮૭૬૦૯	૩૦૭૫૫૧	૩૩૯૦૪૪	૩૭૦૪૮૫	૬૬૮૬૩૬	૬૬૯૪૭૧	૪૬૫૪૯૪	૮૩૨૯૬૨	૫૪૪૭૫૫	૫૫૯૮૩૧
હિંદી અથવા ઉર્દૂ માધ્યમિક શાળાઓ																
છોકરાઓની વર્નાક્યુલર મિડલ સ્કુલ	૧૯૭૨	૧૯૫૯	૧૯૪૧	૧૯૨૨	૨૦૪૦	૨૦૨૮	૨૦૩૧	૨૦૪૮	૨૧૩૭	૨૨૭૮			૨૧૯૪		૨૨૫૬	૨૩૭૧
છોકરાઓ	૧૫૧૮૩૪	૧૪૧૫૮૦	૧૧૬૬૬૩	૧૧૨૩૨૬	૧૭૪૫૦૫	૧૭૪૫૫૯	૧૭૮૫૮૦	૧૮૪૯૧૩	૧૯૦૮૨૮	૨૦૩૫૪૧			૨૦૬૭૭૦		૨૨૫૦૬૦	૨૩૫૮૫૧
છોકરીઓની વર્નાક્યુલર મિડલ સ્કુલ	૨૨૧	૨૦૯	૨૦૩	૧૯૯	૨૧૧	૨૨૩	૨૪૮	૨૬૮	૨૦૮	૨૯૫			૧૬૮		૨૦૩	૨૨૬
છોકરીઓ	૧૯૫૩૪	૧૭૯૯૩	૧૭૬૧૧	૧૭૭૯૮	૨૦૯૭૬	૨૨૬૬૦	૨૪૫૭૯	૨૬૬૬૩	૧૯૩૮૩	૩૧૬૪૨			૧૫૭૭૪		૨૧૬૨૫	૨૨૮૨૮
અંગ્રેજી મિડલ સ્કુલ																
છોકરાઓની મિડલ સ્કુલ	૧૯૯૦	૨૦૧૮	૨૦૩૪	૨૦૧૧	૨૦૮૪	૨૧૧૮	૨૧૪૪	૨૧૩૪	૨૧૯૨	૨૨૦૭			૨૪૬૪		૨૬૭૪	૨૬૭૫
છોકરા	૧૬૩૯૯૭	૧૬૬૬૧૬	૧૬૫૮૦૭	૧૭૦૬૪૭	૧૭૯૪૮૨	૧૮૪૫૨૩	૧૮૫૪૩૧	૧૯૯૪૭૪	૨૦૩૪૬૨	૨૧૦૪૬૫			૨૭૭૫૮૬		૩૧૬૪૬૫	૩૧૧૯૯૯
છોકરીઓની મિડલ સ્કુલ	૧૬૬	૧૬૯	૧૫૯	૧૬૭	૧૭૫	૧૮૬	૧૯૦	૧૯૩	૨૦૧	૧૯૯			૧૯૩		૨૧૦	૨૧૮
છોકરીઓ	૧૬૯૫૮	૧૮૮૪૯	૧૮૨૧	૬૬૬૧	૧૩૯૦૩	૧૪૫૯૮	૬૫૫૦૫	૧૬૪૨૪	૨૬૧૦૫	૧૭૫૬૮			૧૭૨૧૫		૧૯૫૬૧	૨૧૮૩૧

તરફથી મફત કેલવણી આપવામા આવે છે ત્યા તો એનો સિદ્ધાંત છે કે પ્રજાને દરેક પ્રકારનુ શિક્ષણ પૂરેપૂરૂ આપવુ એ રાજ્યનો અને સમાજનો ધર્મ છે જાપાનમા રાજા–પ્રજા બન્ને મળીને સર્વ સાધારણ લોકોના શિક્ષણ માટે પૂર્ણ ઉદ્યાગ કરે છે, અને ઇગ્લાન્ડનુ તો પૂછવુજ શુ ! ત્યા પણ પ્રજાને મફત શિક્ષણ આપવાનો પ્રચાર છે સભ્ય સસારમા માત્ર ભારતજ એક અભાગિયો દેશ છે કે જ્યા શિક્ષણ ઉપર બહુ ઓછુ ધ્યાન આપવામા આવે છે, અને પ્રારભિક શિક્ષણ આવશ્યક અને મફત આપવામા આવતુ નથી

સભ્ય સસારના પ્રારભિક શિક્ષણના હિસાબે ભારતમા ૬ કરોડ વિદ્યાર્થી હોવા જોઇએ પણ અહી તો કુલ ૪૫ લાખ વિદ્યાર્થી છે અર્થાત્ અહિના સાડાપાચ કરોડ બાળકોની શકિતના વિકાસ માટે કાઇ સાધન નથી

દેશ	વિદ્યાર્થીઓની સખ્યા	દર વિદ્યાર્થીએ ખર્ચ	આવશ્યક વય	દેશની જન સખ્યા
અમેરિકા	૧,૬૮,૦૦,૦૦૦	૪૦	૮–૧૬	૮,૭૦,૦૦,૦૦૦
આસ્ટ્રેલિયા	૭૮,૦૦,૦૦૦	૩૬	૭–૧૪	૫૦,૦૦,૦૦૦
સ્વીત્ઝરલાંડ	૫,૦૨,૦૦૦	૩.૭	૬–૧૪	૩૫,૦૦,૦૦૦
સંયુક્ત રાજ્ય	૭૫,૦૦,૦૦૦	૩૦	૫–૧૪	૪,૪૨,૦૦,૦૦૦
નાટાલ	૨૬,૦૦૦	૩૦	૬–૧૪	૫,૪૪,૦૦૦
જર્મની	૯૦,૦૦,૦૦૦	૨૭	૬–૧૪	૬,૫૦,૦૦,૦૦૦
૬ દેશોની કુલ સખ્યા	૪,૨૩,૨૮,૦૦૦			૨૦,૦૨,૪૪,૦૦૦
ભારત	૫૪,૪૭,૮૫૦	૦.૨૫		૩૧,૫૦,૦૦,૦૦

ઇ સ ૧૯૧૪–૧૫ મા નિશાળે જવા યોગ્ય ઉમ્મરના બાળકો-માથી સે કડે ૩૩ ૯ છોકરાઓ અને ૬ ૩ છોકરીઓને શિક્ષણ આપવામા આવતુ હતુ.

હવે જુદા જુદા પ્રાતોના શિક્ષણની વિગત જોઈએ

ઇ સ ૧૯૧૨–૧૩મા નિશાળે જવા યોગ્ય ઉમ્મરના બાળકોમાથી નીચે બતાવેલા હિસાબે છોકરાઓ અને છોકરીઓને શિક્ષણ આપવામા આવતુ હતુ —


પ્રાત	છોકરાઓ	છોકરીઓ.
મદ્રાસ	૩૩ ૧	૭ ૪
મુંબઈ	૩૬ ૨	૭ ૪
બ ગાળા	૪૦ ૯	૬ ૮
બિહાર અને ઓરીસ્સા	૨૬ ૦	૩ ૪
સંયુક્ત પ્રાંત	૧૭ ૪	૧ ૫
પ જાબ	૬૮ ૧	૨ ૯
બ્રહ્મદેશ	૨૧ ૮	૯ ૦
મધ્યપ્રાત અને બિહાર	૨૫ ૯	૨ ૮
આસામ	૩૦ ૮	૩ ૭
ઉત્તર પશ્ચિમ સિમાપ્રાંત	૧૫ ૪	૧ ૬
કુર્ગ	૩૩ ૬	૧૭ ૪

શિક્ષણની બાબતમા સંયુક્તપ્રાતની દશા છેકજ ઉતરતી છે. શ્રીયુત હૃદયનાથ કુઝરૂએ ગણત્રી કાઢી છે કે ત્યાના ૮ છોકરાઓ-માથી ૭ ને કોઇપણ પ્રકારનુ શિક્ષણ નથી મળતું, અને દર ૪૦૦ છોકરીઓમાથી માત્ર ૫ છોકરીઓને કાઇક શિક્ષણ મળે છે

ભારતવાસી બધુઓ ! શુ તમે આ શિક્ષણના બળવડે દેશમા ચાલતા ૫૦૦ કરતા પણ વધારે મતમતાતરો દૂર કરીને એકતા સ્થાપી શકશો ? ૨૫૩ જુદી જુદી ભાષાઓ બોલનારાને એકજ દેશ–

હિંદુસ્તાનમાં શિક્ષિત અને અશિક્ષિત લોકો વચ્ચેનુ પ્રમાણ.

(સન ૧૯૧૧ના વસ્તીપત્ર- સેન્સસ-પ્રમાણે)



૧ કોઠાની વચ્ચેની કાળી લીટી સ્ત્રી પુરુષોને જુદા પાડે છે

૨ ખાને ખાને પાંચ લાખની વસ્તી સમજવાની છે

૩ દેશની કુલ વસ્તી ૩૦ કરોડ માની છે

૪ અંગ્રેજી જાણનાર લોકોમાં અંગ્રેજ, ખ્રિસ્તી, પારસી વગેરે બધાનો સમાવેશ કર્યો છે

૫ પાંચ લાખથી ઓછી સંખ્યા બતાવવાને માટે ખાનાનો થોડો ભાગ જ દર્શાવ્યો છે જેમકે અંગ્રેજી જાણતી સ્ત્રીઓની દોઢ લાખની સંખ્યા ખાનાના અરધાથી પણ ઓછા ભાગથી દર્શાવી છે

ભાષા બોલતા શિખવવાની ઉમેદ રાખો છો ? ભારતની ૨૨ મુખ્ય+ ભાષાઓને રદ કરી માત્ર એકજ દેવનાગરી લિપિ અને એકજ હિન્દી ભાષા સમસ્ત દેશમા પ્રચલિત કરીને ચીન અથવા જાપાનની પેઠે આપણા દેશમા એકજ રાષ્ટ્રીય ભાષા ચલાવવાની તમે ઉમેદ રાખો છો ? શુ આવી પ્રાઇમિરી સ્કૂલો દ્વારા તૈયાર થયેલા વિદ્વાનો મહાભારત, સિકન્દર અને શહાબુદ્દીનના સમયના જેવા અન્તર્યુદ્ધોને અટકાવશે ? પાચ હજાર વર્ષની પુરાણી સ્વાર્થસાધુતાને, અને હિદુ મુસલમાનોના ઝગડાઓ તોડીને એકસપી વધારશે ? એ વિદ્યાર્થીઓ સુધરીને અછૂત જાતિઓનો ઉદ્ધાર કરવા માટે કમર કસીને તેઓની ઉન્નતિ કરી શકશે ? શુ મેટ્રિક પાસ થયેલા કમજોર સ્થભોના આધારે નવીન ભારતની જાતીયતા ખડી થવાની ઉમેદ રાખી શકાય ? ભારતની જાતીયતાનો પાયો આવા શિક્ષણથી દૃઢ થાય ખરો ?

આપ કહેશો—ના, ના, આ તો પાયાનો સામાન-ઇટ, રેડા અને ચૂનો છે મજબૂત થાભલા અને ભાવટીઆ તો હાઇસ્કૂલો અને યુનિવર્સિટિયોની ખાણોમાથી નીકળે છે પણ વાચક એ ખાણોની દશા (જુદા છાપેલા) કોષ્ટક ન ૨ જોવાથી બરાબર સમજી શકાશે.

યુનિવર્સિટિયોના ગ્રેજ્યુએટો અને અ ડર ગ્રેજ્યુએટો—અર્થાત્ જેઓ બી. એ પાસ છે, અથવા ઓછામા ઓછા એફ એ પાસ થયા છે તેઓની સ ખ્યા કોષ્ટક ન ૩ મા આપેલી છે

ભારતની વસ્તી ૩૧।। કરોડ છે, અને છોકરાઓની કોલેજોની સ ખ્યા માત્ર ૧૩૬ છે, જ્યારે અમેરિકાની વસ્તી માત્ર ૮।। કરોડ છે અને ત્યા ૪૯૩ કૉલેજો છે

+ ભારતની મુખ્ય ભાષાઓ ૨૨ છે આસામી, બગાળી, હિન્દી, ઉડિયા, કાનડી, સિધી, સ સ્કૃત, બર્મીઝ, ઉર્દૂ, ફારસી, ગુજરાતી, મરાઠી, કારીન, પોકારીન, સગાઉકારીન, તામિલ, તેલુગુ, મલયાલમ, અરબી, ગુડિયા, ખાસી અને ગુરૂમુખી.

ઈ સ ૧૯૧૫ મા સમસ્ત ભારતમા છોકરીઓની કોલેજો કુલ ૧૧ હતી, અને અમેરિકામા ૧૧૭ હતી ભારતમા ૪૦૬ સ્ત્રીઓ કોલેજમા ભણતી હતી અને અમેરિકામા ૧૬૬૭ સ્ત્રીઓ ભણતી હતી. અમેરિકામા ૪,૩૪,૪૮૦ સ્ત્રીઓ સ્કૂલોમા ભણાવવાનુ કામ કરે છે, અને ભારતમા ૯,૯૬,૩૪૧ સ્ત્રીઓ લખી વાચી જાણે છે ! (અને લખી વાચી જાણે તે પણ કેટલુ ? ક, ખ, અથવા અલિફ બે) અને બાકીની ૧૪,૨૯,૭૬,૭૫૯ બિલકુલ અભણ–મૂર્ખા છે *

ભારતમા માનનીય ગોપાળ કૃષ્ણ ગોખલેનુ પ્રાથમિક કેલવણી વિષેનુ બિલ નાણાની તગીને લીધે પસાર થયુ નહી અને સ્કૂલોની ફી બમણી થઈ, પણ અમેરિકાની સઘળી સરકારી અને ખાનગી સ્કૂલોમા ફી લેવી નહીં એવો કાયદો છે

ઈ સ ૧૯૧૦ મા ભારતમા પ્રગટ થતા દૈનિક વર્તમાન પત્રો, સાપ્તાહિક, અર્ધ સાપ્તાહિક, અને માસિક પત્રોની સખ્યા ૧૬૩૩ હતી. અમેરિકામા એકલા દૈનિક વર્તમાન પત્રોની સખ્યા ૨૩૮૯ છે ત્યા ૧૫૯૮૩ સાપ્તાહિક ૫૫૪ અર્ધ-સાપ્તાહિક, ૨૨૭૩૦ માસિક પત્રો પ્રગટ થાય છે હવે વિચાર કરો કે ક્યા ૧૬૩૩ અને ક્યા ૪૧૬૧૬ ! ભારત અને અમેરિકાની વસ્તીના હિસાબે તો આ દેશમા દોઢ હજાર નહીં પણ દોઢ લાખ પત્રો હોવા જોઇએ !

માનનીય પડિત મદન મોહન માલવીયજીએ પોતાના એક વ્યાખ્યાનમા કહ્યુ હતુ કે–' ભારતના ૫ વિશ્વવિદ્યાલયોમા ૨૮,૦૦૦ વિદ્યાર્થી છે, અને અમેરિકામા ૨૪૦૦૦ પ્રોફેસર છે ' !

* ઇ સ ૧૯૦૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે ભારતમા ભણેલા અને અભણ લોકોના હિસાબ—

	લખી વાચી જાણનારા	બિલકુલ લખી વાચી નહી જાણનારા
પુરુષો	૧,૪૬,૯૦,૦૮૦	૧૩,૪૭,૫૦,૦૨૬
સ્ત્રીઓ	૬,૯૬,૩૪૧	૧૪,૨૯,૭૬,૪૫૯
કુલ સરવાળો	૧,૫૬,૮૬,૪૨૧	૨૭,૭૭,૨૮,૪૮૫

ભારતમા એક લાખમાથી એક પુરૂષ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે, અને દશ લાખ પુરૂષોમાથી એકને વિજ્ઞાન (સાયન્સ)નુ શિક્ષણ આપવામા આવે છે *

અમેરિકા અને જર્મનીના નાના નાના છોકરાઓ અહિના વિદ્વાન વિજ્ઞાનીઓના કરતા અધિક સાયન્સ જાણે છે અને સાયન્સની નવી નવી શોધો કરે છે ×

લડનના 'બ્રિટિશ મ્યુઝિયમ' નામના પુસ્તકાલયમા ૪૦ લાખ પુસ્તકો છે અને તેમા દર સાલ ૫૦ હજાર નવા પુસ્તકો ઉમેરવામા આવે છે પુસ્તકોના કબાટોની સીધી લાબી હાર ગોઠવવામા આવે તો તેની લાઇન ૪૬ માઇલ જેટલી થાય ! અથાત એ બધા પુસ્તકો જોવા હોય તો તમારે ૪૬ માઇલ ચાલવુ પડે !

રૂશિયાને બાદ કરતા આખા યુરોપખડના જેટલી વસ્તી ભારતમા છે જેટલી વસ્તીમા અહીં ૯ વિશ્વવિદ્યાલય છે,* તેટલી વસ્તીને માટે ત્યા ૭૬ છે તેની વિગત —

દેશ.	જનસખ્યા	વિશ્વવિદ્યાલય
ઇંગ્લાડ	૪૧૦ લાખ	૧૮
અમેરિકા	૮૫૮ ,,	૧૩૪
ફ્રાન્સ	૩૯૦ ,,	૧૫
જર્મની	૬૪૫ ,,	૨૨
ઈટાલિ	૩૨૦ ,,	૨૧

પાચે સભ્ય દેશોની લોકસખ્યા ૨૬૩૩ લાખ અને વિશ્વવિદ્યાલય ૨૧૦

એકલા ભારતની જનસખ્યા ૩૧૫૦ લાખ અને વિશ્વવિદ્યાલય ૯

---

* Professor P C Ray, D. Sc. Scientist of the world-wide fame

× Professor M C Sincha M. Sc famous scholar of Japan, America and Germany

* બાંકીપુર, બરમા, ઢાકા અને મધ્ય પ્રદેશના નામો હાલ વિશ્વવિદ્યાલયોમા ગણી શકાય નહીં, તેને માટે કેટલોક સમય જોઇએ

શિક્ષણનો અભિપ્રાય કેવળ માનસિક શક્તિઓને કેળવવાનો જ નહિ, પણ માનસિક શક્તિઓની સાથે સાથે શારીરિક બળ, આયુષ્ય, આરોગ્ય વગેરેની વૃદ્ધિ કરવી, એ પણ પરમ આવશ્યક છે. એ બાબતમા ૨૩ વર્ષ સુધી પ્રેસિડેન્સિ કોલેજમા સાયન્સના પ્રોફેસરનુ કામ કરનાર ડા૦ રૉય નવયુવકોની દશા ધ્યાન-પૂર્વક તપાસીને પોતાનો અભિપ્રાય જણાવે છે કે–" અહીંના દર સેકડે ૫૦ છોકરાઓની અજીર્ણ અને ભૂખ નહી લાગવાની ફરિયાદ રહે છે, અને દર સેકડે ૨૫ ની તન્દુરસ્તી મલેરિયાના તાવથી ખરાબ થઈ જાય છે "*

તેઓના અભિપ્રાય પ્રમાણે વિદ્યાર્થીઓની આવી બુરી દશા થવાના મૂખ્ય કારણો આ છે–(૧) મેસ એટલે કોલેજ અથવા સ્કૂલોની વીશી, જેમા વિદ્યાર્થીઓ ખાય છે તે એ વીશીઓમા સારો પૌષ્ટિક ખોરાક મળતો નથી, પણ ખરાબ અને ઓછો ખોરાક મળે છે (૨) નાના ઓરડાઓમા વિદ્યાર્થીઓ સાથે રહે છે (૩) ખરાબ સ્થાન ઉપર રહેવાના મકાનો હોય છે (૪) ઘણી ભારે પડતી મગજમારી.

આ તો વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની બુરી હાલતની વાત થઈ હવે આપણા લીડરો એટલે નેતાઓની શોચનીય કહાણી સાભળો *

૧–મહાન વ્યાખ્યાનકાર સ્વામી વિવેકાનદની	મૃત્યુ	સમયે	ઉમ્મર	૩૯	વર્ષ.
૨–શ્રીયુત જસ્ટિસ દ્વારકાનાથ મિત્ર	,,	,,	,,	૩૯	,,
૩–શ્રીયુત દીનબન્ધુ મિત્ર લેખક	,,	,,	,,	૪૨	,,
૪–શ્રીયુત કેશવચદ્રસેન	,,	,,	,,	૪૯	,,
૫–શ્રીયુત ક્રિસ્ટોદાસ પાલ	,,	,,	,,	૪૬	,,
૬–શ્રીયુત કૃષ્ણ સ્વામી આયર	,,	,,	,,	૪૯	,,
૭–શ્રીયુત જસ્ટિસ તેલગ	,,	,,	,,	૪૮	,,
૮–શ્રીયુત ગોપાળ કૃષ્ણ ગોખલે	,,	,,	,,	૪૯	,,

કેવી હૃદયવેધક દશા છે ! હવે બીજી બાજુ તરફ નજર ફેરવો.

---

* The Indian Review, January 1913.

× Prof D. C Ray, D Sc

ડારવિને પોતાનુ પ્રસિદ્ધ પુસ્તક ' Origin of Species ' બાવન વર્ષની ઉમ્મરે લખ્યુ હતુ ગોયથે પોતાના સર્વ પુસ્તકોમા ઉત્તમ અને પ્રસિદ્ધ પુસ્તક ' Fanof ' ૬૦ વર્ષની ઉમ્મરે લખ્યુ હતુ લોર્ડ કેલ-વિન સાયન્સની રીસર્ચ (શોધ) ૭૮ વર્ષની ઉમ્મર સુધી કરતો હતો સર વિલિયમ ક્રુકસ ૮૬ વર્ષ સુધી જુવાન માણસની પેઠે કામ કરતો હતો અમેરિકાના જગવિખ્યાત એડિસન ૭૫ વર્ષના થવા છતા પુષ્કળ કામ કરે છે અને કહે છે, કે પોતે ૨૦૦ વર્ષ સુધી જીવી શકશે જેટલુ કામ તે ૩૦ વર્ષની ઉમ્મરે કરતો હતો તેના કરતા બમણુ કામ હમણા ૭૫ વર્ષની ઉમ્મરે પણ કરી શકે છે '

આપણા નેતાઓ–લીડરોની તબીયત ૪૦ વર્ષની ઉમ્મરે બગડી જાય છે, અને શરીર હાડપિંજર જેવુ થઇ જાય છે

ડાકટર મહાશય ચિડવાઇને બૂમ પાડે છે, અને વ્યાકુલ બનીને કહે છે, કે " દેશની દશા અત્યત બગડતી જાય છે, અને આપણું દુર્ભાગ્ય બહુ પ્રબળ થતુ જાય છે જો કાઇ સુધારો કરવામા નહિ આવે તો હિન્દુ જાતિ સસારમાથી જડમૂળથી ઉખડી જાય એવો સમય છેક સમીપ આવી પહોચ્યો છે તેના સ્મારકમા શુ રહેશે ? પૃથ્વિમાથી લોપ થયથી હિન્દુ જાતિના ગ્રથો વગેરે એકઠા કરવા માટે ચીન અને જાપાનના વિદ્યાર્થિઓ આવશે અને તે ગ્રથો ચીન–જાપાનના વિદ્યાલયોમા તેઓની ભાષા દ્વારા ભણાવવામા આવશે તેટલુંજ અતિમ સ્મારક રહી જશે. "

બીજા ખંડનો સારાંશ.

દૈવી કારણ—આપણે જાણીએ છીએ કે જેટલા મનુષ્યને માટે પેટ ભરીને ભોજન કરવા જેટલુ અન્ન મળી શકે તેટલીજ હદ સુધી જનસખ્યા પરિમિત રહે છે અન્નની પેદાશમા વૃદ્ધિ થાય તોજ જન-સખ્યાનો પણ વધારો થાય છે. જનસખ્યાનો બેશુમાર વધારો થતો

અટકાવનારા અને તેને હદમા રાખનારા બે મુખ્ય કારણો છે એક દૈવી અને બીજુ માનવી દૈવી કારણથી એવુ થાય છે, કે મનુષ્ય જ્ઞાન તથા વિવેકબુદ્ધિ વગરની પશુઓની પેઠે વિષયવાસનાને વશીભૂત થઇને સતાનોત્પત્તિ કર્યા કરે છે, પોતે જેને ઉત્પન્ન કરે છે, તેના આહારનો ઉચિત પ્રબધ છે કે નથી તેનો વિચાર રાખતા નથી, તેથી પશુપક્ષીઓમા જેવી રીતે સ્થાનાભાવ તથા અહારની ખોટને લીધે વૃદ્ધિ અટકી પડે છે, તેવીજ રીતે મનુષ્ય જાતિ પણ પ્રકૃતિના કઠોર નિયમ પ્રમાણે ભૂખથી રખડી મરે છે

ભોજન સામગ્રીના અભાવ ઉપરાત બીજા પણ કેટલાએક કારણો જનસખ્યાનો બેસુમાર વધારો અટકાવવામા સહાયતા કરે છે તે કારણો નઠારા રીત-રિવાજ, નીશાબાજી અને વ્યભિચાર વગેરે છે એ સઘળા કારણોથી મનુષ્યનુ શરીર ધીરે ધીરે નિર્બળ થાય છે, અને પરિણામે મોતના પ઼જામા વહેલા સપડાઈ જાય છે ।

જનસખ્યાનો બેસુમાર વધારો અટકાવનારા પ્રધાન કારણો યુદ્ધ દરિદ્રતા, દુષ્કાળ, રોગ અને મૃત્યુ, નઠારી રૂઢીઓ, દુરાચાર, વ્યભિચાર અને નીશાબાજી વગેરે છે

યુદ્ધ—મનુષ્યનામા લડવાનો ગુણ અથવા અવગુણ સ્વાભાવિક છે જીવનરક્ષાને માટે તેને બીજાઓની સાથે યુદ્ધ કરવુ પડે છે સબળ જાતિઓ નિર્બળ જાતિઓના અધિકાર પચાવી પડવા, તેઓના ધન, સપત્તિ અને દેશ છીનવી લેવા, અને કોઇ કોઈ વખતે તેઓના દેશમા પોતે વસાહત કરીને તેને જડમૂળથી ઉખેડી નાખવા પ્રયત્ન કરતી રહે છે જ્યારે કોઈ દેશમા અવિદ્યા વગેરેના કારણથી અધાધુધી ફેલાઇને ફાટફૂટ અને સ્વાર્થીપણુ જોસપર આવે છે, ત્યારે ઇર્ષા અને દ્વેષથી ત્યાના લોકોમા પરસ્પરની લડાઇઓ શરૂ થાય છે, તેથી વિદેશી જાતિઓને સહેજમાજ વિજય પ્રાપ્ત થઇ જાય છે, અને દેશવાસીઓનુ સર્વસ્વ નાશ થઈ જાય છે રાજનીતિમા મિત્રતા વગેરે સદ્દગુણો નથી હોતા પોતાના દેશની સ્વાર્થસિદ્ધી જ રાજનીતિનો એક મુખ્ય ઉદ્દેશ

છે સસારના પ્રત્યેક કાળ અને દેશમા 'જીસકી લાઠી ઉસકી ભેસ' અથવા 'બળિયાના બે ભાગ' એજ વાત અનુભવાસદ્ધ બનતી આવી છે આવી રીતે વખતોવખત નાની મોટી લડાઇઓ થયા કરે છે, અને અત્યત વધી પડેલી જનસખ્યાનો પ્રકૃતિ યુદ્દદ્વારા સહાર કરે છે

દરિદ્રતા—બીજા દેશો સાથે સરખાવતા ભારતમા ઘોર દરિદ્રતા છે, એ બાબતમા સસારના કોઈ પણ સભ્ય દેશની તુલના આ દેશની સાથે કરી શકાય તેમ નથી ભારતની વડીલોપાર્જીત મિલ્કતનુ મૂલ્ય પ્રત્યેક માણસ દીઠ ૧૪)≡ અને ઇગ્લાડમા ૪૫૦૦) રૂપિયા છે આસ્ટ્રેલિયા અને ભારતના પશુધનની તુલના કરીએ તો ભારતમા ૨૫૩ કરોડ અથવા અટી અબજ પનુ ઓછા છે. ભારતવાસીઓની વાર્ષિક આવક એક પાઉડ અથવા ૧૫) રૂપિયા કરતા ઓછી છે સ્કોટલાડના લોકોની ૬૭૫, અમેરિકાના લોકોની ૫૮૫, ફ્રાન્સની ૪૦૫, અને જર્મન લોકોની ૩૩૦ રૂપિયા છે ભારતવાસીઓની દૈનિક આવક સરાસરી એક જણની બે પૈસાની થાય છે ભારતના લગભગ અર્ધા ભાગના ખેડૂતોને પેટ ભરીને અન્ન પણ મળતુ નથી અહીં કરોડો માણસ નો ભૂખે મરે છે દરિદ્રતાના કારણથી ભારતમા શિક્ષણ આપવાનો સારો પ્રબધ થઇ શકતો નથી ધનના અભાવને લીધે અહીં સ્કૂલો ખોલી શકાતી નથી જેટલી સખ્યાને માટે અહીં ૯ વિશ્વવિદ્યાલયો છે તેટલીજ સખ્યાને માટે બીજા દેશોમા ૨૧૦ વિશ્વવિદ્યાલયો છે અહીં એક લાખમાથી એક જણને ઉંચુ શિક્ષણ અપાય છે અને દશ લાખમાથી એક જણને વિજ્ઞાનનુ શિક્ષણ અપાય છે ભારતની ૩૧½ કરોડની વસ્તીમાથી કુલ ૧૮૫ લાખ મનુષ્ય લખી વાચી જાણે છે, બાકીના ૨૯ કરોડ ૯૫ લાખ ભારતવાસીઓ સર્વથા અભણ છે ભારતના તમામ મોટા મોટા આધ્ધેદારો ગોરાઓ છે ભારતવાસીઓને એટલો ઓછો પગાર મળે છે કે તેઓ પોતાના કુટુબનુ પોષણ પણ પૂરેપૂરૂ કરી શકતા નથી, અને નાના પ્રકારના દુ:ખ વેઠીને અકાળ મૃત્યુથી મરે છે, તેથી અનાથો અને

વિધવાઓની સખ્યામા વધારો કરે છે ભારતના મજૂરો અને ખેડુતો-ની તપાસ કરતા એવુ માલમ પડે છે કે એ લોકો ઘોર દરિદ્રતામા ડુબેલા છે તેઓને પેટ ભરીને ખાવાનુ મળતું નથી, તેઓની સરાસરી વાર્ષિક આવકના કરતા જેલના કેદીઓને ખવડાવવાનો ખર્ચ વધારે થાય છે બીજા દેશોમા કામ કરવા માટે માણસો મળતા નથી, અને ભારતમા વેઠ અથવા મફત કામ કરનારા મળે છે અહીં ૫૬ લાખ ભિખારી છે ભારતનો સઘળો જળ અને સ્થળનો વેપાર, તમામ ઉપયોગી ધધા રોજગાર, તમામ વેપાર, અને બધી હુન્નર કારીગરી તથા કળા કૌશલ્ય વિદેશીઓને હાથ ચાલ્યા ગયા છે અને રહ્યા સહ્યા ચાલ્યા જાય છે અહીંનો વેપાર વિદેશીઓની મૂડી વડે ચાલે છે તેનો નફો પરદેશમા ઘસડાઈ જાય છે ભારતમા દિને દિન દરિદ્રતા વધતી જ જાય છે અહીંની અધિક સતાનોત્પત્તિ ઉપર જણાવેલી વિપત્તિઓમા વધારો કરે છે, જેનુ નિશ્ચિત પરિણામ ભારતનો પૂર્ણ ક્ષય અથવા વિનાશ છે જનસખ્યાની થતી અધિક વૃદ્ધિ દરિદ્રતા દ્વારા પ્રકૃતિ ભયકર નિર્દયતા વાપરીને અટકાવે છે

દુષ્કાળ—દુષ્કાળ પડવાનુ પ્રત્યક્ષ કારણ વરસાદ નહીં વરસે તેને ગણવામા આવે છે, પણ ખરૂ કારણ તો ભારતની દરિદ્રતા છે ઇતિહાસના વિદ્વાનો દર્શાવે છે કે ભારતમા પાછલા જમાનામા દુષ્કાળ થોડા પડતા હતા, પણ હવે તો દુષ્કાળ પર દુષ્કાળ આવ્યા જ કરે છે. આવક તો વધતી નથી, અને વસ્તી વધતી જાય છે, તેથી કોઇ વરસે વરસાદ પડવામા જરા ફેરફાર થાય કે તુરત ભયકર દુષ્કાળ વ્યાપી જાય છે, અને પ્રકૃતિ નિર્દયપણે જનસખ્યાનો સહાર વાળી મૂકે છે ૧૦ વર્ષમા ૧૯૦ લાખ (એક કરોડ નેવુ લાખ ') ભારત-વાસીઓ કાળના કોળીઆ બનીને મરણ પામ્યા છે '

રોગ અને મૃત્યુ—સસારના પ્રત્યેક દેશ અને કાળમા ભિન્ન ભિન્ન આયુષ્ય ભોગવનારા મનુષ્ય હોય છે મનુષ્યના આયુષ્યનો ખરે-

ખરો નિર્ણય કરી શકાય નહીં ઉચિત આહારવિહારથી મનુષ્યનું આયુષ્ય હમેશા વધે છે, અને વિરૂદ્ધ આહારવિહારથી ઘટે છે એજ કારણથી આપણા અભાગીઆ દેશમા લોકોના આયુષ્યની સરાસરી મુદત દિનેદિન ઘટતી જાય છે, અને મૃત્યુની સખ્યા વધતી જ જાય છે ભારતની જનસખ્યા ઘણી વધારે છે એટલુજ નહીં, પણ ઘણી ઘીચ છે સાફ અને હવા અજવાળાવાળા મકાનોનો અહીં ઘણો અભાવ છે કાશી અને કલકત્તા વગેરે ઠેકાણાના અનેક મકાનો તપાસતા ઘણી માઠી હાલત જોવામા આવે છે ગામડાના ઘરો પણ બહુ ખરાબ બાંધણીવાળા હોય છે સ્ત્રીઓ અને બાળકો દિનરાત એવાજ ખરાબ ઘરોમા જીદગી સુધી ગોંધાયેલા રહે છે. એજ કારણથી ભારતમા સ્ત્રી તથા બાળકોના મરણ ઘણા વધારે થાય છે ભારતમા વ્યભિચાર બહુ વધતો જાય છે નઠારા રૂઢી રિવાજોથી, ।વધવાની સખ્યા ઘણી હોવાથી, મૂર્ખતાથી, અને ભાગ્યને દોષિત ઠરાવવા વગેરેથી વેસ્યાઓની સખ્યા વધતી જાય છે ભારતમાથી વીર્યરક્ષા અને બ્રહ્મચર્યનો મહિમા લોપ થઇ ગયો છે અહીં છાકટાપણુ, નીશાબાજી, અને અપરાધ વધતા જાય છે ભારતવાસીઓના આચાર નષ્ટ ભૃષ્ટ થઈ ગયા છે એ કારણથી ભારતવાસીઓના આયુષ્યની સરાસરી મુદત બીજા દેશોના કરતા અર્ધી થઇ ગઇ છે, અને મૃત્યુસખ્યા આખી દુનીયાના કરતા ઘણીજ વધવા લાગી છે

વિવાહની અધોગતિ—ભારતના વૈદિક ગ્રથોમા બતાવેલા વિવાહસસ્કારના જેવો સુદર, ગભીર અને ઉત્તમ આદર્શ જગતના બીજા કોઇ પણ દેશ અથવા જાતિમા જોવામા આવતો નથી ઇતિહાસ તપાસતા માલમ પડે છે કે વૈદિક સમયમા સ્ત્રીઓના અધિકાર પુરૂષોની બરાબર હતા તેઓને ઉંચુ શિક્ષણ મળતું હતું, તેઓ યજ્ઞોમા ભાગ લેતી હતી, તેઓ વેદ મત્રોચ્ચારણ કરતી, અને વેદોની ઋચાઓ સુદ્ધા રચતી હતી પોતે વિવાહ કરવો કે ન કરવો અને પોતાનો પતિ કેવો પસદ કરવો એ બાબતનો તેઓને પૂર્ણ અધિકાર હતો.

પૌરાણિક સમયથી વિવાહ સંસ્કારની અને સ્ત્રીઓની અધોગતિનો આરંભ થયો સ્ત્રીઓના અધિકાર છીનવી લેવાતા ગયા તેઓને વિદ્યાથી વંચિત રાખીને શૂદ્રા ગણવાનો રિવાજ ચાલ્યો વૈદિક સમયમાં વિવાહ કરવાની વય ૨૪, ૨૧ અને ૧૯ વર્ષની હતી તે બદલાઇને ૧૨, ૧૦ છેવટે ૬ વર્ષ અને પછી માત્ર ૭ મહિનાની પણ થઈ ગઇ ઈશ્વરી આજ્ઞા અને વેદની આજ્ઞાથી વિરુદ્ધ મરજીમા આવી તેવી સ્મૃતિઓ રચાઇ, તેને લીધે ભારતમા બાલાવવાહની કુપ્રથા ચાલુ થઇ ગઇ ભારતના ઉષ્ણ હવા પાણીના કારણથી અહીંની છોકરીઓ વહેલી રજસ્વલા થતી નથી ભૂમંડળના અત્યંત થંડા દેશોમા પણ નઠારા રીતરિવાજો તથા બાળવિવાહને લીધે છોકરીઓ વહેલી રજસ્વળા થઇ જાય છે ૯ વર્ષની છોકરીઓ રજસ્વલા થાય છે, અને ૧૦ વર્ષની છોકરીઓ બચ્ચા પેદા કરે છે ભૂમંડળના સર્વ દેશોમા પ્રકૃતિનો નિયમ એક સરખોજ રહે છે. જેટલી ઉમ્મરે ભારતમા છોકરીઓ રજસ્વળા થાય છે તેટલીજ ઉમ્મરે ઈંગ્લાંડ અને અમેરિકામા પણ થાય છે બાળલગ્નથી ભારત નષ્ટ થતો જાય છે. અહીંના લોકો વગર વિચારે આખો મીચીને બધાજ વિવાહ કરી બેસે છે બાળક, વૃદ્ધ, અશક્ત, ભયંકર રોગવાળા, કોઢિયા અને ક્ષયરોગવાળા પણ વિવાહ કરીને સંતાનોત્પત્તિ કરતા ધરાતા જ નથી અન્ય દેશોના કરતા ભારતમા વિવાહિત પુરૂષોની સંખ્યા અધિક છે અહીં સારા સંસારના કરતા અધિક બાળકો પેદા થાય છે, તેવીજ રીતે સારા સંસારના કરતા મરે છે પણ વધારે ભારતમા ભૂમંડળના સઘળા મુખ્ય દેશોના કરતા જન્મ અને મૃત્યુની સંખ્યા અત્યંત અધિક છે. અર્થાત્ અહીંના લોકો અધિક સંતાનો પેદા કરે છે, પણ તેના ભરણપોષણનો ઉચિત પ્રબંધ કરી શકતા નથી આ કારણથી પ્રકૃતિને છૂટે હાથે અહીંની જનસંખ્યાનો અધમ રીતે સંહાર કરવાનો અવસર મળે છે

સૃષ્ટિની ઉત્પત્તિશક્તિ સીમા રહિત છે, એવુ પ્રકૃતિના વિલક્ષણ નિયમ ઉપરથી જોવામા આવે છે, તેમ છતા પ્રાણીઓને પોતાની પૂર્ણ શક્તિ પ્રમાણે પોતાની સખ્યા વધારવાનો અવસર મળતો નથી, તોપણ તેઓ ખોરાકના પ્રમાણ કરતા અધિક વધી જાય એવો અવસર તો અવશ્ય આવી જાય છે, અને તેવા અવસરે પ્રકૃતિ તેઓની વધી પડેલી સખ્યાનો અધમ રીતે સહાર વાળે છે પ્રકૃતિનો વિલક્ષણ નિયમ જ એવો છે કે તે પ્રાણીઓને હદ ઉપરાત અધિક જન્મ લેવાનો અવસર આપીને પછી તેઓ ભૂખ, તરસ, સ્થાનનો અભાવ વગેરે કારણ વડે શીઘ્ર નાશ પામે એવી લીલા કરતી રહે છે એક ક્ષણમા તે કરોડો પ્રાણીઓને જીવન પ્રદાન કરીને બીજી જ ક્ષણમા નિષ્ઠુર બની જીવનનો અત આણી મૂકે છે પ્રકૃતિને એક જ વ્યક્તિની જરૂર હોય તેમ છતા તે એક અબજ પેદા કરે છે પછી તેમાથી પોતાની આવશ્યકતા જેટલાને ચૂટી ચૂટીને બચાવે છે, અને બાકીના લાખો કરોડને તરફડીયા મારી મારીને મરવા માટે રઝળતા રહેવા દે છે

પ્રકૃતિ તો પોતાના નિયમ પ્રમાણે આવી રીતે પ્રાણીઓની અધિક વૃદ્ધિ થતી અટકાવે છે. હવે આપણે જાણવુ જોઇએ કે આવા વિલક્ષણ નિયમમાથી બચવાનો કોઇ માર્ગ છે કે નથી આ ભયકર નિયમમાથી ઉદ્ધાર પામવાની કાંઈ પણ યુક્તિ ખોળાવી જોઇએ લેખના આરભમા જનસખ્યા હદમા રહેવાના બે પ્રકાર અધમ અને ઉત્તમ બતાવ્યા છે અધમ પ્રકાર તો આટલી હકીકત ઉપરથી સમજાવ્યો છે હવે આગળના ખડમા જનસખ્યા ઉત્તમ રીતે કયા પ્રકારે હદમાં રહી શકે છે, અને આવા પ્રાણઘાતક અધમ પ્રકારમાથી કેવી રીતે છૂટકારો થઇ શકે છે તે બતાવવામા આવશે

ત્રીજો ખંડ.

Believe not because some old manuscripts are produced, believe not because it is your notional belief, because you have been made to believe from your childhood, but reason it all out, and after you have analysed it, then if you find it will do good to one and all, believe it, live up to it, and help others to live up to it

—*Buddha.*

કોઇ પણ રૂઢી અથવા રિવાજ કોઈ પ્રાચીન પુસ્તકના આધારવાળો હોય, આપણા સમાજમા (nation) મનાતો હોય, અને આપણે નાનપણમાથી માનતા શીખ્યા હોઈએ, તે કારણથી તે આપણે સાચો માનવો નહિ, પણ અનેક રીતે તેની બુદ્ધિપૂર્વક તપાસ કરવી, તેનુ પૃથક્કરણ કરવુ, અને પછી, દરેક વ્યક્તિને તેમ જ આખા સમાજને લાભકર્તા છે એવી ખાત્રી થાય તો આપણે પોતે તેના રિવાજનો અમલ કરવો અને બીજાઓ પાસે કરાવવાની તજવીજ કરવી

—મહાત્મા બુદ્ધદેવ.

પહેલો પરિચ્છેદ.

જનસંખ્યા અનહદ વધી જતી અટકાવનાર માનવી કારણો.

'The growth of numbers among animals is governed by present conditions, among man it is affected by traditions of the past and forecastes of the future'

—*Marschall.*

મનુષ્ય અને પશુમા ભેદ માત્ર એટલો જ છે કે, પશુમા એકલી સ્થૂલ બુદ્ધિ જ હોય છે, તે ઉપરાત મનુષ્યનામા જ્ઞાનશક્તિ પણ હોય છે વનસ્પતિ અને પશુઓમા સારાસાર સમજવાની કે વિચાર કરીને મનુષ્યના જેવો વિવેક વાપરવાની જ્ઞાનશક્તિ હોતી નથી, તેથી પોતાની સ્થૂલ બુદ્ધિ પ્રમાણે તેઓ પોતાનો વશ વધારતા જ ચાલ્યા જાય છે પોતે જેને ઉત્પન્ન કરે છે તેના ખાનપાનનુ કાઇ સાધન હોય કે નહિ હોય, તે વાતનો વિચાર તેઓને અટકાવી શકતો નથી તેઓ માત્ર વર્ત્તમાન સમયની પોતાની હાજતોને પૂર્ણ કરવાનુ જ સમજે છે ભૂતકાળ અને ભવિશ્યકાળની આપત્તિ વિપત્તિ જોવા જાણવાની તેઓને કાઇ પણ ગરજ હોતી નથી પોતાની વશ વધારવાની શક્તિનો તેઓ મન માને તેવી રીતે સ્વચ્છદતાથી ઉપયોગ કરતા રહે છે, અને ખાનપાનની વસ્તુઓ તથા રહેવાની જગ્યા ખૂટી પડે ત્યારે પ્રકૃતિ સહાર કરીને તેઓની સખ્યા ઘટાડે છે, તેથી આપોઆપ વશવૃદ્ધિ અટકે છે એવુ જ્ઞાન તેઓનામા નથી

પરતુ મનુષ્ય જો પશુના જેવી સ્થૂલબુદ્ધિને વશીભૂત થઇને પોતાનો વશ વધારવા માડે તો જ્ઞાનશક્તિ પ્રશ્ન પૂછે છે કે પોતે જેટલા બાળકો પેદા કરે છે તેના ભરણપોષણ માટે કાંઈ સાધનો પોતાની પાસે છે કે નથી? વિવાહ કરવાથી ભવિષ્યમા પરિણામ સારૂ આવશે કે નબળુ, સમાજમા આબરૂ અને માન સચવાઇ રહેશે કે નહિ સચવાય, એવી એવી અનેક દલીલો વિવેકશક્તિને લીધે તેની સામે ખડી થાય છે આવા ગભીર પ્રશ્નો ઉભા થવાથી પોતાની કમાઇ કેટલી છે, પોતાની પુજી કેટલી છે, ભવિષ્યમા પોતાની સ્થિતિ કેવી રહેશે, અને કમાઇ અથવા આમદાની કેટલી થશે, પોતાની જાતના સુખને માટે હાલ જેટલો ખરચ કરવો પડે છે તેમાથી જ વિવાહ કરવા પછી સતાનો પેદા થવાથી વહેચણી કરવી પડે તો આશ્રિત કુટુબ અને ભાવિ સતાનને દુખ વેઠવુ પડે, અને જો

ગુજરાન ચલાવવા માટે સખત ગદ્ધાવૈતરૂ કરવુ પડે તો શરીરમા વ્યાધિ પેસે માટે પોતે, પોતાની સ્ત્રી તથા ભાવિ સતાનોનો ભાર ઉઠાવવા લાયક છે કે નથી, પોતાના સતાનોને સારી રીતે કેળવણી આપવાની અને સર્વ પ્રકારે સુયોગ્ય બનાવવાની શક્તિ છે કે નથી, તે બધી બાબતોનો સારી પેઠે વિચાર રાખવો પડે છે આવા પ્રકારના બીજા અનેક વિચારોની ગુચવણને લીધે સસારમાત્રના સભ્ય સ્ત્રીપુરૂષોને પવિત્ર ભાવથી અવિવાહિત રહેવાનો અથવા લગ્ન કરે તોપણ નિયમિત હદ સુધી જ સતાન પેદા કરવાનો સકેત રાખવાની જરૂર પડે છે.

જ્ઞાન-શક્તિનો આવો સકેત બરાબર ધ્યાનમા રાખીને વિવાહ કરવામા આવે, અને પોતાના કુટુબ, જાતિ અને દેશના કલ્યાણ માટે જરૂર હોય તેના પ્રમાણમા સર્વ પ્રકારે યોગ્ય, આરોગ્ય, અને સુશિક્ષિત બનાવી શકાય તેટલા જ સતાન ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થાશ્રમ ચલાવવામા આવે, તેવી વ્યવસ્થાને માનવી કારણ વડે પ્રજાનો બેસુમાર વધારો થતો અટકાવવાની રીત કહે છે વિવેકશક્તિના આવા સકેત પ્રમાણે જરૂર જેટલા ઉત્તમ સતાન પેદા કરવાના નિયમને રિસ્ટ્રિક્ટિવ (Retrictive) અથવા પ્રુડેન્સિયલ (Prudentiel) ચેક કહે છે

બીજો પરિચ્છેદ.

વૃક્ષ અને પશુ-જગત.

Animals at any rate know nothing of the prevention of conception, that is a privilege of human species.

—*Bralaugh*

જેમ જેમ પશ્ચિમની સભ્યતામાં સુધારો થતો જાય છે, વિદ્યા અને વિજ્ઞાનશાસ્ત્રની શોધો વધતી જાય છે તેમ તેમ આપણા પૂજ્ય પૂર્વજોની વાતો સાચી અને અટળ સિદ્ધ થતી જાય છે આપણા દેશના લોકો વનસ્પતિને પણ ચેતન-સૃષ્ટિમાં ગણે છે જગત્પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડાક્ટર જગદીશચંદ્ર બોઝની નિરંતર શોધ અને પરિશ્રમથી સમસ્ત જગતની ખાત્રી થઈ ગઈ છે, કે ઝાડોમાં પણ પશુઓના જેવાજ દરેક પ્રકારના અવયવો હોય છે પશુઓના જેવીજ ઝાડોમાં પણ નસો, નાડીઓ અને જ્ઞાનતંતુઓ (Neruous Syatem) હોય છે, અને અનુભવશક્તિ પણ માલમ પડે છે

પશુઓની જોડે દુષ્ટ વર્તન કરવાથી તેઓને જેવું દુઃખ થાય છે, તેવું જ દુઃખ ઝાડોની સાથે દુષ્ટ વર્તન કરવાથી તેઓને પણ થાય છે. ઝાડોને ભય લગાડી શકાય છે, કેફ ચઢાવીને ગાંડા બનાવી શકાય છે, અને ઝેર દઈને મારી પણ શકાય છે આવશ્યકતા અથવા કાંઈ પણ ખાસ કારણ વગર અવિચારીપણાથી આપણે નિષ્ઠુર બનીને ઝાડની ડાળીઓ કાપીએ, તેના ફુલો અને ફળો તોડી પીંખીને ફેંકી દઈએ, અને એકાદુ ફળ પાડવા માટે અનેક ઇંટ, રોડા અથવા પથરા મારીએ તે આપણી નાદાની માત્ર છે

સંસારના તમામ ચેતનવાળા પદાર્થોમાં દરેક જીવ પોતાની જાતિ વધારવા અને તેની પરંપરા ચલાવવા માટે યથાશક્તિ પ્રયત્ન કરતો જોવામાં આવે છે પક્ષી કેટલી બધી સાવધાની વાપરીને પોતાના માળા બાંધે છે, નિયમિત સમય સુધી પોતાના ઇંડાને સેવે છે, અને પછી પોતાના જીવના જોખમે પણ બચ્ચાનું રક્ષણ કરે છે. ક્યાં ક્યાંથી પોતાના બચ્ચાને માટે ચારો શોધી લાવે છે, અને બચ્ચા જ્યાં સુધી પોતે પોતાની જાતનું રક્ષણ કરતા થાય ત્યાંસુધી તેઓને જરા પણ છૂટા મૂકતા નથી મરઘી જેવું પક્ષી પણ પોતાના અનેક ઇંડા લાગલાગટ ત્રણ અઠવાડિયા સુધી બેસીને સેવે છે, અને બચ્ચા નિકળે

ત્યાં સુધી ઇંડા તરફ કોઇને ફરકવા પણ દેતુ નથી ડજનબંધ બચ્ચાને પોતાની પાંખ તળે ઢાંકીને તેઓની બરાબર રક્ષા કરે છે ખાવા માટે જીવજંતુ જમીનમાંથી ખોતરીને કાઢતા શીખવે છે અને બચ્ચા પોતાની મેળે ગુજરાન કરતા શીખી જાય ત્યાં સુધી તેઓની સાથે ને સાથે જ રહે છે બચ્ચાં પ્રૌઢપણા લાયક થાય ત્યારે તેઓને છોડી દઇને પાછી સંતાન વધારવાના કામમાં લિપ્ત થઈ જાય છે

વૃક્ષ-જગત્ પણ સંતાનવૃદ્ધિના કામમાં ચૂકતુ નથી તે પણ પશુની પેઠે જ પોતાની જાતિ વધારવા અને વંશવૃદ્ધિની પરંપરા ચલાવવા માટે પ્રયત્ન કરે છે નરમાદાના સંયોગથી પશુઓમાં જેવી રીતે વીર્ય્ય અને રજના કણો એકત્ર થવાથી સંતાન પેદા થાય છે, તેના તે જ નિયમ પ્રમાણે વૃક્ષોમાં પણ સંતાન પેદા થાય છે વૃક્ષોમાં સંતાન પેદા કરવાના અવયવો ડાળાઓની દરેક અણીમાં હોય છે તે અવયવો ફૂલ કહેવાય છે દરેક ફૂલમાં નર અને માદાના બન્ને અવયવો હોતા નથી કોઇ ફૂલ નર હોય છે અને કોઈ માદા હોય છે. ઝાડોને ફૂલ આવે છ, ત્યારથી ગર્ભ ધારણ કરવાનો સમય શરૂ થાય છે.

ગર્ભધારણના સમયથી માંડીને ફળો આવી જાય અને પાકે ત્યાં સુધી પ્રકૃતિની અદ્ભુત લીલા જોવામાં આવે છે ફૂલની સુગંધ અને મનોહર રંગના મોહને લીધે મધમાખી, ભમરા, પતંગીઆ, કીડા અને કેટલાંક પક્ષીઓ ફૂલો ઉપર આમતેમ ઉડાઉડ કરી મૂકે છે તેઓના પગમાં અને ચાંચમાં વીર્ય્યકણોના રજકણો વળગીને એકબીજામાં ભેળસેળ થઇ જાય છે મધમાખી અને ભમરા ફૂલોનો રસ ચૂસતા જાય છ, પણ પ્રકૃતિ તેઓની પાસે દલાલી કરાવી લેતી જણાય છે. પવન પણ વનસ્પતિની એવા જ પ્રકારે સેવા કરતો રહે છે

કોઇ કોઇ વખતે એક જ ઝાડના ફૂલોમાં બન્ને પ્રકારના અવયવો જોવામાં આવે છે પરંતુ એક જ કુટુંબમાંથી ગર્ભાધાન થવાથી સંતાન નિર્મળ થાય છે તે નિયમ ધ્યાનમાં રાખીને, બંને પ્રકારના

અવયવો હોવા છતા પક્ષી, કીડા અને પતગીઆની મારફતે પ્રકૃતિએ દૂરના ઝાડોની સાથે સયોગ થવાની યોજના રાખેલી છે નાના નાના જતુઓ એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર જઇને ગર્ભાધાનનુ કામ સાચવી લે છે તેથી હજારો વૃક્ષ-સ્ત્રીઓ નિત્ય ગર્ભ ધારણ કરીને સતાનરૂપી ફળો અથવા બીયા પેદા કરે છે

વનસ્પતિશાસ્ત્ર જાણનારા નર અને માદા ફૂલો ઝટ ઓળખી કાઢે છે જો નરવાળુ ફૂલ તોડી નાખવામા આવે તો માદાવાળા ફૂલમાથી ફળ પેદા નથી થતુ કહેવાની મતલબ એટલી જ કે ફૂલોમા નર-માદાના વીર્ય અને રજ કણોનો સયોગ થવા પામે નહીં ત્યાસુધી ફળ લાગતા નથી ×

વનસ્પતિની સતાનવૃદ્ધિ માટે પ્રકૃતિએ અનેક ઉપાય કરેલા છે. કેટલાએક ઝાડના ફળમા બીયા થતા નથી, પણ તેના ફૂલમા જ બી રહે છે સુગધીની લાલચથી માણસ એવા ફૂલો તોડીને જાણે અજાણે ગમ ત્યા ફેકી દે છે આવી રીતે ફૂલ પોતાના સુગધીનુ દાન આપીને માણસ પાસે પોતાની સતાનવૃદ્ધિનુ કામ કરાવે છે

પરિવાર વધી જાય ત્યારે પશુ અને મનુષ્ય દૂર દૂર જઇને વસે છે, તેવી જ આદત ઝાડોમા પણ રહેલી છે પશુ પગે ચાલીને પોતાની મુસાફરી કરે છે, પક્ષી પાખો વડે સેકડો માઇલ ઉડી જાય છે, અને મનુષ્ય આગગાડી, મોટર અને આગબોટમા બેસી નવા નવા સસ્થાનો વસાવવા ચાલ્યા જાય છે, પરતુ વનસ્પતિને પગ અથવા પાખો નહીં હોવા છતા પણ એક સ્થાનથી બીજા સ્થાનમા તે પહોચી જાય છે. અનેક વનસ્પતિના સતાન તો હજારો માઇલ દૂર જઇને પોતાનુ નવું સસ્થાન વસાવે છે 'બિનુ પગ ચલૈ સુનૈ બિનુ કાના, બિન કર કાર્ય કરૈ બિધિ નાના' કોઇ ઝાડના બીજ પવનના ઘોડા ઉપર સ્વારી કરીને જ્યા જઇ ચઢ ત્યા પોતાની વસાહત સ્થાપે છે કોઇ કોઇ ઝાડના બીયા ઝાડાને રસ્તે જ્યા જ્યા પડે છે ત્યા ત્યા ઉગીને મોટા વૃક્ષો થાય છે.

× Darwin

કોઇ ઝાડોના બીયા મોટા હોય છે, એટલે પક્ષીઓ અને પવન મારફતે જઇ શકે નહી, તેમ હોય તો હજારો માઇલની મુસાફરી કરવામા વાદર અથવા મનુષ્ય તેઓનુ વૈતરૂ કરી આપે છે ગુલાબના ઝાડ ઈરાનથી, તમાકુ અમેરિકાથી, અને બટાટા વિલાયતથી આપણા દેશમા પ્રથમ આવ્યા, અને હવે હિમાલયથી કન્યાકુમારી સુધી આખા દેશમા સદા વ્યાપેલા રહે છે કાબુલના સફરજન, કંદહારના દાડમ, કાશ્મીર અને પેશાવરની દ્રાક્ષ તથા જાત જાતના આબાની કેરીઓ પોતાની મીઠાશના મોહમા મનુષ્યને ફસાવીને પોતાના બીજ આખી દુનિયામા મોકલી રહ્યા છે કોઇ ધનવાન સોદાગરનો બેટો પણ પોતાના ધનના બળથી આવા મેવાના બીજ કરતા વધારે મુસાફરી કરી શકતો નથી આ ઉપરથી એવુ સિદ્ધ થાય છે કે પશુ અને વૃક્ષ-જગતમા પણ સતાનોત્પત્તિ, સતાનવૃદ્ધિ, તથા સંતાનરક્ષાને માટે જે ગુણો છે તે સર્વોત્તમ પશુ-'મનુષ્ય'-જગતના ગુણોના જેવા જ છે.

ફેર માત્ર એક જ છે, કે મનુષ્ય વિવેકશક્તિ ધરાવે છે, ને તેથી તે ભૂત અને ભવિષ્ય કાળનો વિચાર કરીને પોતાનો લાભ ગેરલાભ સમજી શકે છે, અને પશુ તે સમજી શકતા નથી પશુ સતાનવૃદ્ધિ કરી જાણે છે ખરા, પણ આવશ્યકતા પ્રમાણે સતાનોત્પત્તિ વધારવા ઘટાડવાની શક્તિ ધરાવતા નથી પોતાના તમામ ઇડા રઝળી જાય તોપણ માછલી લાખો ઇંડા મૂકતી જ જાય છે વડ અને પીપળાના લાખો બીયા પેદા થાય છે અને અટવાઇ જાય છે, પણ ઓછા બીયા પેદા કરવાનુ એ ઝાડો શીખવાના નથી પશુ અને ઝાડો લાખો વિચાર કરીને સતાન ઘટાડવાનુ સામર્થ્ય ધરાવતા નથી પ્રકૃતિના કારણથી પોતાના સતાનો નાશ થતો કેમ અટકાવાય તે પણ તેઓ જાણતા નથી પશુ અને વનસ્પતિ પોતે ઉત્તમ પ્રકારનો લાભ લઇ શકતાં નથી સર્વોત્તમ પશુ-' મનુષ્ય ' એકલુ જ ઉત્તમ પ્રકારનો લાભ લેવાની શક્તિ ધરાવે છે

ત્રીજો પરિચ્છેદ.

મનુષ્ય-જાત

જનસખ્યાનો ઇતિહાસ.

The problems of population are older than civilization

—*Adam Smith.*

જન-સખ્યાના વિષય પર વિચાર કરવાની વાત કાંઈ નવી નથી દરેક દેશ અને દરેક સમયના વિચારવાન પુરૂષોના ધ્યાન ઉપર એ વાત મુખ્ય હતી સભ્ય જગતના ઇતિહાસમા એ વાતના પુષ્કળ પ્રમાણો છે સમય સમયના સામાજીક, ધાર્મિક, અને રાજનૈતિક નેતાઓને આવશ્યકતા હોય તે પ્રમાણે જન-સખ્યા વધારવા અથવા ઘટાડવા માટે સામાન્ય લોકોને આજ્ઞા આપતા રૂહ્યા છે

પ્રાચીન ગ્રીસ દેશમા સસ્થાનો વસાવવાની, ખેતીવાડીની અને વેપાર રોજગારની બહુ સારી સગવડ હોવાથી ત્યાની જનસખ્યાનો વધારો સ્વાભાવિક જ હતો, પરતુ બેસુમાર વધારો થઇ જાય ત્યારે જે વિપત્તિઓ આવી પડે છે તેમાથી બચવાનુ અસભવિત હતુ તે સમયના નેતાઓએ તે બાબત ધ્યાનમા રાખી હતી ક્રીટ, સોલન, ફીડન, પ્લેટો અને એરીસ્ટોટલ વગેરેને જનસખ્યાની નિશ્ચિત હદ રાખવાની આવશ્યકતા જણાઇ હતી

પ્લેટોએ સ્વતત્ર રાજ્યોની, સ્વતત્ર પ્રજાના મનુષ્યોની અને નિવાસ સ્થાનોની સખ્યા ૫૦૪૦ ઠરાવી હતી એટલી સખ્યામા વધારો અથવા ઘટાડો નહી થવા દેવાનો પ્રબધ રાખવાનુ કામ તે રાજ્યના માજીસ્ટ્રેટનુ હતું. પિતાને એક કરતા વધારે પુત્ર હોય તો

જેને પુત્ર હોય નહી એવા લોકોને આપી દે, અને પુત્રીનો વિવાહ કરીને દાન આપી પોતાની સંપત્તિનો માલિક પોતાના એક પુત્રને જ બનાવવો. આવી રીતે પિતાના મરણ પછી તેના ઘર તથા કુટુંબમાં માત્ર એક જ પુરૂષ રહી જાય અને સ્વતંત્ર પ્રજાની સંખ્યા એક સરખી કાયમ રહે.*

રાજ્યના ફરમાન પ્રમાણે ખાસ ખાસ ઠેકાણે મેળા ભરવામાં આવતા, તે મેળાઓમા દેશના યુવકો અને યુવતિઓ ભેગા થતા માજીસ્ટ્રેટની આજ્ઞા પ્રમાણે સર્વોત્તમ યુવકોનો સંબંધ સર્વોત્તમ યુવતિઓની સાથે ધાર્મિક વિધિ પ્રમાણે કરવામા આવતો પરંતુ વિવાહની સંખ્યા વિષે વિચાર કરવાનું અને કેટલા યુવક-યુવતિઓનો સંબંધ કરાવવો તે મેજીસ્ટ્રેટની સત્તાનુ કામ હતું લડાઇ, રોગ અથવા મૃત્યુને લીધે જનસંખ્યામા વધારો ઘટાડો થાય તે પ્રમાણે માજીસ્ટ્રેટ ચોકસ ધોરણ રાખીને વિવાહની સંખ્યા ઠરાવતા બહુ વધવા દેતા નહી તેમ જ બહુ ઘટવા દેતા નહી રાજ્યમા જે વખતે પ્રજાસંબંધી જેટલી જરૂર જણાતી તે પ્રમાણે વિવાહ કરાવતા

પ્લેટોએ સ્ત્રીઓને માટે ૨૦ વર્ષ અને પુરૂષોને માટે ૩૦ વર્ષની ઉમ્મર વિવાહ કરવા યોગ્ય ઠરાવી હતી ૨૦ થી ૫૦ વર્ષની ઉમ્મર થતા સુધી સ્ત્રીઓને, અને ૩૦ થી ૫૫ વર્ષની ઉમ્મર થતા સુધી પુરૂષોને સંતાનોત્પત્તિ કરવાનો અધિકાર આપ્યો હતો એટલી મુદ્દતમાં રાજ્યને કેટલા પુત્રોની જરૂર છે તેની સૂચના મેજીસ્ટ્રેટ આપતા હતા.

માજીસ્ટ્રેટની આજ્ઞા વગર વિવાહ કરવો, અધિક સંતાનોત્પત્તિ કરવી, ઠરાવેલી ઉમ્મર પહેલા અથવા ઉમ્મર વિતી જવા પછી સંતાનોત્પત્તિ કરવી એ કામો રાજ્યના કાયદા વિરૂદ્ધ ગણાતા, અને એવા ગુન્હા કરનાર સ્ત્રીપુરૂષોને રાજ્ય તરફથી સજા કરવામા આવતી

---

* **Republic 459, Laws 773 and elsewhere.**

મેજીસ્ટ્રેટની આજ્ઞા પ્રમાણે સર્વોત્તમ પ્રજાની સતતિ શહેરની બહાર રાજ્ય તરફથી રાખેલી ખાસ ધાવોને પાળવા માટે સોપવ મા આવતી, અને મેજીસ્ટ્રેટની આજ્ઞા વગર વિવાહ કરીને પેદા કરેલી સતતિ, અયોગ્ય રોગી સ્રીપુરૂષોની સતતિ, અથવા નિયમિત સખ્યા કરતા વધારે સતાનોત્પત્તિ કરનારાઓની સતતિને રાજ્યના કોઈ સુનસાન જગલમા દટાવી દેવાનો કાયદો હતો

એરીસ્ટોટલે સ્રીઓને માટે ૧૮ વર્ષ અને પુરૂષોને માટે ૩૭ વર્ષની ઉમ્મર વિવાહ કરવા યોગ્ય ઠરાવી હતી આવી હદગી મર્યાદાને લીધે સ્વાભાવિક રીતે જ કેટલાએ સ્રીપુરૂષોને લાચાર બની કુવારી જીદગી ગાળવી પડતી કારણ કે ૧૮ અને ૩૭ વર્ષની ઉમ્મરના જોડા બહુ થોડા નિકળે છે; અને એવા જોડાઓમા સારો બનાવ રહે એ વાત સભવિત પણ નથી કોઇ સ્રી ઠરેલી સખ્યા કરતા વધુ વખત ગર્ભ ધારણ કરે તો તેનો ગર્ભ (ગર્ભમા જીવ પ્રવેશ થાય તે અગાઉ) તોડી પડાવના ઉપરના નિયમો જોતા આજથી, ૨૩૦૦ વર્ષ પહેલાના સમયમા જનસખ્યા બેસુમાર વધી જવાથી ઉત્પન્ન થતા દુખોમાથી બચવાને માટે કેવા કઠોર કાયદા હતા, અને એટલા સમય પહેલા પણ પ્રજોત્પત્તિની હદ બાધ્યા વગર કામ ચલાવવુ કઠણ હતુ એવુ સિદ્ધ થાય છે

અર્વાચીન સમયનો ઇતિહાસ પણ જનસખ્યાના વિષય વગરનો જોવામા આવતો નથી એવુ જોવામા આવે છે કે ભીષણ યુદ્ધ અથવા ભયકર દુષ્કાળથી ઘટી ગયેલી, જનસખ્યા વધારવા માટે, અને લાબા સમયની શાતિને લીધે અતિશય વધી પડેલી જનસખ્યા ઘટાડવા માટે લોકો યત્ન કરતા રહે છે કાળા તાવથી (Black death) ઇગ્લડની, બટાટાના દુકાળથી (Potato Famine) આયર્લાડની, અને ૩૦ વર્ષના યુદ્ધથી જર્મનીની જનસખ્યા ઘટીને અર્ધી થઇ ગઇ હતી.

આ ક્ષીણતા અથવા સહારની ખોટ પૂરાતા સેંકડો વર્ષ વહી ગયા જનસખ્યા ઘટી ગયેલી હોવાથી, ૧૮ મા સૈકાની આખરમાં

સમયમા પાછો ખૂબ વધારો કરવા માટે ઇંગ્લાડના પેટી, કેરી, વેઠ- ફિલ્ડ વગેરે નેતાઓએ ભારે આદોલન કરેલુ જણાય છે પેટીનો મત એવો હતો કે, "કોઇ પણ દેશની ચડતી અથવા પડતીનો આધાર તે દેશની જમીન ફળદ્રુપ હોય કે પાક નહી થાય તેવી ઉસર હોય તે ઉપર નથી, દેશની જનસખ્યાના વધારા ઘટાડા ઉપર તેની ચડતી પડતીનો આધાર છ જે દેશમા ઘીચ ગાઢી વસ્તિ હોય તે દેશમા ધન દોલતને લીધે લીલાલહેર થઇ રહે છે, અને જયા જનસખ્યા થોડી હોય તે કગાલ અને ભિખારી થઈ જાય છે" ×

એ જ સૈકામા ફ્રાન્સનો આખુ યુરોપ તાબે કરવાનો સકલ્પ જાણીને ઇંગ્લાડમા ભારે કોલાહલ જાગ્યો હતો આ સમયમા મોટી સેના રાખવાની જરૂર હતી તે ઉપરથી તે લડાઇના સમયમાં લોકોનો એવો મત બધાયો કે અધિક સતાન પેદા કરનારને ધન્યવાદ આપવો વડો પ્રધાન પિટ કહેતો કે "જે પુરુષો દેશને પુષ્કળ સતાનોથી ભરપૂર કરે છે તેઓ દેશના ખરેખરા હિતચિતક છે, માટે રાજ્યના ખજાનામાથી એવા સજ્જનોને ગજા મદદ કરશે" ઇ સ ૧૮૦૬ મા

× 'Whatever tends to the depopulating of a country tends to the impoverishment of it and that most nations in the civilized part of the world are more or less rich or poor proportionately to the paucity or plenty of their people and not to the sterility or fruitfulness of their land'
—*Petty*

(જો ઉપરનો સિદ્ધાત જ સત્ય મનાય તો ભારત અને ચીન જેવા ગીચ વસ્તીવાળા દેશો ભૂમડલના તમામ સભ્ય દેશોના કરતા કગાલ નહી હોવા જોઇએ. —લેખક)

ઇંગ્લાંડમા એક કાયદો એવો ઘડાયો કે જે પુરુષોને બે કરતા વધારે સતાન હોય તેઓનો કર માફ કરવો પરતુ નેપોલિઅન સેંટ હેલિના ટાપુમા કેદ પકડાયો અને યુદ્ધનો ભય ઓછો થયો ત્યારે તે કાયદો પાછો રદ કરવામા આવ્યો, અને બે સતાનના પિતાને જે કર માફ થયો હતો તે પાછો ચાલુ કરવામા આવ્યો

ફ્રાન્સના ચોદમા લુઇ રાજાએ, જે પુરૂષો ૨૦ વર્ષની ઉમ્મર થવા પહેલા લગ્ન કરે, અથવા જેને ૧૦ બાળકો હોય તેવા સર્વને રાજ્યના તમામ કર માફ કીધા હતા પહેલા નેપોલિઅને કોઇ પણ કુટુંબમા સાત બાળકો હોય તેમાથી એકના પાલણપોષણ અને વિદ્યાભ્યાસનો ખર્ચ પોતે ઉઠાવી લેવાનો નિયમ ઘડયો હતો સન ૧૮૮૫ અને ૧૮૯૦ મા સતાનોત્પત્તિ વધારવા માટે અનેક નિયમો રચાયા. તેમા એક એવો પણ નિયમ હતો કે દરેક પિતા પોતાના ૧-૨-૩ અથવા જેટલા બાળકો હોય તેટલા મત આપવાનો અધિકારી ગણાય

રાજા, રાજ્યના કારભારી, અને શક્તિવાન પુરૂષો યુદ્ધમા નામ કાઢવા માટે અને વિજયના લોભથી સાધારણ લોકને અધિક સતાન ઉત્પન્ન કરવા માટે ઉત્સાહિત કરતા હતા, પરતુ સામાજીક પ્રશ્નોનું સારી રીતે મનન કરનારા પુખ્ત વિચારના પુરૂષો આવો વધારો નુકસાનકારક ગણતા હતા તેઓનો એવો મત હતો કે જનસખ્યાની બહુ વૃદ્ધિ થવાથી કદાચ રાજાનુ બળ વધી જાય ખરૂ, પરતુ એવા વધારાથી સાધારણ લોકસમૂહના દુખમા હમેશા વધારો થયા કરે છે, માટે રાજાઓ પોતાની નામના માટે અથવા ફાયદા માટે પ્રજાના સુખનું બળીદાન આપે તો તે માત્ર બળાત્કાર અને અધિકાર બહારની વાત છે.

રાજા તથા સમૃદ્ધિવાન લોકોના આવા બળાત્કારની ફ્રાન્સમા બહુ ભયાનક અસર થઈ પડી. વિરૂદ્ધ મતવાળાઓનો પ્રભાવ જોર પર એટલે સુધી ચઢયો કે, ઓછા સતાન ઉત્પન્ન કરવાની ઠરાવેલી હદ

કરતા પણ બહુ ઓછા સતાન ઉત્પન્ન કરવાની સાધારણ લોકોમા બળવાન રૂઢી ચાલી ×

માર્શલ કહે છે કે, " તે સમયના સ્વાર્થાધ રાજાઓએ અને શક્તિવાન લોકોએ પોતાની નામના વધારવા માટે સાધારણ લોકોના હિતનુ બળીદાન લેવાનો વિચાર તજીને વિચારવાન સમાજસુધારકો અને દેશના હિતચિતકોનો પોકાર સાભળી* બળાત્કાર વાપરવા કરતા થોડી પણ માણુસાઈ વાપરી હોત તો લોકો ઉલટા માર્ગે બહુ જોરથી ચાલ્યા નહિ હોત ફ્રાન્સમા જનસખ્યા વધારવાને બદલે ઘટાડવા માટેના વિચાર ધીમો ચાલતે, ભયકર લોહીની નદીઓ વહેવાનો વખત પણ નહીં આવતે, ઇંગ્લાડ સ્વતત્રતામા આગળ વધ્યુ જતુ હતુ તેને અટકી પડવાનો વખત નહીં આવતે, અને સસારમાત્રની ઉન્નતિ કાઈ વધારે જ થઇ હોત

પશ્ચિમના વિદ્વાનો જનસખ્યાના વિષય ઉપર નિરતર વિચાર કરતા રહ્યા છે, અને વખતો વખત પોતાનો ગભીર અભિપ્રાય પ્રગટ

× પોતાની સમીપના દેશો સમક્ષ ફ્રાન્સની જનસખ્યા ઘટવાથી રાજનૈતિક તથા સૈનિક દૃષ્ટિએ (From the political and military points of View) ગમે તેટલો શોક પ્રગટ કરવામા આવે, પરતુ એવી હાનિમા લાભ પણ સમાયલો છે આર્થિક તથા સામાજીક દશા સુધારવામા એનાથી ફાયદો થયો —Devasseur

* લોકોએ પોતાની જાતીની જનસખ્યા વધારવાની કાળજી ઓછી રાખવી, પણ ઉત્પન્ન વધારવાની ખાસ કાળજી રાખવી જોઇએ કારણ કે સારી આવક હોવાથી બહુ આરામ મળે છે, પરતુ જ્યારે પ્રજા વધી જાય છે ત્યારે આરામ માટે જરૂરી ખર્ચમાથી કાપકુપ કરવી પડે છે, અને વધેલી જનસખ્યાનુ ગુજરાન કરવાનો કઠણ પ્રશ્ન જ હમેશા નજર આગળ ઉભો રહે છે.

—Duesuey's Protest

કરતા જ રહ્યા છે માલ્થસે ભારે પરિશ્રમ ઉઠાવી ઉંડી શોધ કરીને એવો અભિપ્રાય બાધ્યો છે કે સસારની ઉન્નતિ અટકાવનારૂં સર્વથી મોટુ કારણ જનસંખ્યાનો બેસુમાર વધારો છે પોતાની અનુકૂળતા પ્રમાણે સભ્ય સસારે આ સિદ્ધાતનો લાભ મેળવ્યો છે, અને ચાલુ સમયમા પણ કોઇને કોઇ પ્રકારે લાભ મેળવતો જોવામા આવે છે. માલ્થસના સિદ્ધાતના ત્રણ ભાગ છે —

(૧) જેનો થોડો પણ ઇતિહાસ જાણવામા આવ્યો હોય એવા સંસાર માત્રના કોઈ પણ દેશ, સમય અને જાતિમા એવુ માલમ પડે છે કે ખાનારા અધિક હોય છે અને ખોરાક ઓછો ઉત્પન્ન થાય છે. કોઇને કોઇ પ્રસગે ખાવાવાળા હદ કરતા બહુ વધી પડે છે અને ખોરાક ઘટી પડે છે (માત્ર મનુષ્ય-જગતનો વિચાર આ ઠેકાણે કરવો)

(૨) જ્યારે જ્યારે વસ્તી વધી પડે છે ત્યારે ત્યારે તે પાછી ઘટવાના પણ માર્ગ છે. લડાઇઓમા કપાઇને મરવાનો, દુષ્કાળમા ભૂખથી મરવાનો, અનેક પ્રકારના રોગથી મરવાનો, અનેક પ્રકારના હાનિકારક રિવાજો વધી જવાથી કમજોર થઇને મરવાનો, એવા એવા અનેક માર્ગ છે અને

(૩) જેવી ઘટનાઓ દુનિયામા આગળના વખતમા બનેલી છે, તેવી ઘટનાઓ ભવિષ્યકાળમા પણ બનવાનો સભવ છે ભૂતકાળમાં પ્રજા બેસુમાર વધી જતી ત્યારે જેવી આપત્તિઓ ઉભી થઈ હતી તે પ્રમાણે ભવિષ્યકાળમા પણ દુઃખદ પરિણામ આવવાનો સભવ છે

માલ્થસનો પહેલો સિદ્ધાત તો આજ સુધી અખડિત રહેલો છે વીસમી સદીમા પણ તેનો વિરોધ કોઇ દેખાડી શક્યા નથી *

---

* આખી પૃથ્વિની જનસખ્યા હાલના સમયમા લગભગ ૨૫૦ કરોડ છે. રેવિનસ્ટીન (Ravenstein) સાહેબના હિસાબ પ્રમાણે પૃથ્વિ ઉપર ૨૮૦ લાખ ચોરસ માઇલ જમીન ખેતી કરવા લાયક ફળદ્રુપ છે. ૧૪૦ લાખ ચોરસ માઇલ જમીન ખાર વગેરેને લીધે ખેતીને માટે નિરુ-

પરંતુ બીજા અને ત્રીજા સિદ્ધાન્તના રૂપમા કાઇક ભેદ પડી ગયો છે. છેલ્લા બે સિદ્ધાતોના ઉપરના રૂપમા રેલવે તથા આગબોટોને લીધે કાઇક તફાવત પડેલો છે, પણ તેની સત્યતામા લેશ માત્ર ફેર થયો નથી. રેલવે અને આગબોટ માર્ફતે એક સ્થાન અથવા દેશમાથી બીજા સ્થાન અથવા દેશમા અનાજ વગેરે વસ્તુઓ લાવ લઇજા કરવાની સગવડ ઘણી વધી ગઇ છે, અને બહુ ઓછા ખર્ચથી દૂર દૂરના દેશોમા માલ જાય છે આવા સાધન પ્રાપ્ત થવાથી એક દેશની પ્રજાને માત્ર પોતાના જ દેશની નિપજ ઉપર ગુજારો કરવાનો વખત હવે રહ્યો નથી, પણ હરકોઈ દેશની પ્રજાને બીજા દેશની પ્રજાએ નિપજાવેલુ અનાજ પણ ખપ લાગે છે

માલ્થસના સિદ્ધાતનો અક્ષરે અક્ષર ખરો ઠરે છે જનસખ્યા બેસુમાર વધવાથી પાછલા જમાનાઓમા જે જે હાનિ થતી તે ચાલુ જમાનામા પણ થાય છેજ, તફાવત માત્ર એટલોજ પડે છે, કે એક દેશની મુશીબત બીજા દેશને ભોગવવી પડે છે એક દેશમા પ્રજા બહુ જ વધી પડે ત્યારે તેની અસર આડકતરી રીતે બીજા દેશોમા પણ માલમ

પયોગી છે જનસખ્યાના વધારાનુ પ્રમાણ (Accordinng to the calculat ons of the British association) સરાસરી દર હજારે ૮ લેખે ગણતા ૨૦૦ વર્ષમા જ જનસખ્યા વધીને ૬૦૦ કરોડ થઇ જાય છે ખેતીને લાયક એક ચોરસ માઇલ પર ૨૦૦ મનુષ્યનો નિર્વાહ થઇ શકે એવુ માનીએ કે ૨૦૦ વર્ષમા ખેતીના ઓજારો તથા ખાતર વગેરેમા ઘણો સુધારો થવાથી ખેતીની ઉપજમા વધારો થશે, તોપણ જમીનની પેદાશ વધવા છતા જનસખ્યાનો વધારો માત્ર ૨૦૦ વર્ષ સુધીજ નભી રહી શકશે, તે કરતા વધુ સમય નભે નહીં અર્થાત્ આખી પૃથ્વિની ઉપજ સંસારના દરેક મનુષ્યને બરાબર વહેંચીને આપવામા આવે-એક બીજાનો ખોરાક છીનવી લેનારા મરી ફીટે, તોપણ ૨૦૦ વર્ષ સુધીજ પેટ પૂરતું અનાજ મળી શકશે ૨૦૦ વર્ષ પછી પાછી અન્નની તગી જેવીને તેવીજ— પરિણામે યુદ્ધ, દુષ્કાળ, રોગ અને છેવટ મૃત્યુ.

જરે છે દાખલા તરીકે જર્મનીમા વધી પડેલી પ્રજાનો તે દેશમા સમાવેશ થઈ શકે નહી, માટે સસારમા તેને વધારે સ્થાન જોઇએ. ખેતી કરવા માટે નવુ ક્ષેત્ર, પોતાના દેશની કારીગીરીની વસ્તુઓ વેચાવા માટે નવા બજારો ઉપર સ્વામિત્વ, અને પ્રજાને ઉત્તમ સ્થિતિમા રાખવા માટે સસ્થાનો જોઇએ, આવા કારણથી જર્મની આખા મસાનમા ઉથલપાથલ કરી નાખે બેલજીયમ, ફ્રાન્સ અને રૂશિયાનુ સત્યાનાશ વાળી નાખીને પણ પોતાની પ્રજાનો વિસ્તાર વધારવા માટે બીજાના અધિકાર છીનવી લેવામા લેશ માત્ર સકોચ રાખે જ નહીં ×

ઇગ્લાડની પ્રજાનો નિર્વાહ ઇંગ્લાડમા થવાનો નથી તેને કેનેડા, ન્યૂઝીલાડ, અને આસ્ટ્રેલિયા વગેરે સ્થાનોમા ઉચાળા ભરીને જવુ પડશે, અને ત્યાના ભોળા અને બલા કમજોર નિવાસીઓ કઠોર કાયદાની ઘાણીમા પીલાઇને મરી ફીટશે માઉરીજ* લોકો દુનિયામા અદશ્ય

× જર્મની સાથે મચેલો રણસગ્રામ જગવિખ્યાત છે સ્પેનના લોકોએ (Spaniards) હૈટી નામનો બેટ જીતીને ત્યા પોતાનુ સસ્થાન વસાવ્યા પછી થોડાજ સમયમા ત્યાના ખાસ રહેવાસીઓની સખ્યા ઘટીને માત્ર ચોથા ભાગ જેટલી રહી ગઈ ! અમેરિકાના અસલી વતનીઓની (Red Indians) સખ્યા ભાગ્યેજ બે લાખ જેટલી રહી છે, અને ત્યા જઇને સસ્થાન વસાવનારી ગોરી પ્રજા ૭ કરોડ જેટલી વધી છે આફ્રિકાની પણ એવીજ દશા છે

* પાસિફિક મહાસાગરના ન્યૂઝીલાડ બેટમા અગ્રેજ લોકોએ સસ્થાન વસાવ્યુ છે ત્યાના અસલ વતની લોકો માઉરીઝ કહેવાય છે એ માઉરીઝ લોકોની સખ્યા નિયમિત રીતે ઘટતી જ જાય છે થોડા સમયમા એ લોકો સંસારમાથી લોપ થઇ જવાનો સભવ છે હાલ માઉરીજ લોકો માત્ર ૪૦ હજાર બચી રહેલા કહેવાય છે, અને તેઓના દેશમા આવી ઘુસેલા અગ્રેજોની સખ્યા ૮ લાખ જેટલી થઇ ગઇ છે !—

—'A dying race' page 4, by W N Mukerjee.

થશે અને તેઓના દેશમા અગ્રેજોના બચ્ચા તાગડધીન્ના કરશે—મોજ ઉડાવશે ઇંગ્લાડની વધતી જતી પ્રજા ભારતવર્ષમા પાકેલુ અનાજ વાપરીને પોતાનુ ભરણપોષણ કરશે અને દુકાળ વગેરેથી ભારતની પ્રજાનુ સત્યાનાશ વળતુ રહેશે

સારાશ કે આ ગીનમી સદીના સુધારા અને શોધો વડે સભ્યતા સુરક્ષિત અને સ્વતત્ર દેશોની પ્રજાના વધારાની બુરી અસર આત્મરક્ષાના સાધન વગરના ઢીલા પરતત્ર અથવા દુર્બળ દેશો ઉપર થાય છે રેલવે, તાર અને આગબોટના કારણથી ભારતવર્ષની સ્થિતિમા ભયકર ફેરફાર થઇ ગયો છે ભારતની જીવનનૌકા મોટા સકટમા ફસાઇ ગઈ છે ચાલુ જમાનામા આપણા અભાગીઆ દેશને માથે પોતાની બેસુમાર વધતી પ્રજાના ભાર સાથે બીજા દેશોની પ્રજાના વધારાની માઠી અસરનુ દુખ પણ આવી પડયુ છે ભારતવર્ષનુ અનન્ત દુર્ભાગ્ય આ કરતા કેવુ હોય ! ?

ચોથો પરિચ્છેદ.

ભારતવર્ષમાં પ્રચલિત વશવૃદ્ધિધર્મ.

The measure of goodness or badess of an act is always its expediency or inexpediency, and that conscience deals with accostomed morality and not with expedienc .

કોઇ પણ કાર્ય સારૂ છે કે નઠારૂ તેનો નિર્ણય અત.કરણના સકેત વડે કરવામા આવતો નથી, પણ સામયિક આવશ્યકતાને

લઇને કરવામા આવે છે અંતઃકરણ આવશ્યક કાર્ય કરવાના ન કેમ નથી કરતુ પણ તે કેવળ પ્રચલિત ધર્મ અથવા કાર્ય—જે કરવાનો તેને અભ્યાસ પડી ગયા હોય તે કરવાનો ઇસારો કરે છે ×

જે સમયમા ભારતવાસીઓએ ધર્મ, વિજ્ઞાન, કલાકૌશલ્ય, વેપાર અને વ્યવસાયમા પૂર્ણતા પ્રાપ્ત કરી હતી, જે સમયમા આર્યાવર્તના અગણિત યોદ્ધાઓએ અનેક પ્રકારના અસ્ત્રશસ્ત્રોની શોધ કરીને આખી પૃથ્વી ઉપરની સઘળી જાતીઓને તાબે કરી ચક્રવર્તી રાજ્ય પ્રાપ્ત કીધેલુ હતુ, જે સમયમા ભારતમા વિમાનો સ્વચ્છંદપૂર્વક ગગનમડળમા ગમે તેમ ઉડતા હતા અને હજારો મુસાફરી વહાણ ઇરાન, મિસર, અમેરિકા અને યુનાન વગેરે દેશોનો વેપાર ધમધોકાર ચલાવતા હતા,

× અંતઃકરણ કોઇ ખાસ વસ્તુ નથી અથવા ઈશ્વરદત્ત શક્તિ નથી. સારૂ નઠારૂ ઓળખનારી એ શક્તિઓ ઇંદ્રિયો દ્વારા સંગ્રહિત થયેલા જ્ઞાનથી બને છે મનુષ્ય જે દેશ કાળ, સમાજ અથવા ધર્મમા જન્મ ધારણ કરે છે, તે દેશ, કાળ, સમાજ અથવા ધર્મની ઘટનાઓને અનુસરીને તેનુ અંતઃકરણ બધાય છે આ વિષય ગંભીર છે તો પણ આગળ જણાવેલી થોડી હકીકત ઉપરથી ઘણો સ્પષ્ટ ખુલાસો સમજાય છે મનુષ્ય જન્મ ધારણ કરે છે ત્યારથીજ અથવા કહો કે ગર્ભમાથીજ તેની સૂક્ષ્મ ઇંદ્રિઓ નાક, કાન, આખ અને સ્પર્શ તંતુ વગેરે કામ કરવા માડે છે આર્ય અને અંગ્રેજ જાતિના બાળકોમા કાંઇ પણ તફાવત નથી, જન્મ વખતે સ્વરૂપ માત્ર જુદા, પણ બીજી તમામ બાબતોમા સઘળા બાળકો એક સરખાજ હોય છે, પરંતુ તેઓ મોટા થતા જાય છે તેમ તેમ, અને દેશ કાળ તથા સમાજના આચાર વિચારની છાપ તેઓના ઉપર પડતી જાય છે તેમ તેમ તેઓનામા ભિન્નતા આવતી જાય છે બાળકનો જન્મ જે ધર્મ અથવા સમાજમા થાય છે તેજ સમાજ અથવા ધર્મના નિયમો તેને પાળવા પડે છે નિયમ વિરૂદ્ધ ચાલનારાઓનો તિરસ્કાર થતો જોવામા આવે છે એવા તિરસ્કાર અથવા દંડના ભયથી સ્વાભાવિક રીતેજ તેઓ શુ કરવુ ઉચિત છે અને શું કરવુ અનુચિત છે તે ધીરે ધીરે સમજતા જાય છે બ્રાહ્મણનો પુત્ર ગાયના માસનુ નામ સાભળતાજ પાપના ભયથી ધ્રુજી ઉઠે છે, પરં

જે સમયમા પશ્ચિમની ગોરી જાતિઓના પૂર્વજો જગલી અને કગાલ હતા, જે સમયમા આવી મહાન જાતિને સસારમા મોટામોટા ધર્મ પ્રવર્તાવનારા ઈસુ, મહમ્મદ, કૌન્ફૂસિયસ વગેરે મહાન પુરૂષોને જન્મ આપવાની તયારી કરવાની હતી, એવા જાહોજલાલીના સમયમા એ જાતિને અધિક સતાન પેદા કરવાની જરૂર હતી કારણ કે એ જાતિને આખા ભૂમડલમા પોતાની સભ્યતાનો પ્રચાર કરવાનો હતો, વેપાર કરવાનો હતો, યુદ્ધ મચાવવાનુ હતુ, અને સસ્થાનો વસાવવાના હતા આવા મહાન કાર્યો સાધવા માટે પ્રજા વધારવાની જરૂર હતી. આવશ્યકતા પૂર્ણ કરવા માટે ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરવી તે પ્રત્યેક આર્યનો પરમ ધર્મ ઠરાવવામા આવ્યો હતો વેદોમા સુદૃઢ, સુન્દર અને સદાચારી સતાન ઉત્પન્ન કરવાનો મહિમા બહુ ગવાયલો છે એ વિશે ઠેકાણે ઠેકાણે અનેકાનેક પ્રાર્થનાઓ અને સદુપદેશ મળી આવે છે.

યુરોપિયન પાદરીનો પુત્ર તો ઉલટો ઘણાજ આનદ સાથે ગાયનુ માસ હોંસથી ખાઈ જાય છે

એકજ દેશના લોકોમા વર્ણ અને ધર્મના ભેદને લીધે અતઃકરણની પણ ભિન્નતા ઉત્પન્ન થાય છે કોઈ પણ ભગી અથવા ચમાર જાહેર રીતે દારૂ પીતા જરા પણ સકોચ રાખતો નથી, અને બ્રાહ્મણ દારૂની બાટલી લઈ જતા ગભરાય છે, કોઈ જૈન ધર્મવાળાના પગ તળે એકાદ કીડી સરખી આપોઆપ કચગઈ મરે તોપણ તેનુ કલેજુ વળકી ઉઠે છે, પણ શાક્તમત વાળાઓ ઘણાજ આનદથી બકરા, મરઘા અને પાડાઓનુ દેવીની મૂર્તિ સામે બળિદાન આપે છે નરહત્યા સમાન મોટુ કોઈ પાપ નથી, તો પણ અસભ્ય અને જગલી જાતિઓમા પોતાના વરડા માબાપનુ માસ ખાવાનો અને લાગતા વળગતા સ્નેહીઓને નોતરી આ મહાપ્રસાદની જ્યાફત આપવાનો રિવાજ ચાલે છે! આ પ્રમાણે ખાત્રી થાય છે કે અતઃકરણનો સકેત ઈશ્વર તરફનો અદેશ નથી હૃદયની સકીર્ણતા તથા પક્ષપાત બાજુ ઉપર રાખીને સામાજિક, સામયિક, અને દૈશિક આવશ્યકતા પ્રમાણે ધર્મ અને અધર્મનો નિર્ણય કરવામા આવે છે, નહીં કે પ્રચલિત ધર્મશાસ્ત્રની આજ્ઞા અથવા અતઃકરણના સકેત પ્રમાણે

જેવા કે—આ વહુને ૧૦ પુત્ર ગત પ્રાપ્ત થાઓ તમે સંપૂર્ણ આયુષ્ય—ઓછામા ઓછા ૧૦૦ વર્ષ-ભોગવો અને પુત્રો તથા પૌત્રો સાથે આનદ કરો ગૃહસ્થાશ્રમમા સ્થિર રહીને આ પતિને માટે ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરો વગેરે * મહર્ષિ મનુ ભગવાને પણ વશવૃદ્ધિની બહુ

---

* इमा त्वमिन्द्र मीढ्वः सुपुत्रा सुभगा कृणु ।
दशास्या पुत्रानाधेहि पतिमेकादश कृधि ॥
ऋ० म० १०, अ० ७, सू० ८५, म० ४५ ।

અર્થ—હે ભગવન્ આ વહુને સૌભાગ્યવતી બનાવો અને એ ૧૦ પુત્રોની માતા થાય

इहैव स्त मा वि यौष्ट विश्वमायुर्व्यश्नुत ।
क्रीडन्तौ पुत्रैर्नप्तृभिर्मोदमानौ स्वे गृहे ॥
ऋ. मं. १०, अ. ७, सू० ८५, म. ४२ ।

અર્થ—હે વહુ અને વર, તમે બેઉ જણા ૧૦૦ વર્ષ કરતા અધિક આનદ પૂર્વક જીવતા રહો, અને પુત્રો તથા પૌત્રો સાથે સુખ ભોગવો ૪૩, ૨૭, ૨૫, વગેરે મત્રોમા પણ એવીજ પ્રાર્થનાઓ છે

आरोह तल्प सुमनस्य मानेह प्रजा जनय पत्ये अस्मै ।
इन्द्राणीव सुबुधा बुध्यमाना ज्योतिरग्रा उषस प्रति जागरासि ॥
अ० का० १४, अ० २, सूत्र २, मं ३१

અર્થ—હે વરાનને ! તુ પ્રસન્નચિત્ત રાણીને ગૃહસ્થાશ્રમમા સ્થિર રહે અને આ પતિને માટે ઉત્તમ પ્રજા ઉત્પન્ન કર.

देवा अग्रे न्यपद्यन्त पत्नी समस्पृशन्त तन्वस्तनूभिः ।
सूर्येव नारि विश्वरूपा महित्वा प्रजावती पत्या सभवेह ॥
अ. का. १४, अ. २, सू. २, म. ३२

અર્થ—હે સૌભાગ્યપ્રદે ! સૂર્યની સાથે કાંતિની પેઠે તુ પોતાના સ્વામીની સાથે મળીને ઉત્તમ પ્રજા પ્રાપ્ત કર (૩૭ ૩૮, ૪૩ આદિ અનેક મત્રોમા પણ એવીજ પ્રાર્થના અને ઉપદેશ છે)

બહુ પ્રશંસા કરેલી છે મહર્ષિનું વચન છે કે ' ગર્ભધારણ કરવા માટે સ્ત્રીઓ અને ગર્ભાધાન કરવા માટે પુરૂષો ઉત્પન્ન કરવામાં આવ્યા છે *જેવી રીતે મોટી મોટી નદ અને નદીઓ સમુદ્રમાં જઈને સ્થિર થાય છે જેમ વાયુના આશ્રયથી પ્રાણી માત્ર જીવી શકે છે તેવીજ રીતે ગૃહસ્થના આશ્રય વડે બ્રહ્મચારી, વાનપ્રસ્થ, અને સન્યાસી અર્થાત્ ત્રણે આશ્રમોનો નિર્વાહ ચાલે છે બ્રહ્મચારી, વાનપ્રસ્થ, અને સન્યાસી એ ત્રણ આશ્રમને અન્ન વગેરે ગૃહસ્થાઓ પ્રતિદિન પૂરૂં પાડે છે, માટે ગૃહસ્થાશ્રમજ સર્વથી જ્યેષ્ઠ આશ્રમ છે વેદ અને સ્મૃતિના પ્રમાણો જોતા ગૃહસ્થાશ્રમજ બધા આશ્રમોમા શ્રેષ્ઠ છે, કારણ કે એજ આશ્રમ બાકીના ત્રણે આશ્રમોનું પાલણપોષણ કરે છે +

सुप्रजा प्रजाभि स्या सुवीरो वीरै सुपो पोषै ।
नार्य प्रजा मे पाहि शस्य पशून्मे पाह्यथर्यपितु मे पाहि ॥
य० अ० ३, म. ३७

અર્થ—હુ ત્રિવિધ સુખો પ્રાપ્ત કરીને ઉત્તમ પ્રજાયુકત બનુ, ઉત્તમ પુત્ર, બંધુ, સબધી અને સેવકો સાથે ઉત્તમ વીરો સહિત રહુ વગેરે

* प्रजनार्थं स्त्रिय सृष्टा सतानार्थंश्च मानवा ।
तस्मात् साधारणो धर्म्मं श्रुति पत्न्यासहोदिता । मनु ।

અર્થ—ગર્ભધારણ કરવા માટે સ્ત્રીઓ અને ગર્ભધારણ કરાવવા માટે પુરૂષો ઉત્પન્ન કરવામા આવ્યા છે, માટે પતિએ પત્ની સાથે રહેવુ એ આવશ્યક ધર્મ છે

\+ यथा नदीनदा सर्वे सागरे यान्ति सस्थितिम् ।
तथैवाश्रमिण सर्वे गृहस्थे यान्ति सस्थितिम् ॥
यथा वायु समाश्रित्य वर्तन्ते सर्वजन्तव ।
तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्वे आश्रमा ॥
यस्मात् त्रयोऽप्याश्रमिणो दानेनान्नेन चान्वहम् ।
गृहस्थेनैव धार्य्यन्ते तस्माज्ज्येष्ठाश्रमो गृही ॥
सर्वेषामपि चैतेषां वेदस्मृतिविधानत ।
गृहस्थ उच्यते श्रेष्ठ स त्रीनेतान् बिभर्ति हि ॥—मनु

'પુ' નામના નરકથી પિતાની જે રક્ષા કરે તે પુત્ર કહેવાય છે બ્રહ્માજીએ નામ ઉપરથીજ પુત્રનું કર્તવ્ય દેખાડી દીધું છે પુત્ર શબ્દનો અર્થ એવો બતાવેલો છે કે- **पुनाति स्ववंशान् इति पुत्रः ।** સુકૃત્યો કરીને પોતાના વંશને પવિત્ર કરનારનું નામ છે 'પુત્ર' પુત્ર પોતાના રૂડા કર્મોથી દશ પેઢી આગળના પોતાના પૂર્વજો, દશ પેઢી પાછળની પોતાની સંતતી અને સ્વયં પોતાની જાત સાથે કુલ ૨૧ પેઢીઓને દુર્મરણ આદિ પાપોમાથી મુક્ત અને પવિત્ર કરી શકે છે

પુત્ર અથવા પુત્રના પુત્રની આવશ્યકતા માત્ર પિંડદાન અથવા શ્રાદ્ધ કરીને પિતૃઓને સંતુષ્ટ કરવા માટેજ કાંઇ નથી, પણ '**अपुत्रस्य गतिर्नास्ति**'- જેને પુત્ર અથવા સંતાન નહી હોય તેને સદ્ગતિ પ્રાપ્ત થતી જ નથી પુત્ર વગરનાને માટે મોક્ષના દ્વાર જ બંધ રહે છે

એક તરફથી આર્થિક સુગમતા અને બીજી તરફથી વંશવૃદ્ધિ સંબંધી શાસ્ત્રકારોની આવી સુંદર વ્યવસ્થા અને અને અપૂર્વ પુત્ર-મહિમા વંશવૃદ્ધિ કરવાથી આલોક અને પરલોક બન્ને સધાય તો પછી પૂછવાનું કે વિચાર કરવાનુંજ શું હોય ' મનોવૃત્તિને અનુસરનારી પતિપરાયણ સુંદર પત્નીની પ્રેમપૂર્ણ સેવાનો સ્વર્ગીય આનંદ લૂટવાનું કોને નહી ગમે ' અનેક પેઢીઓને મુક્તિ આપનાર શિશુજન્મનો અભિલાષ પણ શામાટે નહી થાય ' એવો મૂર્ખ અને નરાધમ કોણ હોય કે જેને વંશવૃદ્ધિ બંધ કરીને આ લોક અને પરલોક બનેના આનંદને છોડવો ગમે ?

આવી શાસ્ત્રાજ્ઞા હોવાથી ભારતવર્ષમાં ભારે ફેરફાર થઇ ગયો-પ્રત્યેક સ્ત્રીપુરુષના હૃદય પર એનો ભારે પ્રભાવ પડી ગયો યોગ્યા-યોગ્યનો વિચાર બાજુ ઉપર મૂકીને પુત્રપ્રાપ્તિ કરવા માટે દરેક જણે ગૃહસ્થાશ્રમધર્મ પાલન કરવો જોઇએ અને સંસારવહેવાર ચલાવવો જોઇએ. દરેક જણે પુત્રોત્પત્તિ કરવી જોઇએ, નહી તો પરમાર્થ સધાય નહી અને વાસ્તવિક મુક્તિ પણ મળે નહીં. શાસ્ત્રોનો સાચો મર્મ નહીં સમજનારા ભારતવાસીઓના મનમાં એવો વિશ્વાસ

દૃઢ થઇ ગયો છે કે સંતાનોત્પત્તિ કરવાથીજ મોક્ષ પ્રાપ્ત થાય છે પુત્ર વગરનું જીવન વ્યર્થ મનાય છે પ્રાચીન સમયનો ઇતિહાસ તેઓના આવા વિચારને વળી વિશેષ પુષ્ટિ આપે છે 'રામાયણ વગેરે પુસ્તકોમાં પુત્રમહિમા વિષે અનેક કથાઓ તેઓના વાંચવામાં આવે છે દશરથ વગેરે મહા પ્રતાપી રાજાઓએ સંતાનપ્રાપ્તિ માટે કેવા કેવા કષ્ટ વેઠેલા અને મોટા મોટા યજ્ઞો કરેલા અને ભારે તપશ્ચર્યા કરેલી તે વિષેની કથાઓ તેઓને એવો બોધ આપે છે કે પુત્ર ઉત્પન્ન કરવાથીજ મોક્ષ પ્રાપ્ત થાય છે

હજારો વર્ષથી આપણા હૃદયમાં એવી ભાવના રમી રહેલી છે કે જે પુત્ર પોતાના માતપિતાની પાછળ શ્રાદ્ધ કરતો નથી અને પિંડદાન આપતો નથી તેના માતાપિતાની સદ્ગતિ થતી નથી આવો વિશ્વાસ એટલો બધો દૃઢ અને અટળ થઇ પડયો છે, કે તેનું પરિણામ મહા ભયંકર જોવામાં આવે છે અંધવિશ્વાસવાળા ભદ્રજનોની માન્યતા તો એવીજ કે બસ સંતાન હોવા જોઇએ પુત્ર જીવતો રહેવા પામે કે મરણશરણ થાય, પુણ્યાત્મા નિવડે કે પાપનું પુતળું બને–દેશદ્રોહી, પિતૃઘાતક, વ્યભિચારી, કપટી કે ગમે તેટલા દુર્ગુણોનો ભંડાર કેમ ન હોય, તેની લેશ માત્ર દરકાર નથી ' જે લોકો માતાપિતાને તેઓની જીવતઅવસ્થામાં પેટ ભરીને ખાવા માટે અન્ન સરખું પણ આપતા નથી, એટલુંજ નહી પણ ઉલટા તેઓનું લોહી ચૂસી ચૂસીને પોતાનો નિર્વાહ કરવા વાળા કપૂતો પણ માતાપિતાના મરણ પછી પિંડ ગબડાવીને પિતૃઓને સ્વર્ગે પહોંચાડે છે ' હાય હાય ' આ તે કેવી અંધશ્રદ્ધા '

પિંડદાન વડે પરમાર્થની સિદ્ધિ મળતી હોય તો ભલે, પણ શાસ્ત્રાગ્નાનો સત્ય ઉદ્દેશ સમજીને એ ક્રિયાઓનો મર્મ બરાબર ધ્યાનમાં રાખી શ્રાદ્ધ વગેરે ક્રિયાઓ કરવામાં આવે તોજ તેના ફળનો લાભ મળશે. મરણ પછી પુત્ર પિતાને નરકમાંથી મુક્ત કરે એ વાત અપ્રત્યક્ષ અને કાલ્પનિક છે આવું કોઇએ નજરો નજર કદી જોયું પણ નથી અને કોઇ કાળે જોવામાં આવે એવો સંભવ પણ નથી, પરંતુ માતાપિતાની

જીવિત અવસ્થા તો સૌ કોઇ પ્રત્યક્ષ જોઇ શકે છે સ્વર્ગના સુખનો કાંઇ પુરાવો મળતો નથી, પણ આ સંસારમા પુત્ર પોતાના માતાપિતાને કેટલુ સુખ આપે છે તે તો સૌના દીઠામા આવે છે

સ્વર્ગ અને નરકનુ સીધુ ને સાદુ નામ સુખ અથવા દુખ છે આ જીવતા જાગતા સત્ય અને સાર સંસારમા નરકથી મુક્ત કરવુ એટલે દુખ, ભય, ચિંતા, પરાધીનતામાથી છુટકારો કરવો માતાપિતાના સુખની યા તો મોક્ષમાર્ગની સુગમતાને માટે, કુલ, જાતિ અથવા સ્વદેશના ઉદ્ધારને માટે, સંસારના પ્રાણિમાત્રના કલ્યાણને માટે વડીલોએ આરંભ કરેલા કાર્યને પૂર્ણ કરવા માટે કુલદીપક પુત્ર અને પ્રકાશમયી પુત્રીઓની આવશ્યકતા રહે છે સુપુત્રો અને સુપુત્રીઓ પોતાના સત્કર્મ બળ, જ્ઞાન અને આત્મત્યાગ વડે આ સંસારના યાત્રીઓથી ભરેલી નૌકાનો બેડો પાર ઉતારે છે તેવીજ રીતે કુટુબના કોઈ પ્રધાન પોતાના આરંભેલા અથવા અધુરા રહેલા કાર્યો પૂર્ણ કરવા માટે અથવા તેમા વૃદ્ધિ કરવા માટે પોતાના સ્થાન ઉપર એક અથવા અધિક પોતાના સમાન, નહી નહી નહી પોતાના કરતા અધિક સ્વરૂપવાન્, બળવાન, સ્વકુટુબપ્રેમી, સ્વદેશાનુરાગી વીરો અને વીરાગનાઓ મૂકી જાય છે આર્યધર્મની આજ્ઞા પ્રમાણે પ્રત્યેક નર અને નારીને દરેક ગૃહસ્થને આવી પુણ્ય પ્રવૃત્તિ કરવા માટે ઉપર કહ્યા તેવા મનોવાછિત ઉત્તરાધિકારી પાછળ મૂકી જવા માટે બધન છે કર્તવ્ય રૂપે આરંભેલા કાર્યને પરિપૂર્ણ કરવા માટે પુત્રની ઇચ્છા મનુષ્યનામા થવી સ્વાભાવિક છે, અને એવી પ્રાકૃતિક, સ્વાભાવિક અને ધાર્મિક ઇચ્છા પૂર્ણ કરવા માટે પ્રાચીન આર્ય વિદ્વાનો ગૃહસ્થાશ્રમના દૃઢ નિયમો બાધી ગયા છે તે નિયમો પ્રમાણે ચાલવાથી કુપાત્ર પ્રજા ઉત્પન્ન થતી જ નથી એ વાતમા જરા પણ સદેહ નથી, એટલુજ નહીં પણ એ નિયમો પ્રમાણે મનગમતી- સર્વોત્તમ સતતિ પેદા કરી શકાય છે કોઇ પણ વેદમા, કોઇપણ શાસ્ત્રમા, અને કોઇ પણ ધર્મમા નિર્બળ, આળસુ, મૂઢ સતાન પેદા કરવા કહેલુ નથી. ગૃહસ્થાશ્રમ ધર્મમા પ્રવેશ કરવો એ કાઇ

બાળકોની રમત નથી, અથવા હાસીનો ખેલ નથી દુર્બળ અને અયોગ્ય મનુષ્ય આવા મહત્ત્વપૂર્ણ ધર્મનુ પાલન કરી શકતા નથી ગૃહસ્થાશ્રમમા બહુ સાવધાની રાખવાની છે એવી મનુ મહારાજની સ્પષ્ટ આજ્ઞા છે * મનુ ભગવાને તો એવા લોકોને ગૃહસ્થાશ્રમી થવાનો અધિકાર પણ રાખેલો નથી કેવા કેવા લોકોએ વિવાહ કરવો અને કેવા કેવા લોકોએ વિવાહ નહી કરવો તે પણ લખેલુ છે ' જે કુળમા સુકર્મ કરવામા આવતા નથી, સારા સતાન ઉત્પન્ન થતા નથી, વેદાધ્યયન કરવામા આવતુ નથી, જે કુળમા બાળકોના શરીર ઉપર લાબા લાબા વાળ ઉગતા હોય, જે કુળમા ક્ષય, ફેફ્ફ્રુ અને સફેદ કોઢનો રોગ થતો હોય, તેવા કુળોમા કન્યા આપવી નહી અને તેવા કુળોમાથી કન્યા લેવી પણ નહી "

" પીળા વર્ણવાળી, અધિક અગ વાળી (જેવી કે છ આગળા વાળી) રોગી, જેના શરીર ઉપર બીલકુલ રૂવાટી નહી હોય, અથવા જેના શરીર ઉપર પુષ્કળ રૂવાટી હોય, નકામી વાતો બકયા કરતી હોય, બિલાડીના જેવી માજરી આખ વાળી હોય, જેનુ નામ નક્ષત્ર ઉપરથી હોય (રેવતી, રોહિણી, વગેરે), જેનુ નામ નદી ઉપરથી હોય (ગગા, જમના, વગેરે), જેનુ નામ પર્વત, પક્ષી ઉપરથી હોય (કોકિલા, મેના, પાર્વતી વગેરે), સાપ ઉપરથી (ઉરગા ભોગની, નાગણી વગેરે), પ્રેષ્ય (દાસ્ત) વાચક નામ વાળી, અને ભયકર (કાલિકા, ચડિકા વગેરે) નામ જેના હોય એવી કન્યા સાથે વિવાહ નહી કરવો જોઈએ પણ જે કન્યા સર્વાગ સુદર હોય, જેના સૂક્ષ્મ કેશ અને સૂક્ષ્મ દાત હોય, હસ અથવા હાથીના જેવી જેની ચાલ હોય, અને ઉત્તમ નામ હોય એવી કન્યા જોઇને વિવાહ કરવો જોઇએ "†

---

* स सन्धार्य्य प्रयत्नेन स्वर्गमक्षयमिच्छता ।
सुखञ्चेहेच्छता नित्यं योऽधार्यो दुर्बलेन्द्रियै ॥

† हीनक्रिय निष्पुरुष निश्छन्दो रोमशार्शसम् ।
क्षय्यामयाव्यपस्मारिश्वित्रिकुष्ठिकुलानि च ॥

ભલે ઋતુમતી કન્યા પોતાના પિતાના ઘરમા મરણ પર્યંત કુંવારી બેઠી રહે, પરંતુ ગુણહીન, અયોગ્ય, અસમાન પુરૂષ સાથે વિવાહ કદી પણ કરવો નહીં+

નારદ ઋષિએ કહ્યુ છે કે, " કુમારોની પરીક્ષા કુશળ વૈદ્ય પાસે કરાવીને તેની આજ્ઞા મળે તો વિવાહ કરવા જોઇએ કુમારમા જો સંક્રમિક (ચેપી) રોગ, ... ઉત્પાદક રોગ, શરીરની કુરૂપતા, બ્રહ્મચર્યનો ભંગ આદિ દોષ હોય તો તેનો વિવાહ થઇ શકે નહી, અને ઉપર જણાવેલા દોષ અથવા ગાંડપણ, જાતિહીનતા, નપુંસકતા, દરિદ્રતા આદિ દોષ કુમારમા હોય તો તે પણ વિવાહને માટે અધિકારી નથી " એ શિવાય જ્યોતિષ શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર વગેરે પણ એવી વાતોથી ભરપૂર ભરેલા છે, અને તેમા કેવી સ્ત્રીની સાથે અથવા કેવા પુરૂષની સાથે ક્યા સમયે વિવાહ થવો જોઇએ એ વર્ણવેલુ છે મનુષ્યનુ શરીર અને આત્મા બન્ને ઉત્તમ રહેવા માટે ગર્ભાધાનથી માંડીને સ્મશાનાંત અર્થાત્ મરણ પછી મૃતક શરીર દહન કરવા સુધીના ૧૬ સંસ્કારો થાય છે શરીરનો આરંભ ગર્ભાધાનથી અને અંત અન્ત્યેષ્ટિથી થાય છે આ સોળે સંસ્કાર નિયમ પૂર્વક કરવા એ પ્રત્યેક આર્યજનનુ કર્તવ્ય છે

ઉપરની હકીકત ઉપરથી સમજુ લોકોના મનમા પ્રશ્ન ઉઠે છે કે – ઋષિઓના સમયના પ્રચલિત નિયમોમાનો આજે એક પણ નિયમ

नोद्वहेत्कपिलां कन्यां नाधिकाङ्गीं न रोगिणीम् ।
नालोमिकां नातिलोमां न वाचाटां न पिङ्गलाम् ॥
नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् ।
न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥
अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत् स्त्रियाम् ॥

\+ काममामरणात्तिष्ठेद्गृहे कन्यर्तुमत्यपि ।
न चैवैनां प्रयच्छेत्तु गुणहीनाय कर्हिचित ॥

તેઓની આજ્ઞા પ્રમાણે પળાય છે ખરો ? આજે કેવલ હૃષ્ટ પુષ્ટ, નિરોગી, વિદ્વાન, વિદ્યાભ્યાસી, સત્યાસત્યવિવેકી અને કર્તવ્યપરાયણ લોકોજ ગૃહસ્થાશ્રમ ચલાવે છે કે ? ધાવતા બાળકોના, ખોળામા રમતા બાળકોના અથવા સ્કૂલોમા નાચકૂદ કરતા બાળકોના માથા ઉપર ગૃહસ્થાશ્રમ ઠાની બેસાડવો એ શુ ધર્મ છે કે ! નાકડીઆ કોઢીઆ, મૂર્ખા, રોગી, દુર્બળ દરિદ્રી લોકો સતાનોત્પત્તિ કરી રહ્યા છે તે પણ ધર્મ છે કે ? આપણે સાક્ષાત્ જોઇએ છીએ કે ૧૦૦માથી ૫૦ બાળક નાનપણમા જ (એક વર્ષની વયમાજ) મરણને શરણ થઇ જાય છે, એ બાળકોના મોતનુ કારણ માતાપિતાની ત્રુટિ છે, એવુ જાણતા હોવા છતા દમ દમને સતાન ઉપર સતાન પેદા કરતા રહી સ્મશાન અને કબ્રસ્તાન ભર્યા જવુ એવો ધર્મ તો અભાગિઆ ભારત દેશમાજ ચાલવાનો ! અફસોસ !

ધર્મ અથવા અધર્મનો નિર્ણય ભલે મનુષ્ય કરે કે નહી કરે, કોઇ અધર્મને પણ ધર્મ કહીને પોતાના ભોળા ભાઇઓને ભરમાવ્યા કરે પરન્તુ પ્રકૃતિ કદી પણ કોઇનાથી છેતરાતી નથી કાળચક્ર આપોઆપ ધર્મ અને અધર્મ જૂદા કરીને દેખાડશે ધર્મથી ઉન્નતિ અથવા ચઢતી અને અધર્મથી અધોગતિ અથવા પડતી અવશ્ય થવાની તે તો થવાનીજ મનુષ્યની કોઇપણ કૃત્રિમ શકિત એમા ફેર કરી શકતી નથી પ્રજાના ધાર્મિક જીવનથી દેશની ઉન્નતિ અને અધાર્મિક જીવનથી અવનતિ થાય છે, તે પ્રમાણે નિશ્ચય થવાની જ સભ્ય સસાર સન્મુખ આપણા દેશની કેવી દીન દશા છે કેવી અધોગતિ થતી ચાલી છે તે બતાવવાની આવશ્યકતા આજે રહી જ નથી.

આવો ભયકર અધર્મ શુ ચાલ્યો છે ? પ્રજામા સ્વદેશાભિમાન કેમ નથી ? પ્રજા આળસુ અને નિરુદ્યોગી બની જવાનુ મૂળ કારણ શુ છે ? એનો ઉત્તર એ છે કે "ભારતના લોકો પ્રજા ઉત્પન્ન કરે છે પણ તેઓને સુયોગ્ય બનાવવા માટે સામર્થ્ય ધરાવતા નથી "

બે માળીઓ ઝાડો રોપવાનુ કામ કરે તેમાનો એક વનસ્પતિ શાસ્ત્રનો પડિત હોય અને બીજો તે જ્ઞાનનો ગમાર હોય ચતુર માળી જમીનને

ફળદ્રુપ બનાવે છે અને ખરી મોસમ પ્રમાણે બીયા રોપે છે, વળી તે જેટલા ઝાડની પોતે સારી રીતે દેખરેખ રાખી ખાતર પાણી આપી શકે તેટલાજ બીયા વાવે છે પણ મૂર્ખ માળી તો મોસમ કમોસમ જાણ્યા વગર, સારી નઠારી જમીન તપાસ્યા વગર ગમે તેમ બીયા વાવી બેસે છે તેમાથી કેટલાક બીયા તો ઉગતાજ નથી, કોહી જાય છે અથવા સૂકાઇ જાય છે બાકી જે ઉગે છે તે એટલા બધા ઉગે છે કે તેની તે દેખરેખ રાખી શકતો નથી પરિણામ એ આવે છે કે ચતુર માળી પુષ્કળ ફળફૂલ વેચીને માલદાર બની જાય છે, અને પેલા મૂર્ખ માળીનો ઘણોખરો ખર્ચ અને મહેનત નકામા જાય છે, અને છેવટે તે દરિદ્રી અને ભિખારી બનીને પેલા ચતુર માળીના આશ્રિત બને છે

માત્ર સતાન પેદા કરવાથી શો લાભ? બચ્ચા જનમ્યા અને મરી ગયા અથવા કેટલોક વખત જીવીને મરી ગયા એ બચ્ચાની પાછળ જે દ્રવ્ય અને શક્તિ વપરાયા તે વ્યર્થ ગયા મુદ્દલ રકમજ ડૂબી જાય પછી વ્યાજને કોણ રડે? પણ સભ્ય દેશના લોકો તો એવાજ બાળકો ઉત્પન્ન કરે છે કે જેઓ નિરોગી શરીરના, બાંધાદાર, હુશિયાર રહે અને પૂરેપૂરૂ આયુષ્ય ભોગવે તે લોકો જે શક્તિ અને ધન પોતાના સતાન પાછળ વાપરે તે જમા થયા કરે અને પોતાના ખરા અવસર પર વ્યાજ સાથે પાછા વાપરવા માટે કામ આવે છે એવી રીતે શક્તિ અને દ્રવ્ય બને વધતાજ રહે છે મુદ્દલ રકમ ખોઇ નાખનાર અને વ્યાજનુ વ્યાજ વધારનાર શાહુકારનો મુકાબલોજ કેવી રીતે થઇ શકે?

સારાશ કે આપણી પોતાની નબળાઇને આપણી પોતાની ત્રુટિ અને ભૂલોને ધર્મ અથવા અધર્મને નામે ચલાવી લેવાય તે વ્યાજબી નથી ધર્મને બહાને સાક્ષાત્ અધર્મ, હડહડતો અધર્મ કરવાના ફળ બહુજ ઝેરી નિવડે છે, અને તેનુ નિશ્ચિત પરિણામ આવે છે તે ‘ મૃત્યુ ’.

આ બધી ઘટનાઓ, દોષો અને નિર્બળતાઓ દેખાડવાનુ કારણ એ છે કે સૌ કોઈ પોતપોતાની વાસ્તવિક દશાનુ અવલોકન કરીને તે

દૂર કરવાના ઉપાય કરવાનો વિચાર કરે પ્રત્યેક સમાજ, દેશ, અને કાળમા હમેશા એકનુ એકજ ધર્મશાસ્ત્ર, એકનો એકજ નિયમ, એકજ પ્રકારની સભ્યતા કાયમ રહી શકે નહીં સમયે સમયે એ સર્વમા પણ પરિવર્તન થતુ જ રહે છે અથવા થવાની જરૂર હોય છે * માટે સમયાનુસાર દેશની પરમાવશ્યક બાબતોનો અમલ કરવાથી કાંઈ પણ અધર્મ થતો નથી જેનાથી આપણી મતલબ સધાય, આપણા દેશ અને જાતિની દશા સુધારી શકતી હોય, તે વાત ચાહે તો નવીજ હોય, અથવા ચાહે તો આપણા ધર્મશાસ્ત્રમા કાઇપણ વર્ણન તેને વિષે નહીં હોય, તોપણ તેનો અમલ કરવો એ પરમ ધર્મજ ગણાય દેશની ઉન્નતિ જેનાથી થતી હોય તેના કરતા વધારે પુણ્યનુ કામ બીજુ કાંઈ પણ નહીં ગણાય

यतोऽभ्युदयनिश्रेयस्सिद्धि स धर्म्म ।

પાંચમો પરિચ્છેદ.

જનવૃદ્ધિ-નિરોધનો ઉત્તમ ઉપાય.

The nation is an organism in struggle to survive and its success in that struggle depends on the strong increase of the best elements of its population ‡ —Karl Pearson.

આ યુદ્ધ અથવા કર્મ-ક્ષેત્ર સસારમા પ્રત્યેક દેશ પોતપોતાના અસ્તિત્વને માટે યુદ્ધ મચાવી રહ્યો છે, અને વિજય પ્રાપ્ત થવાના સ કેત દેશોના લોકસમુદાયની વ્યક્તિગત ઉત્તમતા ઉપર અવલબી રહે છે

—કાર્લ પીયર્સન.

---

* अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरेऽपरे ।
अन्ये कलियुगे नृणां युगह्रासानुरूपत ॥—मनुस्मृति.

‡ National Life from the Stand-point of Science by K Pearson.

આ જીવનસગ્રામમાથી કોઇ બચી શકતું નથી પ્રત્યેક સમયમા, પ્રત્યેક દેશમા, પ્રત્યેક રાષ્ટ્ર, જાતિ અને મનુષ્યમા આ ઝગડો અનત કાળથી જારી છે એજ નિયમને અનુસરીને ભારતને પણ યુદ્ધક્ષેત્રમા ઉતરવુ પડ્યુ છે, પરતુ શરમ અને દુખ સાથે સ્વીકારવુ પડે છે કે ભારતની હાર થઇ છે અને હવે આપણા પ્યારા દેશ સન્મુખ જીવન અને મૃત્યુ વિષે ભયકર પ્રશ્ન ઉભો થયો છે

કોઇ પણ જાતિ અથવા દેશની આવી દીન, હીન અને ભયકર દશા સુધારવાનો અથવા ઉન્નત કરવાનો ગભીર વિચાર ઉભો થાય છે ત્યારે આપોઆપ મનમા બે પ્રશ્નો ઉઠે છે એક પ્રશ્ન તો એવો છે કે આજ સુધી એ જાતિની ઉન્નતિ અટકાવી રાખનારા ક્યા ક્યા કારણો છે ? અને બીજો પ્રશ્ન એવો છે કે ભવિષ્યમા એ બધા કારણો અથવા બધા નહીં તો એમાના કોઇ કારણો દૂર થવાની આશા છે કે નથી ?

આ પ્રશ્નોનો પૂરેપૂરો નિવેડો આણવાનુ અને જાતિ અથવા દેશની ઉન્નતિ અટકાવનારા કારણોનો પૂર્ણપણે વિચાર કરવાનુ કામ કોઇ એકજ મનુષ્યની શક્તિ બહાર હોય છે અને એવો કોઈ ઉપાય બતાવી પણ નથી શકાતો કે જે કરવાથી અથવા નહીં કરવાથી તે દેશની દશા જેવી જોઇએ તેવી સુધરી જાય આ પ્રમાણે થવુ જ અસભવ છે માટે ભિન્ન ભિન્ન દેશોના તથા ભિન્ન ભિન્ન સમયના વિદ્વાન તત્વવેત્તાઓ તથા લોકહિતૈષિ પુરૂષોએ એ પ્રશ્નો વિષે પોતપોતાની સમજ પ્રમાણે જુદી જુદી રીતે નિવેડો આણવાનો પ્રયત્ન કરેલો છે, અને ઉન્નતિ અટકાવનાર કારણો પૈકીના કોઇ પણ કારણ વિષે પોતાનો વિચાર પ્રગટ કરેલો છે

ભારતવર્ષમા ચારે બાજુએથી ઉન્નતિનો પોકાર થઈ રહ્યો છે. કોઇ કહે છે કે ભારતની પ્રજામા સ્વદેશાભિમાન નથી, કોઈ કહે છે કે લોકો પોતાનો ધર્મ સમજતા નથી, કોઇ કહે છે કે લોકો આળસુ અને નિરૂદ્યમી બની ગયા છે અને કોઇ કહે છે કે દેશમા એક સપ નથી

અનેકાનેક સજ્જન પુરૂષો ભારતના સુધારા માટે તન-મન-ધન અર્પણ કરી રહ્યા છે, અને તેના છૂટા છૂટા અંગોને સુધારવા મથી રહ્યા છે. ઘણી ઘણી સંસ્થાઓ લેખો અને વ્યાખ્યાનો દ્વારા પ્રજામાં સ્વદેશાભિમાન ફેલાવી રહી છે, ઘણી ઘણી સભાઓ ધર્મનેજ મૂળ માનીને ધાર્મિક શિક્ષાનો પ્રચાર કરી રહી છે, અને ઘણી સોસાઇટીઓ સાર્વજનિક પ્રેમ તથા સંઘશક્તિના મહત્વને લક્ષબિંદુ રાખીને અછૂત જાતિઓના ઉદ્ધાર પાછળ મંડી પડી છે એ કામો અને એવા પ્રકારના બીજા કામો પણ પ્રશંસનીય છે, અને એ બધા કામોથી દેશનું કલ્યાણ થાય તે તો ખરૂં છે, પરંતુ માત્ર થોડા દેશહિતૈષિ લોકો પોતાના જીવન દેશસેવા કરવામાં ગાળતા હોય અને દેશબંધુઓનો મોટો ભાગ તેઓના કામમાં વિઘ્ન નાખે, તો સંગીન સુધારો કદી પણ થઇ શકે નહી અનાથ રક્ષાને માટે આપણે ધમપછાડ કરીએ અને પોકાર ઉઠાવીએ, પણ મરતી વખતે અર્ધો ડઝન અનાથ પાછળ મૂકી જઇએ, સમાજ સુધારાનું બીડું ઉઠાવીએ ખરા, પણ અયોગ્ય બચ્ચા પેદા કરીને સમાજમાં નાલાયકોની ભરતી કરતા રહીએ, એમ કરવાથી શું લાભ થાય? એક કવિએ કહ્યું છે કે —

If everyone looks to his own reformation,
How very easy to reform a nation

અર્થાત્—જો કોઇ રાષ્ટ્રનો પ્રત્યેક જણ પોતપોતાનો સુધારો કરી લેવાનો પ્રબંધ કરે તો ઘણી સહેલાઇથી આખા રાષ્ટ્રનો સુધારો થઇ જાય પરંતુ તમામ પ્રજા દેશની અધોગતિનો વિચાર ન કરે, અને સુધારો કરવા માટે બેદરકાર રહે, તો મૂઠીભર સુધારકો વડે દેશની દશામાં પરિવર્તન કરવાનું કામ બહુ મુસ્કેલ થઇ પડે, અને થાય તોપણ બહુ લાંબા સમયે થઇ શકે વળી એટલું પણ ધ્યાનમાં રાખવાનું છે કે ઘણીએક બાબતો તો પોતાની જાતેજ કરીએ તો થાય એવી છે, તેમાં બીજાઓનું કર્તવ્ય કશા ઉપયોગમાં આવી શકતું નથી ભારત જન-

તાની વૃદ્ધિનો આ મહત્ત્વપૂર્ણ વિષય છે એમાં સુધારો કરવો કે ન કરવો તે પ્રત્યેક ભારતવાસીને આધીન છે

હતભાગ્ય ભારત દેશમાં પ્રાકૃતિક નિરોધ (Positive check) કેવી ભયંકર નિર્દયતાથી બેસુમાર વધારો અટકાવીને ખોરાક અને જનસંખ્યાની સમાનતા સ્થિર રાખે છે તેનું વર્ણન બહુ સારી રીતે બતાવી દીધું છે આવી રીતે થવાથી દેશને બહુ ભારે ધક્કો લાગે છે અને દિનોદિન અધોગતિ વધતી જાય છે દેશનો અભ્યુદય અને કલ્યાણ થવા માટે પ્રજા બહુ નહી વધી જાય એવો માર્ગ લેવાની આવશ્યકતા છે માટે જનવૃદ્ધિ-નિરોધના કેટલાએક માનુષી ઉપાય (Prudential or Restrictive check to Population) નીચે બતાવ્યા છે

જનસંખ્યા ઓછી રાખવાના જેટલા કારણો છે તેના ત્રણ ભાગ પાડી શકાય —

૧ માત્ર ઉત્તમ સંતાનજ ઉત્પન્ન કરવા (સંતાનશાસ્ત્ર)

૨ ઇંદ્રિયદમન કરીને સંતાનની સંખ્યા ન વધવા દેવી

૩ કૃત્રિમ નિરોધ (Artificial check) એટલે કે ઔષધિઓ અથવા યંત્રોનો પ્રયોગ કરીને જરૂર પ્રમાણે એટલે જોઇતા હોય તેટલાજ સંતાન ઉત્પન્ન કરવા

છઠ્ઠો પરિચ્છેદ.

સંતાન શાસ્ત્ર
એટલે
ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાના નિયમ.

'Positive and negative Eugenics are one and the same, that the relative increase of the better is the relative decrease of the worse' ×

—Whetham

ધનાત્મક અને ઋણાત્મક સંતાનોત્પાદનનું (Eugenics) પરિણામ વાસ્તવિકપણે એકને એકજ છે કેમકે ઉત્તમ પ્રજાનો જેટલો વધારો થાય છે તેટલોજ અધમ પ્રજાના ઘટાડો થાય છે.

—વ્હેથમ

આ વિષય બહુજ મહત્વનો છે કોઈ પણ જાતિની ઉન્નતિનો આધાર તેની ઉત્તમોત્તમ ઉત્પાદક શક્તિ ઉપર રહે છે કોઇ પણ જાતિ જેટલી વધારે અને સર્વોત્તમ પ્રજા ઉત્પન્ન કરી શકે છે, તે જાતિ તેટલીજ શીઘ્રતાથી ઉન્નતિના શિખરે પહોચીને શોભા પામે છે. કૃત્રિમ નિરોધ (Artificial check) અથવા ઇંદ્રિયદમન કરીને અધમ પ્રજાની ઉત્પત્તિ અટકાવવી તેના કરતા ઉત્તમ પ્રજાની વૃદ્ધિ કરવા પર ધ્યાન રાખવુ એ કાઇએક વધારે આવશ્યક વાત છે * એ

× Family and the Nation, by Whetham.

* The possibility of improving the race of a nation depends on the power of increasing the productivity of the best stock This is far more

વિષયમા જર્મની અને ફ્રાન્સ એ બે દેશો ઉત્તમ ઉદાહરણો છે. જર્મનીએ ઉત્તમ પ્રજાની વૃદ્ધિ કરવા ઉપર વધારે ધ્યાન આપ્યુ છે, અને ફ્રાન્સના લોકોએ અધમ પ્રજા નહીં ઉત્પન્ન કરીને પોતાની જનસંખ્યા અમુક હદમા રાખવા ઉપર વધારે ધ્યાન આપ્યુ છે પરિણામ એ આવ્યુ છે કે ફ્રાન્સ પોતે જોકે બહુ સારી દશામા છે, અને ચીન અથવા ભારતવર્ષ જેવા અધમ પ્રજાથી ભરપૂર દેશો જોડે તેનો મુકાબલો નથી કરી શકાતો, તો પણ જર્મનીના મુકાબલામા તે બહુજ નીચો પડેલો જોવામા આવે છે માટે, જેવી રીતે, ચીન અને ભારતના કરતા ફ્રાન્સની દશા કાઇક સારી છે ખરી, તેમ છતા જર્મની ફ્રાન્સ કરતા પણ સરસ નીવડ્યુ, તેવી રીતે અધમ પ્રજાની ઉત્પત્તિ હરકોઇ રીતે રોકવી એ સારૂ તો છે, પણ તેના કરતાએ કાઈ વધારે સારી વાત તો એ છે, કે એક માત્ર સર્વોત્તમ પ્રજાની ઉત્પત્તિ તરફ સૌથી વધારે કાળજી રાખવી કહો કે પ્રકૃતિ બેસુમાર વધારો તો અવશ્ય અટકાવશે જ, પછી તે ઉત્તમ પ્રજાનો હોય અથવા અધમ પ્રજાનો હોય—ચાહે તેનો હોય એક ચીનાઇ વિદ્વાનના કહેવા પ્રમાણે (Fankwei Foreign Devil) અયોગ્ય પ્રજાવાળા રાષ્ટ્રને વિદેશી રાક્ષસ ભક્ષણ કરી જશે, અને એવા બળવાન રાક્ષસોની વૃદ્ધિ યુરોપીય મહાભારતના જેવા યુદ્ધ–કુંડોમા સ્વાહા થઈ જશે. એવી રીતે પ્રકૃતિ આખા ભૂમડળમા ખોરાક અને તે ખાનારા મનુષ્યની સમાનતા સ્થિર રાખશે. તમુર, નાદિર, પ્લેગ, દુર્ભિક્ષ, દરિદ્રતા, અને એ સઘળાથીએ ખરાબ પરાધીનતાના પજામા ફસાઇને મરવા કરતા તો ચક્રવર્તિ રાજ્યાભિલાષિ જર્મની પેઠે રૂશિયા, ફ્રાન્સ અને ઇગ્લાડ સાથે બાથ ભીડીને કપાઈ મરવુ તે સારૂ ગણાય. જ્યા કસોટી નથી ત્યા જીવન નથી હાલની રાષ્ટ્રીય કસોટીમા વિજય

important than that of repressing the productivity of the worst'

—Enquiries into Human Faculty page 336.

મેળવવા માટે યોગ્યતા જોઈએ માટે રાષ્ટ્રમા યોગ્યતા વધારવાની કામના પ્રશસનીય છે એજ કારણથી આ પુસ્તકમા પ્રથમ કૃત્રિમ ઉપાયો વડે અધમ પ્રજાનો વધારો અટકાવવાની રીત નહી બતાવતા સુદૃઢ, સુન્દર અને સદાચારી સતાન ઉત્પન્ન કરવા તરફ આગ્રહ દેખાડવામા આવ્યા છે જ્યારે ઉત્તમ પ્રજાની ઉત્પત્તિ થવા લાગશે ત્યારે અધમ પ્રજાની ન્યૂનતા આપોઆપજ થઈ જશે '

ભારતવર્ષના પ્રાચીન શાસ્ત્રો ઉપરથી માલમ પડે છે, કે આપણા પુર્વજોએ આ વિષયની બહુ બહુ ખોજ કરેલી હતી પ્રાચીન આચાર વિચાર અને રીતભાત ઉપરથી એવુ સમજાય છે કે તે સમયના લોકો ખોજ કરીને જ થોભ્યા નથી, પણ એ વિષયના વ્યવસ્થિત નિયમો પ્રમાણે જ વર્તતા હતા આપણા પુર્વજોના આદર્શ જીવનકલાના તથા સતતી શાસ્ત્રના જ્ઞાનની ઝલક બતાવનારા હજારો જીવનચરિત્ર મોજુદ છે જેવા કે રામ અને કૃષ્ણ, સત્યવાદી હરિશ્ચદ્ર અને યુધિષ્ઠિર, અખડ બ્રહ્મચારી ભિષ્મપિતામહ અને હનુમાન, મહારથી અર્જુન, ભીમ, અને કર્ણ, વિદ્વાન નરેશ જનક અને શ્રીહર્ષ, પરોપકારી શિબી અને ભોજ, કવિકુલભૂષણ કાલિદાસ, ભવભૂતિ, દંડી અને માઘ, જગદ્ગુરૂ ભગવાન વ્યાસ અને શુકદેવ, ગાૈતમ અને શકર, સ્ત્રીસમાજના મુખ ઉજ્વળ કરવા વાળા સીતા અને સાવિત્રી, દ્રૌપદી અને શકુતલા વગેરે

સસારમા એવી અનેક જાતીઓના ઉદાહરણ મળી આવે છે કે જેઓએ બહુ વેગથી ઉન્નતિ સાધીને સેકડો વર્ષ સુધી રાજ્ય ચલાવ્યુ,

---

* What success in life indicates ability and that ability is desirable possession for race

'I have not spoken of the repression of the inferior stock believing that it will ensue indirectely as a matter of course'

—The Parenthood and Race-culture.

પણ આખરે નષ્ટભ્રષ્ટ થઇ ગઇ તેના અસ્તિત્વનો પુરાવો આ જમાનામા માત્ર તેઓની કબરો અથવા પૃથ્વિને તળીએ તેઓની દટાયલી વસ્તુઓ ઉપરથીજ મળી શકે છે * પરંતુ હજારો વર્ષથી પરાધીનતાના દુ ખમા ડૂબેલી હોવા છતા જર્જરાવસ્થા પામેલી પ્રાચીન આર્ય જાતિ હજુ નાશ પામી નથી અને પોતાનુ અસ્તિત્વ સાચવી રહેલી છે આવા કુસમયમા પણ એ જાતિએ સ્વદેશભક્ત મહારાણા પ્રતાપ, મહારાષ્ટ્રકેસરી શિવાજી, ગુરૂ ગોવિંદસિંહ, રાણી દુર્ગાવતી અને લક્ષ્મીબાઈ આદિ અગણિત વીરો અને વીરાંગનાઓને જન્મ આપ્યો છે એ ઉપર વર્ણવેલા મહા પવિત્ર સંસ્કારોના અને સંતાનશાસ્ત્રના નિયમોના પ્રચારનુ જ ફળ છે પણ આજે આપણે એ નિયમોને વિસારી દીધા છે, અને તેનો પ્રચાર બંધ પડતો જાય છે અર્વાચીન સમયની સભ્ય જાતિઓએ પણ સંતાનશાસ્ત્રના નિયમોની ખોજ કીધી છે અને તેનો લાભ લઇને તેઓએ પોતાની ઘણીખરી ઉન્નતિ કરી લીધી છે પરંતુ આપણે એ નવા નિયમો પણ જાણતા નથી આવી રીતે પ્રાચીન અર્વાચીન નિયમોના અજ્ઞાનના કારણથી આપણે અધોગતિના ઉંડા ખાડામા ગબડતા જઇએ છીએ જેટલા વેગથી આપણુ અધ પતન ચાલી રહ્યુ છે તે જોતા તો એવો ભય લાગે છે, કે રખે ને આ જગતમાથી આપણુ નામનિશાન પણ ટળી જાય માટે દેશના સમજુ સજ્જનોએ તનતોડ મહેનત કરીને ભારતજનતાને સંતાનોત્પત્તિશાસ્ત્રનો મર્મ સમજાવવો જોઇએ, અને શિશુપાલન તથા શિક્ષણનુ મહત્વ બતાવવુ જોઇએ સંતાનશાસ્ત્ર સંબધી વિચાર ચાહે તો આધુનિક સંસારના હોય અથવા ચાહે તો આપણા પ્રાચીન પૂર્વજોના સમયના હોય, તેની કશી હરકત નહી રાખતા તે જાણવા જોઇએ એટલી

* જેવા કે મિસરના પિરામિડ; બાબિલન, ગ્રીસ, મેક્સિકો, દક્ષિણ અમેરિકામા ખોદ કામ કરતા મળી આવેલી વસ્તુઓ, અને નિનિવેના ખડેરો વગેરે

વાત ખરી પૂર્વજોની આચાર પદ્ધતિ પણ ધ્યાનમા રાખવી અને આધુનિક વૈજ્ઞાનિક દેહ-ધર્મ-શાસ્ત્રનુ જ્ઞાન પણ પ્રાપ્ત કરવુ એ પ્રત્યેક ભારતવાસીના કલ્યાણની વાત છે પ્રત્યેક ભારતવાસીએ આ મહાન સદેશો ઘેરેઘેર પહોચાડવો જોઇએ લોકોનુ આ વિષય તરફ આકર્ષણ કરવુ જોઇએ, અને આ કર્તવ્યકર્મનો આગ્રહ રાખવો જોઇએ

'It must be made familiar as an academic question until its exact importance has been understood and accepted It ought to be intro duced into the national conscience like a new religion It may be defined as the Science which deals with those social agencies that influence the race of future generations *

મનુષ્ય જાતિની ઉત્તરોત્તર વશવૃદ્ધિના નિયમો બતાવનાર આધુનિક શાસ્ત્રના નામ 'અભિજનન શાસ્ત્ર' 'પ્રજાજનનશાસ્ત્ર,' 'સતાનશાસ્ત્ર' વગેરે છે અગ્રેજીમા તેને યુજનિકસ (Eugenics) કહે છે સતાનશાસ્ત્રનો વિષય ઘણો ગભીર અને વિશાળ છે એનો સબધ જીવનવિદ્યા (Biology), નરવિદ્યા (Antropology), શરીરરચનાવિદ્યા (Anatomy), માનસશાસ્ત્ર (Psychology), સમાજશાસ્ત્ર (Sociology), અને આચારશાસ્ત્ર (Ethics) વગેરે અનેક શાસ્ત્રો સાથે છે આવા નાના પુસ્તકમા એવા ગભીર વિષય ઉપર વિસ્તાર પૂર્વક વર્ણન કરવા જેટલુ સ્થાન નથી, માટે માત્ર એ વિષયની છાયા અથવા આભાસ (Bird's-eye-view) જણાવવા જેટલોજ પ્રયત્ન કરેલો છે એવા ગભીર વિષય ઉપર સ્વતત્ર પુસ્તકો વડેજ પૂર્ણપણે વિવેચન કરી શકાય

---

* National Life from the stand-point of Science-Page 20

સસારમા પ્રત્યેક કાર્ય નિયમપૂર્વક ચાલે છે જ્યા સુધી દૃષ્ટિ પહોચી શકે અને બુદ્ધિ દોડી શકે ત્યા સુધી તો કોઇ પણ વાત પ્રકૃતિના નિયમ વિરૂદ્ધ બનતી હોય એમ દેખાતુ નથી પૃથ્વિ, આકાશ તેજ, વાયુ, પ્રકાશ, ગ્રહ, નક્ષત્ર, ચદ્ર, સૂર્ય આદિ સર્વ પોતપોતાના નિયમાનુસાર કાર્ય કરે છે પ્રકૃતિના દરેક કાર્યના નિયમો ઠરી રહેલા છે એજ નિયમોને ઇશ્વરની કૃતિ, ગુપ્ત રહસ્ય, અમોઘ શક્તિ અને અગણિત વિદ્યાઓનો ખજાનો કહે છે એજ પ્રાકૃતિક નિયમોના જ્ઞાન વડે મનુષ્ય જાતિનુ શ્રેય અને કલ્યાણ થઇ શકે છે મનુષ્યની બુદ્ધિ વિકાસ પામતી જાય અને ખીલતી જાય તેમ તેમ એ નિયમોના ગુપ્ત ભેદ તે સમજી શકે છે, અને એ નિયમોનો સદુપયોગ કરવામા આવે તે પ્રમાણે તેનુ શ્રેય થતુ જાય છે તથા યોગ્યતા વધતી જાય છે, તેથી સસારમા બહુ મહત્વના અને આશ્ચર્યજનક કામો કરવાની શક્તિ આવતી જાય છે મનુષ્ય જાતિની ઉન્નતિ અને લાભને માટે એ નિયમો જાણવાની, શીખવાની અને સમજવાની ઘણીજ જરૂર છે જે જાતિઓમા એવા જ્ઞાનનો અભાવ હોય, એ નિયમોનુ અજ્ઞાન હોય તે આ સસારમા અજ્ઞાનાધારમા ગોથા ખાતી ખાતી અધોગતિના કાદવ કીચડમા ફસાઇને મરી ફીટે છે અને જે જાતિઓ પ્રાકૃતિક રહસ્યો, નિયમો અને શક્તિઓ જાણી લઇને બરાબર સમજમા રાખી તે પ્રમાણે કાર્ય કરે છે તે જાતિઓ સસારમા સૌ કરતા વધારે ઉન્નતિ પ્રાપ્ત કરી લે છે, અને તેજ જાતિઓ સસારની માર્ગદર્શિકા અથવા નેત્રી થઇ પડે છે

એજ પ્રાકૃતિક નિયમોના જ્ઞાન વડે જાતિહિતૈષીને સ્વાર્થત્યાગી વિદ્વાનોએ અગણિત વિષયોની શોધખોળો કીધી છે વરાળ, વિજળી, તાર, છાપખાના, વિમાન વગેરે એ જ્ઞાનનાજ ફળ છે હીરા, માણેક, મોતી વગેરે કીમતી રત્નો બનાવવાનો પ્રયત્ન પણ વિદ્વાનોએ કીધો અને તેમા પણ સફળ થયા પ્રથમ તેઓએ હીરા, માણેક વગેરે કયા

કયા તત્વો એકત્ર મળવાથી બનેલા છે તેનુ પૃથક્કરણ કરીને ખાતરી કીધી પછી તેમા કયા કયા તત્વો કેટલા પ્રમાણમા મળેલા છે તે વિષેનુ જ્ઞાન મેળવ્યુ, અને પૃથ્વિના ગર્ભમા કેટલા કેટલા દબાણ અને ઉષ્ણતા લાગવાથી તે તૈયાર થયા તેનો નિશ્ચય કરીને, પોતાની શોધેલી રીત પ્રમાણે મેળવણી કરીને જરૂર પ્રમાણે દબાણ અને ગરમી લગાડવાનો પ્રયોગ સાધીને હીરા, માણેક વગેરે બનાવ્યા

માતાનુ ગર્ભસ્થાન પણ પ્રકૃતિની એક પ્રયોગશાળા છે એ પ્રયોગશાળામા (Laboratory) મૂલ્યવાન અને સસ્તા મનુષ્ય-રત્નો-જેમ રસશાળામા રસાયન માત્રાઓ થાય છે તેવી રીતે તૈયાર થાય છે રસશાળામા રસાયનિકની બુદ્ધિ, યન્ત્રોની ઉત્તમતા તથા પદાર્થોનુ ઉચિત પ્રમાણમા મિશ્રણ એના પ્રમાણમા ઔષધિઓ ઉત્તમ મધ્યમ અથવા કનિષ્ટ બને છે કાચના કારખાનામા કાચનો માવો જેવી જાતનો હોય તે પ્રમાણે તેમાથી ન્યૂનાધિક નિર્મળ અને પારદર્શક કાચની વસ્તુઓ બને છે દરજી મચાની ઉત્તમતા અને પોતાની કુશળતા પ્રમાણે સુદર અને ટકાઉ અથવા બેડોળ અને સાધા નહી છુટી જાય તેવા કપડા શીવે છે કુભાર જે જાતની માટી વાપરે, ચાક ઉપર જે જાતનો આકાર બનાવે, અને જેટલી સાવધાની તથા ચતુરાઇ વાપરીને ભટ્ટીમા પકવે તે પ્રમાણે ઉત્તમ, મધ્યમ અથવા નઠારા વાસણો તૈયાર થાય છે ભટ્ટીમાથી કાઢયા પછી વાસણો ઉપર ગમે તેવો રગ ચઢાવવામા આવે અથવા ચિત્રો અને નકશી કામ કરવામા આવે, તેથી તેની સુદરતા કાંઇક વધે છે ખરી, પણ વાસણોનું વાસ્તવિક મૂલ્ય તો જેમાથી બનાવ્યા હોય તે માટીની જાત, ચાક ઉપર બનાવેલો આકાર, અને ભટ્ટીમા પકવવાની ચતુરાઇ ઉપરથીજ આકવામા આવે છે —

It isn't all in the bringing up,
Let folks say what they will,

You may silver-polish a Pewter cup,
But it will be a Pewter still.

બાળક રૂપી પુતળા માતાના ગર્ભરૂપી સાચામા ઢાળવાથી તૈયાર થાય છે એ મહાન રસશાળામા જેવા જેના ઉત્તમ અથવા મધ્યમ પદાર્થો પ્રયોગ કરવામા વપરાય તે પ્રમાણેના સારા અથવા નઠારા પુતળા તૈયાર થાય છે ચતુર રસાયનિક માબાપ હીરા બનાવવાનો મસાલો એકઠો કરીને તેની ઉચિત સમય અને નિશ્ચિત રીતે સાવધાની પૂર્વક મેળવણી કરે તો કીમતી મૂલ્યવાન હીરા બને છે માણેક બનાવવાનો મસાલો વાપરે તો માણેક બને છે, અને કાચ બનાવવાના પદાર્થ વાપરે તો કાચ બને છે રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, યુધિષ્ઠિર અને દુર્યોધન, પૃથ્વીરાજ અને જયચંદ્ર વગેરે ઉત્તમ અને અધમ મનુષ્યોની રચના માતાની અદ્દભુત રસશાળામાજ થયેલી છે, ફેર માત્ર પદાર્થોની ઉત્તમતા-અધમતાનોજ પડેલો છે જેવા પદાર્થોનો પ્રયોગ થયો તેવીજ વસ્તુઓ પ્રકૃતિક પ્રયોગશાળામાથી બનીને બહાર પડી રામ અથવા રાવણ ને કૌશલ્યા અથવા કૈકયી આજ પણ આપણે ધારીએ તો પેદા થાય જેવા જેવા મસાલાનો પ્રયોગ કરવામા આવે તેવીજ સંતતી પ્રકૃતિની પ્રયોગશાળામા તૈયાર થાય પ્રકૃતિનો અટળ અને નિર્વિવાદ નિયમ એવોજ છે માટે કેવળ ઉત્તમ સંતાન ઉત્પન્ન થઇ શકે અને તે પણ જેવી પોતાની ઇચ્છા હોય તેવાજ, એવા એવા પ્રયોગ કરવાના પ્રબંધનો વિચાર કરવાની જરૂર છે

એ વિષયના ચાર ભાગ પાડી શકાય છે —

(क) પ્રાકૃતિક પ્રયોગશાળાનુ રહસ્ય

(ખ) વંશપરંપરાથી ઉતરી આવતા ગુણ

(ગ) મનની શક્તિ અને પ્રેમનો પ્રભાવ

(ઘ) સંતાનોનુ પાલણ-પોષણ અને શિક્ષણ.

(ક) પ્રાકૃતિક પ્રયોગશાળાનું રહસ્ય. *

'Nature is not on the side of sentiment. She is always a prodigal, acting in and for the plural on a grand scale, with one great aim before her–of ensuring the continuence of the race. She has fitted man and woman not to love one, but hundreds, and our senses act automatically on the side of Nature'

Victoria Cross.

કોઇ પણ બાજુએ આંખ ફેરવીને જોઈએ તો પ્રકૃતિની અનેક વિચિત્ર લીલા નજરે પડે છે સૃષ્ટિની પ્રત્યેક બાબત અપૂર્વ રહસ્યથી ભરપૂર છે સૃષ્ટિના વિસ્તારનું કાર્ય પ્રકૃતિ કેવી અનુપમ રીતિએ કરી રહી છે, એ બાબતનો જેમ જેમ વધારે ધ્યાન પૂર્વક વિચાર કરીએ તેમ તેમ વધારે આનંદ અને આશ્ચર્ય લાગે છે

* લજ્જા એ મનુષ્ય—સમાજનો સ્વાભાવિક ગુણ છે–ગુણજ નહી પણ માનવ જાતિનુ ખરેખરૂ ભૂષણ છે પરંતુ ઉચિત સીમા સુધીજ એને ગુણ ત્હેવામા આવે છે ઉચિત સીમાનુ ઉલ્લંઘન થવા પછી તે ગુણ મટીને અવગુણ બની જાય છે જે વિષયના જ્ઞાન ઉપર આપણા ભાવી સંતાનનો, આપણ દેશનો, કહો કે સારા સંસારનો જય અથવા ક્ષય, આધાર રાખે છે, તે વિષયને લજ્જાસ્પદ અથવા અશ્લીલ સમજીને તજી દેવો એ વાજબી નથી એવા લજ્જાપ્રદપણાનો ભ્રમ છોડી દઇને પ્રત્યેક સ્ત્રી પુરૂષે, અને મુખ્યત્વે કરીને સ્ત્રીઓએ ઉદાસિન અવસ્થા વખતે એ વિષયના જ્ઞાન વડે લાભ મેળવવો જોઇએ પુરૂષને તો ગર્ભાધાન કરતા સુધીજ બાળકના સુધારા સાથે સંબંધ છે, પણ સ્ત્રીઓનો સંબંધ તો ગર્ભ રહેવા અગાઉથી, બાળ- સારી રીતે સમજણુ થાય ત્યા સુધીનો રહે છે સંતાનના સુધારા અથવા બિગાડની જવાબદારી સ્ત્રીઓના ઉપરજ અધિક છે માટે સ્ત્રીઓને ઉચિત સમય પર એ વિષયનુ બરાબર જ્ઞાન આપવાની ખાસ આવશ્યકતા છે એમા કાઇ પણ લજ્જાની કે અશ્લીલતાની વાત નથી

પ્રકૃતિએ આ વિચિત્ર સંસારમા અસંખ્ય પ્રાણિવર્ગ ઉત્પન્ન કરેલા છે, અને પોતે પ્રત્યેક વર્ગ નિરંતર સ્થિર રાખવાનો પ્રયત્ન કરતી રહે છે કોઈ પણ જાતિના અથવા શ્રેણીના જીવોનો અંત આવે એવુ તે ચહાતી નથી, પણ બહુ ઉદારપણે તેની વૃદ્ધિ કરતી રહે છે. આગળ બતાવી ગયા છીએ કે પોતાને એક વડનુ વૃક્ષ ઉત્પન્ન કરવાનુ હોય ત્યારે પોતે લાખો કરોડો બીયાથી કામ ચલાવે છે એક વડના ઝાડ કાયમ કરવા માટે એકજ બીયુ માત્ર જોઇએ, પરંતુ સંયોગને લીધે તે બીજ કદાચ નાશ પામે અને ઝાડ નહી તૈયાર થાય તો પ્રકૃતિના વિસ્તારના કામમા રોકાણુ થઈ પડે એવા કારણથી તે અત્યંત ઉદારતા વાપરીને લાખો બીયાથી કામ ચલાવે છે એટલે ગમે તેટલા નાશ પામતા પામતા પણ એક બે ઝાડ પણ પેદા થયા વગર રહે જ નહીં

માનવ જાતિના વિસ્તારને માટે પણ કાંઇ એણે ઓછી બુદ્ધિ વાપરેલી નથી. એ જાતિનુ દરેક પ્રાણી સ્વતંત્ર છતા પણ પ્રકૃતિએ તેને એવા સખ્ત પ્રેમબંધનથી જકડી રાખ્યુ છે કે તે કદી પણ છૂટી શકે નહી પ્રેમ એક એવી વૃત્તિ છે કે જેને લીધે મનુષ્યને કોઇની પણ સાથે બંધાયા વગર છૂટકોજ નથી સંસારમા પ્રત્યેક સ્ત્રી-પુરૂષને બાળકથી માંડીને વૃદ્ધ સુધીના રાજા, રંક, ગૃહસ્થ, સંન્યાસી તમામને એ વિભૂતિને આધીન રહેવુ પડે છે, અને કોઈ નહી તો કોઇની સાથે પણુ પ્રેમ રાખવોજ પડે છે પ્રભુ-પ્રેમ, દેશ-પ્રેમ જાતિ-પ્રેમ, કુટુંબ-પ્રેમ, માતા, પિતા, ભાઇ, બહેન, પુત્ર અને પુત્રી આદિનો પ્રેમ એવા પ્રકારના ગમે તે કોઈ પ્રેમના બંધનમા બંધાઇ રહેવુ જ પડે છે

એવા જેટલા પ્રકારના પ્રેમ છે, તે સઘળા માનવજાતિના અસ્તિત્વ, વિકાસ અને વિસ્તારના કામમા સહાયતા કરી રહેલા છે પરંતુ એ સઘળામા સ્ત્રી સાથેનો પ્રેમ અધિક શક્તિવાન છે એ એવી શક્તિ છે કે મનુષ્યને બદલી જ નાખે છે સ્ત્રીપુરૂષોની કાયા પલટી કરી નાખે છે એ પ્રેમ મનુષ્યના સ્વભાવમા, આચરણમા, અને જીવનમા પરિવર્તન કરી શકે છે એ પ્રેમને લીધે મનુષ્યની ભાવના, તેના

વિચાર, તેની બુદ્ધિ, તેની પ્રતિભા, તેની સદાચાર વૃત્તિ અને તેની સંકલ્પશક્તિમા વિજળીના જેવી સંજીવિની શક્તિ ઉત્પન્ન થાય છે. જંગલી સભ્ય બને છે, નિર્દય દયાળુ બને છે, બીકણુ બહાદુર બને છે, અને મૂર્ખ વિદ્વાન બને છે

પ્રકૃતિએ સ્ત્રી-પુરૂષમા અજબ પ્રકારની આકર્ષણ શક્તિ મૂકેલી છે, તેથી તેઓ એક બીજાના ગુણુ અને રૂપ ઉપર એવા તો મોહિત થઇ જાય છે કે પોતાની જાતનુ પણુ ભાન ભૂલી જાય છે નજરે જોવાથી, સ્પર્શ કરવાથી, પ્રેમપાત્ર વિષે વાત કરવાથી અથવા સાભળવાથી હૃદય દ્રવિત થઈ જાય છે, પ્રેમપાત્રના ધ્યાન માત્રથીજ શરીરના જ્ઞાનતંતુ ઉત્તેજીત બનીને પ્રફુલ્લિત થઈ જાય છે, ચેહેરા ઉપર લાલી અને પ્રસન્નતા ઝળકી ઉઠે છે, આખોમા ચમક અને ચચળતા ચમકે છે, અને હૃદયમા આનદ અને ઉત્સાહની લહેરો ઉછળવા માડે છે 'જીવ એક ને શરીર બે' એ કહેવતનુ ખરેખરૂ ઉદાહરણ તો પ્રેમી પુરૂષ અને પ્રેમિકા સ્ત્રીનુ જોડુજ છે. બે જુદા જુદા પ્રાણીઓ, સ્ત્રી અને પુરૂષનુ એક સ્વરૂપ બનાવવા માટે, તેઓને એક બીજામા લીન કરી નાખવા માટે, અથવા તન્મય કરી નાખવા માટે પ્રકૃતિએ પ્રેમ-શક્તિને ઉત્પન્ન કરી છે

જીવનકાળમા એકજ જણુની સાથે પૂર્ણ પ્રેમ બધાઈ શકે છે. 'One life one love' અને એવાજ પ્રેમના બધનથી બધાયલી બે વ્યક્તિઓ વિવાહ સબધ વડે જોડાઇને દપતિ બને છે ઉચિત માર્ગ પણુ એજ છે કે જેઓ એક બીજા સાથે ખરા હૃદયથી પ્રેમ રાખતા હોય તેઓનોજ વૈવાહિક સબધ બધાય-'Those who love in spirit should unite in person' સામાજિક અને માનસિક વલણુ પણુ એજ બાજુએ આકર્ષણુ કરે છે કે જીવન માત્રમા કેવળ એકજ પ્રેમપાત્ર હોય તો સારૂ, પણુ પ્રકૃતિની રૂખ વળી બીજીજ કાઇ છે પ્રકૃતિ સામાજિક યા તો માનસિક ભાવો તરફ ધ્યાન રાખતી નથી, તે તો માત્ર પોતાની વશ-વૃદ્ધિની વાતજ જોયા

કરે છે જો કાઇ કાળ્ણુસર એક પ્રેમી અને પ્રેમિકાનો વિયોગ થાય, અથવા બેમાથી એકનુ મરણ થાય તો સતાનવૃદ્ધિનુ કાર્ય બધ પડીજાય એવા ભયને લીધે પ્રકૃતિ એક વ્યક્તિના પ્રેમને પૂરતો સમજતી નથી.

વશવૃદ્ધિના કાર્યને નિર્વિઘ્નતાથી ચાલુ રાખવા માટે એકના વિયુક્ત થઇ જવા પછી, અથવા મરણ પામવા પછી, બીજાથી કામ લેવાનો અભિપ્રાય રાખીને તેને એકને બદલે સેકડો વ્યક્તિઓ ઉપર પ્યાર રાખવાની ભાવના માનવ જાતિને આપેલી છે પ્રકૃતિનુ વલણુ એકજ વ્યક્તિના તરફ હોતુ નથી, પણ તે કેટલાએ સુદર અને મનોહર ગુણવાનો તરફ આકર્ષણ કરે છે મનુષ્ય પોતાની માનસિક શક્તિ દ્વારા આ પ્રાકૃતિક ચચળતાને દબાવીને પોતાના પ્રેમને એકજ પાત્રમા સ્થિર રાખે છે, તેનેજ આપણે સાચો પ્રેમ (Fidelity in love) કહીએ છે પરતુ સાચેસાચી વાત એ છે, કે આપણુ હૃદય પ્રકૃતિના સકેત તરફ અવશ્ય ચલાયમાન થયા કરે છે એક સ્ત્રી પોતાના પ્રથમ પ્રેમી ઉપરાત કોઇ બીજાના રૂપ અથવા ગુણુને જોઇને તેને પસદ કરે છે, અને પોતાની ઇચ્છા નહી હોવા છતા સ્વાભાવિક રીતેજ આપોઆપ તેના તરફ આકર્ષિત થાય છે આ કામ પ્રકૃતિનુજ છે. આવી વખતે સ્ત્રીનો પ્રાકૃતિક ભાવ એવો હોતો નથી કે તે કોઇ બીજા મનુષ્ય જોડે પ્રેમ બાધવાની ભાવનાજ નહીં રાખે, પણ તે તો સામાજિક પાતિવ્રત ધર્મના ભયથી, અથવા બીજા મનુષ્યની જોડે પ્રેમ બાધે તો પોતાના પહેલા પ્રેમીને દુખ લાગે એવી સારી સમજથી પોતાની માનસિક શક્તિ વડે પેલા નવાજ ઉત્પન્ન થયલા પ્રેમને છુદી કચરી નાખે છે

એવીજ દશા પુરૂષની પણ છે પોતાની પહેલી પ્રેમિકા ઉપરાત જ્યારે તે બીજી કોઇની સુદરતા અથવા ગુણો ઉપર મોહિત થાય છે, ત્યારે સ્વાભાવિક રીતેજ તેની સાથે પ્રેમ બાધવાનુ તેનુ વલણુ થાય છે ચિત્ત આકર્ષિત થાય છે ખરૂ, પરતુ નવી પ્રેમિકાને

લીધે જુનીને દુખ થાય એવા ભયથી તેના તરફથી મનને પાછુ હઠાવવાનો આરંભ કરે છે એની રીતે સ્ત્રીઓ પુરૂષોના તરફ અને પુરૂષો સ્ત્રીઓની તરફ આકર્ષિત થાય તેમા તેઓનો દોષ નથી-એ તો પ્રકૃતિનુ રહસ્ય છે પોતાના સતાનવૃદ્ધિના કાર્યમા ખલેલ નહીં પડવા દેવા માટે તે યુવકો અને યુવતિઓને આવા વશીકરણનો ખેલ રમાડીને ચલાયમાન કરતી રહે છે -In both it is anxiety of Nature that neither should be left matchless-part of her tremendous scheme of insurance against mischance.

મનુષ્ય આનદ પ્રાપ્ત કરવા તરફ પોતેજ આકર્ષાય છે આનદ તરફનુ આકર્ષણ મનુષ્યની પ્રકૃતિ અથવા સ્વભાવમાજ રહેલુ હોય છે જે કાર્ય કરવાથી કાઇપણ આનદ થવાની સભાવના હોય તે કાર્ય તરફજ મનુષ્ય અનુરાગ પ્રગટ કરે છે એવો સસારનો નિયમ છે. આનદ ક્ષણિક હોય કે સ્થાયી હોય તોપણ એટલુ તો નિશ્ચિતજ છે. કે મનુષ્ય સદૈવ આનદ પ્રાપ્તિ માટેનુજ વલણ પકડે છે જે કામ કરવાથી લેશમાત્ર પણ આનદ નહી થવાની મનુષ્યની ખાત્રી હોય તેવુ કામ કરવાની ચેષ્ટા સરખી પણ તે કદી કરે નહીં આવા કારણથી પ્રકૃતિએ માનવજાતિની વૃદ્ધિ કરવાની ક્રિયામા એક વિશેષ પ્રકારના આનદનો સમાવેશ કરેલો છે

ડાકટર ફાઉલર કહે છે કે Love is a transmitting agent-પ્રેમ પોતાના પ્રેમપાત્રોના રૂપ અને ગુણની પુન ઉત્પત્તિ કરે છે, અર્થાત પ્રેમીઓના હૃદયમા એવી ઇચ્છા થયા કરે છે કે તેઓ પોતાના પ્રેમપાત્રના રૂપ અને ગુણ ભાવી સતાનમા જોઇ શકે પ્રેમનો સ્વાભાવિક ગુણ એવો છે કે તે પોતાના પ્યારાની આબેહુબ મૂર્તિ-જેના ઉપર પ્યાર હોય તેના જેવાજ રૂપ, રગ, અને ઘાટ વાળી ઘડીને સસારને અર્પણ કરવાની ઇચ્છા રાખે છે -Beauty that women seek after, that they may give to the world again

યૌવન, સૌંદર્ય અને ગુણ વડે પ્રકૃતિ સ્ત્રીપુરૂષનું એકબીજાના તરફ આકર્ષણ કરે છે અને તેઓને પરસ્પર પ્રેમમા લીન કરી મૂકે છે પછી તેઓને આનંદના લોભમા નાખીને, મસ્તાન કરી નાખીને વંશવૃદ્ધિ કરવાનું કામ કરાવ્યા કરે છે

આગળ બતાવ્યુ છે, કે દમ્પતિના પરસ્પરના પ્રેમથી, આનંદમય જીવનથી, ઉમંગ અને ઉત્સાહથી સંતાનોમા ઉત્તમતા આવે છે. ઉત્તમ સ્થિતિમા ઉત્પન્ન થયેલા સંતાનો ઉત્તમ ગુણોથીજ વિભૂષિત થાય છે પ્રેમપાત્રની સાથે સંયુક્ત થવાથી અનહદ આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદથી ઉમંગ અને ઉત્સાહ વધે છે ઉમંગ અને ઉત્સાહ વધવાથી સ્થિતિમા ઉત્તમતા આવે છે ગર્ભાધાન થવાના સમયે દમ્પતિની જેવી મનોવૃત્તિ હોય છે અને તેઓ જેવી સ્થિતિમા હોય છે તેનો પ્રભાવ સંતાન પર પડે છે આવા કારણસર પ્રકૃતિએ પ્રેમમથી સંતાનોત્પત્તિની ક્રિયામા એક વિશેષ પ્રકારના આનંદનો સમાવેશ કરી રાખેલો છે

ઉપરના વિવેચનથી એવો સિદ્ધાંત દૃઢ થાય છે કે પ્રકૃતિએ સંતાનોત્પત્તિ કરવા માટે સંયોગ (મૈથુન) અને એ કાર્યમા આનંદની સરજત કરેલી છે અધમ કામવાસનાની તૃપ્તિ કરવા માટે પ્રકૃતિએ આનંદનો ગુણ પેદા કરેલો નથી આખી સૃષ્ટિના પશુ પક્ષીઓમા એવી ક્રિયા જ્યારે જ્યારે થાયછે ત્યારે તે માત્ર સંતાનોત્પત્તિને માટેજ થાય છે,

સંસારમા એકલી માત્ર મનુષ્ય જાતિજ ક્રિયા-ભ્રષ્ટતા અને પાપ-વજ્રલેપથી વિચારશૂન્ય બની ગઈ છે, તેથી તે મૈથુનના આનંદને એક વાત અને સંતાનોત્પત્તિને કાંઇ બીજી જૂદી જ વાત માની બેઠી છે ખરૂ જોતા તો આજના મનુષ્યસમાજમા ક્ષણિક ઇંદ્રિય-વાસનાની તૃપ્તિનેજ પ્રથમ અગત્યની વાત સમજવામા આવે છે આવી ભ્રષ્ટ ઇચ્છાને તૃપ્ત કરવા જતા કદાપિ ગર્ભ રહી જાય તો હરીની ઇચ્છા' કામવાસનાની તૃપ્તિ આપણા પોતાના હાથમા, અને સંતાન ઉત્પન્ન

થવા કે નહી ઉત્પન્ન થવા તે ભાગ્યના હાથમા ' આ બાબતમા પશ્ચિમના અધમ સાહિત્યથી આ ભારતની પૂરેપુરી ખાનાખરાબી થઇ ગઇ છે પણ યાદ રાખવુ કે પ્રકૃતિને કદી પણ છેતરી શકાતી નથી સતાનોત્પત્તિ શિવાયના બીજા કોઇ પણ હેતુમર વીર્યપાત કરવામા આવે તે ક્રિયા પ્રકૃતિના નિયમથી વિરૂદ્ધ છે, અને તેને માટે પ્રકૃતિ આપણને દડ કરે છે-સજા કરે છે પાપનુ પ્રાયશ્ચિત ભોગવ્યા વગર ઉદ્ધાર થઈ શકતો જ નથી આપણે અધમાધમ તો બની જ ગયા છીએ, પણ હવે એના કરતાએ વધારે ઉડા નર્ક કુડમા ડૂબીને મરીએ નહીં તો કાઇક કલ્યાણ થશે સાવધાન ' ભારતવાસી બધુઓ સાવધાન '

ઉત્પાદક સસ્થાન.*

શરીરના જે અગો દ્વારા સતાનોત્પત્તિ કરવામા આવે છે તેને ઉત્પાદક સસ્થાન (Reprodnctive) કહે છે તે અગો શિશ્ન, અડકોષ, યોનિ અને ગર્ભાશય વગેરે છે

પુરૂષના ઉત્પાદક સસ્થાનના મુખ્ય અગ છે અડકોષ, અડ, શુક્રાશય અને શિશ્ન જે અગ આખા શરીરમાયી વીર્યને એકત્રિત કરે છે તેને અડકોષ કહે છે એજ અગ વડે મૈથુન દ્વારા વીર્ય બને છે માત્ર પુરૂષોના શરીરમાજ એ અગ હોય છે એનો બહારનો દેખાવ એક લટકતી કોથળીના જેવો છે કોથળીના અદરના ભાગમા ઇડાના આકારના બે અડ હોય છે, એક જમણી બાજુએ અને બીજો ડાબી બાજુએ રહે છે પ્રૌઢાવસ્થામા એ ૧½ ઇચલાબા ૧ ઇચ પહોળા અને ¾ ઇચ મોટા થાય છે એ અડ એક પ્રકારની અતિ સૂક્ષ્મ રેષાદાર વસ્તુ વડે ઢકાયલા રહે છે તેની બનાવટ એવી હોય છે કે તેના વડે અડના બન્ને ભાગો જૂદા પડે છે એક ભાગમા શુક્રજનક ગ્રથી હોય છે, અને બીજા ભાગમા અતિ સૂક્ષ્મ વિટાળેલા

---

* The modern Family Doctor -T C Jack-London 1914.

(Coiled) સુતરના જેવો એક બહુ લાબો ત તુ હોય છે તેની અ દર શુક્રકીટ ઉત્પન્ન થાય છે અને રહે છે એજ શુક્રકીટમા પુરૂષનુ સ તાનોત્પાદક મુખ્ય દ્રવ્ય હોય છે

અ ડની સાથે તદ્દન મળી ગયલી ઇપિડિમિજ તેની પાછળ રહે છે. અ ડના બારીક ત તુઓનુ જોડાણ એની સાથે રહે છે તેની આકૃતિ અર્ધ ચદ્રાકાર જેવી કાઇંક હોય છે તેની ઉપર અતિ સૂક્ષ્મ નમો હોય છે તે સનળી ઉપર જતા મળી જાય છે તેથી એક મોટી નસ બની જાય છે એજ નળી ઉદરમા રહીને આગળ મૂત્રપ્રણાલીમા મળીને શુક્રાશયમા પ્રવેશ કરે છે

શુક્રાશયમા (Seminal Vesicles) એક પ્રકારની બે કોથળી-ઓ છે, તેની બનાવટ વીટાળેલા (Coiled) સુતરના જેવી વસ્તુની થયલી છે એ કોથળીઓ મૂત્રાશય (Bladder) સાથે બીલકુલ મળી ગયલી હોય છે, અને ખડમા બનેલ શુક્ર તેમા એકઠુ થાય છે એ કોથળીઓ મૂત્રમાર્ગ સાથે મળી ગયલી હોય છે

મૂત્રમાર્ગ (urethra) મૂત્રાશયની નીચે રહેલી નળીને કહે છે પુરૂષની (પ્રૌઢાવસ્થામા) એ નળીની લ બાઈ ૮ થી ૯ ઇંચની હોય છે, એ નળીનો આર ભ મૂત્રાશયનો નીચેથી થાય છે, અને તે શિશ્નના નીચલા ભાગમા થઇને લિ ગમુણ્ડમા સમાપ્ત થઇ જાય છે શિશ્નના મણિ (સોપારી)મા જે છિદ્ર હોય છે તેજ આ મૂત્રમાર્ગની નળીનો છેવટનો ભાગ છે એ નળી દ્વારા મૂત્રમાર્ગમાથી મૂત્ર અને શુક્રાશયમા ઉત્પન્ન થયલુ શુક્ર બહાર નીકળે છે

શિશ્ન (Penis) ત્રણ નળાકાર (Cylindrical) માસતતુ-ઓનુ બનેલુ હોય છે સ કોચાઇને નાનુ થઇ જવાનો અને પછી ફૂલીને પોતાના પૂર્ણ પ્રમાણ જેવડુ મોટુ બનવાનો ગુણ શિશ્નમા રહેલો છે. એના છેડા ઉપર શિશ્નમણિ અથવા સોપારી હોય છે તે ખુલ્લી નામની ચામડીથી ઢકાઈ રહે છે આ શિશ્ન અને અ ડકોષ આપણા

શરીરના જ્ઞાનતંતુઓ (Nervous System) સાથે જોડાયલા છે, જ્ઞાનેંદ્રિય અથવા કર્મેન્દ્રિયના કાર્યને કારણે સ્વયંભૂ શિશ્નમા ઉત્તેજના આવી જાય છે પહેલુ કાર્ય ખબર પહોચાડવાનુ છે, તે જ્ઞાનતંતુઓ દ્વારા થાય છે, એટલે તે ખબરનો જવાબ વાળવાનુ કાર્ય રક્તવાહિની નાડીઓ કરે છે, તેથી પેલા નગાકાર માંસતંતુઓમા લોહી ઉછાળો મારે છે, ત્યારે શિશ્નમા તીવ્ર ઉત્તેજના આવી જવાથી તે ફૂલીને મોટુ થાય છે

સ્ત્રીઓના ઉત્પાદક સંસ્થાનના મુખ્ય અંગો ડિમ્બજનક ગ્રંથી, ગર્ભાશય, ફ્લેપિયન નળી અને યોનિ અથવા ભગ છે* પુરૂષોના અંડના સ્થાન પર સ્ત્રીઓની ડિમ્બજનક ગ્રંથીઓ (ovary) હોય છે તે ગ્રંથીઓ બદામના આકારની એકાએક ઇંચ લાબી વસ્તિ-(Pelvis) ની અંદર રહે છે એક જમણી બાજુએ અને બીજી ડાબી બાજુએ રહે છે ગર્ભાશયની ઉપરના ભાગમા થોડે થોડે છેટે અને બાજુએ એ ગ્રંથિઓ રેસાદાર તંતુઓ વડે જોડાયલી રહે છે એના વડે ડિમ્બ નામના કીટ ઉત્પન્ન થાય છે, જે કીટ સ્ત્રીનુ સંતાનોત્પાદક મુખ્ય દ્રવ્ય છે

+મૂત્રાશયના પાછલા ભાગમા જે ઠેકાણે પુરૂષોનું શુક્રાશય હોય છે તેજ સ્થાન પર સ્ત્રીઓનુ ગર્ભાશય (uterus or womb) હોય છે એ નાસપાતીના ઘાટનો એક પોચો માંસપિંડ છે એનો ઉપરનો ભાગ જાડો અને નીચેથી આકાર પાતળો થાય છે તેના ઉપરના ભાગને શરીર (Body) અને નીચેના ભાગને ગ્રીવા કહે છે. સ્ત્રી ગર્ભવતી હોતી નથી ત્યારે એની લબાઇ ૩ ઇંચ, અને શરીરની જાડાઇ લગભગ એક ઇંચ જેટલી હોય છે.

---

* સ્ત્રીઓની છાતી અથવા સ્તનયુગ્મને પણ ઉત્પાદક સંસ્થાનનુ એક અંગ ગણવામા આવે છે.

+ સ્ત્રી અને પુરૂષના મૂત્ર માર્ગમા ફરક હોય છે સ્ત્રીઓનો મૂત્રમાર્ગ (urethra) પુરૂષોના કરતા નાનો લગભગ ૨ ઇંચનો હોય છે

ગર્ભાશયની ગ્રીવા યોનિ સુધી પહોચેલી હોય છે અને એ એક ઝીણા સરખા દાણા જેવી દેખાય છે આ દાણાને ગર્ભાશયનુ મુખ કહે છે એ મુખમા ઉઘડવાની અને બધ થઈ જવાની શક્તિ છે ગર્ભાશયના શરીરની બન્ને બાજુએ બે નળીઓ હોય છે, તેને ફાલોપિયન નળી (Fallopian tube) કહે છે એ નળી ગર્ભાશય ને ડિમ્બજનક ગ્રથિ સાથે જોડે છે, જે સ્થાનમા ગર્ભસ્થિત થાય છે અને નવ માસ પછી જેમાથી બચ્ચાનો જન્મ થાય છે તે સ્થાનને ગર્ભાશય કહે છે

પુરૂષોની જનનેદ્રિયના સ્થાન પર સ્ત્રીઓનુ ભગ અથવા યોનિ હોય છે યુવાન સ્ત્રીઓની યોનિ લગભગ ત્રણ ઇચ જેવડી હોય છે તેમા બે છિદ્રો હોય છે એક મોટુ અને બીજુ નાનુ નાના છિદ્ર સાથે મૂત્ર માર્ગ (Urethra)ની નળી જોડાયલી હોય છે મોટુ છિદ્ર ગર્ભાશય વગેરે સાથે સબધ રાખે છે, અને તેને યોનિદ્વાર કહે છે માસિક સ્રાવ નીકળવાનો માર્ગ પણ એજ છે અને બચ્ચાને અવતરવાનો માર્ગ પણ એજ છે, એની ઉપર બે નરમ ગાદીઓ હોય છે અને ભગોષ્ટ કહે છે સ્ત્રીઓમા મૈથુન કાર્યનુ અગ એજ છે.

સ્ત્રી અને પુરૂષ બન્નેની જનનેદ્રિઓ બહુ સચેત (Sensitive) હોય છે શરીરના હરકોઇ ભાગમા જ્ઞાનેદ્રિય અથવા સ્પર્શેન્દ્રિયદ્વારા જરાપણ વિષયાસક્તિનુ કાર્ય થાય તો તત્કાળ જનનેન્દ્રિયમા થોડી અથવા ઘણી ઉત્તેજના પેદા થઇ જાય છે એ ઇંદ્રિઓનો સબધ શરીરના પ્રત્યેક ભાગ સાથે જોડાયલો હોય છે ઉદર, વાસાની કરોડ, હ્રદય, અને મગજના પ્રધાન જ્ઞાનતતુઓ (Nerves) થી માડીને શરીરના બીજા કોઇ પણ અગનો આ બે અગોની પેઠે આટલા બધા જ્ઞાનતતુઓ સાથે સબધ નથી હોતો આખા શરીરના જ્ઞાનતતુઓ (Nervous system) ઉપર આ બે અગોની હકુમત ચાલે છે,*

---

* At no other point in the body is there a junction, of so many important nerve-extremities

એજ બે અંગોના મથનથી આખા શરીરનો રસ ગળાઇને નીકળે છે, અને એ રસ માનવવૃક્ષની ઉત્પત્તિમા બીજનુ કામ કરે છે એજ મસાલામાથી પ્રાકૃતિક પ્રયોગશાળામા સતાન તૈયાર થાય છે

પ્રાકૃતિક પ્રયોગશાળાનો મસાલો

જે વસ્તુનો આહાર કરવામા આવે છે, પકવાશય (Stomach) પેટમા જાય છે, ત્યા અનેક શક્તિઓ દ્વારા તે પાચન થાય છે, અને તેનો એક પ્રકારનો રસ બને છે એ રસનો સાર ભાગ શરીરમા રહે છે અને નકામો ભાગ મળ તથા મૂત્રના રૂપમા બહાર નીકળી જાય છે. એ રસનુ ફરીથી પાચન થાય છે અને તેનો સાર ભાગ રૂધિરમા મળી જાય છે એ રૂધિરનુ પણ પાચન થાય છે, અને તેના ત્રણ ભાગ પડે છે-સૂક્ષ્મ, સ્થૂળ, અને મળ સૂક્ષ્મ ભાગ રૂધિર સાથે મળી જાય છે અને તેનુ પોષણ કરે છે સ્થૂળ ભાગમાથી માસ બને છે અને મળમાથી પિત્ત બને છે આ પાચનક્રિયાનો તાર તૂટતો નથી એક સારને પચાવીને તેમાથી બીજો, બીજા સારને પચાવીને ત્રીજો, અને ત્રીજામાથી ચોથો સૂક્ષ્મ સાર એ પ્રમાણે એકેકથી ઉત્તમ વસ્તુઓ તૈયાર થયા કરે છે આવશ્યક વસ્તુઓ શરીરના પ્રત્યેક ભાગમા મળી જાય છે, અને અનાવશ્યક વસ્તુઓ મળ, મૂત્ર પસીનો, નાક અને કાનનો મેલ, નખ અને વાળ બનીને બહાર નીકળી જાય છે આ ક્રમ પ્રમાણે ભોજન કરેલી વસ્તુમાથી રસ, રસમાથી રક્ત, રક્તમાથી માસ, માસ-

---

as in the reproductive organs These, in particular, the branches of many spinal nerves, and of the nervous Sympathicus, through their connection with the brain are capable of exerting an influence on the entire nervous system. They are in a sense the root of the whole tree of life

B. Porter.

માથી મેદ મેદમાથી અસ્થિ, અસ્થિમાથી મજ્જા, અને મજ્જામાથી વીર્ય અથવા રજ* બને છે.

આહાર કરવાથી માંડીને વીર્ય બનતા સુધી રસનુ પૃથક પૃથક ૭ ધાતુઓમા પાચન થાય છે પ્રત્યેક પાચનક્રિયા અથવા શુદ્ધિક્રિયામા ૫ દિવસ કરતા કાઇક વધારે સમય લાગે છે એ હિસાબે આહારમાથી વીર્ય બનવા માટે લગભગ ૩૦ દિવસ અને કેટલાએક કલાક લાગે છે શરીરમા સર્વથી શુદ્ધ રસ તે વીર્ય છે એનાથી માનવ-શરીરનું પોષણ થાય છે એ કોઈ એકજ સ્થાનમા રહેતુ નથી જેવી રીતે તલમા તેલ, શેરડીમા રસ, અને દહીમા ઘી રહે છે, તેવીજ રાતે વીર્ય પણ શરીરમા પ્રત્યેક સ્થાનમા વ્યાપી રહેલુ હોય છે એજ વીર્ય શરીરનો રાજા છે વીર્યથીજ બળ છે, વીર્યથીજ બુદ્ધિ છે, વીર્યવડેજ ઉત્સાહ, ધૈર્ય, લાવણ્ય અને સુદરતા છે શરીરની સુદરતા પણ તે ઉપરજ આધાર રાખે છે વીર્યની વૃદ્ધિ થવાથી ઉપર જણાવેલી સર્વ વિભુતિઓમા પણ વધારો થાય છે, અને એના ક્ષય થાય તો ઉપરની સર્વ વિભૂતિઓજ નહી, પરતુ જીંદગી પણ નાશ પામે છે આ કારણથી માત્ર સતાનોત્પત્તિના કાર્ય શિવાય અન્ય કોઇ દુષિત ઇચ્છા પૂર્ણ કરવા માટે વીર્યપાત કરવાનુ કાર્ય અનુચિત છે દહીને વલોવવાથી માખણ બને છે, તેવી રીતેજ 'રતિ-સેવન' દ્વારા સમસ્ત શરીરનુ મથન થાય છે, અને વીર્ય બને છે, તથા વીર્ય અને રજના એકત્ર થવાથી સતાનોત્પત્તિ થાય છે

વીર્ય સફેદ, ચીકણું અને ઝાડુ હોય છે, તેમા એક ખાસ પ્રકારની ગધ હોય છે વીર્યમા કયા કયા પદાર્થો છે તે સૂક્ષ્મદર્શક-

---

* સ્ત્રીના અને પુરૂષના વીર્યમા ભિન્નતા હોય છે માટે બન્નેનાં નામ પણ જૂદા જૂદા રાખેલા છે સ્ત્રીની સાતમી ધાતુ જે અનુક્રમે પાચક-શુદ્ધિ થતા થતા બને છે તેને 'રજ' કહે છે

યંત્ર વડે પશ્ચિમના વિદ્વાનોએ તપાસી કાઢ્યું છે શુદ્ધ વીર્યમાં બે દ્રવ્ય હોય છે એક શુક્રકીટ (Spermatazoa) અને બીજા વીર્યના દાણા (Seminal granule) પુરુષના વીર્યમાં આટલી બાજ વસ્તુઓ હોય છે

શુક્રકીટ એક પ્રકારના અતિ સૂક્ષ્મ જંતુઓ છે સૂક્ષ્મદર્શક યંત્રની સહાયતા વગર એ જંતુઓ નરી આંખ વડે જોઈ શકાતા નથી એ જંતુઓને ફૂદડીઆના જેવો આકાર હોય છે તેનું માથું ચપટું, ધડ ગોળ, અને ચૂડાકાર ઘાટની લાંબી પૂંછડી હોય છે તેના માથાની લંબાઈ $\frac{1}{60000}$ ઇંચ, પહોળાઈ $\frac{1}{800000}$ ઇંચ ધડની લંબાઈ $\frac{1}{6000}$ ઇંચ, અને પુંછડીની લંબાઈ $\frac{1}{8000}$ ઇંચ હોય છે એ જંતુઓમાં સંચાલન શક્તિ છે તેઓનું સંચાલન પ્રાયઃ ધ્રુજારા જેવી હાલચાલ કરે છે એજ શક્તિ વડે તે જંતુઓ યોનિદ્વારમાં પ્રવેશ કરીને આગળ જાય છે, અને સ્ત્રીના ડિંબ નામના કીટમાં (Seminal granules) પ્રવેશ કરી શકે છે આવી રીતે શુક્રકીટનો ડિમ્બમાં પ્રવેશ થવાથી ડિંબ ગર્ભના રૂપમાં અથવા બચ્ચાના બીજના રૂપમાં આવે છે.

વીર્યના દાણા અથવા અણુ (Seminal granules) વીર્યકીટની સાથે એક પ્રકારના દ્રવ્યથી જોડાઈ રહે છે એ દાણા વીર્યકીટ કરતા પણ નાના હોય છે એ દાણા પણ સ્ત્રીના ડિમ્બમાં પ્રવેશ કરીને તેને ગર્ભના રૂપમાં આણવાનું કાર્ય કરે છે

સ્ત્રીઓનું વીર્ય પુરુષોના કરતા જૂદા પ્રકારનું છે તેના ભોજનની પાચનક્રિયા તો પુરુષોના સરખી જ છે, તોપણ સ્ત્રીના સાતમા રસમાં, પુરુષોના સાતમા રસમાં જે દ્રવ્ય હોય છે તે જોવામાં આવતું નથી જે શુદ્ધ રસ ગર્ભોત્પત્તિના કામમાં આવે છે તેને રજ કહે છે. જેમ પુરુષોના વીર્યમાં શુક્રકીટ હોય છે તેવીજ રીતે સ્ત્રીઓના રજમાં એક પ્રકારના જંતુઓ હોય છે, તેને ડિમ્બ કહે છે. તે ઈંડાના જેવા ગોળ હોય છે, અને ઇંડામાં દાળ અને સફેદી હોય છે, તેવુંજ રીતની

એ વસ્તુઓ દાળ અને સપેતી ડિમ્બમા પણ હોય છે દાળને ન્યૂક્લીઅસ (Nucleus) અને સપેતીને પ્રોટોપ્લાઝમ (Protoplasm) અંગ્રેજીમાં કહે છે ન્યૂક્લીઅસ પાણીના જેવી પાતળી વસ્તુ છે તેમા અતિસૂક્ષ્મ પીળા રંગના પરમાણુઓ હોય છે તે એક ઘણીજ બારીક ચામડીની અંદર ઢંકાયલા રહે છે, પ્રોટોપ્લાઝમની અંદર તરતા હોય છે અને ધારે ધારે વૃદ્ધિ પામે છે

પ્રોટોપ્લાઝમ પણ પાણીના જેવીજ પાતળી વસ્તુ છે તેમા બે પ્રકારના પરમાણુ હોય છે એકને ગ્લોબ્યુલ્સ (Globules) અને બીજાને ગ્રેન્યુલ્સ (Granules) કહે છે પ્રોટોપ્લાઝમ અને ન્યૂક્લીઅસ એ બન્ને દ્રવ્યો એક અતિ બારીક ચામડીથી ઢંકાયલા રહે છે એ બધાનુ એક નામ ડિમ્બ કહેવાય છે તે લગભગ $\frac{1}{200}$ ઇંચનું હોય છે ડિમ્બ શુક્રકીટ કરતા બહુ મોટુ હોય છે શુક્રકીટ તો ડિમ્બની અંદર પેસી જાય છે આવી રીતના એ બન્નેના મિશ્રણને બચ્ચું ઉત્પન્ન કરવાનુ બીજ કહે છે એજ નલીકામાથી પ્રયોગશાળામા સંતાન તૈયાર થાય છે ×

(क) પ્રયોગ શાળામાં શરીરની રચના.

ઋતુ, ભૂમિ, બીજ અને પાણીનો સંયોગ થતા બીજમાથી અંકુર ફૂટે છે, તેવીજ રીતે ઋતુ ગર્ભાશય, રજ અને વીર્ય, એ ચાર પદાર્થોના સંયોગથી સંતાનના અંકુર ફૂટે છે એ પ્રમાણે બને તે બનાવને ગર્ભ-સ્થિતિ કહે છે.*

× (૧) Sexual Psychology, by Trall.

(૨) Kollikar.

(૩) " "

* [illegible] જણુ એલી વસ્તુઓનો સંયોગ [illegible] પણ ગર્ભ સ્થિતિ [illegible] ની થતી [illegible] પણ [illegible] સૂક્ષ્મ [illegible] પ્રમાણે [illegible]

સ્ત્રીઓના રજસ્ત્રાવના ત્રણ દિવસ છોડી દઇને ચોથે દિવસે રતિસેવન કરવાથી ડિમ્બ અને શુક્રકીટનુ 'ફ્રિનોપિયલ' નળીમા મિશ્રણ થાય છે, અને પછી એ પ્રમાણે મિશ્ર થયલુ દ્રવ્ય ગર્ભાશયમા પ્રવેશ કરે છે +

---

(૧) ગર્ભાશયમા રોગ હોય છે-(ક) ગર્ભાશયમા માસ અથવા મજ્જા વધી જાય છે, (ખ) ગર્ભમા કીડા પડી ઉઠે છે (ગ) ગભાશય દગ્ધ થઈ જાય છે (ઘ) ગર્ભાશય ઉધુ થઇ જાય છે (ડ) ગભાશયમા વાયુ વધી જાય છે, (ચ) ગર્ભાશયમા શીતતા પેદા થાય છે, વગેરે

(૨) રજોધર્મમા ગરબડ થાય છે-(ક) માસિક ધર્મ આવે જ નહીં. (ર) બરાબર ૨૮ દિવસે રજોધર્મ આવવો જોઇએ તેને બદલે એ કરતા વહેલો અથવા મોડો કેટલાએક દિવસ બાદ આવે છે (ગ) ઓછો થાય છે (ઘ) બહુ વધારે થાય છે વગેર

(૩) ઘણી વખત સયોગ થવાથી પુરૂષના વીર્યમાના શુક્રકીટ નબળા પડી જાય છે, અને તે શક્તિહીન થઇ જવાથી ડિબમા પ્રવેશ કરી શકતા નથી વગેરે

(૪) મન શક્તિની પ્રતિકૂલતા કેટલાએક સમય સુધીમા સતાન નહીં થવાથી એવુ માની બેસવુ કે હવે પોતાને સતાન પેદા થવાના જ નથી

(૫) પ્રેમનો અભાવ એ કારણથી સ્ત્રી-પુરૂષ એકબીજા ઉપર અનુરક્ત થતા નથી તેથી ગર્ભસ્થિતિ થઇ શકતી નથી

(૬) ડિબમા પુરૂષકીટનુ મિશ્રણ નથી થઇ શકતુ સ્ત્રી અને પુરૂષનું એકબીજાથી આગળ પાછળ સ્ખલિત થવાથી રજ અને વીર્યનુ મિશ્રણ થતુ નથી, અને તે નકામા જાય છે

+ એ બાબતમા મતભેદ છે કોઇ કહે છે કે ફ્લિોપિયન ટયૂબમા રજ અને રજસ્રાવના દિવસો છોડી દેવામા નહીં આવે તો જેમ વહેતી ધારામાં બીજ સ્થિર રહેતી નથી પણ તે ધારાની સાથેજ તણાઇ જાય છે, તેવીજ રીતે રજોદર્શનના આરભના ૩ અથવા ૪ દિવસોમા રતિસેવન કરવાથી ગર્ભ-સ્થિતિ થતી નથી અને એ દિવસોમા રતિસેવનથી સ્ત્રી અને પુરૂષ બન્નેને નાના પ્રકારના રોગ લાગુ પડે છે

પહેલુ અઠવાડિયુ—$\frac{1}{200}$ ઇંચવાળા ડિમ્બ જેમા શુક્રકીટ પ્રવેશ કરી ચુકેલા હોય છે તે ગર્ભાશયમા સ્થિર થઈ જાય છે અહી એ મિશ્રિત દ્રવ્યના બે ભાગ થાય છે, પછી એ બે ભાગોના ચાર ભાગ, અને તે ચાર ભાગના આઠ ભાગ થાય છે એ સઘળા ભાગ અંદરખાને જૂદા જૂદા હોવા છતા પણ બહારથી તો તેજ ડિમ્બની અંદર ઢંકાયલા હોય છે

બીજુ અઠવાડીયુ—ઉપર જણાવેલા આઠ ભાગના સોળ ભાગ થઈ જાય છે, અને બીજા અઠવાડિયાની આખર સુધીમા ડિમ્બની અંદરના પરમાણુઓ વિભક્ત થઈને તથા વધીને વાદળી (Sponge) ના જેવો આકાર બની જાય છે, અને ડિમ્બનો આકાર વધીને $\frac{1}{20}$ ઇંચ જેવડો થાય છે, અને તેનુ વજન એક ગ્રેન જેટલું લગભગ થાય છે

ત્રીજુ અને ચોથુ અઠવાડિયુ—ડિમ્બનો આકાર કીડીના જેવો બને છે, અને મહીનો પૂરો થતા થતા તેમા માથાના અને પગનો આકાર બનવા લાગે છે આ સમય સુધી એને જોઈને કોઇ એવુ નહીં સમજી શકે કે એ મનુષ્ય જાતિના બચ્ચાનુ બીજ છે

બીજો મહીનો—લગભગ પીસ્તાલીસમે દિવસે એ બીજનો આકાર એવો બની જાય છે, કે તેને જોઇને તે માનવ જાતિના બચ્ચાનું બીજ છે એવુ કહી શકાય શરીર કરતા માથુ મોટુ હોય છે. પગ ઠુંઠા હોય છે તેમા આગળીઓ હોતી નથી આખ કાન અને મોઢાની જગાએ માત્ર કાળા કાળા ડાઘા જેવા આકાર દેખાય છે લબાઇ વધીને એક ઇંચ જેવડી થાય છે અને બીજા મહિનાની આખર સુધીમા એ બધા અગો કાંઇક સ્પષ્ટ રૂપ ધારણ કરે છે હાથ, પગ, મોઢુ, આગળીઓ દેખાવા માડે છે

ત્રીજો મહીનો—લબાઈ ૩ ઇંચ અને વજન નવટાક પોણી નવટાક થાય છે આખની ઉપર નીચેના પોપચા બને છે, પણ તે

બંધજ રહે છે નાકના છિદ્રો, હોઠ, અને સ્ત્રીપુરૂષ ઓળખાવનારાં ચિન્હો દેખાય છે ફેફસા બનવાનો પણ આરંભ થઇ જાય છે

ચોથો મહીનો—નસો અને અસ્થિ-બંધન બરાબર નજરે પડે છે. એ મહિનામા બાળક જરાતરા હાલચાલ કરવા માડે છે.

પાચમો મહીનો—આટલા સમય સુધી શરીર કરતા માથુ મોટું હોય છે અને તેના ઉપર કોમળ વાળ ઉગે છે ગર્ભની લંબાઇ ૭–૮ ઇચ જેટલી હોય છે

છઠ્ઠો મહીનો—ચામડી અથવા ઉપરની ખાલ બનીને તૈયાર થાય છે. આગળીઓના નખ ઉગે છે, અને શરીરના સઘળા અગો બની જાય છે આ મહિનામા જો કદાચ બચ્ચુ ગર્ભમાથી બહાર નીકળી આવે, તો તે શ્વાસ લે છે ખરૂ, પણ જીવી શકતુ નથી.

સાતમો મહીનો—બચ્ચુ ગર્ભાશયમા ઉંધુ થઇ જાય છે, અને બહાર નીકળવાના રસ્તા ઉપર આવી જાય છે

આઠમો મહીનો—શરીરના બધા અવયવો પુષ્ટ થતા જાય છે, અને પોતપોતાનુ કામ કરવા લાગે છે એ સમયે બચ્ચામા પોતાનો જીવ ટકાવવાની શક્તિ આવેલી હોય છે. તે પોતાની મેળે જીવી શકે છે, +

+ આપણા દેશ (ભારત)મા જે બાળકો પૂરો સમય થવા પહેલા અવતરે છે તે ઘણાખરા મરી જાય છે તેવા અધુરા સમયે જન્મેલા બાળકના કલેજા તથા ફેફસા જોઇએ તેવા મજબુત નથી હોતા તે કારણથી રૂધિર બરાબર શુદ્ધ થઇ શકતુ નથી અને એવા બાળકના મરણનુ એ મુખ્ય કારણ છે નવા જન્મેલા બાળક લીલાપીળા થઇ જાય છે આપણા દેશમા એ રોગને ભૂતપ્રેતનો વળગાડ સમજવામા આવે છે તેથી માતાપિતા જોઇતા ઉપચાર કરતા નથી પણ મૂર્ખ અને ધુતારાઓ પાસે ઝાડે પીછી કરાવે છે, દોરા ચીઠ્ઠી બંધાવે છે, જપતપ કરાવે છે આવી રીતે તે બિચારાને રીબાવીને મારી નાખવામા આવે છે પણ અમેરિકામા જન્મ લેવાના સમય પહેલા પેદા થનારા બચ્ચાઓને માટે ખાસ પ્રબંધ કરેલો છે એક યંત્રમા

નવમો મહીનો—એ મહીનામા બચ્ચુ સર્વ પ્રકારથી પરિપૂર્ણ થઇને સાધારણપણે ૨૦ ઇંચ સુધી લાબુ અને લગભગ ૬ શેર જેટલુ વજનદાર હોય છે સારી તનદુરસ્તી તથા ઉચિત વયના માતાપિતાના સતાન નિરોગી અને હષ્ટપુષ્ટ પેદા થાય છે

ગર્ભાશયમા માતાના રકતથી બચ્ચાનું પોષણ થાય છે, નાળ નામના એક દોરડી જેવા અવયવ વડે બાળક માતાના શરીરમાથી

(Infant incubator) બચ્ચાને રાખવામા આવે છે એ યત્રદ્વારા સેકડે ૮૪ બાળકે જીવી શકે છે એવો અનુભવ થયો છે એ સસ્થાનુ મુખ્ય ઠેકાણુ ન્યૂયોર્ક છે, અને બીજા શહેરોમા તેની શાખાએ છે પૂરો સમય થયા પહેલા જન્મેલા બચ્ચાઓને ત્યા તરતજ લઇ જાય છે, અને તેની પરીક્ષા કરવામા આવે છે પછી તેને સફસુફ કરીને એક જાતની કાચની પેટીમા મૂકે છે એ પેટીની અદર સાફ નરમ કપડુ પાથરેલુ હોય છે, અને વિજળીની મદદથી સર્વદા જરૂર પ્રમાણેની સરખી ગરમી તેમા રાખવમા આવે છે દરેક બાળકના ફેફસાની શક્તિ હોય તે પ્રમાણમા હવામા એક્સિજન મેળવીને એક ખાસ યત્રદ્વારા શુદ્ધ હવાનો તે પેટીમા પ્રવેશ કરાવતા રહે છે તેથી બાળક કઇપણ હરકત વગર શ્વાસ લેતુ રહે છે યોગ્ય સમયે જરૂર પ્રમાણે પરીક્ષા કરેલી ધાવનુ ઉત્તમ દુધ બચ્ચાને પચી શકે તેટલુ પાવમા આવે છે આવી રીતે કરવાથી એ બાળકો જીવી શકે છે, વધી શકે છે, અને પુષ્ટ થતા જાય છે

બાળકોના જીવનનુ મુખ્ય યત્ર સાફ હવા, સાફ કપડા, શુદ્ધ દુધ, અને ઉચિત પ્રમાણમા પ્રયોગ એજ માત્ર છે ઉપર બતાવેલા વર્ણન સાથે આપ હવે આપણા નરકકુડ જેવા સુવાવડખાનાને સરખાવે ગદા કપડા, ગંદી હવા, ભાગાતૂટા ઘરની ગદામા ગદી ઓરડી, અને ઉપરથી દુર્ગંધ મારતી મેલી વસ્તુઓનો ઢુમ ઢા એવી આપણા સુવાવડખાનાની દશા છે !

ઉપર વર્ણવેલી વિજ્ઞાનશાળામા આ સમયે ઘણા બાળક છે સર્વથી નાનુ બાળક ૧૪ દિવસથી દાખલ થયુ છે તેનુ વજન લગભગ એક શેર છે અને ઉદરના જેવડુ તેનુ શરીર છે

શિવપ્રસાદ ગુપ્ત, પનામા પેસિફિક પ્રદર્શન અમેરિકા
૧૪ એપ્રિલ, ૧૯૧૫

બધા આવશ્યક પદાર્થ પોતાના પોષણને માટે ખેચે છે. માતાના પ્રત્યેક સારા અથવા નઠારા કાર્યનો તથા માનસિક વિચારનો પ્રભાવ બચ્ચા ઉપર પડે છે માટે જેવા મસાલાનો વિજ્ઞાનશાળામા પ્રયોગ કરવામા આવે, અને વસ્તુ તૈયાર કરવામા જેટલી જેટલી સાવધાની અને ચતુરાઇ વાપરવામા આવે તેટલાજ પ્રમાણમા ઉત્તમ અથવા કનિષ્ટ સતાન પ્રયોગશાળામા તૈયાર થઇને નિકળે છે

સમય આવે ત્યારે યોગ્ય બની જવનો વિચાર ભૂલ ભરેલો છે. એવુ કદી બનેજ નહિ ઘણી વહેલી, લાબા વખત અગાઉથી તયારી કરવાની સાવધાની વાપરવાથી ઉત્તમ સતતી પેદા થાય છે સ્વરૂપવાન, દીર્ઘાયુષ અને ગુણવાન સતાન ઉત્પન્ન કરવાની તૈયારી કેટલીએક અગાઉની પેઢીથી આરભ કરવી જોઇએ જો ગર્ભાશયરૂપી ભૂમિ ઉત્તમ હોય, અને પાયામા મોટા મોટા મજબૂત પત્થર પૂર્યા હોય, તો તેના ઉપર સર્વાંગ સુદર સતાન રૂપી મહેલ બાધી શકાય છે મહેલનો બહારનો ભાગ પણ માલ મસાલાની ઉત્તમતા અને માતપિતા રૂપી કારીગરની ચતુરાઇ ઉપરજ આધાર રાખે છે જેવી કુશળતાથી એક એક ઇટ ચણવામા આવે છે તે પ્રમાણે મહેલનો ઘાટ બને છે મહેલને સુદર અને ચિરસ્થાયી બનાવવા માટે આરભથી અત સુધી કામ પણ ખામી નહી નાખવી જોઇએ જો પાયો નબળો હોય તો તેની ઉપર સુદર મહેલ બાધી શકાય જ નહી તેમ છતા હઠ કરીને, અથવા મૂર્ખાઇ વાપરીને, અગર હરકોઇ પ્રકારની યુક્તિ વાપરીને ઇમારત બાધવામા આવે તો તે અવશ્ય તૂટી જ પડશે અને સઘળી મહેનત વ્યર્થ જશે જો પાયો મજબૂત હોય અને ઉપરની દિવાલ કાચી માટીની બાધવામા આવે અને ઘાટ બગાડી નાખવામા આવે ત્યારે પણ ધારેલો સુદર મહેલ બનતો નથી સતાનરૂપી સુન્દર મહેલ ચણવા માટે એ મહેલ બનાવવાના નિયમો જાણવા જોઇએ અને તે પ્રમાણે કામ કરવુ જોઇએ વશપરપરાથી ઉત્તમ બીજની તૈયારી કરવી જોઇએ. સદાચાર અને પ્રેમ વગેરે ગુણોથી તથા માનસિક વિચારોથી ગર્ભમાજ

સંતાન ઉપર પ્રભાવ પાડવો જોઇએ જન્મ થવા પછી બરાબર દેખરેખ રાખવી જોઇએ. ઉચિત શિક્ષણ આપવું જોઇએ અને સદા સત્સંગ થયા કરે એવા સંજોગો પ્રાપ્ત કરવા જોઇએ આવી અતિ આવશ્યક બાબતો ધ્યાનમાં રાખીને મનુષ્ય નિશ્ચય પૂર્વક કાળજી રાખે તો પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્તમ સંતાન પેદા કરી શકે છે.

(ख) વંશ-પરંપરા

એટલે

પેઢી દર પેઢીમાં ઉતરી આવતા ગુણો અને અવગુણો

Nature is all that a man brings himself into the world; nurture is every influence from without that affects him after his birth. The supremacy of nature over nurture, of inheritance over training is unquestionable. The influence of environment is not quite one-tenth that of heridity †

—*Salton*

વંશપરંપરાનું તાત્પર્ય એ છે કે એક પેઢીની સાથે બીજી પેઢીનો સંબંધ બંધાયેલો રહે છે. પોતાના અંગત તથા જાતીય પ્રવાહ દ્વારા એક પેઢીનો અનુક્રમ બીજી પેઢી સાથે જોડાઈ રહે છે. શરીરનો પ્રત્યેક ભાગ પોતાનામાંથી અતિ સૂક્ષ્મ અંગ ઉત્પન્ન કરે છે. એ અતિસૂક્ષ્મ પરમાણુઓ આખા શરીરમાં વ્યાપી રહે છે અને પોતાના જેવાજ બીજા પરમાણુઓ ઉત્પન્ન કરે છે. એજ પરમાણુઓમાંથી શરીર ઉત્પન્ન કરનાર કોષોની ઉત્પત્તિ થાય છે, તે પેઢી

† The Ground Work of Eugenics

દર પેઢી બચ્ચાઓમા ઉતરે છે અને પ્રગટ થાય છે"× 'મનુષ્ય-શરીર બે પ્રકારના કોષોનુ બને છે એક પ્રકારના કોષ દિવસમા સે કડો વખત નાશ પામે છે અને ભોજન વગેરેથી ફરીથી તૈયાર થયા કરે છે, અને બીજા પ્રકારના કોષનો નાશ નથી થતો, પણ પેઢી દર પેઢી સતાનોમા ઉતર્યા કરે છે એજ કોષોથી વીર્ય બને છે અને તે વીર્યથી બચ્ચા ઉત્પન્ન થાય છે એમાના પહેલા પ્રકારના કોષને શરીરનું રક્ષણ અને પોષણ કરનારા (Sometic cell) અને બીજા પ્રકારના કોષને ઉત્પાદક (Germ cell) કહે છે બીજમા જે શકિત છે તે પ્રત્યેક બીજમા નવી નથી બનતી ઉત્પાદક કોષ પેઢી દર પેઢી નવા નવા બનનારા કોષોમા એવી શક્તિ આપતા રહે છે ઉત્પાદક કોષોની સાથે એ શકિત પણ સતાનોમા ઉતરતી રહે છે, અને એજ શકિતને અનુસરીને બચ્ચાઓમા પેઢી દર પઢીના ગુણ અથવા દોષ ઉતરતા રહેછે "*

પ્રજનન (Eugenics) વિષય ઉપર મી ગાલ્ટન સાહેબે ઘણો પરિશ્રમ કરીને શોધ કરી છે, અને એક સિદ્ધાન્ત નક્કી કરેલો છે. તેનો અભિપ્રાય એવો છે કે સાધારણપણે બચ્ચાઓની શરીર રચનામા અર્ધોઅર્ધ ભાગના તત્વો માતા પિતા બન્ને મળીને આપે છે, અને બાકીનો અર્ધો ભાગ તેના પૂર્વ પુરૂષોમાથી અથવા વશપર-પરામાથી ઉતરી આવે છે

" મા અને બાપ દ્વારા પ્રાપ્ત થતા ગુણ અથવા અવગુણ અર્ધો ભાગ એટલે પ્રથક પ્રથક પ્રત્યેક દ્વારા ચોથો ચોથો ભાગ અને એજ પ્રમાણે પિતામહ, પિતામહી માતામહ, માતામહી, એ ચારે જણાથી ચોથો ભાગ અથવા કહો કે એમાના પ્રત્યેક દ્વારા સોળમો ભાગ બચ્ચાઓમા ઉતરે છે એ પ્રમાણે આગળ વધતા એવીજ રીતે ગુણ અથવા અવગુણો ઉતરે છે આવી રીતે વશપરપરા અથવા પેઢી દર પેઢીની સાકળ ચાલે છે જેમકે $\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}$ વિગેરે=

× Origin of Species =Darwin

* Weismann of Germany.

આવી અનંત વંશપરંપરાની વિશેષતા એ છે કે પ્રત્યેક આંકડો પાછલા આંકડાઓના સરવાળા બરાબર થાય છે. જેમકે —

$\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}+\frac{1}{64}$ વગેરે,

$\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}+\frac{1}{64}+\frac{1}{128}$ વગેરે,

$\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}+\frac{1}{64}$ વગેરે,

એના એજ ધોરણ પ્રમાણે આગળ સમજવું'' ×

આવી ગાલ્ટન દ્વારા નિર્ધારિત થયેલી વ્યવસ્થા માત્ર અનુમાનથી ગણત્રી કરવા સબંધી સૂત્ર (Statistical formula) રૂપે છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવું કે આ વ્યવસ્થા વંશમાં (Inheritance) અથવા પેઢીમાં નિર્ણયાત્મક રીતે મળતી બેસતી આવે છે એને મિશ્રિત અથવા સન્યુક્ત (Blended inheritance) પેઢી કહે છે. આવી પેઢી ઉપરાંત સૃષ્ટિમાં બીજી બે પ્રકારની પેઢી પણ જોવામાં આવે છે. તેમાંની એકને વ્યાવર્તક પેઢી (Exclusive inheritance) અને બીજીને નિર્દિષ્ટ અથવા વિલક્ષણ (Particulate inheritance) કહે છે

× The two parents between them contribute on the average one-half of each inherited quality, each of them contributing one quarter of it. The four grandparents contribute between them one-quarter, of each of them one-sixteenth and so on. The sum of the series $\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+$ etc. being epual to 1 one) as it should. It is the property of this infinite series that each term is equal to the sum of all those that follow, thus $\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}$ Etc, $\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}$ .. Etc & so on.

—Galton

વ્યાવર્તક પેઢીમા કોઇ વખતે માતૃક અને કોઇ વખતે પૈતૃક ગુણોનો લોપ થયેલો હોય એવુ જોવામા આવે છે સતતિમા માતાના જ ગુણોનુ અધિક પ્રબળ હોય છે આ કારણથી એવુ માલમ પડે છે કે કેવળ માતાનાજ ગુણોથી અપત્ય (બાળક) અનકૃત થાય છે પરતુ એ ઉપરથી એમ સમજવુ નહી કે પૈતૃક ગુણ તેમા આવતાજ નથી. પરતુ એવી ઘટના ભલી થાય છે કે પૈતૃક ગુણ વિશેષ રૂપે ખીલી નીકળવા પામતા નથી બરાબર એવીજ રીતે કોઇ સતાનમા પૈતૃક ગુણોનો અધિક વિકાસ થાય છે, અને માતૃક ગુણોનો લોપ થયેલો હોય એવુ જોવામા આવે છે

નિર્દિષ્ટ અથવા વિલક્ષણ પેઢીમા કોઇએક ખાસ ગુણનો વધારે વિકાસ થયેલો જોવામા આવે છે, જે ગુણ નથી હોતો પૂર્ણ રૂપે સતાનની માતામા અથવા પિતામા જેવી રીતે ઘોડી અને ગધેડાનો મેળાપ થવાથી તે ખચ્ચર પેદા થાય છે તેમા નથી જોવામા આવતા માતાના ગુણ કે નથી જોવામા આવતા પિતાના ગુણ કોઇ કોઇ વખતે અપત્ય (બચ્ચા)મા એવા ગુણો પ્રકાશી ઉઠે છે કે જે તેના માતપિતામા નથી જોવામા આવતા, પરતુ અનુસધાન તપાસવાથી માલમ પડી આવે છે કે તે ગુણ તેના કોઇ પૂર્વના વશમા વિદ્યમાન હોવા જોઇએ વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે કેટલીએક પેઢીઓ સુધી ગુણો અવ્યક્ત રહે છે, તેજ કારણથી એવી ઘટના બનતી જોવામા આવે છે યોગ્ય પ્રસગ પ્રાપ્ત નહી થવાથી એ ગુણો વિકાસ પામતા નથી અને એવુ જોવામા આવે છે કે કેટલીએક પેઢીઓ વીત્યા પછી એ પરાવૃત્તિનો પ્રાદુર્ભાવ થાય છે એ ઘટનાને રિવર્શન અથવા એટાવિઝમ (Reversion or Atavism) કહે છે

ડાકટર ડેવનપોર્ટે પેઢી દર પેઢીના ઉતરનારા ગુણોના જુદા ભાગ પાડ્યા છે અને તે ઉપર પોતાનો અભિપ્રાય પ્રગટ કરેલો છે આખનો રગ વાળ, ચામડી કદ વજન ગાવા વગાડવામા, ચિત્રકામા, સાહિત્યમા, ગણિતમા અથવા સ્મરણશક્તિમા વિશેષતા, શારીરિક બળ,

બોલવામા, સાભળવામા, જોવામા તફાવત, પૈતૃક નશાબાજી અથવા ગુનાહ કરવા તરફનુ વલણ, પૈતૃક રોગ, ક્ષય, ફેફ્ર, ઉપદશ વગેરે અર્થાત્ સારી રીતે વિચાર કરીને મેળ બેસાડતા માલમ પડી આવે છે કે ઉપર કહેલા ગુણે અથવા અવગુણે વ શપર પરાથી પેઢી દર પેઢીમા ઉતરી આવે છે.* પ્રકૃતિનો એવો શોકજનક નિયમ છે કે જ્યા માતા અથવા પિતા-માથી એક જણ પણ રોગ ગ્રસિત હોય છે ત્યા દુર્ભાગ્યવશ પેઢીના નિયમાનુસાર અવશ્ય રોગી અથવા દુર્બળ માતાપિતાના દુર્ગુણ સતાનમા વિશેષ વિકાસ પામે છે—Even where one of the parents is unhealthy, it is a sad part of the Law of heridity that the children more often follow the weaker parent than the stronger one.

પ્રજનન-કાર્યાલય (Eugenics Record Office) લ ડન, તરફથી કેટલાએક નાના નાના પુસ્તકો પ્રગટ થયા છે, તેમા અનેકાનેક પરિવારોના વ શજોની હકીકત આપેલી છે. અને તેને અનુસરીને નકશા બનાવેલા છે તેમા એક બીજા સાથેના સ બધ એકલો દર્શવેલો નથી, પરતુ ગુણો અને અવગુણોનો વ શપર પરાથી કેવા અખડ સબધ ચાલતો રહે છે તે પણ દર્શાવેલુ છે તે નકશા જોવાથી ખુલ્લેખુલ્લુ માલમ પડી આવે છે કે વ શપર પરાના ગુણ અથવા અવગુણ કેવા પ્રકારથી સતાનોમા ઉતરે છે, અને રોગી અથવા અયોગ્ય પિતા-પિતામહના દોષને લીધે તેઓના પુત્ર અને પૌત્ર કેવા કેવા ભયકર દુ ખો સહન કરે છે અનેકાનેક કુટુબોમા ફેફ્ર, રાજયક્ષ્મા, ઉપદશ, કઠમાળ, ગાડપણુ, બહેરાપણુ, કોઢ વગેરે અનેક ભયકર રોગોને જોઇને રોમાચ થઇ આવે છે આવા કુળોના બચ્ચાનો ઇતિહાસ જે અપીલ કરે છે

* The Science of Human Improvement by better breeding, by Dr. Davenport

તેના કરતા પણ બીજી વધુ હૃદયવિદારક અપીલ શુ હોઇ શકે ? ×

આ ઉપરથી એવુ સિદ્ધ થાય છે કે મનુષ્ય કેવળ પોતાનાજ માતાપિતાથી ઉત્પન્ન થતુ નથી, પણ જે બીજમાથી બચ્ચાની ઉત્પત્તિ થાય છે તેમા પૂર્વના વંશધરોનો ભાગ પણ રહેલો હોય છે માટે જો ભારત-જનતાનો સુધારો કરવો જ હોય તો, તે બાબતમા આજથીજ બરાબર ચિત્ત લગાડીને પ્રાકૃતિક નિયમોનુ જ્ઞાન પ્રાપ્ત કરી તે નિયમો બરાબર પાળવામા આવે તોજ કેટલીએ પેઢી વીતવા પછી સુધારો થઇ શકશે આપણા પૂર્વજો તરફથી પ્રાપ્ત થયેલા સદ્ગુણોની

× Heredity is the fundamental cause of human wretchedness There are thousands elaborate geneological charts showing not only degree of relationship but also legitimacy, sex, cause of death, bad habits, diseases or defects such as alchoholism, criminality, sexual immorality, tuberculosis, syphilis, insanity etc Here the students confronted with patients and the histories of patients see with their own eyes a telling demonstration of the cost in misery and care caused by the breeding of tainted stock ! And it is doubtful, if any other statement could make such eloquent appeal as these simple diagrams in which the mark of deaf-mutes or feeble-mindedness or some other grave infirmity blackens the whole page of a family history generation after generation – the Social Direction of human Evolution, by Professor [illegible]t

વૃદ્ધિ કરીને આપણા વંશજોને તેજ ગુણ પ્રદાન કરવા, અને દુર્ગુણો-નો નાશ કરી નાખવો-કે જેથી ભાવી સંતાનને કષ્ટ ભોગવવું નહીં પડે એ આપણા હાથની વાત છે આપણે ધારીએ તો રાષ્ટ્રને પવિત્ર કરી શકીએ અને આપણી મરજીમા આવે તો સદ્ગુણોને બદલે દુર્ગુણોનો વિકાસ કરીને વંશની ઉત્તરોત્તર સુધારણા કરવાને તેની અધોગતિ પણ કરી શકીએ ભારત-જનતાને પવિત્ર બનાવીને માતાનુ મસ્તક ઉચ્ચુ કરવુ, અથવા તેને રસાતળની ઉંડી ખાડીમા ગબડાવી મૂકવી એ બન્ને બાબતો આપણાજ હાથમા છે

(ग) મનઃશક્તિ અને પ્રેમનો પ્રભાવ.

Slaves suckle slaves, pure and enthusiastic women bring forth saints, and heroes. All history attests the fact that great men had great mothers.

મનુષ્ય સ્વભાવથીજ વિચારશીલ છે દરેક વખતે તે કાંઇને કાંઇ વિચાર કરતોજ રહે છે મનુષ્યની એક પણ ક્ષણ વિચાર વગરની ખાલી જતી નથી. સંસારના નાના મોટા કે સારા માઠા સઘળા કાર્યનું મૂળ વિચારમાંજ રહેલુ છે. પ્રથમ મનશક્તિ પોતાનુ કામ કરે છે, અને પછી શરીરના બીજા અંગો એ શક્તિની આજ્ઞા પ્રમાણે કામ કરે છે. એ શક્તિની સહાયતા વગર કોઈ પણ કાર્ય કરી શકાતુ નથી

પાણીમા પત્થર ફેંકવાથી જેવી રીતે લહેરો ઉત્પન્ન થાય છે, અથવા બોલવાથી કે વાજા વગાડવાથી વાયુમા જેવુ કમ્પન થાય છે, તેવાજ પ્રકારનો પ્રભાવ ઇથર નામના દ્રવ્ય ઉપર વિચારથી પણ પડે છે વિશાળ મહાસાગરમા એક કાંકરી ફેંકવાથી તેમા લહેરો ઉત્પન્ન થાય છે અને કદાચ તે લહેરો જોવામા નહીં આવે તોપણ મહા-સાગરના સઘળા ભાગમા કોઇને કોઇ રૂપમા અથવા અંશમાં પોતાનો પ્રભાવ પાડે છે એવીજ રીતે પ્રત્યેક શબ્દ આખી સૃષ્ટિના વાયુ-

મડળમા કમ્પન કરે છે એક સેકડમા કરોડો તો શુ પણ અબજો કમ્પન ઉત્પન્ન થાય છે, પરતુ આપણા કાન રૂપી યત્ર અમુક નિયમિત સીમા સુધીનાજ કમ્પનને ગ્રહણ કરી શકે છે કમ્પન નિરંતર ચાલ્યા જ કરે છે, અને આપણા કાનના પડદા સાથે અથડાયા કરે છે આપણા કાનમા જેટલા કમ્પન ગ્રહણ કરવાની શકિત હોય છે તેટલુ આપણે સાભળીએ છીએ, અને બાકીના કમ્પન આપણા કાનની પાસેથી ચાલ્યા જાય છે અને સાભળવામા આવતા નથી +

વિચાર-કમ્પન 'ઇથર' (Ether) નામની અતિ સૂક્ષ્મ વસ્તુ ઉપર થાય છે 'ઇથર'ના પરમાણુ અતિ સૂક્ષ્મ હોય છે તેની સૂક્ષ્મતા વિષે એવુ અનુમાન કરવામા આવે છે કે સોના જેવા ઘન (Solid) પદાર્થમા પણ ઇથરના લાખો પરમાણુ સમાઇ જાય છે. "મન શકિત વડે ઉત્પન્ન થનારા પ્રત્યેક વિચારનો પ્રભાવ આ ઇથર ઉપર પડે છે આપણા વિચારોની આકૃતિ એ ઇથર ઉપર અંકિત થઇ જાયછે, પરતુ સૂક્ષ્મતાને લીધે સાધારણ આખ વડે જોઇ શકાતી નથી જર્મનીના પ્રખ્યાત ડાકર એંડકે વિચાર દ્વારા ઇથરમાં ઉત્પન્ન થનારી આકૃતિઓની પ્લેટ (ચિત્ર) લેવાની શોધ કીધી છે. એ શોધ સફળ થઇ છે. એક વખતે એક યુવક પોતાની પ્રેમિકા વિષેના વિચારમા નિમગ્ન થઇ ગયો હતો. ડાકટર એંડકેએ તેના વિચારનું ચિત્ર ઇથર દ્વારા ઉતાર્યું, તે પ્લેટ ઉપર પેલા યુવકની પ્રેમિકાનું ચિત્ર આવી રહ્યુ' એવીજ રીતે અનેક વખત છબીઓ ઉતારવામા આવી અને તે બરાબર ઉતરી હતી"

+ જ્યારે એક સેકડમા ૪૦ થી માડીને ૪-૫ હજાર કપન થતા હોય ત્યાંસુધી સાધારણ માણસના સાભળવામા આવે છે, પણ જ્યારે એ કરતા અધિક કપન થતા હોય ત્યારે સાભળવામા આવતા નથી વાયુ-મંડળમા એક સેકડમા અસંખ્ય કપન ઉત્પન્ન થાય છે અથવા થઇ શકે છે. અતિ સૂક્ષ્મયત્ર વડે તેની ગણત્રી કરી શકાય છે

" પાણીમા ઉત્પન્ન થયલી લહેરો બધ પડી જાય છે, અને વાયુમડળમા ઉત્પન્ન થનારા કમ્પન (Vibration) પણ નાશ પામે છે, પરતુ 'ઇથર'મા ઉત્પન્ન થયેલા કમ્પન અથવા આકૃતિઓ અમર રહે છે * તેથી કરીને પ્રત્યેક વિચારનો પ્રભાવ બચ્ચાના બીજ ઉપર પડે છે ગર્ભાધાનના સમયથી માડીને પ્રસવ થાય ત્યાસુધી માતાના પ્રત્યેક વિચારની છાયા બચ્ચા ઉપર પડે છે, અને તે તેવીજ આકૃતિ, રગ, રૂપ, સ્વભાવ અને બુદ્ધિવાળુ તૈયાર થઇને અવતરે છે."

" સઘળા પ્રાણીઓનુ સૂક્ષ્મદષ્ટિ વડે અવલોકન કરવાથી માલમ પડે છે, કે તેના આકાર, તેના સ્વભાવ, અને તેની ઇચ્છા પ્રમાણે તેઓ પોતે બનીને તૈયાર થાય છે તેનો કોઇ અવયવ ઉત્પન્ન થવાનો અથવા ક્રમે ક્રમે નાશ પામવાનો નિયમ તેની મનશક્તિ ઉપર અવલબી રહે છે "+

સિહ અથવા રીછની ભયાનક આકૃતિ હોવાનું કારણ તેનો વિકરાળ અને ઉગ્ર સ્વભાવ છે, અને ગાયની ગરીબડી શાન્ત મૂર્તિ હોવાનું કારણ તેનો શાતિ પૂર્વક જીવન નિર્વાહ કરવાનો સ્વભાવ છે એકજ પ્રકારના જગલી અને પાળેલા પ્રાણીઓમા પણ ભિન્નતા પડી જાય છે જગલમા રહેનારા પ્રાણીઓને પોતાનુ રક્ષણ કરવાની જેટલી જરૂર હોય છે તેટલી પાળેલા પ્રાણીઓને હોતી નથી એ કારણથી પાળેલા પશુઓનો સ્વભાવ શાત અને જગલીઓનો સ્વભાવ ઉગ્ર બને છે, અને પછી તેજ ધોરણને અનુસરીને તેઓનુ શરીર સંગઠન પણ થાય છે. કેટલાએક પેટે ચાલનારા જતુઓને રક્ષાની નિરતર જરૂર હોવાથી તેઓની ઇચ્છા પ્રમાણે પગ પેદા થઇ શક્યા છે કેટલાએક પતગિયાની જાતના જીવોએ પક્ષીઓથી સુરક્ષિત રહેવાની ઇચ્છાથી

* Mrs. Annie Besant

+ Darwin

પોતાનો રંગ બદલી લીધો છે જે ઝાડો ઉપર તેઓ નિવાસ કરતા હોય તેનાજ પાદડાના જેવો રંગ પોતાની પાંખોનો બનાવ્યો છે કેટલી એક જાતની માછલીઓએ હિંસક જલચરોથી સુરક્ષિત હેવા માટે પોતાના શરીરમા પીછા પેદા કીધા છે એવીજ રીતે લતા, વૃક્ષ પુષ્પ પણ પોતાની આકૃતિમા પરિવર્તન કરતા માલમ પડ્યા છે ઘણ એક ફૂલો માંસાહારી બની ગયા છે, તેમનામા માખીઓ, કીડા અને પતંગિયાને પકડી લેવાની શક્તિ ઉત્પન્ન થઈ છે. કહેવાની મતલબ એટલીજ કે મન શક્તિના નિરંતર ઉદ્યોગ વડે પ્રાણીઓમા રંગ વગેરે ના કારણથી નવા નવા અવયવો ઉત્પન્ન થઇ શકે છે, અને તેની જ્યારે કોઇ અવયવકતા નથી રહેતી ત્યારે તે અવયવ ધીમે ધીમે લોપ થઇ જાય છે

વાસ્તવિક રીતે જોતા મન શક્તિ વડેજ શરીરની રચના થાય છે એજ શક્તિના પ્રભાવથી આપણે મનુષ્ય બન્યા છીએ માટે ગર્ભાધાન અથવા ગર્ભાવસ્થાના સમયમા માતાપિતાની જેવી મન શક્તિ હોય છે તેવાજ સંતાન મન શક્તિના બીબામા (સંચામા) તૈયાર થાય છે ત્યારપછી પણ માતાના સ્વભાવ તથા આચારણની છાયા તેને ઉપર પડે છે અને સ્વાભાવિક રીતેજ તેઓ તેવા રંગથી રંગાઇ જાય છે

(૧) અર્જુન અને સુભદ્રાથી અભિમન્યુનો જન્મ થયો હતો અભિમન્યુ ગર્ભાવસ્થામા હતો ત્યારે સુભદ્રાનુ ચિત્ત કાંઇક ઉદાસ જણાયુ તેને રાજી રાખવા માટે અર્જુને તે વખતે 'ચક્રવ્યૂહ'ની રચના તથા તેને ભાગી નાખવાની યુક્તિનુ વર્ણન સંભળાવ્યુ હતુ મહાભારતના યુદ્ધમા કૃષ્ણ, અર્જુન તથા દ્રોણાચાર્ય શિવાયના અન્ય કોઇને 'ચક્રવ્યૂહ'ની રચના અને તેને ભાગી નાખવાની યુક્તિની માહિતી હતી નહીં કૃષ્ણ તથા અર્જુન ગેરહાજર હતા એવે સમયે દ્રોણાચાર્યે ચતુરાઇ વાપરી ચક્રવ્યૂહની રચના કરીને યુધિષ્ઠિરને કહેવડાવ્યુ કે ચાહે તો વ્યૂહમા પ્રવેશ કરવો અને તેમ નહીં કરો તો કૌરવ પક્ષને વિજય-

પત્ર લખી આપવો. આવા સંકટના સમયે અભિમન્યુ ગર્ભવાસ વખત-ના સંસ્કારથી સાવચેત થઇ ગયો, અને અપૂર્વ વીરતા સાથે 'ચક્ર-વ્યૂહ'ના તેણે પ્રવેશ કીધો

આખા યુરોપખંડને ધ્રુજાવનાર મહાન વીર નેપોલિયન બોના-પાર્ટનું નામ ભાગ્યેજ કોઈ શિક્ષિત મનુષ્યને અજાણ્યું હશે તેના જ્વલંત વીરત્વ અને આશ્ચર્યજનક નૈતિક કાર્યોનું વૃત્તાન્ત જગજાહેર છે એવું કહેવામાં આવે છે કે એ ગર્ભમાં હતો તે સમયે એની માતા પ્લુટાર્કે લખેલા વીરપુરૂષોના જીવનચરિત્રો વાચતી હતી, અને ગ્રીશિયન વીરજનના સાહિત્યનો અભ્યાસ કરતી હતી તે મોટા પાણી-દાર ઘોડા ઉપર સ્વારી કરતી હતી, અને પોતાના પતિના તાબાના સૈનિકો ઉપર રાણીની પેઠે હકૂમત ચલાવતી હતી. આવા ઉત્તમ વીરરસના સાહિત્યના અભ્યાસનો, અને તેનાથી ઉત્પન્ન થયેલા ઉંચા માનસિક વિચારોનો પ્રભાવ તેના ગર્ભમાં રહેલા નેપોલિયન ઉપર પડવાથી તેનામાં અલૌકિક શક્તિઓનો વિકાસ થયો ×

(૮) 'ચાર્લ્સ કિંગ્સલિ' ગર્ભમાં હતો તે સમયે તેની માતાનું હૃદય વૈરાગ્ય અને ધર્મવૃત્તિના રસમાં તરબોળ હતું તે સાંસારિક વૈભવ અને સુખનો પરિત્યાગ કરીને સાધુભાવથી રહેતી હતી શહેર-માંથી પોતાનું નિવાસસ્થાન બદલીને તે ગામડામાં રહેવા ગઈ, ત્યાં પોતાનો અધિક સમય સૃષ્ટિસૌંદર્ય અને પ્રકૃતિની મનોહરતા જોવામાં ગાળતી હતી માતાએ જાણીજોઇને પોતાના ગર્ભસ્થ સંતાન ઉપર પ્રભાવ પાડવા માટે આવાં આચરણ રાખવાનું સ્વીકાર્યું હતું પરિણામ એ આવ્યું કે તેનો પુત્ર કિંગ્સલિ મહાન્ પુરૂષ બન્યો. તેણે સૃષ્ટિ સૌંદર્ય ઉપર ઘણાજ મહત્વપૂર્ણ ગ્રંથ લખ્યા, અને પ્રતિષ્ઠિત ધર્માધ્યક્ષ બની ઘણો યશ પ્રાપ્ત કર્યો.

× Dr Fowler.

(૪) મેરી વિનીસિયા નામની એક અમેરિકન મહિલાએ પોતાનુ વૃત્તાંત લખ્યુછે તેમા તેણે લખ્યુ છે કે, "મારા મોટા દીકરાના જન્મથી એક મહિના અગાઉ એક પુસ્તક વેચનાર ફેરિયો આવ્યો. તેની પાસેથી મે એક પુસ્તક વેચાતુ લીધુ તેમા મનશક્તિદ્વારા ઇચ્છાનુસાર ગુણવાન સતાન ઉત્પન્ન કરવાની રીત લખેલી હતી પ્રસવનો સમય નજીક હોવાથી મારા પ્રથમ પુત્રના ઉપર હુ જોઇએ તેવો પ્રભાવ પાડી શકી નહીં તે કારણથી તે સાધારણ બુદ્ધિવાળો જ ઉત્પન્ન થયો પણ જ્યારે બીજો પુત્ર ગર્ભવાસમા આવ્યો ત્યારે તેને ચિત્રકળામા પ્રવિણ બનાવવાની મારી ઇચ્છા થઇ એ ઉદ્દેશ પાર પાડવા માટે હુ અમેરિકાના પ્રસિદ્ધ નગરોના ચિત્રાલયોમા જતી, તે ઠેકાણેના ચિત્રો પ્રેમપૂર્વક જોતી, શુદ્ધ હૃદયથી તેની પ્રશસા કરતી, અને તેવા ચિત્રો બનાવવાનો હું સ્વય અભ્યાસ કરતી તેનુ ફળ એવુ આવ્યુ કે બીજા પુત્રનામા ચિત્રકળના સબધી શક્તિનો પૂર્ણ વિકાસ થયો *

(૫) શ્રીકૃષ્ણ અને રૂક્મિણીજીના પ્રેમની કથા સઘળા હિન્દુઓ જાણે છે દપતિમા એકનિષ્ઠ પ્રેમ હોય છે તેનો પ્રભાવ સતાન ઉપર અવશ્ય પડે જ છે કૃષ્ણ અને તેના મોટા પુત્ર પ્રદ્યુમ્નને જોઇને લોકોને શકા પડતી હતી કૃષ્ણના સ્વરૂપ સાથે તે એટલો બધો મળતો આવતો હતો, કે સ્વય કૃષ્ણને પણ સંદેહ પડેલો કે પોતાના જેવાજ સ્વરૂપવાળો આ બીજો પુરૂષ કોણ હશે' કૃષ્ણનુ માત્ર રૂપજ નહીં પરતુ તેના ગુણો પણ પ્રદ્યુમ્નમા વિરાજમાન હતા.

(૬) અમેરિકાના વૉશિગટન શહેરના એક તરૂણ દપતીને પોતાના સતાન સુદર બનાવવાની ઇચ્છા થઇ. તેઓએ એક સુદર બાળકનુ ચિત્ર વેચાતું લઇને પોતાના ઘરમા રાખ્યુ. તે બન્ને જણા પેલા

---

* What a young wife ou ht to know—by mrs (?) Ignorance is not purity, but is often the cause of grossest impurity.

ચિત્રને ઘડી ઘડીએ જોયા કરતા હતા. તેઓને એક પુત્ર પ્રાપ્ત થયો તે સર્વ પ્રકારે પેલા ચિત્ર સાથે મળતો આવતો હતો ×

(૭) એક અંગ્રેજને આફ્રિકાનિવાસી કાળા રંગની સ્ત્રીના ઉપર ઘણોજ પ્રેમ હતો તેની સાથે લગ્ન કરીને તે ઘણા વર્ષ સુધી આનંદ પૂર્વક રહ્યો પણ પેલી કાળી સ્ત્રી મરણ પામવાથી તે પાછો એક ગોરી મડમ જોડે પરણ્યો તેને ગોરી મડમના પેટથી જે પુત્ર થયો તે પહેલી વારની કાળી સ્ત્રીના જેવાજ રૂપ રંગવાળો હતો * આનુ કારણ બતાવવુ પડે તેમ નથી તે અંગ્રેજ પોતાની પહેલી વારની કાળી સ્ત્રીને ભૂલી શક્યો નહી ગર્ભાધાન સમયે તે સ્ત્રીની મૂર્તિ તેના મગજમા રમી રહી હતી તે કારણથી તેનુ પ્રતિબિંબ સંતાનમા આવી ગયુ +

(૮) સ્પેનમા એક પ્રતિષ્ઠિત પુરૂષની દીકરીના સુવાના ઓરડા-મા એક હબસીની છબી ટાંગેલી હતી તે છબી પેલી છોકરી વારંવાર

× Evil is wrought by want of thought
As well as by want of heart
Dr. Fowler.

* Dr. Love.

+ ડાક્ટર સિકસ્ટને ઘેર કેટલાએક સસલા પાળેલા હતા તેણે તે સસલાનો રંગ બદલવાનો વિચાર કર્યો એક ઓરડાને રંગાવ્યો, તેની છત, ભોંયતળિયુ, દિવાલો, બારી બારણા વગેરે લીલા રંગના કરાવીને સસલાને તે ઓરડામા રાખ્યા. કેટલોએક સમય વીતવા પછી બે લીલા રંગના બચ્ચા પેદા થયા, અને પછી પેલા લીલા રંગના સસલાના જે બચ્ચા પેદા થતા તે લીલાજ રંગના થતા હતા ઘોડા પાળવાવાળા સોદાગરો પોતાની ઇચ્છા પ્રમાણે ઘોડાના બચ્ચા ઉત્પન્ન કરાવે છે ગર્ભાધાન વખતે જેવા રૂપ અને રંગનો ઘોડો ઘોડીની નજર સામે ઉભો રાખ્યો હોય તેવાજ રંગના બચ્ચા પેદા થાય છે.

ધારી ધારીને જોયા કરતી હતી. ગર્ભાવસ્થામાં પણ તેની નજર પેલી છબી ઉપર પડયા કરતી હતી. આના પરિણામે તે સ્ત્રીનો છોકરો પેલી છબી જેવા રંગરૂપવાળો ઉત્પન્ન થયો. +

(૯) રોમ શહેરનો એક ન્યાયાધીશ ઘણોજ કદરૂપો અને ઠીંગણા કદનો હતો. તેનો વડો દીકરો તેના જેવોજ કદરૂપો અને ઠીંગણો ઉત્પન્ન થયો, તે ઉપરથી તેણે તે સમયના પ્રખ્યાત ડાક્ટર ગૈલનની સલાહ પૂછી. તે ડાક્ટરે એક અતિ સુંદર છબી ન્યાયાધીશની સ્ત્રીના સુવાના અને બેસવાના ઓરડામાં રાખીને વખતો વખત ધ્યાન દઈને જોયા કરવાની સલાહ આપી એ પ્રમાણે વર્તન કરવાથી બીજા છોકરા ઉત્પન્ન થયા તે સઘળા ન્યાયાધીશની આશા પ્રમાણે ઘણા સુંદર હતા -

જેવી રીતે અને જેટલા અંશમાં ઉત્તમ મનશક્તિ અને પ્રેમના પ્રભાવથી સારાં સંતાન ઉત્પન્ન કરી શકાય છે, તેટલેજ અંશે બૂરા આચરણ તથા પ્રેમના અભાવથી દુર્ગુણી, નઠારાં સંતાન પણ ઉત્પન્ન થાય છે માટે પ્રત્યેક સજ્જન મનુષ્યને લક્ષમાં રાખવા અને બરાબર સમજવા જેવી એક વાત છે કોઇ દંપતિ બરાબર શુદ્ધ આચરણ નહીં રાખે અને વિચાર પણ અપવિત્ર કરતા રહે, તેઓ ગર્ભાધાનને સમયે અથવા ગર્ભાવસ્થામાં પોતાના આચરણ અને વિચારો શુદ્ધ કરી શકે એવું બનવાની આશા ફોકટ જાય છે જ્યારે સમય આવે ત્યારે કોઈ પણ મનુષ્ય પોતાની મનશક્તિ ઉપર એકાએક અંકુશ રાખીને સ્વાધીન કરી શકતો નથી. હમેશનો જેવો મહાવરો હોય છે તેવાજ વિચારો તે સમયે પણ તેના મગજમાં આવ્યા વગર રહેતા નથી, માટે ઉત્તમ સંતતિની આશા રાખનાર માતાપિતાએ સદાચાર પાળવાની અને સુવિચાર કરવાની પહેલાથી ટેવ પાડવી જોઇએ.

+ E. J. Jamport.

- Professor Killicott.

(૧) એક સ્ત્રી પોતાના નાના બાળકને ઉંઘાડી મૂકવા માટે કાંઇ નિશાવાળી ઔષધિ પાઇને બૉલ (નાચ) મા ચાલી ગઇ. ઔષધિ વધારે પ્રમાણમા અપાઇ જવાથી બાળક મરણ પામ્યુ બાળકના મરણથી પેલી સ્ત્રીને અત્યત દુઃખ લાગ્યુ. દિનપરદિન તેનો શોક વધતોજ ગયો. આવી શોકાવસ્થામા તેને બીજી વખત ગર્ભ રહ્યો ગર્ભાવસ્થામા પણ તે ગોઠમા ને શોકમા ડુબી રહેતી હતી. પરિણામ એવુ આવ્યુ કે બાળક રોગી ઉત્પન્ન થયુ, અને બે વર્ષ જીવીને માથાના રોગથી મરણ પામ્યુ હવે પેલી સ્ત્રીના શોકમા પાછો અધિક વધારો થયો ત્રીજી વખત ગર્ભ રહ્યો અને પૂરા માસે વધારે રોગી બાળકનો જન્મ થયો તે બાળક તો ૭ મહીનામાજ રામશરણ થઇ ગયુ. હવે પેલી માતાની નિરાશા અને શોકની કાંઇ સીમાજ રહી નહી. તે અગાધ શોક સાગરમા ડુબી રહી હતી તેવી અવસ્થામા ચોથુ બાળક ઉત્પન્ન થયુ બહુ બહુ જતન કરવા છતા પણ તે બાળક બે વર્ષમા મોતનો કોળિયો બની ગયુ, અને આખરે કેટલાએક દિવસ પછી પેલી સ્ત્રી પણ શોક અને દુઃખના કારણથી મરણને શરણ થઇ ગઇ *

(૨) "મારા ત્રણ બાળકો મારી ગર્ભાવસ્થાની ત્રણ જૂદી જૂદી સ્થિતિઓનુ સ્મરણ કરાવે છે પહેલા પુત્રના ગર્ભને સમયે મારી માનસિક દશા સારી હતી. હુ સદૈવ પ્રસન્ન મનવાળી અને પ્રફુલ્લિત રહેતી હતી. તેથી મારો પહેલો પુત્ર નિરોગી, સર્વાંગસુદર, અને બુદ્ધિવાન પેદા થયો બીજા બાળકનો ગર્ભ રહેવાના સમય અગાઉ મારો પતિ દારૂડિયો થઈ ગયો હતો. તેનુ એ વ્યસન મને નાપસદ હોવાથી મને તેના ઉપર કાઇક ઘૃણા પણ ઉત્પન્ન થઈ ગઈ હતી. તેથી હુ ઉદાસ અને અપ્રસન્ન રહેતી હતી એવા સમયમા મારા ગર્ભમા બીજા બાળકે આવીને જન્મ લીધો તે બાળક સર્વ પ્રકારે મારી તે સમયની અવસ્થાને અનુકૂળ છે. ત્રીજા બાળકની

* Dr Fowler

ઉત્પત્તિના સમયે મારા પતિનુ દુર્વ્યસન બહુજ વધી ગયુ હતુ તેના અમત અને કુટિલ વ્યવહારથી મારે અસહ્ય કષ્ટ ભોગવવુ પડતુ હતુ આર્થિક દશા પણ બહુ શોચનીય થઈ પડી હતી મારો વિનોદી સ્વભાવ નિરાશા અને શોકના રૂપમા બદલાઇ ગયો હતો. તેથી હું ચિતારૂપી ચિતા ઉપર રોજ દિનરાત બળ્યા કરતી હતી આના પરિણામથી મારો ત્રીજો પુત્ર રોગી, નિર્બળ અને નિરાશા તથા શોકનો અવતારજ હોય એવો ઉત્પન્ન થયો"*

(૩) "એક સાધારણ સુદૃઢતાવાળી નિરોગી સ્ત્રી પોતાના ૧૪ વર્ષની વયના દુર્બળ, પાતળા, ક્ષીણ અને શક્તિહીન બાળકને લઇને મારી પાસે આવી પુત્રનો પિતા સાથેજ હતો, અને તે પણ બહુ સારો જુવાન હતો ત્રણેની પરીક્ષા કરીને મે અભિપ્રાય આપ્યો કે દપતિમા પ્રેમનો અભાવ હતો પ્રેમશક્તિનો વિકાસ થયેલો નહીં હોવાથી તે સતાનમા અપૂર્ણતા રહી ગઈ તેથી એવો નકામો પુત્ર પેદા થયો ×

(૪) એક સ્ત્રી પોતાની ૧૬ વર્ષની પુત્રીને ડાક્ટર ફાઉલર પાસે લઇ ગઇ અને કહેવા લાગી કે તે છોકરી ખાસ ઘણીખરી રડયાજ કરે છે, અને માત્ર ધાર્મિક પુસ્તકોજ વાચે છે, બીજા કોઇપણ મનોરજક અથવા હાસ્યપ્રદ પુસ્તકો કદી પણ વાચતી નથી ડાક્ટરે તેની તપાસ કરી તો એવુ માલમ પડયુ કે તેનામા દૃઢ સ્વભાવ, પ્રેમ અને

---

* No intelligence, no cunningness, no benevolence could evade the inevitable. What she was that her child was. What she had made herself she had made her child What she had become that her child became also In being born the child became all that

× Dr Fowler.

પ્રસન્નતાની શક્તિઓનો વિકાસ થવા પામેલો હતો નહી તેની માતાને પૂછવાથી ખાત્રી થઇ કે એક દુષ્ટ માણસના ફંદામા ફસી જવાથી તે તેની સાથે પરણી હતી પરંતુ થોડા જ સમય વિતવા પછી તેનો બનાવટી પ્રેમ નાશ પામ્યો અને અમતી સ્વભાવ જાહેર થયો તેથી તે કંટાળી ગઇ હતી કંટાળાને લીધે પોતે પતિથી વિમુખ રહેતી. તેના નામે રોયા કરતી, અને બાઇબલ વાચીને પોતાના મનને મારતી હતી એવી અવસ્થામા પેલી પુત્રીનો જન્મ થયો હતો

આવા તો અનેકાનેક ઉદાહરણો છે. ગુણ અને દુર્ગુણ બન્નેજ માતપિતાના ઉપરથી બચ્ચાની અંદર ઉતરી આવે છે સારા સંબધથી સારા સંતાન અને નઠારા માતપિતાથી નઠારા સંતાન પેદા થાય છે. મન શક્તિનો સારો તેમજ નઠારો પ્રભાવ પડે છે એ નિર્વિવાદ વાત છે મન શક્તિ અને પ્રેમ ઉપરાંત અતિ થાક લાગે એવા કામ કરવાથી, અથવ બીલકુલ કામ વગર નકામા એદી અને આળસુ પડી રહેવાથી, રોગીની સુશ્રુષા કરવાથી, હવા વગરના બંધ ઘરમા રહેવાથી, શ્વાસને રોકાણ થતુ હોય એવા કામ કરવાથી, અનિયમિત આહાર વિહાર તથા પરિશ્રમથી ગર્ભસ્થ બાળક ઉપર બહુજ માઠો પ્રભાવ પડે છે.

(ઘ) સંતાનનું પાલણ-પોષણ અને શિક્ષણ.

આ પુસ્તકના પહેલાજ પરિચ્છેદમા દર્શાવી દીધુ છે કે પ્રત્યેક સ્ત્રીપુરૂષમા શારીરિક, માનસિક અને આત્મિક યોગ્યતા હોય ત્યારેજ તેઓ સ્ત્રી અથવા પુરૂષ કહેવડાવવાના અધિકારી થઇ શકે છે મનુષ્યનામા મનુષ્યના જેવા ગુણો હોય નહી તો પછી તેને મનુષ્ય કોણ કહે ?

જ્યારે બાળક સંસારમા જન્મ ધારણ કરે છે ત્યારે તે માત્ર પૈતૃક અને સામાજિક સંસ્કારો લઇને અવતરે છે પરંતુ તે અયોગ્યતા

અને અવિદ્યાના ભંડાર જેવોજ હોય છે માતા, પિતા, ગુરૂ, પુરોહિત વગેરે શિક્ષકો તેને ઉપરથી દુરાવસ્થામાંથી અનેક પ્રયત્નો અને સાધનો વડે મુક્ત કરે છે. જન્મથી સારા સંસ્કાર પડ્યા હોય તેમ છતા પણ-હૃષ્ટપુષ્ટ, આરોગ્ય અને ઉત્તમ કુળ તથા જાતિમાં ઉત્પન્ન થાય તેમ છતા પણ- અનેક વિભુતિઓ અનેક ઉત્તમ ગુણોથી સજ્જિત થયા વગર, મનુષ્ય મનુષ્યની પંક્તિમા બેસવા યોગ્ય બની શકતો નથી.

શારીરિક તથા માનસિક શક્તિઓને વધારવાના અને પુષ્ટ કરવાના અનેક સાધનો છે એ સાધનોમાં મુખ્ય સાધન ધન છે મંસારમા સંપત્તિ વગર કાંઇ પણ કામ થઇ શકતુ જ નથી. સંપત્તિની સહાયતા વડેજ બાળકોના પાલણ-પોષણ તથા શિક્ષણનો ઉચિત પ્રબંધ કરવામા આવે છે

સંસારના પ્રત્યેક કાર્યને માટે શારીરિક બળ હોવાની પરમ આવશ્યક્તા છે સારો ખોરાક, સ્વચ્છ વસ્ત્ર, પવિત્ર હવાપાણી, સાફ અને પુષ્કળ હવા મળે એવા રહેવાના ઘર, વ્યાયામ, લાભની આશા અને સ્વતંત્રતા ઉપરાંત કાર્યકુશળ બનવા માટે નાના પ્રકારનુ શિક્ષણ, ખેતી, શિલ્પ, વેપાર, વ્યવસાય, રાજનીતિ, વિજ્ઞાન અને ધર્મજ્ઞાન વગેરેની આવશ્યકતા હોય તે પ્રમાણે પ્રાપ્ત થવુ જોઇએ શારીરિક બળ અને માનસિક શક્તિઓને ખીલવીને વધાર્યા વગર સંસાર-યાત્રા થઈ શકતી નથી. જેવી રીતે ઉપર કહ્યુ છે કે મનુષ્ય માત્ર જન્મથીજ બની શકે નહી, પણ મનુષ્યના ગુણ તેનામા હોવા જોઇએ

સંસારનો કોઇ પણ શિક્ષક-માતા, પિતા, ગુરૂ અથવા પુરોહિત ઉચિત સાધનોની સહાયતાવગર કાંઇ પણ કરી શકે નહિ. જો સંપત્તિનો અભાવ હોય, અથવા બાળકના પાલણ પોષણને માટે ખાવાના પદાર્થ કમી હોય તો પછી જન્મથી ઉત્તમ સંસ્કાર વાળા બાળકનો જન્મ પણ વ્યર્થજ થઇ જાય છે. જો બાળકના પાલણ-પોષણ અને શિક્ષણનો ઉચિત રીતે પ્રબંધ થઇ શકે નહી, તો પછી એવા બાળકોને જન્મ આપવાથી શો લાભ છે ?

આ પ્રશ્ન બહુજ ભયકર છે એનો નિવેડો લાવવાનુ કામ મુશ્કેલ જ નહી પણ અસભવિત જેવુ છે બાળકોના ભોજનને માટે ખાવાના પદાર્થો, રહેવાને માટે સ્થાન, શિક્ષણને માટે દ્રવ્ય, ખેતીને માટે જમીન અને વેપારને માટે નવા બજારો કેવી રીતે પ્રાપ્ત થાય ? આવો જીવન-પ્રયાસ માટે ચાલતો સંઘર્ષ ટાળવા માટે કોઇ નિશ્ચિત માર્ગ આજસુધીમા જડેલો નથી અને ભવિષ્યમા જડવાનો પણ નથી. પ્રત્યેક સમયમા, પ્રત્યેક જાતિ અથવા દેશના મનુષ્યોને આ પ્રશ્નનો પોતપોતાના સાધનો અને સગવડો પ્રમાણે નિર્ણય કરવો પડે છે.

હવે કોઇ ડારવિન અને માલ્થસનો જમાનો પણ નથી. ભૂમડળ માનવજાતિથી ઉભરાઈ ગયુ છે હવે અધિક વૃદ્ધિ થવાનો સભવ રહ્યો નથી પૃથ્વીની સર્વથી શ્રેષ્ઠ અને મહાન જાતિઓની જનવૃદ્ધિ કમી થઇ ગઇ છે, એટલુજ નહીં પણ અટકી ગયા જેવીજ સ્થિતિ થઇ છે. ગ્રીસના લોકોનુ નામ બદનામ થાય છે કે એ લોકો કૃત્રિમ ઉપાયો વડે જનવૃદ્ધિ અટકાવી રહ્યા છે અતિશયપણુ કોઇપણ બાબતમા સારૂ નથી, તે કારણ ધ્યાનમા લેતા ફ્રાન્સના લોકો જનસખ્યા-નિરોધમા અતિશયપણુ વાપરે છે એ વાતમા કાઇક સત્ય છે ખરૂ પરતુ જનસખ્યા તો પ્રત્યેક દેશમા સ્થિર થઇ જવા જેવીજ છે લગભગ સઘળા જ દેશોની જનસખ્યામા બહુજ થોડો વધારો થતો જણાય છે. આવા વિષયમા મોઢે મોઢેની વાતો ઉપર વિશ્વાસ રાખવો ઘટતો નથી. આવા ગભિર પ્રશ્નો ઉપર બહુ બારીક રીતે ખોજ કરીને વિચાર કરવો જોઇએ આગળ બતાવેલા કોષ્ટક ઉપરથી માલમ પડે છે કે જર્મનીનુ બળ તે દેશમા જનસખ્યાની વૃદ્ધિ થવાથી વધ્યુ છે, અને ફ્રાન્સમા જનસખ્યાનો નિરોધ કરવામા આવે છે તે કારણથી તે દેશનુ બળ ઘટી ગયુ છે જન-વૃદ્ધિ નથી અધિક ઇગ્લાડમા કે નથી અધિક જર્મનીમા પ્રત્યેક દેશની જનસખ્યા પર વિચાર કરવાથી એક વાત સ્પષ્ટ માલમ પડે છે કે સભ્ય જાતિઓમા સતાનવૃદ્ધિ નિયમસર કમતી થતી જાય છે

જન્મ મૃત્યુ સખ્યા અને વૃદ્ધિઃ દર હજારે. ×

	ઇંગ્લાડ		જર્મની		ફ્રાન્સ *	
	ઈ૧૮૭૬	૧૯૦૯	૧૮૭૬	૧૯૦૯	૧૮૭૬	૧૯૦૯
જન્મસખ્યા	૩૬ ૩	૨૫ ૬	૪૦ ૭	૩૨ ૯	૩૪ ૭	૧૯ ૬
મૃત્યુ સખ્યા	૨૦ ૯	૧૪ ૫	૨૫ ૪	૧૭ ૮	૧૯ ૩	૯.૨
જનવૃદ્ધિ	૧૫ ૪	૧૧ ૧	૧૫ ૩	૧૫ ૧	૧૫ ૪	૧૦.૪

જેટલા સતાનોના પાલણ-પોષણનો ઉચિત પ્રબધ થઇ શકતો હોય, તે પ્રમાણેજ દીર્ઘદૃષ્ટિ વાપરીને સતાનોત્પત્તિ કરવામા આવે છે, તે બાબતનુ પ્રત્યક્ષ પ્રમાણુ આગળ બતાવેલા દેશોમા થયેલા જનસખ્યાના ઘટાડા ઉપરથી મળી આવે છે આ વિશયમા ભારતવર્ષમાજ ખરેખરી અ ધાધુ ધી ચાલે છે, ભારતની જનસખ્યા ઘટવાને બદલે વધતી જેવામા આવે છે.

ઉત્તમ સતાન પેદા કરવા એ ઘણી ઉત્તમ વાત છે ખરી પરતુ તેની પણ ડાઇક હદ તો હોવી જોઇએ હદ બહાર જવાથી લાભને બદલે સદૈવ હાનીજ થાય છે ગમે તેવા ધનાઢ્ય હોય અને જોઇએ તેવા આરોગ્ય હોય તેમ છતા સર્વ સ્ત્રી પુરૂષોના જીવનમા એવો સમય આવે છે, કે ત્યાર પછી તેઓને અધિક સતાનની આવશ્યકતા રહેતી નથી, અને સતાન પેદા કરવાથી તેઓના સ્વાસ્થ્યને તેમજ સ્વય સતાનને પણ હાનિ પહોચે છે. કેટલાએક લોકો એવા છે કે

× History of war and peace by G H. Perris page 245

* From periodicals

તેઓ માત્ર અમુક નિયમિત સંખ્યાનુંજ પાલણ-પોષણ અને શિક્ષણ કરી શકે જેની બે બાળકોને પાળવાની અને શિક્ષણ આપવાની શક્તિ હોય તેને કદાચ એક ડજન બાળકોનું ધાડું થાય-એવું બરાબર બનતું આવે છે-તો તે દંપતિની અને તે બાળકોની કેવી દશા થાય તે કહી બતાવવાની આવશ્યકતાજ નથી

જન્મસંખ્યા—પ્રતિ હજારે.*

ઈ સ	ઇંગ્લાંડ	જર્મની	ફ્રાન્સ
૧૮૭૬-૮૦	૩૬-૩	૪૦-૭	૩૪-૭
૧૮૮૧-૮૫	૩૩-૫	૩૭-૦	૨૪-૭
૧૮૮૬-૯૦	૩૧-૪	૩૬-૫	૨૩-૧
૧૮૯૧-૯૫	૩૦-૫	૩૬-૩	૨૨-૧
૧૮૯૬-૧૯૦૦	૨૯-૩	૩૬-૦	૨૧-૯
૧૯૦૧-૧૯૦૫	૨૮-૧	૩૪-૩	૨૧-૨
૧૯૦૭-	૨૬-૩	૩૨-૩	૧૯-૭
૧૯૧૪-	૨૪-૪	૨૮-૦	૧૬-૨
	ઈ સ	ભારત ×	
	૧૮૯૯	૪૨-૧૬	
	૧૯૦૦	૩૬-૫૬	
	૧૯૦૧	૩૪-૫૧	
	૧૯૦૨	૩૯-૩૬	
	૧૯૦૩	૩૮-૧૬	
	૧૯૦૪	૪૦-૮૫	
	૧૯૦૯	૩૭-૪૬	
	૧૯૧૫	૩૭-૮૨	
	૧૯૧૬	૩૭-૧૩	

* History of War and Peace by G. H. Perris Page 244.

× Statistical Abstract of British India; Page 228-237.

પોતાના બાળકોનુ પાલણ-પોષણ કરી શકાય અને તેઓને બરાબર શિક્ષણ આપી શકાય, તેને માટે જેટલી શક્તિ હોય તેટલાજ બાળકો પેદા કરવાથી ભારતનુ કલ્યાણ થઇ શકશે એ હદ કરતા વધારે સંતાનોત્પત્તિ કરવાથી નેપોલિયનના કહેવા પ્રમાણે રાષ્ટ્રોને બદ-હજમીનો રોગ લાગુ પડે છે, અને તેની દવા જો નહી કરાય તો મોત જ આવે છે

એવા રોગની મહાન્ ઔષધિનુ નામ છે જન-વૃદ્ધિ-નિરોધ ઉપર એક અતિ ઉત્તમ રીતનુ વર્ણન અપાઈ ગયુ છે, પણ તેટલાથીજ ચાલે એવુ નથી માટે હવે બીજા ઉપાયો વિષે વિચાર કરીશુ

સાતમો પરિચ્છેદ.

બ્રહ્મચર્ય અથવા ઇંદ્રિય-નિરોધ.

Looking back over the procession of ages, the flux and reflux of populations, the building up and collapse of states, we are driven to the conclusion, that every function of society at every stage of its growth is affected by density of population, and the margins of free land And since, we are limited to this planet, the whole process of expansion is necessarily modified as the filling up of the earth nears completion.

Herbert Fisher.

કાળની સંકળના ઉપર, જનસંખ્યાના વધારા ઘટાડાના ઇતિહાસ ઉપર, સારા સંસારના પ્રધાન રાજ્યોની સ્થાપના અને નાશ ઉપર દૃષ્ટિ પહોંચાડીને જોઇએ ત્યારે લાચાર થઇને માનવું પડે છે કે આ સૃષ્ટિના પ્રત્યેક કાળમાં, સમાજની પ્રત્યેક અવસ્થામાં જનસંખ્યાની અધિકતા અને ભૂમિની ન્યૂનતાનો પ્રશ્ન ઉપસ્થિત રહે છે વળી આપણું નિવાસસ્થાન આપણી આ પૃથ્વીજ (ભૂમંડળ) માત્ર છે તે કારણને લીધે જેમ જેમ પૃથ્વી માનવ જાતિથી ભરાઇ જવાનો સમય નિકટ આવતો જશે તેમ તેમ જનવૃદ્ધિની પ્રચલિત દશા અથવા રીતિમાં પરિવર્તન કરવું પડશે

હર્બર્ટ સ્પેન્સર.

નાના અથવા મોટા ગમે તેવા કાર્યો આપણે કરીએ છીએ, અથવા કરવાનો વિચાર કરીએ છીએ, તે આપણા પ્રત્યેક અવયવમાં ઘણાજ ગંભીર ભાવથી અંકિત થઇ રહે છે તેનું ફળ કેવળ આપણી જાતનેજ લાગે વળગે છે એમ નથી પાણીમાં પત્થર ફેંકવાથી સમુદ્રમાં જેવી રીતે લહેરો ઉઠે છે, તેવીજ રીતે એ ફળ પણ ક્રમેક્રમે વિસ્તાર પામતું જાય છે, અને એક પેઢીમાંથી બીજી પેઢીમાં ઉતરીને અનન્ત કાળ સુધી વર્તમાન રહે છે આપણામાંથી આપણા સંતાનમાં અને તેઓના સંસર્ગથી સમાજમાં આપણા કર્મના ફળ ચિરકાળ સુધી વિદ્યમાન રહે છે

અનુચિત કર્મ અથવા નિરૂપયોગી કર્મ એક સંક્રામક વ્યાધિ છે, અને બીજા બધા વ્યાધિઓ કરતા એનો વિસ્તાર સમાજમાં અધિક વધી જાય છે એના પરિણામે આપણા શરીરના અવયવોની યોજના પણ બગડી જાય છે, અને પ્રયત્ન કરીને વધારવામાં આવતી પૈતૃક સંપત્તિની પેઠે આપણા પુત્ર પૌત્રોમાં પણ તે રોગ વ્યાપી જાય છે આમ આપણે આપણી જાતેજ પોતાની ક્ષીણતા કરી નાખીએ તે વાત હિતકારક નથી, તો પછી આપણે જાણી જોઇને, આપણી ત્રુટિથી, આપણી અસાવધાનતાથી, આપણી સ્વાર્થવૃત્તિથી, આપણા

સંતાનની, સમાજની તથા આખા દેશની ક્ષીણતા કરી મૂકીએ અને અવનતિની ઉંડી ખાઇમાં ગબડાવી મૂકીએ તે કેટલું બધું અનુચિત થઇ પડે છે જે માતૃભૂમિનું અન્ન ખાઇને આપણે મોટા થયા અને જે દેશબંધુઓના પ્રયત્ન વડે, સૌજન્ય વડે આપણે પ્રતિદિન શરીર પુષ્ટ કરીએ છીએ, તેનો ઉપકાર વાળવા માટે, તેઓની ઉન્નતિ કરવા માટે આપણે કશુંજ કરીએ નહી, અને ઉલટા તેઓનું અનિષ્ટ થાય અને ધ્વંશ થાય એવા બીજ વાવીએ, એ કેટલી બધી નિમકહરામીનું કામ ગણાય ?

પ્યારી માતૃભૂમિ, પ્યારા ભારત દેશ, તારી પોતાની સાક્ષી ઉપરથી સિદ્ધ થાય છે કે તારી અધોગતિનું કારણ તો તારાજ સંતાનો છે વંશવૃદ્ધિના પક્ષપાતી પ્યારા દેશબંધુઓ, તમે કહો તો ખરા કે અસંખ્યાબંધ, દીન, ક્ષીણ, નિસ્તેજ, રોગી, અને જીવનશક્તિ રહીત સંતાન ઉત્પન્ન કરવા એજ પ્રજા-વૃદ્ધિનો ઉદ્દેશ છે શું ?

જીવાત્મા નિત્ય કે અનિત્ય હોય તેનો વિચાર આ બાબતમાં કરવાનું પ્રયોજન નથી, પણ ક્રમવિકાસમાર્ગ પ્રમાણે મનુષ્ય ક્રમે ક્રમે હીનતર અવસ્થામાંથી ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરે છે તે વાતમાં તો કશોજ સંદેહ નથી, એ બાબત પ્રત્યક્ષજ છે ક્રમવિકાસની શોધ કાંઇ ડાર્વિન સાહેબે નવી કરેલી નથી આપણા દેશમાં એ સિદ્ધાંત પૂર્વ કાળથી મનાતો આવેલો છે આપ ક્રમવિકાસના નિયમનો સ્વીકાર કરો અથવા નહી કરો, તો પણ મનુષ્યના વંશાનુક્રમની ઉન્નતિ તો માન્યા વગર છૂટકોજ નથી પ્રજાવૃદ્ધિ થાય તેની સાથે સાથે મનુષ્યની શારીરિક માનસિક અને નૈતિક વૃદ્ધિ દિનો દિન થતી રહેવી જોઇએ પ્રજાવૃદ્ધિ કરીને આપણે પરિપકવ અને સામાજીક અવસ્થાનું પરિવર્તન ઉન્નતિ-કારક કરી શકીએ તો પ્રજાવૃદ્ધિ સાર્થક છે, નહી તો એ કાર્ય માત્ર કામાગ્નિતાના પક્ષપાત જેવુંજ ગણાય. આ બૂરા દુર્વ્યસનને રોકવાનું સાધન ઇંદ્રિયનિગ્રહ, ઇંદ્રિયદમન, અથવા બ્રહ્મચર્ય.

ભારતવર્ષના તેમજ પાશ્ચાત્ય શરીર-તત્વવિજ્ઞાનીઓ એકે અવાજે કહે છે કે લોહીના અંતિમ સારભાગ (તત્ત્વ)માથી શુક્ર બને છે દુધમા માખણ મિશ્ર થયેલુ છે તેવીજ રીતે શુક્ર પણ લોહીના પ્રત્યેક ભાગમા કાયમ મળેલું રહે છે દુધને વલોવીને તેના સારરૂપ માખણ કાઢી લેવાથી દુધ નકામુ થઇ જાય છે, તેવીજ રીતે શુક્ર નિકળી જાય ત્યારે લોહી પણ નકામુજ થઇ જાય છે જેટલા પ્રમાણમા વધારે શુક્ર નિકળી જાય તેટલા પ્રમાણમા લોહી વધારે નકામુ થઇ જાય છે જે લોકો લોહી અથવા શરીરના આ સર્વોત્તમ અંશ શુક્રની રક્ષા કરે છે, તેની પ્રત્યેક શક્તિ વિશેષ રૂપે વૃદ્ધિ પામે છે

સુપ્રસિદ્ધ ડાકટર નિકલ્સનો અભિપ્રાય છે કે "શુક્ર શરીરનો રાજા છે જે સ્ત્રી-પુરૂષોના જીવન પવિત્ર અને સંયમી હોય છે, તેઓના શરીરમા એ પદાર્થ પૂર્ણપણે વ્યાપ્ત થાય છે, અને તેઓને અધિકાધિક સાહસી ઉદ્યોગી, દીર્ઘાયુષી અને આનંદની મૂર્તિ બનાવે છે, જ્યારે એ તત્વોનો વ્યય મનુષ્યને દુબળ અને અસ્થિર મનવાળા બનાવે છે શુક્રનો વ્યય કરવાથી મનુષ્યની શારીરિક અને માનસિક શક્તિઓની ક્ષીણતા થાય છે, શરીર-યંત્રની ક્રિયા અત્યંત મંદ પડી જાય છે, અને તેના આખરના પરિણામે મૃત્યુ આવે છે

ભારતવર્ષમા વિદ્યારંભ સંસ્કારના સમયે બાળકોને બ્રહ્મચર્યના મહિમા વિષે સદુપદેશ આપવામા આવે છે * આચાર્ય શિષ્યોને

---

* તુ આજથી બ્રહ્મચારી છે નિત્ય સંધ્યોપાસન કર ભોજન કરવા પહેલા શુદ્ધ જળનુ આચમન કર્યા કર દુષ્ટ કર્મો તજી દે અને ધર્મક્રિયા કર દિવસના સમયમા શયન નહી કર આચાર્યને આધીન રહીને નિત્ય સાંગોપાંગ વેદ (આજકાલ સમયાનુસાર જે શિક્ષા પ્રચલિત હોય અને વિદ્યાર્થી જે ભણતા હોય તે વિદ્યા વેદના સ્થાન પર જાણવી-લેખક) ભણવામા પુરૂષાર્થ કરતો રહે અકેકો વેદ સાંગોપાંગ ભણવા માટે બાર બાર વર્ષ લેખે કુલ ૪૮ વર્ષ જોઇએ જ્યા સુધી તુ વેદોનુ પૂર્ણ અધ્યયન કરી રહે નહી ત્યાસુધી અખંડ બ્રહ્મચર્ય રાખ ધર્માચરણ કરવામા આચાર્યને આધીન

પ્રતિદિન બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનુ શીખવતા, અને એ પુનિત માર્ગમાથી વિચલિત થવા દેતા નહી પુરૂષોને માટે નિર્ધાર થયલી ૪૮ વર્ષની અને સ્ત્રીઓને માટેની ૨૪ વર્ષની× મર્યાદા સુધી પ્રત્યેક બાળક બ્રહ્મચર્ય પાલન કરીને ગ્રહસ્થાશ્રમમા પ્રવેશ કરતા હતા શ્રુતિઓમા અને વેદોમાથી આપણને નિત્ય બ્રહ્મચર્યનો મહિમા શીખવવામા આવતો દુર્ભાગ્યને લીધે સમયમા એવો ફેરફાર થઈ ગયો કે જે એકજ સાધનદ્વારા આપણુ સર્વ કાઇ સાધિત થતું હતું, તે બ્રહ્મચર્ય–સાધનની વિધિ જડમૂળથી જ નાશ પામી ગઈ

આપણને સ્વાસ્થ્યરક્ષાને માટે કોઇ કોઈ વખતે વિદ્યાલયમા અને કોઇ કોઇ વખતે ઘરમા ઉપદેશ મળે છે, ઉત્તમ પુષ્ટિકારક ખોરાક વિષે વૈજ્ઞાનિક પ્રણાલી બનાવવામા આવે છે, અજ્ઞાન દૂર કરવા માટે

રહે, પણ આચાર્ય અધર્મ કરવાનો ઉપદેશ કરે તો તે કદી પણ ગ્રહણ કરતો નહિ ક્રોધ અને મિથ્યા ભાષણ ન કર આઠ પ્રકારના મૈથુન (જે આગળ બતાવ્યા છે–લેખક) વર્જિત કર ભૂમિપર શયન કર પલગ ઉપર સુવુ નહીં (પરતુ એમ નહી માનવુ કે પલગ ઉપર સુનાર બ્રહ્મચારી બની શકે જ નહીં કઠણ જમીન અથવા કઠણ શૈયા પર સુવાથી કામવિકારની પ્રવૃત્તિ કમની થાય છે–લેખક) ગાવુ, વગાડવુ, નાચવુ, સુગધી અને અજન (ગાવુ વગાડવુ બૂરી સોબતમા બૂરી અસર કરે છે વાસ્તવિક તો એ એક સુદર અને આવશ્યક વિદ્યા છે –લેખક) અતિ સ્નાન, અતિ ભોજન, અતિ નિદ્રા, અધિક જાગરણ, લોભ, મોહ, ભય, શોક, અને કુવિચાર ગ્રહણ કરવા નહી રાત્રીના ચોથા પહોરમા જાગવુ નિત્ય ક્રિયા સ્નાનાદિથી નિવૃત્ત થઇ ઇશ્વરની પ્રાર્થના અને ઉપાસના નિત્ય કરતો રહે માસ, લુખુ સુકુ અન્ન ખાવુ નહીં, મદ્યનુ સેવન કરવુ નહીં, શરીરે તેલ ચોળવુ નહીં, અતિ ખાટુ, તીખુ, ખારૂ, કસાય, અને રેચક દ્રવ્ય આહારમા વાપરવુ નહીં નિત્ય નિયમસર આહારવિહાર કરવો સુશીલ, થોડાબોલો અને સભામા બેસવા યોગ્ય ગુણવાળો બન

—દયાનંદ સરસ્વતી.

× સસ્કારવિધિ, પૃષ્ટ ૯૫

તથા માનસિક શક્તિઓના વિકાસને માટે અનેકાનેક વિદ્યાઓનો અભ્યાસ કરાવવામા આવે છે, પણ અફસોસ ! બ્રહ્મચર્ય પાળવાથી અને શુક્ર ધારણ કરવાથી થતા અપૂર્વ લાભ વિષે કોઇ એક શબ્દ સરખો પણ સભળાવતુ નથી આપણી માના તો રહી સ્ત્રીજાતિ, એટલે તે આવા લજ્જાસ્પદ વિષયમા શુ બોલી શકે ? પિતાને પણ બાળકો સાથે આવી વાતો કરતા લાજ લાગે ! તેઓ સમજે છે કે એવી વાતો કરવાથી બાળક નિર્લજ્જ થઇ જાય, અને અશ્લિલતાના જ્ઞાનને લીધે કદાચ ખરાબ આચરણ શીખી જાય, માટે એના વિષયમા તેઓને અધકારમાજ રાખવા જોઇએ અગ્રેજી વિદ્યાલયોમા એ વિષયને અસભ્ય ગણીને પાઠ્ય પુસ્તકોમાથી બાતલ રાખેલો છે હવે બાકી રહ્યા મોટા ભાઇ, બ્હેન અને માસ્તર સાહેબ, એ સર્વ પણ માતાજી અને પિતાજીના જેવા જ રગથી રગાયલા છે તેઓ પણ એવા શબ્દો ઉચ્ચારવાનુ અનુચિત સમજે છે બસ ખેલ ખલાસ ! હવે એ વિષયનુ બાગુટુટુ જ્ઞાન તો આપણને કોઈ મૂર્ખ, અનુભવહીન અને કદાચિત્ દુષ્ટ સહપાઠી ગોઠિયાના તરફથી મળે તે સિવાય બીજો કોઈ માર્ગ જ નથી

આજકાલની આપણી સ્કુલો અને કોલેજોની જે વ્યવસ્થા છે તેનુ વર્ણન તો કલમથી લખી શકાય એવુ નથી, અને કોઇ છાપખાનું તે છાપવાનુ સાહસ પણ કરી શકતુ નથી આજકાલની કહેવાતી ઉચી શિક્ષા મેળવતા વિદ્યાર્થીઓના નીચાતિનીચ કૃત્યો આગળ તો રોમના સાક્ષાત્ રાક્ષસ ' નિરો 'નુ* ચરિત્ર પણ કશા લેખામા નથી.

---

* " નિરોનો જન્મ ઘણીજ દુર્ગુણી માતાને પેટે થયો હતો જન્મથી વારસામા એને દુર્ગુણો જ પ્રાપ્ત થયા હતા સસારમા એનાથી અધિક અધમ વિષયી નર જાણવામા આવેલા નથી પોતાની માતા અને બ્હેનને સુધ્ધા વિષયવાસના તૃપ્ત કરવા માટે એણે બાકી રાખ્યા નહીં હતા. હત્યા વગેરે ક્રૂર કામ કરીને પોતાની વિષયવાસના પૂર્ણ કરવાનુ એને મન તો રમત જેવુ કામ હતુ "—Hisnory of Rome by H. Austin.

જેઓ સ્કૂલ અથવા કોલેજોમા ભણેલા છે, અને પ્રેમ તથા વિષય-ભોગની હવા મિત્રમડળીમા ખાઇ ચુકેલા છે તેઓને માત્ર આજકાલની અધમ અવસ્થાનો અનુભવ થઇ શકે છે

આ બાબતમા આપણા યુવકોનો અધિક દોષ નથી તેઓના ક્ષીણ શરીર, દુર્બળ અગો, ઉદાસ મોઢા, લક્ષ્યહીન દૃષ્ટિ, કપિત વાણી, ભાગેલા મન અને કરૂણાહીન હૃદય માટે જવાબદાર તેઓના માતા પિતા અને શિક્ષકો જ છે અભાગીઆ ભારતવર્ષમા ૨૫ વર્ષની વૃદ્ધા ડોસીઓ, અને ૩૦ વર્ષના પુરૂષાર્થહીન, અશક્ત અને શિથિલ પુરૂશો-ની સખ્યા વધી પડી છે તેજ આ વિષયની અજ્ઞાનતાનુ ઝેરી ફળ છે, માટે વહાલા ભારતવાસીઓ! ચેતો, સાવધાન થાઓ

નદીમા ડૂબનાર, ઝાડ ઉપરથી પડનાર, આગમા બળનાર, અને તૂટી પડતા ઘરે નીચે દબાઇ જનાર સ્ત્રીપુરૂષોને બચાવી લેવા માટે તો ઘણા લોકો પોતાના જીવનુ જોખમ ખેડીને પણ કમર કસે છે પોતાના બાળકોનુ વાઘ, સાપ, કુતરા વગેરે હિસક જાનવરોથી રક્ષણ કરવાની દરેક માબાપ ઘણી ચિતા રાખે છે દરેક પ્રકારના ભયાનક વ્યાધિઓ, ચોર, લૂટારા વિગેરેથી બચાવવા માટે પ્રયત્ન કરવામા કોઇ કાઇ કરવાનુ બાકી રાખતા નથી, પણ ખરેખરી દુર્ભાગ્યની વાત એ છે કે જડમૂળથી નાશ કરી નાખે એવા સર્વથી ભયકર વ્યાધી—અથવા ચોર અથવા લૂટારા—જે પોતાના યુવકો અને યુવતિઓનુ જીવન સર્વસ્વ લૂટી ગયા છે, અને ખુવાર ખુવાર કરી ગયા છે, તેના તરફ તો કોઇ નજર સરખી પણ ફેરવતા નથી, અને તેનુ દમન કરવા માટે કશો પ્રયત્ન પણ કરતા નથી આપણા સતાન અને તેઓના સંસર્ગથી આખો સમાજ એ દુર્વ્યસનથી વિનાશના પ્રબળ પ્રવાહમા ઝપાટાબધ ઘસડાતો જાય છે, અધપતનના ઉડા કોતરમા ડૂબતો જાય છે, પરતુ તેમાથી બચવા માટે આપણે કશો ઉદ્યોગ જ કરતા નથી ખાસ કરીને આપણા દુષ્કાર્યો અને આપણી અસાવધાનીના કારણથી આપણી સતતીની વધારે ને વધારે દુર્દશા

થતી જાય છે, તેના ઉદ્ધારને માટે તન-તોડ મહેનત, અવિશ્રાત પ્રયત્ન હવે આપણે નહીં કરીએ તો આપણા જ દેશને તેનુ પ્રાયશ્ચિત ભોગવવુ પડશે

આજના સમયમા અખડ બ્રહ્મચારી ભીષ્મપિતામહની સતતીને બ્રહ્મચર્ય પાલન કરવામા જ હાની થવાની ગધ આવે છે ઘણાએક ભણ્યા ગણ્યા કહેવાતા લોકો કહે છે કે શુક્રને રોકવાથી તે રોકી શકાતું નથી શરીરમાથી શુક્રને નહીં નિકળવા દેવાથી સ્વપ્નદોષ વગેરે થઇને મનુષ્ય નિર્ગત થઇ જાય છે જેવી રીતે શુક્રનો અધિક વ્યય કરવાથી પ્રમેહ વગેરે રોગ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે તેને એકદમ રોકી રાખવાથી પણ રોગો ઉત્પન થાય છે, એવુ વગર સમજના ભણેલા મૂર્ખ લોકો માને છે, અને વિષયભોગ કરીને પોતાના શરીરની જા જોઇને હાની કરે છે

એવા સમજ વગરના લોકો ધારે છે કે શુક્ર શરીરના કોઇ નિર્દિષ્ટ સ્થાનમા એકઠું થઈ રહે છે, અને તેમા ધીમે ધીમે અધિક સચય થઇ જાય છે, ત્યારે છલાછલ ભરેલુ સરોવર જેમ વર્ષાકાળમા પોતાની પાળ તોડીને વહી જાય તેવી રીતે આપોઆપ વહી જવાનો સભવ રહે છે પણ આપણે આગળ વાચી ગયા કે શુક્ર તો તલમા જેમ તેલ રહે છે તેવી રીતે લોહીના પ્રત્યેક રજકણમા વ્યાપેલુ રહે છે. દૂધને વલોવવાથી જેવી રીતે માખણ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે કામ વિચાર દ્વારા લોહીમા એક પ્રકારની વિશેષ હીલચાલ થાય છે, તેથી વીર્ય અડકોષમા એકઠું થાય છે, અને ગતિક્રિયા વગેરે દ્વારા આપણી જીવનશક્તિની સાથે નિર્ગત થાય છે

સ્વપ્નની પ્રવૃત્તિ એકાએક થતી નથી અર્ધ નિદ્રા અથવા તદ્રાવસ્થામા આપણી ચિન્તા (વિચાર) નુ સ્વપ્નમા રૂપાતર થાય છે સ્વપ્ન એ આપણને સ્વાધીન બાબત નથી ચિતા અથવા બીજા કોઇ પણ કારણથી બરાબર નિદ્રા નહીં આવે ત્યારે સ્વપ્નાવસ્થા ઉત્પન્ન થાય છે ખાધેલું પાચન થાય નહીં, ઝાડાની કબજીયાત થાય, અને મન ચિતાગ્રસ્ત રહે

ત્યારે જ × સ્વપ્ન આવે છે. સ્વપ્ન એ રોગ ઉત્પન્ન થવાનુ લક્ષણ છે. ચિન્તા પણ સ્વાધીન કહેવાય નહીં જેનુ જીવન જે પ્રણાલી પ્રમાણે ચાલતુ હોય તેની ચિન્તા પણ તેને અનુકૂળ હોય છે જે મનુષ્ય સુતર્ક ભાવ રાખીને કદી પણ કુપથ માર્ગે ચઢતો નથી, તેની ચિન્તા સ્વપ્નમા પણ કુપથ માર્ગ તરફ દોરાતી નથી જેનુ મન અપવિત્ર વિચારોથી દુષિત થતુ નથી, અને જેના શરીરમા રોગ હોતો નથી તેને સ્વપ્નદોષ થવાની શકા રહેતી નથી

પરમહસ રામકૃષ્ણ કદી પણ સકામ ભાવથી ધન અને સ્ત્રીનો સ્પર્શ કરતા નહીં હતા તેમને કદી સ્વપ્નામા પણ કુચિન્તા ઉત્પન્ન થાય એવુ તો બની શકે જ નહીં, પરતુ તેમના પરિચિત લોકો કહે છે કે ગાઢ નિદ્રામા પણ કોઇ તેમના શરીર સાથે રૂપિયા અથવા સ્ત્રીનો સ્પર્શ કરાવતુ તો તે પદાર્થને લીધે તેઓનુ શરીર સકોચાઇને ધનુષ્યના જેવા આકારવાળુ બની જતુ હતુ '

શુક્ર પ્રત્યેક અવયવમા લોહીના સાથે જ ભેળાયલુ રહે છે, અને કામ ચિતાના કારણ વગર તેમાથી છૂટુ પડી જ શકતુ નથી, એટલે તે આપોઆપ નિકળી જાય એવુ સભવિત નથી શારીરિક બળ વડે શુક્રને રોકવાની ચેષ્ટા કરવી તે કાઈ બ્રહ્મચર્ય ગણાતુ નથી. બ્રહ્મચર્ય તો માનસિક વ્યાપાર છે, અને તેના વગર શારીરિક કાર્ય થઈ શકતુ જ નથી કોઇ મનુષ્ય મનને વશીભૂત અને અનાસક્ત રાખીને શરીર દ્વારા કોઇ વખત સાસારિક કાર્ય કરી લેતો હોય તેને તો કદાચ્ બ્રહ્મચારી કહી શકાય, પરતુ જેનુ મન વશ રહેતુ નથી તેમ છતા શરીરથી ઇદ્રિય-નિરોધ જે કરતો હોય તે તો વ્યભિચારી જ છે. અપવિત્ર ચિતામા નિમગ્ન રહેનારા એવા બ્રહ્મચારીઓને સ્વપ્નદોષ અથવા પ્રમેહાદિ રોગો થાય છે

× અમેરિકાનો સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ટોમસ એલ્વા એડિસન જેણે ફોનોગ્રાફ વગેરે અનેક ઉપયોગી શોધો કરી છે, તે બહુ નિયમિત જીવન ગુજારતો હતો તેથી તેનુ શરીર નિરોગ રહેતુ તે કારણથી તેની કદી પણ સ્વપ્નુ આવતુ નહી તેની વય ૭૫ વર્ષની થઇ હતી

ગીતાજીમા લખ્યુ છે કે જે લોકો વૃત્તનિયમો દ્વારા ઇન્દ્રિઓની શક્તિની ક્ષીણતા કરી મૂકે છે, અને તેઓને બળપૂર્વક પોતપોતાના વિષયોમા પ્રવૃત્ત થતી અટકાવવાની ચેષ્ટા કરે છે, તેઓ એક પ્રકારની સફળતા પ્રાપ્ત કરવામા સમર્થ બને છે ખરા, પરતુ તેઓની માનસિક વિષયાસક્તિ દૂર થતી નથી આવી રીતે કોઈ મનુષ્ય કદાપિ બાહ્ય દૃષ્ટિએ વિષયથી પ્રથક્ રહીને પોતે જ મનમા સમજીને એવી વૃત્તિ ચલાવતો રહે તો તે મિથ્યાચારી કહેવાય છે. ચિત્તવૃત્તિનિરોધ કરવાથી જ ઇન્દ્રિય-નિરોધ કરી શકાય છે ચિત્તવૃત્તિ ભટકતી રહેવાથી માનસિક વિકાર ઉત્પન્ન થાય છે, તેથી વીર્યમા પણ વિકાર-દોષ આવી જાય છે, અને તે લોહીમાથી છૂટુ પડીને અડકોષમા એકઠુ થાય છે, અને શરીર-ચેષ્ટા વડ તેને બહાર જતુ અટકાવી રાખવાથી તે આપો આપ નિકળી જવાની ચેષ્ટા કરે છે ત્યારે સ્વપ્નદોષ, શુક્રમેહાદિ રોગો દ્વારા બહાર નિકળવા માડે છે લોહીમાથી છૂટુ પડીને અડકોષમા આવી જવા પછી વીર્યને પાછુ લોહીમા પ્રવેશ કરાવી શકાતુ નથી

બ્રહ્મચર્ય કેવળ શારીરિક યત્ન, માનસિક અધ્યવસાય, નૈતિક ન્યાયપરતા પર પ્રતિષ્ઠિત રહેતુ નથી, એ ત્રણે બાબતોના સમવાયથી નિષ્પન્ન થાય છે આપણા શાસ્ત્રકારોએ એનુ સ્વરૂપ બહુ જ ઉત્તમ રીતે બતાવ્યુ છે—

स्मरण कीर्तनं केलि प्रेक्षण गुह्यभाषणम् ।
संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च ॥
एतन्मैथुनमष्टांङ्गं प्रवदन्ति मनीषिण ।
विपरीत ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥

સ્મરણ, કીર્તન, કેલી, પ્રેક્ષણ, ગુહ્ય ભાષણ સકલ્પ, અધ્યવસાય અને ક્રિયાનિર્વૃત્તિ એ આઠ પ્રકારના મૈથુન છે એ સર્વથી નિવૃત્ત થવું તે બ્રહ્મચર્ય કહેવાય છે

૧ **સ્મરણ**—વિષયની પુન પુન: ચિતા કરવી, આગળ કરેલા દુષ્કાર્યને વારવાર યાદ કરવા, પ્રેમપાત્રના ઉપર આસક્ત બનીને તેના

દર્શન, ચુંબન, આલિંગન અથવા ઉપભોગને માટે વ્યાકુળ બની રહેવું, અથવા એવા જ પ્રકારની વિષય-ચિંતામાં નિમગ્ન રહેવું એ એક પ્રકારનું મૈથુન છે આવી ચેષ્ટા વીર્યને લોહીમાંથી જૂદું પડવાના કાર્યમાં સહાયતા કરે છે, અને એવી ચિન્તા કરતાં કરતાં છેવટે સ્ત્રી પુરૂષ વિષય-વાસનામાં ફસી જાય છે

પુન પુન કામ વિષયક ચિન્તા અથવા પૂર્વ કરેલા દુષ્કાર્યોનું સ્મરણ અધઃપતનનું પહેલું પગથિયું છે, અને તે એવી કઠોર સાંકળ છે કે તેનાથી એક વખત બંધનમાં ફસાયા પછી પાછા છૂટવાનું કામ અત્યંત કઠણ થઇ પડે છે દરરોજ આપણા જોવામાં એવા કેટલાએક માણસો આવે છે કે જેઓ મનુષ્ય કહેવાને યોગ્ય પણ નથી હોતા નીતિ, રીતિ, શિષ્ટાચાર, સદ્વ્યવહાર, સમાજભય, લોકલાજ વગેરે ઉત્તમ કાર્ય કરવાનું તેઓનાથી બની શકતું જ નથી તેઓ સમજે છે ખરા કે પોતાના આચરણ, વ્યવહાર અને કાર્યો સુજનતાથી વિરૂદ્ધ છે, પરંતુ મનની ગતિ એવી કઠોર છે કે એક જ વખત કોઇ દુષ્ટ વિષયમાં આસક્ત થવા પછી તેને પાછી ઠેકાણે લાવવાનું કામ દુર્લભ થઇ પડે છે મનુષ્ય તેમાંથી છૂટકારો મેળવી શકતા નથી, પણ દિનો-દિન વધારે અધમતામાં પડતા જાય છે

કુચિન્તા ઉત્પન્ન થાય તો તરત જ તેને રોકવાનો પ્રયત્ન કરવો જોઇએ કુચિન્તાને જો થોડો સમય પણ મનમાં રહેવા દેવામાં આવે, તેને પાંચ દશ વખત ઉપસ્થિત થવાનો અવસર મળે, તો તે પત્થર ઉપર કોતરેલા લેખની પેઠે કાયમ થઇને મગજમાં ઘર કરી રહે છે પરંતુ તેનો પ્રથમ હુમલો થાય તે વખતથી જ અટકાવીને તેને દબાવી દેવાય તો તેનો વેગ આપોઆપ અટકીને પછી વધવા પામતો નથી. કુચિન્તા રૂપી શત્રુ પર વિજય પ્રાપ્ત કરવાનું કામ આરંભમાં જેટલું સહેલું છે તેટલું જ તેનો અભ્યાસ પડી જવા પછી દૂર કરવાનું કામ કઠણ પણ છે

પ્રકૃતિનો એવો નિયમ છે કે સંસારમા કોઇ પણ સ્થાન કોઇ પણ વખતે ખાલી રહેતુ નથી એક વસ્તુને ખસેડવામા આવે તેના સ્થાન ઉપર બીજી વસ્તુ તુરત જ દાખલ થઇ જાય છે કોઇ પ્રકારની કુચિન્તાને દૂર કરવા માટે બીજી કાઇ સચ્ચિન્તા વડે તેનુ સ્થાન રોકી પાડવુ જોઇએ નહીં તો મગજ કાઇ પણ વિચાર વગર ખાલી રહેતું નથી, સેકડો પ્રયત્ન કરવા છતા પણ કુવિચારના સ્થાનમા સદ્વિચારને દઢ કરવામા આવે નહીં તો કુવિચારને કદી પણ હઠાવી શકાતો નથી તે વખતો વખત હુમલા કરીને મગજ રૂપી કિલ્લામા તોફાન ઉઠાવ્યા કરે છે.

એક અગ્રેજી કહેવત છે કે "શૂન્ય મન શેતાનની ક્રીડા-ભૂમિ છે " માટે મનને સર્વદા સચ્ચિન્તામા રોકેલુ રાખવામા ન આવે તો આપોઆપ તેમા કાઇ કુચિતા ઉત્પન્ન થાય છે જો બેઠા બેઠા એકાએક કાઇ કુચિન્તા ઉત્પન્ન થઇ આવે, અને તેનો પ્રથમ વેગ રોકતા મુશ્કેલી લાગવા માડે તો તત્કાળ પોતાના આસન ઉપરથી ઉભા થઇ જવુ જોઇએ અને એકદમ દોડી આવવુ જોઇએ જયા સુધી મન દઢ નહી થાય ત્યા સુધી નિર્જન વાસમા રહેવુ ઉચિત નથી. એવા સમયમા નિર્જનવાસ સેવવાથી મનમા તરેહ તરેહની કુચિન્તાઓ ઉત્પન્ન થવાનો સભવ રહે છે, માટે એવી અવસ્થામા ઘણા મનુષ્યથી ભરેલા સ્થાનમા રહેવુ જોઇએ. આવા સમયમા સત્સગ ઘણો જ હિતકારી થઇ પડે છે

શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક ઇશ્વરનુ સ્મરણ કરવાથી, શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરવાથી, જેના ઉપર પ્રીતિ, ભક્તિ અથવા જેની ભીતિ હોય તેનુ સ્મરણ અથવા નામોચ્ચાર કરવાથી, કુચિન્તાઓ દૂર થઇ જાય છે. જો કદાપિ કાઇ ઘટના એવી બની ગઇ હોય કે તેનાથી કુચિન્તા દ્વારા કાઇ વધારે અનિષ્ટ અથવા અપ્રિય પરિણામ આવ્યુ હોય, અથવા ભવિષ્યમા આવવાનો ભય રહેતો હોય, તો તે યાદ રહેવા માટે તેનો સંકેત એક કાગળ ઉપર લખીને તે સર્વદા દૃષ્ટિએ પડતો રહે એવી જગા ઉપર ચોઢી મૂકવો

શ્રુતિ કહે છે કે–" મન અન્નમય છે " ઉપનિષદમા એક સુદર આખ્યાયિકા છે તેનો સાર એટલો જ છે કે મહર્ષિ ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને ઉપદેશ આપ્યો કે મન અન્નમય છે શ્વેતકેતુને અન્નનો અને મનનો સબધ સમજાયો નહીં, તેથી તેને તે બાબતની શકા ઉત્પન્ન થઇ તે ઉપરથી મહર્ષિએ પુત્રને ૧૫ દિવસ આહાર નહી કરવાની સલાહ આપી શ્વેતકેતુ પિતાની આજ્ઞા પાલન કરીને ૧૬ મે દિવસે પિતાની પાસે ગયો પિતાએ કહ્યુ કે તને ઋક, યજુ અને સામવેદ કઠસ્થ છે આ સમયે જ તુ તેનો પાઠ તો કરી બતાવ જોઉ. શ્વેતકેતુએ કહ્યુ કે આ સમયે તો મને તેમાનુ કશુ પણ યાદ આવતું નથી' પછી તેણે પિતાની આજ્ઞાનુસાર ભોજન કર્યુ ત્યારે તેની સ્મરણ-શક્તિ પહેલા હતી તેવી જાગૃત થઇ આવી

એક દેશી કહેવત છે કે " જેવુ ખાય અન્ન તેવુ થાય મન " એક પશ્ચિમના વિદ્વાને કહ્યુ છે કે " A man is what he eats " અર્થાત મનુષ્ય જે પદાર્થ ખાય છે તે પદાર્થના ગુણથી તેનું શરીર બને છે શરીર તો માત્ર ખાદ્ય વસ્તુનુ પરિણામ છે અને શરીર-ની સાથે મનનો વિશેષ સબધ છે આહાર દૂષિત હોય છે તેનાથી મનની વૃત્તિ પણ બગડતી જાય છે માદક વસ્તુઓના ખાનપાનથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, જેથી કુચિન્તા ઉત્પન્ન થવાનો ભય રહે છે પુષ્ટિ-કારક અને પોતાના શરીરની અવસ્થાને અનુસરતા ગુણકારી ખોરાક*

* હિન્દુ શાસ્ત્રકારોએ આહારના તેના ગુણ પ્રમાણે ત્રણ ભાગ પાડેલા છે સાત્વિક, રાજસિક અને તામસિક સાત્વિક આહાર કરવાથી શાતિની વૃદ્ધિ થાય છે, અને રાજસિક તથા તામસિક આહારો સાસારિક કાર્યોની પ્રવૃત્તિ વધારે છે પરતુ માત્ર સાત્વિક આહાર કરનારા જ બ્રહ્મચારી બની શકે એવો અપવાદ રહિત નિયમ નથી રાજસિક અને તામસિક આહાર કરનારા પણ બ્રહ્મચારી અવશ્ય બની શકે છે ફલાહાર કરનારના કરતા માસા-હારીનુ શુક્ર અધિક ઉત્તેજીત થાય, અને તેનુ મન પણ અધિક ચચળ બને એવો સભવ છે ખરો, પરતુ માસ ખાવાવાળાથી શુક્ર ધારણ કરી શકાયજ

ખાવો જોઇએ સારાંશ એ કે પૂર્ણ પવિત્રતા રાખવાની પરમ આવશ્યકતા છે. કહેવત છે કે "Cleanliness is next to godliness"–પવિત્રતા દેવતાનો ગુણ છે પવિત્ર આહાર, પવિત્ર વિહાર, પવિત્ર આચરણ, અને સર્વદા પવિત્ર ભાવોનુ જ ચિંતન કરતા રહેવાથી મનના સસ્કાર એવા દૃઢ થઇ જાય છે કે કુચિંતા પાસે આવવા જ પામતી નથી

૨ **કીર્તન**—મનમા કુચિન્તાનો પૂર્ણ અધિકાર વ્યાપી જાય છે ત્યારે વાણી દ્વારા તેનો પ્રકાશ થાય છે કુવાક્ય કુચિન્તાનુ સહાયક છે અને કુચિન્તા કુવાક્યની સહાયક છે છેવટે એ બન્ને વાતો એક બીજાની સહાયતાથી વૃદ્ધિ પામે છે, અને કાર્ય દ્વારા પ્રકાશિત થતી જાય છે. શ્રીમાથી વીર્યને છૂટું પાડવામા આ બાબત પણ કારણરૂપ બને છે, માટે એ પણ એક પ્રકારનુ મૈથુન અથવા તેનુ અગ મનાય છે

જ્યારે કોઇ મનુષ્યનુ મન કુકર્મભાવથી પૂર્ણ થઇ જાય છે, ત્યારે પહેલા તો તે બધેજ સાવધાની રાખીને પોતાના ખાસ મિત્ર નામધારી શત્રુઓ આગળ તેનુ કીર્તન કરવા માડે છે ત્યાર પછી એવી ટેવ પડી જાય છે તેથી, અને ધીરે ધીરે અધિક સાહસ પ્રાપ્ત થતું જાય છે તેથી, જ્યાંને ત્યા કુકર્મની જ ચર્ચા કરવા માડે છે. બીજાઓને મોઢેથી પણ એવાજ પ્રસગની વાતો સાભળવાની ઇચ્છા પ્રબળ થઇ જાય છે, અને જ્યા જ્યા એવા પ્રસગ હોય છે ત્યા ત્યા દરરોજ તેડયા બોલાવ્યા વગર પણ જઇ બેસે છે ધીરે ધીરે અશ્લીલ વાક્યોનો પ્રયોગ કરવા લાગે છે, અને પછી પરાઇ સ્ત્રીઓને જોઇને તેઓને અયોગ્ય શબ્દો સભળાવવાની નફટાઇ કરે છે. કેટલાએક લોકો તો એટલા બધા અધમાધમ થઇ જાય છે, કે તેઓ માત્ર રસ્તે જનારી

નહી એવુ નહી બને ઇંડા, નાચણા, માછલા, માસ, તલ, કાંદા, લસણ, મરચા, વગેરે ચીજો રાજસગુણ વર્ધક છે અતિ લવણ, અતિ ગળપણ, તાજા ફળ, ગાયનુ દુધ, ઘી, ચોખા, જવ, ઘઉ, મગ, ચણા આદિ વસ્તુઓ સત્વગુણવર્ધક છે માસ, મદિરા, કાંદા વગેરે તમોગુણવર્ધક પદાર્થ છે

સુદરીઓને કુદષ્ટિથી જોવા માટે, અથવા તેઓની આગળ અશ્લિલ શબ્દો બોલી બતાવવા માટે જ, દેવસ્થાનમા, તિર્થયાત્રામા અને મેળા તમાશા વગેરેમા ભટકતા કરે છે, અને પછી પોતાની મવાલી મડળીમા બેસીને એવા વિષયમા પોતાની કાર્યકુશળતા અને સફળતા વિષે સામસામા બણગા ફૂકીને બડાઇ માગતા ધગતા પણ નથી આવો માનસિક મહારોગ (mental leprosy) સ્ત્રીપુરૂષોના હૃદયમા ઝાઝો વખત છૂપો રહી શકતો નથી, કેટલાએક દિવસ વિતતા તે આપો-આપ જાહેર થઇ જાય છે પહેલા તો તે ગલિત કોઢની પેઠે મન તથા વાણીને ભ્રષ્ટ કરે છે, પછી તેનુ કાર્યમા રૂપાતર થાય છે ત્યારે શરીરમા પણ ગમે તે પ્રકારનો કોઢ ઉત્પન્ન કરે છે તેને કોઈ પણ ઉપાયથી છૂપાવી શકાતોજ નથી એવા લોકોની દશા દિનપરદિન બગડતી ને બગડતી જ જાય છે —

यथा हि मलिनैर्वस्त्रैर्यत्र तत्रोपविश्यते ।
एव चलितवृत्तस्तु वृत्तशेष न रक्षति ॥*

કુવાક્ય કાઇ મુખમાથી એકાએક નિકળી જતુ નથી કુવાક્ય તો શુ પણ સસારનુ નાનુ અથવા મોટુ કોઇપણ કાર્ય પોતાની મેળે સ્વય બનતુ નથી આપોઆપ કાર્ય બનવાની વાત પ્રકૃતિના નિયમથી વિ-રૂદ્ધ છે આપણે જે કાઇ કરીએ, અને અગાઉથી કાઇ પણ વિચાર નહી હોવા છતા આપણાથી જે બની જાય છે, તેની તૈયારી પણ કોઇને કોઇ અશમા કોઇને કોઈ રૂપમા પહેલેથી જ થઈ ચૂકેલી હોય છે દૈવયોગ (Chance) અથવા અકસ્માત્ કે આપોઆપ આદિ શબ્દો ભ્રમજનક છે જો આપણે પક્ષપાત છોડી દઇને આપણા કર્મોને બારીકી-થી તપાસી જોઇએ તો માલમ પડી આવશે કે પ્રત્યેક કાર્યનુ કારણ આપણા મગજમા વ્યાપી રહેલુ હોય છે, તે કાર્ય ગમે તેવા રૂપમા

* અર્થાત્ મેલા વસ્ત્રવાળો મનુષ્ય જેમ વગર વિચારે ગદી જગ્યામાં જ્યા ત્યા બેસી જાય છે, તે પ્રમાણે જ સદાચારના માર્ગમાથી ચળેલો મનુષ્ય પોતાના બચેલા થોડા ઘણા સદાચારની રક્ષા પણ કરી શકતો નથી.

અથવા થોડા કે ઘણા અશમા અચુક આપણા વિચારમા પ્રથમથી આવી ચૂકેલુ છે

આ દુર્વ્યસનમાથી છુટવા માટે પ્રથમ મનને, વિચારને, ચિતાને શુદ્ધ કરીને પવિત્ર રાખવા એ મુખ્ય સાધન છે, અને બીજા સાધનો સામાન્ય છે જયા કુવાકય બોલાવાનો સભવ હોય એવે ઠેકાણે જવું નહીં કુવાકય અથવા કુપ્રસગ ચાલુ થાય તો તેને તરત જ અટકાવી પાડવા એવા સ્થાનમાથી ચાલ્યા જવુ મિત્ર-શત્રુઓને તજી દેવા, પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ રાખવો, જીતેદ્રિય પુરૂષોનો સહવાસ રાખવો સર્વદા સર્વ મનુષ્યની સાથે સત્ય-ભાષણ કરવાની જ ટેવ રાખવી પોતાની દિનચર્યા લખી રાખવી રાત્રે સુતી વખતે દિનચર્યા ઉપર વિચાર કરવો અને જે જે કારણોથી પોતાથી દુષ્કાર્ય બન્યુ હોય તેને રોકવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી, પશ્ચાતાપ કરવો, અને દુષ્કાર્યની ટેવ છોડવા માટે ઇચ્છાપૂર્વક શુદ્ધબુદ્ધિથી ઇશ્વરની પ્રાર્થના કરવી જીતેદ્રિય પુરૂષોમા અગ્રગણ્ય ભગવાન બુદ્ધદેવે કહ્યુ છે કે શાતિ પ્રાપ્ત કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય સત્યનો પ્રચાર છે આપણાથી ઓછી બુદ્ધિવાળાઓને સદુપદેશ કરવો અને આપણાથી વડીલ મનુષ્ય સમક્ષ પોતાના દોષોની પરીક્ષા આપવાથી તમામ પ્રકારની પાપવૃત્તિ દૂર થઇ શકે છે. એક પાપ છુપાવવાથી બીજા પાપનુ અનુષ્ઠાન કરવામા આવે છે.

૩ **કેલિ.**—અર્થાત્ કામભાવથી સ્ત્રીઓની સાથે રમત ગમત કરવી. શરીરની સર્વ ઇદ્રિઓનો પરસ્પર એવા પ્રકારનો સબધ છે કે એકના ઉત્તેજીત થવાથી તેઓ સઘળી જ સામગ્રી ઉત્તેજીત થઇ જાય છે. સ્ત્રીઓની સાથે ઇદ્રિય-રોચક ક્રીડા કરવાથી તેઓનો વેગ પ્રબળ થાય છે અને કામવાસના વધે છે, તેથી શુક્ર નાશ થાય છે માટે એ પણ એક પ્રકારનુ મૈથુનનુ સહાયક અગ છે.

આપણે આગળ જોઇ ગયા કે માનસિક કુચિન્તા અથવા કુપ્રસગ શારીરિક ચેષ્ટાદ્વારા પ્રગટ થાય છે કુચિન્તાનું સેવન કરવાથી 'નીતિ

બગડી જાય છે, તે કારણથી પુરૂષને સર્વદા સ્ત્રીઓની સાથે કામોત્તેજક રમત-ગમત કરવાનું પ્રિય લાગે છે. આવી રીતે રમત-ગમત કરતા કરતા તેના હૃદયના પવિત્ર ભાવ મંદ પડી જાય છે પછી સ્ત્રીઓની પાસે કામભાવથી બેસી રહેવુ, તેને સંતોષ થાય એવા ઉપાયો કરવા, અને તેની ઉચિત અનુચિત આજ્ઞા માથે ચઢાવવી એજ તેનુ પ્રધાન કાર્ય થઇ પડે છે.

આવી અવસ્થામા સૌથી સારો ઉપાય એ છે, કે કેટલાએક સમય સુધી તે સ્થાન છોડીને બને તેટલા દૂરના સ્થાનમા ચાલ્યા જવુ, અને પોતાની સઘળી શક્તિ મનને તે વિષયમાથી ફેરવવાના કામમા વાપરીને કુપ્રસંગને ટાળી દેવો.

મનની પેઠેજ શરીરને પણ સર્વદા સત્કાર્ય અથવા આવશ્યક કાર્ય કરવામા રોકી રાખવામા નહીં આવે તે પણ નિષ્ફળ અને અનિષ્ટકર રમત-ગમત વગેરે વ્યવહારમા પ્રવૃત્ત થઈ જાય છે, તેનેજ વ્યસન કહે છે સંયમી મનુષ્ય વ્યસનનો સર્વથા પરિત્યાગ કરે છે નિત્ય નિયમિત પ્રમાણમા કસરત કરીને શરીરમાથી પસીનો બહાર કાઢવાથી, સવાર સાજ કેટલાએક માઇલ સુધી ખુલ્લી હવા ખાવા માટે મેદાનમા ફરવા જવાથી, અને સ્ત્રીઓની સોબતમા નહીં રહેવુ વગેરે સાધનોથી એ વ્યસનમાથી બચી શકાય છે

૪ **પ્રેક્ષણ.**—કામભાવથી સ્ત્રીનુ દર્શન કરવુ તેને પ્રેક્ષણ કહે છે. વૃક્ષની નવી નવી કુંપળોમા, સુગંધીદાર ફુલોમા, સ્વાદિષ્ટ ફળોમા, ગ્રહ-નક્ષત્રોમા, પશુ, પક્ષી અને કીટ પતંગો એ સર્વમા સુદરતા છે, સૃષ્ટિની સઘળી સુન્દર વસ્તુઓમા આકર્ષણ શક્તિ છે તેઓની સુન્દરતા તથા મધુરતાને લીધેજ ચિત્ત આકર્ષાય છે તેને જોઇને હર્ષ અને આનદ થાય છે એવીજ રીતે માતામા, પિતામા, ભ્રાતામા, ભગિનિમા, પુત્ર અને પુત્રીમા પણ સુદરતા છે તેને પણ આપણે સ્નેહપૂર્વક જોઇને આનદ પામીએ છીએ આપણે આપણા પરિવારના સ્ત્રીપુરુષોના શ્રંગાર-

ને માટે પણ પ્રબંધ કરીએ છીએ સારા સારા વસ્ત્રો અને આભૂષણો બનાવીને પહેરાવીએ છીએ અને પ્રફુલ્લિત થઇએ છીએ પરંતુ પવિત્ર સ્નેહ અને અપવિત્ર કામ–પ્રીતિની વચ્ચે ભારે તફાવત છે એકનાથી પ્રેમ અને ભક્તિ ઉત્પન્ન થાય છે, ત્યારે બીજાથી વિષય–વાસના ઉત્પન્ન થાય છે પુણ્ય-શ્લોક સતી સ્ત્રીઓના પવિત્ર વદન ઉપર પાપના પિંડસ્વરૂપ કટાક્ષ લાગવાથી તેના ઉપર નરકની અપવિત્રતાનું ચિત્ર દેખાવા માંડે છે એ કટાક્ષ–રાક્ષસ તેઓની પવિત્ર મૂર્તિમાં સ્મશાનની વિષ્ટતા ઉત્પન્ન કરે છે, અને લોકોને નર્કના અપવિત્ર કુંડમાં હડસેલી પાડે છે આવા એક પાપથી કેટલા ઘરો બગડે છે તેનો નિર્ણય કરવાનું કામ મુશ્કેલ છે. એના પ્રભાવથી બુદ્ધિ નાશ પામે છે, હિતાહિત વિષેનું જ્ઞાન જતું રહે છે, પોતાના અને પારકા સંબંધનો નિર્ણય કરવાનું ભાન રહેતું નથી, ન્યાયપરતા જતી રહે છે, મનુષ્યનું મનુષ્યત્વ નાશ પામે છે, અને તે પશુની પેઠે પાત્રાપાત્રના જ્ઞાન રહીત થઇ જાય છે, તથા સમસ્ત સંસારની સ્ત્રીઓને પોતાના ઉપભોગની વસ્તુ જ સમજે છે ઊંટની પેઠે ઉંચી ગરદન રાખીને જ્યાં ત્યાં આમતેમ જોતો ફરે છે, અને માનસિક વ્યભિચાર દ્વારા પોતાની ચિત્તવૃત્તિને અપવિત્ર અને ભ્રષ્ટ કરતો ફરે છે

એમાંથી બચવા માટે અંતઃકરણની શુદ્ધિ કરવી, વિલાસસામગ્રીનો ત્યાગ કરવો, અને પ્રાકૃતિક સૌંદર્ય તરફ રૂચિ વધારવી જોઇએ વિલાસ અને આરામમાં બહુ મોટું અંતર છે. સ્નાન કરવું અને સ્વચ્છ વસ્ત્ર તથા આભૂષણ પહેરવા એ કાંઇ ખોટું નથી, પણ જરૂરની બાબત છે; પરંતુ વિલાસના ભાવ એમાં હોવા જોઇએ નહીં આવશ્યકતા અને આરામના ભાવ પ્રમાણે પ્રત્યેક પરિવારમાં આરામનું પ્રમાણ ભિન્ન ભિન્ન હોય છે. જે ચીજ એક મનુષ્યના આરામ અને આશાયેશના પ્રમાણમાં વિલાસરૂપ હોય છે, તેજ ચીજ પેલા મનુષ્યના કરતા અધિક આરામમાં રહેનાર સ્ત્રી અથવા પુરૂષને માટે પરમ આવશ્યકતાવાળી હોય છે જે પરિવારમાં સ્ત્રીપુરૂષો સાધારણ સુતરાઉ વસ્ત્રો પહેરતા હોય

તેઓ સમજે છે કે રેશમી વસ્ત્ર પહેરનારા વિલાસ ભોગવે છે, પરંતુ જે પરિવારમા રેશમી બારીક સાડીઓ પહેરવાનો રિવાજ હોય છે અને તેની જ ટેવ પડી ગયલી હોય છે ત્યા એ વસ્તુઓ માત્ર આવશ્યક સાધનો જ ગણાય છે તેવા પરિવારમા રેશમી વસ્ત્રોથી કાઇ વિશેષના જણાતી નથી, પણ એ નિત્ય વપરાતી સાધારણ વસ્તુ સમજવામા આવે છે આભૂષણ, સુગધીદાર તેલો વગેરે બાબતોનુ પણ એ પ્રમાણે જ સમજવુ આરામને માટે શૃંગાર હોય તો હરકત નહીં, પરંતુ કોઇ પણ વસ્તુનો વિલાસને માટે પ્રયોગ કરવો અનુચિત છે શૃંગારનો દુરૂપયોગ થવો નહીં જોઇએ

૫ **ગુહ્ય ભાષણ.**—એના અર્થ એ છે એક તો એકાતમા બેસીને અથવા એકલા બેસીને સ્ત્રીઓની સાથે વાતચિત કરવી, અને બીજો પોતાની કામાભિસન્ધિને પોતાના મિત્ર નામધારીઓ આગળ પ્રગટ કરવી તે છે આ બન્ને બાબતો અનિષ્ટકારક અને નિંદનીય છે, માટે એનો ત્યાગ કરવો જોઇએ આવી દૂષિત વૃત્તિ રોકવામા લોકનિંદાનો ભય બહુ ઉત્તમ સાધન છે. એવા કાર્યો તરફ ઘૃણા દર્શાવવી, અને તેને જડ ઘાલી બેસતા અટકાવવા માટે આરંભમા જ તેના મૂળ કુહાડે કાપવાથી ફાયદો થાય છે

૬ **સંકલ્પ.**—કોઇ વાસણમા ધીરે ધીરે વરાળ એકઠી થયા કરે, અને તેનું મોઢુ બંધ હોય તો કેટલાએક સમયમા વરાળનો વધારો થવાથી તે વાસણ ફાટી જાય છે તેવી જ રીતે ઉપર કહેલી પાચે વૃત્તિઓનો અધિક સંચય થઇ જાય ત્યારે તે સંકલ્પ, અધ્યવસાય, અને ક્રિયાનિવૃત્તિના આકારમા પ્રગટ થાય છે કોઇપણ દુષ્કાર્ય કરવા માટે મનમા સંકલ્પ દૃઢ થઇ જવા પછી તેમાથી બચવુ બહુ જ મુશ્કેલ છે

સંકલ્પ નિષ્ફળ જાય કે પૂર્ણ થાય તે બન્ને બાબતો અત્યંત હાનિ કરનારી થઇ પડે છે જો કષ્ટ પ્રવૃત્તિનો સંકલ્પ પૂર્ણ થાય તો મનુષ્ય સર્વનાશ થવાના માર્ગ ઉપર એકદમ જ આવી પડે છે

એ નિર્વિવાદ છે અને સંકલ્પ નિષ્ફળ જાય તો તેથી ક્રોધ ઉત્પન્ન થવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, અને બુદ્ધિ ભ્રષ્ટ થાય ત્યારે જેટલા પાપ, અત્યાચાર અને અન્યાય નહીં કરાય તેટલા જ ઓછા સમજવા. માટે સંકલ્પને પણ આરંભમાંથી જ અટકાવવો અને ત્યાગ કરવા માટે પૂર્ણ પ્રયત્ન કરવો ઉચિત છે

કહેવત છે કે Like kills Like—કામથી કામનો, તાપથી તાપનો, શીતથી શીતનો પ્રતિકાર થાય છે, માટે સંકલ્પ વડે જ સંકલ્પને અટકાવવાની રીત ઉત્તમ છે પહેલેથી જ એવો સંકલ્પ કરી લેવો જોઈએ કે આપણે કદી પણ દુષ્ટ પ્રવૃત્તિને આધીન થવું નથી અથવા નીચ સંકલ્પ થઈ જાય તો પણ એવો સંકલ્પ કરી લેવો જોઈએ કે આપણે આપણા તનને અને મનને નિરંતર સઘળા સમયમાં કોઈ હિતકારક કાર્યમાં રોકાયલું રાખી શકીએ આવી રીત રાખવાથી નીચ સંકલ્પને પ્રગટ થવાનો અવસર જ આવતો નથી અને ધીરે ધીરે તે નષ્ટ થઈ જાય છે ભિષ્મપિતામહ જેવા મહાન્ પુરૂષોની પ્રતિજ્ઞા સુવર્ણાક્ષરે લખીને હમેશા તે ઉપર દૃષ્ટિ પડયા કરતી રહે એવા સ્થાને રાખવાથી વિશેષ લાભ થાય છે

૭ **અધ્યવસાય**—મન અને શરીર બને એક બીજાનો હાથ પકડીને ચાલ્યા કરે છે મનમાં કામ-સંકલ્પ દૃઢ થાય ત્યારે મનુષ્ય અધ્યવસાય એટલે ચેષ્ટાદ્વારા તેને પૂર્ણ કરવા તત્પર થાય છે એવી અવસ્થામાં મનુષ્ય કામાંધ બની જાય છે તેના જ્ઞાન, શીલ, લજ્જા આદિ સર્વ ગુણોનો લોપ થઇ જાય છે

અધ્યવસાયનો નાશ અધ્યવસાયથી જ થઇ શકે છે. જો મનુષ્યનું મન અથવા હૃદય સદૈવ સત્કાર્યને માટે જ અધ્યવસાય કરતું રહે તો તેને દુષ્ટ કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત થતો જ નથી આપણે આપણો વિચાર કરીને સમજવું જોઇએ, અને કુચેષ્ટાને બદલે દેશના લાભની ચેષ્ટા, કોઈ ઉત્તમ કાર્યની ચેષ્ટા અથવા આપણી જ કોઇ ઉત્તમ સ્વાર્થસિદ્ધિની (અભ્યાસ, ધનોપાર્જન વગેરેની) ચેષ્ટા કરવી જોઇએ.

૮ **ક્રિયાની વૃત્તિ**—ઉપર કહેલા સાતે અંગો વડે અથવા એ પૈકી ના કોઇ એકાદ અંગવડે ઉત્તેજીત બનીને કોઇ પ્રાકૃતિક અથવા અપ્રાકૃતિક રીતે શુક્રનો ક્ષય કરવામા આવે તે ક્રિયાનિવૃત્તિ કહેવાય છે ગમે તેવી રીતિ વડે અને ગમે તેવા સમયમા શરીરમાથી શુક્ર બહાર કાઢવામા આવે તો તેનાથી અવશ્ય હાની જ થાય છે કુસમય-મા અપ્રાકૃતિક રીતિ વડે અથવા અધિક અંશમા શુક્ર બહાર જવાથી અધિક હાની થાય છે, અને વિર્ય પરિપક્વ થયા પછી પૂર્ણ યુવાવસ્થામા સંતાનોત્પત્તિ ક્રિયામા વિર્ય નિકળવાથી ઓછી (નહી જેવી જ) હાની થાય છે+ જે લોકો જેટલા પવિત્ર ભાવથી બ્રહ્મચર્ય પાલન કરે છે તેઓના હૃદય તેટલા જ પ્રફુલ્લિત રહે છે અને મગજ સબળ, તથા સ્મૃતિ, મેધા, ધૃતિ, ક્ષમા આદિ ગુણો ... રહે છે અખંડ બ્રહ્મચર્ય પાલન કરનાર પુરૂષોની બરાબરી કેઇનાથી કરી શકાતી નથી જેણે આખી જીંદગાનીમા માત્ર એક જ વખત શુક્રનો

+ ડાક્ટર કેપેલમન્ન (Capillmann) ના અભિપ્રાય એવો છે કે, સ્ત્રીઓના રજોદર્શનના આરંભના ત્રણ દિવસ અને રજસ્રાવ બંધ થયા પછીના ૧૪ દિવસ છોડી દઇને બીજા દિવસોમા રતિસેવન કરવામા આવે તો ગર્ભાધાન થતુ નથી. એટલે એ પ્રમાણે વર્તવાથી પણ સંતાનવૃદ્ધિનો નિરોધ થાય છે ડાક્ટર સાગનોસ અને મિસ્ટર હેન્સન (Saranos and Henson) મળીને એક નકશો તૈયાર કરેલો છે તે નકશામા તેઓએ બતાવ્યુ છે કે રજસ્રાવ બંધ થયા પછી પહેલાથી નવમા દિવસ સુધી, નવમાથી અગિઆરમા દિવસ સુધી, અગિઆરમાથી તેવીસમા દિવસ સુધી અને તેવીસમાથી રજોદર્શનના એકાદ દિવસ પહેલાના રતિસેવનથી સેકડે ૪૮, ૬૨, ૧૩, ૯, ૧, અને દરેક અંશ પ્રમાણે ગર્ભસ્થિતિ થયા કરે છે રજોદર્શનના ત્રણ ચાર દિવસો પછી ગર્ભસ્થિતિની અધિક સંભાવના હોય છે, અને ૧૬ દિવસ પછી ઓછી હોય છે, પરંતુ ગર્ભ રહી જવાનો સંભવ તો હરકોઇ વખતે રહે છે.
—Facultive Sterility by Capillnann.

ક્ષય કરેલો હોય તેની, અને અખંડ બ્રહ્મચારીની સરખામણી કરતા તે બન્નેમા આકાશ પાતાળ જેટલુ અતર જોવામા આવે છે

સાથે સાથે એટલુ પણ ધ્યાનમા રાખવુ જરૂરનુ છે કે બ્રહ્મચર્યવ્રત ગમે તેટલી ઉમ્મરે પહોચ્યા પછી, અથવા હરકોઈ અવસ્થામાથી પાલન કરી શકાય છે જેઓ બાલ્યાવસ્થામાથી જ બ્રહ્મચર્ય પાલન કરતા આવ્યા હોય તેઓ બ્રહ્મચર્ય પાલન કરીને શુક્ર ધારણ કરી શકે છે એવુ નથી જેણે એક વખત પણ શુક્રનો ક્ષય કરેલો હોય તેનાથી બ્રહ્મચર્ય પાલન કરી શકાતુ જ નથી, એવો ભ્રમજનક વિચાર લોકોમા ફેલાઈ રહેલો છે, તેથી તેઓ સમજે છે કે શરીરમાથી શુક્ર એક વખત બહાર નિકળે એટલે તેનો નિકળવાનો માર્ગ ઉઘાડો થઈ જાય છે તે પાછો બધ કરી શકાતો નથી પરતુ એ વાત તદ્દન જૂઠી, ભૂલભરેલી છે

શરીરમા શુક્રનુ રહેવુ એ જ પ્રાકૃતિક છે, અને તેનુ બહાર નિકળવુ તો અપ્રાકૃતિક છે આગળ વર્ણવેલા સર્વ પ્રકારના મૈથુનોમાથી સ્વપ્નાની અથવા ગમે તે એકની પણ સહાયતા મળવા વગર શરીરમાથી શુક્ર બહાર નિકળી શકતુ નથી શરીરમા રોગ ઉત્પન્ન થવાથી શુક્રક્ષય થવાનો સભવ રહે છે માટે ગમે તટલુ શુક્ર શરીરમાથી નિકળી ચૂકેલુ હોય, તેમ છતા આગળ વર્ણવેલા ૮ પ્રકારના મૈથુનોમાથી બચવાનો અભ્યાસ પાડવાથી બાલક, યુવાન, વૃદ્ધ, વિવાહીત, અવિવાહીત, વ્યભિચારી, અપ્રાકૃતિક મૈથુન કરનાર અને યુવાવસ્થામા કુસગમા પડીને વીર્ય ક્ષીણ કરનારા સર્વ સ્ત્રીપુરૂષો પુન શુક્ર ધારણ કરીને પોતાનો સુધારો કરી શકે છે સુધરવાને માટે હવે સમય વીતી ગયો છે એમ કહેવુ ઠીક નથી It is never too late to mend. બેશક, કોઈ વ્યભિચારી બ્રહ્મચર્ય પાલન કરીને સદૈવના બ્રહ્મચારીની બરાબરી કરી શકતો નથી એટલુ ખરૂ છે; પરતુ એમ નિયમ પાળનાર અવશ્ય પ્રથમના કરતા સારી અવ-

સ્થામા રહી શકે છે × યમ નિયમ પાળીને શુક્ર ધારણ કરનારને સયમનું અમૃત ફળ બહુ ગુણકારી થઇ પડે છે શુક્ર ધારણ કરવું તે જીવન છે અને તેનો ક્ષય કરવો તે મૃત્યુ છે

સારાંશ એટલો જ કે બ્રહ્મચર્ય પાલન કરીને સંતાન વૃદ્ધિનો નિરોધ કરવો બહુ લાભકારક છે વિવાહીત પુરૂષ જરૂર જોગા સંતાન ઉત્પન્ન કરવા પછી પોતાની મરજીમાં આવે તે સમયથી ગમે તેટલા સમય સુધી બ્રહ્મચર્ય પાલન કરી શકે છે બ્રહ્મચર્ય તોડી પણ શકાય છે, અને ફરીથી તેનું પાલન પણ પાછું કરી શકાય છે *

બ્રહ્મચર્યનો મહિમા અપાર છે આજ સુધી સંસારમાં જેટલા જેટલા મહાન કાર્યો થયા છે અને જે જે મહાપુરૂષો કહેવાયા છે, તે સઘળો બ્રહ્મચર્યનો જ પ્રતાપ છે

ब्रह्मचर्य्येण तपसा देवा मृत्युमुपाघ्नत ।

આઠમો પરિચ્છેદ.

કૃત્રિમ નિરોધ

અર્થાત્

ઔષધ અથવા યંત્રોના પ્રયોગથી સંતાનવૃદ્ધિ કમી કરવી.

'After the desire of food, the most powerful and general of our desires is the passion

× નિર્વૈરતા, સત્ય ભાષણ, ચોરીત્યાગ, વીર્યરક્ષા અને વિષયભોગ વર્જન એ પાંચ નિયમ છે, અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, (વેદનું અધ્યયન) અને સર્વસ્વ ઇશ્વરાર્પણ એ પાંચ નિયમ છે

* એ બાબતના સર્વોત્તમ ઉદાહરણોમાં મહાપ્રતાપી અર્જુન, જીતેન્દ્રિય લક્ષ્મણ, અને યોગીશ્વર મહારાજા જનક આ છે

between the sexes And taken in an enlarged sense, it is almost impossible to suppress it for the whole life "

—G Wallace

જઠરાગ્નિ અથવા ક્ષુધાની ધમધમી રહેલી આગથી બીજે નંબરે ભડભડ બળતા ભીષણ કામાગ્નિનો છે ઉંડા વિચાર કરી જોતા એવુ માલમ પડે છે કે સાધારણપણે કામની પ્રબળ લહર જીવન પર્યંત દબાવી રાખવાનું કામ અસભવ નથી, તો અલબત કઠણ અને દુષ્કર તો અવશ્ય છે

—જી. વોલેસ.

જનસાધારણને માટે અવિવાહિત અવસ્થા સારી નથી એ બાબતનુ પ્રત્યક્ષ પ્રમાણુ યુરોપના જન્મભર અવિવાહિત રહેનારા મંક અને નન (monk and nun), ભારતના ઘણુ સન્યાસીઓ પ્રત્યેક દેશના અધિક (majority) અવિવાહિત સ્ત્રીપુરૂષ અને બરાકમા રહેનારા પલટણના સિપાઈઓના જીવન તપાસવાથી જોવામા આવે છે કુમાર અથવા કુમારીપણાના બહારના આડબરની અદર પાપ અને કુચિંતાઓ છુપાઈ રહેલી માલમ પડે છે

Celibacy in general is an apt means of irreparable debasement, of the pure and chaste, and it always gives way to illegitimacy

' બરાકોનુ જીવન ઘણુ ખરાબ છે" અને તેવુ જીવન સદૈવ ખરાબ જ રહેશે ઘણા પુરૂષો પોતાના ઘર તથા સ્ત્રીઓના પ્રભાવથી દૂર રહે તે સારૂ નથી સ્ત્રીઓને માટે પણ સદૈવ સ્ત્રીઓમા જ રહીને કામ કર્યા કરવાનુ સારૂ નથી પુરૂષો અને સ્ત્રીઓનો પરસ્પર પ્રભાવ પડે છે એકને માટે બીજાને સ્વાભાવિક જ રોકાણ રાખવાની જરૂર પડે છે, અને બન્ને બાજુએથી સ્વાસ્થ્યકર ઉત્તેજના થતી રહે છે બરાકો-મા જવલ્લે જ કોઇ દૃઢ સંકલ્પ અને ઉત્તમ સસ્કારવાળો મનુષ્ય

હોય છે તે દુર્ગુણોથી બચવા પામે છે. મારા દેખતા અનેક સ્વચ્છ, શુદ્ધ અને ઉત્તમ યુવકો સેનામા દાખલ થયા, પણ પુરૂ એક વર્ષ પણ વીતે નહીં એટલા સમયમા તેઓ કુકર્મી થઇ ગયા હુ તો માત્ર સાધારણ મનુષ્ય છુ પરંતુ કોઇ પણ સમજદાર ભલો માણસ સેનામા રહી ચુકેલો હશે તે તો તરત કબુલ કરશે કે મારી કહેલી વાત સાચે-સાચી છે, અને એ વાત પૂરૂં વિસ્તારથી કહેવામા આવી નથી પણ બહીતા બહીતા બહુ જ નાના રૂપમા કહી છે "* સર્વ સાધારણ સ્ત્રીપુરૂષોની બાબતમા પણ ઉપરની પરીક્ષા અક્ષરે અક્ષર સાચી અને શકારહીત છે આ પ્રમાણે કહેવાની મતલબ એવી નથી કે કોઇપણ મનુષ્ય પવિત્રભાવથી અવિવાહિત નહીં જ રહી શકે અને ખાસ કરીને ભારતવર્ષમા અનતકાળથી બ્રહ્મચર્યને માટે ચાલુ ઉપદેશ અને આદેશ મળતો રહે છે, અને અખડ બ્રહ્મચારીઓના જીવનચરિત્રો ઉપર નિત્ય ચર્ચા ચાલ્યા કરે છે ત્યા કોઇ આદર્શ કેમ નહીં ખડો થાય ? એટલે ટુકામા કહેવાનુ કે જન્મભર બ્રહ્મચર્ય પાલન કરવુ સર્વથા સભવિત અને સાધનીય છે પરંતુ સર્વને માટે નહીં સર્વ સાધારણ તે કદીપણ જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળી શકે જ નહી

વળી વિવાહ કરીને આખી જીદગીમા માત્ર એક જ સતાન પેદા કરવુ હોય તો બસ એકજ વખત સ્ત્રી-પ્રસગ ભોગવીને પછી સદૈવ બ્રહ્મચારી બની રહેવાય એ વાત પણ યુક્તિસગત જણાતી નથી. એ પણ અસભવ જેવુ તો નથી પરતુ સર્વ સાધારણને માટે તો એવુ શુદ્ધાચરણ સભવિત પણ નથી જ પ્રેકિટકલ અને થિયોરેટિકલ અર્થાત્ વ્યાવહારિક અને સૈદ્ધાતિક કામમા આકાશ અને પાતાળનુ અતર રહે છે ભારતવર્ષની વિધવાઓ એ બાબતનુ પ્રત્યક્ષ પ્રમાણ છે તેઓમા કેટલીએક દેવીઓ છે તેઓ તો અવશ્ય પવિત્ર ભાવથી પોતાનુ વૈધવ્ય નિભાવી શકે છે, અને ઘણીખરી એ પ્રમાણે દૃઢ રહી શકતી

* ભારી ભ્રમ–Great Illusion—by Norman Angle-નું ભાષાતર

નથી અને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે પાપની ભાગીયણ બને છે. એ બાબતમા તે બિચારી અનાથોનો કશો અપરાધ નથી તેઓના ઉપર દોષારોપણ કરનારાઓએ સ્ત્રીના મરણને પૂરો એક મહિનો પણ વીતવા અગાઉ વિવાહ મડપમા પુન પ્રવેશ કરનારા પુરૂષોની દશાનુ પણ સ્મરણ રાખવુ જોઈએ એ બધુ બને એમ તેમ છે મુખ્ય મતલબ કહેવાની એટલી જ છે કે સમાજમા ઘણા મનુષ્ય એવા છે જે ભિષ્મ-પિતામહની પેઠે અખડ બ્રહ્મચર્યવ્રત નથી પાળી શકતા, અને અમુક નિયમિત સખ્યા જેટલાજ સતાનોનુ પાલણ પોષણ કરી શકે એવા હોય છે અધિક સતાનોત્પત્તિ તેઓને તથા તેઓના સતાનોને સર્વને ઘોર વિપત્તિમા નાખે છે અને તેઓના વિનાશનુ કારણ બને છે

એ લોકો પોતાની અવસ્થા અથવા ભવિષ્યનુ ભાન રાખતાજ નહી હોય એવુ નથી તેઓ જાણે છે કે પોતે જેટલા સતાન ઉત્પન્ન કરેલા છે તે કરતા અધિક એક પણ વધશે તો પોતે ભારી ઉપાધીમા આવી પડશે પાલણપોષણ વગેરેને માટે ઉચિત પ્રબધ નહી કરી શકાવાથી સતાન રોગી અને અસ્વસ્થ થઇ જશે, ચિતામા વધારો થશે અને અધિક પરિશ્રમ કરવો પડશે. આરામ અને સુખ મળશે નહી તે કારણથી પોતાની તનદુરસ્તિ પણ નાશ પામશે અને બિચારી ગરીબડી માતાના ઉપર જે ચુથણા પડશે તેની તો કાઇ કહેવાની વાત જ નહી. તેઓ આ સર્વ બાબતો જાણે છે તેમ છતા કાઇપણ કરી શકતા નથી તેઓને સતાન પર સતાન થતા જ જાય છે અને વિપત્તિ હદ ઉપરાત વધતી જાય છે બિચારી સ્ત્રીઓ તો મરી જ છૂટે છે તેઓના ઉપર ચાહે તેવી વિપત્તિ પડે અથવા આફત આવે તેમ છતા નિરતર ચાલતા સંચાની પેઠે તેઓને સતાન ઉત્પન્ન થયા કરે છે. તેઓ પોતાનુ શરીર બગડી ગયુ છે એવુ સમજે છે, સતાનોત્પત્તિનો બોજો સહન કરવા યોગ્ય પોતાનું શરીર રહ્યુ નથી એવુ જાણે છે, કોઇ કોઇને મરણ પામવાનો પણ ભય હોય છે, તેમ છતા તેઓ સંતાનોત્પત્તિ રોકવામા અસમર્થ બની જાય છે, અને જાણી જોઇને,

છતી આંખે આંધળી બનીને અસહાય બનવાથી મોતના મોઢામા જઇ પડે છે તેઓને જાણીજોઇને બળાત્કારે મરવુ પડે છે કેટલાએક પરિચિત લોકોના નીચેના વૃતાત ઉપરથી આ બાબત ખુલ્લેખુલ્લી સમજાય છે

૧ 'क' એક ઉચ્ચુ શિક્ષણ પામેલો ધનાઢ્ય સર્જન છે તેની ધર્મપત્નીના પેટમા અંદરની બાજુએ નાસુરનુ દરદ થયુ કલકત્તાના એક પ્રસિદ્ધ ડાક્ટરે તે દરદ ચીરફાડ કરીને મટાડયુ દરદ રૂઝાઇ જવા પછી સ્ત્રીપુરૂષ બન્ને જણાને ચેતવણી આપી કે ગર્ભધારણ કરવાથી પેટની અદરના ટાકા તુટી જશે અને આ પ્રમાણે થશે ત્યારે સ્ત્રીના પ્રાણ બચવાનો નથી પતિપત્ની બહુ જ ગાઢો પ્રેમ રાખતા હતા. કેટલાએક વર્ષ સુધી તેઓ એકબીજાથી છેટે રહ્યા, પરતુ એક વખતે કામના બાણોની વિંધાઇ ગયા, અને ભૂતભવિષ્યનો વિચાર ભૂલી ગયા સ્ત્રીને ગર્ભ રહી ગયો અને કેટલાએક સમય પછી ઉપર કહેલા પેટના વ્યાધિથી જ તે બિચારી મરણ પામી

૨ 'ख' એક શિક્ષિત જમીનદાર છે તેની સ્ત્રીને દરેક વખતે મરેલુ બાળક અવતરતુ અને ડાક્ટરો ચીરફાડ કરીને બચ્ચુ પેટમાથી બહાર કાઢતા હતા તે પ્રત્યેક પ્રસવ વખતે પ્રતિજ્ઞા કરતો કે હવેથી સ્ત્રીનાથી છેટે ને છેટે જ રહેવુ, પરતુ તે સ્ત્રી જીવી ત્યાસુધી છેટે રહેવાની વાત અસભવિત નિકળી ત્રીજી સુવાવડ વખતે તેની સ્ત્રીને અતિ કષ્ટ સહન કરવુ પડયુ અને અન્તે તેનો પ્રાણ નિકળી ગયા

૩ 'ग' એક ધનવાન શાહુકાર છે તેના વિવાહ નાનપણમાથીજ થયા હતા ત્યાનપછી તેને ગળત કોઢ થયો તેને બધા મળીને ૯ છોકરી-છોકરા થયા, તેમાના ૫ મરી ગયા અને ૪ જીવતા રહ્યા જે જીવ્યા છે તે દરેકને કોઢનો રોગ વારસામા મળ્યો છે તેનો સૌથી મોટો છોકરો કાઇક ભણેલો અને સમજદાર છે તે પોતાની આવી દુર્દશા પોતાના પિતાના કારણથી થઇ એવુ જાણે છે. તે આ પ્રમાણે જાણે છે, અને સતાન ઉત્પન્ન કરવાની તેની ઇચ્છા નથી, તેમ છતા તેનાથી તેવુ વર્તન રાખી શકાતુ નથી તેને પણ ત્રણ બાળકો થઇ

ચૂકયા છે, અને સૌથી મોટા બાળકને તો કોટ પણ થઈ ચૂક્યો છે

૪ 'ઘ' એક વિદ્યાર્થી છે ઉમ્મર ૨૧ વર્ષની છે સ્ત્રી તેનાથી એક વર્ષે નાની છે ત્રણ બાળકો થઇ ચૂકયા અને ચોથાની તૈયારી છે ઘરમા કોઇ બીજી સ્ત્રી નથી તેની અને તેની સ્ત્રીની જે દુર્દશા થાય છે તે તો તેઓ જ બરાબર જાણે છે દર ૧૮ મે મહીને એક સતાન રૂપી વિપત્તિ તેઓની સામે આવીને ઉભી જ રહે છે તેને એવી ચિતા થયા કરે છે કે જો આ ધોરણ પ્રમાણે બચ્ચા પેદા થયા કરશે તો તેઓને રહેવાનુ ઠેકાણુ (ઘર) પણ નથી ખાનપાન, વિદ્યા અને વિવાહ આદિની તો વાતજ નથી બિચારી એકલી બાળમાતાની જે દુર્દશા થઇ રહી છે તે તો તેનુ મન જ જાણતુ હશે

આવા લોકોને માટે બ્રહ્મચર્યવ્રતનો ઉપદેશ, અથવા ઇંદ્રિય-નિરોધની સલાહ નિષ્ફળ સિદ્ધ થઇ ચૂકી છે તેઓ પોતાના મનને વશ રાખી શકતા નથી તેથી આવી કમજોર પ્રકૃતિવાળાઓને માટે કાંઇ બીજો ઉપાય હોવાની આવશ્યકતા છે, એવા લોકોને મરી છૂટવા દેવા એ ઠીક નથી લાગતુ

યુરોપ અને અમેરિકા આદિ દેશોમા કૃત્રિમ નિરોધની ચાલ છે જે લોકો પવિત્ર ભાવથી અવિવાહિત રહી શકતા નથી, તેમ જ ઘણા સતાનોનુ ભરણ-પોષણ પણ કરી શકતા નથી, તે સર્વ કૃત્રિમ નિરોધનુ શરણ લઇને રહે છે, અને યત્ર અથવા ઔષધિની સહાયતા લઇને સતાનની બેસુમાર વૃદ્ધિ અટકાવે છે અમેરિકાના કેટલાએક સંસ્થાનોમા કાયદા રચાયા છે તેથી સ્વાભાવિક ગુનેગારો (Habitual Criminals) અને સર્વથા અયોગ્ય સ્ત્રી પુરૂષો નથી વિવાહ કરી શકતા કે નથી સતાનોત્પત્તિ કરી શકતા વળી વાચનારને ખરેખરી આશ્ચર્ય પમાડનારી વાત તો એ છે કે આ નિયમ પ્રમાણે વર્તવાની ફરજ પાડવા માટે સખ્યાબંધ અયોગ્ય સ્ત્રી પુરૂષો પોતાની મેળે જ અરજ કરે છે અને કૃત્રિમ ઉપાય વડે સતાનોત્પત્તિ રહીત બની જાય છે. એવી અરજી કરનારાઓને તેઓ ભોગ-વિલાસ કરી શકે, પરતુ

સંતાનોત્પત્તિ નહીં થઇ શકે એવા કૃત્રિમ ઇલાજો કરી આપવામાં આવે છે ×

પરંતુ આપણે પશ્ચિમના દેશોનો આદર્શ ભારતમાં તૈયાર કરવો નહીં જોઇએ. આપણે તેઓની નકલ નથી કરવી આપણા અને તેઓના સમાજ–બંધારણમાં બહુ મોટો અંતર છે વળી આપણા અને તેઓના આદર્શમાં પણ ભિન્નતા છે તેઓની અંધાધુંધી ભરેલી નકલ કરવાથી આપણને અનહદ નુકશાન છે કૃત્રિમ નિરોધનું કામ ઘણું જ ખરાબ છે. તેને લીધે સમાજમાં દુરાચાર ફેલાય છે કૃત્રિમ નિરોધ વળી પ્રકૃતિના નિયમથી પણ વિરૂદ્ધ છે એનાથી હાની છે એ બધી જ વાત ખરી છે, પરંતુ સંખ્યાબંધ રોગી અને ક્ષીણ સંતાનોત્પત્તિથી પણ અત્યંત ખરાબી થાય છે જેનાથી સમાજ દૂષિત થાય, દેશ રસાતાળમાં ચાલ્યો જાય, દાંપત્યસુખનું સત્યાનાશ વળી જાય તે બધી ખરાબી શું ઓછી છે?

પ્રકૃતિવિરૂદ્ધ કાર્યનો દંડ પ્રકૃતિ આપોઆપ કરે છે પ્રકૃતિને કોઇ છેતરી શકતું નથી, જાણતા કે અજાણતા ગમે તે પ્રકારે પ્રકૃતિ વિરૂદ્ધ ચાલતાં પ્રકૃતિ સજા કરે છે. દુકાળ, કોલેરા, પ્લેગ આદિ પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કરવાની જ શિક્ષા છે જો આપણાથી અધિક સંખ્યામાં ઉત્પન્ન થયલા સંતાનને માટે જીવન–નિર્વાહનો ઉચિત પ્રબંધ કરી શકાય નહીં તો તેઓ દુકાળ અથવા પ્લેગનો ભોગ થઇ પડે છે. એ શું પ્રકૃતિના નિયમને અનુકૂળ વાત છે ?

જ્યારે બે પ્રકારની ખરાબી હોય, બે પ્રકારના અધર્મ હોય, પ્રકૃતિ–નિયમ વિરૂદ્ધ બે કાર્ય હોય, અને તેમાંથી એક અવશ્ય કરવું જ પડતું હોય, ત્યારે બેમાંથી જે ઓછું હાનિકારક હોય, ઓછું ખરાબ હોય, જે પ્રકૃતિના નિયમથી વિરૂદ્ધ નો હોય છતાં ઓછું વિરૂદ્ધ હોય તેને જ પસંદ કરવું જોઇએ, અને તે ઓછી ખરાબી થવા દેવી જોઇએ.

માનવજાતિનો પ્રાકૃતિક આહાર કેવળ અન્ન અને ફળ છે, અને નિવાસસ્થાન વૃક્ષની છાયા છે વાળ અને નખ કાપવા એ અપ્રાકૃતિક

× Extract Govt Report in 'The Ohio World Recorder' for 1913.

છે કૃત્રિમ રોશની પેદા કરીને કામ કરવા માટે નથી પરંતુ આ નિયમો ને આજે કોણ માને છે? માસ ખાવુ, પાકા મકાનોમા રહેવુ, વાળ કપાવવા, રાત્રે પ્રકાશમા કામ કરવુ વગેરે સઘળા અપ્રાકૃતિક કાર્ય પ્રાકૃતિક બની રહ્યા છે એ રિવાજ એવી જડ ઘાલી બેઠો છે કે તેનુ અપ્રાકૃતિપણુ જ લોપ થઇ ગયુ છે

ત્યારે હવે અખડ બ્રહ્મચર્યવ્રત કરતા ઉત્તમ બીજુ શુ હોઇ શકે? આપણા પ્રાચીન પુરુષોના આદેશ પર આરૂઢ રહેવા કરતા સારી વાત બીજી કોઇ હોઇ શકતી નથી, પરંતુ જે લોકો બ્રહ્મચારી નથી રહી શકતા અને સતાનવૃદ્ધિ કરીને દેશને ધક્કો પહોચાડતા હોય તે કરતા તો યુરોપના લોકોની નકલ કરે તો તેજ સારૂ ગણાય જો સખ્યાબધ સતાનો ઉત્પન્ન કરવાથી અધિક હાની થતી હોય અને કૃત્રિમ નિરોધ કરવાથી ઓછી હાની થવાનો સભવ હોય તો એવા સજોગમા ઓછી નુકસાનકારક વસ્તુ ગ્રહણ કરવી એજ ઉચિત ગણાય

સોમલ ઝેરી પદાર્થ છે તેનો સાધારણ ગુણ શરીરનો નાશ કરવાનો છે સોમલ ખાવાથી મરણ થાય છે પરંતુ સોમલ અને એવા બીજા અનેક વિષમય (ઝેરી) પદાર્થો ઘણા રોગોના રામબાણ ઉપાય પણ છે ઉચિત અને નિયમિત પ્રમાણમા રોગીઓને વિધિપૂર્વક અવ-ડાવવાથી અમૃતના જેવો ગુણ કરે છે એવા વિષ અપ્રાકૃતિક છે ખરા, પણ તેનો સસારમા ઘણોજ ઉપયોગ થાય છે અને તેના સેવનથી લાભ પણ ઘણો થાય છે.

સતાનવૃદ્ધિ રોકવા માટે વપરાતી ઔષધિ અને યત્રો પણ વિષ છે તેનો સ્વભાવજ હાનિ કરવાનો છે પરંતુ ઉચિત સમયે અને ઉચિત સીમા સુધી એનો ઉપયોગ કરવાથી અકથનિય લાભ થાય છે રાષ્ટ્રનો સતાનવૃદ્ધિરોગ એનાથી દૂર થાય છે અને તે આરોગ્ય રહી શકે છે. પરંતુ એવા ઉપચારો કરવામા ઉચિત અને અનુચિત પ્રમાણ ખાસ ધ્યાનમા રાખવાની જરૂર છે ઉચિત પ્રમાણનુ પરિણામ જીવન છે અને અનુચિત પ્રમાણનુ પરિણામ મૃત્યુ છે

યુરોપ આદિ દેશોમા એ પ્રકારના કૃત્રિમ નિરોધનો ઉપયોગ થાય છે ૧ રસાયન ઔષધિઓનો ઉપયોગ કરવાથી ગર્ભ રહેતો નથી ૨. એક પ્રકારના યન્ત્રો બનેલા છે તેનો ઉપયોગ કરવાથી પણ ગર્ભ રહી શકતો નથી ઔષધિ માત્ર સ્ત્રીઓને માટેજ ઉપયોગી છે, અને યન્ત્રો સ્ત્રીપુરૂષ બન્નેના ઉપયોગમા આવે છે એ સિવાય ભારતના પ્રાચીન ચિકિત્સકો ભાવમિશ્ર વગેરે અને યુનાની હકીમોએ પણ એ વિષય ઉપર પોતાનો મત પ્રકાશ કરીને કાષ્ઠ ઔષધિઓ પણ લખેલી છે

કૃત્રિમ નિરોધના યન્ત્રો તથા ઔષધિઓના નામ આ પુસ્તકમા લખવાનુ ઉચિત લાગતુ નથી માટે જે લોકને તેની જરૂર હોય તેણે 'દંપતિમિત્ર'* નામનુ નાનકડુ પુસ્તક મગાવીને વાચવુ જનન સ્થાના અસ્તુમાર થવાથી જે હાની થાય છે તેનુ સવિસ્તર વર્ણન અપાઇ ગયુ છે દેશબન્ધુઓ અને દેશભગિનિઓને પોતાના દેશની ખરેખરી સ્થિતિનુ દર્શન કરાવી દીધુ છે અને વૃદ્ધિ-નિરોધના યોગ્ય ઉપાયો પણ બતાવી દીધા છે હવે પોતાની સગવડ, આવશ્યકતા વિચાર અને યોગ્યતાનુસાર માર્ગ પસંદ કરી તે પ્રમાણે વર્તવુ એ પ્રત્યેક વિચારવંત દેશભક્ત સજ્જનની મરજીને આધીન છે ભાષણકર્તાનુ કામ શ્રોતાઓના હૃદયમા વર્ણવેલા વિષય તરફ રૂચિ ઉત્પન્ન કરવાનુ છે, કે જેથી તે વિષયનો અભ્યાસ તેઓ કરે શ્રોતાઓને સલાહ આપવાનુ કામ ભાષણકર્તાનુ નથી આ પુસ્તકતો ચાર રસ્તા ઉપર મળતી સડકોના નામોના સાઇન બોર્ડનુ કામ કરનાર છે એક માર્ગ દેખાડનાર ભોમિયાની માફક રસ્તાનો ઇશારો કરી બતાવે છે રસ્તા ઉપર ચાલવુ કે નહી ચાલવુ તે તમારી મરજી અને તમારા પગને આધીન છે

---

* 'દંપતિમિત્ર' કર્તા ઠાકુર શિવનંદનસિંહ ઠેકાણું—ચેતગંજ, કાશી.

ત્રીજા ખંડનો સારાંશ.

મનુષ્યજગતમા જેવો નિયમ છે તેવોજ નિયમ વૃક્ષ અને પશુ જગતમા પણ સંતાનોત્પત્તિ, સંતાનવૃદ્ધિ અને સંતાનરક્ષણ માટે વિદ્યમાન છે સ્વાદ અથવા સુગંધની લાલચ દેખાડીને પ્રકૃતિ વૃક્ષોના બીજ આખા સંસારમા ફેલાવવાનો પ્રયત્ન કરે છે પશુ અને પક્ષી પોતાની જાતિનો વધારો કરવા માટે પૂર્ણ પ્રયત્ન કરે છે, પરંતુ તેઓ વિવેકશક્તિ વાપરીને પોતાની જાતિ વધારવાના કામમા વધારો ઘટાડો કરી જાણતા નથી તેજ કારણથી જ તેઓનો બેસુમાર વધારો થતો અટકે છે ઉત્તમ પ્રકારથી પોતાની સંખ્યા અમુક નિયમિત સિમામા રાખવાની શક્તિ વૃક્ષ અને પશુ–જગતમા નથી

મનુષ્ય જ્ઞાનશક્તિનો અંકુશ ધ્યાનમા રાખી શકે છે અને પોતાના શુભાશુભનો વિચાર રાખીને વિવાહ અથવા સંતનોત્પત્તિ કરી શકે છે સભ્ય જાતિઓના ઇતિહાસ ઉપરથી માલમ પડે છે કે પ્રાચીનકાળમા પણ જનસંખ્યાના વિષય ઉપર ધ્યાન રાખવામા આવતુ હતુ ગ્રીસ દેશના સુપ્રસિદ્ધ વિદ્વાન પ્લેટો અને એરિસ્ટોટલ વગેરેએ વસ્તિ બેસુમાર નહી વધી પડે એવા કાયદા ચલાવ્યા હતા તેઓના સમયમા રાજ્યની આજ્ઞા પ્રમાણે જ વિવાહ કરવામા આવતા અને સંતાનોત્પત્તિની સંખ્યા પણ રાજ્ય તરફથી નક્કી કરવામા આવતી હતી આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરનારને સજા કરવામા આવતી હતી, અને અયોગ્ય સંતાનોને જંગલમા દાટી દેવડાવવાનો સુદ્ધા રાજ્યનો કાયદો હતો અર્વાચીન કાળના ઇતિહાસમા પણ આવશ્યકતા પ્રમાણે વખતો વખત જનસંખ્યા વધારવા અથવા ઘટાડવાનો પ્રયત્ન કરવાની સ્પષ્ટ હકીકત જોવામા આવે છે. ઇગ્લાડ અને ફ્રાન્સના રાજાઓએ જનસંખ્યાનો વધારો ઘટાડો કરી શકાય એવા કાયદા બાંધેલા જોવામા આવે છે

અમેરિકા અને જર્મનિમાં પણ અમુક હદ સુધી જ સંતાનોત્પત્તિ કરવાનો રિવાજ જોવામાં આવે છે

ભારતવર્ષમાં કોઈક સમયે અધિક સંતાનોની આવશ્યકતા હોવી જોઈએ તે સમયે અહીં સંતાન ઉત્પન્ન કરીને વંશવૃદ્ધિ કરવાનું કાર્ય ધર્મમાં ગણાયું હશે, અને ઉત્તમ સંતાનોત્પત્તિ પ્રત્યેક આર્યનું કર્તવ્ય કર્મ ઠરાવ્યું હશે એ વિષય ઉપર એટલો બધો આગ્રહ કરેલો છે કે જેને સંતાન હોય નહીં તેની સદ્ગતિ જ થતી નથી આ આગ્રહનું પરિણામ એવું આવ્યું કે ભારતવાસીઓ ઋષિઓના બતાવેલા સંતાનોત્પત્તિ વિષેના નિયમો ભૂલી ગયા, અને વગર વિચારે સંતાનોત્પત્તિ કરવા મંડી રહ્યા પ્રાચીન પુરુષોએ જે ઉત્તમ નિયમો રચેલા છે તે જો પાળવામાં આવે તો નઠારાં સંતાન ઉત્પન્ન થાય જ નહિ

જનવૃદ્ધિનિરોધનો સૌથી ઉત્તમ ઉપાય તો એ છે કે એક માત્ર ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવામાં આવે. ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવા માટે વંશપરંપરાથી ઉતરી આવતા ગુણો અને દોષોના નિયમ ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે કેટલીએ પેઢી ઉપરના પિતામહ, પિતામહી, માતામહ, માતામહી આદિના ગુણો અને દુર્ગુણો સંતાનમાં ઉતરી આવે છે.

પ્રેમ અને મન-શક્તિનો પણ સંતાન ઉપર ઘણો જ પ્રભાવ પડે છે. માતાપિતાએ મન-શક્તિ વાપરીને ઇચ્છાનુસાર સંતાન ઉત્પન્ન કરવાના અનેકાનેક ઉદાહરણો જોવામાં આવે છે ગર્ભવાન થવા પછી પોતાના સારા કે માઠા પ્રત્યેક વિચારનો પ્રભાવ સંતાન ઉપર પડે છે. પ્રેમ અને મનશક્તિ ઉપરાંત ઘણો થાક ચઢે એવા ભારે કામનો, તદ્દન આળસુ બની કાંઇ પણ કામ નહીં કરવામાં આવે તેનો, હવા અને અજવાળા વગરના ઘરમાં રહેવાનો, અને અનિયમિત આહારવિહારનો ગર્ભમાં રહેલા બાળકના ઉપર પ્રભાવ પડે છે

ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવાં એ ઉત્તમ વાત છે, પરંતુ આપણાથી પાલણપોષણ કરી શકાય અને ઉત્તમ શિક્ષણ આપવાનો ઉચિત

પ્રબંધ કરી શકાય, તેટલા જ ઉત્તમ સંતાન ઉત્પન્ન કરવા જોઇએ. માત્ર ઉત્તમ ઉત્પત્તિ કરવાથી જ ઘણું સફળ થતી નથી સંતાનને નાના પ્રકારની આવશ્યક વિદ્યા-કળા શિખવ્યા વગર તેઓ પોતાની જીવનયાત્રા કરી શકતા નથી. જર્મનિ, ઇંગ્લાંડ, ફ્રાન્સ વગેરે દેશોમાં તો જેટલા સંતાનોને સુયોગ્ય બનાવવાનો ઉચિત પ્રબંધ અને સાધનો હોય તેટલા જ સંતાનો ઉત્પન્ન કરવાનો રિવાજ છે.

જનવૃદ્ધિનિરોધનો બીજો ઉપાય છે ઇન્દ્રિય-દમન અથવા બ્રહ્મચર્ય. આ વ્રત તો વિવાહિત, અવિવાહિત, બાળક, વૃદ્ધ એ સૌ કોઈ પાળી શકે તેમ છે. આઠ પ્રકારના મૈથુન-સ્મરણ, કીર્તન, કેલિ આદિથી દૂર રહેવું તેનું નામ છે બ્રહ્મચર્ય. બ્રહ્મચર્ય પાળવા માટે સૌથી પહેલો મન ઉપર અધિકાર (કાબુ) બેસાડતા આવડવું જોઇએ. ખોરાકનો-મન ઉપર પ્રભાવ પડે છે તેથી સાદા-સાત્વિક ખોરાકની ખાસ કાળજી રાખવી જોઇએ. પવિત્ર વસ્તુઓનો આહાર કરવો, આચરણ પવિત્ર રાખવું, સત્સંગમાં રહેવું અને પવિત્ર ભાવોનું મનન કરતા રહેવું એટલે મનમાં કુચિન્તા ઉત્પન્ન થતી નથી અને બ્રહ્મચર્ય વ્રત પાળવામાં સુગમતા થઇ પડે છે.

ભૂખ મટાડવાના સાધનો મળી રહેવા પછી વિષય વાસનાનો નંબર આવે છે. સર્વસાધારણ લોક આખી જીન્દગી સુધી કામ વાસનાને દબાવીને પવિત્ર રહી શકે નહીં. સાધારણ લોકોને માટે અવિવાહિત રહેવાની અવસ્થા સુગમ નથી. કુંવારા પુરૂષો અને કુંવારી સ્ત્રીઓમાં બહારનો આડંબર અને અંદરખાને પાપ તથા કુચિન્તા ભરના રહે છે. વળી વિવાહ કરવો અને માત્ર એકજ સંતાન ઉત્પન્ન કીધા પછી જીવન પર્યંત વિષય-સેવન કરવાનું તજવાની વાત કરવી એ પણ યુક્તિસંગત જણાતી નથી. જીવન મરણનો પ્રશ્ન ખડો હોવા છતાં વિષય-સેવન તજી નહીં શકવાથી પરિણામે બહુ કષ્ટ ભોગવીને મરનારા મનુષ્યોના અનેક ઉદાહરણો જોવામાં આવે છે. આવી અવસ્થા વખતે જે લોકો બીજા કોઇ પણ પ્રકારથી સંતાનો-

ત્પત્તિ અટકાવી નહી શકતા હોય, તેઓએ ગર્ભસ્થિતિ અટકાવે એવા યત્રો અથવા ઔષધિ વાપરીને કામ લેવુ જોઈએ 'દપતિ મિત્ર' નામની નાની સરખી ચોપડીમા એવી અનેક ઔષધિ અને યત્રોની હકીકત વર્ણવેલી છે. એ ચોપડી બાબુ શિવનદનસિહ પાસે મળે છે

સમાપ્ત.